[illegible] સંસાર

અથવા

સાધુ કે શયતાન ?

"ગુજરાતી" પત્રમાં પ્રકટ થયેલ સામાજિક નવલકથાઓ

૧ એમ. એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી?

૨ આજકાલનો સુધારો કે રમણીય ભયંકરતા?

૩ મુક્તિમોહન મંત્ર અથવા દેશોન્નતિનો જંત્ર.

મહંત મહારાજનું મિશન.

૫ વિલાયતી વિલાસમાં ફૅશનબાઈ ખલાસ!

૬ નવો જમાનો—અમૃત ઝેર

૭ સંદિગ્ધ સંસાર અથવા સાધુ કે શયતાન?

૮ ચુડેલનો વાંસો અથવા એક નટીની આત્મકથા.

૯ વેરની વસૂલાત.

સંદિગ્ધ સંસાર

અથવા

સાધુ કે શયતાન?

એક મનોવેધક સામાજિક નવલકથા

(સંશોધિત નૂતન સંસ્કરણ)

"पुराणमित्येव न साधु सर्वं न चापि काव्यं नवमित्यवद्यम्।
सन्तः परीक्ष्यान्यतरद्भजन्ते मूढः परप्रत्ययनेयबुद्धिः" ॥ कालिदासः

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં
મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપી પ્રકટ કર્યું.
સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઈ.
ઈ. સ. ૧૯૧૫ સંવત ૧૯૭૧

મૂલ્ય રૂ. ૧-૮-૦

Printed and Published by Manilal Itcharam Desai at
THE GUJARATI PRINTING PRESS,
No. 8, SASSOON BUILDINGS, CIRCLE, FORT,
BOMBAY.

ગ્રંથસમર્પણ

જે ભારતીય સ્ત્રી પુરુષો 'જૂનું સર્વ સારું અને નવું સર્વ નઠારું' માનનારાં છે; અંધશ્રદ્ધાના યોગે જેમનાં વિવેકચક્ષુને અંધતા પ્રાપ્ત થયેલી છે; 'ધર્મગુરુ' નામમાં જ જેમને ઈશ્વરતાનો સાક્ષાત્કાર થાય છે, અને પોતાના એ અજ્ઞાનમૂલક અતિવિશ્વાસના પરિણામે શયતાન તુલ્ય સાધુ નામધારી નર-પિશાચોના કૌટિલ્યજાળમાં સપડાતાં જેમના ધર્મ, નીતિ, પવિત્રતા, પ્રતિષ્ઠા, પાતિવ્રત્ય અને અન્ય સદ્ગુણોની ભ્રષ્ટતા થવા સાથે પ્રતિવર્ષ જેમની કોટ્યવધિ ધનસંપત્તિનો પણ વિનાશ થયો છે, થાય છે, અને ભવિષ્યમાં પણ થવાનો સંભવ છે; તેમને—તે પ્રેમલા અને પ્રેમલીનાં નામથી ઓળખાતાં સ્ત્રીપુરુષોને—તેમના અજ્ઞાન કિંવા અવિવેકમય અવિશ્વાસને ટાળી સત્ય ધર્મનો પરિચય કરાવવાના ઉદ્દેશથી પ્રસ્તુત નવલકથા સાદર સમર્પિત કરવામાં આવે છે.

પ્રકાશક

પ્રસ્તાવના

"ગુજરાતી" પત્રમાં અત્યાર સુધીમાં એકંદર નવ સામાજિક નવલકથાઓ પ્રકટ થયેલી છે, અને તે કેટલી સીમા પર્યન્ત લોકપ્રિય થયેલી છે, તે માત્ર એટલાથી જ કલ્પી શકાશે કે, જેવી રીતે 'ગુજરાતી'ની ભેટ તરીકે પ્રતિવર્ષ પ્રકટ થતી ઐતિહાસિક નવલકથાઓમાંની 'હિંદ અને બ્રિટાનિયા,' 'દિલ્લીપર હલ્લો,' 'હળદીઘાટનું યુદ્ધ,' અને 'પદ્મિની' ઇત્યાદિ નવલકથાઓનાં મરાઠી આદિ અન્ય ભાષામાં ભાષાંતરો થઈ ગયાં છે, તે જ પ્રમાણે "ગુજરાતી" પત્રમાં પ્રકટ થયેલી "આજકાલનો સુધારો કે રમણીય ભયંકરતા?" અને "સંદિગ્ધ સંસાર અથવા સાધુ કે શયતાન?" આદિ સામાજિક નવલકથાઓનાં સિંધી ભાષામાં ભાષાંતરો થઈ ગયાં છે અને હિંદી તથા ઉર્દુ ભાષામાં એમના અનુવાદ કરવાની અનુમતિ માગવામાં આવી છે. વળી ગુજરાતીમાં પણ પત્રમાં પ્રગટ થયા પછી 'આજકાલનો સુધારો કે રમણીય ભયંકરતા?' આદિ વાર્ત્તાની પુસ્તકના આકારમાં પણ અલ્પ કાળમાં જ બબ્બે આવૃત્તિઓ છપાઈ ગઈ છે અને એ ઉક્ત વાર્ત્તાઓની ઉત્તમતા તથા લોકપ્રિયતાને નિર્વિવાદ સિદ્ધ કરી બતાવે છે, એટલે એ વિશે વિશેષ વિવેચનની આવશ્યકતા રહેતી નથી.

જ્યારે "ગુજરાતી" પત્રમાં આજકાલના કહેવાતા, પાશ્ચાત્ય સુધારણાના અંધ અનુકરણરૂપ, સુધારામાં રહેલા ભયંકર અપાયોને પ્રકાશમાં લાવનારી "એમ. એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી?" "આજકાલનો સુધારો કે રમણીય ભયંકરતા?" અને "વિલાયતી વિલાસમાં ફૅશનબાઈ ખલાસ!" આદિ નવલકથાઓ પ્રકટ કરવામાં આવી, તે વેળાએ સુધારાના પક્ષકારો તેમ જ સુધારાના પ્રશંસકોએ, "ગુજરાતી" પત્રમાં કેવળ સુધારાને અતિશયોક્તિથી નિંદનારી નવલકથાઓ જ પ્રકટ કરવામાં આવે છે અને "ગુજરાતી"ના તંત્રી અને લેખકો સુધારાના શત્રુ જ છે, એટલે પક્ષપાતાવૃત નેત્રોને સુધારામાં કૃષ્ણતા વિના બીજું કાંઈ દેખાતું જ નથી, એમ ધારીને ઉક્ત નવલકથાઓના વિષયમાં તેમણે પોતાથી કરી શકાય તેટલા આક્ષેપો કર્યા હતા અને મિથ્યા પ્રલાપ કરવામાં કશી પણ કચાશ રાખી નહોતી; પરંતુ અપક્ષપાતને પક્ષપાત તરીકે સિદ્ધ કરવાના તેમના એ પ્રમાણહીન પ્રયત્નો લેશ માત્ર પણ ફળીભૂત થયા નથી અને ભવિષ્યમાં પણ ફળીભૂત થવાના નથી જ.

કવિકુલગુરુ કાલિદાસકૃત "માલવિકાગ્નિમિત્ર" નાટકમાં એક સ્થળે પુરાણ કાવ્ય અને નવીન કાવ્યના વિષયમાં લખ્યું છે કે;–

(શાર્દૂલ) "જૂનું જે બધું કાવ્ય તે સરસ છે, એવું ન જાણો સદા;
છે નિન્દિત નવું બધું ત્યમ વળી, એવું ન જાણો કદા;
સારા જે જન તે, વિચાર પરખી, સારાતણો તો કરે;
જે છે મૂઢ જનો સદાય પરનું બોલેલું કાને ધરે!"*

અર્થાત્ જેમ જૂનું સર્વ સારું હોતું નથી અને નવું સર્વ નઠારું હોતું નથી; તે જ પ્રમાણે નવું સર્વ સારું હોતું નથી અને જૂનું સર્વ નઠારું હોતું નથી. જેમ જૂનામાં પણ ઉત્તમતા અને અધમતાનું મિશ્રણ હોય છે, તેમ નવીનમાં પણ ઉત્તમતા અને અધમતાનું મિશ્રણ હોય છે. સત્ય તત્ત્વ આ હોવા છતાં જૂના વિચારના લોકો નવીન સુધારણામાં અધમતા વિના બીજું કાંઈ જ જોતા નથી અને નવીન સુધારકો જૂના ધર્મ તથા જૂના વિચારોમાં કેવળ અધમતા અને અધમતાના વિસ્તારને જ જોયા કરે છે. આ ઉભય પક્ષના લોકોનો પ્રમાદ છે કિંવા અવિચાર છે; કેવળ તેમના અતિવિશ્વાસ, પક્ષપાત કિંવા તેમની અંધશ્રદ્ધાનું જ અનિષ્ટ પરિણામ છે અને એમના એ પ્રમાદના યોગે જ આજકાલ સમસ્ત આર્યાવર્તમાં જૂના અને નવા વિચારો વચ્ચે તુમુલ યુદ્ધ ચાલી રહ્યું છે, એમ કહેવામાં લેશ માત્ર પણ અતિશયોક્તિનો સંભવ નથી. આ કારણથી નિષ્પક્ષપાત અને સમદૃષ્ટિ સ્ત્રીપુરુષનો એ જ ધર્મ છે કે, જૂના તથા નવા ધર્મ, આચાર અને વિચાર આદિમાં રહેલા ગુણ તેમ જ દોષ ઉભયને નિષ્પક્ષપાત દૃષ્ટિથી જોવા, તે ઉભયનો તટસ્થ બુદ્ધિથી પ્રકાશ કરવો અને ઉભયમાંના ગુણને સ્વીકારી દોષોનો ત્યાગ કરી દેવો. વિશેષતઃ જૂના ધર્મ, આચાર અને વિચાર આદિમાં જે દોષ હોય, તેમને નિવારીને પુરાતન ધર્મ, આચાર તથા વિચારને જ નિર્દોષ કરવાનો યત્ન કરવો, એ જ નવીન ધર્મ અને આચાર વિચારના ધતીંગોને ઉત્પન્ન કરવા કરતાં અધિક લાભાવહ છે અને એ તત્ત્વ આજે બહુધા સર્વ વિચારશીલ પુરુષોવડે માન્ય કરાયલું છે.

"ગુજરાતી"ના સંચાલકો અને ઉપર્યુક્ત નવલકથાના લેખક તટસ્થબુદ્ધિ અને સત્યમાર્ગાવલંબી હોવાથી તેમણે જેમ કેટલીક નવલકથા-

* દીવાન બહાદુર રણછોડભાઈ ઉદયરામ કૃત 'માલવિકાગ્નિમિત્ર'નું ભાષાંતર; પૃષ્ઠ. ૪ થું; (આનો મૂળ શ્લોક પ્રસ્તુત ગ્રંથના મુખપૃષ્ઠપર આપવામાં આવ્યો છે તો જોવો).

ઓદ્વારા નવીન સુધારામાં રહેલા દોષોને પ્રકાશમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે, તે જ પ્રમાણે પ્રસ્તુત "સાધુ કે શયતાન?" નામક નવલકથામાં, જે ધર્મને અને ધર્મગુરુને જૂના વિચારના લોકો પરમ પૂજ્ય માને છે અને જેમના નામપર તેઓ લક્ષાવધિ રૂપિયાની પ્રતિવર્ષ ધૂળધાણી કરી નાખે છે, તે ધર્મમાં પણ કેટલીક ભયંકર ભ્રષ્ટતાઓ રહેલી છે અને બહુધા આજકાલના ધર્મગુરુ કિંવા સાધુ તે મંદિર નામક દૂકાન ઊઘાડી હરિનામનો ઠગાઈ ભરેલો વ્યાપાર ચલાવી ભાવિક જનોને ભ્રષ્ટતાના માર્ગમાં ખેંચી જનારા પાપની સાક્ષાત્ પ્રતિમારૂપ શયતાનો જ છે અને કેવળ સ્વાર્થસિદ્ધિ વિના તેમનો બીજો કોઈ ધમ છે જ નહિ—અર્થાત્ 'લોભી ગુરુ લાલચી ચેલા: ઉભય નરકમેં ઠેલંઠેલા!' આદિ દોષોને પ્રકાશમાં લાવવાનો અને તેમ કરીને અંધશ્રદ્ધ, અતિશ્રદ્ધ તથા વિવેકહીન પ્રેમલા પ્રેમલીના ભ્રમનિરાસનો પ્રયત્ન કરાયલો છે; અને તેનું બહુજનસમાજના હૃદયમાં જોઇએ તેવું યોગ્ય પરિણામ પણ થઈ ચૂક્યું છે. સંક્ષેપમાં કહેવાનો આશય એટલો જ કે, આપણું જીર્ણ વસ્ત્ર અત્યંત ઉત્તમ, મૂલ્યવાન્ અને ટકાઉ છે, પરંતુ તેમાં કેટલેક સ્થળે મલિનતાનો પ્રવેશ થયેલો છે, એટલે તેને ધોઇને સ્વચ્છ તથા પવિત્ર કરવાની આવશ્યકતા તો છે જ, અને જો તેમ ન કરતાં જીર્ણ પરંતુ મલિન થયેલા વસ્ત્રને અત્યાર પેઠે આપણે નિરંતર ધારણ કરતા રહીશું, તો એ મલિનતાનો આપણા પોતામાં પણ વિશેષ અને વિશેષ પ્રવેશ થતો રહેવાથી આપણે પોતે પણ અપવિત્ર થઈ જઇશું અને અંતે મલિનતાના જન્મસ્થાન નરકાલયમાં જ આપણો નિવાસ થવાનો, એ સર્વથા નિર્વિવાદ છે.

અસ્તુ; જેવી રીતે આજકાલના સુધારાના કૃષ્ણ પક્ષ—દોષપક્ષ ને દર્શાવનારી અમારી નવલકથાઓના સંબંધમાં સુધારકો તેમ જ સુધારકંમન્યોએ આક્ષેપ અને આઘાત કર્યાં હતા, તે જ પ્રમાણે પ્રસ્તુત નવલકથામાં જૂના પંથોમાં ચાલતાં પાપકર્મોનો પ્રકાશ થવાથી બાપના કૂવાનું ખારું પાણી પીનારા કેટલાક પ્રેમલાઓ એટલા બધા છેડાઈ ગયા હતા કે, બે ચાર સાહસી અને અવિચારી પ્રેમલાઓએ તો "ગુજરાતી"ના સદ્‌ગત તંત્રી રા. ઈચ્છારામ સૂર્યરામ દેશાઇપર ગાળોથી ભરેલાં પત્રો પણ લખ્યાં હતાં અને એક પત્રમાં તો એક અંધશ્રદ્ધાળુ પ્રેમલાએ, "જો 'ગુજરાતી' પત્રમાં પ્રકટ થતી અધર્મપ્રતિપાદિની અને ધર્મનિંદક 'સાધુ કે શયતાન?' નામક વાર્તાને આવતા રવિવારથી એકદમ બંધ કરી દેવામાં નહિ આવે, તો સોમવારને દિવસે અમે 'ગુજરાતી'ના તંત્રી અને એ

નવલકથાના લેખક ઉભયના કાપીને ટુકડે ટુકડા કરી નાખીશું અને અમે પોતે પણ ધર્મના રક્ષણમાટે આનંદથી ફાંસીને લાકડે લટકી જઇશું!" એવા આશયનો ધમકી ભરેલો એક કાગળ ઇ. સ. ૧૯૧૨ ના સપ્ટેમ્બર મહિનામાં 'ગુજરાતી' ના સદ્ગત તંત્રીપર મોકલાવ્યો હતો અને તેમાં કોઇનું નામ હતું નહિ. પરંતુ કોઇની સ્તુતિ કિંવા નિંદા; લાભ કિંવા હાનિ અને જીવન કિંવા મરણની, ન્યાયના માર્ગમાં ચાલતાં લેશ માત્ર પણ પરવા ન રાખનાર ધીરપુરુષ સદ્ગત શ્રી ઈચ્છારામ શેઠે એવી ધમકીઓની જરા પણ દરકાર રાખી નહોતી અને તેથી તેમના જીવનકાળમાં જ ઇશ્વરની કૃપાથી પ્રસ્તુત વાર્તા 'ગુજરાતી'માં નિર્વિઘ્ન સમાપ્ત થવાના ભાગ્યને પ્રાપ્ત કરી શકી હતી. પ્રસ્તુત નવલકથાનો "ગુજરાતી"માં ઇ. સ. ૧૯૧૧ ના સપ્ટેમ્બર માસની ૩ જી તારીખ અને રવિવારે આરંભ થયો હતો અને એની ઇ. સ. ૧૯૧૨ ના નવેમ્બર માસની ૨૪ મી તારીખ અને રવિવારે પરિસમાપ્તિ થઇ હતી—એટલે કે, આ વાર્તા "ગુજરાતી"માં લગભગ પંદર મહિના સુધી ચાલી હતી અને આરંભથી અંત પર્યન્ત એણે લોકોના હૃદયનું અત્યંત આકર્ષણ કર્યું હતું.

અસ્તુ; હવે પ્રસ્તુત નવલકથાની રચનામાં કયાં કયાં સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, એ વિશેનો કિંચિદ્ ઉલ્લેખ આવશ્યકીય છે. ઇ. સ. ૧૮૯૬ ના સપ્ટેમ્બર માસમાં હું આવશ્યક કારણવશાત્ સિંધમાં ગયો હતો અને ત્યાં દાદુસ્ટેશનથી બાર માઇલપર આવેલા જોહી નામક ગામમાં લગભગ ૭ સાત મહિનાનો સમય વીતાવ્યા પછી સીતા સ્ટેશનથી ૭ માઇલપર આવેલા ખયરપુર નાથોશા નામના ગામમાં સત્તર કે અઢાર માસનો કાળ વીતાવ્યો હતો. ત્યાર પછી ઇ. સ. ૧૮૯૮ ના ઑગસ્ટ કે સપ્ટેંબરમાં હું સિંધ હૈદરાબાદમાં આવ્યો અને ત્યાં લગભગ ચાર સાડાચાર વર્ષ પર્યન્ત મારો નિવાસ હતો—એટલે કે, ઇ. સ. ૧૯૦૨ ના અંતમાં મેં હૈદરાબાદ છોડ્યું હતું. સિંધ દેશમાં વીતાડેલા એ ૭ વર્ષના કાલાવધિમાં સિંધદેશના લોકોના ધર્મ, વ્યવહાર અને આચાર વિચાર તથા ઇતિહાસ આદિને જાણવાનો, તેમના સમાગમમાં આવવાથી, મને બહુ જ સાં[illegible]સગ પ્રાપ્ત થયો હતો. સિંધના હિન્દુઓનો જો કે પંચોતેર ટકા જેટલો ભાગ માંસ, મત્સ્ય અને મદિરા આદિ નિષિદ્ધ પદાર્થોને પોતાનાં ખાદ્ય તથા પેય તરીકે ઉપયોગમાં લાવનારો છે; છતાં એટલું તો કહેવું જ જોઇએ કે, ધર્મના વિષયમાં સિંધના હિન્દુઓ જેટલા ભાવિક, પ્રેમી અને શ્રદ્ધાળુ છે, તેટલા ભાવિક, પ્રેમી અને શ્રદ્ધાળુ ગુજરાત કિંવા અન્ય પ્રદેશના

અહિંસા પરમોધર્મના તત્ત્વને માનનારા લોકો નથી, નથી અને નથી જ. સિંધના લોકોમાં ધર્મવિષયક ભાવિકતા સાથે ઉદારતા અને અતિથિ-સત્કાર આદિ અન્ય ગુણો પણ વિશેષ પ્રમાણમાં રહેલા હોવાથી ત્યાં જનાર સાધુ કિંવા અતિથિ જનોનો એટલો બધો સત્કાર થાય છે કે, તેમના તેટલા સત્કારની અન્ય દેશમાં ભાગ્યે જ આશા રાખી શકાય. તેમની એ અંધશ્રદ્ધા કિંવા અતિશ્રદ્ધાના કારણથી પોતાને સાધુ કિંવા સંતના નામથી ઓળખાવનાર કોઈ શયતાન હોય, તોપણ તે એટલી સીમા પર્યન્ત ફાવી જાય છે કે, અલ્પકાળમાં જ તે સર્વ પ્રકારનાં સાધનોનો સ્વામી થાય છે અને પૂજ્ય મનાય છે. ત્યાંનાં ભાવિક નરનારી સાધુના દોષોને નિહાળવામાટે પોતાનાં નેત્રોને સદાને માટે બંધ જ રાખે છે. તેમના આ સ્વભાવથી કચ્છી અને સિંધી ભાષામાં એક કહેવત જ થઈ ગઈ છે કે;—"કચ્છ ફુર્યો જોગીયન્ ઔં સિંધ ફુર્યો ઠોગીયન્!" એટલે કે, "કચ્છ દેશને યોગીઓએ લૂટ્યો અને સિંધ દેશને ઠગોએ લૂટ્યો!" અર્થાત્ ત્યાંની પરિસ્થિતિ આવી હોવાથી ત્યાં મારા ગમન પૂર્વે પોતાની દુષ્ટતાથી નામાંકિત થઈ ગયેલા, વ્યભિચારની અંતિમ સીમાને ઓળંગી ગયેલા, અનીતિના અવતાર અને પોતાને એક મહા વૈષ્ણવ મહાત્મા તરીકે ઓળખાવનાર છતાં તે પ્રદેશમાંના પાપપ્રચારક શાક્ત ધર્મના મંદિર શાક્તસદન સાથે અત્યંત ગાઢ સંબંધ ધરાવનાર—જાહેરમાં સાધુ પણ અંદરખાનેથી શયતાનના આકાર; એક સાધુનાં દુષ્ટ ચરિત્રોની કથા મારા સાંભળવામાં આવી હતી અને તે વિશે વિશેષ પૃચ્છા કરતાં તે કથા અક્ષરે અક્ષર સત્ય હતી, એવો મારો નિશ્ચય થઈ શક્યો હતો. તે સમયથી જ આવા સાધુ નામધારી શયતાનોના સત્ય સ્વરૂપને વ્યક્ત કરવામાટે આવી એક નવલકથા લખવાનો મારો મનોભાવ હતો, પરંતુ દીર્ઘકાળ પર્યન્ત અનુકૂળ પરિસ્થિતિ પ્રાપ્ત થઈ નહિ અને તેથી એ મનોભાવને તત્કાળ વ્યવહારમાં યોજી ન શકાયો, અને દીર્ઘકાળ વીતી ગયો. ઈ. સ. ૧૯૦૯ ના ડિસેમ્બર માસમાં મારા બંધુતુલ્ય કૃપાળુ મિત્ર અને પારસી નાટક મંડળીના વર્ત્તમાન ડાયરેક્ટર રા. વલ્લભ કેશવ નાયકને ત્યાં એકવાર બંગાલી ભાષામાં લખાયલું 'નેડા હરિદાસ' અને હિંદી ભાષામાં લખાયલું 'ગંજા ગોપાલ' એ બે પુસ્તકો મારા જોવામાં આવ્યાં અને તે મેં વાંચવામાટે માગી લીધાં. એ બન્ને ગ્રંથ જૂદા નહિ, પણ એક જ હતા; કારણ કે, 'ગંજા ગોપાલ' તે બંગાલી 'નેડા હરિદાસ'નો હિંદી અનુવાદ જ હતો. એ 'નેડા હરિદાસ' નામક ગ્રંથ બંગાળી ભાષામાં જે લેખક 'મડેલ ભગિની,'

'રાજલક્ષ્મી,' અને 'કાલાચાંદ' આદિ ગ્રંથોની રચના કરી છે, તે જ ચાણુક્ય લેખકની બુદ્ધિના પરિણામરૂપ છે અને એમાં એક બંગાળી સાધુની દુષ્ટતાનું યથાર્થ શાબ્દિક ચિત્ર આળેખાયલું છે. એ લેખકે, પોતાના ગ્રંથોમાં પોતાના નામનો પ્રકાશ કરેલો ન હોવાથી અમે પણ અહીં તેમનું નામ આપવાને સમર્થ થયા નથી. એ રૉયલ સોળ પેજી આકારના ૧૫૦ પૃષ્ઠનો ગ્રંથ વાંચતાં સિંધના તે દુષ્ટ મહાત્મા (મહાતમા) નું ચરિત્ર નવલકથાના રૂપમાં લખવાનો મારો વિચાર પાછો દઢ થયો અને ઇ. સ. ૧૯૧૦ ના અંતમાં 'નેડા હરિદાસ' કિંવા 'ગંજા ગોપાલ'ની યોગ્ય હતી તેટલી સહાયતા લઇને બહુધા સ્વતંત્રતાથી જ મેં આ નવલકથા લખવાનો આરંભ કરી દીધો અને તે નવલકથા ઇ. સ. ૧૯૧૧ ના સપ્ટેમ્બર માસથી 'ગુજરાતી' માં આવવા લાગી કે જે ઉપર જણાવેલું જ છે. 'નેડા હરિદાસ'માંની માત્ર ચાર પાંચ ઘટનાઓ જ આ નવલકથામાં લેવામાં આવી છે એટલે જો એટલી ઘટનાઓને બાદ કરીએ તો આ નવલકથા સર્વથા સ્વતંત્ર જ છે, એમ કહેવામાં કોઈ પણ પ્રકારનો પ્રત્યવાય નથી. અને એ 'નેડા હરિદાસ'ની પૃષ્ઠ સંખ્યા ૧૫૦ ની છે અને પ્રસ્તુત નવલકથાની રૉયલ ૧૨ પેજી આકારની અને સ્મૉલપાઇકા ટાઇપ છતાં લગભગ ૩૮૦ પૃષ્ઠની સંખ્યા થયેલી છે, એથી જ જાણી શકાશે કે, 'નેડા હરિદાસ' પર પ્રસ્તુત નવલકથાનો વિશેષ કશો પણ આધાર નથી. પ્રસ્તુત નવલકથામાંનાં અનેક પાત્રો નવીન છે, દેશભિન્ન છે, અનેક ઘટનાઓ નવીન છે, પરિણામ સર્વથા ભિન્ન છે અને રચના પણ સર્વ પ્રકારે નવીન છે, અને અમારા આ વિધાનનો 'નેડા હરિદાસ' કિંવા 'ગંજા ગોપાલ'ના તુલનાત્મક વાચનથી પૂર્ણ સત્યાંશ જણાઈ આવે તેમ છે, એટલે વિશેષ વિવેચનની આવશ્યકતા નથી.

પ્રસ્તુત નવલકથાના સંબંધમાં એક એવો પણ આક્ષેપ કરાયો હતો કે, "આ 'સાધુ કે શયતાન?' નામક નવલકથામાં અતિશયોક્તિનો ભાગ વિશેષ છે અને તેથી એમાંની ઘટનાઓ વિશ્વાસપાત્ર ગણી ન શકાય!" તો એના ઉત્તરમાં અમે જણાવીશું કે, સિંધમાં કેવળ મહાત્મા ગોપાળદાસ એકલો જ દુષ્ટ સાધુ થઈ ગયો નથી, કિંતુ એવા બીજા પણ અનેક દુષ્ટ સાધુઓ અને ધર્મધ્વંસક ધર્મગુરુઓ થઈ ગયા છે; કેવળ એટલું જ નહિ, પણ અત્યારે પણ સિંધ, કચ્છ, ગુજરાત, કાઠિયાવાડ, સંયુક્ત પ્રદેશ, પંજાબ અને બંગાલ આદિ દેશોમાં ધર્મની દૂકાન માંડી હરિનામનો ધમધોકાર વ્યાપાર ચલાવતા, શરાફો પ્રમાણે વ્યાજથી

નાણું આપતા અપાવતા, વિલાસવૈભવોનાં સાધનોને મહા પ્રેમથી પોતાનાં મહાલયસમાન મંદિરોમાં વસાવતા, પવિત્ર આર્ય અબળાઓને તેમના પાતિવ્રત્ય ધર્મથી ધર્મના નામવડે ચળાવતા, ગાડી ઘોડા દોડાવતા, વૈરાગ્યના સ્થાનમાં સંસારના ભ્રષ્ટાચારોની આસક્તિને હૃદયમાં પ્રેમમોતીથી વધાવતા અને ઠગવિદ્યામાં મહાવિખ્યાત ડી. ડી. ને પણ ભૂલાવતા મહા-તમાઓ આજે પણ અસ્તિત્વ ધરાવે છે, આપણને છતી આંખે આંધળા બનાવે છે અને આપણા પૈસાથી મોજમજા ઉડાવે છે; છતાં આપણે તેમના સત્ય સ્વરૂપને ઓળખી શકતા નથી, એ કેવળ આપણી પોતાની અંધશ્રદ્ધા અને વિવેકહીનતાનું જ પરિણામ છે. જેમ પ્રત્યેક શુક્તિમાંથી મૌક્તિકનો ઉદ્દ્ભવ થતો નથી, તે જ પ્રમાણે પ્રત્યેક માતાના ઉદરમાંથી મહાત્મા કિંવા સત્ય ધર્મગુરુનો જન્મ થતો નથી, એ નિયમનું કદાપિ વિસ્મરણ થવા દેવું ન જોઇએ. આપણે બે પૈસાનો માટીનો ઘડો લઇએ છીએ, તે પણ ઠોકી વગાડીને લઇએ છીએ અને જેનાં વાણી તથા વર્તનપર આપણા જીવનની અંતિમ સ્થિતિનો સર્વસ્વ આધાર રહેલો છે, તેના ગુણદોષની લેશમાત્ર પણ પરીક્ષા કરતા નથી અને અંધતાથી અંતે નરકના અધિકારી થઇએ છીએ, એથી વિશેષ આપણી બીજી શી મૂર્ખતા હોઈ શકે વારુ? અર્થાત્ જ્યાંસુધી આર્ય જનો પોતાની અંધશ્રદ્ધાને ત્યાગીને ધર્મગુરુના ગુણદોષનો વિચાર કરતા નહિ થાય અને યોગ્ય અયોગ્યનું વિવેકપુરઃસર પરીક્ષણ કરી નહિ શકે, ત્યાંસુધી આપણી સત્ય ધાર્મિક અને નૈતિક ઉન્નતિની આશા સર્વથા વંધ્યાપુત્ર કિંવા આકાશકુસુમ સમાન છે, એ સર્વથા નિઃસંશય છે, એમ માની લેવું.

હવે કોઈ અહીં કદાચિત્ એવો પ્રશ્ન કરે કે, શું કેવળ ભારતવર્ષના સાધુઓ જ આવા દુરાચારી અને ધર્મભ્રષ્ટ છે અને અન્ય દેશના સાધુઓમાં દુરાચાર તથા ધર્મભ્રષ્ટતાનો સર્વથા અભાવ છે? ના, અમારા કથનનો એવો આશય છે જ નહિ. આર્યાવર્ત્તમાં, યૂરોપમાં કે પૃથ્વીના અન્ય ભાગોમાં જ્યાં જ્યાં પણ ધાર્મિક સંસ્થાઓનું રાજ્યસંસ્થાસમાન બંધારણ થયું છે અને ધર્મગુરુના અધિકારમાં કાંચન અને ન્યૂનાધિક સત્તા આદિ વૈરાગ્યવિઘાતક પદાર્થો આવ્યા છે, ત્યાં સર્વત્ર આવું અનિષ્ટ અને અનિષ્ટ પરિણામ જ આવ્યું છે અને ઇતિહાસો આપણને એની જેવી જોઇએ તેવી સાક્ષી જ્યારે જોઇએ ત્યારે આપી શકે છે. તેમાં પણ વળી જે ધર્મમાં સાધુ અને ધર્માધ્યક્ષોમાટે અવિવાહિત રહેવાના અને કઠિન

બ્રહ્મચર્ય મરણપર્યન્ત પાળવાના નિયમો ઘડાયલા હોય છે, તે ધર્મના સાધુ અને ધર્માધ્યક્ષોમાં તો વ્યભિચાર અને ભ્રષ્ટાચારનો અવધિ જ થાય છે; કારણ કે, સર્વ સાધુ કન્દર્પના દર્પનું દલન કરવા સમર્થ હોતા નથી અને તેનું પરિણામ એ થાય છે કે, તેઓ વ્યભિચાર અને સૃષ્ટિવિરુદ્ધ કર્મ જેવાં ઘોર કૃત્યોમાં પ્રવૃત્ત થાય છે. એ વિશેના જોઇએ તેટલા પૂરાવા આજે પણ આર્યાવર્ત્ત અને યૂરોપ આદિ દેશોમાં પ્રચલિત અત્યંત બ્રહ્મચર્યાવલંબી ધર્મના સાધુ અને ધર્માધ્યક્ષોમાં જોઇએ તેટલી સંખ્યામાં મળી શકે એમ છે અને એ વિશે અનેક ગ્રંથો પણ લખાઈ ચૂક્યા છે. એટલે એ વિષયને નવીનતાથી અહીં ચર્ચવાની વિશેષ અગત્ય નથી. આ કારણથી જ મહાત્મા સેન્ટ પૉલે એક સ્થળે પોતાનો એવો અભિપ્રાય દર્શાવ્યો છે કે;–

"A bishop then must be blameless, the husband of one wife, vigilant, of good behaviour, given to hospitality, apt to teach......one that ruleth well his own house, having his children in subjection with all gravity."

St. Paul, Epistles to Timoty, I. iii. 2, 4.

એનો ભાવાર્થ એવો થાય છે કે;–"ધર્માધ્યક્ષ અવશ્ય નિષ્કલંક, એક પત્નીનો પતિ, સાવધાન, શાંત, સદાચારસંપન્ન, આદરાતિથ્યશીલ, શિક્ષક થવાને યોગ્ય...પોતાના ગૃહનો સ્વતંત્ર સત્તાચાલક અને પોતાનાં સંતાનોને ગંભીરતાથી આજ્ઞાધીન રાખનાર હોવો જોઇએ."

આર્યાવર્ત્તમાં અનેક ધર્મો એવા પણ છે કે, જેમાં ધર્માધ્યક્ષોને પરણવાની આજ્ઞા આપવામાં આવી છે, છતાં તેવા ધર્મના ધર્મગુરુઓ પણ એકપત્નીવ્રત પાળવાને બદલે એકથી વિશેષ સ્ત્રીઓ સાથે પરણે છે, એટલું જ નહિ, પણ વ્યભિચારના માર્ગમાં સંચાર કરી પોતાને અને પોતાના પવિત્ર પૂર્વજોને તેમ જ પોતાના ધર્મને કલંકિત કરે છે, એ કાંઈ જેવા તેવા શોકનો વિષય નથી. આપણે ઇચ્છીશું કે, સેન્ટ પૉલના ઉપર્યુક્ત વચન પ્રમાણેના ધર્માધ્યક્ષો અને સાધુઓ આર્યાવર્ત્તમાં ઉત્પન્ન થાય અને તેમના સમાગમથી, આપણા પૂર્વકાલીન ઋષિઓના સમાગમથી આર્ય સ્ત્રી પુરુષોને ધર્મનો જેવો અલભ્ય લાભ મળતો હતો, તેવો જ અલભ્ય લાભ મળવા માંડે. જો આ વાર્ત્તાના વાચનથી એક પણ સાધુ કિંવા ધર્મગુરુ–દુરાચારી સાધુ કિંવા ધર્મગુરુ–પોતાના દુરાચારને ત્યાગી સદાચારને

સ્વીકારશે અને એક પણ અંધશ્રદ્ધાળુ પોતાની અંધશ્રદ્ધાને ત્યાગી ધર્મના વિષયમાં વિવેકનું પરિશીલન કરશે, તો આ પરિશ્રમ સફળ થયેલો મનાશે.

અંતે એટલું જણાવવાની આવશ્યકતા છે કે, પ્રસ્તુત નવલકથા અન્યને નિન્દવાના ઉદ્દેશથી કિંવા દ્વેષ કે ઈર્ષાના ભાવથી લખવામાં આવી નથી; કિન્તુ સત્ય ધર્મનાં તત્ત્વો અને આજકાલ સ્વાર્થમય સાધુ કિંવા ધર્માધ્યક્ષોના મુખથી ધર્મવિરુદ્ધ સંભળાતાં તત્ત્વોમાં, તેમ જ સત્યસાધુ અને પાખંડપરાયણ નામધારક સાધુમાં કેટલો અંતરાય રહેલો છે, એ જનસમાજને બતાવી દેવાની શુભ આકાંક્ષાને વશ થઈને સર્વથા નિષ્પક્ષપાત બુદ્ધિથી જ પ્રસ્તુત નવલકથાની રચના કરવામાં આવી છે; અને તેમ કરતાં સત્યપ્રતિપાદનાર્થ અવશ્ય કેટલેક સ્થળે કઠિન શબ્દો કિંવા વાક્યોનો પ્રયોગ પણ કરવો પડ્યો છે; કારણ કે, એના નિવારણનો ઉપાય હતો જ નહિ. પરંતુ કટુ ઔષધ જેમ જ્વરહારક થાય છે, તે જ પ્રમાણે એ વાક્પ્રહાર દોષહારક થઈ પડશે, એવી આશા રાખવામાં આવે છે. સારાંશ કે, જો વાંચકો ન્યાય અને નિષ્પક્ષપાત બુદ્ધિથી પ્રેરાયલા હશે, તો પ્રસ્તુત નવલકથામાં તેઓ દોષના કિંચિન્માત્ર કારણને પણ જોઈ શકશે નહિ; કારણ કે, અમે કોઈની વ્યર્થ નિન્દાનો પ્રયત્ન કર્યો જ નથી.

પ્રસ્તુત નવલકથા 'ગુજરાતી'માં કટકે કટકે પ્રકટ થતી હતી, તે સમયે કેટલાંક પ્રકરણોના બબ્બે અને ત્રણ ત્રણ વિભાગો કરેલા હોવાથી પ્રકરણોની સંખ્યા ૧૨૬ની થઈ હતી, પણ સમગ્ર પુસ્તકમાં તેવા વિભાગોની આવશ્યકતા ન હોવાથી તે વિભાગોનો મુખ્ય પ્રકરણમાં સમાવેશ કરવાથી ૪૯ પ્રકરણ ઓછાં થઈ ગયાં છે અને પ્રકરણોની એકંદર સંખ્યા ૭૭ની જ રહી છે; પણ એથી એમ જાણવાનું છે જ નહિ કે, લેખમાં પણ કાંઈ ન્યૂનતા થઈ હશે; કારણ કે, કેવળ દયામયીના જીવનના અંતિમ પરિણામમાં કરાયલા પરિવર્ત્તન ઉપરાંત પ્રસ્તુત નવલકથાના લેખમાં કશો પણ ફેરફાર કે વધારો ઘટાડો કરવામાં આવ્યો જ નથી. ઇત્યલમ્.

તા૦ ૨ જી ઑગસ્ટ ૧૯૧૫, સોમવાર
આષાઢ, કૃષ્ણ સપ્તમી, વિક્રમાબ્દ ૧૯૭૧

પ્રકાશક

અનુક્રમણિકા

સંદિગ્ધ સંસાર

અથવા

સાધુ કે શયતાન?

પ્રકરણ ૧ લું

વંધ્ય દંપતી !

''अपुत्रस्य गृहं शून्यं दिशा शून्या कुबांधवैः।
मूर्खस्य हृदयं शून्यं सर्वं शून्यं दरिद्रिणाम्''॥

સિન્ધુદેશના સ્વર્ગસ્વરૂપ મનાતા હૈયદરાબાદ સિંધમાં આપણી નવલકથાનો આરંભ થાય છે.

તે સમયે પવિત્ર શ્રાવણ માસ ચાલતો હતો. દિવસ શ્રાવણ માસની પૂર્ણિમા–બળેવ–નો હતો. રાત્રિના સાત કે આઠ વાગ્યા હતા. રક્ષાબંધનના ઉત્સવની સમાપ્તિ થઈ ચૂકી હતી. સૂર્યનાં પ્રખર કિરણોથી સંતપ્ત થયેલા પુરુષો, અદ્યાપિ સિંધુનદીના મુખ્ય પ્રવાહમાંથી નીકળી 'કુલેલી' નદીની નહેરના કિનારા ઉપર શીતળ વાયુના સેવનમાટે આમ તેમ ફરતા જોવામાં આવતા હતા.

શ્રાવણ માસમાં સૂર્યનાં પ્રખર કિરણોની વાર્તા સાંભળીને કદાચિત્ ગુજરાતી વાચકો આશ્ચર્યચકિત થશે, એટલા માટે જણાવવું જોઇએ કે, સિંધ પ્રદેશમાં માત્ર બે જ ઋતુઓ થાય છે: શિયાળો અને ઉન્હાળો. અશ્વિન માસની પૂર્ણિમાથી ફાલ્ગુન માસની અમાવાસ્યા સુધી શિયાળો, અને ફાલ્ગુન માસની સમાપ્તિથી આશ્વિનની પૂર્ણિમા પર્યન્ત ઉન્હાળો. કોઇવાર ચાતુર્માસમાં એક બે વાર વર્ષાદ થાય છે, પણ તે ચાર પાંચ ઇંચથી વધારે નહિ. એથી માત્ર ઘાસને મદદ મળે છે; અન્નની ઉત્પત્તિમાટે ત્યાં વૃષ્ટિની અગત્ય નથી. અન્ન તો નહેરોના પાણીથી જ ઉત્પન્ન થાય છે. વળી આશ્ચર્ય તો એ કે, ત્યાં બહુધા દુષ્કાળની પીડા થતી જ નથી. ભયંકર કાળના સમયમાં ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડ તથા મારવાડના દુષ્કાળથી પીડિત લોકો પોતાનાં ઉદર ભરવામાટે સિંધમાં જાય છે અને સિંધ દેશ સર્વનું પોષણ કરે છે, એટલી બધી સિંધ દેશ ઉપર ઈશ્વરની કૃપા છે.

કુલેલી નદીના શહેર તરફના કિનારા ઉપર કેટલાક ધનવાનોએ ગ્રીષ્મકાળમાં રહેવામાટે બંગલા અને મકાનો બંધાવેલાં છે અને તેથી ત્યાં જાણે એક ગામ જ વસેલું હોયની ! એવો જ દેખાવ જોવામાં આવે છે.

કુલેલીના કિનારા ઉપર આવેલા એક બંગલાના છજામાં લગભગ ચાળીસથી બેંતાળીસ વર્ષના વયની એક પ્રૌઢા સ્ત્રી, ચંદ્રના પ્રકાશમાં મનોહર અને તરંગિત દેખાતા જળપ્રવાહ અને તેમાં આન્દોલિત થતી નૌકાઓની શોભાનું અવલોકન કરવામાં લીન થયેલી હતી.

એ સ્ત્રી છજાના કઠેડાને અઢેલી, હડપચીએ હાથ દઇને ઉભી હતી. તે એ પ્રમાણે સૃષ્ટિસૌન્દર્યની સમીક્ષામાં મગ્ન હતી, છતાં તેનું મન કોઈ અન્ય વિચાર કે ચિંતામાં રોકાયલું ભાસતું હતું. આસપાસનું તેને લેશ માત્ર પણ ભાન ન હોતું.

અચાનક તેના સ્કંધભાગને કોઇના હસ્તનો સ્પર્શ થયો અને તેવી જ તે વિચાર-નિદ્રામાંથી જાગૃત થઇને ચમકી ગઈ. તેણે પાછું વળીને જોયું તો તેનો પતિ જ આવ્યો હતો અને તેણે જ તેને હસ્તસ્પર્શ કર્યો હતો.

"કેમ આજે ઘેર આવતાં આટલું મોડું થયું?" સ્ત્રીએ મૃદુતાથી પતિને પ્રશ્ન કર્યો.

એ સ્ત્રીના પતિની અવસ્થા લગભગ પંચાવન વર્ષની હતી. તે પોતે અમિલ જાતિનો હતો. સિંધના રિવાજ પ્રમાણે તેણે દાઢી રખાવેલી હતી. તેની શુભ્ર દાઢીથી તેનો દેખાવ અત્યારે ફિરિશ્તા જેવો ભાસતો હતો. મીરોના જેવી પોતાની લાંબી ટોપીને પાસેની ટિપોય ઉપર મૂકીને તે પોતે એક કુરસી ઉપર બેઠો અને પત્નીના પ્રશ્નનું ઉત્તર આપતો બોલ્યોઃ—"આજે ટિકાણામાં (મંદિરમાં) કથાનો પ્રસંગ ઘણો જ સારો ચાલ્યો હતો અને સાધુસંતો પણ સારી સંખ્યામાં આવેલા હોવાથી કથાની સમાપ્તિ પછી કેટલીક શાસ્ત્રચર્ચા ચાલી અને તેથી આવવામાં જરાક વિલંબ થઈ ગયો."

"જમવાનું મંગાવું?" સ્ત્રીએ પૂછ્યું.

"આજે જમવાની રુચિ તો જરા પણ નથી, તોય ભલે મંગાવ; જે ભાવે તે ખાઈ લઇએ." પતિએ અનુમતિ આપી.

પાસે જ એક ખાટલો પડેલો હતો, તેના ઉપર એક ગાલીચો પાથરવામાં આવ્યો. નોકરને હુકમ મળતાં તેણે ભોજન લાવીને તે ખાટલા ઉપર મૂકયું. પતિએ ખાધું અને પત્નીએ પણ ખાધું. સિંધી લોકો બહુધા ખાટલા ઉપર બેસીને જ ખાય છે. એ ત્યાંનો રિવાજ છે. આશ્ચર્ય માત્ર એટલું જ કે, સિંધના હિન્દુઓ બહુધા માંસાહારી હોવા છતાં એ દંપતીના ભાણામાં તે અશુભ પદાર્થનો વાસ નહોતો. કેટલાંક કારણોને લીધે દંપતીએ માંસાહાર ત્યજ્યો હતો. નોકર આવીને વાસણ ઉપાડી ગયો. શેઠ એક ઇઝીચેરમાં પડ્યા. બીજા નોકરે હુક્કો ભરીને તેમની પાસે રાખ્યો. શેઠાણી પાછી કઠેરાને અઢેલીને ઉભી રહી. શેઠે હુક્કો ગગડાવતાં કહ્યું; "તારી મુખમુદ્રા જોતાં આજે તું કાંઈક વિચારમાં પડેલી હોય એમ જ દેખાય છે. તારી ચિન્તાનું કારણ શું છે તે જણાવી દે, એટલે મન ઉપર આવી પડેલો ભાર ઓછો થશે."

"પ્રાણનાથ! જે ચિન્તા અત્યારે મારા અંતઃકરણને બાળ્યા કરે છે, તે મારી એકલીની જ ચિન્તા નથી, કિંતુ એ ચિન્તા આપની ચિન્તાનો જ એક ભાગ છે. મારી ચિન્તાનું કારણ જણાવતાં પુનઃ આપની ચિન્તા પણ જાગૃત થશે અને વિનાકારણ શોકનાં વાદળાં આવી ઘેરાશે; એટલે અત્યારે તો એનું કારણ ન દર્શાવવું, એ જ વધારે સારું છે." સ્ત્રીએ શોકાતુર મુદ્રા અને નમ્ર વાણીથી કહ્યું.

"મારી ચિન્તા પુનઃ જાગૃત થશે, એનો વિચાર તારે કરવાનો નથી. સ્ત્રી અને પુરુષ એક બીજાનાં અર્ધ અંગ મનાય છે, એટલે તારી ચિન્તામાં ભાગ લેવામાટે પણ મારે એનું કારણ જાણવું જોઇએ. તું અત્યારે ચિન્તામાં પડેલી છે, એટલાથી જ શું મારા મનમાં ચિન્તાનો ઉદ્ભવ નથી થયો?" પુરુષે અનુકંપા દર્શાવીને કહ્યું.

"જ્યારે આપનો એવો જ ઠરાવ છે, તો મારે હવે આપની ઇચ્છાને આધીન થવું જ જોઇએ. મને ચિન્તા એ જ થયા કરે છે કે, પરમાત્માએ કૃપાળુ થઇને આપણુને ધન, ગૃહ, દાસ, દાસી અને માન તથા પ્રતિષ્ઠા આદિ આ સંસારમાં જે સુખનાં સાધનો મનાય છે, તે સર્વ આપ્યાં છે; પણ નારાયણની ઈચ્છાથી આપણો સ્વર્ગવાસ થાય, તો તે પછી આ બધાં સુખોનો ઉપભોગ કરનાર કોઈ નથી. એ વિચારથી મારું કાળજું કોરાઈ જાય છે અને આ સુખોમાં ભયંકર દુઃખોનો જ ભાસ થાય છે." એ વાક્યો ઉચ્ચારતાં તે સ્ત્રીનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી.

પુરુષના મનમાં પણ શોકનો આઘાત થયો. શોકની છટા તેના મુખમંડળમાં દૃષ્ટિગોચર થવા લાગી. તે નિઃશ્વાસ નાખીને બોલ્યો;—"અફસોસ! આંધળાની લાકડી સમાન એક દીકરી હતી, તેને પણ દુષ્ટ કાળ લુટારાનું રૂપ ધારણ કરીને આપણા ખોળામાંથી ઉપાડી ગયો. અરે તે મરી ગઈ હોત, તોપણ એક પ્રકારે સંતોષનો વિષય હતો, પણ તેનું કોઇએ હરણ કર્યું, એ વિચાર આવતાં મારા મનમાં જીવતાં જ મરણ-સમાન વેદના થાય છે!"

"આજે એ દીકરી હોત તો તે સોળ સત્તર વર્ષની હોત; તેને પરણાવીને છોકરી અને જમાઇનું સુખ તો જોવાની આશા હતી. હવે તે આશા પણ નથી. પ્રાણનાથ! દીકરી મરી ન ગઈ અને ચોરાઈ ગઈ, એનું આપણા માટે તો સરખું જ પરિણામ થયું. આપણે સંતાનહીન થઈ ગયાં. તે દિવસ જો આપણે દીકરીના ગળામાં હીરામોતીનો હાર ન પહેરાવ્યો હોત તો આજે આપણને આવા દુઃખના દિવસો જોવા ન પડત. એ હારના લોભે જ કોઈ તેને ઉપાડી ગયું હશે અને પોતાના પાપને છૂપાવવા હાર ઉતારી લઇને બિચારી નિરપરાધિની બાળાને મારી નાખી હશે. હરિ! હરિ!!" તે સંતાનહીન અબળાની આંખોમાંથી પાછો શ્રાવણ ભાદરવો વર્ષવા લાગ્યો.

"જે બનવાનું હોય છે તે કોઈ પણ નિમિત્તે બન્યા જ કરે છે. દીકરીના ભાગ્યમાં આ સંસારનું સુખ નહિ હોય અને આપણા ભાગ્યમાં સંસારનું સુખ નહિ હોય, એટલે એમાં બીજા કોનો ઉપાય ચાલી શકે! આમ વૃથા શોક કરવાથી કાંઈ પણ વળવાનું નથી. મારો તો એવો જ વિચાર થાય છે કે, અહીંના સર્વ પ્રપંચોનો ત્યાગ કરીને આપણે કાશી ચાલ્યાં જઇએ અને જીવનના છેલ્લા દિવસો કાશીનિવાસ કરી પ્રભુ ભજનમાં જ વીતાડીએ. કેમ તારો શો વિચાર છે?" પતિએ કાંઇક કઠિન હૃદય કરીને પોતાની ઇચ્છા દર્શાવી.

"જે આપનો વિચાર, તે જ મારો પણ વિચાર. પતિની આજ્ઞા અને પતિની ઇચ્છાને આધીન રહેવું, એ જ સ્ત્રીઓનો પરમ કલ્યાણકારક ધર્મ છે. મારા વિચારની મહત્તા હું કાંઈ પણ માનતી નથી." સ્ત્રીએ વિનયપૂર્વક ઉત્તર આપ્યું.

"તારા મુખમાંથી હું એવા જ ઉત્તરની આશા રાખતો હતો. પણ વિચાર એ આવી પડે છે કે, કાશી જતા પહેલાં આપણાં રોકડ નાણાં ક્યાં રાખવાં અને આ મકાન વગેરે કોને સોંપવાં! આજકાલ વખત એવો સખ્ત થતો જાય છે કે, કોઇમાં વિશ્વાસ રાખવા જેવું રહ્યું નથી. જે બેંકોમાં નાણાં રાખવાથી નાણાંની સલામતી માનવામાં આવે છે, તે બેંકો સારા સારા મોટા વ્યાપારીઓને નાણાં ધીરે છે અને તેવા વ્યાપારીઓ

બહારનો મોટો ભપકો હોવા છતાં ઘડીના છઠ્ઠા ભાગમાં ધોળે દહાડે દીવો સળગાવી દીવાળુ ફૂંકે છે અને અનેક ગરીબગુરબા સાથે બેંકવાળાઓને પણ પોક મૂકાવે છે. જો એવા વ્યાપારીઓ એક પછી એક દીવાળાં ફુંકતા જ જાય, તો બેંકોને પણ બારણાં બંધ કરવાનો વખત આવી લાગે! આજકાલ બેંકોમાં કે કોઈ વ્યાપારીને ત્યાં નાણાં વ્યાજે મૂકવામાં જરા પણ સલામતી નથી."

"આપના એ વિચારો અને સંશયો સત્ય છે. આજના વખતમાં ભાઈ કે સગાં સંબંધીઓને ત્યાં નાણાં રાખવામાં પણ જ્યારે સલામતી નથી, ત્યારે બેંકો અને વ્યાપારીઓને ત્યાં તો નાણાંની સલામતી કયાંથી જ હોઈ શકે? જે પુરુષ ભગવાનનો પરમ ભક્ત હોય, સાધુ હોય, ધર્મ અધર્મના વિવેકને જાણનારો હોય અને નિઃસ્પૃહ હોવાથી જગતને તૃણસમાન માનનારો હોય, તેવા પુરુષને ત્યાં કદાચિત્ નાણાની સલામતી માની શકાય. પણ આજે એવા પુરુષો દુર્લભ છે અને તેથી વિશ્વાસ અને નિર્ભયતા જેવા શબ્દો નિરર્થક થઈ પડ્યા છે." સ્ત્રીએ પતિના વિચારને પુષ્ટિ આપી.

"મારા ધારવા પ્રમાણે આપણા હયદરાબાદમાં તેવો એક પુરુષ છે. જો તે આપણી સંપત્તિને સંભાળવાનો ભાર પોતાના શિર ઉપર લે, તો પછી આપણને ભય રાખવાનું કાંઈ પણ કારણ નથી, એવો મારો દૃઢ વિશ્વાસ છે!" પતિ બોલ્યો.

"તે મહાત્મા કોણ? તેનું નામ શું?" સ્ત્રીએ પૂછ્યું.

"આજે તેર ચૌદ વર્ષથી આપણા નગરમાં આવી વસેલા શ્રી ચૈતન્ય પ્રભુના પરમ ભક્ત મહાત્મા ગોપાલદાસ!" પતિએ ઉત્તર દીધું.

"એ મહાત્માને તો હું પણ સારી રીતે જાણું છું. એમની ભક્તિનો મહિમા અગાધ છે અને આજકાલ ઘેર ઘેર સ્ત્રી પુરુષો એમના ગુણોનાં ગીતો ગાઈ રહ્યાં છે. પણ મારા સાંભળવા પ્રમાણે એ મહાત્મા તો પૈસાને હસ્તસ્પર્શ પણ કરતા નથી અને કનક તથા કામિનીથી દૂર જ રહેવાનું વધારે પસંદ કરે છે. જો એમને ત્યાં આપણાં નાણાં હોય તો કાંઈ વાંધા જેવું નથી. એવા નિઃસ્પૃહ મહાત્મા પારકી સંપત્તિને સંભાળવાની પીડામાં પડશે ખરા?" ભોળી ભામાએ પોતાના ભોળાપણાનો પરિચય કરાવીને કહ્યું.

"જો તારી અનુમતિ હોય તો હું કાલે તેમની પાસે જાઉં. હું તેમને વિનવીશ અને સમજાવીશ. આશા છે કે, તેઓ પરોપકારી હોવાથી મને નિરાશ તો નહિ જ કરે; કિંતુ આપણને ચિન્તામુક્ત કરશે." પતિએ આશા બતાવી.

"જો આપનો નિશ્ચય હોય, તો મારી પૂર્ણ અનુમતિ છે. પ્રભાતમાં દર્શન કરવા પધારો. તે વેળાએ એ વાત પણ કાઢજો. જોઇએ કે ત્યાંથી શો જવાબ મળે છે!" સ્ત્રીએ કહ્યું.

સિંધમાં રાત્રે વાળુ કર્યા પછી થોડીવારે દૂધ પીવાનો રિવાજ છે, એટલે નોકર ચાંદીના બે વાટકામાં દૂધ લાવ્યો. તે પીને તેમણે નિદ્રાવશ થવાની તૈયારી કરી. સ્ત્રી અંદરના ઓરડામાં જઇને સૂતી અને પતિ ત્યાં છજામાં જ ઉંઘી ગયો. પણ વિચારોની પ્રબળતા હોવાથી ઉભયને અવિલંબ નિદ્રા ન આવી.

એ સંતાનહીન દંપતી કોણ? એમને નિદ્રામાં મૂકીને આપણે એમની કાંઇક ઓળખાણ કરીએ. પતિનું નામ દીવાન આલમચંદ હતું અને પત્નીનું નામ યશોદાબાઈ

હતું. **આલમચંદનું** કુળ ઘણું જ ઉત્તમ, ધનવાન્ તથા પ્રતિષ્ઠાવાન્ હતું. વારસામાં વંશપરંપરાની કેટલીક જાગીર, મકાનો અને ત્રણ ચાર લાખની મિલકત મળેલી હોવાથી તેને સરકારી નોકરી અથવા તો બીજા કોઈ વ્યાપારમાં જોડાવાની જરૂર પડી નહોતી; છતાં જેવી રીતે આજકાલના કેટલાક પૈસાદારોના છોકરાઓ નિરક્ષર રહીને દુર્વ્યસનોમાં ચડી જાય છે તેવો રંગ **આલમચંદને** લાગ્યો નહોતો. તેણે પોતાની માતૃભાષા સિંધીના અભ્યાસ ઉપરાંત અંગ્રેજી તથા સંસ્કૃત ભાષાનો પણ સારો અભ્યાસ કર્યો હતો અને જાગીર આદિની વ્યવસ્થા કરવા ઉપરાંત પોતાને જે સમય મળતો હતો, તેને તે સારા સારા ગ્રંથોના અવલોકનમાં જ ગાળતો હતો. ધર્મમાં કાંઇક અધિક ભાવના હોવાથી માંસભક્ષણ અને મદિરાપાનનો પ્રથમથી જ તેણે ત્યાગ કર્યો હતો. પચ્ચીસ વર્ષની વયે તેનાં **યશોદાબાઈ** સાથે લગ્ન થયાં હતાં. ત્યાર પછી બનાવ એવો બન્યો કે, પ્લેગના વારંવારના સપાટામાં આવીને એક પછી એક **આલમચંદ** તથા **યશોદાબાઇનાં** સર્વ સંબંધી જનો સ્વર્ગવાસી થયાં. **યશોદાબાઈના** પિતાની પણ કેટલીક સંપત્તિ **આલમ**-ચંદના હાથમાં આવી. એ વખતે આલમચંદના કુટુંબમાં તે પોતે, **યશોદાબાઈ** અને તેની એક પાંચ વર્ષની દીકરી એટલા જ જીવો બાકી હતા. અર્થાત્ દીકરીને જોઇને જ સુશીલ પતિપત્ની પોતાના હૃદયને સંતોષતાં હતાં. પરંતુ નિર્દય કાળથી તેમનું એ સુખ જોઈ ન શકાયું! એક દિવસ **યશોદાબાઈ** પુત્રીને હીરામોતીનો હાર અને ઉત્તમ વસ્ત્રો પહેરાવી પોતાની સાથે દેવદર્શનમાટે મંદિરમાં તેડી ગઈ. તે મંદિરમાં ગઈ અને ભૂલમાં દીકરી બહાર રહી ગઈ. ત્યાંથી દાગીનાની લાલચે તે બિચારીને કોઈ ઉપાડી ગયું. બહુ શોધ કરવા છતાં અને હજારો રૂપિયા બગાડવા છતાં તે બાળાનો ક્યાંયથી પત્તો ન મળ્યો. અંતે તેઓ નિરાશ થઇને બેસી રહ્યાં અને ત્યાર પછી બીજા સંતાનની પ્રાપ્તિ ન થવાથી તેમની નિરાશા ભયંકર થતી ગઈ. હવે તેઓ વૃદ્ધ થયેલાં હોવાથી તેમને સંતાનપ્રાપ્તિની જરા પણ આશા નહોતી અને તેથી તેઓ કેવી આશાહીન અને શોકાતુર અવસ્થામાં પોતાનો કાળ વીતાડતાં હતાં, એ વાચકોએ જોયું છે.

બીજે દિવસે પ્રભાતમાં વ્હેલો ઉઠી દીવાન **આલમચંદ** સ્નાનસંધ્યા કરી મંદિરમાં દેવદર્શન અને મહાત્મા **ગોપાલદાસને** મળીને નાણાં રાખવાની વ્યવસ્થા કરવામાટે તૈયાર થયો. જતાં જતાં તેણે પોતાની સાધ્વી સ્ત્રીને કહ્યું;–"આજે રસોઈ કરવામાં વધારે ઉતાવળ ન કરશો; કારણ કે, મહાત્મા સાથે ખાનગી વાતચીત કરવાની છે, એટલે કદાચિત્ મોડું પણ થઈ જાય."

"તો પણ બપોર થતાં સૂધીમાં તો આવશો ને?" સ્ત્રીએ પૂછ્યું.

"વાતચીત થઈ જશે કે તરત આવી પહોંચીશ." **આલમચંદે** જવાબ આપ્યો.

"પધારો!" સ્ત્રીએ શુભ વચન ઉચ્ચાર્યું.

આલમચંદ ત્યાંથી પોતાના મનમાં અનેક પ્રકારના તર્કવિતર્ક કરતો ચાલતો થયો. 'મહાત્મા મારા વચનને માન ન આપે તો મારી સંપત્તિને સંભાળવાની બીજી શી વ્યવસ્થા કરવી? ભલા–કદાચિત્ સંપત્તિ–આટલી બધી સંપત્તિ એ સાધુ ભાઇના હાથમાં આવતાં મન લોભને વશ થાય અને બાવાભાઈ ક્યાંક પલાયન કરી જાય તો પછી મારે શું કરવું? પણ નહિ, એમ કદાપિ બને જ નહિ. જેણે સંસારની સર્વ

વસ્તુઓને ક્ષણિક અને ચલ માનીને તેનો ત્યાગ કર્યો છે; પરોપકાર જ જેની પરમ વિભૂતિ છે અને લક્ષ્મીના સ્પર્શને પણ જે મહા ઘોર પાતક માને છે, તે મહાત્મા મારી સંપત્તિમાં લોભ રાખી નરકનો અધિકારી થાય, એમ ત્રિકાળમાં બનવું અશક્ય છે. મારા મનમાંથી હજી સંસારનો મોહ ગયો નથી, તેથી જ આવા તર્કવિતર્ક ઉત્પન્ન થાય છે. આજે એ મહાત્મા જેવો બીજો કોઈ પણ વિશ્વાસપાત્ર પુરુષ મારા જોવા કે જાણવામાં નથી."

આલમચંદ વિદ્વાન્ હતો, પરન્તુ ગર્ભશ્રીમાન્ હોવાથી સંસારના અનુભવમાં કાચો હતો. તે ધર્મમાં અતિશ્રદ્ધા રાખનારો હોવાથી તેના મનમાં એક સાધુ વિશે આવા સારા વિચારો વાસ કરતા હોય, તો તે સ્વાભાવિક જ હતું. તે પોતાના મનમાંના સર્વ તર્કવિતર્કોને કાઢી નાખી, મહાત્મામાં એકનિષ્ઠા રાખીને ઉતાવળાં પગલાંથી ચાલતો હતો. તે મહાત્મા ગોપાલદાસના મંદિરમાં પેઠો. પ્રથમ શ્રીકૃષ્ણ અને રાધાની પ્રતિમાનાં દર્શનથી નેત્રોને પવિત્ર કરીને પછી તે મહાત્માની ખાનગી બેઠકના ઓરડાના દ્વારમાં આવી ઉભો રહ્યો. મહાત્મા પ્રભુના ધ્યાનમાં નિમગ્ન હતા.

પ્રકરણ ૨ જું
દમ્ભની સાક્ષાત્મૂર્તિ

આલમચંદ પ્રમાણે જ બીજા પણ કેટલાક હરિજન અને ભક્ત સ્ત્રીઓ, મહાત્માના ધ્યાનમુક્ત થવાની માર્ગપ્રતીક્ષા કરતાં મંદિરના ચોગાનમાં બેઠાં હતાં. લગભગ આઠ વાગ્યાને સુમારે એક ચેલાએ હરિજનોને મહાત્માના ધ્યાનમુક્ત થવાના સમાચાર કહ્યા, અને મહાત્માનાં દર્શનમાટે તેમના ઓરડામાં જવાની આજ્ઞા આપી. પેમલા અને પેમલીઓ આતુરતાથી ઉઠ્યાં. મહાત્મા મખમલના એક ઉચ્ચ આસન ઉપર વિરાજ્યા હતા. તેઓ કદમાં ઠીંગણી બલા જેવા હતા; તેમના શરીરનો રંગ ઘઉંલો હતો; માથાના વાળ ચૌદ આની ઝડી ગયા હતા, તોપણ ચોટલી કાયમ હતી; મૂછો મૂંડાવી નાખેલી હતી; ગળામાં તુલસીની માળા ધારણ કરેલી હતી; નાકની અણીથી કપાળના છેડા સુધી તિલકની ઉભી રેષા જોવામાં આવતી હતી; નીચે નાગપુરી ધોતિયું અને અંગમાં પીળા રંગના બારીક રેશમનું પેરણ પહેરેલું હતું. તેમના હાથમાં એક ગૌમુખી હતી અને તેમાં હાથ નાખી માળા ફેરવતાં ફેરવતાં 'રાધાકૃષ્ણ રાધાકૃષ્ણ'નો ઉચ્ચાર તેમના મુખારવિન્દમાંથી સતત સંભળાયા કરતો હતો.

સર્વ હરિજનો આવીને મહાત્માની જમણી બાજૂએ બેસી ગયા. ડાબી બાજૂએ ગોપીઓ સમાન ભક્ત સ્ત્રીઓ આવીને બેઠી. સારંગી અને તબલાં કાઢવામાં આવ્યાં અને 'હરિસભા'ના નામે ઓળખાતા એ સમુદાયમાં ભજનનો રંગ જામ્યો! ભજનનો રંગ જામ્યો, એમ કહેવાને બદલે ઠુમરી તિલાનાનો રંગ જામ્યો, એમ કહેવું જ વધારે યોગ્ય ગણાશે. પ્રારંભમાં જ જે સંગીત ગાવામાં આવ્યું, તે આ પ્રમાણે હતું:—

"કોઈ મોહે કાના રંગીલો મિલાય દે,
રંગીલો મિલાય દે છબીલો મિલાય દે; કોઈ૦

જયસી રાધા ગોરી નારી, વયસો કારો શ્યામ,
કયસો જાદૂ કીનો, નાહી બદેખે આરામ; રંગીલો.
બૃંદાબનકી કુંજગલિનમેં આવો મોરે કાન,
જો ન આવો તો કરુંગી, પ્રેમકો તોફાન;" રંગીલો.

સંગીત જ્યારે બરોબર રંગમાં આવ્યું, ત્યારે મહાત્માજી પોતે આસન ઉપરથી ઉઠી પ્રેમરસની વૃષ્ટિ વર્ષાવતા શ્રીશંકરનું લાસ્ય નૃત્ય કરવા લાગ્યા અને હરિજનો તેને 'વાહવાહ'ના ધ્વનિથી વધાવી લેવા લાગ્યા.

બીજાં પણ એક બે રાધાકૃષ્ણના શૃંગારનાં ગાયનો ગવાયાં અને હરિસભાના કાર્યની સમાપ્તિ થઈ. હરિજનોને ઠાકોરજીનો પ્રસાદ વહેંચવામાં આવ્યો; ત્યાર પછી મહાત્માનાં ચરણોમાં મસ્તક નમાવીને અને પોતપોતાની શક્તિ પ્રમાણે ત્રાંબા નાણું કે રૂપા નાણું મહાત્માની ગાદી પાસે રાખીને, ભાવિક સ્ત્રી પુરુષો એક પછી એક ઉઠી જવા લાગ્યાં. માત્ર ત્રણ ચાર માણસો કોઈ ખાસ કારણથી ત્યાં બેસી રહ્યા. મહાત્માની દૃષ્ટિ અચાનક આલમચંદ ઉપર પડી અને તેથી તે મહા પ્રેમ દર્શાવતા બોલ્યાઃ—"ભક્ત શિરોમણિ દીવાન આલમચંદ! તું યાવની વિદ્યા ભણેલો છતાં આજકાલના ઉછાંછળા જુવાનિયાઓની પેઠે નાસ્તિક બની જવાને બદલે શ્રી ચૈતન્ય પ્રભુના વૈષ્ણવ ધર્મમાં આટલી બધી શ્રદ્ધા રાખે છે; એમાટે હું તને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું. વ્રજવિહારી તારું કલ્યાણ કરો. તારા જેવા પુણ્યવાન્ ભક્તોનો સમાગમ પણ ભાગ્ય હોય તો જ થાય છે! ગૃહમાં સર્વ કુશળ છે ને ?"

"પરમાત્માની અને આપ જેવા મહાત્માઓની કૃપાથી સર્વ કુશળ છે." આલમચંદે શિષ્ટ સંપ્રદાય અનુસાર ઉત્તર આપ્યું, પરંતુ તેના મુખમંડળમાં શોક અને મલિનતાની છાયા છવાયલી પ્રત્યક્ષ જોવામાં આવતી હતી.

મહાત્માએ તેના મુખના રંગથી તેના હૃદયમાં વ્યાપેલા શોકને ઓળખી લઈને પૂછ્યું કે: "કેમ—મહાશય! તારા હૃદયમાં આજે કોઈ ચિન્તાનો ઉદ્‌ભવ થયો છે કે શું ? તારી મુખમુદ્રા આજે આટલી બધી મલિન કેમ?"

"મહાત્માજી! હું સંતાનહીન છું એ તો આપ જાણો જ છો. એકની એક પુત્રી હતી, તેને પણ બાલ્યાવસ્થામાં જ કોઈ ચોરી ગયું અને આજે અગિયાર બાર વર્ષ થયા છતાં તેનો પત્તો નથી. મારા ધારવા પ્રમાણે અત્યાર સુધી તે જીવતી તો નહિ જ હોય!" એક દીર્ઘ નિઃશ્વાસ નાખીને આલમચંદે પોતાના શોકનું કારણ પ્રદર્શિત કર્યું.

મહાત્માના મુખમંડળમાં એક પ્રકારની અકલ્પનીય ગંભીરતાની છાયા છવાઈ ગઈ, પરંતુ તરત જ તે ગંભીરતાને શોકના રૂપમાં ફેરવી નાખીને તે અનુકંપા બતાવતા કહેવા લાગ્યા; "તારી છોકરીને મેં પણ જોઇ'તી. અરે છોકરી શાની—એ તો એક રત્ન હતું રત્ન! પોતાના તોતડા શબ્દોમાં શ્રીરાધાકૃષ્ણના નામનો જ્યારે તે ઉચ્ચાર કરતી'તી, ત્યારે મારા મનમાં તો સ્વર્ગીય આનંદનો જ આવિર્ભાવ થતો'તો. એ છોકરીના ચોરાઈ જવાના સમાચાર સાંભળ્યા પછી ત્રણ દિવસ સુધી તો શોક થવાથી અન્ન અને જળને મેં સ્પર્શ પણ કર્યો નહોતો!" એ વચનો ઉચ્ચારતાં મહાત્માનો કંઠ રુંધાઈ ગયો અને તેમનાં નેત્રોમાંથી આંસુનાં બે ચાર ટીપાં ખરી પડ્યાં.

"ખયર, જેવી હરિની ઇચ્છા. અમારા ભાગ્યમાં વિધાતાએ સંસારમાં આવ્યા પછી સંતાનનું સુખ લખ્યું જ નહિ હોય! મહાત્માજી! અત્યારે અમારી વૃદ્ધાવસ્થા થયેલી હોવાથી મારો અને મારી સ્ત્રીનો કાશીનિવાસ કરવાનો નિશ્ચય થયો છે. હવે બાકી રહેલા જીવનમાં પ્રભુનામનું સ્મરણ કરાય અને શરીરનો અંત પણ પુણ્યક્ષેત્રમાં જ થાય, તો વધારે સારું એવી અમારી ભાવના છે!" આલમચંદે કહ્યું.

"અહા-આ અતિશય ઉત્કૃષ્ટ સંકલ્પ છે. સાધુ! સાધુ!" મહાત્માએ ધન્યવાદ આપ્યો.

"આપ અમો સંસારિજનોને ધર્મનો ઉપદેશ આપો છો અને પ્રભુપ્રાપ્તિનો પંથ બતાવો છો, એ અમો પામર જીવો ઉપર આપનો મહાન્ ઉપકાર છે; પરંતુ આજે એક વિશેષ ઉપકારની આશાથી હું આપની પાસે આવ્યો છું. જો આપ અનુગ્રહ કરશો તો જ હું કાશીનિવાસ કરી શકીશ; અન્યથા તેમ થવું અશક્ય છે;" આલમચંદે પોતાના કાર્યની પ્રસ્તાવના કરતાં કહ્યું.

"મહાશય! આ શું બોલ્યા? મારાથી કોઇના ઉપર શો ઉપકાર કરી શકાય એમ છે? હું તો પ્રભુનો દાસાનુદાસ છું–ભક્તોનાં ચરણની રેણુ છું. તે જે આજ્ઞા કરે, તે પ્રમાણે વર્તવાને તૈયાર છું. મારા પ્રાણનું બલિદાન આપીને પણ હું કોઇના કાર્યની સિદ્ધિ કરવાને ઉપસ્થિત છું. બોલો–બોલો–મારે તમારી શી સેવા કરવાની છે? હે હરિ! રક્ષા કરો!!" મહાત્માએ વિનયનો અતિરેક કરીને કહ્યું.

"એ તો આપ જાણો જ છો કે, મેં મારી જમીન અને જાગીર આજે કેટલાક દિવસથી વેચી નાખી છે. માત્ર શહેરમાં અને કુલેલીના કિનારા ઉપર એમ બે ઘરો જ રહેવામાટે રાખ્યાં છે. અત્યાર સુધીમાં કેટલોક ખર્ચ થવા ઉપરાંત હજી બે લાખ રૂપિયા મારી તીજોરીમાં રોકડા પડેલા છે. એ બધું નાણું મેં આપને ત્યાં અમાનત તરીકે રાખવાનો વિચાર કર્યો છે. મારી સાથે હું માત્ર પચીસ હજારની રકમ છે તે જ લઈ જવા માગું છું; કારણ કે, સિંધમાંથી આવતા યાત્રાળુઓમાટે કાશીમાં એક સારી ધર્મશાળા બંધાવવાનો મારો મનોભાવ છે. હાલ મારી સંપત્તિ આપ રાખો અને જ્યારે મને જરૂર પડે ત્યારે હું મગાવું તેટલા રૂપિયા મોકલી આપજો." આલમચંદે મૂળ વાર્તા ખોલીને કહી દીધી.

"અરે બાપરે બાપ! આ કેવો સર્વનાશ! હું તો પારકા ધનને સ્પર્શ પણ કરતો નથી! તું કહે તે તારી બીજી સેવા કરવાને હું હાથ જોડીને તૈયાર છું, પરંતુ આ કાર્ય તો મારાથી બની શકે તેમ નથી. તું તારું સર્વ ધન કાશીમાં સાથે કેમ નથી લઈ જતો? એમ કરવામાં શી હાનિ છે? હે પરમાત્મન્! મને હવે સ્વર્ગમાં સ્થાન આપ!" મહાત્માએ સંપૂર્ણ નિઃસ્પૃહતા દર્શાવીને કહ્યું.

"હું હાલમાં પહેલ વહેલો જ કાશી જવાને તૈયાર થયો છું. ત્યાં કોઇની સાથે મારી ઓળખાણ કે મિત્રતા નથી; તેમ જ વળી મેં એમ પણ સાંભળ્યું છે કે, મધ્ય હિંદુસ્તાનના લોકો ઘણા જ ચાલાક ઠગ હોય છે, એટલે નાણાંની આટલી મોટી રકમ ત્યાં લઈ જતાં મારી હિમ્મત ચાલી શકતી નથી. ત્યાં જઇને એ નાણાં રાખવાં ક્યાં? કદાચિત્ એમ પણ બને કે, નાણાંને લીધે જીવ ખોવાનો પ્રસંગ પણ આવી લાગે. જો મારું

ધન ચોરાઈ જાય કે લૂટાઈ જાય તો ભવિષ્યમાં જે ધર્મદાન કરવાની મારી ઇચ્છા છે, તે પણ પૂરી ન થાય!" **આલમચંદે** કારણો દર્શાવ્યાં.

"જો એમ ન કરવું હોય તો પૈસા કોઈ સારા શાહુકારની પેઢીમાં કે કોઈ સારી બેંકમાં રાખી જા અથવા તો ગવર્નમેન્ટની પ્રોમીસરી નોટ લે; એટલે તારી એ ચિન્તા ટળી જશે અને તને કાશીમાં જ્યારે જેટલા પૈસાની જરૂર પડશે, તેટલા પૈસા મળ્યા કરશે. આ બહુ સારો માર્ગ છે. હે વૃન્દાવનવાસી! આ ભક્તને સુબુદ્ધિ આપ!" મહાત્માએ ઉપાય બતાવ્યો.

"એ સર્વ વિચારો મારા મનમાં પણ આવી ગયા છે, પણ એ સર્વમાં સાક્ષી સહી આદિના કાંઈ કાંઈ વાંધા દેખાવાથી એમાંના કોઈ પણ માર્ગના સ્વીકારનો વિચાર મેં માંડી વાળ્યો છે. આપ પ્રભુના ભક્ત છો, નિઃસ્પૃહ છો અને જગતને તૃણ સમાન માનનારા છો, એટલામાટે મારા પૈસાની આપને ત્યાં જેટલી સલામતી છે તેટલી અન્ય કોઈ સ્થળે નથી અને તેથી એ કાર્યમાટે મેં આપને જ પરિશ્રમ આપવાનો નિર્ધાર કરેલો છે. મારું ધન આપના મંદિરમાં રહેવાથી હું નિશ્ચિત અને નિર્ભય રહીશ!" **આલમચંદ** બોલ્યો.

"પરમશ્રદ્ધાળુ દીવાન **આલમચંદ**! મેં એવી દૃઢ પ્રતિજ્ઞા કરેલી છે કે, આ જીવનમાં હું પારકાના ધનને કદાપિ હસ્તસ્પર્શ નહિ કરું. લક્ષ્મી એક બહુ જ કનિષ્ઠ અને અપકીર્તિકારિણી વસ્તુ છે. હું તારા અથવા તો કોઈ પણ મનુષ્યપ્રાણીના કલ્યાણમાટે મારા પ્રાણ અર્પવાને સમર્થ છું. પરંતુ લક્ષ્મી જેવી પાતક લગાડનારી વસ્તુને સ્પર્શ કરવાની મારામાં શક્તિ નથી. હું નિરુપાય છું–મને ક્ષમા કરો! તમે સુજ્ઞ છો, માટે વિશેષ શું કહું? શ્રીરાધે! શ્રીરાધે!!" મહાત્માએ મુખમંડળમાં ગ્લાનિની છાયા લાવી, લક્ષ્મીપ્રતિ તિરસ્કાર દર્શાવીને કહ્યું.

"મહાત્માજી! આપની કૃપાદૃષ્ટિ વિના મારો ઉદ્ધાર છે જ નહિ. કૃપા કરીને મારા કાશીનિવાસમાં આપ પ્રતિબંધક ન થાઓ. પરોપકાર જ સંતોની વિભૂતિ છે, તો પછી આપ આ પરોપકાર શામાટે નથી કરતા?" **આલમચંદે** મહાત્માની નિષ્ઠામાં પોતાનો વિશ્વાસ વધતો જવાથી પુનઃ આગ્રહ કરીને કહ્યું.

"પ્રભુના પ્રાણપ્રિય હરિજન! તમે પરમ ધાર્મિક હોવાથી પરમેશ્વરના અંશ છો, એટલે તમારાં વચનનો મારાથી અનાદર કરી શકાય જ નહિ! પરંતુ પારકાના ધનને સ્પર્શ ન કરવામાટેની એક તરફ મારી દૃઢતમ પ્રતિજ્ઞા અને બીજી તરફ તમારા જેવા સુશીલ ભક્તનો આગ્રહ–એ બાજૂનો ફાંસો! **આલમચંદ**! આજે તમે તો મને કઠિન ધર્મસંકટમાં જ નાંખી દીધો. હે વ્રજવલ્લભ! હે દીનબંધો!" મહાત્માએ સંદિગ્ધ ભાવો દર્શાવ્યા.

"ગમે તેમ થાય, પણ આપ સંતજન હોવાથી મારી રક્ષા કરવાને બંધાયલા જ છો!" **આલમચંદે** મહાત્માને કાંઈક નમ્ર થયેલા જોઇને હઠપૂર્વક આગ્રહ કર્યો.

"હું પણ એ જ વિચાર કરું છું કે, હવે મારે શું કરવું? હે રાધારમણ! તમે અત્યારે ક્યાં છો?" મહાત્માએ ઈશ્વરનું સાહાય્ય માગ્યું.

"જો આપને પારકાના ધનને સ્પર્શ કરવાનો વાંધો હોય, તો આપ આપની સહધર્મિણી પત્નીને આજ્ઞા કરો, એટલે તે ગણીને મારા રૂપિયા તીજોરીમાં મૂકે. રૂપિયા

રાખવામાટે તીજોરી પણ હું મારે ત્યાંથી જ અહીં મોકલી આપીશ. જ્યારે હું રૂપિયા મંગાવું ત્યારે પણ આપનાં પત્ની જ તે તીજોરીમાંથી કાઢી આપશે." આલમચંદે એક બીજી યુક્તિ બતાવી.

"એવી આજ્ઞા હું મારી પત્નીને કેમ કરીને આપી શકું? સ્ત્રી તો મારું અર્ધું અંગ છે. જો મારી સ્ત્રી આપના ધનને સ્પર્શ કરે તો તે મારા અર્ધા અંગે જ સ્પર્શ કર્યા સમાન છે. એથી પણ મારી પ્રતિજ્ઞાનો ભંગ થઈ જશે. જો કે તમે ક્ષત્રિય છો, છતાં હરિજન હોવાથી સાક્ષાત્ પરમેશ્વરની પ્રતિમા છો! મારો જન્મ તમારા જેવા મહાત્માઓની સેવામાટે જ છે, એટલે હું તમારા આવા એક સામાન્ય અનુરોધને ન માનું એમ તો બને જ નહિ. પરંતુ લક્ષ્મીનું નામ સાંભળતાં જ હું ભયભીત બની જાઉં છું. વળી તમે શા વિશ્વાસથી આટલું બધું ધન મારે ત્યાં અનામત તરીકે રાખો છો, એના રહસ્યને પણ હું સમજી શકતો નથી. હું એક ક્ષુદ્ર વ્યક્તિ છું—અધમાધમ પુરુષ છું,—હું તમારો દાસ થવાને પણ યોગ્ય નથી. હે હરિ! હવે મને આપ પોતાનાં ચરણોમાં સ્થાન આપો તો મોટી કૃપા!" મહાત્માએ વળી પણ નવીન કોટિ લડાવીને ધન રાખવામાટે પોતાની સોળે સોળ આના અનિચ્છા દર્શાવી, અને એક ધ્યાનથી રાધાકૃષ્ણના જપનો આરંભ કર્યો.

આલમચંદ હવે એકના એક જ વિષયનું પિષ્ટપેષણ કરીને કંટાળી ગયો અને તેથી કંટાળાથી જ બોલી ઉઠ્યોઃ—"મહાત્માજી! ક્ષમા કરજો- આપના આજના આ હઠવાદને જોતાં સ્પષ્ટ જણાય છે કે, મારા અને મારી પત્નીના ભાગ્યમાં કાશીનિવાસ લખાયલો જ નથી!"

"ગાંડો રે ગાંડો! આમ નિરાશ કેમ બન્યો? હું ધર્મસંકટમાં આવી પડવાથી ગભરાઈ ગયો છું. આજની રાત મને વિચાર કરવામાટે આપો. હું મારી ધર્મપત્ની સાથે એ વિષયનો પરામર્શ કરીને આવતી કાલે પ્રભાતમાં તમને ઉત્તર આપીશ. આવી આપત્તિમાં હું કદાપિ પડ્યો નહોતો. હે ભગવન્! રક્ષા કરો! રાધાકૃષ્ણ! હરિ! હરિ!" મહાત્માએ દયા આવવાથી આલમચંદને આશ્વાસન આપ્યું.

જેમાં આશા અને નિરાશાનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું છે, એવા હૃદયક્ષેત્રને લઇને આલમચંદ લગભગ મધ્યાહ્ન સમયે મહાત્મા પાસેથી ઘેર જવામાટે વિદાય થયો. ઘેર આવીને જમતાં જમતાં સર્વ વાર્ત્તા તેણે યશોદાબાઇને કહી.

* * * * *

આલમચંદના જવા પછી મહાત્માએ બીજા બાકી રહેલા ત્રણ ચાર ભક્તોને પણ વિદાય કરી દીધા. એટલામાં ત્યાં ચાર પંજાબીઓ આવી લાગ્યા. તેમને જોતાં જ આનંદમાં આવીને મહાત્મા બોલ્યાઃ—"આવો આવો; આ ક્ષણે જ મારા હૃદયમાં તમારું સ્મરણ થયું હતું. કેમ કાંઈ ત્રણ ચાર દિવસ દેખાયા નહિ?"

"કોઈ શિકારના શોધમાં ફરીએ છીએ, પણ હજી એવો કોઈ શિકાર હાથ આવ્યો નથી!" પંજાબીઓમાંના એકે જવાબ આપ્યો.

"વારુ—ત્યારે આજ રાત્રે મારું એક કામ કરો. તમારે હાથ મારવાનો નથી, પણ માત્ર દેખાવ જ કરવાનો છે. હું કહું તે પ્રમાણેનું નાટક ભજવજો. એ મહેન-

તેના બદલામાં હું તમને એક સો રૂપિયા કલદાર આપીશ!" મહાત્માએ ધંધો બતાવ્યો.

તેઓ ખુશખુશ થઈ ગયા. મહાત્માએ ધીમા સ્વરથી તેમને કેટલીક વાતો કહી કે જે અમારા સાંભળવામાં આવી નથી. તેમની વચ્ચે કોઈ પ્રકારનો નિશ્ચય થયો અને ઉઠતાં ઉઠતાં તેમાંના એક પંજાબી ભામટાએ કહ્યું:–"ત્યારે રાત્રે બરાબર સાડા બારથી એક વાગ્યાની અંદર અમે એ નાટક ભજવીશું."

"હું ત્યાં આવી પહોંચીશ!" મહાત્માએ કહ્યું.

પંજાબીઓ ચાલ્યા ગયા અને મહાત્મા ભોજનમાટે પોતાના ભોજનાલયમાં પધાર્યા. ભોજન કરતાં કરતાં પણ તેમના મનમાં કેટલાક વિચારો રમ્યા કરતા હતા.

હવે એ ચાર પંજાબીઓ કોણ? અગાડી ચાલો જણાશે.

મહાત્મા ગોપાલદાસ કોણ?

પ્રકરણ ૩ જું
મહાત્માનું પૂર્વ ચરિત્ર

મહાત્મા ગોપાલદાસનો જન્મ બંગાળાના નવ્વાબોની જૂની રાજધાનીના નગર મુર્શિદાબાદમાં થયો હતો. તે જ્ઞાતિએ કાયસ્થ હતો. માતાપિતાની ધનસંબંધી સ્થિતિ બહુ જ કંગાલ હોવાથી તેને જોઇએ તેવું અને તેટલું શિક્ષણ મળી શક્યું ન હોતું. પરન્તુ તે પોતે ચપળ અને ચંચળ બુદ્ધિનો હોવાથી પોતાની માતૃભાષા બંગાળી ઉપરાંત હિંદી અને અંગ્રેજી ભાષાનો પણ, કામ ચાલી શકે તેટલો શબ્દભંડાર તેણે પ્રાપ્ત કરી લીધો હતો. તે વારંવાર તુલસીકૃત રામાયણ વાંચતો હતો અને પોતાને ભક્ત તરીકે ઓળખાવવાનો પ્રયત્ન કર્યા કરતો હતો. એકવાર બંગાળામાં દુષ્કાળ પડ્યો અને ભૂખમરાથી તેનાં માતાપિતાનો સ્વર્ગવાસ થઈ ગયો. એ વખતે ગોપાલદાસ મુર્શિદાબાદના એક ધનાઢ્ય જમીનદારને ત્યાં નોકરી હતો. જમીનદારને દયા આવવાથી અને એ તરુણમાં ભક્તિ તથા ધર્મનિષ્ઠતા જોવાથી તેણે તેને પોતાના મુખ્ય નાયબની જગ્યા આપી. હવે ગોપાલદાસને પોતાના સત્ય સ્વભાવનો પ્રભાવ બતાવવાનો પ્રસંગ મળ્યો. એ નોકરીમાં તેણે પંદર વર્ષ વીતાડ્યાં. તે દરરોજ નિયમિત રીતિથી ગંગાસ્નાન કરતો અને જ્યારે સ્નાન કરીને પાછો ફરતો હતો, તે વેળાએ તેના સમસ્ત શરીરપર 'રાધાકૃષ્ણ' અને 'રાધારમણ'ની છાપ જોવામાં આવતી. એ વેળાએ સારા સ્વરથી તે કેટલાક સંસ્કૃત શ્લોકો અને હિંદી ભાષાની કવિતાઓ માર્ગમાં લલકારતો જતો હતો. તેના એવા ઢંગને જોઇને નગરની નારીઓ એમ જ કહેતી હતી કે; "આ તો સાધુ પુરુષ છે–મહાત્મા છે. આ કઠિન કલિકાળમાં આવા પુરુષો વિરલા જ જોવામાં આવે છે!"

એ તો ગોપાલદાસનું બાહ્યરૂપ હતું, પણ તેનું અંતરંગ કાર્ય અન્ય પ્રકારનું હતું. જે જમીન અને જાગીરોની દેખરેખ અને વસૂલાતનું કામ તેને સોંપવામાં આવ્યું હતું, તેમાંથી વારંવાર તે નાણાં ઓહિયાં કરી જતો અને તેનો તેને ઓડકાર પણ આવતો ન હોતો.

બહુ દિવસથી ભરાતો આવેલો પાપનો ઘડો ફૂટ્યો, હિસાબમાં ગોટાળો જણાયો, અને ગોપાલદાસ ઉપર કોર્ટમાં મુકરદમો ચલાવવામાં આવ્યો. ભવિષ્યમાં થનારા મહાત્માને છ માસના કઠિન કારાગૃહવાસની શિક્ષા થઈ.

જેલમાંથી છૂટી આવ્યો તે વેળાએ તેના શરીરનું વજન આગળ કરતાં પાંચ પાઉંડ વધારે હતું. જેલમાંથી આવ્યા પછી તે લોકોને એમ કહેવા લાગ્યો કે; "જમીનદાર અને મેજીસ્ટ્રેટ બન્નેએ પ્રપંચ કરીને જ મને જેલમાં ધકેલી દીધો હતો; મારો કશો પણ અપરાધ નહોતો !"

પછી તે મુર્શિદાબાદ પાસેના એક ન્હાના ગામડામાં જઇને રહેવા લાગ્યો. ત્યાં તે પરમ વૈષ્ણવ બની ગયો. જો તે ગામથી દશ ગાઉના અંતર ઉપર પણ મહોત્સવ કે હરિસંકીર્તન આદિ હોય, તો ત્યાંસુધી જઇને પણ તે તેનો અગ્રેસર બની જતો હતો. ગોપાલના નૃત્ય અને ગાનથી સર્વ સ્ત્રીપુરુષો લટ્ટૂ બની જતાં હતાં. ખાસ કરીને તેનું હાવભાવથી ભરેલું નૃત્ય તો ભોળી સ્ત્રીઓના મનને બળાત્કારે આકર્ષી લેતું હતું. એક ખરડો કરીને ગોપાલે પોતાની બેઠકની જોડમાં જ એક હરિમંદિર બનાવરાવ્યું. અને તેની હરિસભામાં આવનારા ભક્તો અમુક માસિક વેતન આપવાને બંધાયા. એ ઉપરાંત ગોપાલમાં બીજા પણ કેટલાક સારા સારા અને પ્રશંસનીય ગુણોનો વાસ હતો ! તે ગુણોમાંના કેટલાક આ પ્રમાણે હતાઃ–એક તો તે સત્ય બહુ જ ઓછું બોલતો, બીજું આની વાત તેને અને તેની વાત આને કહીને અથડાવી મારવાની નારદીય વિદ્યામાં તે બહુ જ કુશળ હતો ! ત્રીજું સ્ત્રીપુરુષના સુખી સંસારને ઝગડો જગાવી વિષમય બનાવવો, એ તો જાણે તેના પવિત્ર જીવનનું એક મહાવ્રત ! બીજાઓની નિંદા અને ફલાણી સ્ત્રી કુલટા થઈ ગઈ છે, એવી એવી વાતો તેને બહુ જ વ્હાલી લાગતી ! પોતાથી બની શકે ત્યાંસુધી તે પોતાપરના ઋણને ચૂકવવાની તસ્દી લેતો જ નહિ ! ખોટા મુકરદમા ઉભા કરવામાં, મુકરદમાની કોશિશમાં અને જૂઠી સાક્ષી આપવાના ધંધામાં તે ઘણો જ ચાલાક હતો અને અનેકવાર ટિકિટ ખરીદ્યા વિના જ રેલવે ટ્રેનમાં બેસી મુસાફરી કરી શકતો હતો, ઇત્યાદિ.

એ પ્રમાણે સકલગુણસંપન્ન હોવા છતાં ગોપાલને પરમ ધાર્મિક પુરુષ માનવામાં આવતો હતો. ગોપાલના મુખમાં સંભાષણ કરવાની એક જગન્મોહિની શક્તિ હતી. વાત કરતાંની સાથે જ તે મનુષ્યના મનને મોહમુગ્ધ કરી નાખતો, અને આકાશમાંનો ચન્દ્રમા પોતાની હથેલીમાં બતાવી દેતો હતો. પરંતુ તે ચંદ્રમા રોકડાને બદલે ઉધાર જ લાવવામાં આવતો હતો. ઘણાક માણસો સારી પેઠે જાણતા હતા કે, 'ગોપાલદાસ ભાંડ વૈષ્ણવ છે,' તો પણ તે ઘણાંકોમાંના ઘણાકોએ ભાંડનાં ભજનિયાં સાંભળીને વાહવાહના પોકારો જ કરતા હતા. ઘણાકોની એવી ધારણા હતી કે, 'ગોપાલદાસ જૂઠું બોલનારો છે, છના નવ અને નવના અઢાર કરનારો છે' છતાં પણ તે ઘણાકોમાંના ઘણાકો ગોપાલદાસના વચનમાં વિશ્વાસ રાખતા હતા. 'ગોપાલદાસ કોઈ વસ્તુ ઉધાર લીધા પછી સહજમાં તેની કીંમતના પૈસા આપતો નથી' એ વાતને જાણવા છતાં પણ કેટલાક દુકાનદારો તેને અન્ન, વસ્ત્ર અને ઘી, ગોળ, ખાંડ વગેરે વસ્તુઓ ધૂમધડાકે ઉધાર આપતા હતા. ગોપાલદાસને એક લંપટ, શઠ, ચોર, પાખંડી, વિશ્વાસઘાતક અને ગલકટ્ટા તરીકે ઓળખવા છતાં પણ મનુષ્યો તેની સાથે વાતચીત તથા હંસી મશ્કરી કરતા હતા અને તેના મંદિરમાં જતાં જરા પણ ખંચાતા ન હોતા.

આમ કેમ થતું હશે? જેને એકવાર નઠારા માણસ તરીકે માની લીધો હોય, તેની સાથે પાછો ગાઢ સંબંધ રાખવો, એ અજાયબી નથી? આપણે સાફ સાફ જાણીએ છીએ કે, 'આ માણસ રોમરોમ ઠગ છે.' છતાં તેની સાથે જ રસ લઈ લઇને આનંદથી વાર્તાલાપ કરીએ છીએ, એ કેમ બને છે? એનાં કારણો અનેક છે.

મનુષ્ય માત્ર સ્વાર્થના દાસ છે. જો પોતાના કોઈ પણ સ્વાર્થની સિદ્ધિનો ઉદ્દેશ હોય, તો મનુષ્ય ચોર અને લૂટારા પાસે જતાં પણ અચકાતો નથી. જો કોઈ બદમાશને કોઈ મુકરદમામાં સાક્ષી બનાવવો હોય, તો તે બદમાશ પાસે જઇને પણ એમ કહેવું પડે છે કે, "મહાશય! આપ કેવા ભલા માણસ છો! આપના જેવો સાધુ પુરુષ આ સંસારમાં બીજો એક પણ નથી!"

શું મ્યુનિસિપલ ચુંટણી અને એવી બીજી ચુંટણીઓના સમયમાં મનુષ્યજાતિનો કલંકિત કરનારા અનેક કાણ્ડો (ઝઘડાઓ) ઉપસ્થિત નથી થતા કે? સ્વાર્થની સિદ્ધિ માટે મનુષ્ય સાધુને શયતાન અને શયતાનને સાધુ તેમ જ સતીને વેશ્યા અને વેશ્યાને સતીના નામથી નથી બોલાવતો કે શું?

ઘણા મનુષ્યોને પારકી નિન્દા સાંભળવી બહુ જ વ્હાલી લાગે છે અને તે સાંભળવાને અમુક નિંદક મનુષ્ય ગળાં રેંસનારો હોવા છતાં મૂર્ખ મનુષ્યો હર્ષથી તેની પાસે જઇને બેસે છે. તેમ જ બીજાનું ગળું રેંસાય છે, બીજાનું ધન લૂટાય છે અને બીજાનું ઘર બળી જાય છે, છતાં કોકની દાઢી બળે ને કોઇને તાપણું થાય, સંસારની એ જ વિચિત્રતા છે. એ નિયમ પ્રમાણે લોકોને એવા દેખાવો જોવાની સ્વાભાવિક ઇચ્છા થયા કરે છે!

'જો ગોપાળદાસે મારું ગળું તો નથી વાઢ્યું ને? મારા દુશ્મનની ગર્દન કાપી છે, તેમાં મારે શું? એ તો એણે સારું જ કર્યું! હું એ ગોપાલદાસ સાથે આનંદથી વાર્તાલાપ શામાટે ન કરું વારુ? સંસારમાં બહુધા સર્વ મારા શત્રુ છે, જે મારા કરતાં અધિક સાધનસંપન્ન છે તે સર્વ મારા વૈરી છે. જે મારા કરતાં સારા લેખક, સારા ગાયક, સારા વક્તા અને સારા પંડિત, તે સર્વ મારા રિપુ છે. જેની પાસેથી મેં રૂપિયા ઉધાર લીધા છે; જેણે નઠારા પ્રસંગે મને રૂપિયા આપીને મારી જતી આબરૂ બચાવી છે અને જેણે મારા ઉપર પરમ ઉપકાર કર્યો છે, તે સર્વ મારા દુશ્મન છે.'

સ્વાર્થપરાયણ મનુષ્યોની બહુધા એવી જ ભાવનાઓ હોય છે. સાધારણતઃ મનુષ્ય દુર્બળ છે. તે બીજાના કરેલા ઉપકાર અને બીજાએ આપેલા ઋણ ઇત્યાદિને સહન કરી શકતો નથી. એથી જ બહુધા સંસારમાં મનુષ્ય સર્વને પોતાના વૈરી માને છે. તેજસ્વી વ્યક્તિનો દોષ તે સાધારણતઃ એટલો બધો દોષ ગણાતો નથી.

તમે એક સાધારણ સ્થિતિના મનુષ્ય હોવાથી વેશ્યાને ત્યાં જાઓ, એટલે સમાજમાં તરત તમારી નિન્દાના રાગડા ગવાશે; પરંતુ કોઈ મોટા ધનવાન્ અને શેરીફની પદવી ધરાવતા પુરુષ રોજ શહેરની વચ્ચેથી બે ઘોડાની ગાડી અથવા તો ગધેડાના ભૂંકણવાળી મોટરકાર દોડાવતા વેશ્યાના મંદિરમાં જતા હશે, તો તેનો કોઈ પણ દોષ કાઢશે નહિ!'

કેટલાકો તો વળી એ મોટા લોકોનો બચાવ કરવામાટે એમ પણ બોલશે કેઃ–'વેશ્યાગમન તો ધનવાનોની એક નીતિ છે! વેશ્યાને ત્યાં જવાથી ચાતુર્ય વધે છે, એ વિશે वारांगना राजसभाप्रवेशः– ઇત્યાદિ શાસ્ત્રોનાં પણ પ્રમાણો છે."

એમાં મનુષ્યનો દોષ નથી; કારણ કે, એ કેવળ મનુષ્યનો ધર્મ જ છે.

કોઈ મોટા માણસ કોઈ ન્હાના માણસની વસ્તુ લઈ લે, તો એ તેનો દોષ નથી મનાતો, કિન્તુ લોકો મોટા માણસની ઠગબાજીને એક પ્રકારની ચાલાકી જ માને છે.

પાંચમું, વૈષ્ણવ ગોપાળદાસ લોકબળ અને ધનબળ એ બન્ને બળ ધરાવતો હતો. લગભગ તેના વીસ હજાર રૂપિયા તો રોજગારમાં રોકાયલા હતા. તે ગામના લગભગ દોઢ હજાર ભક્ત જનો તેની આજ્ઞાને વશ રહી વર્તતા હતા. જે લોકબળ, ધનબળ કરતાં પણ બળવાન્ છે, તેનો દોષ સદા ઉપેક્ષણીય છે–કદાપિ પકડવા યોગ્ય નથી. શેઠિયાઓ અને અમીરોની હામાં હા મેળવીને અને ખુશામદ કરીને જ ઘણાકોને પોતાના અધમ જીવનના દિવસો વીતાડવા પડે છે. એ ધનબળ સાથે જ્યારે બાહુબળનો સંયોગ થાય છે, ત્યારે તો વળી મણિકાંચનસંયોગ જેવો જ રંગ દેખાય છે. જ્યાં ત્રણ હજાર હાથ ગોપાળદાસના પક્ષમાં હોય, અને તેની નામના ન નીકળે, એ બને જ કેવી રીતે? એટલામાટે જો વૈષ્ણવ ગોપાળદાસ ધોળે દહાડે પણ લૂટ ચલાવતા, તો તેની યશઃપ્રભાવડે દશે દિશાઓ ઉજ્જ્વલ થઈ જતી હતી. મહાત્મા ગોપાળદાસની એ લૂટફાટને નજરે નજર જોવા છતાં પણ કેટલાક લોકો પોતાનો એવો અભિપ્રાય દર્શાવતા હતા કે;–'એ તો મહાપુરુષ કેવળ દુષ્ટોનું દમન અને શિષ્ટોનું પાલન જ કરે છે!'

એક કરતાં અધિક કારણોને લીધે ઘણાક લોકો ગોપાળદાસથી ઘણા જ ડરતા રહેતા હતા. એ તો વિશ્વનો નિયમ જ છે કે, જેનો મનુષ્યના મનમાં ભય હોય છે, તેને લાચાર થઈ ઉપર ઉપરથી પણ પ્રીતિ અને ભક્તિનો ભાવ બતાવવો જ પડે છે. 'ગોપાળ કોઈ દિવસ કદાચિત્ કોઈ મોટી આફતમાં નાખી દેશે તો?' એવા ભયથી લોકો તેની સાથે મિઠાશથી વાતચીત કરતા હતા. ગોપાળદાસને જોતાં જ તેઓ ગદ્ગદિત સ્વરથી બોલતા કેઃ–"કેમ બાવાજી! છો તો આનંદમાં ને? ગૃહમાં સર્વ કુશળ છે ને? આપની હરિસભાનો કાર્યક્રમ આજ કાલ કેમ ચાલે છે?" જો કોઇએ વિવાહપ્રસંગમાં ગોપાળને વરનો પિતા ન બનાવ્યો, તો કામ કથળ્યું જ સમજી લેવું. પીવાય નહિ તો ઢોળી નાખવાનો ગોપાળને ભયંકર રોગ હતો. લોકોનાં શ્રાદ્ધ આદિ કાર્યોમાં ગોપાળદાસ વગર બોલાવ્યે પણ ભંડારી બની જવાને તૈયાર જ રહેતો. જો તેને ભંડારી તરીકે કબૂલ રાખવામાં ન આવે, તો તે અનેક કુભાંડ રચતો અને કહેતો કેઃ–"ઘીમાં ડુક્કરની ચરબી આવેલી છે." જ્યારે ગામનાં સાધારણ માણસો એમ જ જુએ કે, ગોપાળ ગામના બધા ભલા માણસોમાં આટલો બધો સન્માનને પાત્ર છે, અને તે સર્વનો માલિક મનાય છે, તો પછી તેઓ ગોપાળને સમાજમાં ઉચ્ચ આસન કેમ ન આપે? તેની ભક્તિમાં લીન કેમ ન રહે?

કહેવાનું તાત્પર્ય એટલું જ કે, ગોપાળે ધર્મને એક લાભકારક વ્યાપાર બનાવી દીધો હતો અને હરિમંદિર તે એ વ્યાપારને ચલાવવામાટેની એક સારી દુકાન હતી.

સંસારમાં હમેશાં બેવકૂફ પેમલાઓની સંખ્યા વધારે જ હોય છે અને તેમાં પણ ખાસ કરીને હરિના નામથી હિંદુનું હૃદય સહજમાં જ પીગળીને પાણી પાણી થઈ જાય છે. એટલે જે વેળાએ ગોપાળ નાચી નાચીને ઉત્તમ સ્વરથી 'એકબાર હરિ બોલો ભાઈ !' કહેતો, તે વેળાએ સર્વ સાધારણ જનો તેને સાધુ જ જાણતા હતા. ગોપાળનો નાચવાનો ઢંગ અદ્ભુત હતો. તે નવીન ઢંગ અને તે સમયના તેના અંગવિક્ષેપ વર્ણન કરવા યોગ્ય નથી. માત્ર તે તો દર્શનને જ યોગ્ય હતા અથવા છે એમ જ કહિ શકાય. વારંવાર ગોપાળના શરીરમાં ભગવાનનું આવાગમન થતું હતું અને તેથી જ એ સર્વ કારણોથી ગોપાળદાસ આસપાસનાં દશ ગામોમાં મહાપૂજ્ય, વંદનીય અને મહાત્મા તથા મહાપુરુષ મનાતો હતો.

પરંતુ ખોટી સિરવૈયે પ્રાપ્ત થયેલા આટલા બધા પ્રભાવથી પણ મહાત્મા મનાતા મહા–તમા ગોપાળદાસનું લોભિષ્ટ મન સંતુષ્ટ થતું ન હોતું. તે વચવચમાં વ્યભિચારની બાજી પણ રમતો જતો હતો. કેટલીક એવી તેવી સૌભાગ્યવતી અને વિધવા સ્ત્રીઓ તો તેના ફન્દમાં ફસાતી હતી; પરંતુ એથી મહાત્માના માનમાં ધીમે ધીમે ઘટાડો થતો ચાલ્યો. કારણ કે;–

'તુલસી યા સંસારમેં, કૌન ભયો સમરથ;
એક કનક દુતિ કુચનકો, જિન ન પસારે હથ ?'

અર્થાત્ કનક અને કામિનીમાં લુબ્ધ ન થવું, એ પુરુષમાંનો એક અદ્વિતીય ગુણ મનાય છે. તેમાં પણ જો ધનનો લોભ હોય, છતાં મનુષ્ય વ્યભિચારી ને વિષયાસક્ત ન હોય; તોપણ તેની પ્રતિષ્ઠા જળવાઈ રહે છે. જ્યાં ધર્મના ધરનારની વૃત્તિ પરનારીના પ્રેમમાં વળી કે તરત જ તેની પ્રતિષ્ઠા સદાને માટે ધૂળ મળી, એ નિયમ જ છે. સધારણતઃ મનુષ્ય ધન અને માનની હાનિને સહન કરી શકે છે, પરંતુ કોઈ પણ પોતાની સ્ત્રી, માતા, ભગિની કે પુત્રીના સતીત્વભંગની હાનિ અને તેથી થતી નિન્દાને સહન કરી શકતો નથી. એટલા માટે વ્યભિચારી પુરુષના અનેક શત્રુઓ ઉત્પન્ન થાય છે, તેમ ગોપાળદાસનું થયું. લોકો ગોપાળદાસના વ્યભિચારની વાતો જેમ જેમ વધારે અને વધારે સાંભળતા ગયા, તેમ તેમ તેના વિશે તેમના મનમાં વસતા અભિમાન અને માનનો ક્ષય થતો ગયો.

ગોપાળદાસ મધ્યાહ્ન પછી પુરુષોની આવજાવ ઓછી થતાં કલાકોના કલાક સુધી પોતાના એકાંતવાસમાં સ્ત્રીઓ સાથે ગુપ્ત વાર્તાવિલાસ કરતો બેસી રહેતો હતો અને તેમને મંત્રેલા તાવીજ તથા દોરાઓ કરી આપતો હતો. અનેક સ્ત્રીઓ એ નિમિત્તથી તેની પાસે આવતી, તેની મીઠી મીઠી વાતો અને કપટજાળમાં ફસાઈ પોતાના સતીત્વરૂપ શૃંગારનો નાશ કરીને ઘેર પાછી ફરતી હતી. સ્ત્રીઓને દોરા તાવીજ આપવાનો સમય મધ્યાહ્ન પછીનો મુકરર કરેલો હોવાથી, બહારનો કોઈ પુરુષ તે વેળાએ ભાગ્યે જ આવતો. ભાગ્યયોગે કોઈ આવી ચઢ્યો તો તેના ભણાવી રાખેલા ચેલાઓ તેને 'મહાત્મા અત્યારે પોઢી ગયા છે, માટે સાંઝે આવજો' એમ કહીને પાછો વિદાય કરી દેતા. જેવા ગુરુ તેવા જ ચેલા. નહી તો કામ ચાલી શકે જ નહી., કહેવત ખોટી નથી કે;–'લોભી ગુરુ લાલચુ ચેલા; દોનુ નરકમેં ઠેલંઠેલા !'

એ પ્રકાર ઘણા કાળ સુધી એમનો એમ ચાલતો રહ્યો. ગોપાળ વૈષ્ણવને કોઇએ કાંઈ પણ કહ્યું કે પૂછ્યું નહિ અને પાપીના પાપનું પ્રમાણ એથી વધતું ગયું. દિવસે દિવસે તે વધારે અને વધારે ઉન્મત્ત થતો ગયો.

એકવાર એવો બનાવ બન્યો કે, એક બાળવિધવા થયેલી તરુણ સ્ત્રી બીજી સ્ત્રીઓ સાથે ગોપાળદાસનાં દર્શને આવી. એ તરુણી યૌવનમદમાતી અને લાવણ્યવતી હતી. મહાત્માની તેના ઉપર ખોટી મીઠી નજર થઈ. બાળા પોતે સુશીલ હોવાથી તેની વિકારમય દૃષ્ટિને ઓળખતાં ત્યાં આવતી અટકી. ગોપાળદાસે બીજી દૂતીઓ-દ્વારા તેને મેળવવાનો પ્રયત્ન કર્યો. એક દિવસ તે દૂતીઓ પાછી આગ્રહ કરીને તે તરુણીને મંદિરમાં લઈ આવી. તરુણીનો ત્યાં આવવાનો જરા પણ વિચાર નહોતો, પરન્તુ પોતાના મનની શંકા તે બીજી સ્ત્રીઓને શરમને લીધે જણાવી શકતી ન હોતી. એટલે ચાલો આજે તો જઈ આવીએ, બીજીવાર નહિ જઇએ, એમ ધારીને તે આવી. ત્યાં જે ભયંકર પ્રકાર થવાનો હતો, તેની એ બિચારી ગરીબ યુવતીને લેશ માત્ર પણ કલ્પના નહોતી. એકાંતવાસમાં આવીને બેઠા પછી બન્ને દૂતીઓ કાંઈ કારણ બતાવી થોડીવારમાં આવવાનું કહી બહાર ચાલી ગઈ. ગોપાળદાસ પણ ઉઠી ગયો. તરુણી ઓરડામાં એકલી જ રહી. થોડીવારમાં ગોપાળદાસ ઓરડામાં આવ્યો અને તેણે તે તરુણી પાસે પ્રેમની યાચના કરી. તરુણીએ તેને ધિક્કારી કાઢવાથી તે નરપિશાચે તેના ઉપર બળાત્કાર કર્યો. બિચારી વિધવાએ ઘણીએ બૂમો મારી, પણ તેને બળાત્કારમાંથી બચાવવાને કોઈ પણ આવ્યું નહિ. તેના વૈધવ્યવ્રતનો ભંગ થઈ ગયો. યુવતીએ ત્યાંથી નીકળી પોતાના સંબંધીઓ ઉપર એક પત્ર લખી ગંગામાં પડીને આત્મહત્યા કરી. એ પત્ર તે બાઇના સંબંધીઓના વાંચવામાં આવ્યું અને નદીમાંથી બાઇનું શબ નીકળ્યું, એટલે લોકસમુદાયમાં ભયંકર ખળભળાટ જાગી ઉઠયો. પ્રથમ તો કોપાગ્નિથી બળતા લોકોએ મહારાજને સારી રીતે મેથીપાક જમાડ્યો અને ત્યાર પછી તેના ઉપર કેસ ચલાવવામાં આવ્યો. મહાત્માને પાંચ વર્ષની સખ્ત કેદની સજા થઈ. બળાત્કારમાં મદદ કરનારી બે કુલટાઓને પણ કારાગૃહમાં જવું પડયું. હરિમંદિર લોકસમુદાયની માલેકીનું હોવાથી તેને ધર્મશાળાના રૂપમાં ફેરવી નાખવામાં આવ્યું.

જ્યારે તે જેલમાંથી છૂટયો ત્યારે પુન; તે ગામમાં જવાનો કે બંગાળામાં રહેવાનો વિચાર તેણે માંડી વાળ્યો. 'દેશ ચોરી ને પરદેશ ભીખ' એમ ધારીને તેણે પરદેશમાં જવાનો નિશ્ચય કર્યો. તેણે સાંભળ્યું હતું કે, સિંધુ દેશ એક બહુ જ ફળદ્રૂપ દેશ છે. ત્યાંના નિવાસીઓ ઉદાર, શ્રદ્ધાળુ અને ભોળા હોવાથી સાધુ સંતોનો રોજગાર ત્યાં તેજીમાં ચાલી શકે છે. તેણે સિંધુ દેશમાં જવાના નિર્ધાર ઉપર આવીને આમ તેમથી ભીખી માગીને થોડાક રૂપિયા એકઠા કર્યા. હાવરાના સ્ટેશન ઉપરથી ટિકિટ કઢાવી રેલ્વે ટ્રેનમાં બેસી સિંધમાં જવામાટે બંગાળાની ભૂમિને છેલ્લા રામ રામ કરી દીધા.

ગોપાળદાસ પ્રથમ શિકારપુરમાં ઉતર્યો. ત્યાં ઉન્હાળામાં ગરમી ઘણી હોવાથી ત્યાંથી ઉપડીને તે હયદરાબાદ આવ્યો. પ્રથમ તો કુલેલી નહેરના કિનારા ઉપર એક વડના ઝાડ નીચે પોતાની છાવણી નાખી. લાકડાના એક ન્હાના કબાટમાં ઠાકોરજીનું મંદિર બનાવ્યું. તપસ્વી પ્રમાણેના દેખાવથી તે રહેવા લાગ્યો. ઉન્હાળામાં સાંજે કુલેલી

ઉપર હવા ખાવા આવતા સારા સારા ગૃહસ્થો સાથે ધીમે ધીમે પરિચય થવા માંડ્યો. સિંધના લોકો ભાવિક તથા શ્રદ્ધાળુ હોવાથી, તેના બાહ્ય ગુણો અને વાક્પટુતાથી લોભાઈ જઈ લોકોએ ટીપથી નાણાં ઉઘરાવી ગોપાળદાસને મધ્ય બજારમાં એક મંદિર બંધાવી આપ્યું. મંદિરના ખર્ચમાટે કેટલાક ધનવાનોએ અમુક પગાર બાંધી આપ્યા. ગોપાળદાસની પ્રતિષ્ઠા ધીમે ધીમે વધવા લાગી અને તે મહાત્મા ગોપાળદાસના નામથી ઓળખાવા લાગ્યો. 'મહીંના ગુણ તો મહાદેવજી જાણે' એ કહેવત પ્રમાણે લોકો તેના આંતરિક ભયંકર દુર્ગુણોથી સર્વથા અજ્ઞાત હોવાથી તેના કપટનાટકના ચાલવામાં જરા પણ પ્રત્યવાય ન આવ્યો.

જ્યારે હયદરાબાદમાં તેનો પૂરેપૂરો પ્રભાવ જામી ગયો અને લોકોના સ્વભાવને તે સારી રીતે ઓળખી ગયો, એટલે પછી તેણે પોતાના દુશ્ચરિત્રોને પ્રકટ કરવાનો પ્રારંભ કરી દીધો. દૂધથી દાઝેલો માણસ છાશ પણ ફુંકી ફુંકીને પીએ છે, તેવી રીતે બંગાળામાં બનેલા બનાવને સ્મરણમાં રાખી, અહીં હવે તે જે કાંઈ પણ કુકર્મ કરતો, તે બહુ જ ધ્યાનથી અને સંભાળ રાખીને કરતો હતો કે, જેથી બહાર તેની નિન્દા અને હોહા થવાનો પ્રસંગ ન આવે. 'ઠાઠ તિલક અરુ મધુરી બાની; દગાબાજકી યહી નિશાની !' એ નિયમને પાળવામાં તે પરમ પ્રવીણ હોવાથી તેના આંતરિક અવગુણો જનસમાજના જાણવામાં આવી ન શક્યા. તેની પ્રતિષ્ઠા અને આવકમાં એટલો બધો વધારો થતો ગયો કે, ચાર પાંચ વર્ષમાં તો તે ધનાઢ્ય બની ગયો.

આપણી વાર્તાના આરંભકાળમાં ગોપાળદાસનું વય પંચાવન છપ્પન વર્ષનું હતું. પાક અને ભસ્મ તથા પુષ્ટિકારક ખોરાકનું સેવન ચાલુ હોવાથી તેનું શરીર હૃષ્ટપુષ્ટ બન્યું હતું. ઘડપણનાં કશાં પણ ચિન્હો દેખાતાં નહોતાં. લોકો તેની એ હૃષ્ટપુષ્ટતાને યોગ તથા ભક્તિનો પ્રભાવ માનતા હતા. તેના માથામાં ટાલ હોવાથી કેટલાકો તેને ટાલિયો ગોપાળ કહેતા હતા, પરંતુ તે પીઠપાછળ–મોઢે તો મહાત્મા જ કહેતા હતા.

પ્રકરણ ૪ થું

ભયંકર કોલાહલ

"દોડો ! દોડો ! સર્વ ગયું ! સર્વનાશ થયો !"

"પણ મામલો શો છે ? કોઇના ઘરમાં આગ લાગી છે કે ખાતર પડ્યું છે ?"

રાતના લગભગ બે વાગ્યાનો સુમાર હતો. લોકો કુલેલીના કિનારા ઉપર ગભરાટમાં ને ગભરાટમાં ચારે તરફ દોડધામ કરી રહ્યા હતા. એ દોડધામનું કારણ શું હતું, તે કોઈ પણ જણાવી શકતું ન હોતું. એ કોલાહલ ક્યાંથી સંભળાયો, તે પણ કોઈ જાણતું ન હોતું. કુલેલીના કિનારા ઉપર કોલાહલનો પાર ન હોતો. કેટલાક ગૃહસ્થો પોતપોતાના ઘરના દરવાજા બંધ કરીને ગુપચુપ ખૂણામાં બેસી રહ્યા હતા અને સ્ત્રીઓને પોતાની બડાઈ બતાવ્યા કરતા હતા ! કેટલાક ગરીબો થરથર કંપતા હતા. જે માણસો એવા કોલાહલને પસંદ કરનાર હતા, જેમને એવા દેખાવો જોવાનો ઘણો જ શોખ હતો અને કેટલેક અંશે નારદ સ્વભાવના હતા, તેઓ તેથી જરા પણ ડરતા ન

હોતા. જેઓ બળવાન્ હતા તેઓ ઘરમાંથી બેધડક બહાર નીકળી પડ્યા હતા. કોઇના હાથમાં ડંડો, તો કોઇના હાથમાં પાણીનો ઘડો હતો. કેટલાકો ખાલી હાથ હીલવતા પણ આવી પહોંચ્યા હતા.

"ભાઈ! તમે કયાં જાઓ છો? હાથમાં આ પાણીનો ઘડો શામાટે લીધો છે?" એક ડંડાવાળાએ ઘડાવાળાને સવાલ કર્યો.

"પણ ભાઈ! તમે કયાં પધારો છો? અને તમારા હાથમાં આ પંજાબી ડંડો શામાટે જોવામાં આવે છે?" ઘડાવાળાએ જવાબ ન આપતાં સામો સવાલ પૂછ્યો.

"હું અત્યારે કયાં જાઉં છું, તે હું પોતે પણ જાણતો નથી. માત્ર એટલું જ જાણું છું કે, જ્યાં બધા જાય છે ત્યાં હું પણ જાઉં છું. કદાચિત્ કોઇના ઘરમાં ખાતર પડયું હશે, એમ ધારીને ચોર લૂટારાઓને મારવામાટે મેં આ પંજાબી ડંડો હાથમાં ઉપાડી લીધો છે." ડંડાવાળાએ જવાબ આપ્યો.

"મારી દશા પણ તમારા જેવી જ છે. જ્યાં બધાય જાય છે, ત્યાં જ જવામાટે હું પણ ઘરમાંથી બહાર નીકળ્યો છું. પરન્તુ તમારાથી વિરુદ્ધ કોઇના ઘરમાં આગ લાગી હશે, એમ ધારીને મેં પાણીનો ઘડો હાથમાં લઈ લીધો છે." ઘડાવાળાએ ખુલાસો કર્યો.

એટલામાં જે માણસ ખાલી હાથ હીલવતો હતો, તેણે કહ્યું કે;–"ખાતર પણ પડયું નથી અને આગ પણ લાગી નથી. બનાવ ત્રીજો જ બન્યો છે. એક માણસનું ખૂન થયું છે!"

"અરે નહિરે–એમાંનું કાંઈ પણ નથી. અરે એ તો એક માણસને સર્પ કરડ્યો છે." ચોથાએ આવીને નવી જ વાત જણાવી.

"અરે ભાઈ! એ તો કોઇને વીંછીએ ડંખ્યો હશે. ઉન્હાળો હોવાથી હયદરાબાદમાં વીંછીઓનું જોર વધારે હોય છે, એ તો તમે જાણો જ છો. વીંછીના કરડેલાઓનો આવા પોકારો તો રોજ રાતે સંભળાયા કરે છે." પાંચમાએ પાંચમો અભિપ્રાય દર્શાવ્યો.

"એ પણ ખોટી વાત; એમાંનું કાંઈ પણ મળે નહિ. આજે સાંજે મેં પેલી તરફ બે સાંઢને લડતા જોયા હતા. તેઓ હજી સુધી પણ લડતા હશે ને તેથી જ લોકો એકઠા થયા હશે." છઠ્ઠાએ છઠ્ઠો તુક્કો લડાવ્યો.

વાતનો નિશ્ચય ન થયો. બધા લોકો જ્યાંથી કોલાહલનો ધ્વનિ આવતો હતો, તે તરફ જવાને દોડી ગયા.

દીવાન આલમચંદના મકાન પાસે લોકોની બહુ જ ભીડ જામેલી હતી; બહુ જ લોકો એકઠા થઈ ગયા હતા. અહીં આવ્યા છતાં પણ હજી સૌ કોલાહલના ખરા કારણથી અજ્ઞાત હતા. અજવાળી રાત હોવાથી ક્ષણે ક્ષણે કોલાહલ વધતો જતો હતો. ગુલબાનનો પાર નહોતો. લોકો જે મનમાં આવે તે બકયાં કરતા હતા. કોઈ કહેતું કે;–"હાય હાય સર્વસ્વનો નાશ થયો. એકદમ બે કકડા! જાણે તરબૂજ ઉપર છરી જ ફરી ગઈ!"

"રે, રે કેવું ખૂન!......લોહીની તો નદી જ વહી નીકળી છે!" બીજો બોલ્યો.

"પચીસ ઘડા ભરાય એટલું લોહી નીકળ્યું છે! લોહીના સિંચનથી એક વીઘા જેટલી જમીનમાં ગોઠણ સુધી કાંદાનાં પાંદડાં ઉગી આવ્યાં છે." ત્રીજાએ ચોખી ડીંગ હાંકી.

"બિચારાને જીવવાની જરા પણ આશા નથી. આંખો ઘેરાતી જાય છે. ગરીબ મડદા પ્રમાણે નિર્જીવ થઇને પડ્યો છે! શ્વાસોચ્છ્વાસ ચાલે છે કે નહિ, એમાં પણ સંદેહ છે." ચોથાએ એમ. ડી. ને પણ શર્માવે તેવો ડૉક્ટરી અભિપ્રાય દર્શાવ્યો.

"હજી થોડું થોડું ભાન છે અને થોડી થોડી વારે એક બે શબ્દો ઉચ્ચારે છે." પાંચમાએ જણાવ્યું.

"અરે નહિ રે—એ તો બિચારો કયારનોય વાચાહીન અને શુદ્ધિહીન થઈ ગયો છે. માત્ર કર્કટી બાંધવાની અને મસાણમાં પહોંચાડવાની જ વાર છે!" છઠ્ઠાએ છબરડો વાળ્યો.

"બસ—હવે એવો આદમી પેદા થવો મુશ્કેલ છે. બીજાના દુ:ખને જોતાં જ એનું મન પીગળી જતું હતું." સાતમાએ સત્યાનાશ દર્શાવ્યું.

"આપણા દેશનો એક આધારસ્તંભ આજે પડી ગયો!" આઠમાએ દેશદાઝનું દર્શન કરાવ્યું.

શું થયું છે, તેની બરાબર ખબર કોઇને પણ નહોતી; જેટલા મોઢાં તેટલી વાતો સંભળાતી હતી અને સર્વ પોતપોતાની કલ્પના પ્રમાણે હાય હાય કરતા હતા અને—

"વા વાયાથી નળિયું ખસ્યું,
તે દેખીને કુતરું ભસ્યું;
કોઈ કહે મેં દીઠો ચોર,
એમ થયો ત્યાં શોરબકોર."

એવો જ હિસાબ ચાલી રહ્યો હતો. કોઈ માણસ કોઇને ખરો જવાબ આપી શકતો નહોતો, કિન્તુ ભળતી સળતી વાતો સંભળાવીને માથું ફેરવી નાખતો હતો. જો કોઇને કોઈ પૂછે કે;—"મેહરબાન! શું થયું છે અને આ ગડબડ શાની છે?" તો તે સવાલનો એ જ જવાબ મળતો કે;—"જે ન થવું જોઇએ તે થયું છે. એથી વધારે શું કહીએ બાપનું કપાળ? લોહીનો દરિયો વહી નીકળ્યોછે—બસ તે બિચારો હવે આ જગતમાંથી ચાલ્યો ગયો છે!"

કેટલાકોએ ભીડમાં પેશીને જોયું તો એક મનુષ્ય શબવત્ સ્થિતિમાં પડેલો હતો. તેનું શરીર એક ધોળી ચાદરવડે ઢાંકી દીધેલું હતું. માત્ર તેનું મોઢું જ ખુલ્લું હતું. તેનાં વસ્ત્રો લોહીથી ખરડાયલાં અને રંગાયલાં હતાં અને તેની પાસે જ બીજા પણ બે માણસો લોહીમાં ખરડાયલા પડ્યા હતા.

"ગમે તેટલા રુપિયા ખર્ચાઈ જાય, તેની મને જરા પણ પરવા નથી. હમણાં જ જાઓ અને સિવિલ સર્જ્યન્ તથા ડૉક્ટર મૂલચંદને લઈ આવો." એ પ્રમાણે તે શબવત્ પડેલા માણસ પાસે ઊભેલો એક પ્રભાવશાલી પુરુષ પોતાના નોકરોને આજ્ઞા કરતો હતો. તે ચાદરથી ઢંકાયલા માણસે પોતાના હાથની આંગળીને ધીમે ધીમે હલાવીને તેને તેમ કરવાની ના પાડી. ત્યાર પછી તે અર્ધ સ્ફુટ સ્વરથી બોલ્યો; "તુલસી વૃક્ષતળેની માટી લાવીને મારા મુખમાં નાખો; અને તે જ માટીને વાટીને મારા સર્વાંગમાં, 'રાધાકૃષ્ણ! રાધાકૃષ્ણ,' લખો." શ્રીહરિનાં ચરણામૃતનું મારા મુખમાં અને શિરપર સિંચન કરો. મારા શ્રીહરિને મૂકીને હું બીજા વૈદ્ય કે ડૉક્ટરને બોલાવવાનો

નથી. શ્રીહરિ જ મારો વૈદ્ય છે અને શ્રીહરિ જ મારો ડૉકટર છે. મારી આજ્ઞા પ્રમાણેનો ઉપચાર કરો અને જુઓ કે, શ્રી રાધાકૃષ્ણની ભકિતના મહિમાથી મારા શરીરમાં થયેલા જખમ જોતજોતામાં રુઝાઈ જાય છે કે નહિ. હરિજનો! ભગવદ્‌ભકિતનો ચમત્કાર અગમ્ય હોય છે, એનો પ્રત્યક્ષ પરિચય કરો."

એટલામાં એક માણસ મંદ મંદ બળતો હેરીકેન લૅમ્પ લઇને આવ્યો. તેના પ્રકાશની મદદથી લોકોએ તે ઘાયલ થઈ પડેલા માણસને તરત ઓળખી લીધો અને ઓળખાતાંની સાથે જ લોકોએ પોકાર કર્યો કે—"અરે આ તો મહાત્મા ગોપાલદાસ છે! અરે પણ આ મહાત્માની આવી અવસ્થા કોણે કરી?"

મહાત્મા ગોપાળદાસ પુનઃ ધીમા સ્વરથી બોલતો કહેવા લાગ્યો કે;—"મારામાં બોલવાની શકિત નથી! ... શરીર અવસન્ન થતું જાય છે! આંખોથી હું સાફ જોઈ શકતો નથી. તમે બધા ઢોલ વગાડી મારી આસપાસ નાચીને હરિકીર્ત્તન કરો. જો શ્રી હરિ મને પોતા પાસે બોલાવી લે, તો મારાં મહાભાગ્ય—અહોભાગ્ય! પણ મારા ભાગ્યમાં એ સુખ ક્યાં છે? હે હરિ! મારો સત્વર ઉદ્ધાર કર!"

મધ્યાન્હ સમયે મહાત્માને ત્યાં જઇને પોતાની સંપત્તિ સંભાળવામાટેની પ્રાર્થના કરનાર નિખાલસ હૃદયનો દીવાન આલમચંદ મહાત્માના મસ્તક પાસે બેઠો હતો. ડૉકટરને બોલાવવાની આજ્ઞા કરનાર એ જ હતો. તે વારંવાર રોતો અને માથું પછાડતો મહાત્માને ઉદ્દેશીને કહ્યા કરતો હતો કે;—"મહાશય! આપની આ આપદાનો હેતુ હું જ દુર્ભાગી છું."

"ભકતશિરોમણિ દીવાન આલમ! તું વિનાકારણ આમ શોક ન કર. આ ઉપલક્ષમાં જો મારો સ્વર્ગવાસ થઈ જાય, તો મારા જેવો ભાગ્યશાળી બીજો કોઈ પણ નથી. તલ્વારના મારથી હું જર્જરિત થયો છું ખરો, પણ મારો સત્ય આનંદ એમાં જ છે. આજે મારું સ્વર્ગસુખ એ જ છે. તું તારા પવિત્ર હસ્તને મારા માથા ઉપર મૂક! તુલસીનું એક વૃક્ષ લાવીને મારા માથા પાસે રાખ! હું વધારે બોલી શકતો નથી. મારી વાચા બંધ થતી જાય છે. હે દીનબન્ધો! હે નંદનંદન! બેડો પાર ઉતારો!" મહાત્માએ હર્ષ અને વિષાદમાં સમાનતા દર્શાવીને કહ્યું.

જોત જોતામાં ઘણાક બાવાજીઓ એકઠા થઈ ગયા; કારણ કે, હુગ્લીના કિનારાપર સાધુડાઓનો હમેશાં સુકાળ જ રહ્યા કરે છે. જોગટાઓની જમાત એકઠી થતાં જ ભયંકર ભાવથી નૃત્યનો આરંભ થયો. ભારતવર્ષના દીપનું નિર્વાણ થયું અને પુનઃ તેની જ્યોતિ પ્રકટી; પરન્તુ એ જ્યોતિનો પણ થોડા સમયમાં અંત થયો અને પુનઃ ઘોર અંધકાર દેખાવા લાગ્યો. કિંતુ હરિકીર્ત્તનનો પ્રકાર તો સમભાવથી ચાલૂ જ રહ્યો. રાત્રિ વિશેષ વીતેલી હોવાથી બીજા માણસો તો ચાલ્યા જ ગયા. માત્ર ભકતજનો અને સાધુઓ જ હરિકીર્ત્તન અને નૃત્ય કરતા ત્યાં અવશિષ્ટ રહ્યા.

આ બધું ગોડલંપિંડલં કર્તકં જીર્તકં શું છે, તે વાચકોના સમજવામાં નહિ જ આવ્યું હોય. તેમની ઉત્કંઠાને તૃપ્ત કરવામાટે ખુલાસો કરવો જોઇએ. જે દિવસે દીવાન આલમચંદ મહાત્મા ગોપાળદાસને ત્યાં પોતાની રોકડ મિલ્કત રાખવાની વાત કરવામાટે ગયો હતો, તે જ દિવસે રાતે લગભગ એક વાગ્યાના સુમારે આલમચંદના ઘરમાં

ખાતર પડયું. કોઈ ચોરે પોતાના મોઢાને કાળા રંગથી રંગી નાખ્યું હતું અને કોઇએ બનાવટી દાઢી મૂછો ચઢાવી દીધી હતી. ચોરોની સંખ્યા કુલ ચારની હતી. છૂપી રીતે ખાતર પાડવાને બદલે તેઓ ત્યાં આવી, 'જય મહાવીરકી!' ઇત્યાદિ શબ્દોનો ઉચ્ચાર કરીને શાહુકારીથી ખાતર પાડતા હતા. એક કમાડને તોડવાના કામમાં રોકાયલો હતો, બીજો દીવાલપર હથોડા પછાડ્યા કરતો હતો, અને બાકીના બે ચોરો હવામાં પોતાની બે લાઠીઓ ફેરવીને સુદર્શન ચક્રનો આભાસ કરાવતા હતા. તે દિવસે રાતે મહાત્મા ગોપાળદાસ જરા વહેલા જ સ્નાન કરવાને કુલેલીના તીરપર આવી લાગ્યા હતા. મહાત્મા ગોપાળદાસ સદાના પરહિતૈષી અને પરોપકારી પુરુષ હોવાથી આલમચંદના ઘરમાં ખાતર પડતું જોઇને તેમનું હૃદય દયાથી પીગળીને પાણી થઈ ગયું. તેઓ ચટ ત્યાંથી દોડીને કુલેલીના કિનારાપર પડેલા કેટલાક મુસ્તંડા સાધુડાઓને બોલાવી લાવ્યા અને પોતાના પ્રાણની જરા પણ પરવા ન રાખીને તે ધાડપાડુઓ સાથે ડંડાબાજી રમવા લાગ્યા! ધાડપાડુ ચોર અને સાધુઓ વચ્ચેનું યુદ્ધ કેટલીક વાર સુધી ચાલ્યું. યુદ્ધમાં થતા કોલાહલને સાંભળી આસપાસથી જાગીને બીજા માણસો પણ ત્યાં દોડી આવ્યા. આવનાર માણસોની સંખ્યાને વધતી જતી જોઇને ચોરો ગભરાયા અને તરત ત્યાંથી પલાયનમઃ કરી ગયા. પરન્તુ ન્હાસતાં ન્હાસતાં તેઓ મહાત્મા ગોપાળદાસના ડાબા હાથના સાંધામાં તલ્વારનો એક એવો તો જોરદાર ઝાટકો લગાવતા ગયા કે, મહાત્માજી લોહીમાં તરબોળ થઈ જમીનપર પછડાઈ પડ્યા. બીજા બે સાધુઓ પણ ઘાયલ થયા. આ અહેવાલ ખરો છે કે ખોટો, તે અમે કહી શકતા નથી. પણ લોકોમાં જે ગપ ચાલી હતી, તેનો સાર આ પ્રમાણેનો હતો.

રાત્રિની સમાપ્તિ થઈ અને અરુણોદયનો આરંભ થયો. આજે નગરમાં વળી બીજા જ પ્રકારનો કોલાહલ વિસ્તરેલો જોવામાં આવતો હતો. સમસ્ત નગર હરિ નામના ધ્વનિવડે ઉભરાઈ—છલકાઈ જતું દેખાતું હતું. ભક્તજનોના ભીષણ નૃત્યથી નગરની ભૂમિ મહા કંપાયમાન થઈ રહી હતી. આજે એક અપૂર્વ બનાવ બનેલો હતો. કલિકાલમાં એવો ચમત્કાર કોઇએ પણ જોયો તો શું પણ સાંભળ્યો પણ નથી. તુલસી વૃક્ષમાંની માટીનો લેપ કરવાની સાથે જ મહાત્મા ગોપાલદાસના જખમ રુઝાઈ ગયા હતા, તેમનું લેશ માત્ર પણ કયાંય ચિન્હ જોવામાં આવતું નહોતું. આજે ગામમાં એ વિષયની જ સર્વત્ર ચર્ચા ચાલી રહી હતી.

સેંકડો માણસો મહાત્માને ઘેરીને ઊભા હતા. એક મનુષ્યે પૂછ્યું કે;–"મહાત્મન્! આપનાં ભાંગીને ભૂકો થયેલાં હાડકાં કેવી રીતે સાજાં થયાં? હું બહુ દૂરથી આવ્યો છું; કૃપા કરીને એનું રહસ્ય મને બતાવશો?"

"એમાં બીજું વિશેષ રહસ્ય કાંઈ પણ નથી કેવળ હરિની ઈચ્છા અને હરિની કૃપાનું જ એ પરિણામ છે. હે ભ્રાતાઓ! એક વાર હાથ ઊંચા કરીને ગગનભેદક ધ્વનિથી હરિ નામનો ઉચ્ચાર કરો. હરિનામથી સંસારનાં સર્વ પાપતાપ દૂર થશે. હું તો એક ક્ષુદ્ર વ્યક્તિ છું. હે રાધાકૃષ્ણ! આ દીન દાસ પર દયા કરો!" મહાત્માએ ભક્તિમય વાણીથી આર્જવતા બતાવીને કહ્યું.

એ જ સમયે એક માણસ હાંફતો ને દોડતો ત્યાં આવી લાગ્યો અને તેણે કહ્યું; 'પ્રભો! હું આપના પદપદ્મનો પ્રસાદ લેવામાટે આવ્યો છું. આપનાં ચરણોની ધૂળને શિરપર ધારણ કરવાથી જ મારા મનુષ્યજન્મની સાર્થકતા થશે. મારા સાંભળવામાં આવ્યું છે કે, ગઈ કાલે રાતે આપ સ્વર્ગવાસી થયા હતા; યમના દૂતો આપને લઈ જવામાટે આવ્યા હતા; પરન્તુ ભગવાનની કૃપાથી વિષ્ણુના દૂતોએ આવીને તેમના પંજામાંથી આપને બચાવી લીધા. આપ મનુષ્ય નથી, પણ દેવ છો."

પ્રત્યુત્તરમાં મહાત્મા બોલ્યા કે;–"હું તો કીટ પતંગ કરતાં પણ અધમ છું–હું તૃણ કરતાં પણ લઘુ છું. મારી કાંઈ પણ મહત્તા નથી!"

એ ક્ષણે જ એક ભકતે આવીને ભકતજનોને કહ્યું કે;–"હે ભાવિક ભકતો! પ્રભુ હવે જપ કરવા બેસવાના છે. એમના એ જપમાં લગભગ એક પ્રહર જેટલો સમય વીતશે, એટલે અત્યારે તો સર્વ પોતપોતાને ઘેર જાઓ. સંધ્યાકાળે કથાશ્રવણમાટે પાછા મંદિરમાં પધારજો."

સર્વ ભકતજનો ચાલતા થયા અને મહાત્મા એકાંતમાં જઇને માળા ફેરવવા લાગ્યા.

પ્રકરણ ૫ મું
પ્રેમમંગલ–અનાથ રોહિણી

કુલેલીની નહેરપરના પુલને ઓળંગી ગયા પછી સામા કિનારાપર ડાબા હાથ તરફ વળી લગભગ ચારસો કદમ ચાલ્યા પછી એક વિશાળ બંગલો જોવામાં આવતો હતો. એ બંગલાનું કમ્પાઉંડ બહુ જ વિશાળ અને ઠેઠ કુલેલીના કિનારા સુધી લંબાયલું હતું. એ બંગલો 'હયદરાબાદ અનાથાશ્રમ'ના નામથી ઓળખાતો હતો. અનાથાશ્રમને બે ભાગમાં વ્હેંચી નાખવામાં આવ્યું હતું. એક ભાગમાં છોકરીઓને રાખવાની અને બીજા ભાગમાં છોકરાઓને રાખવાની વ્યવસ્થા કરેલી હતી. છોકરાઓનો બંગલો ત્યાંથી જરા દૂર હતો, એટલે છોકરા અને છોકરીઓ એક બીજા સાથે ભેળાઈ શકતાં નહોતાં. હયદરાબાદની મહાજનસભા એ અનાથાશ્રમને ચલાવતી હતી અને જો કોઈ ઉદાર ગૃહસ્થ કે સન્નારી ધનની સહાયતા આપે, તો તેનો આનંદથી સ્વીકાર કરવામાં આવતો હતો. છોકરીઓને શિક્ષણ આપવામાટે અને તેમની દેખરેખમાટે સ્ત્રી શિક્ષિકાઓની યોજના કરેલી હતી અને છોકરાઓના વિભાગમાં પુરુષ શિક્ષકો નીમાયલા હતા. એ અનાથાશ્રમમાં ખાનપાન, વસ્ત્રપ્રાવરણ અને રહેવાકરવાની વ્યવસ્થા એવી તો ઉત્તમ હતી કે, હિન્દુસ્તાનમાંનાં બીજાં અનાથાશ્રમો ભાગ્યે જ એની બરાબરી કરી શકે. છોકરાઓને વિદ્યાના અભ્યાસ સાથે તેમની ઇચ્છા પ્રમાણે બીજા ઉદ્યોગોનો અભ્યાસ પણ કરાવવામાં આવતો હતો અને છોકરીઓને સ્ત્રી ઉપયોગી સર્વ પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું હતું. છોકરીઓમાટે એક વિશેષ લાભ એ રાખવામાં આવેલો હતો કે, જે છોકરીઓ વયમાં આવતી હતી, તેમને તેમની ન્યાત જાતમાંથી જ સારો વર શોધીને અનાથાશ્રમના વ્યવસ્થાપકો ખાસ ફંડમાંથી ખર્ચ કરી પરણાવી આપતા હતા. છોકરાઓને તેમના શિક્ષણની સમાપ્તિ થયા પછી યોગ્ય વ્યવસાય શોધી ધંધે લગાડવામાં આવતા હતા.

સંધ્યાનો સમય હતો. સૂર્યનારાયણ અસ્તાચલમાં જવાની તૈયારી કરી રહ્યા હતા. અનાથાશ્રમની બાળિકાઓ બંગલાની પાછળના બગીચાઓમાં રમત કરવાના કાર્યમાં રોકાયલી હતી. પણ માત્ર એક સોળ વર્ષની બાળા નહેરના કિનારાપરના ભાગમાં એક પાષાણશિલાપર બેસીને હાથમાંના એક કાગળને ધ્યાનપૂર્વક વાંચતી હતી. સિંધના રિવાજ પ્રમાણે પગમાં સપાટ, ઇજાર, ઉપર ચોલો અને તેના પર સફેત ચાદર ઇત્યાદિ વસ્ત્રો તેણે પરિધાન કરેલાં હતાં. જો ગુજરાતનો કોઈ સિંધુ દેશથી અપરિચિત પ્રવાસી ત્યાં ગયો હોય અને એ બાળાને જુએ તો અવશ્ય તેને કોઈ મુસલમાન કુમારિકા જ માની લે. પણ તેમ નહોતું. એ બાળા હિન્દુ હતી. એનું નામ રોહિણી હતું. સિન્ધમાં મીરોનું રાજ્ય ઘણાં વર્ષ સુધી રહ્યું હતું. તેથી ત્યાંના હિંદુઓનો પહેરવેષ અને તેમાં પણ ખાસ કરીને હિન્દુ સ્ત્રીઓનો પહેરવેષ, મુસલમાન સ્ત્રીઓના જેવો જ થઈ ગયો છે અને કેટલેક અંશે હિન્દુઓમાં પર્દાનશીની પણ ચાલૂ છે. બાળા રોહિણીનું સર્વાંગ સૌન્દર્યથી પરિપૂર્ણ હતું; છતાં એના સૌન્દર્ય કિંવા લાવણ્યનું સુક્ષ્મતાથી વર્ણન કરવાની અમે આવશ્યકતા જોતા નથી. રોહિણીએ સંભળાય તેવા સ્વરથી પત્ર વાંચ્યું.

"પ્રિયતમા રોહિણી!

આવતી કાલે રવિવાર હોવાથી કૉલેજ બંધ છે; એટલે સવારની ટ્રેનમાં અહીંથી (કરાંચીથી) ઉપડીને હું એક વાગે હયદરાબાદ આવીશ અને સંધ્યા સમયે લગભગ સાડા છ કે સાત વાગે તમને મળવામાટે અનાથાશ્રમમાં આવીશ. આપણે છેલ્લાં જે સ્થળે મળ્યાં હતાં, તે જ સ્થળે બેસીને મારા આવવાની વાટ જોશો.

પ્રેમપિપાસુ મોહનલાલ."

"સાડા છ વાગી ગયા છે, એટલે એમના આવવાનો સમય થઈ ચૂકયો છે. પણ એ આવશે અને મને કુશળસમાચાર પૂછયા પછી વળી પણ મારા હાથની માગણી કરશે જ. મારે તેને શું ઉત્તર આપવું? કાંઈ પણ સૂઝતું નથી–હા પણ એમ કહીશ કે:"–

રોહિણી મનમાં એ પ્રમાણે વિચાર કરતી હતી, એટલામાં તો એક તરૂણ ત્યાં આવી ઉભો અને તેણે પ્રેમથી તે બાળાના ખભાપર જમણો હાથ મૂકયો. બાળા એકાએક કોઇનો હસ્તસ્પર્શ થવાથી ચમકી ગઈ, પણ જ્યારે મોહનલાલને જ તેણે પોતા સમક્ષ ઉભેલો જોયો ત્યારે તેનો ભય હર્ષના સ્વરૂપમાં ફેરવાઈ ગયો અને લજ્જાથી આંખો નીચી કરીને તે ભૂમિ ભણી જોવા લાગી. શિષ્ટસંપ્રદાયને અનુસરી નીચી નજરથી જ આવકાર આપતાં તેણે ધીમા સ્વરથી કહ્યું–"ભલે પધાર્યા; હું તમારી માર્ગપ્રતીક્ષા કરતી જ બેઠી' તી."

"મોટો ઉપકાર થયો. પ્રકૃતિ તો સ્વસ્થ છે ને? હમણાં શો અભ્યાસ ચાલે છે?" મોહનલાલે પૂછ્યું.

"હમણાં અંગ્રેજી ચોથી ચોપડીનો અભ્યાસ ચાલે છે અને સાથે ભરવા ગુંથવાનો તથા રાંધવાના કામનો પણ મેં મારી ખુશીથી અભ્યાસ કરવા માંડ્યો છે." રોહિણીએ શરમાતાં શરમાતાં કહ્યું.

"રોહિણી! હિંદુસ્તાનની સ્ત્રીઓ રાંધવા, ભરવા ગુંથવા, બાળકોને કેળવવા અને ગૃહસંસારને નિપુણતાથી ચલાવવાની કળામાં પ્રવીણ થાય, એ તેમના માટે વધારે

લાભકારક છે. સ્ત્રીઓને વિદ્યાભ્યાસ કરવાની તો આવશ્યકતા છે જ, પણ તેનો અતિરેક ન થવો જોઇએ." **મોહનલાલે** કહ્યું; "તમારા આ નવીન અભ્યાસમાટે હું તમને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું."

"હું એ ધન્યવાદનો અંતઃકરણપૂર્વક સ્વીકાર કરું છું. પણ **મોહનલાલ**! આપ વારંવાર અહીં આવો છો, પણ મારાથી આપનો કશો પણ સત્કાર કરી શકાતો નથી. પાન આગળ ધરીએ તો કહો છો કે, 'હું પાન ખાતો નથી,' બીડી સિગરેટ કે હુક્કાની વાત કાઢીએ તો કહો છો કે 'તંબાકુનું મને વ્યસન નથી.' ચાહ કે કોફી લાવીએ, તો કહો છો કે;–'એ પદાર્થો પ્રકૃતિને બગાડનારા છે.' ત્યારે કહો કે આપના હૃદયને સંતોષવામાટે મારે કઈ વસ્તુ લાવવી?" રોહિણીને પોતાની પ્રશંસા સાંભળવાની અરુચિ હોવાથી તેણે બીજો જ વિષય છેડ્યો.

"મારા માટે તમારા હૃદયમાં જે શુભ વાંચ્છના અને પ્રીતિ છે, તે જ મારા સત્કારમાટે પરિપૂર્ણ છે." **મોહનલાલે** કહ્યું.

"આપના આ જવાબને સાંભળીને એક નવલકથામાં વાંચેલા એક સ્ત્રીના ઉદ્ગારોનું અત્યારે મને સ્મરણ થઈ આવ્યું છે:–

'ન ચસ્કા ચરસકા ન અફિયૂન ખાના;
ન સાગરસે મતલબ ન શીશે લુઢાના;
ન ખુદ આપ જલના ન મુજકો જલાના;
ન ઉન બેસવાઓંકે કોઠેપે જાના;
ન પરવાહ જ઼રકી ન ગમ મુફ઼લસીકા;
ઇલાહિ! મિયાં અયસા હો હર કિસીકા!"

રોહિણીએ આડકતરી રીતે **મોહનલાલના** નિર્વ્યસન સ્વભાવની પ્રશંસા કરી બતાવી.

"પણ આનો અર્થ મારા સમજવામાં ન આવ્યો. કૃપા કરીને એની કોમેન્ટરી–ટીકા–કરો તો મોટી મેહરબાની!" **મોહનલાલે** તેની લજ્જાને છોડવવાના હેતુથી કહ્યું.

"મને ખાત્રી છે કે, આપ આનો અર્થ બરાબર સમજી શકો છો; છતાં આપ મારા મેહમાન છો અને ન સમજવાનો દંભ બતાવો છો તો મારે આપની આજ્ઞાને આધીન થવું જ જોઇએ." એમ કહીને રોહિણીએ તેનો અર્થ સમજાવતાં કહ્યું કે; "એક સ્ત્રી પોતાના નિર્વ્યસન પતિની પ્રશંસા કરતી કહે છે કે, એમને ચરસનો ચસ્કો નથી, એઓ અફીણ ખાતા નથી, પ્યાલા સાથે એમનો સંબંધ નથી અને દારૂની બાટલી તો એઓ ગટગટાવતા નથી. મને બાળતા નથી અને પોતે બળતા નથી; કારણ કે, વેશ્યાને ઘેર તેઓ કદાપિ જતા જ નથી. એમને પૈસાની પરવા નથી અને નિર્ધનતાનો અફસોસ નથી. હે પરમેશ્વર! તું સર્વ સ્ત્રીઓને એવા જ ગુણવાન્ પતિ આપજે! આ અર્થ છે, હવે તો સમજ્યાને?"

"ત્યારે તો તમે પણ કુમારિકા હોવાથી ઈશ્વર પાસેથી એવો જ પતિ માગતાં હશો?" **મોહનલાલે** રોહિણીને વધારે લજ્જામાં નાખી દેનારો સવાલ પૂછ્યો.

"સર્વ સુશીલ કુમારિકાઓની એવી ઇચ્છા હોય એ સ્વાભાવિક છે; પરન્તુ તે ઇચ્છા સફળ થાય છે જ, એવો કાંઈ નિયમ નથી. ઘણીક બાળાઓ દુર્ભાગ્યયોગે વિરુદ્ધ સ્વભાવના સ્વામીને વરે છે અને તેથી તેમના નારીઅવતારની ધૂળધાણી થઈ જાય છે. જો પૂર્ણ સદ્ભાગ્ય હોય તો જ સ્ત્રીને આવો સ્વામી મળી શકે છે." રોહિણીએ લજ્જાના પટને દૂર ખસેડીને વીરનારી સમાન જવાબ આપ્યો.

"મારા ચારિત્ર્ય વિશે આપનો શો અભિપ્રાય છે?" મોહનલાલે વિચિત્ર પ્રશ્ન કર્યો.

"આપ શરીરની સુંદરતા અને આંતરિક સદ્ગુણ ઉભયથી વિભૂષિત છો, એટલે આપના ચારિત્ર્ય વિશે બે અભિપ્રાય હોઈ શકે જ નહિ. જે સ્ત્રી આપને પોતાના પતિના નામથી બોલાવવાનું માન મેળવશે, તેનો અવતાર સફળ થશે" રોહિણીએ પોતાના હૃદયનો સત્ય ભાવ પ્રદર્શિત કર્યો.

હવે વાત રસ ઉપર આવી. સંકોચ પામતાં, પણ ખરા મનથી મોહને પૂછ્યું: "મને પોતાના સ્વામીના સંબોધનથી બોલાવવાનું માન તમને જ મળે તો?"

"તેમ બનવું અશકય છે. કારણ કે, જ્યારે આપ મારો વૃત્તાંત સાંભળશો, ત્યારે અવશ્ય આપને માઠું લાગશે અને કદાચિત્ આપનો મારાપરનો પ્રેમ પણ ઓછો–"

રોહિણી આગળ બોલવા જતી હતી, પણ તેને વચ્ચે જ અટકાવીને મોહનલાલ આવેશથી બોલી ઉઠયો;–"ઓછો થશે? રોહિણી! આજે તમે આ શું બોલો છો? મારો પ્રેમ ઓછો થશે? જો તમારી એવી જ ધારણા હોય, તો હું ખાત્રીથી કહું છું કે, તમે અદ્યાપિ મારા પ્રેમની પરીક્ષા કરી જ નથી શકયાં!"

"આપના સમજવામાં ભૂલ અને ઉતાવળ થાય છે. મારું બોલવું એ અર્થમાં નથી; પરંતુ એ અર્થમાં છે કે, હું ગરીબ છું, નિરાશ્રિત છું, અનાથ બાળા છું; વળી મારાં માતા પિતા કોણ હતાં અને કોણ નહિ, એ પણ હું જાણતી નથી. એટલે મારા જેવી એક અનાથ અને પોતાના કુળ તથા શીલને ન જાણનારી કુમારિકામાં પ્રેમ રાખવો એ–"

પુનઃ મોહનલાલે તેને વચ્ચે જ બોલતી અટકાવીને આવેશપૂર્વક કહ્યું:–"બસ, બસ કરો, રોહિણી! હું આ અસ્તંગત થતા સહસ્રરશ્મિ ભગવાન્ સૂર્યનારાયણ જેવા સર્વસાક્ષી સમક્ષ પ્રતિજ્ઞા કરીને કહું છું કે, લગ્ન કરીશ તો તમારી સાથે જ, નહિ તો આ જન્મ કુંવારો જ રહીશ! તમારા માતાપિતાથી તમે અજ્ઞાત છો, એની કાંઈ પણ ચિન્તા નથી. તમારા આશ્રમના લેડી સુપરીન્ટેન્ડેન્ટ પાસેથી એ તો મેં જાણી લીધું છે કે, તમે આમિલ જાતિનાં સ્ત્રીરત્ન છો અને એટલાથી જ મને સંતોષ છે."

"આપના વચનમાં મારો પૂર્ણ વિશ્વાસ છે. પણ જુઓને–આ શંકાશીલ મન... ..." એમ કહીને રોહિણી પુનઃ લજ્જિત થઈને નીચું મુખ કરી ઊભી રહી.

"તમારું શંકાશીલ મન તમારા વિચારોને કઈ શંકાની બાધા કરે છે, તે જો મારા વચનમાં તમારો વિશ્વાસ હોય તો સંકોચ ન રાખતાં કહી નાખો." મોહનલાલે કહ્યું.

"શંકા એ જ થાય છે કે, આપ કુલીન છો અને સુશિક્ષિત તથા સુંદર અને સદ્ગુણી છો, એટલે આપણી જ્ઞાતિના રિવાજ પ્રમાણે નાણાંની મોટી રકમો આપીને

ઘણાક ધનવાનો પોતાની પુત્રીનો આપ સાથે વિવાહ કરવા ટાંપીને બેઠા હશે. આપણી ન્યાતમાં કન્યાનાં માતાપિતા કે પ્રતિપાલકો તરફથી વરને નાણાંની સારી રકમ આપવામાં આવે તો જ કન્યા પતિનું સુખ જોઈ શકે છે. જેના કુલશીલની કોઇને કાંઈ ખબર નથી અને જેના તરફથી હુંડો મળવાની આશા નથી, એવી મારા જેવી અનાથ કન્યાસાથે લગ્ન કરવાની આપનાં માતાપિતા અને સગાં સંબંધીઓ સંમતિ આપશે? તેઓ ચોખ્ખી ના જ પાડશે. મારા માટે આપના કુટુંબમાં ક્લેશ થાય, તે જોવાને હું ખુશ નથી. મારા ભાગ્યમાં જે લખાયલું હશે તે થશે. આપ સુખી રહો અને સંસારમાં કીર્તિમાન્ થતાં દીર્ઘ આયુષ્યમાન્ થાઓ, એ જ મારી ભાવના છે. આપને સુખી જોઇને હું પણ મને પોતાને સુખી માનીશ. હૃદયથી હું આપને વરી ચૂકી છું, છતાં બહાર તો કુમારિકાવસ્થામાં જ હું મારો જન્મ વીતાડીશ અને જે સ્ત્રી આપને પરણીને આપના ગૃહને શોભાવશે, તેને હું એમ જ કહીશ કે–

"મેરી સૌતન નહીં હય તૂ ન વજહે એકરારી હય;
તુઝે ચાહુંગી દૂના તૂ મેરે પ્યારેકી પ્યારી હય!"

રોહિણીએ મલિન મુખથી પોતાના આંતરિક ભાવોનું વાણીદ્વારા દર્શન કરાવ્યું.

"રોહિણી! તમારી એ શંકા સત્ય છે. જેમ હિન્દુસ્તાનની કેટલીક નિર્ધન અને ગરીબ ન્યાતોમાં કન્યાવિક્રયનો વ્યાપાર ધૂમધડાકે ચાલે છે, તેમ માત્ર આપણી જ્ઞાતિમાં જ નહિ, પણ હિન્દુસ્તાનની બહુધા સુધરેલી અને સુશિક્ષિત સર્વ જ્ઞાતિઓમાં વરવિક્રયનો વ્યવસાય પણ તેવા જ જોરથી ચાલતો જોવામાં આવે છે. બંગાળા અને મધ્ય પ્રાન્તના બ્રાહ્મણ તથા કાયસ્થની જ્ઞાતિમાં, પંજાબના કુલીન ક્ષત્રિયોમાં, પૂનાના બ્રાહ્મણોમાં, મુંબઇની પારસી તથા પ્રભુ જ્ઞાતિમાં અને આપણા સિંધના આમિલોમાં વરરાજાઓનું જાહેર લીલામથી વેચાણ કરવાનો ધંધો એક સરખી રીતે ચાલૂ છે! અરે–દુર્ભાગી હિન્દુસ્તાનીઓની વાત તો દૂર રહી, પણ વિલાયતના સભ્ય અને ઉચ્ચ કુળના લોકોમાં પણ એના જેવો જ 'ડાવરી–Dowery–નો ચેપી રોગ ચાલૂ છે. વિલાયતમાં પણ ઉચ્ચ કુળના વરરાજાઓ એવી જ રીતે જાહેર લીલામથી વેચાય છે. જેવી રીતે કન્યાવિક્રય કરનારી જ્ઞાતિની કન્યાનો અવતાર બગડી જાય છે; તેવી રીતે આપણા જેવા રિવાજવાળી જાતિઓમાં ઘણીકવાર વર થનારા પુરુષનો અવતાર બગડી જાય છે. એ ઉપરાંત જે બીજી ભયંકર હાનિ થાય છે, તે ગરીબ માણસોની છોકરીઓ તેમનાં માતાપિતા પાસે વરને આપવા જેટલાં નાણાં ન હોવાથી બહુ ભાગે કુંવારી જ બેસી રહે છે અથવા તો જેને કોઈ દીકરી ન આપતું હોય તેવા કોઈ લુચ્ચાને પાલે પડીને જન્મારાનું દુઃખ વહોરી લે છે. આખા હિન્દુસ્તાનમાં સુધારામાં પહેલે નંબરે ગણાતી પારસી કોમમાં આજે એવી અનેક અબળાઓ પાંત્રીસ પાંત્રીસ અને ચાળીસ ચાળીસ વર્ષની અવસ્થા થયા છતાં કુમારિકા જ રહેલી જોવામાં આવે છે.

હું જયારે મુંબઇની વિલ્સન કૉલેજમાં પ્રીવિયસનો અભ્યાસ કરતો હતો, તે વેળાએ ત્યાં થયેલા પારસીઓના સમાગમથી જ, તેમની જાતિના સડાની આ બધી વાતો મારા જાણવામાં આવી હતી. કેટલીક પારસી કુમારિકાઓને પોતાની હાલતમાટે આંસુ વર્ષાવતી મેં નજરેનજર જોયેલી છે. આપણી ન્યાતમાં પણ ગરીબ છોકરીઓની એ જ

અવસ્થા છે અને એ સ્થિતિ જ્યાં સુધી ચાલૂ રહેશે ત્યાં સુધી આપણી અને આપણા જેવા જ રિવાજ ધરાવનારી ન્યાતો અથવા કોમોમાં નૈતિક ઉન્નતિની આશા રાખી શકાય તેમ છે જ નહિ. એ આંધળા રિવાજને આધીન થનારો હું નથી. હું તમારા જેવી એક અનાથ પરન્તુ સુશીલ સ્ત્રીને મારી ગૃહલક્ષ્મી બનાવીને એમ દેખાડવા માગું છું કે, જો સ્ત્રી અને પુરુષે સંસારજીવનને સુખમય બનાવવું હોય તો આવાં પ્રીતિલગ્ન જ કરવાં જોઇએ."

"મોહનલાલ! આજ સુધી હું આપને મનુષ્ય માનતી હતી, પણ આજથી મારો એવો નિશ્ચય થયો છે કે, આપ દેવ છો!" રોહિણીએ કહ્યું.

"ત્યારે હવે તમે મારી સાથે લગ્ન કરવાને તૈયાર છો કે નહિ? જો તમારા મનમાં મારા વિશે કાંઈ શંકા ન હોય, તો વચન આપો." મોહનલાલે વચન માગ્યું.

"મારો કાંઈ પણ વાંધો નથી અને મારા મનમાં કાંઈ શંકા પણ નથી. પરન્તુ મારા પ્રતિપાલકનો વાંધો છે!" રોહિણી બોલી.

"તમારા પ્રતિપાલકનો વાંધો? તમારો પ્રતિપાલક કોણ છે?" મોહનલાલે આશ્ચર્યચકિત થઇને પૂછયું.

થોડીવાર રોહિણી અબોલી રહી ત્યાર પછી તે પોતાના મન સાથે સર્વ વાત એકઠી કરી કહેવા લાગી;–"જે ભેદ જણાવવાનો પ્રસંગ આજ સુધી ન હોતો આવ્યો, તે ભેદ આજે પ્રસંગ આવતાં આપને જણાવવો પડે છે. સાંભળો."

એમ કહીને તે અનાથ બાળા રોહિણીએ પોતાના ભેદની કથા આ પ્રમાણે કહેવા માંડી;–

"જે વેળાએ મને આ અનાથાશ્રમમાં લાવીને રાખવામાં આવી, તે વેળાએ મારી અવસ્થા ઘણી જ ન્હાની હતી. બહુ બહુ તો તે સમયે મારું વય પાંચ વર્ષનું હશે. થોડા દિવસ પહેલાં મારી બાલ્ય સખી સિંજાુલ, પોતાના પાળકસાથે જવામાટે આ આશ્રમનો ત્યાગ કરી ગઈ. તે વખતે મારા મનમાં બહુ જ લાગી આવ્યું અને મને પણ જો મારા પ્રતિપાલકો ઘેર લઈ જાય તો કેવું સારું, એવા વિચારો મારા મનમાં આવવા લાગ્યા. મેં મારા પ્રતિપાલક વિશે લેડી સુપરીન્ટેન્ડેન્ટને કેટલાક સવાલો પૂછ્યા અને તે સવાલોના મને જે જવાબો મળ્યા, તેમનો જ હું આપ સમક્ષ પુનરુચ્ચાર કરી જાઉં છું; કારણ કે, મને પોતાને બીજી કાંઈ પણ સ્મૃતિ નથી. મને જે જવાબો મળ્યા, તેમનો સારાંશ આ પ્રમાણે છે–

'રોહિણી! સાંભળ. હવે તું કાંઈ ન્હાની નથી. એટલે હું જે કાંઈ કહું છું તે ધ્યાનપૂર્વક સાંભળીને સ્મરણમાં રાખ. આ વાત મારે તને ચાર દિવસ પછી પણ સંભળાવવાની તો હતી જ; એટલે આજે જ પ્રસંગ નીકળ્યો, એ એક રીતે સારું જ થયું. તને આ આશ્રમમાં આવ્યાને આજે બારમું વર્ષ ચાલે છે. અમારા અનાથાશ્રમમાં પ્રથમ આવનારી બાળા તું જ છે. આ આશ્રમની ઈ. સ. ૧૮– ના જાન્યુઆરી માસમાં સ્થાપના કરવામાં આવી હતી. તે સમયે તારું વય પાંચ વર્ષ કરતાં વધારે તો નહોતું જ. આશ્રમની ચોપડીમાં ટાંચણ કરી લેવામાટે તારો જન્મ દિવસ તો મળી શક્યો નહોતો, પરંતુ તને અહીં લાવનારી બાઇના કહેવાપરથી તને અત્યારે સત્તરમું વર્ષ ચાલે

છે. જે બાઈ તને અહીં લાવી હતી, તે એક મોહોરબંદ કરેલી ન્હાની પેટી અને એક સીલ કરેલો કાગળ અમને આપી ગઈ છે. તે પત્ર તા૦ ૫ મી ઓક્ટોબર ૧૯૦-ને દિવસે તને આપવાની તે બાઇની અમો આશ્રમના વ્યવસ્થાપકોને આજ્ઞા મળેલી છે. રોહિણી! હમણાં ઓગસ્ટ માસ ચાલે છે, એટલે એ પત્ર તારા હાથમાં આવવાને હજી લગભગ બે માસનો અવધિ છે. હા—પણ તે બાઇએ એટલી વધારે તાકીદ કરેલી હતી કે, ૧૯૦– ના ઓક્ટોબર માસની ૫ મી તારીખે એ પત્ર રોહિણીને આપવું તો ખરું, પણ ત્યાર પછી પાંચ દિવસ સુધી તેણે તે પત્ર ખોલીને વાંચવું નહિ. કારણ કે, પાંચ દિવસમાં રોહિણીના પાલકોમાંથી કોઈ પણ આવીને તેને લઈ જાય એવો સંભવ છે. જો એ પાંચ દિવસના અવધિમાં કોઈ પણ ન આવે તો તા૦ ૧૧ મીને દિવસે તે પત્ર ફોડીને રોહિણીએ બેલાશક વાંચવું અને તેને યોગ્ય લાગે તે પ્રમાણે વર્તવું.' મારા ભાગ્યનો ભેદ આ પ્રમાણેનો છે."

"તે મોહોરબંદ પેટી તમે જોયેલી છે?" મોહનલાલે પૂછ્યું.

"હા—તે પેટી સાધારણ કદની છે, પણ તેમાં ભાર વધારે છે. ગતવર્ષમાં આશ્રમમાં મરામતનું કામ ચાલતું હતું, તે સમયે એ પેટીને એક ઠેકાણેથી ઉપાડીને બીજે ઠેકાણે રાખવામાટે ત્રણ ચાર માણસો રોકવા પડ્યા હતા." રોહિણીએ ઉત્તર આપ્યું.

રોહિણીનો એ વૃત્તાંત સાંભળીને મોહનલાલ કેટલીકવાર સુધી ગંભીર અને ગહન વિચારમાં નિમગ્ન થઈ ગયો. પોતાનો વૃત્તાંત સાંભળીને મોહનલાલના મનને ઉદ્વિગ્ન થયેલું જોઈ, રોહિણી વિષયાન્તર કરી તેના મનનું રંજન કરવાના ઉદ્દેશથી કહેવા લાગી;—"ત્યારે આપ પાછા ક્યાંથી ક્યારે જવાના છો?"

"સાડા દશની ટ્રેનમાં." મોહનલાલે કહ્યું.

"પણ આપના મુખમંડળમાં આટલીવારમાં આટલી બધી ગંભીરતાની છાયા કેમ આવી ગઈ?" રોહિણીએ અનુકંપાથી પૂછ્યું.

"તમારો વૃત્તાંત સાંભળીને મારા વિચારો કાંઇક બદલાયા છે અને હું એક બીજા જ નિર્ણયપર આવ્યો છું તેથી." મોહનલાલ બોલ્યો.

"તે નિર્ણય શો?" રોહિણીએ આતુરતાથી પૂછ્યું.

"એ જ કે, તે પત્ર તમારા તાબામાં આવ્યા પછી પાંચ દિવસના અવધિમાં તમને મળેલા સંદેશા પ્રમાણે તમારે કોઈ પણ પાલકના આવવાની વાટ જોવી. એ અવધિમાં જો કોઈ નહિ આવે, તો પછી હું તમને લઈ જઇશ. હું તમારો પાલક—તમારો જન્મારાના સુખ દુઃખનો સાથી થાઉં, એવી તમારી અંતઃકરણપૂર્વક ઇચ્છા છે કે નહિ?"

"વારંવાર આ પ્રશ્ન શામાટે પૂછો છો? આપના જેવા એક મહાપુરુષ મારા સૌભાગ્યના હેતુ થાય, એ મારું અહોભાગ્ય જ કહેવાય. હું એકવાર કહી ચૂકી છું અને ફરી પણ કહું છું કે—

'તમે છો દેવ મારા ને તમારી હું પુજારી;
તન્ મન ધન થકી વ્હાલા! તમારી છું—તમારી છું!'

"પણ આપના પિતા આપણા લગ્નમાટે સંમતિ આપશે?" રોહિણીએ સંતોષકારક ઉત્તર આપવા સાથે એક સંશય દર્શાવ્યો.

"રોહિણી! તમારી જો મારી સાથે પરણવાની ઇચ્છા હશે, તો મારી ખાત્રી છે કે, પિતાજી મારા સુખના માર્ગમાંના કંટક કદાપિ નહિ થાય. આ વિશે હું તમારી લેડી સુપરીન્ટેન્ડેન્ટને પૂછું કે?" મોહનલાલે આશ્વાસન આપીને કહ્યું.

"શું પૂછશો?"

"એ જ કે, જો તે પાંચ દિવસમાં રોહિણીને લઈ જવામાટે તેનો કોઈ પાલક ન આવે, તો હું પોતે જ પાલક થઇને તેને અહીંથી લઈ જવાની ગોઠવણ કરીશ." મોહનલાલે જવાબ આપ્યો.

"ભલે-એમાટે મારી અનુમતિ છે."

મોહનલાલે ખીસામાંથી ઘડિયાળ કાઢીને જોયું તો આઠ વાગ્યા હતા. એ જ સમયે અનાથાશ્રમમાં સર્વને વાંચવામાટે લાયબ્રેરીમાં બોલાવવાનો ઘંટાનાદ થયો. તેણે કહ્યું;-"રોહિણી! સમય ઘણો થઈ ગયો; હું જવાની રજા માગું છું."

રોહિણીએ પ્રેમપૂર્ણ દૃષ્ટિથી તેની તરફ જોયું અને પોતાનાં નેત્રોના સંકેતથી તેને જવામાટેની આજ્ઞા આપી. ત્યાર પછી તે પોતે લાયબ્રેરી તરફ જવાને ઉતાવળાં પગલાં ભરતી ચાલી ગઈ.

રોહિણી લાયબ્રેરીમાં ગઈ અને વાંચવા બેઠી; પણ આશ્રમની વ્યવસ્થાપક બાઈ મોહનલાલની માગણી માન્ય રાખશે કે કેમ, મોહનલાલના પિતા લગ્નમાટે અનુમોદન આપશે કે કેમ, ઇત્યાદિ પ્રશ્નોના વિચારમાં તેનું મન પરોવાઈ ગયું. વાંચનમાં તેનું મન સંલગ્ન થયું નહિ.

પ્રકરણ ૬ ઠું

મહાત્માની સાળી!

મધ્યાન્હનો સમય હતો. મહાત્મા ગોપાળદાસ પોતાના ખાનગી ઓરડામાંના મૃદુ આસન ઉપર વિરાજમાન હતા. છતમાં એક રેતીની કોથળીવાળો પંખો લટકાવેલો હતો ને તેમાં બાંધેલી દોરીદ્વારા બહારના એક છોકરાના હાથે તે ખેંચાતો હોવાથી મંદ શીતલ હવા મહાત્માના શરીરને સ્પર્શ કરી તેમાંના તાપનું નિવારણ કરતી હતી. બારીઓ અને દરવાજામાં વાળાના પડદા ટાંગેલા હતા અને તેપર અખંડ જલસિંચન થયા કરતું હતું. સર્વ સાધનોની સંપન્નતા હોવાથી મહાત્મા ગ્રીષ્મકાળમાં પણ શરદૃઋતુનો આસ્વાદ લઈ શકતા હતા. મહાત્મા પાસે બીજા ચાર માણસો બેઠેલા હતા. એ ચારેનો દેખાવ એવો તો વિચિત્ર હતો કે, એમને જોતાંની સાથે જ એ કોઈ પૂરા ભામટા અને ઉઠાઉગીર હોવા જોઈએ, એવું અનુમાન કરી શકાતું હતું. મહાત્માએ તેમને કહ્યું;-"વાહ! ભાઈ! વાહ! પરમ દિવસ રાત્રે ખાતર પાડવાનો દેખાવ તો એવો કર્યો કે, મારા મુખમાંથી પણ ચારુદત્ત જેવી શર્વિલકની પ્રશંસા કરી હતી, તેવી જ પ્રશંસા તમારા સંબંધમાં નીકળી ગઈ! અને વળી અજાયબી તો એ કે, પાછા ભીડમાં ભેળાઇને બુમરા કરવામાં પણ તમે શામિલ થઈ ગયા?"

"એ તો અમારા બાપદાદાનો હુન્નર છે. એવી કળા ન આવડતી હોય, તો પરદેશમાં પેટ ભરી શકાય ખરું કે?" એકે ડફાંસ મારી.

"પણ મહાત્માજી! તલવારને તે દિવસે નજરે પણ ન જોવા છતાં તલ્વારના જખમનો ઢોંગ કરવામાં આપની કુશળતા પણ કાંઇ જેવી તેવી તો ન હોતી જ. અમે તો આપના ઢોંગ અને અભિનયને જોઇને દંગ જ થઈ ગયા!" બીજા ભામટાએ મહારાજની વાહવાહ કરી.

"મહાત્માજી! આવાં કામો હોય, તે અમને જ બતાવવાં. આવાં કાર્યોમાં અમારા જેવા કુશળ કારીગર આપને બીજા મળવાના નથી." ત્રીજાએ પોતાની મહત્તા દર્શાવી.

"અને વાયદા પ્રમાણે પૈસા ગણી આપનાર વચનના સાચા અને ઉદાર ગ્રાહક અમને પણ બીજા આપના જેવા મળવાના નથી. મહાત્મા તે મહાત્મા જ!" ચોથાએ સ્વાર્થની વાત કાઢી.

મહાત્માએ તરત પોતાની ગાદી તળેથી રોકડા એકસોને એક રૂપીઆની રકમ કાઢી આપી. તે રૂપીઆ સરખે ભાગે વ્હેંચી લઇને ભામટાઓએ મહાત્માનો ઉપકાર માન્યો.

ભામટાઓ જવાની તૈયારીમાં હતા, એટલામાં એક ચેલાએ આવીને ખબર આપી:—"ગુરુ મહારાજ! દીવાન આલમચંદ આવીને આંગણામાં બેઠા છે અને આપના દર્શનની ઇચ્છા ધરાવે છે."

"તમે જાઓ," મહાત્માએ ભામટાઓને કહ્યું; અને પછી શિષ્યને આજ્ઞા કરી:— "દીવાનજીને બાજૂના ઓરડામાંથી અહીં લાવ, કે જેથી આ લોકો તેની નજરે ન પડે."

શિષ્ય ઉતાવળથી બહાર જઇને મહાત્માને મેળવવામાટે આલમચંદને બીજા ઓરડામાં લઈ ગયો. ભામટાઓ બહાર નીકળી ગયા. વચલા દરવાજામાંથી આલમચંદ મહાત્માના ઓરડામાં આવ્યો અને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને બેઠો. પછી તે કૃતજ્ઞતા દર્શાવતો કહેવા લાગ્યો:—"મહાત્મા! ગઈ કાલે પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી મારાથી આવી ન શકાયું, તે મારા અપરાધની ક્ષમા કરશો. પરમ દિવસે રાતે જો આપ અમારી વ્હારે ન આવ્યા હોત, તો મારા ધન અને પ્રાણ ઉભયના નાશનો સમય આવી લાગ્યો હતો."

"આવાં વચનો કૃપા કરીને પુનઃ ન ઉચ્ચારશો. મેં તો મારા કુંજવિહારી શ્રીકૃષ્ણ ભગવાનની આજ્ઞાથી માત્ર મારા કર્તવ્યનું જ પાલન કર્યું છે. વહાર કરનાર તો તે ઘટઘટવ્યાપક શ્રીહરિ જ છે." મહાત્માએ નિરભિમાનીપણું અને નિરહંતા દર્શાવી.

"આપે ચોરોના પંજામાંથી મને બચાવ્યો અને ઘરની આબરૂ રાખી, તેવી જ રીતે મારી સંપત્તિને પોતાના રક્ષણમાં લઈને એ ચિન્તાથી પણ કૃપા કરીને મને મુક્ત કરો. એ સંપત્તિના કારણથી જ પરમ દિવસે મારા ઘરમાં ખાતર પડ્યું હતું. હવે કાશી જવામાટે હું આતુર થઈ ગયો છું." આલમચંદે વિનીત ભાવથી કહ્યું.

"દીવાન! મારા સમક્ષ ધનનું નામ ન ઉચ્ચારો. ધનને મરણપર્યન્ત સ્પર્શ ન કરવાની મેં દૃઢ પ્રતિજ્ઞા કરેલી છે, એ હું આપને અનેકવાર કહી ચૂક્યો છું; કારણ કે, આ સંસારમાં અર્થ જ સર્વ અનર્થોનું મૂળ છે. હે રાધારમણ હરિ! તમે ક્યાં છો?" મહાત્માએ પાછો પણ સો તારી રામ દુહાઇ ને એક મારું ઉંહુંનો હિસાબ ચલાવ્યો.

"ત્યારે પૂજ્ય મહાપુરુષ! મારે હવે કયો માર્ગ લેવો?" આલમચંદે કાંઇક નિરાશાનો ભાવ બતાવીને પૂછ્યું.

"જુઓ—મહાશય! લક્ષ્મીનું નામ સાંભળતાં જ મારી કાયામાં કંપનો કેટલો બધો આવિર્ભાવ થાય છે! જ્યાં નામશ્રવણથી જ આમ થાય છે, ત્યાં લક્ષ્મીના સ્પર્શથી કેવો વિકાર થતો હશે, એની તમે પોતે જ કલ્પના કરી લો. હે શ્રી ગોપિકાવલ્લભ! મને હવે જલદી બોલાવી લ્યો!" મહાત્માએ નિઃસ્પૃહતાની સીમાનું ઉલ્લંઘન કર્યું.

"મહારાજ! ત્યારે આપ તો કાંઈ પણ કૃપા નહિ જ કરી શકો કે?" આલમચંદે નિરાશાથી છેવટનો સવાલ પૂછ્યો.

જાણે કોઈ અગાધ મહાસાગરમાં ડૂબી ગયો હોય, તેમ ગોપાળદાસ દંભનો દ્વિતીય દેવ બની પાંચ પંદર મિનિટ બેસી રહ્યો. પછી એકદમ, "રાધાવલ્લભ! રાધાવલ્લભ!" બૂમ મારી ટટાર થઈ બોલ્યો:

"સાંભળ આલમ! આલમનું રક્ષણ કરનાર રાધામતિએ તારા માટે એક ઉપાય સૂઝાડ્યો! હું તેમ જ મારી અર્ધાંગના બેમાંથી કોઈ પણ તારી સંપત્તિને હસ્તસ્પર્શ કરવાનાં નથી, એ તો જાણે નિશ્ચત જ છે. મારી એક વિધવા સાળી છે. તે જેવી મહા અદ્વિતીય બુદ્ધિમતી છે, તેવી જ ગુણવતી અને સતી સાધ્વી પણ છે. મારા ધનભંડારની ચાવી મેં તેના હાથમાં જ સોંપેલી છે. હે દયામય રાધાશ્યામ! કાંઇક દયા કરો!" મહાત્મા ગોપાળદાસે નિઃસ્પૃહતાની સીમામાં કાંઇક ન્યૂનતા કરવા માંડી.

"ત્યારે તો મારી સંપત્તિની વ્યવસ્થા તે સાધ્વી સારી રીતે કરી શકશે."

"હું પણ એ જ વિચારમાં અટવાયા કરું છું. મેં મારી સાળીને વૈષ્ણવી બનાવી દીધી છે. ચાલો—ત્યારે આપ તો તેના પિતા સમાન છો, એટલે તેને અહીં બોલાવી વામાં વાંધો નથી," એમ કહીને મહાત્માએ 'લલિતા દેવી' કરીને બૂમ મારી.

બોલાવતાંની સાથે જ મહાત્માની સાળી ત્યાં આવીને ઉભી રહી. તે એક અત્યંત રૂપવતી યુવતી હતી. તે સર્વાંગસુંદર સુંદરીની અવસ્થા ત્રેવીસ ચોવીસ વર્ષ કરતાં અધિક નહોતી જ. વિધવા હોવાથી એક એક સોનાની બંગડી વિના બીજા અલંકારો તેના શરીર ઉપર જોવામાં આવતા નહોતા. વસ્ત્ર પણ સાદાં જ: સફેદ ચોળી અને સફેદ સુતરાઉ સાડી. બંગાળામાં વિધવાઓ કેશવપન કરાવે છે, પણ આનો કેશકલાપ કાયમ હતો. એના શરીરના ઘાટ અને આકારને જોતાં એ બંગાળી સ્ત્રી હોય, એમ દેખાતું ન હોતું. તે આવી ત્યારે તો ઘુંઘટો તાણીને આવી, પણ પછીથી ઘુંઘટનો પટ ખોલી નાખીને મૃદુમંદ હાસ્ય કરી કોકિલા સમાન સ્વરથી મહાત્માને પૂછવા લાગી;—"મહારાજ! આ દાસીને કેમ બોલાવી?"

આલમચંદે કહ્યું કે;—"પુત્રી! હું તારા પિતા સમાન છું, એટલા માટે દીકરી! જો તું મારા ઉપર કૃપા કરે, તો"—

"દીવાનજી! જરા શાંત થાઓ. એ આપ ઉપર અવશ્ય કૃપા કરશે. મહા પરોપકારિણી છે." મહાત્માએ આલમચંદને વચ્ચે જ બોલતો અટકાવીને પોતે બોલવાનો વ્યવસાય ચલાવ્યો. "મને તો લાગે છે કે, આ કોઈ દેવકન્યા છે અને તેણે શાપભ્રષ્ટ થઇને પરોપકાર કરવામાટે જ આ મૃત્યુલોકમાં અવતાર લીધો છે. એ

લક્ષ્મીસ્વરૂપિણી દયાના મુખ્ય આધારરૂપ છે. મેં એના ગુણોની પરીક્ષા કરીને એને દયામયી શ્રીમતી લલિતાદેવી એવું નામ આપેલું છે."

"મહારાજ! આપ તો સાક્ષાત્ વિષ્ણુના અવતાર છો, એટલે આપ સમક્ષ મારી મહત્તા કાંઈ પણ નથી. આમ મારી પ્રશંસા કરીને મને શર્માવો છો શામાટે ?" લલિતાદેવીએ કહ્યું.

"જુઓ-લલિતાદેવી ! એ તો તમે જાણો જ છો કે, હું બીજાના ધનને હસ્ત-સ્પર્શ કરતો નથી, એટલે મને ધનના દર્શનની આકાંક્ષા પણ ન હોય, એ સ્વાભાવિક જ છે. એટલા માટે અત્યારે મારી એક આજ્ઞા તમારે માનવી પડશે." મહાત્માએ પ્રસ્તાવ કર્યો.

"આપની આજ્ઞા આ કિંકરીને સદૈવ શિરોધાર્ય છે." લલિતાદેવીએ અનુમતિ દેખાડી; "શી આજ્ઞા છે ?"

"જુઓ, આ ભક્તિશિરોમણિ દીવાન આલમચંદ અપુત્ર હોવાથી પત્ની સહિત કાશીનિવાસ કરવા જવાના છે. દીવાનજી ધનાઢ્ય ગૃહસ્થ છે. આજકાલ સંસારમાં વિશ્વાસપાત્ર મનુષ્યો બહુ થોડા હોવાથી અને મારામાં એમનો વિશ્વાસ તથા પૂજ્યભાવ હોવાથી પોતાની બધી સંપત્તિ મને સોંપી જવા માગે છે. હું ધર્મસંકટમાં આવી પડ્યો છું. નથી રાખતો તો આ હરિજન નિરાશ થાય છે અને રાખવાથી પરધનને સ્પર્શ ન કરવામાટેની મારી ભીષ્મપ્રતિજ્ઞાનો ભંગ થઈ જાય છે. જો તમે દયા કરીને એની સંપત્તિ-રોકડ નાણું અને ઘરેણાં-વગેરે તીજોરીમાં રાખી લ્યો અને એ જે વખતે જેટલી રકમ મંગાવે તેટલી રકમ મોકલવાની કબૂલાત આપો, તો એઓ ચિન્તામુક્ત થાય અને તમને આશીર્વાદ આપી સુખેથી કાશીનિવાસ કરી શકે."

"મહારાજ! હું અબળા છું એટલે મારાથી એમની સંપત્તિને જાળવવાની જવાબદારી કેમ લઈ શકાય ? વળી આજ કાલ રાત દિવસ ચોર અને લુટારાઓનો ભય માથાપર ગાજી રહ્યો છે, એટલે કદાચિત્ નાણાંની કાંઈ વિપરીત ગતિ થાય તો દોષ બધો મારા અથવા તો આપના શિરપર આવે અને ઈશ્વરને ત્યાં પણ આપણે અપરાધી ઠરીએ !" લલિતાદેવીએ શંકા બતાવીને આનાકાની કરી.

"તમારી એ શંકા સત્ય અને માન્ય કરવા જેવી છે, પરન્તુ એ શંકાનું નિવારણ થઈ જાય અને તમારા મનના ભયનું કારણ ન રહે, એવી વ્યવસ્થા હું કરી આપીશ. અત્યારે તો મારે તમને શત અનુરોધ છે, સહસ્ર અનુરોધ છે કે, મારી આજ્ઞા અનુસાર આ કાર્ય તમારે કરવું જ પડશે. જો એમ નહિ કરો, તો તમારા 'દયામયી' નામમાં કલંક લાગશે. પછી તમે જાણો." મહાત્માએ પુનઃ આગ્રહ કરીને કહ્યું.

"જો એમ જ હોય, તો એ ભાર મારા શિરપર ઉઠાવવાને હું આનંદથી તૈયાર છું. આપની જે આજ્ઞા, તે જ મારો ધર્મ હોવાથી આપનાં વચનનો હું કદાપિ અનાદર કરવાની નથી." લલિતાદેવીએ કહ્યું; પછી તે જરાક હસી.

લલિતાદેવીની એ પ્રમાણે અનુમતિ મેળવ્યા પછી મહાત્મા ગોપાળદાસ ગંભીર મુદ્રા કરી આલમચંદને ઉદ્દેશીને કહેવા લાગ્યો;-"જુઓ હરિજન ! આજકાલ હિંદુસ્તાનમાં ઉપરાઉપરી દુષ્કાળો પડેલા હોવાથી અને વર્ષો નબળાં જતાં હોવાથી સિન્ધને

ફળદ્રૂપ દેશ જાણીને ગુજરાત, કચ્છ, કાઠિયાવાડ અને મારવાડના અનેક દુષ્કાળપીડિત લોકો સિંધમાં આવી ભરાયા છે. સિંધમાં તેમને ધંધો રોજગાર મળે છે અને તેમનાં પેટ પણ ભરાય છે; છતાં કેટલાક બદમાશોએ અધિક ધન મેળવવાના લોભે લૂટફાટ અને ચોરી ચકારીનો સપાટો ચલાવીને દેશમાં ત્રાસ વર્ત્તાવી દીધો છે. એનું પ્રત્યક્ષ ઉદાહરણ પરમ દિવસે તમે પોતે પણ જોઈ ચૂકયા છો. એટલે આપ પોતે પણ જાણી શકો છો કે, આવા વખતમાં ઘરમાં રોકડ નાણાં રાખવાં, એ કેટલું જોખમભરેલું છે. હે હરિ! કલ્યાણ કરો."

"આપની આ વાત અક્ષરે અક્ષર ખરી છે." **આલમચંદે** કહ્યું.

"અહીં તો હરિના નામની જે આવક થાય છે, તે સદાવ્રત આપવામાં અને ભંડારા કરવામાં વપરાઈ જાય છે; એટલે જોખમ સંભાળવાની વધારે ચિંતા રહેતી જ નથી. કેવળ ઠાકોરજીનાં ઘરેણા સંભાળવાં પડે છે. પણ તેટલામાં જ અમારો દમ નાકમાં આવી ગયો છે. છ મહિના પહેલાં એક બદમાશે ઠાકોરજીને પણ લૂટી લેવાનો યત્ન કર્યો હતો. હે પ્રભો! કળિકાળનો પ્રભાવ કેવો વધવા માંડ્યો છે!"

"હા–તે વાત મારા સાંભળવા અને જાણવામાં આવેલી છે." **આલમચંદે** અનુકંપા બતાવીને કહ્યું.

"એટલા માટે જ નીતિશાસ્ત્રજ્ઞોએ કહેલું છે કે, લક્ષ્મી જેમ સુખકારિણી છે તેમ તે પ્રાણહારિણી પણ છે. મને ભય એ જ છે કે, આપની બધી સંપત્તિ આપ મારા મંદિરમાં રાખી ગયા છો, એ વાતની જો બહાર ચર્ચા થાય અને તેના પરિણામે મારા મંદિરમાં કોઇવાર ખાતર પડે તો પછી મારે શું કરવું? એટલા માટે જો આપનો આપણા ધર્મમાં અને મારા શુદ્ધ વર્ત્તનમાં પૂર્ણ વિશ્વાસ હોય, તો મારા મંદિરમાં નાણાં રાખવાની વાત તમે કોઈ વ્હાલામાં વ્હાલા મિત્રને પણ જણાવશો નહિ. કાશીનિવાસમાટે જતી વેળાએ સર્વને જાણી જોઇને એમ જ કહેજો કે, હું તો મારી બધી સંપત્તિ કાશીમાં દાનધર્મ કરવામાટે સાથે લઇને જ જાઉં છું. જો એમ વર્ત્તવાની તમારી ઇચ્છા ન હોય અને તમારા મનમાં સંશય ઉત્પન્ન થતો હોય, તો આપ પોતાની સંપત્તિને અન્યત્ર રાખવાની વ્યવસ્થા કરવાને સ્વતંત્ર છો. અહીં જ રાખી જાઓ, એવો મારો આગ્રહ નથી." મહાત્માએ ભયમાંથી નિર્ભય થવાનો ઉપાય બતાવ્યો.

આલમચંદ વિચારમાં પડી ગયો. તેના મનમાં તો એવી આશા હતી કે, મહાત્મા નાણાં વગેરેની પહોંચ પણ લખી આપશે; પરંતુ બીજા આગળ એ નાણાં રાખવાની વાત પણ ન કરવાની મહાત્માની આજ્ઞા મળી, ત્યાં તેની પાસેથી પહોંચ મેળવવાની તો આશા જ કયાંથી રાખી શકાય? પ્રથમ તો **આલમચંદના** હૃદયમાં નિઃસર્ગના નિયમ પ્રમાણે કાંઇક શંકાનો સંચાર થયો, પણ તરત જ અંધશ્રદ્ધા–ધર્મમાંની અતિ અંધશ્રદ્ધા–એ તેના સંશયને દૃઢ વિશ્વાસના રૂપમાં ફેરવી નાખ્યો. મહાત્માની યુકિતમાં તેને મહત્ સત્ય દેખાવા લાગ્યું. તેણે એ વિશે કોઇને કાંઈ ન કહેવાનો અને નાણાંની પહોંચ પણ ન માગતાં એમને એમ વિશ્વાસે નાણાં મૂકી જવાનો જ મનમાં નિશ્ચય કરીને પવિત્ર બુદ્ધિથી કહ્યું;–"અમે અત્યારે ભયંકર વિપદમાં આવી પડ્યા છીએ અને

તેથી અત્યારે આપ જે કાંઈ પણ સદુપાય બતાવો, તે પ્રમાણેની યોજના કરવાને હું તૈયાર છું. હું મારા સંબંધીઓ અને સર્વ મિત્રોને એમ જ કહી જઇશ કે, સર્વ સંપત્તિ કાશીમાં દાનધર્મ કરવામાટે હું સાથે જ લઈ જાઉં છું."

"શ્રીવૃન્દાવનવિલાસિની શ્રીમતી રાધારાણીની જ એ સર્વ ઇચ્છા છે! હે રાધાકાંત! તમે આ સમયમાં કયાં ચાલ્યા ગયા? શ્રી રાધે શ્રી રાધે!" મહાત્માએ ભકિતનો રંગ બતાવ્યો.

ભોળો બિચારો આલમચંદ મહાત્મા અને તેની પવિત્ર સાળી લલિતાદેવીનાં ચરણોમાં મસ્તક નમાવીને કાશીનિવાસની વ્યવસ્થા કરવામાટે ત્યાંથી ઉઠીને ચાલતો થયો. તે હર્ષપુલકિત હૃદયથી ઘેર આવ્યો અને સર્વ વાર્તા પોતાની સાધ્વી સ્ત્રીને કહી સંભળાવી. હિંદુ સ્ત્રીઓ તો વળી વધારે જ ધર્મઘેલી હોય છે; એટલે યશોદાએ પણ મહાત્માની કૃપાની વાત સાંભળી પતિ કરતાં પણ વિશેષ હર્ષ બતાવવા માંડ્યો.

* * * *

બીજે દિવસે આલમચંદ દાગીનાની એક ન્હાની પેટી અને સોનામહોરોની ભરેલી ત્રણ કોથળીઓ તથા નોટોનું એક બંડલ લઇને મહાત્મા પાસે આવ્યો. મહાત્માએ લલિતાદેવીને બોલાવી અને તે બધી સંપત્તિ તેને સ્વાધીન કરવામાં આવી. સંપત્તિ સોંપીને આલમચંદે કહ્યું–"આ પેટીમાં સોના, ચાંદી અને હીરા મોતીનાં લગભગ પચીસ હજારની કીમતનાં ઘરેણાં છે અને આ સોનામોહોર તથા નોટો પોણા બે લાખ રૂપિયાની છે. શ્રીમતી લલિતાદેવી! જો આપની ઇચ્છા હોય, તો ગણી જુઓ."

"હરિ! હરિ! દીવાનજી! આ શું બોલ્યા? આપના જેવા પરમ ભકત હરિજન નાણાં જેવી તુચ્છ વસ્તુમાટે અસત્ય વાદ કરે, એમ સ્વપ્નમાં પણ અમે ધારતાં નથી. જે હોય તે આપનું જ છે!' લલિતાદેવીએ ઉદ્ગાર કાઢયા.

"હં–પણ દીવાનજી! જ્યારે આપ કાશીથી પત્ર લખો, ત્યારે તે પત્ર પરબીડિયામાં બંધ કરીને જ મોકલજો, ખુલ્લો પૈસાવાળો કાર્ડ લખશો નહિ; કારણ કે, કાર્ડ વાંચી લેવાની ઘણાકોને કટેવ હોય છે અને એથી ઘણીક ગુપ્ત વાર્તાઓ પ્રકાશમાં આવી જાય છે. હે રાધારમણ! રક્ષા કરો, પ્રતિષ્ઠા બચાવો."

આલમચંદે એ સૂચના પણ માન્ય રાખી. તે દિવસે મહાત્માના સાધુઓને સંધ્યા સમયે માલપુઆનું ભોજન આપ્યું. પોતાનાં મકાનો તેણે જૂના નોકરોના હાથમાં સોંપ્યાં અને જો કોઈ અતિથિ–મેહમાન–આવે, તો તેના ભોજન અને નિવાસની વ્યવસ્થા કરવાની તેમને તાકીદ આપી દીધી અને ખર્ચ માટે બેંકમાં બે હજાર રૂપિયા નોકરોના નામથી રાખ્યા. બીજે દિવસે રાતે સાડાબાર વાગ્યાના પંજાબ મેલમાં આલમચંદ અને તેની સ્ત્રી જવાનાં હતાં. તે વખત પણ આવી લાગ્યો. ઘણાંક સગાં સંબંધી અને વફાદાર નોકરો તેમને વળાવવામાટે સ્ટેશનપર એકઠાં થયાં હતાં. ટ્રેન ઉપડવાનો વખત થયો, તે વેળાએ આલમચંદ જેવા ભોળા શેઠ તથા યશોદા જેવી સાધ્વી અને ઉદાર શેઠાણીના વિયોગનું દુઃખ અસહ્ય થવાથી નોકરો ચોધારાં આંસૂ વર્ષાવવા લાગ્યાં. શેઠ શેઠાણી તેમને આશ્વાસન આપી, માત્ર એક જ નોકરને પોતા સાથે લઈ રવાના થયાં.

આલમચંદે જો ચાતુર્ય વાપર્યું હોય તો તે એટલું જ કે, મહાત્માની આજ્ઞાથી શ્રીમતી લલિતાદેવીને સોંપેલાં ઘરેણાં અને નોટોના નંબર તેણે પોતાની નોટમાં નોંધી લીધાં હતાં, તેમ જ ઘરેણાં ઘડનાર સોની તથા ઝવેરીઓને ચૂકવેલાં નાણાંની પહોંચો પણ પોતા સાથે રાખી લીધી હતી.

પ્રકરણ ૭ મું
વિચિત્ર ઘટના

"Oh what a tangled web we weave
When first we practise to decieve!"
Scott.

મૂળ સિંધ હયદરાબાદ નિવાસી અને કરાચીમાં વકીલાતનો ધંધો કરી નામાંકિત વકીલ તરીકે પંકાયલા અને એ જ ધંધાથી ધનાઢ્ય થયેલા સ્વર્ગવાસી દીવાન દયારામ જેઠમલ્લે કરાચીમાં એક કોલેજ બંધાવેલી છે. મોહનલાલ એ જ કોલેજમાં અભ્યાસ કરી પ્રીવિયસ અને ઇન્ટરમીડિયેટમાં પાસ થયો હતો. જો કે પ્રીવિયસના સેકન્ડ ટર્મમાં તેણે મુંબઇની વિલ્સન કોલેજમાં અભ્યાસ કર્યો હતો, તો પણ તેનો વિશેષ અભ્યાસ એ કોલેજમાં જ થયેલો હતો. તે એક બહુ જ બુદ્ધિમાન્ વિદ્યાર્થી હોવાથી કોલેજના પ્રોફેસરો અને પ્રીન્સીપાલ તેને પોતાની કોલેજના વિદ્યાર્થી તરીકે જાહેર કરવામાં અભિમાન માનતા હતા. એ કોલેજમાં કોલેજની ફી, પુસ્તકોનો ખર્ચ તથા ખાવાપીવાનો ખર્ચ મળીને માસિક રૂપિયા પચાસ પંચાવનનો ખર્ચ આવે છે અને તેથી ઘણે ભાગે ધનવાન્ વિદ્યાર્થીઓ એ કોલેજમાં અભ્યાસ કરી શકે છે. જો મિતિ વ્યયના તત્ત્વને સિંધના વિદ્યાર્થીઓ જાણતા હોય, તો ત્રીસ પાંત્રીસ કે હદ તો ચાળીસમાં પણ ખર્ચ નભી જાય. પણ સામાન્ય રીતે કેટલાક સિંધી છોકરાઓ મૂળથી જ ઉડાઉ હોય છે. ફેશનના ભૂતનો વળગાડ એટલે કિફાયતની તેઓ વાત પણ કરતા નથી. ગરીબ માબાપના છોકરા દેખાદેખીથી ઉડાઉ બની જાય છે અને બિચારા બાપને ભયંકર કર્જના ખાડામાં ઉતરી જવું પડે છે. મોહનલાલ હયદરાબાદના એક ધનવાન્ પિતાનો પુત્ર હોવાથી એ કોલેજમાં તેને અભ્યાસ કરવામાં કશી પણ અડચણ નહોતી. બીજા વંઠેલા વિદ્યાર્થીઓ કરતાં મોહનલાલ ઘણો વિવેકી અને વિચાર કરીને પગલું ભરનાર હતો. તે પિતા પાસેથી દરમાસે આવતા પચાસ રૂપિયામાંથી પણ દશ રૂપિયા બચાવતો અને તેનો મહિનામાં બેવાર હયદરાબાદ જવાના ટ્રેન ભાડામાં વ્યય કરતો. મુંબઇથી સુરત અથવા પૂના તેટલું જ કરાંચીથી હયદરાબાદ છે. હયદરાબાદ તે પોતાની મનોમોહિની રોહિણીનાં દર્શનમાટે જ જતો હતો.

સિંધ કોલેજની રેસીડન્સીનું મકાન અને તેમાંની વ્યવસ્થા એટલી બધી ઉત્તમ છે કે, સારા સારા ધનવાન્ ગૃહસ્થોના બંગલા, લૉજ અને વીલાની તેની આગળ કાંઈ પણ મહત્તા નથી. એક એક વિદ્યાર્થીને એક એક સ્વતંત્ર ઓરડો આપવામાં આવે છે. તે ઓરડામાં એક ટેબલ, ત્રણ કુરસીઓ, એક બેંચ, ઓરડાના માપનું જ ફર્શ,

પુસ્તકો રાખવાનું બુકસ્ટેન્ડ અને એક હિંકસનો લેમ્પ તથા એક ખાટલો એટલી વસ્તુઓ કૉલેજ તરફથી જ પૂરી પાડવામાં આવે છે. એથી ઉપરાંત શૌકીન અને ફેશનના પૂજારી વિદ્યાર્થીઓ બીજી વસ્તુઓ પોતે પોતાના પૈસાથી ખરીદી લાવીને ઓરડાઓને વધારે શોભાયમાન બનાવી દે છે. હાલમાં ઘણાખરા બાપકમાઇવાળા અને ઉડાઉ વિદ્યાર્થીઓની ટોળી જ કૉલેજમાં એકઠી થયેલી હોવાથી તેમણે પોતપોતાના ઓરડાને પડદા, તસ્વીરો અને કેટલીક જાપાનીસ ક્યુરિઓસિટીવડે સુસજ્જિત કર્યા હતા. સર્વ વિદ્યાર્થીઓએ સંપ કરી એક ન્હાનકડું ફંડ કરીને એક ઓરડો જનરલ રૂમ તરીકે સજાવ્યો હતો અને સવાર સાંઝે પોતપોતાના ઓરડામાં ચાહે પીવાને બદલે એ ઓરડામાં જ એકઠા થઈ તેઓ ગપગોળા છોડવાનો વ્યાપાર ચલાવતા ને ચાહે કૉફીના પ્યાલા ઊડાવતા હતા.

કૉફી હાઉસની લંબાઈ ત્રીસ ફીટથી કાંઇક ઓછી અને પહોળાઈ ત્રેવીસ ફીટથી કાંઇક વધારે હતી. ભીંતો ચુનાના લેપથી ધોળી દૂધ જેવી દેખાતી હતી. ઉપર બારીક કૅનવાસની છત હતી અને તેને પણ ચૂનાથી ધોળવામાં આવી હતી. નીચે જમીનપર કારપેટ પાથરેલી હતી અને તેની ચારે તરફ દોઢ ફીટ પહોળાઇનો રંગીન કાલીનનો હાશિયો હતો. ભીતોમાં જ કબાટ કાચનાં બારણાવાળાં કરેલાં હતાં અને તેમનાપર જાળીના પડદા પડેલા હતા. એક તરફ ખુલ્લા કબાટમાં કેટલાંક પુસ્તકો અસ્તવ્યસ્ત અથવા અવ્યવસ્થિત પડેલાં જોવામાં આવતાં હતાં અને તે સાથે કેટલાંક અંગ્રેજી વર્તમાનપત્રો અને માસિકોનો થોકડો પણ દેખાતો હતો. ઓરડાના મધ્ય ભાગમાં એક મોટું રાઉંડ (ગોળ) ટેબલ ગોઠવેલું હતું અને તેનાપર ટેબલક્લોથ આચ્છાદેલું હતું. ટેબલની આસપાસ બાવીસ કે ત્રેવીસ કુરસીઓ ગોઠવેલી હતી. ટેબલપર કાચના મોટા મોટા ગ્લાસ રાખેલા હતા અને એક બ્રાંડીની ખોલેલી બાટલી પણ પડી હતી. એક ખૂણામાં એક ચારખૂણિયું સુંદર ટેબલ હતું, તેની ઉપર શૃંગારનાં કેટલાંક સાધનો રાખવામાં આવ્યાં હતાં અને સાથે એક ગ્લાસ પણ હતો. બીજા ખૂણામાં એક ગોળાકૃતિ કેમ્પ-ટેબલ હતું અને તેપર તાજાં જ આવેલાં ત્રણ ચાર વર્તમાનપત્રો અને 'ડી. જે. સિંધ કૉલેજ મીસેલેની' નામક અર્ધવાર્ષિક અંગ્રેજી ચોપનિયાનો નવો અંક પણ જોવામાં આવતો હતો. એ ટેબલની પાસે જ એક રેશમથી મઢેલો 'સોફા' ગોઠવેલો હતો. બાકીના બે ખૂણાઓમાં એક ટિપોયપર ત્રણ ચાર સોડાવાટરની બાટલીઓ અને ખાલી કપ તથા રકેબીઓ ઇત્યાદિ વસ્તુઓ પડેલી હતી. રૂમની બહાર જો કે બહારનાં માણસોને આવવાની સખત મનાઇનું પાટિયું ચોડેલું હતું, પણ આપણને ત્યાં જતાં કોઈ પણ અટકાવી શકે તેમ નથી. છતાં આપણે તો બહાર ઊભા રહીને જ અંદરની વિચિત્ર લીલાનું અવલોકન કરીશું; કારણ કે, અંદર જવામાં આપણી આબરૂ અથવા આજકાલ જેને 'પોઝીશન' કહેવામાં આવે છે, તે જળવાય તેમ નથી. ધારી લ્યો કે, આપણે એ રૂમની બહારના ભાગમાં ઊભા છીએ.

સાંઝના લગભગ સાત સાડાસાતનો શુમાર હતો. રાત્રિનો આરંભ થઈ ચૂકયો હતો. રેસ્ટ રૂમમાં લેમ્પનો પ્રકાશ વિસ્તારેલો હતો. પરંતુ અંદર કોઈ મનુષ્ય નહોતું. અચાનક એક તરુણે આવીને દરવાજાને ધક્કો માર્યો. દરવાજા સ્પ્રિંગવાળા હોવાથી અંદરની

તરફ હડસેલાઈને ઊઘડી ગયા. તે તરુણ ઓરડામાં જઈ એક કુરસીપર બેસી ગયો અને સંતાપ કરતો આત્મગત કહેવા લાગ્યો કે;–"એ બદમાશ આજે કેટલા દિવસથી સાથેનો સાથે રહે છે, પણ કોઈ રીતે અમારા મંડળના રંગમાં ભેળાતો નથી. આજે તો ગમે તે ઉપાય કરીને પણ એને ભ્રષ્ટ કરવો જ જોઇએ. અકલનો ઓથમીર દારુનું નામ સાંભળતાં જ ભડકી ઊઠે છે. મારા જિગરજાન દોસ્ત નાનકરામની માર્ફત એને શીશામાં ઉતારી શકાશે; કારણ કે, નાનકરામ અંદરખાનેથી બધી વાતે પૂરો હોવા છતાં બહારથી સાધુતા બતાવવાની કળામાં પ્રવીણ છે." એ પ્રમાણે વિચાર કરી તેણે ટેબલ-પરની ઘંટડી વગાડી. અવાજ થતાં જ એક નોકરે ત્યાં આવી પૂછ્યું 'શો હુકમ છે ?'

"નાનકરામના રૂમમાં જા અને તેઓ આવ્યા હોય, તો તેમને મારું નામ દઇને કહે કે, તેમને હમણાં જ બોલાવે છે." તે તરુણે કહ્યું.

નોકર નાનકરામના રૂમમાં ગયો. તે તરત જ બહારથી આવી કપડાં ઉતારતો હતો. નોકરે સંદેશો કહ્યો. નાનકરામ ઉતાવળથી ડ્રેસ બદલીને રેસ્ટરૂમમાં આવી લાગ્યો અને "કેમ ભાઈ, લાલચંદ ! આટલી ઊતાવળ કરીને મને શામાટે બોલાવ્યો ? થોડી વારમાં તો હું આવવાનો જ હતો." એમ કહીને પાસેની એક કુરસીપર બેસી ગયો.

"હમણાં બધા વિદ્યાર્થીઓ આવશે, તો હું જે એક ખાનગી વાત તને કહેવા માગું છું, તે નહિ કહી શકાય. એટલા માટે જ તને ઉતાવળથી બોલાવ્યો છે. દોસ્ત ! આજે તો કોઈ પણ રીતે મહાત્મા મોહનને શીશામાં ઉતારીને આપણી ટોળીમાં ભેળવો જ જોઈએ. એ બધી બાબતોમાં આપણા કરતાં આગળ નીકળતો જાય છે અને આપણું નાક કપાતું જાય છે. અભ્યાસના આરંભમાં આપણે બધા સાથે જ હતા, પણ આપણું આ પ્રીવિયસમાં ત્રીજું વર્ષ છે અને એ તો બી. એ. કલાસમાં ભણે છે અને જરૂર પહેલે ફટકે પાસ પણ થવાનો જ. ક્રીકેટમાં જુઓ તો પહેલો, અને સોશીયલ ગેધરીંગમાં પણ આગળ પડતો. પ્રોફેસરો એને જોતાં જ નરમઘેંશ જેવા બની જાય છે. પ્રોફેસર સાહેબ આપણને જુએ છે કે, નાક મોઢું ચઢાવે છે અને પ્રસંગ આવતાં ધમકીઓ પણ આપ્યા કરે છે; પરંતુ મોહનને જોતાં જ તેની પ્રકૃતિ બદલાઈ જાય છે. આજે સવારમાં મેં તેને મોહન સાથે હસી હસીને વાતો કરતો જોયો હતો અને સાંઝે તે મોહનને પોતાની ગાડીમાં બેસાડીને હવા ખાવામાટે કિલ-ફટન તરફ લઈ ગયો છે. શું આ આપણું જેવું તેવું અપમાન છે ?" લાલચંદે એક-દમ પોતાના મનના ઉભરા બહાર કાઢ્યા.

"ભયંકર અપમાન, પાંડવના છોકરા રામચંદ્રે જરાસંધનું જેવું અપમાન કર્યું હતું તેવું અપમાન-ખરેખર ન ખમી શકાય તેવું અપમાન !" નાનકરામે ધડપૂછડા વગરના શબ્દો ઉચ્ચારી હામાં હા મેળવી હાજી હા નો વ્યાપાર ચલાવ્યો.

"એ તો બધું આપણે કાનમાં પુંબડાં અને મોઢે ડૂચો તથા આંખે પાટા બાંધીને સહન કર્યા કરીએ છીએ: પણ એ મારા પ્રેમના પગલાની પણ આડો આવ્યો છે. હયદરાબાદમાંના અનાથાશ્રમમાં એક રોહિણી નામની છોકરી છે. તે બહુ જ રૂપાળી હોવાથી આપણી તેનાપર ઘણા દિવસથી નજર થયેલી છે. મોહન પણ તેને ચાહે

છે અને મહિનામાં ખાસ બબ્બે વાર તેને મળવા હયદરાબાદ જાય છે. આટલા દિવસ તો આપણે એમ જાણીને જ નાખતી કરી જતા હતા કે, ચાલો બનારસની મીઠાઈ છે, કોઈની પણ ઈચ્છા થાય ત્યારે જમીલો; પણ અફસોસ! મોહન તો તેને પરણીને પોતાની સ્ત્રી બનાવવા માગે છે અને જો એમ થાય તો એ શિકાર મારા જાળમાં સપડાય તેમ નથી. વળી અજાયબી તો એ કે રોહિણી હું જાઉં છું ત્યારે મારી જોડે વાત પણ નથી કરતી અને મોહન સાથે પરણવાને પણ તૈયાર છે." લાલચંદે બળાપાનું બીજું કારણ જણાવ્યું.

"પણ એ બધી વાત તારા જાણવામાં કેમ કરીને આવી વારુ ?" નાનકરામે આશ્ચર્ય દર્શાવીને પૂછ્યું.

"મોહન વારંવાર રોહિણીને મળવા જાય છે, એ તો હું ઘણા દિવસથી જાણતો હતો; પરન્તુ આ રહસ્ય જાણતો ન હોતો. આજે સવારમાં હું ન્હાવામાટે બાથરૂમમાં જતો હતો અને તે વખતે મોહનના રૂમ પાસેથી હું પસાર થયો. મોહન રૂમના દરવાજા ખુલ્લા મૂકીને આગળથી જ નહાવા ગયો હતો. તેના ટેબલપર એક કાગળ પડ્યો હતો. અનાયાસ ઈચ્છા થઈ આવવાથી તે કાગળ રૂમમાં જઈને મેં વાંચ્યો. તેમાં અનાથાશ્રમની પારસી લેડી સુપરીન્ટેન્ડેન્ટે લખ્યું હતું કે, 'તમારો કાગળ મળ્યો. જો રોહિણીના પાલકોમાંથી કોઈ તે વખત સુધીમાં નહિ આવે, તો ખુશીથી તમે રોહિણીને લઈ જજો. આપના જેવા એક સદ્‌ગૃહસ્થના ગુણી પુત્રને પરણીને રોહિણી સુખી થશે, એવી મારી દૃઢ આશા છે. વધારે ખુલાસો રૂબરૂમાં રવિવારે હયદરાબાદ આવશો અને મળશો ત્યારે થશે.' એ કાગળ ગઈ કાલનો આવેલો છે, આજે શનિવાર છે અને આવતી કાલે રવિવાર છે, તેથી મોહન આજની મેલમાં જશે અથવા તો કાલે સવારમાં સ્ટાર્ટ થશે. મારો વિચાર છે કે, તેને કોઈ રીતે અહીંથી જવા જ ન દેવો અથવા જાય તો રોહિણી અને અનાથાશ્રમની વ્યવસ્થાપક આગળ તેને હલકા રૂપમાં રજૂ કરવો, કે જેથી તેની આશા સફળ ન થાય. જો એમ નહિ તો ત્રીજો કોઈ એવો ઉપાય યોજવો કે, એઓ આજન્મ એક બીજાને જોઈ જ ન શકે." લાલચંદે ભયંકર વિચાર દર્શાવ્યો.

"દોસ્ત લાલચંદ! મારામાં એટલી હિંમત અને તાકત છે કે, એકવાર આકાશના તારા નીચે ઊતારું અને સુધરેલું બગાડીને બગડેલું સુધારું; પણ જો પૈસા હોય તો! તું મારો દોસ્ત હોવાથી મારે તારું તો કાંઈ ખાવું નથી; પણ બીજી ગોઠવણોમાટે પૈસા જોઇએ તેનું કેમ ?" નાનકરામે મુદ્દાની વાતપર આવીને કહ્યું.

પૈસાનું નામ સાંભળી નિઃશ્વાસ નાખીને લાલચંદ કહેવા લાગ્યો કે;–"અફસોસ આફત–ક્યામત! આજે ઘનશ્યામને એકસો ને પચીસ રુપિયા આપવાના છે; વાયદો કર્યો છે, પણ મારાથી એ વાયદો તો કોઈ પણ રીતે પૂરો કરી શકાય તેમ નથી. રાતે તેં કહ્યું તે વખતે જ જો હું રમવાનું છોડીને ઊઠી ગયો હોત, તો લગભગ દોઢસો રૂપિયાનો મને નફો હતો. પણ જિદમાં આવીને નફો હારી જવા ઉપરાંત ગાંઠના સવાસો મૂકયા. ખૈર–પરવા નથીઃ પણ કોઈ રીતે એના રૂપિયા આપી દેવા જોઇએ; નહિ તો આબરૂના કાંકરા જ થવાના. ફાધર પણ પૈસા મોકલવામાં કંજુસાઈ કરતા જાય છે. દરજીનું બિલ પણ આવ્યું છે અને દારુવાળાને બે મહિનાનું બિલ નથી ચૂકવ્યું, એટલે તેનો તકાદો પણ

ચાલૂ છે. તો પણ હું પૈસાની ગોઠવણ કરીશ–વ્યાજે રૂપિયા કઢાવીશ, પણ મોહનને તો તેની આશામાં સફળ નહિ જ થવા દઉં." લાલચંદે લાલચોળ થઇને કહ્યું.

"તમે પૈસાની ગોઠવણ કરો, એટલે બીજી બધી જવાબદારી આપણાપર." નાનકરામે હિંમત આપી.

લાલચંદ હયદરાબાદના એક ધનાઢ્ય અને પ્રતિષ્ઠિત જમીનદારનો પુત્ર હતો, પણ બાલ્યાવસ્થાથી જ નઠારી સોબતમાં પડી જવાથી વિદ્યાભ્યાસ અને સદ્ગુણોમાં આગળ વધવાને બદલે જુગાર, મદિરાપાન, વ્યભિચાર અને આલસ્ય ઇત્યાદિ દુર્ગુણોમાં જ તે આગળ વધ્યો હતો. બાપ ગમે તેટલા પૈસા મોકલે, પણ તે તેને પૂરા થતા નહોતા. ઘણીક વાર તો તે ચોપડીઓ પણ વેચીને ખાઈ જતો અને હમેશાં કર્જના દરિયામાં ડૂબેલો જ રહેતો. તેના સ્વભાવનું તેના પોતાના ભાષણથી જ વાચકોએ કાંઇક અનુમાન તો કર્યું જ હશે. નાનકરામ એક સાધારણ સ્થિતિના કુટુંબનો કુલદીપક હતો; પણ બોલવા ચાલવામાં ચાલાક અને ખુશામદનો ખાસ ગુણ ધરાવતો હોવાથી લાલચંદ જેવા ગાંઠના પૂરા અને અક્કલના અધૂરાઓને બનાવીને પારકે પૈસે દીવાળી કર્યા કરતો હતો.

તેઓ વધારે વાતચીત કરવા જતા હતા, એટલામાં બીજા સહાધ્યાયી મિત્રો ત્યાં આવી લાગ્યા અને તેથી તેમના સંભાષણનો અટકાવ થઈ ગયો. "અલ્લો–મેસર્સ્ લાલચંદ અને નાનકરામ તો અહીં જ બેઠા છે–આપણે અમથા એમને એમના રૂમમાં ખોળી આવ્યા!" રેલૂમલ્લ નામના એક ઇન્ટરમીડિયટના વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીને સંબોધીને ઉદ્ગાર કાઢ્યો.

"મને અહીં આવ્યાને લગભગ એક કલાક થયો. જો તમે પાંચ મિનિટ મોડા આવ્યા હોત, તો હું મારા રૂમમાં ચાલ્યો જાત." લાલચંદે કાંઇક અણગમો બતાવીને કહ્યું.

"માફ કરજો, મિસ્ટર લાલચંદ! આવતાં આવતાં સદર બજારમાં બધાનો એક એક પેગ લેવાનો વિચાર થયો, એટલે થોડી વાર થઈ ગઈ." બીજા વિદ્યાર્થીએ વિલંબનું કારણ બતાવ્યું.

"પણ ભાઈ! તમો બધાને દીનદુનિયાની પણ કાંઈ ખબર છે ખરી કે? આજે યુનિવર્સિટીમાંથી રજીસ્ટ્રારનો તાર આવ્યો છે કે, બધી પરીક્ષાઓ એક એક માસ વહેલી જ લેવાશે; કારણ કે, મુંબઇમાં પ્લેગ વધવાનો સંભવ છે." એક ત્રીજા કાંઇક ભલા દેખાતા વિદ્યાર્થીએ એક નવી જ વાત સંભળાવી.

"અરે યાર! તું પણ વાતનું વતેસર તો ઠીક કરી જાણે છે! હું તો તારી 'દીન-દુનિયાની ખબર'થી એટલો બધો અચંબામાં પડી ગયો કે, હે પરમેશ્વર! આ વળી શી નવી આપદા આવી પડી! પણ વાતમાં તો માલ જ નહિ. અત્યારથી જ પરીક્ષાની ચિન્તા? બધાયને તું મૂર્ખ અને આળસૂ જ ધારે છે કે શું?" લાલચંદે બેપરવાઈ બતાવીને કહ્યું.

"ભાઈ સાહબ! તમે તો બુદ્ધિમાન્ છો, એટલે કદાચિત્ થોડા અભ્યાસથી પણ પાસ થઈ જશો અને પાસ ન થયા તો પણ શું? પૈસાદાર છો એટલે ચિન્તા નથી. પણ

અમે તો પઝ્યા સાધારણ સ્થિતિના માણસ. જો પાસ થઇએ તો નોકરી મળે અને નોકરી મળે એટલે ઠેકાણે પડીએ. પણ રહેવા દો હવે એ ઝગડાને! હમણાં જ મોહનભાઈ મળ્યા હતા. તેમણે અમારી પ્રાર્થનાને માન આપીને અત્યારે અહીં આવવાનું સ્વીકાર્યું છે. પ્રોફેસર પાસે થઈને તેઓ હમણાં જ આવશે." તે વિદ્યાર્થીએ એક શુભ સમાચાર સંભળાવ્યો.

"થેંક્યૂ! તમે આ સમાચાર સંભળાવ્યા, એટલે તમારાપરનો મારો બધો ગુસ્સો ઉતરી ગયો." લાલચંદ ઠંડો પડ્યો.

એટલામાં મોહનલાલ આવ્યો. સર્વ વિદ્યાર્થીઓએ તેને સારો આવકાર આપ્યો અને બધાની વચ્ચે કુરસીપર બેસાડ્યો. સર્વથી પ્રથમ લાલચંદ તેની પ્રશંસા કરીને બોલ્યો;—"મોહનલાલ! તમને અમારા મંડળમાં વિરાજેલા જોઇને હૃદયમાં એ જ સવાલ ઉત્પન્ન થાય છે કે, આ ફિરિશ્તા દોજખમાં કયાંથી?"

"જેવી રીતે વિદ્યાર્થીઓને ભણાવવામાટે મેહતાજીને પણ નિશાળમાં આવવું પડે છે, તેવી રીતે દોજખમાં પડેલા ગુનાહગાર જીવોને જન્નતમાં લઈ જવામાટે ફિરિશ્તાઓને પણ દોજખની મુલાકાત લેવી પડે છે!" મોહનલાલે ગંભીરતા અને સ્મિત-મિશ્રિત છટાથી ઉત્તર આપ્યું.

"વાહ ભાઈ! વાહ! હાજરજવાબી તે આનું નામ! પ્રોફેસરો મોહનલાલ ભાઇને ચહાય છે, તે કાંઈ અમથા ચાહતા નથી. એમની બુદ્ધિનો પ્રભાવ કાંઈ અલૌકિક જ છે." નાનકરામે નમતા ત્રાજવામાં બેસવાની એટલે કે ખુશામદ કરવાની કોશિશ કરીને કહ્યું.

"મોહનલાલભાઈ! આમ રોજ અહીં પધારીને અમને આનંદ આપતા હો, તો કેવું સારું! આપની બુદ્ધિનો લાભ અમને મળતો નથી, એ અમારાં કેવાં દુર્ભાગ્ય?" ઘનશ્યામે વિનય બતાવીને કહ્યું.

"ભાઈ! આવવામાં મને કશો વાંધો નથી; પણ આપણા અમૂલ્ય જીવનનો આવી રીતે ક્ષય કરી નાખવો, એ મને રુચતું ન હોવાથી હું નથી આવતો. આપ જેને મોજમજા માનો છો, તેને હું તો જીવનનો ક્ષય જ માનું છું. ભાલે ભાલે મતિ ભિન્ન હોય છે, એટલે આપને હું દોષ દેતો નથી. મને જે માર્ગ સારો દેખાય છે, તે માર્ગમાં હું ગમન કરું છું." મોહનલાલે સંકુચિત વૃત્તિથી પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"અરે ભાઈ! અત્યારે આ બધા ઝગડાને ગોળી મારો અને કાંઈ હંસી ખુશીની વાતો ચલાવો." ઘનશ્યામે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો.

એટલામાં રસોઇયાએ આવીને એક પછી એક ચાહના પ્યાલાઓ લાવીને ટેબલપર ગોઠવી દીધા. બીજા નોકરે ચાહની ધગધગતી કીટલી, શુગરપૅાટ અને મિલ્કપૅાટ લાવીને વચ્ચે રાખ્યાં. અંગ્રેજી ઢબ પ્રમાણે ચાહના કપ ભરાવા માંડ્યા. લાલચંદે આજે આ પ્રસંગનો લાભ લઇને મોહનલાલને ફંદામાં સપડાવવાનો વિચાર કર્યો. તે કાંઇક કારણ બતાવી પોતાના રૂમમાં ગયો અને તરત જ પાછો આવી મોહનલાલની બાજૂમાં જ બેઠો. ટેબલપરથી ('Tatler') નામક ઇંગ્લિશ પેપરનો અંક ઉપાડી તેને ઉઘાડી મોહનલાલને બતાવતો તે કહેવા લાગ્યો;—"જુઓ, મોહનલાલ! આ લેડી અને

આ બૉય એક જ છે; કેવળ પોષાકના ભેદથી જ આ સ્ત્રી અને આ પુરુષના રૂપમાં દેખાય છે; પણ જો ધ્યાનથી જોશો તો એ બેમાં તમને કશો પણ તફાવત દેખાશે નહિ."

મોહનલાલ વાચનવિલાસી હોવાથી તે ચિત્રોનું વર્ણન વાંચવા લાગ્યો. તેટલામાં હાથમાંની એક પડીકીમાંથી જરાક ભૂકી લાલચંદે તેના કપમાં નાખી દીધી. થોડીવારમાં બધાના કપ ભરાઈ રહેતાં ચાહ પીવાનો આરંભ થયો. પ્રથમ તો મોહને ચાહ ન પીવાની ઇચ્છા દર્શાવી, પણ સર્વના આગ્રહને વશ થઈ તેમનું અપમાન ન કરવાની ઇચ્છાથી તેણે રકાબીમાં થોડીક ચાહે નાખી રકાબીને મોઢા તરફ વાળી. લાલચંદના મુખમંડળમાં હર્ષ અને ભયનાં ચિન્હો પ્રકટ થયાં, પણ તે સર્વના જાણવામાં આવી શકે તેવાં નહોતાં. ચાહ પી લીધા પછી સિગરેટ અને સિગાર ફુંકવાની ફેશિન પણ પૂરી કરવામાં આવી. મોહને સિગરેટ કે સિગારને સ્પર્શ ન કર્યો. લાલચંદ 'હેવેના'ના ધૂમાડાના તરંગોથી પોતાના દિમાગને ખુશ કરવા લાગ્યો. લગભગ પંદર મિનિટ વીતી ગયા પછી મોહનલાલે એકદમ ગભરાઇને કહ્યું;–"ભાઈ લાલચંદ! મારું માથું ભમે છે અને છાતીમાં ગભરાટ થાય છે."

લાલચંદે શુષ્ક ભાવથી આશ્વાસન આપતાં કહ્યું;–"આજ કાલ તમે રાતે ઊજાગરા કરીને પણ સ્ટડી કર્યા કરો છો, એનું જ એ પરિણામ છે. અતિ કાંઈ પણ સારું હોતું નથી. જરા આરામ લ્યો! માથું ચઢયું હશે, તો હમણાં જ ઊતરી જશે. હવે વાંચવાનું કાંઇક ઓછું કરી નાખો તો વધારે સારું."

"ભાઈ! હું તો હમેશાં નિયમિત સમય સુધી જ રીડીંગ કરું છું. કોઈ દિવસ ઓછું વાચન પણ કરતો નથી, તેમ જ વધારે પણ કરતો નથી. એટલા માટે તમે જે રાત્રે જાગરણની વાતો કરો છો, તે અસત્ય છે. મને તો આ સડન સિકનેસનું કાંઇક બીજું જ કારણ હોય એમ જણાય છે;" મોહનલાલે અટકતી જીભથી જવાબ આપ્યો.

"ખરા કારણને આપણે પછી શોધી કાઢીશું, અત્યારે તો આ સોફાપર જરા લેટી જાઓ." લાલચંદે કહ્યું.

મોહનલાલનું માથું વધારે ફરવા લાગ્યું. સોફાપર લેટતાં જ તેની આંખો મીચાઈ ગઈ. તે બેભાન અવસ્થામાં પડી રહ્યો. મોહનલાલના નિશ્ચેષ્ટ થવા પછી તે રૂમમાં એક નવો જ રંગ જામ્યો. પ્રથમ તો ટંબ્લરોમાં 'બૉટલવાસિની મદિરાબાઇ'ની ખૂબ ચડસાચડસી ચાલી અને ત્યાર પછી કુરુકુલનાશક પાસાનો વ્યાપાર ચાલૂ થયો અને પો છક્કા ઊડવા લાગ્યા. ઘનશ્યામે લાલચંદ પાસેથી પોતાના સવાસો રૂપિયાની તકાજાથી ઊઘરાણી કરી; પણ લાલચંદે હસીને જવાબ આપ્યો;–"સવાસો સવાસો શું કરી રહ્યો છે? જરા થોભ; હમણાં સ્હામા અઢીસો આપવાનો વખત આવશે." તરત એ બન્નેની હોડની શરૂઆત થઈ. બીજાઓ તો ગુપચુપ બેસીને તમાશો જ જોવા લાગ્યા. પ્રથમ દાવમાં લાલચંદ જિત્યો, બીજીવાર પણ જિત તેના ભાગ્યમાં જ આવી અને ત્રીજો પચીસ રૂપિયાનો દાવ પણ તેજ જિત્યો. લાલચંદ એ સમય સુધીમાં કુલ ત્રણસો ને પચીસ રૂપિયા જિતી ચૂકયો હતો; પણ હજી તેને વધારે લાભની આશા વળગેલી હતી. હોડમાં અને ચરસાચડસીમાં જુગારનો બજાર ગરમ થતો ગયો અને તમાશબીનો પણ પૂતળાં પ્રમાણે મૌન્ય ધારણ કરીને હારજિતનો રંગ

જોવા લાગ્યા. હવે લાલચંદની હારનો વખત આવી પહોંચ્યો. પંદર મિનિટમાં તો તેણે જે કાંઈ પણ મેળવ્યું હતું તે બધું ખલાસ થઈ ગયું; તોપણ જિતવાની આશાએ તેનો પીછો ન છોડ્યો. રોકડાં નાણાંની બરકત હતી એટલે વાત જણસોપર આવી પહોંચી. પ્રથમ તેની વીંટી જોતજોતાંમાં બીજાની આંગળીને શોભાવા લાગી. સોનાની ઘડિયાળનો ત્યાર પછી વારો આવ્યો, અને તે પણ ગઈ. ત્રીજીવારમાં સોનાનો અછોડો લગાવ્યો, તે પણ છેહ આપી ગયો. હારેલો જુગારી લાલચંદ જીતની આશામાં પોતાની બધી જણસો પણ ખોઈ બેઠો. કોઈ કવિએ ખરું જ કહ્યું છે કે;—

(અડિલ છંદ)

"દ્યૂત રમત થઈ ભૂતજ દમે,
ભૂખ્યો પણ ભોજન નવ જમે;
તેને બોલ્યું ન કોનું ગમે,
હાર્યો જુગારી બમણું રમે!"

જુગારથી નળરાજા અને પ્રતાપી પાંડવ જેવાઓનું પણ સત્યાનાશ અને ખાનું ખરાબ થઈ ગયું હતું, ત્યાં બિચારા પામર લાલચંદનું શું ગજું? જ્યારે ખીસાં ખાલી થયાં અને ચાર પીતળિયાં પણ ચાલ્યાં ગયાં, ત્યારે લાલચંદ રાંડ્યા પછી ડહાપણ આવ્યા પ્રમાણે શુદ્ધિમાં આવ્યો. રાત ઘણી વીતી ગઈ હતી, એટલે બધા મિત્રોએ જુગારની બાજીને બંધ કરવાની ઇચ્છા દર્શાવી. પોતાની ખરી હાલતમાં હોય, એવા અત્યારે એ મંડળમાં બહુ જ થોડા—એક બે જ—હતા, એટલે કે, સુરાદેવીની ઉપાસના કરીને બધાય લટ્ટુ બની ગયા હતા. છતાં મોહનલાલ કરતાં તો અન્ય સર્વ વિશેષ શુદ્ધિમાં જ હતા. મોહનલાલ સાથે જે દગો અથવા વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો, તેની એક લાલચંદ અને બીજા નાનકરામ વિના બીજા કોઇને કશી પણ ખબર નહોતી. સર્વ મિત્રોના ચાલ્યા જવા પછી લાલચંદે નાનકરામની સહાયતાથી તે મૂર્છિત મોહનલાલને તેના પોતાના ઓરડામાં પહોંચાડી, ખાટલા ઉપર સુવાડી દીધો. સર્વ નિદ્રાવશ થયા, પરંતુ લાલચંદ નાનકરામને પોતાના ઓરડામાં લઈ ગયો અને તેને ઉદ્દેશીને બોલ્યો;—

"આવતી કાલે કોઈ નાણાં ધીરનારને શોધી ગમે તેટલા વ્યાજે પણ પાંચસો રૂપિયાની રકમ કઢાવવી જોઇએ; નહિ તો આત્મઘાત કરીને મરી જવાનો વખત જ આવી લાગશે."

"ચિન્તા નહિ. એ કામ હું કરીશ; પણ મેહનતનો બદલો........"

"પચીસ રૂપિયા." લાલચંદ બોલ્યો.

"ત્યારે નિશ્ચિન્ત રહો." નાનકરામે હિંમત આપી.

"પણ મને એ રકમ અગીયાર વાગ્યાની અંદર મળવી જોઇએ; કારણ કે, ઘડિયાળ, છેડો અને વીંટી છોડાવી બારની ટ્રેનમાં હું હૈદરાબાદ જવા માગું છું. મોહનલાલને બેહોશ કરવાનું કારણ એ જ કે, તેની તબીયત એથી એટલી બધી બગડી જશે કે, કાલે તેનાથી કોઈ પણ રીતે હૈદરાબાદ જઈ શકાશે નહિ. એથી એની ગેરહાજરીમાં રોહિણીના સંબંધમાં મારે જે વ્યવસ્થા કરવાની છે, તે કરી શકાશે. દુશ્મન મેદાન

મારી જશે તો મારે રોહિણીના નામથી હાથ ધોઇને જ બેસી રહેવું પડશે." લાલચંદે ખુલાસો કર્યો.

"દશ વાગે એટલે રૂપિયા પાંચસો રોકડા તમારે ગણી લેવા!" નાનકરામ બોલ્યો. અને ત્યાર પછી લાલચંદે રજા આપવાથી તે પોતાના ઓરડામાં ગયો.

પ્રકરણ ૮ મું

રોહિણી અને લાલચંદ

રવિવારનો દિવસ અને સંધ્યાસમય. રોહિણી સિંધુતીરે જવામાટે અનાથાશ્રમમાંના પોતાના ઓરડામાંથી બહાર નીકળતી હતી, એટલામાં તારવાળો પ્યૂન ત્યાં આવી લાગ્યો અને મિસ રોહિણીનું નામ પૂછવા લાગ્યો.

"રોહિણી હું પોતે જ; શું કામ છે?" રોહિણીએ કહ્યું.

"બાઈ! તમારા નામનો આ તાર છે. સહી કરી આપો." એમ કહીને પ્યૂને તાર અને પેન્સીલ રોહિણીને આપ્યાં. તેણે સહી કરી આપીને પ્યૂનને વિદાય કર્યો અને મનમાં અનેક પ્રકારના તર્કવિતર્ક કરતી સિંધુના તીરે આવી તાર વાંચ્યો. તેમાં નીચેના આશયનો સંદેશો હતો;–

'અચાનક બીમાર થવાથી આજે અવાયું નથી. આવતા રવિવારે આવીશ. તમારાં સુપરીન્ટેન્ડેન્ટ બાઇને આ વાત જણાવજો. **મોહનલાલ.'**

"અચાનક બીમારી? શી બીમારી? આજકાલ વખત ખરાબ ચાલે છે. ઈશ્વર એમને દીર્ઘાયુ કરો અને ભાવી સુખવિષયક મારી આશાઓ સફળ થાઓ–" તારને પોતાના પોલકાના ખીસામાં રાખીને એ પ્રમાણે તે અનાથ બાળા મનમાં ઈશ્વરની કરુણા માગવા લાગી.

"કેમ રોહિણી! આજકાલ તારી પ્રકૃતિ કેમ છે?" એક તરુણે આવતાંની સાથે જ સવાલ કર્યો. "હું તને આશ્રમમાં જોઈ આવ્યો, પણ ત્યાંથી તારા અહીં હોવાના ખબર સાંભળીને અહીં આવ્યો."

"લાલચંદ ભાઈ! મોટી મેહરબાની. પણ ભાઇ! તમને હું મારા ભાઈ પ્રમાણે માનતી હોવા છતાં તમે મને 'તું' 'તાં'થી જ બોલાવો છો, એ મને તો યોગ્ય લાગતું નથી. લોકો આનો વિચિત્ર અર્થ ઊઠાવશે અને આપણ બન્ને નિર્દોષ હોવા છતાં આપણી કીર્તિને કલંક લાગશે." રોહિણીએ ઉપકાર માનવા સાથે કાંઈક અણગમો બતાવ્યો.

નાનકરામદ્વારા રૂપિયા મેળવી આજકાલની ફેશિન પ્રમાણે સાહેબલોકનો લિબાસ કરી લાલચંદ પોતાના ભપકાથી રોહિણીને આંજી નાખવામાટે હયદરાબાદમાં આવ્યો હતો. પણ ઠંડો આવકાર મળેલો જોઇને તે ઠંડાગાર જ થઈ ગયો. થોડીવાર પછી તે કાંઇક હિંમત લાવીને બોલ્યો કે;–

"રોહિણી! આટઆટલા દિવસથી હું તારી પાસેથી પ્રેમભિક્ષા માગ્યા કરું છું અને પ્રાર્થનાઓ કર્યા કરું છું છતાં તારા હૃદયમાં દયાનો લેશ માત્ર પણ સ્પર્શ નથી થતો? ગ્રંથકારો અને કવિઓ કહે છે કે, સ્ત્રીઓનું હૃદય બહુ જ કોમળ અને દયાળુ હોય છે; પણ મારો અનુભવ તો મને એમ જ જણાવે છે કે, સ્ત્રીઓનું હૃદય પાષાણ

સમાન કઠિન અને દયાહીન જ હોય છે. શું મારો પ્રેમ ખોટો છે? અથવા તારા પ્રેમને મેળવવાની મારી યોગ્યતા નથી, એમ તું ધારે છે? હું તને 'તું' કહીને બોલાવું છું, એ મારી તોછડી ભાષાથી તું મને પોતાને પણ કદાચિત્ તોછડો જ ધારતી હઇશ; પણ તેમ નથી. જે વ્યક્તિમાં પ્રેમ છે, તેને જ 'તું' કહીને બોલાવવામાં આવે છે. અંગ્રેજો માત્ર ઈશ્વરને જ 'Thou' કહેછે—હું તને દેવી માનીને 'તું' કહું છું. મારું હૃદય ખોલીને જો. ત્યાં તારા પ્રેમનો પ્રવાહ જ વહેતો તારા જોવામાં આવશે. હું તરુણ છું, રૂપાળો છું, સુશિક્ષિત છું અને ધનવાન્ છું એટલે મને પરણીને તું સુખી થઇશ. પોતાના ભવિષ્યનો વિચાર કર અને મને ધિક્કારવાનું છોડી આદરથી મારો સ્વીકાર કર." વાચાળ લાલચંદે નાટકના ઍક્ટર પ્રમાણે હાવભાવ કરીને લાંબું ભાષણ કરી નાખ્યું.

"ભાઈ! તમે તરુણ છો, રૂપાળા છો, સુશિક્ષિત છો અને ધનવાન્ છો, એનો હું અસ્વીકાર કરતી નથી. પરંતુ એક અબળા તરુણ, રૂપાળા, સુશિક્ષિત અને ધનવાન્ વરને પરણીને જ સુખી થાય છે, એવો કાંઈ નિયમ નથી. તારુણ્ય ન હોય, રૂપ ન હોય, વિદ્યા ન હોય અને ધનનો પણ અભાવ હોય, છતાં સ્ત્રી અને પુરુષના મનમાં પરસ્પર સંતોષ અને સ્નેહ હોય, તેના જેવું સુખ ત્રિભુવનમાં નથી; પ્રેમ કિંવા સ્નેહ એ જ સુખના અર્થને દર્શાવનારો બીજો પર્યાય છે. તમારામાં એ સર્વ ગુણો હોવા છતાં જ્યાં મારો તમારામાં તેવો સ્નેહ જ નથી—મારું મન તમારા સ્નેહવડે આકર્ષાયું જ નથી, ત્યાં સુખની આશા રાખવી વ્યર્થ છે. એટલા માટે એક હિતેચ્છુ ભગિની તરીકે તમને મારો એ જ ઉપદેશ છે કે, કૃપા કરીને મારા પ્રેમની આશાનો ત્યાગ કરો અને પોતાને યોગ્ય અન્ય કોઈ કુમારિકા શોધી લ્યો. આપણી ન્યાતમાં કાંઈ કન્યાનો કાળ નથી, દુષ્કાળ નથી! એકની માગણી કરશો તો દશ કન્યાઓ આવીને હાજર થશે." રોહિણીએ કહ્યું.

"કોઈ બીજાએ તારા મનનું આકર્ષણ કર્યું છે? તારા મનને મુગ્ધ બનાવનાર તે ભાગ્યશાળી વીર પુરુષ કોણ છે, તે જણાવવાની કૃપા કરીશ કે?" લાલચંદે મર્મમાં જ પૂછ્યું.

"મને જે મારા પ્રેમને યોગ્ય એક પુરુષ જણાયો છે, તેને હું મારું હૃદય સમર્પિત કરી ચૂકી છું. પરંતુ ધર્મશાસ્ત્ર વિધિથી જ્યાં સુધી અમારાં લગ્ન ન થાય ત્યાં સુધી તેના નામને પ્રસિદ્ધ કરવાનું હું યોગ્ય ધારતી નથી." રોહિણીએ પણ માર્મિકતાથી જ કહ્યું.

"રોહિણી! પ્રેમ અંધ હોય છે અને એટલા માટે પ્રેમોન્માદને વશ થયેલાં સ્ત્રી પુરુષો એમ જ ધારે છે કે, અમને કોઈ દેખતું જ નથી અને અમારા પ્રેમને કોઈ જાણતું જ નથી. પણ એ તેમની ભૂલ હોય છે; કારણ કે, પ્રેમ છૂપાવ્યો કદાપિ છૂપતો જ નથી; કસ્તૂરીને દાબી રાખવા છતાં પણ તેનો સુવાસ વાતાવરણમાં પ્રસરી જાય છે. જે પુરુષને તું પોતાનું સર્વસ્વ સમર્પી ચૂકી છે અને જેના નામને પ્રસિદ્ધ કરવાનું તું યોગ્ય ધારતી નથી, તે પુરુષનું નામ હું જાણું છું અને તેના ગુણોથી પણ હું સારી રીતે જાણીતો છું. તારા મનનો માન્યો મોહન!" લાલચંદે રોહિણીના ભેદને પ્રકટ કરી નાખ્યો.

"તમે એ વાત ક્યાંથી જાણી શક્યા?" રોહિણીએ અત્યંત આશ્ચર્યમાં પડી ગંભીર મુદ્રાથી પૂછ્યું.

"એ છીછાંછળા અને હલકા મનના મોહને પોતે જ પોતાનો ભેદ મને અને કૉલેજના બધા વિદ્યાર્થીઓને જણાવી દીધો છે. આજે પણ તે તને મળવામાટે અહીં આવવાનો હતો; પણ ગઈ કાલે રાત્રે નાલાયક એટલો બધો બેવડો ચડાવી ગયો કે તે ઓકવા લાગ્યો, બેભાન થઈ ગયો અને માંદો પડી ગયો, તેથી જ આવી ન શકયો. જ્યારે પણ એ ભાઈ સાહેબ બબ્બાના બહારમાં આવે છે, ત્યારે એમની એવી જ અવસ્થા થાય છે. વિદ્યાર્થીઓ એને ધિક્કારની નજરથી જુએ છે અને પ્રોફેસરો પણ એનાથી કંટાળી ગયા છે. એ તો એના બાપની શર્મે આડી આવે છે, નહિ તો કૉલેજમાંથી ક્યાર-નોય હાંકી કાઢ્યો હોત ! રોહિણી ! એવા એક વંઠેલ સાથે લગ્નની ગાંઠથી બંધાઇને તું સુખી થવાની આશા રાખે છે કે ?" લાલચંદે સમય સાધીને મોહનને રોહિણીની દૃષ્ટિમાં હલકો પાડવાની કોશિશ કરી.

રોહિણી—અનાથ અને અનુરાગવતી રોહિણીના હૃદયમાં લુચ્ચા લાલચંદનાં વચનો શલ્ય સમાન ખુંચતાં હતાં. તે કેટલીક વાર સૂધી નીચું મોઢું કરીને વિચારમાં લીન થઈ ગઈ અને પછી ધિક્કારમિશ્રિત ગંભીરતાથી કહેવા લાગી;—"ભાઈ લાલચંદ ! તમારાં વચનોને હું સત્ય તરીકે સ્વીકારી શકતી નથી; કારણ કે, મારું અંતઃકરણ એ આક્ષેપોને માન્ય રાખવાની ના પાડે છે. જે માણસ આજકાલના સુધારાની નિશાની રૂપ મનાતી સિગરેટ, ચાહ અને કૉફી જેવી વસ્તુઓના સ્પર્શને પણ પાપ માનતો હોય, તે જ માણસ બેભાન થઈ જાય ત્યાં સૂધી દારુ પીવાની હદ કરે, એ બની શકે નહિ. છતાં ધારો કે એ વાત ખરી પણ હોય, તોપણ તમારા જેવા એક પ્રતિસ્પર્ધીના મુખ-માંથી નીકળેલી એ વાત જૂઠી—તદ્દન જૂઠી છે, તમારી આ અતિશયોક્તિછે, તમારો આ મિથ્યા સંવાદ છે ! જુઓ—અત્યારે તેનો આ તાર આવ્યો છે." એમ કહીને રોહિ-ણીએ તાર ખીસામાંથી કાઢીને લાલચંદ તરફ ફેંક્યો.

લાલચંદે તાર વાંચી પાછો આપ્યો અને કટાક્ષમય હાસ્ય કરીને બોલ્યો; "હું પણ કહી ચૂક્યો છું કે તે બીમાર છે. પણ બીમારીનું કારણ જે મદિરાપાન તે તારમાં ક્યાં છે ? પાપી પોતાના પાપને એવી જ રીતે છૂપાવે છે—ખરેખર મોહન ; ઘણો જ ધૂર્ત અને ચાલાક માણસ છે."

"બસ-લાલચંદ ! જીભ બંધ કરો. જેને હું મારું સર્વસ્વ સમર્પી ચૂકી છું, તે ગુણી હોય કે અવગુણી હોય—ધર્માત્મા હોય કે પાપી હોય, પણ તેની નિંદા સાંભળવાની મારી ઇચ્છા નથી. કૃપા કરીને હવે ચાલ્યા જાઓ. મારી પ્રાર્થના છે કે, હવે આમ એકાંતમાં મને મળવા અને મારા સ્નેહ શાંતિના માર્ગમાં કંટક થવાને આવશો નહિ." રોહિણીએ પૂર્ણ તિરસ્કાર દર્શાવીને એ શબ્દો ઉચ્ચાર્યા.

લાલચંદ કાંઇક બોલવા જતો હતો, એટલામાં સ્હામેનાં વૃક્ષોની ઘટામાં ઉભેલી એક સ્ત્રીપર તેની નજર પડી અને તેવો જ તે નિસ્તેજ તથા દિગ્મૂઢ બની ગયો; તેના મુખમાંથી એક શબ્દ પણ બહાર પડી શક્યો નહિ. રોહિણીને તેના બોલવાનો કંટાળો આવી ગયેલો હોવાથી તેને આમ નિર્વાક્ થયેલો જોઇને તે પોતે કાંઈ પણ બોલ્યા ચાલ્યા વિના વીજળીના ઝબકારા પ્રમાણે ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ—આશ્રમમાંના પોતાના ઓરડામાં ચાલી ગઈ.

પ્રકરણ ૯ મું

સંતપ્ત સીતા !

ધીમાં પગલાંથી લાલચંદ તે વૃક્ષરાજી તરફ ચાલ્યો, અને તે સ્ત્રી સમક્ષ આવીને "કોણ, સીતા ?" એ બે શબ્દોનો બહુ જ ધીમા સ્વરથી તેણે ઉચ્ચાર કર્યો.

"હા-લફંગા લાલચંદ ! તારા કપટજાળમાં સપડાયલી, તારા કામિવિકારને વશ થઈ ભ્રષ્ટ થયેલી અને અતોભ્રષ્ટ તતોભ્રષ્ટની અવસ્થામાં આવી પડેલી હું તે જ અભાગિની સીતા-પવિત્ર સતી સીતાના નામને કલંક લગાડનારી કલંકિની સીતા !"

"પણ સીતા ! તું આમ વારંવાર મને હેરાન કર્યા કરે છે, તે સારું નથી. ચાર માસની વાતપર આવી જ રીતે કરાંચીમાં આવીને મને પજવ્યો હતો અને આજે ડાકણની પેઠે અચાનક અહીં નીકળી આવી છે ! શું તું મારો જીવ લેવાના નિશ્ચયપર જ આવી લાગી છે કે ? જો એમ જ હોય તો યાદ રાખજે કે, મારો જીવ લેવાને બદલે તું તારો જ જીવ ખોઈ બેસીશ !" લાલચંદે ગુસ્સાથી આંખો લાલચોળ કરીને કહ્યું.

"એમ કે લુચ્ચા લાલચંદ ? પણ હવે હું તારી આવી પોલી ગીદડ ભભકીઓથી બ્હી જવાની નથી. પ્રસંગ આવે તેવો દેખાવ કરવાની નાટકના પાત્ર પ્રમાણે તું કુશળતા ધરાવે છે, એ હું સારી રીતે જાણું છું. મને મોટી મોટી આશાઓ આપીને તથા મને પરણેતર બનાવીને સુખી કરવાનાં અનેકવાર વચનો ઉચ્ચારીને તેં મારો ભવ બગાડ્યો, તે વેળાએ તો તું મને રંભા અને મેનકાના નામથી બોલાવતો હતો અને હવે જ્યારે મારું પેટ ભરવું પડે છે, ત્યારે મને ડાકણ કહે છે કે ? ઓ સ્વાર્થી કૂતરા ! આ શબ્દો ઉચ્ચારતાં તારી જીભ તૂટી કેમ નથી પડતી ? અત્યારે મારા અંતઃકરણમાં શી વેદના થાય છે, તેની કલ્પના કર અને ઈશ્વરનો કાંઇક ભય રાખ. પાપી ! આ પાપ બોલશે નહિ, પણ એક દિવસ અવશ્ય તને બોળી મારશે. હું કરાંચીમાં આવી અને અહીં આવી, તે માત્ર આ મારા પાપી પેટમાટે ! ભ્રષ્ટ થવા છતાં પણ આત્મહત્યા કરીને મરવાની મારી ઇચ્છા નથી થતી, તેથી જ વારંવાર તારી પાસે ભિક્ષા માગવા આવવું પડે છે; નહિ તો તારા જેવા ચાંડાલનું મુખ જોવાથી પણ મને એક નવું પાતક લાગે છે. તું ભોળી અજ્ઞાન બાળાઓને ભમાવી તેમના સતીત્વનો ભંગ કરવાનો જ વ્યાપાર આદરી બેઠો છે. તું મહા પાપી છે-રૌરવ નરકનો અધિકારી છે !" સીતાએ પોતાનું દુઃખ અસહ્ય હોવાથી ઉભરા કાઢવા માંડ્યા.

"સીતા ! એક પાપની શિક્ષા તો તું ભોગવે છે, અને વળી મને ચાંડાલ માનવા છતાં મારાં દર્શનનું બીજું પાપ વ્હોરી લે છે, એ સારું નથી. હવે હું પણ તારાથી કંટાળી ગયો છું-મેહરબાની કરીને મોઢું ન બતાવે તો મોટો ઉપકાર!" લાલચંદે કહ્યું.

"હવે હું તને મોઢું ન બતાવું અને ઘરને ખૂણે ભૂખમરાથી જ રીબી રીબીને મરી જાઉં, કેમ ? એમ કદાપિ બનવાનું નથી. લાલચંદ ! પ્રથમ મને તેં તરત પરણવાનું કહ્યું હતું; ત્યાર પછી બાપની મિલ્કત હાથમાં આવે તો લગ્ન કરું; નહિ તો બાપા વારસો નહિ આપે, એમ જણાવ્યું અને મારા નિર્વાહની વ્યવસ્થા કરવાનું વચન આપ્યું. પણ

તે તારાથી પાળી શકાયું નથી. હવે તારા વચનમાંથી મારો વિશ્વાસ ઉઠી ગયો છે. તું લંપટ છે, લુચ્ચો છે અને જૂઠો પણ છે. તેં કહ્યું હતું કે, માર્જંદમાં જઇને છૂપી રીતે રહેજે અને હું તને મહિને દશ રૂપિયા ખર્ચમાટે મનીઑર્ડરથી મોકલી આપીશ. મેં તેમ કર્યું. એ ખર્ચ માત્ર બે મહિના સુધી જ તેં આપ્યો. ત્યાર પછી છ મહિના સુધી કાગળ કે પૈસાનું મેં નામ પણ સાંભળ્યું નહિ. લાચારીએ ઘરનાં ચાર વાસણ વેચી હું તને શોધતી કરાંચી આવી, એટલે બીમાર હોવાનું બહાનું બતાવી વીસ રૂપિયા આપ્યા અને હવે પછી જરૂર મોકલતો રહીશ એમ કહ્યું. મેં તે પણ માન્યું. પણ આજે ચાર મહિનાથી મને તારા તરફથી એક પાઈ પણ મળી નથી. કરાંચીમાં મારા સાંભળવા પ્રમાણે તું રંડીબાજી, જુગાર અને દારૂના વ્યસનમાં પૈસા બરબાદ કરે છે; પણ મને પૈસા નથી મોકલતો, એનું શું કારણ? રે હું માર્જંદમાં ચાર દિવસના અપવાસ ભોગવી કાંઈ મહેનત મજૂરી કરી પેટ ભરવાના ઇરાદાથી પગે ચાલતી આજે જ અહીં હયદરાબાદમાં આવી. ત્યાં સાંભળ્યું કે, અનાથાશ્રમમાં એક ચાકરડીની અગત્ય છે, એટલે અહીંની વ્યવસ્થાપક બાઇને મળવા આવતી હતી, એટલામાં તને મેં પેલી નિર્દોષ બાળા સાથે વાતચીત કરતો જોયો. મારું ઘણું પાકી આવ્યું હતું, છતાં તારી આબરૂ જાળવવામાટે હું જાહેર ન થતાં અહીં છૂપાઇને ઊભી રહી. બોલ હવે તારો શો વિચાર છે? જો—મારા ઘરમાં ખાવાને અન્ન નથી, પહેરવાને વસ્ત્ર નથી, રાંધવાને વાસણ નથી અને ઘરવાળાને આપવાનું ભાડું પણ નથી. માતાપિતા અને ભ્રાતા, ભગિની તથા સગાં સંબંધીઓએ મારો ત્યાગ કર્યો છે. એટલે તારા વિના મારો બીજો એક પણ આધાર નથી. સર્પનું હૃદય ક્રૂર હોય છે, પરન્તુ સ્ત્રીનું હૃદય તેથી વધારે ક્રૂર હોય છે અને તેમાં પણ પતિ, પુત્ર અને ધનહીન અબળાનું હૃદય તો ક્રૂરતાની સીમાનું ઉલ્લંઘન જ કરી જાય છે. એ વાતને ભૂલી જતો નહિ. મારું અમૃત તુલ્ય જીવન તો તારા કારણથી વિષમય બની ગયું છે; પણ જ્યારે હું એના પ્રતિશોધનો વિચાર કરીશ, ત્યારે તારું જીવન પણ એવું જ દુ:ખમય અને હલાહલમય બનાવી નાખીશ, એટલી મારામાં શકિત છે. આજે છેલ્લો દિવસ છે, મારી ભલાઈ અને સહનશીલતાનો અંતિમ દિવસ છે; મારા ભાવી સુખ કે દુ:ખનો આજે અને આ ક્ષણે જ નિર્ણય થઈ જવો જોઇએ. આશાના દુ:ખકારક તંતુમાં લટકી રહીને દુ:ખો સહન કરવાની મારી લેશ માત્ર પણ ઇચ્છા નથી. તારી એક ના કે હા ઉપર જ હવે મારી અને તારી પ્રતિષ્ઠાના રક્ષણ કે નાશનો આધાર છે. બોલ—જહરી સાપ! જલ્દ બોલ—તારી જીભને ખોલ. કેમ, બોબડી બંધ કેમ થઈ ગઈ? કરેલાં પાપો હૃદયને ડંખતાં તો નથી ને? મારું પાલન કરવું છે કે નહિ?" એ વાકયો ઉચ્ચારતી વેળાએ સીતાનો દેખાવ ચંડિકા સમાન ઉગ્ર દેખાતો હતો.

"જો સીતા! તું સુશીલ અને મને ચાહનારી છે, તો તારી આગળ હવે ખરો ભેદ છૂપાવવામાં મને હરકત જેવું જણાતું નથી. જાણી જોઇને મેં તને દુ:ખી કરી છે, એમ નથી જ. હું આજકાલ બહુ જ તંગીમાં છું, બાપા જે પૈસા મોકલે છે, તેથી કરાંચીમાં કૉલેજનો ખર્ચ પણ ચાલી શકતો નથી એટલે તને પૈસા કયાંથી મોકલી શકાય? હવે થોડા દિવસમાં જ કૉલેજ છોડીને કાંઈ વ્યાપાર કરવાનો મારો વિચાર છે અને તેથી પિતા પાસેથી મારા ભાગના પૈસા હું લઈ લેવાનો છું. એ પૈસા હાથમાં

આવશે, એટલે પાંચ હજાર રૂપિયા તારા નામે બેંકમાં રાખીને હું તને કરાંચી મોકલાવીશ અને ત્યાં આપણે પરણીને આનંદ કરીશું. સમજૂ થઇને આમ ઘેલી કેમ થાય છે?" લાલચંદે નમ્રતાનો સ્વીકાર કરી હથેલીમાં ચાંદ બતાવવાનો પ્રયત્ન કર્યો.

"નહિ, નહિ, પિશાચ! હવે તારા વાક્‌જાળમાં ફસાઇ જાઉં, એવી હું નાદાન નથી. આપણાં લગ્ન આ લોકમાં તો થવાનાં નથી જ–કદાચિત્ નરકમાં થાય તો થાય! તું મને પરણી ધર્મપત્ની બનાવી પોતાના અને મારા જીવનને સુખી કરીશ; એ આશાને મેં મારા મનમાંથી સદાને માટે કાઢી નાખી છે. હવે તો તારી પાસેથી નિર્વાહ પૂરતા પૈસા લેવાનો અને એકાંતવાસમાં વસી પ્રભુનું ભજન કરી પાપનું પ્રાયશ્ચિત્ત કરવાનો જ મેં દૃઢ નિશ્ચય કરેલો છે. ક્ષણિક સુખદાયી કામવિકારને વશ થવામાં જીવનની ધૂળધાણી વિના બીજો કશો પણ લાભ થતો નથી, એનો અનુભવ હું કરી ચૂકી છું. હવે પુનઃ એ દુઃખકારક માર્ગમાં વિચરવાનો મારો વિચાર જ નથી. બોલ, તું મને પૈસા આપે છે કે નહિ?" સીતાએ તતડાવીને કહ્યું.

"સીતા! આજની તારી વિચિત્ર વાણીના મર્મને હું સમજી શકતો નથી. જ્યારે તેં હરિજન થવાનો જ નિશ્ચય કર્યો છે, તો પછી મારી પાસેથી પૈસા મેળવવાનો લોભ શામાટે રાખે છે? હરિજનો અને ભક્તોના નિર્વાહમાટે હિંદુસ્તાનમાં પૈસા કે અન્ય વસ્તુઓની ખોટ નથી. તારે હરિદ્વાર કે કાશી જવું હોય તો રેલભાડું હું આપું; ત્યાં અનેક અન્નક્ષેત્રો ખુલ્લાં છે, ભિક્ષાવૃત્તિ કરીને નિર્વાહ ચલાવજે અને ધર્મશાળા કે દેવમંદિરમાં પડી રહી નિત્ય ગંગાસ્નાન કરી હરિભજનમાં જીવન વીતાડજે, એટલે તારું કોટિ કોટિ કલ્યાણ થઈ જશે. જો તું આવા શુભ વિચારપર આવી હોય તો બળાત્કારે તને સંસારબંધનમાં નાખી પાપી બનાવવાનો મારો વિચાર નથી. આ અસાર સંસારમાં એકાંતવાસ અને હરિભજન જેવો બીજો એક પણ આનંદ નથી. તું મહા ભાગ્યવતી કે આવા વિચારોનો તારા હૃદયમાં ઉદ્‌ગમ થયો છે." લાલચંદે ગંભીરતાનો મોટો ડોળ બતાવી સીતાના વિચારને અનુમોદન આપ્યું.

"પાપી! પિશાચપુત્ર! જે ભયંકર પાપ કરવાનુ હતું, તે તો તું કરી ચૂકયો છે. તારી કામવાસનાને તેં તૃપ્ત કરી છે, એટલે હવે આવી રીતે પરોપદેશમાં પાંડિત્ય બતાવે, એ સ્વાભાવિક જ છે. નરાધમ! સ્ત્રીનો તો પતિનાં ચરણોની સેવાથી જ ઉદ્ધાર થાય છે, પરન્તુ તે સેવા મારા ભાગ્યમાં ન હોવાથી જ મેં પ્રભુભજન કરીને પાપમુકત થવાની આશા રાખી છે. મને ત્રિશંકુ સમાન અવસ્થામાં લાવનાર તું હોવાથી મારા પાલનરૂપ પ્રાયશ્ચિત્ત તારે પણ કરવું જ જોઇએ. બસ, હવે હું તારા પાપી મુખમાંથી એક પણ શબ્દ નીકળેલો સાંભળવા માગતી નથી. હા, કે નાનો જવાબ આપ અને પછી જો કે શું પરિણામ થાય છે. હરિદ્વાર અને કાશીવાસની યોગ્યતા તેં મારામાં રહેવા કયાં દીધી છે કે એ આનંદ મને પ્રાપ્ત થાય? મને તેં એટલી બધી અપવિત્ર કરી નાખી છે કે, મારા સ્પર્શથી કદાચિત્ કાશી અને ગંગા પણ અપવિત્ર થઈ જશે, એવી જ મારા મનમાં શંકા થયા કરે છે. મને આજે, અત્યારે અને આ ક્ષણે જ, પૈસા જોઇશે. આપે છે કે નહિ?" એમ કહેતાંની સાથે જ સીતાએ પોતાની કમરમાંથી એક તીક્ષ્ણધારવાળી છુરી બહાર ખેંચી કાઢીને મહા ઉગ્ર સ્વરૂપ પ્રકટ કર્યું.

પાપી ગભરાયો અને ગભરાટમાં જ ભગ્ન સ્વરથી કહેવા લાગ્યો;–"સીતા! આ છુરી કાઢવાનું અને આવા ભયંકર હથિયારને પોતા પાસે રાખવાનું કાંઈ કારણ? મને આથી અતિ આશ્ચર્ય થાય છે."

"કારણ એ જ કે, તારા જેવો કોઈ પાપી આ શરીરપર બળાત્કાર ન કરી શકે. તારા વિના કોઈ પુરુષનો અદ્યાપિ આ શરીરને સ્પર્શ થયો નથી અને ભવિષ્યમાં થવાનો પણ નથી. પાપી હોવા છતાં પણ મારો પતિ તું જ છે; પરંતુ આજે જો મારી ઇચ્છાને આધીન થઈ નહિ વર્તે, તો આ છુરીનો, સતી ઢાંગા પ્રમાણે તારા પ્રાણ નાશના કાર્યમાં જ ઉપયોગ કરીશ અને હું પોતે પણ મરીશ!" સીતા બોલી.

"જો–સીતા! અત્યારે મારી દશા ઘણી જ ખરાબ છે–પૈસાની એટલી તંગી છે કે, કહેવાની વાત જ નહિ. એકવાર મારાપર દયા કરીને માજંદ જા–હું બે દિવસમાં ગમે તેમ કરીને પણ તને પૈસા મોકલીશ." લાલચંદ કરગરી પડ્યો.

"નાદાન! દયા જો દેખાડી હોય તો જ દયાની યાચના કરવી. બાવળ વાવીને આમ્રફળના સ્વાદની આશા રાખવી એ મૂર્ખતા છે. મને તારો એક કલાકનો વાયદો પણ કબૂલ નથી, તો પછી બે દિવસની તો વાત જ ક્યાં રહી? મુલતવી રાખવાનાં માઠાં પરિણામ હું ભોગવી ચૂકી છું, અને તેથી આ ક્ષણે જ સોક્ષ મોક્ષ કરી નાખવાના નિશ્ચયપર આવેલી છું. અણીનો ચૂકયો સો વર્ષ જીવે, માટે કાલની વાત જ જવાદે." સીતાએ કહ્યું.

"અચ્છું–જ્યારે તારો વિશ્વાસ મારામાંથી ઉડી જ ગયો છે, તો ચાલ મારી સાથે બજારમાં. આ સોનાનો અછોડો કોઇને ત્યાં ગીરવી રાખીને હું તને પૈસા આપું." લાલચંદે થોડીવાર વિચાર કર્યા પછી કહ્યું.

"એમ તો એમ, પણ યાદ રાખજે કે, બજારમાં છટકવાની તજવીજ કરીશ તો પૂરી ફજેતી થશે. આજે કાં તો હું નથી કે કાં તો તું નથી!" સીતાએ ભીષણતાથી કહ્યું.

લાલચંદ કુલેલીના કિનારાપરના માર્ગમાં ચાલવા લાગ્યો અને તેની પાછળ એક હાથના અંતરપર સીતા પણ ચાલવા લાગી. રાત્રિના લગભગ સાડા આઠ વાગ્યાનો વખત હોવાથી અને એ તરફ મનુષ્ય વસતિ ઓછી હોવાથી સર્વત્ર શાંતિનો જ પ્રભાવ જોવામાં આવતો હતો. સ્હામો કિનારો પણ બહુધા જનહીન હતો. નદીના ગર્ભમાં દૂર બે ત્રણ મછવા નાંગરેલા હતા અને તેના સઢપરના દીવા, તારાના પ્રકાશ પ્રમાણે દૂરથી ચમકતા દેખાતા હતા. લગભગ એકસો કદમ ચાલ્યા પછી લાલચંદ એકાએક ચાલતો અટકી ગયો અને વિચાર કરતો ઉભો રહ્યો. તેને ઉભો રહેલો જોઇને સીતાએ પૂછ્યું;–"કેમ–ઉભા રહેવાનું શું કારણ?"

"પુલ દૂર હોવાથી પુલપરથી ચક્કર ખાઇને જતાં ઘણો વખત લાગી જશે, એટલા માટે કોઈ મછવો મળે તો તેમાં બેસીને જ સ્હામે કિનારે પહોંચી જઇએ, તો વધારે સારું, એવા વિચારથી હું મછવાને જોવામાટે ઉભો છું." લાલચંદે જવાબ આપ્યો.

"અત્યારે મછવો મળવાનો નથી, માટે વ્યર્થ સમય ન ખોતાં આગળ ચાલવા માંડ." સીતાએ સૂચના આપી.

લાલચંદે એકદમ નદીના પ્રવાહમાં ઝીપલાવ્યું અને તેની આવી ચાલાકી જોઇને સીતાએ પણ સિન્ધુના જળ પ્રવાહમાં ભૂસ્કો માર્યો. લાલચંદ તરવાની કળામાં કુશળ હોવાથી એક ડૂબકી મારી કેટલાક અંતરપર નીકળી ગયો અને સીતા પાણીમાં તરવાનું વધારે જાણતી ન હોવાથી એકદમ તળિયામાં પહોંચી અને પાછી પાણીની સપાટીપર આવીને તરફડિયાં મારવા લાગી. નિર્દય લાલચંદ થાકી જવા છતાં જીવના જોખમે પણ અંતે સહીસલામત સ્હામે કિનારે પહોંચી ગયો અને ત્યાંથી તરત જ સ્ટેશન ભણી પસાર થયો. બિચારી સીતા નિર્વાહમાટે લાલચંદ પાસેથી પૈસા મેળવવાને બદલે જીવથી જવાની અણીપર આવી લાગી. તે નદીના મધ્ય ભાગમાં આવી અને જળના બળવાન્ પ્રવાહમાં સિન્ધુના મુખ્ય પ્રવાહ પ્રતિ તણાતી ચાલી. 'ધર્મનો જય અને પાપનો ક્ષય' એ કહેવત પ્રસિદ્ધ હોવા છતાં અત્યારે તો 'ધર્મનો ક્ષય અને પાપનો જય' દેખાવા લાગ્યો !

પ્રકરણ ૧૦ મું

કાશીમાં વ્યાખ્યાન

"अन्यक्षेत्रे कृतं पापं तीर्थक्षेत्रे विनश्यति"

કાશીપુરી કે કાશીક્ષેત્રનું પ્રાચીન નામ વારાણસી છે. એ પુરીના ઈશાન્ય* કોણમાં વારણા નદી અને નૈર્ઋત્ય કોણમાં અસિ નામની નાની નદી હોવાથી, એ બે નદીઓની વચ્ચેનો જે પ્રદેશ હતો, તે પ્રદેશને વારાણસી (વારણા+અસી=વારણાસી=વારાણસી) નામથી ઓળખવામાં આવે છે. અસિ નદી બહુ જ ન્હાની હોવાથી નકશામાં એ નદીને બતાવવાનો પ્રઘાત નથી. વારાણસી નામનું જ અંગ્રેજી રૂપાન્તર બનારસ થયેલું હોવું જોઇએ, એવું કેટલાક વિદ્વાનોનું અનુમાન છે. પરંતુ વારાણસીમાંના કેટલાક લોકો એમ કહે છે કે, 'એ નગર પૂર્વે બનાર નામના કોઈ રાજાએ વસાવીને અથવા તો પુનઃ બાંધીને તેનો પુનરુદ્ધાર કર્યો હતો, એટલે તે રાજાના નામ ઉપરથી એનું બનારસ નામ પડયું છે.' તેમના કહેવા પ્રમાણે એ નગર બનાર રાજાએ ૮૦૦ વર્ષ પૂર્વે બાંધેલું હોવું જોઇએ. કેટલાકોનો એવો અભિપ્રાય છે કે, બનારસ એ વારાણસી શબ્દનું જ અપભ્રષ્ટ રૂપ છે; છતાં વળી કાશી ક્ષેત્રમાં આ લોક અને પરલોકના રસોની એકતા થયેલી હોવાથી એકરસતા બની છે, એવો પણ અમુક ભાવિક જનો એનો અર્થ કરી બતાવે છે.

અબુલ ફજલે એ નગરીને પોતાના ગ્રંથમાં 'વારાણસી' નામથી જ વ્યક્ત કરી છે. સાતમી સદીમાં હિન્દુસ્તાનમાં આવેલા ચીની પ્રવાસી હુએનસંગે પણ શ્રાવસ્તીથી એ નગરનું અંતર બતાવીને એને 'પોલોનિસી' નામ આપેલું છે. ચીની ભાષા જાણનાર જ્યુલિયને એ 'પોલોનિસી' શબ્દનું ભાષાંતર 'વારાણસી' કરેલું છે. ચીની ભાષામાં 'પોલોનિસી' શબ્દમાંનો 'પ' અને 'લ' તે સંસ્કૃત ભાષામાંના 'વ' અને 'ર' અક્ષરોના સ્થાનમાં લખાયલા છે. ચીની ભાષામાં 'વ'ના સ્થાનમાં 'પ' વર્ગ અને 'ર' ના સ્થાનમાં 'લ'ની યોજના કરાય છે, જેમકે પોલોનિસી–વોરોનિસી–વારાનસી–વારાણસી.

* Vide Wilson's विष्णुपुराण P. P. 479, Hall's edition. IV.

વારાણુસી નામ બૌદ્ધ ગ્રંથોમાં પણ અનેક સ્થળે મળી આવે છે. એ જ સ્થાનમાં બુદ્ધ ભગવાને ધર્મોપદેશનો આરંભ કર્યો હતો, એમ બાદ્ધો માને છે. તેમના કહેવા પ્રમાણે વારાણુસીથી ઉત્તર દિશામાં ત્રણ માઇલ ઉપર એક સ્તૂપ છે અને બુદ્ધ દેવનું ઉપદેશ કરવાનું તે પ્રથમ સ્થાન હતું. 'ધમક' શબ્દ 'ધર્મોપદેશક' શબ્દનું જ અતિસંક્ષિપ્ત સ્વરૂપ હોવું જોઇએ, એવો પણ કેટલાક વિદ્વાનોનો અભિપ્રાય છે.

અત્યારે વારાણસીને જે 'કાશી' નામથી ઓળખવામાં આવે છે, તે નામ પણ બહુ પુરાતન છે. હિન્દુ લોકોના કહેવા પ્રમાણે વારાણસીમાં કાશી નામક કોઈ ચંદ્રવંશીય રાજા રાજ્ય કરતો હતો અને તેથી એ નગરને 'કાશી' નામ મળેલું છે. ટાલમીએ * 'કાશીપુર'નો 'કાશીદા' અથવા 'કશિદિયા' (Kassida or Kassidia) નામથી ઉલ્લેખ કરેલો છે.

કાશી એક અત્યંત પ્રાચીન ક્ષેત્ર છે. વિદ્યા, વૈભવ, અધ્યાત્મવિદ્યા અને ભક્તિ ઇત્યાદિનો એ નગરમાં અનેકવાર ઉદ્ભવ થયેલો છે, તેમ જ અત્યારે પણ એ રંગ થોડા ઘણા પ્રમાણમાં ત્યાં દેખાય છે. હાલના કેટલાક નવીન ધર્મપ્રસારકોમાટે તો પોતાના ડેરા ડંડાની જમાવટ કરવાના કેન્દ્ર સમાન જ તે થઈ પડયું છે. 'થિયોસોફી' નામક ધર્મની અધિષ્ઠાત્રી એની બેસંટે પણ પોતાની છાવણી વારાણુસીમાં જ નાખેલી છે. આ સર્વ છતાં કાશીની જીર્ણ શક્તિનો અદ્યાપિ સર્વનાશ થયો નથી. હિંદુઓના એ પવિત્ર સ્થાનમાં અનેકવાર દુષ્ટ જનોનો ઘટસ્ફોટ થયેલો છે અને તેથી જાણે તેઓ પાતકમુક્ત થવામાટે જ એ ક્ષેત્રમાં આવતા હોયની, એવો જ ભાસ થયા કરે છે. એ સ્થાનમાં યોગ્યતા પ્રમાણે ભક્તોની ઉન્નતિ અને અભક્તોની દુષ્ટ વૃત્તિઓનો નાશ થયા કરે છે. ભાગીરથીની જમણી બાજૂએ કાશી નગરી વસેલી છે અને રેલ્વે થયા પછી કાશીયાત્રા ઘણી જ સુગમ અને શીઘ્ર થઈ પડી છે. કાશીમાં હિન્દુઓનાં દેવમંદિરોની સંખ્યા લગભગ ૫૦૦૦ હજારની છે અને એ ઉપરાંત ધનાઢ્ય ગૃહસ્થોની મોટી મોટી હવેલીઓ, દેશ દેશના રાજાઓનાં મહાલયો, નાનાં મંદિરો અને મુસલમાનોની મસ્જિદોની સંખ્યા પણ ઘણી મોટી છે. એમાં એક પવિત્ર તળાવ, દુર્ગાદેવીનું મંદિર અને ઔરંગજેબ બાદશાહની બંધાવેલી મસ્જિદ એ ઘણાં વિશાળ છે. કાશીવિશ્વનાથ અને ભૈરવનાથનાં સુવર્ણ–મંદિરો, જ્ઞાનવાપિ અને કાશીથી ચાર માઇલના અંતરે આવેલા બુદ્ધના સમયનાં ખંડિયેરો–સારનાથના નામથી ઓળખાતાં ખંડિયેરો–ઇત્યાદિ સ્થાનો જોવા લાયક છે. કાશીમાં એ ઉપરાંત બીજાં પણ અનેક દર્શનીય સ્થાનો છે; પરંતુ નિત્ય લક્ષમાં રાખવામાટે જેમાં મુખ્ય સ્થળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે નમસ્કારાત્મક શ્લોક ઉત્તમ ધારીને અહીં આપવામાં આવે છે;–

"विश्वेशं माधवं धुंढिं दंडपाणिं च भैरवम् ।
वंदे काशीं गुहां गंगां भवानीं मणिकर्णिकाम् ॥"

કાશીપુરી પ્રાચીનકાળથી જ ભારતવર્ષની પ્રતિષ્ઠિત વિદ્યાપીઠરૂપ હોવાથી અને પવિત્ર ગંગાના તીરે વસેલી હોવાથી જો કાશીમાં મરણ થાય તો અવશ્ય સ્વર્ગ

* ભારતવર્ષીય પ્રા. ઐ. કોષ. પૃષ્ઠ ૫૩૦

કે મોક્ષની પ્રાપ્તિ થાય છે, એવી હિંદુઓની દૃઢ શ્રદ્ધા છે. કેટલાંક વૃદ્ધ સ્ત્રીપુરુષો મરણના સમયને પાસે આવતો જોઈ મરણની માર્ગપ્રતીક્ષા કરતાં કાશીક્ષેત્રમાં સદાને માટે નિવાસ કરે છે. **આલમચંદ** અને **યશોદા**ને પણ સંતાન ન હોવાથી અંતે કાશીમાં જ દેહાન્ત થાય અને મોક્ષ મળે, એ જ હેતુથી તેમણે કાશીનિવાસ કર્યો હતો. કાશીમાં આવતાં જ એક બે દિવસ જવા પછી પોતાના પૂર્વ સંકલ્પ પ્રમાણે **આલમચંદે** દશાશ્વમેધ ઘાટ પાસે થોડી જમીન લીધી અને ત્યાં મકાન બાંધનારા એક કોન્ટ્રેક્ટરને કોન્ટ્રેક્ટ આપીને સિંધના યાત્રાળુઓમાટે સારી સગવડવાળી ધર્મશાળા બંધાવવાની વ્યવસ્થા કરી. તે પોતે હાલ તરત તો એક ભાડાના મકાનમાં રહ્યો હતો. બેવાર સંધ્યા કરવી, કથાશ્રવણ અને દેવદર્શન તથા સાધુસંત અને વિદ્વાનો સાથે જ્ઞાનચર્ચા, એ જ **આલમચંદ**નો કાશીમાંનો વ્યવસાય હતો. સાધ્વી **યશોદા** પણ ગૃહકાર્યમાંથી મુક્ત થયા પછી ધર્મધ્યાનમાં જ પોતાનો સમય વીતાડતી હતી.

કાશીમાં અનેક સાધુઓ આવ્યા કરે છે અને કેટલીકવાર કાશીની ગંગાનદીના કિનારા ઉપર તેમનાં વિદ્વત્તાપૂર્ણ કે અવિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો સાંભળવાના કાશીનિવાસીઓને અનેકવાર અથાનક પ્રસંગો મળે છે. **આલમચંદ**ને કાશીમાં આવ્યાને પંદર વીસ દિવસ થઈ ગયા હતા. આજે તે દશાશ્વમેધ ઘાટ ઉપર સંધ્યાકાળે ફરવામાટે આવ્યો હતો. ત્યાં ચબૂતરાના ઓટલા ઉપર ઉભો રહી એક સાધુ વ્યાખ્યાન આપતો હતો. શ્રોતાઓની ભીડ જામેલી હતી. તે ત્યાં ગયો અને સાધુનું વ્યાખ્યાન સાંભળતો ભીડમાં ઉભો રહ્યો.

સાધુના શરીરનો દેખાવ ઘણો જ પ્રભાવશાળી હતો. તે મધ્યમ કદનો, શરીરે ભરેલો અને વર્ણે ગોરો હતો. દાઢી મૂછો મુંડેલી હતી અને એક લાંબો કાષાયરંગી ઝભ્ભો, કમ્મરે ફુમતાવાળી રેશમી દોરી અને માથા ઉપર કાષાય રંગી ફેંટો તથા નીચે ધોતિયું એટલાં વસ્ત્રો પરિધાન કર્યાં હતાં. ઘણાક સાધુઓ પગમાં જોડા પહેરતા નથી, પણ એણે તો સ્લીપર ચઢાવેલા હતા અને વળી સ્ટૉકિંગ્સ પણ પહેર્યાં હતાં. એ સર્વ બહિરંગ દૃશ્યથી તે કોઈ નવા જમાનાનો સાધુ કે સંન્યાસી હોવો જોઇએ, એવું સ્પષ્ટ અનુમાન કરી શકાતું હતું. એ સાધુ ઉર્દૂના કિંચિત્ મિશ્રણવાળી હિંદી ભાષામાં વ્યાખ્યાન આપતો હતો. આજના તેના વ્યાખ્યાનનો સારાંશ નીચે પ્રમાણે હતોઃ—

"**હિન્દુસ્તાનકે સાધુ**' યે હમારે આજકે વ્યાખ્યાનકા વિષય હૈ. આજકલ હિન્દુસ્તાનમેં સાધુઓંકી સંખ્યા ભયંકરતાસે બઢતી જાતી હૈ, ઔર ઉન્કે નિર્વાહકા ભાર સ્વલ્પ આયવાલે આરત ભારતકે ગૃહસ્થ નિવાસીઓંકે સરપર પડનેસે દિન દિન ભારતવર્ષ અવનતિકે સમુદ્રમેં ડૂબતા જાતા હૈ. કદાચિત્ યહાં કોઈ યે શંકા ઉપસ્થિત કરેગા કે સાધુ તો સંસારબંધનકો તોડનેવાલે ઔર ધર્મકા માર્ગ બતાનેવાલે હૈં, વો અવનતિકે કારણ કિસ રીતિસે હો સકતે હયેં ? યે શંકા યથાર્થ હૈ ઔર મયેંભી કહતા હું કે યદિ સાધુ-સચ્ચા સાધુ, નિઃસ્પૃહ, ઉદ્યોગી ઔર કર્ત્તવ્યપરાયણ હો, તો વો અવશ્ય ઉન્નતિકે શિખરપરહી લે જાતા હૈ. પરંતુ અયસે સાધુ બહોત કમ મિલ સકતે હયેં. વિશેષતઃ આજકલકે સાધુ નિરક્ષર, જાહિલ, ઔર દુર્વ્યસની હી હોતે

હયઁ. જો વિદ્વાન્ તથા પ્રતિષ્ઠિત હયઁ વો નિજ કર્ત્તવ્ય કો ભૂલ માન, અભિમાન, પ્રતિષ્ઠા તથા વૈભવવિલાસમેં તલ્લીન હોકર, સાધુ નામ ધારણ કરતે હુવે બડે ગૃહસ્થ બને બયઠે હયઁ. અર્થાત્ ભારતવર્ષકે ગૃહસ્થ ઇન સાધુઓંકે પાલનપોષણ મેં જો ધનકા વ્યય કરતે હયઁ ઉસકા બદલા ઉન્હેં કુછભી નહીં મિલતા હય. દેશમેં ઉદ્યોગહીન ઔર આલસ્ય-ભક્તોંકી સંખ્યા બઢનેકે કારણ દેશ દિન પ્રતિદિન દારિદ્રય કે અંધઃકારસે ઘિરા જાતા હય. ફિર કોઈ યે કહેગા કે ભાઈ! સાધુઓંકા સિવા રામનામ જપનેકે ઔર કર્ત્તવ્ય હી કયા હય? ક્યોં કે સંસાર કે કર્ત્તવ્યોંકો છોડ કર તો વો સાધુ બને હૈં; અગર કર્ત્તવ્ય કરના હોતા તો સાધુ ક્યોં બનતે? યે કોટિ ઠીક નહિ હય. જો યે માનેંગે, તૌ ફિર જિતને કર્ત્તવ્યહીન પુરુષ હોં, ઉન સર્વકો સાધુહી માનના હોગા. સાધુ સંસારકે અશ્લીલ પ્રપંચોંકો તો ત્યાગતા હય, પરંતુ ફિરભી ઉસકા એક કર્ત્તવ્ય અજ્ઞાન પ્રજાકો સજ્ઞાન બનાનેકા હય. બીમારોંકી શુશ્રૂષા કરના ઔર દુઃખી મનુષ્યોંકે મનકા સાંત્વન કરના યેભી સાધુઓંકા પરમ કર્ત્તવ્ય હય. પરમાર્થસાધુ હોનેકે બદલે વર્તમાન કાલમેં સાધુ સ્વાર્થ-સાધુ હી બને ફિરતે હયઁ, લક્ષ્મીકા તથા લલનાકા લોભ રખતે હયઁ, ઔર ખાનપાનકી વસ્તુઓંકો સ્વાદસે ચખતે હયઁ! યહી ઉનકા આજકલ પરમ ધર્મ, પરમ કર્ત્તવ્ય ઔર જીવન હો રહા હય. મયંને અયસે અનેક સાધુ દેખે હયઁ કે જો સાધુકે સ્વરૂપમેં શયતાન હયઁ—કિસીને ઠીક કહા યહ કે 'નીમ હકીમ ખતરયે જાન, નીમ મુલ્લા ખતરયે ઇમાન!" યાની આધા હકીમ જાનકો જોખમમેં ડાલ દેતા હય, ઔર અર્ધદગ્ધ ધર્મગુરુ ધર્મકા નાશ કરનેવાલા હોતા હય. દુર્ભાગી ભરતવર્ષમેં ઇસ કહાવતકી સત્યતાકા હમ આજકલ પ્રત્યક્ષ અનુભવ કર રહે હયઁ. સાધુ નામધારી શયતાન અયસે દાંભિક ઔર ગલકટ્ટે હોતે હયઁ કે પરમાત્મા બચાવે! અનેક પ્રકાર કે પાખંડોંકા વિસ્તાર કરકે અજ્ઞાન પુરુષવર્ગ ઔર ભાવિક સ્ત્રીવર્ગકો વો ભ્રમમેં ડાલ દેતે હયેં, ઔર ઉનકે ધન, શીલ તથા સર્વસ્વકા હરણ કરકે સ્વયં મહાત્મા બને અમનચમન ઉડાતે હયઁ. સિર્ફ ઇતના હી નહીં, કિંવા સાધુ—અહિંસા પરમો ધર્મકા પ્રતિપાદન કરનેવાલે સાધુ—મનુષ્યહિંસા ઔર સ્ત્રીહત્યા કરનેકો તો અપના પરમધર્મ માનતે હયઁ—કહિયે મહાશય! અયસે સાધુઓંકા આર્યાવર્ત્તમેં હોના કયા આર્યાવર્ત્તકે ઉદયકા ચિહ્ન હય? મયેં અયસેહી એક શયતાન સાધુકા ચેલા થા, ઔર અપની અજ્ઞાનાવસ્થામેં શયતાન ગુરુકી આજ્ઞાનુસાર મયઁ ખુદ અયસે કનિષ્ઠ કર્મ કરતા થા—મગર જબ આંખેં ખુલીં તો અયસે કામોપર તિરસ્કાર તથા ધિક્કાર હોને લગા. ગુરુશિષ્યકે સંબંધકો તોડ ડાલા ઔર પવિત્રતામેં જીવનકો વ્યતીત કરકે જનસમાજકો અયસે સાધુઓંકે કપટ-જાલસે બચનેકા માર્ગ દિખલા દેનેકા નિશ્ચય કરલિયા. મેરી સર્વ મહાશય તથા મહાશયાઓંકો યહી પ્રાર્થના હય કે કિસી સાધુમેં વિશ્વાસ કરતે સમય પાત્ર અપાત્રકા વિચાર કરો, અંધશ્રદ્ધાળુ ન બનો, ઔર વિના કારણ દાન કરકે ધનકા નાશ ન કરો. અપાત્રકો દાન દેનેસે મનુષ્ય પાપભાગી હોતા હય, યે કયા આપ નહીં જાનતે? મગર આજકલ બહુધા રેશમકી ગદ્દીપર બયઠનેવાલે, હાથીકી સવારી કરનેવાલે, વ્યભિચારમેં રત રહનેવાલે, ઔર વૈભવોંકો ભોગનેવાલે કુપાત્ર સાધુઓંકોહી દાન દિયા જાતા હય; ઔર સચ્ચે સાધુઓંકા વો દાંભિક ન હોને કે કારણ અપમાન કિયા જાતા

હય. યહી કહાવત ઠીક માલૂમ હોતી હય કે 'ભરેકો સબ કોઈ ભરતા હય, ઔર ગરીબોંકો દેના હો તો તીન પાંચ કરતા હય.' રુગ્ણ, અવયવહીન તથા સાધનહીન કિંવા સુશીલ કર્ત્તવ્યપરાયણોંકા પરિપાલન કરો, ઉન્કે દુઃખોંકા ક્ષાલન કરો; પરંતુ પાપી કલંકિત સાધુઓંકે સંગકા ત્યાગ કરો, ઉન્કે દર્શનસે દૂર રહો; નહીં તો જિન્દંગીકી બરબાદી હોગી, ઔર હર ઘરમેં સારે મુલ્કમેં ખાનાખરાબીકી આબાદી હોગી.—"

સાધુ આગળ બોલવા જતો હતો એટલામાં અચાનક આલમચંદ ઉપર તેની દૃષ્ટિ પડી અને તે બોલતો અટકી ગયો. જેમ તેમ તેણે પોતાના ભાષણની સમાપ્તિ કરી નાખી, એટલે લોકો વ્યાખ્યાનના વિષય વિશે પોતપોતાના વિચારો દર્શાવતા જૂદી જૂદી દિશામાં વિખરાઈ ગયા.

—※※※—

પ્રકરણ ૧૧ મું

સાધુ અને આલમચંદ

આલમચંદ ઘાટ ઉપર બેઠો, એટલામાં તે વ્યાખ્યાતા સાધુ પણ ત્યાં આવી લાગ્યો. આલમચંદની જોડમાં જ બેસીને તેણે સવાલ કર્યો કે;—"મહાશય! આપ અહીંના નિવાસી છો કે યાત્રાળુ પ્રવાસી છો, તે કૃપા કરીને જણાવશો?"

"મહાત્માજી! આપ એ સવાલ અચાનક કેમ પૂછો છો વારુ?" આલમચંદે સ્હામો સવાલ કર્યો.

"કારણ કે, મને એમ સ્મરણ છે કે, કેટલાંક વર્ષની વાત ઉપર મેં આપને સિંધ હયદરાબાદમાં જોયા છે. જો આપ તે જ હો, તો મારું આપની સાથે કામ છે; પણ જો એકસરખા અનેક માણસો હોય છે એમ હોય, એટલે કે આપને ઓળખવામાં મારી ભૂલ થઈ હોય તો આપેલી તકલીફમાટે આપની ક્ષમા માગીને હું જવાની રજા લઇશ;" તે સાધુએ કહ્યું.

"મહારાજ! આપની ધારણા ખરી છે. સિંધ હયદરાબાદમાં આપે મને જરૂર જોયો હશે. હું ત્યાંનો જ નિવાસી છું; થોડા દિવસથી જ અહીં કાશીનિવાસ કરવામાટે આવ્યો છું." આલમચંદે કહ્યું.

"આપનું એક મકાન ફુલેલીના કિનારા ઉપર છે?"

"હા."

"અને આપનું નામ દીવાન આલમચંદ?"

આલમચંદ આશ્ચર્યચકિત થયો અને ડોળા ફાડી તેની તરફ જોતો કહેવા લાગ્યો; "મહારાજ! આપ મને આટલે સુધી ઓળખો છો અને હું આપને બિલ્કુલ ઓળખતો નથી, એનું શું કારણ? મારી સ્મરણશક્તિ વિસ્મરણના રૂપમાં તો નથી ફેરવાઈ ગઈ!"

"ના, ના! એમ નથી. હું જ્યારે હયદરાબાદમાં હતો ત્યારે તમને ઓળખી શકવાનાં મારી પાસે અનેક કારણો હતાં; અને હું સાધારણ સ્થિતિમાં હોવાથી તમે મને ન ઓળખો, એ સ્વાભાવિક હતું. મહાત્મા ગોપાળદાસના મંદિરમાં કથાશ્રવણ

કરવા તમે આવતા હતા." સાધુએ કહ્યું. ગોપાળદાસને મહાત્માનું વિશેષણ આપતાં તેના મનમાં થયેલા ધિક્કારની છટા તેના મુખમંડળમાં દેખાઈ, પણ ભોળો આલમચંદ તે રહસ્યને જાણી શકયો નહિ. તે બોલ્યો;—"હા—ભગવદવતાર મહાત્મા ગોપાળદાસના મંદિરમાં કથાશ્રવણમાટે જવાનો તો મારો નિત્યનો નિયમ જ હતો."

"મેં પણ તમને સર્વથી પ્રથમ ત્યાંજ જોયા હતા. પણ હું આપને એક ખાનગી વાત કહેવા માગું છું," સાધુએ કહ્યું.

"જે ખાનગી વાત કહેવાની હોય, તે ખુશીથી કહો. આપ પવિત્ર અને સુશીલ સાધુ છો, એવો મારો વિશ્વાસ હોવાથી આપને જો કોઈ પણ પ્રકારની મદદ જોઈતી હોય તો મારાથી બનતી સહાયતા આપવાને હું તૈયાર છું." આલમચંદે તેના બોલવાનો સાધારણ અર્થ ઉપજાવીને કહ્યું; કારણ કે; એ સાધુને કોઈ વસ્તુ કે પૈસા ટકાની આવશ્યકતા હશે અને તે વિશે જ તે ખાનગી રીતે કાંઈ કહેવા માગતો હશે, એવી જ દીવાનની કલ્પના હતી.

સાધુ ગંભીર મુદ્રા કરીને કહેવા લાગ્યો; "દીવાન સાહેબ! એક સમયમાં હું લોકોને ધૂતી ઉલ્લુ બનાવીને પૈસા કઢાવનાર શયતાન અથવા કાફિર સાધુ હતો; પણ આજે હું સત્ય સાધુ છું. માત્ર પહેરવાને વસ્ત્ર, ખાવાને અન્ન અને પ્રવાસમાટે રેલભાડું મળવાથી હું સંતુષ્ટ રહું છું. જ્યાં જાઉં છું ત્યાં ધર્મશાળામાં ઉતારો કરું છું, તેમ જ હું એક સ્થાનમાં આઠ દશ દિવસથી વધારે રહેતો નથી. ભિન્નભિન્ન સ્થાનોમાં પ્રવાસ કરીને લોકોને ઉપદેશ આપવા રૂપ સેવા કરવામાં જ મારું જીવન વીતાડવાનો મેં નિશ્ચય કરેલો છે. બૈરાં છોકરાંની જંજાળમાં પડ્યા નથી એટલે 'જોરૂ ન જાત, અલ્લામિયાંસે નાતા' જેવા જ હિસાબ છે. મારે તમારી પાસેથી પૈસાની કશાની મદદ માગવાની નથી; કિન્તુ એક બીજી જ વાત કહેવાની છે, અને તે વાત તમારા પોતાના જ હિતની છે."

"મહાત્મા! મારા અપરાધની ક્ષમા કરો. જે વાત કહેવાની હોય તે કહીને આભારી કરો." આલમચંદે વિવેક દર્શાવીને કહ્યું.

"મારી વાર્ત્તા જો તમે કોઈ એકાંત સ્થાનમાં ચાલીને સાંભળો, તો વધારે સારું. તે વાર્ત્તા આ સ્થળે તમને સંભળાવવા જેવી નથી."

"એટલું બધું આપની વાર્ત્તામાં શું રહસ્ય છે?" આલમચંદે આશ્ચર્ય બતાવીને પૂછ્યું.

"રહસ્ય છે તો બહુ છે અને નથી તો કાંઈ પણ નથી. મારી વાર્ત્તા સાંભળીને કાં તો તમારો હર્ષ મટી જશે અને કાં તો તમે અગાધ શોકસાગરમાં ડૂબીને પ્રમાદી બની જશો. મારી વાર્ત્તાના શ્રવણથી તમારા મનમાં બેમાંથી એક પ્રકારનો આઘાત તો અવશ્ય થશે જ. જો એ આઘાતને સહન કરવાની શક્તિ તમારામાં હોય, તો જ મારી વાર્ત્તા સાંભળજો; અન્યથા અજ્ઞાન જ વિશેષ સુખાવહ છે" સાધુએ પ્રસ્તાવના કરીને પોતાની વાર્ત્તાની ભયંકરતા પ્રદર્શિત કરી.

"મહારાજ! આપ અવશ્ય કોઈ વિલક્ષણ પુરુષ છો. આપના વચનમાં મારો પૂર્ણ વિશ્વાસ છે. હું મારા જીવના જોખમે પણ આપની રહસ્યમયી વાર્ત્તા સાંભ-

બીશ. જો મારું હૃદય મીણ જેવું નરમ હશે, તો થોડા વખતને માટે હું તેને પથ્થર પ્રમાણે કઠણ બનાવીશ; મારી આંખોમાં આંસૂ આવશે, તો તેને શોકના અગ્નિવડે સૂકવી નાખીશ અને છાતી ફાટવા માંડશે, તો હિમ્મતના આધારે તેને ફાટતી અટકાવીશ. જ્યાં આપ કહો, ત્યાં હું ચાલવાને તૈયાર છું; અને તેમ નહિ તો મારું ઘર છે–ત્યાં પધારો" **આલમચંદે** વિચારના વમળમાં ગોથાં ખાઇને કહ્યું.

"આપનું પોતાનું ઘર જ વિશેષ અનુકૂળ થશે; કારણ કે, આઘાત અસહ્ય થવાથી આપને મૂર્ચ્છા આવે, તો શુદ્ધિમાં લાવવાનું કાર્ય સુલભ થઈ પડે!" સાધુ બોલ્યો.

"પધારો ત્યારે." **આલમચંદ** અધીરતાથી બોલ્યો.

બન્ને જણ ત્યાંથી ચાલ્યા–રાજઘાટ પાસેના એક મકાન આગળ આવી **આલમચંદ** ઉભો રહ્યો. નોકરને બોલાવતાં નોકરે દ્વાર ઉઘાડ્યાં. દીવાને નોકરને હુકમ આપ્યો;–"ઉપરની અગાસીમાં સેતરંજી બિછાવ અને દીવો મૂકી આવ. પાણીના બે લોટા અને પ્યાલા પણ ભરી રાખજે. તું નીચે બેસજે–તારી શેઠાણી કે બીજા કોઇને ઉપર આવવા ન દેતો."

નોકરે આજ્ઞા પ્રમાણે સર્વ વ્યવસ્થા કરી. યશોદા તો નીચેના ઓરડામાં રસોઈ કરવામાં રોકાઈ હતી, એટલે તેનાથી તો ઉપર જવાય તેમ હતું જ નહિ. **આલમચંદ** અને સાધુ અગાસીમાં આવ્યા અને સેતરંજી ઉપર બેઠા. નોકર દીવો સળગાવી ગયો. દીવાને સાધુને જળપાન કરવાનો વિવેક દર્શાવીને કહ્યું; "મહારાજ! અહીં પૂર્ણ એકાંત છે; જો આપને વાંધો ન હોય તો વાર્તાનો આરંભ કરો."

સાધુએ જળપાન કર્યા પછી કહ્યું; "મહાપુરુષ **આલમચંદ**! જે વાર્તા અત્યારે હું તને સંભળાવાનો છું તે મારાં પોતાનાં પાપકર્મોની હૃદયદ્રાવક કથા છે અને મારા એ પાપના પ્રતાપે જ તારા સંસારસુખનો નાશ થવાથી તને કાશીનિવાસ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. કેટલાંક વર્ષો પછી પણ પૂર્વ પાપોનું સ્મરણ હૃદયમાં કેટલી અને કેવી ભયંકર વેદના ઉપજાવે છે, એનો આ ક્ષણે મને પૂર્ણ અનુભવ થયો છે; છતાં મારે હૃદયને દૃઢ તથા વજ્રરૂપ બનાવીને એ પાપને વ્યક્ત કરી, પશ્ચાત્તાપરૂપ મનોભાર ઓછો કરવો જ જોઇએ!"

પ્રકરણ ૧૨ મું

સાધુનો વૃત્તાંત–મળેલો પત્તો!

"He who seeks Repentance for the past
Should woo the angel Virtue in the future."

Lytton, Lady of Lyons.

ભાષણ કરનારા સાધુએ, **આલમચંદને** કહ્યું;–"મારી જન્મભૂમિ ફળદ્રૂપ પંજાબ દેશ છે. પંજાબમાં આવેલા ગુજરાંવાલા ગામમાં તે વખતમાં સુશીલ અને સાધનસંપન્ન મનાતા એક રાજપૂત જમીનદારના ગૃહમાં મારો જન્મ થયો હતો. હું મારાં માતા પિતાનો એકનો એક જ પુત્ર હતો. હું દશ વર્ષનો થયો, તે વેળાએ કોલેરાનો ઉપદ્રવ થવાથી એક જ દિવસમાં મારાં માતાપિતાનો સ્વર્ગવાસ થયો; અને હું આ

સંદિગ્ધ સંસારમાં અનાથ થઈ ગયો. મારા પિતાનું નામ ભોલાસિંઘ અને માતાનું નામ પાર્વતી હતું. મારા પિતા નામ પ્રમાણે ગુણ ધરાવનારા એટલે કે, ભોળા જ હતા અને માતા પાર્વતીની જ પ્રતિમા હતી. મરવાનો સમય અચાનક આવવાથી પોતાની મિલકત અને જમીનદારી તેઓ મારા નામે ચઢાવી ન શક્યાં, એટલે મારા પાલનનો ભાર માથે લઇને મારા કાકાએ બધો વહીવટ ચલાવવા માંડ્યો. એક વર્ષ તો ઠીક ઠીક વીત્યું, પણ બીજા વર્ષમાં કાકાની દાનત બદલાયલી દેખાવા માંડી. ખોટાં ખરાં કારણો બતાવીને તેણે બધી જમીન વેચી નાખી અને રોકડ નાણું તથા ઘરેણાં અદૃશ્ય કરી દીધાં એટલું જ નહિ, પણ મારી ક્રૂર કાકી-પૂતનાની નાની થવાને યોગ્ય કાકી-ના ઉપદેશને માન્ય કરી, આબરૂ ઇજ્જતની પરવા ન રાખતાં કાકાએ મને મારા ઉપર ચોરી કરવાનો આરોપ મૂકી ઘરમાંથી બહાર કાઢી મૂક્યો. મારા ઉપર મૂકાયલો ચોરીનો આરોપ તરછટ ખોટો હતો, પણ ભવિષ્યમાં મારા ચોર થવાની સૂચના આપનારો હતો. અર્થાત્ પછીથી હું એક નામાંકિત ચોર નીવડ્યો. કાકાએ કાઢી મૂક્યા પછી હું ગામમાં આમ તેમ આથડતો રહ્યો. ગર્ભશ્રીમાન્ હોવાથી હૃદયમાંના એક પ્રકારના ગર્વને લીધે હું કોઇને ત્યાં આશ્રમ માગવા ન ગયો અને બે દિવસ ભૂખ અને તરસથી પીડાઈ આત્મહત્યા કરીને મરી જવાનો નિશ્ચય કર્યો. રાત્રિ સમયે ગામ બહારના નિર્જન ભાગમાં આવેલા એક કૂવા ઉપર હું ગયો, અને કપડાં સાથે એક મોટો પથ્થર બાંધી કૂવામાં પડવાને તૈયાર થયો. એ કૂવાની આસપાસ પથ્થરની એક ગોળ વિશાળ પડથાળ બાંધેલી હતી. હું જે બાજૂએ ઉભો હતો, તેની સ્હામી બાજૂએ કોઈ માણસ સૂતેલો હતો; પણ અંધારામાં હું તેને જોઈ શક્યો નહિ. જ્યારે પડવાનો વખત થયો, ત્યારે મારી આંખોમાં આંસૂ આવી ગયાં અને દુઃખના આવેગમાં મારાથી બોલી જવાયું;-"હે પરમાત્માન્! બાપની આટલી બધી દોલત હોવા છતાં કાકાની બેવફાઇથી આજે ભૂખે મરીને મને આપઘાત કરવાનો જ વખત આવે છે! વાહ પ્રભુ!" આ શબ્દો તે સૂતેલા માણસે સાંભળેલા હોવા જોઇએ; કારણ કે, તે તરત ઉઠીને દોડી આવ્યો અને હું કૂવામાં પડવા જતો હતો, એટલામાં ત્યાં આવીને મને મજબૂતીથી પકડી લીધો. મને આશ્વાસન આપવા સાથે પોતાની ઝોળીમાંથી શીરો કાઢીને ખવડાવ્યો અને ત્યાર પછી મારાં દુઃખોની વાર્તા મારા મોઢેથી સાંભળી લીધી. પછી તે કહેવા લાગ્યો; 'ચિન્તા ન કર. તું મારી સાથે ચાલ. તારા કાકા પાસેની તારી દોલત અમે તને વસૂલ કરી આપીશું.' મારા મનમાં આશા ઉત્પન્ન થઈ અને હું તે માણસની ઇચ્છાને આધીન થયો.

"ત્યાંથી અમે તે જ ક્ષણે રવાના થયા અને જંગલમાંનો માર્ગ કાપવા લાગ્યા. માર્ગમાં જ તે સાધુ જેવા દેખાતા માણસે મને બોધ આપવાની શરૂઆત કરતાં કહ્યું; 'બેટા! આમ આપઘાત કરીને મરવું, એ તો બાયલાનું કામ છે. દુનિયા ઠગારી, ચોર અને બેઇમાન હોવાથી આપણે પણ દુનિયાને ચોરી, ઠગાઈ અને બેઇમાનીથી જ પાયમાલ કરવી જોઇએ. આપણી ખરી મર્દાઈ એમાં જ છે. જ્યાં કાકાએ ભત્રીજાને પાયમાલ કરવામાં ધર્મ અધર્મનો વિચાર ન રાખ્યો, તો પછી પારકાઓને પાયમાલ કરવામાં આપણે ધર્મ અધર્મનો વિચાર શામાટે રાખવો જોઇએ? આજે તો મારે તેની તલવાર-ઇમાનદાર ભૂખે મરે છે અને બેઇમાન માલ મલીદા ખાય છે! સતીને સાડી નથી

મળતી ને વેશ્યા પટકૂળ પહેરી ફરતી દેખાય છે; ધર્મીને ત્યાં ધાડ ને પાપી પરમાનંદમાં પસાર! માટે આજકાલ તો જેમ બને તેમ ગાંઠ કરવાનો જ શુમાર રાખવો. અમે એ જ મતના છીએ, રંગ જોઈને અનેક વેશ બદલીએ છીએ અને પૈસા પેદા કરીએ છીએ. તું જો અમારા મંડળમાં રહીશ તો થોડા વખતમાં જ પૈસાદાર થઇશ. અમારો ભેદ ન ખોલવો, એટલી જ તારે ઇમાનદારી રાખવાની છે. જવા દે, એક કે બે વર્ષ અને જો કે તારા કાકાની દોલત તારા હાથમાં આવે છે કે નહિ!' મને પણ તેનો એ ઉપદેશ રુચ્યો અને હું તનમન ધનથી તેનો પરમનિષ્ઠ ભક્ત બની ગયો.

"ધર્મશાળાઓમાં રાતવાસો કરતા સતત ત્રણ દિવસના પ્રવાસ પછી અમે એક ન્હાના ગામડામાં આવી પહોંચ્યા. ત્યાં અમે એક ઝૂપડા જેવા મકાનમાં ગયા. મકાન જૂનું પણ વિશાળ હતું અને મારા ઉપકારકના વ્યવસાયબાંધવોનું એ જ હેડક્વાર્ટર હતું. અમે ત્યાં સવારમાં નવ વાગે પહોંચ્યા. મકાનમાં જૂદા જૂદા આઠ ઓરડા નીચેના ભાગમાં અને બે ઓરડા ઉપરના ભાગમાં હતા. એ ઓરડામાં જૂદાં જૂદાં કામો ચાલતાં હતાં. એક ઓરડામાં ભિક્ષા માગવાની કળા શીખવવામાં આવતી હતી અને લોકોના મનમાં દયા ઉપજાવવામાટે કેવા કેવા અભિનયો કરવા, એ ઘણી જ ચાલાકીથી શીખવવામાં આવતું હતું. આંધળાનો દેખાવ કેમ કરવો, મરણુસમયનું હૃદયદ્રાવક ભાષણ કેવું હોવું જોઇએ, લંગડાની ચાલ કેમ ચાલવી, અમુક પ્રકારના રંગો શરીરને લગાડીને કોઢિયા તથા રક્તપિત્તના રોગીનો દેખાવ કેમ કરવો, મુંગા બનતી વખતે જીભને કેમ પલટાવવી અને બહેરાનો વેષ કેમ ભજવવો ઇત્યાદિ કળાઓનું પ્રેક્ટિકલ શિક્ષણ દક્ષતાથી આપવામાં આવતું હતું. બીજા ઓરડામાં ઘર ફાડવાની અને ચોરી કરવાની રીતો ભણાવવામાં આવતી હતી. ત્રીજા ઓરડામાં લૂટફાટનો ધંધો શીખવાતો હતો. ચોથા ઓરડામાં ચોરી કરવાનાં, લૂટફાટનાં અને ભિક્ષુકોના વેષ બદલવામાં ઉપયોગી થનારાં વસ્ત્ર, રંગ અને હથિયાર આદિ સાધનોનો ભંડાર ભરેલો હતો. બાકીના ઓરડા સુવા બેસવાના અને રાંધવા વગેરેના કામમાં વપરાતા હતા. ઉપરના ઓરડા મંડળના અગ્રેસરોના નિવાસમાટે તથા સભા ભરવામાટે રાખવામાં આવ્યા હતા. સર્વાનુમતિથી અને મારા ઉપકારકની ખાસ ઇચ્છાથી મને એ દુનિયાને ઠગનારા મંડળનો એક સભાસદ (મેમ્બર) બનાવવામાં આવ્યો. બીજા દિવસથી ભિક્ષુકના વર્ગમાં હું શિક્ષણ લેવા લાગ્યો. બે મહિનામાં તો ભીખ માગવાની કળામાં અને લોકોની દયા મેળવવામાં હું એટલો બધો ચાલાક બની ગયો કે, જ્યારે પણ મારા વારા પ્રમાણે હું શહેરોમાં ભિક્ષાવૃત્તિ કરવા જતો, ત્યારે બધા કરતાં સારી અને વધારે રકમ લઇને જ પાછો ફરતો હતો. મારા અગ્રેસરોની મેહરબાની મારા ઉપર વધવા લાગી અને તેથી દિવસે ભિક્ષુક હોવા છતાં રાત્રે હું નાના પ્રકારના વૈભવોનો ઉપભોગ લેવા લાગ્યો. મદિરાપાન, માંસાહાર અને સુશોભિત વસ્ત્રો ધારણ કરવાના શોખનો હું ગુલામ બની ગયો. અમારા મંડળના અગ્રેસરો વારંવાર લૂટફાટ અને ચોરી કરીને એટલો બધો માલ લાવતા કે તેમના ભંડારને જોઇને મને અરેબિયન નાઇટસ્‌માંના ચાળીસ ચોર અને તેમના સરદારની વાત વારંવાર યાદ આવ્યા કરતી. એ સઘળો માલ તે મકાનમાંના એક ભોંયરામાં રાખવામાં આવતો હતો.

"લગભગ બે વર્ષ સુધી ભિક્ષા માગવાનું કામ કર્યા પછી હું ચોરી અને લૂટફાટ કરનારા વર્ગમાં દાખલ થયો. મારા ઉપરીઓને સમજાવી એક દિવસ લાગ સાધીને મેં મારા પોતાના એટલે કે કાકાના મકાનમાં રાત્રે ખાતર પાડયું. ઘરમાં રોકડ અને ઘરેણું રાખવાનાં સ્થળો હું જાણતો હોવાથી બધો માલ અમારા હાથમાં આવ્યો અને એ ચોરીનો કાકાને કે પોલીસને કાંઈ પણ પત્તો મળી શકયો નહિ. પાછળથી મારા સાંભળવા પ્રમાણે મારો કાકો ગાંડો થઇને મરી ગયો અને તેનાં બાલબચ્ચાં દુઃખમાં જીવન ગાળવા લાગ્યાં. મને દયા આવવાથી હું તેમને વારંવાર છૂપી રીતે મદદ આપતો હતો અને તેથી મારી કાકી પોતાની આગલી બેઈમાનીને યાદ કરી વારંવાર રડતી હતી. તે પણ બિચારી ઝૂરી ઝૂરીને મરી ગઈ અને છોકરાં તેમના મોશાળમાં જઈ રહ્યાં. અહીં એક વિશેષ વાત જણાવવી જોઇએ કે, એ ચોર અને લુટારા ગમે તેવા નિર્દય અને જુલમગાર હોવા છતાં હું કહીશ કે, દુનિયામાં જો ખરેખરા ઇમાનદાર હોય તો તે પણ એ જ છે! કારણ કે, મારા કાકાને ત્યાં પાડેલા ખાતરમાંથી જે માલ હાથ આવ્યો તેમાંથી એક પાઈની ચીજ પણ પોતે ન લેતાં તે બધી મિલકત તેમણે મને સોંપી દીધી અને તે મેં અમારા ભંડારમાં એક જૂદા પટારામાં સીલ કરીને રાખી મૂકી. એ પછી ત્રણ ચાર વર્ષ વીત્યાં, પણ જાણવાજોગ બનાવ ન બન્યો. ત્યાર પછી એકવાર અમારા મંડળના અગ્રેસરોએ ભૂલમાં જંગલમાંથી જતી સરકારી તિજોરી લૂટી અને ચાર સંત્રીઓનાં ખૂન કર્યાં. સઘળે હાહાકાર વ્યાપી ગયો અને સરકારની તપાસ ચાલૂ થવા સાથે લુટારા અને ખૂનીઓને પકડી આપનારને દશ દશ હજારનાં બે ઇનામો આપવાનાં જાહેરનામાં આખા હિંદુસ્તાનમાં ચાટી ગયાં. 'ઘર ફૂટે ઘર જાય' ની કહેવત પ્રમાણે અમારા મંડળમાંના જ બે માણસો ફૂટી જવાથી અમારા અગ્રેસરો પકડાયા અને વર્ષોની ભેગી કરેલી કરોડોની દોલત સરકારે જપ્ત કરી લીધી. એ વખતે હું કોઈ કામસર બીજા શહેરમાં ગયેલો હતો, ત્યાં એ વાત મારા સાંભળવામાં આવતાં જ હું નાઠો. મારા કાકાના ઘરમાંથી કાઢેલી દોલત સરકારના ઘરમાં ગઈ અને પાછો હું રઝળતો ભીખારી બની ગયો. પહેલાં વેષધારી ભિક્ષુક હતો, પણ હવે તો 'કરતલભિક્ષા તરુતલવાસ,' કરનારો ખરેખરો ભીખારી થયો. કચ્છમાં જોગીઓનું અને સિંધમાં ઢોંગીઓનું એટલે કે ઠગવિદ્યા જાણનારાઓનું ગાડું ઠીક ગબડે છે, એમ મારા સાંભળવામાં આવ્યું અને તેથી મેં સિંધમાં જવાનો જ નક્કી ઇરાદો રાખ્યો. ભીખ માગીને ગાડી ભાડું પેદા કર્યું અને સાધુનો વેષ ધારણ કરીને હું સિંધ તરફ ગયો."

"ત્યારે હૈદરાબાદમાં તમે ઠગાઈ કરવાની નિષ્ઠાથી જ આવ્યા હતા, ખરું કે નહિ?" આલમચંદે દીર્ઘ મુનિવ્રતનો ભંગ કરી વચ્ચે સવાલ કર્યો.

"પ્રથમ હું સેવણમાં ઉતર્યો; પણ ત્યાંની ગરમી સહન ન થવાથી હૈદરાબાદ આવ્યો. ત્યાં ઉદાસી સાધુ તરીકે એક નાનકપંથી સાધુના મંદિરમાં મુકામ કર્યો. સિંધના માણસો શ્રદ્ધાળુ હોવાથી અને મારી વાચાળતા સારી હોવાથી આપણું ગાડું ઠીક ગબડવા લાગ્યું. જે બાવાના ઠિકાણામાં હું રહેતો હતો, તે વૃદ્ધ હોવા છતાં વ્યભિચારી હતો, એમ મારા અનુભવવામાં આવ્યું. સંગનો રંગ લાગ્યા વિના રહેતો નથી, એટલે હું પણ પરનારીગમનના વ્યસનમાં પ્રવૃત્ત થયો. એથી સ્ત્રીઓ તરફથી મને વધારે

આવક થવા લાગી અને એક ધનાઢ્ય વિધવાએ કૃપાળુતાથી મને એક નાનકડું મંદિર બંધાવી આપ્યું......"

"ત્યારે તમે મનસુખાણી ગલીવાળા ભાઈ જોરાસિંઘ તો નહિ?" આલમચંદે પુનઃ આતુરતાથી પૂછ્યું.

"તે જ! તે જ!" એમ કહીને સાધુએ પુનઃ પોતાનો વૃત્તાંત આગળ ચલાવ્યો. "હું ત્યાં અન્નવસ્ત્ર આદિથી સુખી હતો અને જો મોભો જાળવીને બેઠો હોત, તો જીવન સુખમાં વીતી જાત; પરંતુ વ્યભિચાર અને મદિરાપાને મારું સત્યાનાશ વાળી નાંખ્યું!

"એ વ્યસનોમાં પૈસા તણાઈ જવાથી પૈસાની તંગી પડવા લાગી, અને તેથી ચોરી કરીને પણ એ વ્યસનોને ચાલૂ રાખવાનો ધંધો મેં છૂપી રીતે આદર્યો. મારી સાથે આડો વ્યવહાર ધરાવનારી ત્રણ ચાર સ્ત્રીઓનાં ઘરેણાં મેં ઉતારી લીધાં અને તેથી અંદરખાનેથી હોહા થતાં સ્ત્રીઓ મંદિરમાં આવતી અટકી જવાથી હમેશની પેદાશ પણ અટકી ગઈ. હું વધારે મુશ્કેલીમાં આવી પડ્યો. એટલામાં મને એક મારા કરતાં પણ વધારે દાંભિક તથા લોભી સાધુ મળી આવ્યો. અને તેણે પૈસા મેળવવાની એક નવી યુક્તિ મને બતાવી. તે યુક્તિ છોકરાંને ફોસલાવી તેમના ઘરેણાં ઉતારી લેવાની હતી. હું એ યુક્તિમાં પણ ફાવ્યો. ઘણાંક છોકરા છોકરીઓનાં ઘરેણાં ઉતારી લીધાં અને તે અપરાધો જાહેરમાં ન આવ્યા; કારણ કે, ઘરેણાં બધાં તે સાધુ પોતે રાખીને મને રોકડા પૈસા આપી દેતો હતો. એ અપરાધ હું વેશ બદલીને કરતો હોવાથી લૂટાયલું કોઈ પણ બાળક મને મારા ખરા રૂપમાં લુટારા તરીકે ઓળખી શકશે, એવો મારા મનમાં સંશય સુદ્ધાં પણ ન હોતો.

"પણ લોભે લક્ષણ જાય, એ કહેવત પ્રમાણે જેમ જેમ મારા એ પિશાચી ધંધામાં હું ફાવતો ગયો, તેમ તેમ હું બેપરવા અને નિર્ભય થતો ગયો. મારો લોભ પણ વધતો ગયો. સારાંશ કે, હું અકરાંતિયો થતો ગયો. એક દિવસ હું મહાત્મા ગોપાળદાસના મંદિરના દરવાજામાં એક માણસ સાથે વાતચીત કરતો ઉભો હતો, એટલામાં તમે તમારી પાંચ વર્ષની પુત્રીને લઇને ત્યાં આવી લાગ્યા. તમે તરત મંદિરના અંદરના ભાગમાં ચાલ્યા ગયા, પણ એટલામાં તમારી છોકરીના ગળામાં પહેરેલા હીરાના હાર ઉપર મારી નજર પડી અને મારો જીવ તે હાર મેળવવામાટે તલપાપડ થવા લાગ્યો. મારી સાથેનો માણસ ચાલ્યો ગયો અને હું ત્યાં જ ઉભો હતો, એટલામાં તમારી છોકરી રમતાં રમતાં બહાર આવી ને મેં તેને પ્યારથી બોલાવી; મારા ખીસામાંથી ચાર પતાસાં ખાવા માટે આપ્યાં. 'બાયડીને કમાઈ અને બાળકને મિઠાઈ' એ કહેવત પ્રમાણે ગળી ચીજ ખાવાને મળતાં જ મારી જોડે તે પળોટાઈ ગઈ અને પોતાના તોતડા બોબડા બોલવાથી મને આનંદ આપવા લાગી. હાર તરત ઉતારી લેવાનો મારો વિચાર થયો, પણ એ વખતે હું મારા ખરા વેષમાં હોવાથી અને છોકરી સમજણવાળી તથા ચાલાક હોવાથી કદાચિત્ હોહા થશે અને છોકરી મને ઓળખી લેશે તો નાહક બલા વ્હોરી લેવા જેવું થશે, એમ ધારીને તે વેળાએ તો મેં મનને વશ રાખ્યું; પણ સસ્થે તે હાર મેળવવામાટેના બીજા એક ભયંકર વિચારમાં હું લીન થયો. તરત એક વિચાર મારા મનમાં સ્ફુરી આવ્યો અને તે સાથે તે વિચારને તરતાતરત અમલમાં

લાવવાના નિશ્ચય ઉપર પણ હું આવી ગયો. હું તે છોકરીને ફોસલાવીને ત્યાંથી દૂર લઈ ગયો અને ત્યાંથી આગળ વધી સંધ્યાકાળના પ્રસરતા અંધારામાં છોકરીને સાથે લઈ મેં કુલેલીનો માર્ગ લીધો. છોકરીને માર્ગમાં મેં એક ભાંગની ગોળી ખવડાવી દીધી, એટલે ઘેનમાં ને ઘેનમાં તે મારી આંગળી ઝાલીને બોલ્યા ચાલ્યા વિના ચાલી આવી. અંતે અમે કુલેલીના કિનારા ઉપર આવી લાગ્યાં. ત્યાંથી હું તેને એક એવા ભાગમાં લઈ ગયો કે, જ્યાં માણસનું નામ નિશાન પણ ન હોતું. તરત મેં છોકરીના ગળામાંનો હાર, હાથમાંની બંગડીઓ, કાનમાંનાં ફૂલ અને પગમાંનાં લંગર તથા નાકમાંની વાળી વગેરે ઘરેણાં ઉતારી લીધાં અને ત્યાર પછી નરપિશાચનો અવતાર ધારણ કરી હૃદયમાંથી દયા અને અનુકંપા, તેમ જ મનુષ્યત્વને દેશવટો આપીને તે નિર્દોષ બાલિકાને મેં મારા બે હાથોમાં ઉપાડી અને જેમ કોઈ એક પથ્થરને હાથમાંથી ઉછાળી નાખે છે, તેવી રીતે તેને કુલેલીના જળપ્રવાહમાં નાખી દીધી! એક ધબાકો થયો અને તે સાથે મારા ભયનો નાશ થઈ ગયો....”

પ્રકરણ ૧૩ મું

આલમચંદની દીકરી

આલમચંદ મૌન ધારણ કરી શાંતિથી ક્ષુબ્ધચિત્ત હોવા છતાં પણ મુગ્ધતાથી તે સાધુનો વૃત્તાંત સાંભળ્યા કરતો હતો, પણ હવે તેને એ વૃત્તાંત કૃતાંત સમાન ભાસવા લાગ્યો. પોતાની પુત્રીને કુલેલીમાં ફેંકી દેવાની વાત સાંભળતાં જ વાત્સલ્ય અને તજ્જન્ય કોપની જ્વાળાથી તેનું હૃદય બળવા લાગ્યું. તે એકદમ ઉઠીને ઉભો થયો અને સાધુનું ગળું દબાવીને ભીષણ ધ્વનિથી કહેવા લાગ્યો;–“ચાંડાલ! તને ધનની લાલસા હતી તો તારે હાર ઉતારી લેવો હતો; પણ મારી નિર્દોષ–રે એકની એક–સંતતિનો તેં નિર્દયતાથી સંહાર કરી નાખ્યો, એથી તને વિશેષ લાભ શો થયો? બસ–હું તારો પ્રાણ લઇશ.”

“વૈરનો બદલો લેવો, એ તો મનુષ્ય માત્રનો સ્વભાવ જ છે, પણ વૈરીને ક્ષમા આપવી એ દેવસ્વભાવ છે. હું આશા રાખું છું કે, તું પોતાને દેવ તરીકે જ સિદ્ધ કરશે. વળી હવે હું જે એક વિશેષ વાર્ત્તા કહેવાનો છું, તેથી તારો શોક ટળી જશે અને તારા હૃદયમાં આનંદના તરંગો ઉછળશે!” સાધુએ દીનતાથી કહ્યું.

“મને તર્કવિતર્ક અથવા તો આશા કે નિરાશાના સમુદ્રમાં ગોથાં ન ખવડાવ; જે બોલવાનું હોય તે જલદી બોલી નાખ.” આલમચંદે જરા શાંતિ ધારણ કરીને કહ્યું.

સાધુ પોતાના વૃત્તાંતને આગળ લંબાવતો બોલ્યો; “હું ઘરેણાં લઇને મારા ઉસ્તાદ સાધુ પાસે આવ્યો અને તેણે પાંચ હજાર રૂપીઆ મને ગણી આપીને બધાં ઘરેણાં પોતાના તાબામાં લઈ લીધાં—”

“અરે એકલો હીરાનો હાર જ દશ હજાર રૂપીઆની કીંમતનો હતો–હં–પણ પછી?” આલમચંદે આતુરતા દર્શાવી.

“મેં પાંચ હજાર રૂપીઆ લીધા તો ખરા, પણ હરામના પૈસા હરામ ધંધામાં જ ચાલ્યા ગયા. બે વર્ષમાં હું પાછો મુફલિસ બની ગયો. જ્યાંસુધી પૈસા હતા ત્યાં

સુધી તો નવો અપરાધ ન કર્યો; પણ પૈસા ખલાસ થતાં જ, નવીન અપરાધ કરી પૈસા પેદા કરવાનો વિચાર મનમાં આવવાને બદલે આ પાપી સંસાર તરફ મને તિરસ્કાર છૂટયો. મારાં પાપોનો પશ્ચાત્તાપ કરી, ત્યાર પછી મેં એક ખરા સાધુ તરીકે પરમાર્થમાં જ મારું જીવન ગાળવાનો નિશ્ચય કર્યો. મેં મંદિર વેચી નાખ્યું અને તેના પૈસા ધર્માદામાં વાપરી ઉપદેશ કરવાના હેતુથી હું બહાર પડ્યો. સિંધનાં માણસો ભોળા હોવાથી સિંધના એકેએક શહેર અને એકેએક ગામડામાં ફરીને લોકોને મેં યોગ્ય ઉપદેશ આપવા માંડ્યો. લોકોમાં મારી સારી પ્રતિષ્ઠા બંધાવા લાગી; લોકો મને દેવ તરીકે પૂજવા લાગ્યા. પણ એ વખતે માનપાન કે પૈસા ટકાની મને લાલસા ન હોવાથી લોકો માન આપે કે અપમાન કરે, એની મને જરા પણ દરકાર નહોતી. એક વર્ષ એમ વીતી ગયાં. એવામાં હૈયદરાબાદથી દશ ગાઉ ઉપર આવેલા ટંડા મહમ્મદખાનમાં એક અનાથાશ્રમની સ્થાપના કરવામાં આવી હતી, તે જોવાની જિજ્ઞાસા થવાથી હું ત્યાં ગયો. તે વખતમાં ત્યાં માત્ર ચાર કે પાંચ અનાથ બાલિકાઓ હતી. તેમાંની એકને જોઇને હું આશ્ચર્યચકિત થઈ ગયો; કારણ કે, મેં જેને પાણીના પ્રવાહમાં નાખી દીધી હતી, તે જ તારી દીકરી એ હોવી જોઇએ, એવો મને ભાસ થવા લાગ્યો. અનાથાશ્રમની સુપરીન્ટેન્ડેન્ટ બાઇને મેં પૂછ્યું એટલે એવો જવાબ મળ્યો કે, એ છોકરીને એક બાઈ ત્યાં રાખી ગઈ છે અને બાપ વગેરેના નામની ખબર નથી. મારો વિચાર વધારે મજબૂત થયો, પણ એ સાથે વધારે સંબંધ ન હોવાથી મેં વધારે ચર્ચા ચલાવવાનું વ્યાજબી ન ધાર્યું. દીવાન આલમચંદ! તારી છોકરીના જમણા ગોઠણ ઉપર લસણનો એક દાગ છે ખરો?"

"હા—"

"ત્યારે તો તે એ જ!"

"શું ત્યારે મારી દીકરી હજી જીવે છે?"

"મારા ધારવા પ્રમાણે જીવે છે! તું ચિન્તા ન કર. હવે હું શયતાન નથી. કિન્તુ સત્ય સાધુ છું. મને આજ્ઞા આપે તો હું જાઉં. હું અહીંથી સિંધમાં જ જઈશ, તારી દીકરીનો પત્તો મેળવીશ અને દીકરી સાથે માતાપિતાનો મેળાપ કરાવી મારા કર્ત્તવ્યથી મુક્ત થઈશ. વિયોગ કરાવનાર હું જ હતો અને સંયોગ કરાવનાર પણ હું જ થઇશ. ઈશ્વર મને મારા શુભ કાર્યમાં અવશ્ય સહાયતા આપશે જ." સાધુ બોલ્યો.

"પણ જે કુસુમ સમાન કોમળ બાળા પાણીના પ્રવાહમાં ફેંકાઈ હતી તે જ બાળા જીવતી રહે અને અનાથાશ્રમમાં તારા જોવામાં આવે, એ વાત માનતાં મારું મન અચકાય છે. ઓ સાધુડા! મને ખોટી આશામાં નાખી છટકી જવામાટે તેં આ વળી નવું પાપ તો નથી આરંભ્યું?" આલમચંદે શંકાથી પૂછ્યું.

"મારા પ્રાણ કાલે જતા હોય તો આજે જ જાય અને આજે નીકળવાના હોય તો આ ક્ષણે જ નીકળી જાય, એની મને કાંઈ પણ દરકાર નથી. પરંતુ જ્યાંસુધી આ દેહમાં પ્રાણ છે, ત્યાંસુધી તો અસત્ય ભાષણ ન કરવાની અને અજ્ઞાનથી પણ પાપના માર્ગમાં ન વિચરવાની મેં દૃઢ પ્રતિજ્ઞા કરેલી છે. મારા વચનમાં વિશ્વાસ રાખ."

"ઠીક છે—આમ હું તો મારી પુત્રીને સદાને માટે ખોઈ જ બેઠો છું—જો તું તારા વચન પ્રમાણે વર્ત્તીને મારી છોકરીનો પત્તો મેળવી આપશે અને તેનો અમારી સાથે

મેળાપ કરાવી આપશે, તો તારું પરમેશ્વર કોટિ કોટિ કલ્યાણ કરશે અને તારા સર્વ અપરાધોની ક્ષમા કરશે. નહિ તો અમારા માટે નિરાશા તો ડાચું વિકાસીને બેઠેલી જ છે!" આલમચંદે ગંભીરતાથી કહ્યું.

"દીવાન સાહેબ! આ દુનિયામાં ઘણીકવાર એવા અજાયબીભરેલા બનાવો બની જાય છે કે, એ બનાવ કેમ બન્યો હશે, તેની કલ્પના પણ આપણે કદાપિ કરી શકતા નથી, તેમ જ ખરેખર તે બનાવ બનેલો હોવાથી તેને અસત્ય પણ કહી શકાતો નથી. તારી દીકરીને મેં તો પાણીના પ્રવાહમાં નાખી દીધી હતી, પણ જો ઈશ્વરની તેને રક્ષવાની ઇચ્છા હોય અને કોઈ રીતે કોઇને હાથ લાગવાથી તે જીવતી રહી હોય તો તેમાં આશ્ચર્ય જેવું શું છે? આશા રાખ–આશાને કદાપિ ત્યાગીશ નહિ. આશા એ જ મનુષ્ય માત્રનું જીવન છે–આશાતંતુમાં બંધાઇને જ મનુષ્યો જીવનને ધારણ કરી રહે છે. હું અત્યારે તને આશીર્વાદ આપું છું કે, સન્માર્ગનો સ્વીકાર કર્યા પછી જો મારા હાથે મનસા, વાચા અને કર્મણા એક પણ પાપ ન થયેલું હોય, તો પરમાત્મા તને પુત્ર આપો અને તારો વંશ અમર રહો!" સાધુએ અત્યંત પવિત્ર હૃદય અને ગંભીર મુદ્રાથી આશીર્વાદ આપીને કહ્યું.

"જે આશાને મેં મારા હૃદયમાંથી કાઢી નાખી છે, તેને હું પુનઃ હૃદયમાં સ્થાન આપું છું. પરમાત્મા તારી વાણી સફળ કરે અને મારા અંધકારમય ગૃહમાં પુત્ર કે પુત્રીરૂપ દીપકનો પ્રકાશ વિસ્તરે!" આલમચંદ બોલ્યો.

"પરમાત્મા તારી એ ઇચ્છા અવશ્ય પૂર્ણ કરશે. વારુ ત્યારે હવે મને જવાની આજ્ઞા છે? હું આજે પાછલી રાતે અહીંથી ઉપડતી ટ્રેનમાં જ સિંધ તરફ જવાનો ઇરાદો રાખું છું." સાધુએ જવાની રજા માગીને કહ્યું.

"નહિ–ઉતાવળ નથી. આટલા દિવસ વીત્યા તો એક દિવસ બીજો પણ નીકળી જશે. આજે જ્યારે તું અચાનક અહીં આવી લાગ્યો છે, તો આજની રાત અહીં જ રહી જા અને અમારા આતિથ્યનો અંગીકાર કર. ભોજન તૈયાર હશે–અત્યારે આપણે સાથે જ જમીશું અને અહીં રાતવાસો કરી આવતી કાલે દિવસની ટ્રેનમાં અહીંથી તારા જવાનો બધો પ્રબંધ હું કરી આપીશ." આલમચંદે શિષ્ટાચાર પ્રમાણે રહેવાનો આગ્રહ કર્યો.

"મારો જો કે રહેવાનો વિચાર નથી, તોપણ તારા આગ્રહનો અનાદર કરવો, એ કાર્ય મને યોગ્ય દેખાતું નથી. ચાલ–કાલે જઈશ. વહેલા ઉઠવામાં લાભ છે કે, મોડા ઉઠવામાં લાભ છે, એ તો પરમેશ્વર જાણે!" સાધુએ કહ્યું.

રાતે સર્વેએ સાથે જ ભોજન કર્યું અને ત્યાર પછી સર્વ શય્યાવશ થયાં. રાત્રે આલમચંદે પોતાની સ્ત્રી યશોદાને સાધુનો વૃત્તાંત કહી સંભળાવ્યો. યશોદાએ પોતાની પુત્રીના જીવિત હોવાની વાત સાંભળીને હર્ષનાં આંસુ વર્ષાવ્યાં અને પતિને કહ્યું;–"પ્રાણનાથ! એ સાધુને જોઇતી બધી મદદ આપો અને આપણી લાડકવાઈનો પત્તો મેળવો. ઈશ્વરની માયા અગમ્ય છે. મને લાગે છે કે, આપણે દીકરીનું મોઢું જોઈ શકીશું."

"પ્રયત્ન કરવામાં તો આપણે કચાશ રાખવાનાં નથી, પણ પ્રયત્નને સફળ કરનાર પરમાત્મા છે." **આલમચંદે** કહ્યું.

બીજે દિવસે તે સાધુને સિંધ તરફ મોકલવાની તૈયારીઓ કરવામાં આવી. સવારમાં **આલમચંદે** મહાત્મા ગોપાળદાસના નામનો એક કાગળ લખીને સાધુના હાથમાં આપ્યો અને કહ્યું; "મારી દીકરીને શોધવાના કામમાં જે ખર્ચ થાય, તે આ કાગળ મહાત્મા ગોપાળદાસને આપીને તેની પાસેથી લઈ લેજે. આમાં એકી વખતે કે કટકે કટકે રૂપીઆ પાંચસો સુધીની રકમ આપવા લખેલું છે. જો વધારે નાણાંની અગત્ય પડે તો મને લખી જણાવજે. આ રૂપીઆની વ્યવસ્થા એટલામાટે કરવી પડે છે કે, જો તું તારા નિર્વાહનાં સાધનો અને બીજાં સાધનો મેળવવાના કામમાં રોકાશે તો મારી દીકરીને શોધવામાટે તને પૂરતો વખત મળી શકશે નહિ. એથી આશા છે કે, મારી આ પ્રાર્થનાનો અસ્વીકાર તો નહિ જ થાય."

"જેવી તારી ઇચ્છા." એમ કહીને સાધુએ તે પત્ર લઈને પોતાની પાસે રાખ્યું અને **આલમચંદનું** એડ્રેસ લખી લીધું.

"પણ મહાપુરુષ! તમારું નામ તો અત્યાર સુધી મારા જાણવામાં આવ્યું જ નથી. કૃપા કરીને તે જણાવશો?" **યશોદાએ** પૂછ્યું.

"મારું પૂર્વાશ્રમનું નામ તો બીજું છે, પણ અત્યારે હું **આનંદાનંદના** નામથી ઓળખાઉં છું. હું જ્યાં જ્યાં ઉતરીશ ત્યાંથી આપને પત્ર લખતો રહીશ અને હયદરાબાદમાં મારા ઉપર પત્રો ક્યાં લખવાં તે ઠેકાણું, ત્યાં જવા પછી લખી જણાવીશ." **આનંદાનંદે** ઉત્તર આપ્યું.

બીજા પ્રહરનું ભોજન કર્યા પછી તે સાધુ સ્ટેશન ઉપર જવાને તૈયાર થયો. **આલમચંદ** અને તેનો નોકર તેને વળાવવામાટે મોગલસરાય સુધી ગયા. સાધુ ગાડી બદલીને ત્યાંથી પોતાના પ્રવાસમાં આગળ વધ્યો અને **આલમચંદ** પોતાના નોકર સાથે કાશી પાછો આવ્યો.

પણ અનાથાશ્રમની કઈ બાળા **આલમચંદની** દીકરી વારુ?

પ્રકરણ ૧૪ મું

રોહિણી ગઈ!

"The worldly hope men set their hearts upon
Turns ashes–or it prospers; and anon
Like snow upon the desert's dusty face
Lighting a little hour or two–is gone."

આજે રવિવાર હતો, દિવસના અગિયાર વાગ્યા હતા, **રોહિણી** ભોજનકાર્યથી નિવૃત્ત થઈ પોતાના ઓરડામાં આવી બેઠી હતી. દુષ્ટ **લાલચંદે** ગયા રવિવારે **મોહનલાલની** જે નિન્દા સંભળાવી હતી તેના હજી, યૌવનપ્રદેશમાં પ્રવેશ કરી રહેલી બાળાના કાનમાં ભણકારા વાગ્યા કરતા હતા. તે મનમાં જ વિચાર કરવા લાગી "આજે **મોહન**-

લાલ આવવાના છે, એટલે જે ખરી વાત હશે તે જણાઈ આવશે. હું આડાઅવળા સવાલો પૂછીશ એટલે ખરું ખોટું જે હશે તે પ્રકાશમાં આવી જશે. જો કે મોહનલાલના ચારિત્ર્યમાં આવા સંશયો લાવવાની મારું મન તો ના જ પાડે છે; તો પણ પરીક્ષા તો કરવી જ જોઇએ. સોની આપણને ખરા સોનાનાં જ ઘરેણાં બનાવી આપે છે, છતાં તેની કસોટી કર્યા વિના આપણે તે લેતાં નથી—એક પૈસાની માટીની દોણી પણ ઠોકી વગાડીને લઇએ છીએ તો આ તો આખા જન્મારાના સુખદુઃખ અને સંબંધનો વ્યવહાર કરવાનો છે. ઈશ્વર કરો અને મારો મનનો માન્યો સદ્‌ગુણી તથા નિર્દોષ જ સિદ્ધ થાઓ!......"

તે વિચારના પ્રવાહમાં આગળ વધતી હતી, એટલામાં લેડી સુપરીન્ટેન્ડેન્ટના ધ્વનિએ તેના તે વિચારપ્રવાહને અટકાવી દીધો. અધિકારિણીએ આવી દરવાજા ઉપર ટિચકી મારીને પૂછ્યું; "રોહિણી! શું કરે છે? અમે અંદર આવીએ?"

રોહિણીએ ઉઠી બારણાં ઉઘાડ્યાં અને તરત જ એક બુર્કાવાળી અજ્ઞાત અબળા સાથે અધિકારિણીએ ઓરડામાં આવીને કહ્યું;

"રોહીણી! આ તમારાં પાલક બાઈ છે. તમને અનાથાશ્રમમાં મૂકી જનાર એ જ છે."

"મારાં સદ્‌ભાગ્ય કે આટલાં વર્ષો પછી મારાં પાલક માતુશ્રીએ આ દીન બાળાને દર્શનનો લાભ આપ્યો," એમ બોલીને રોહિણી તે અબળાને પગે લાગી. અજ્ઞાત સ્ત્રીએ મુખમાંથી વચન ન ઉચ્ચારતાં તેના માથા ઉપર હાથ રાખી આશીર્વાદનો ભાવ દર્શાવ્યો.

"રોહિણી! આ તારાં પાલક માતુશ્રી આજે તને અહીંથી લઈ જવામાટે આવ્યાં છે. આજે અમને તારો વિયોગ થવાનો હોવાથી મારા મનમાં ઘણો જ ખેદ થાય છે. પણ તારાં પાલકની ઇચ્છાને આધીન થયા વિના છૂટકો જ નથી." અધિકારિણી બાઇએ તે બાઇના આવવાનું કારણ જાહેર કરતાં શોકદર્શક મુદ્રાથી એ વચનો ઉચ્ચાર્યાં.

"તે દિવસે આપે જે કાગળ મને વંચાવ્યો હતો, તેમાં જે તારીખે એમના આવવાનું લખ્યું છે, તેને તો હજી ઘણો વિલંબ છે. અચાનક આમ વ્હેલાં આવવાનું શું કારણ?" રોહિણીએ આશ્ચર્ય દર્શાવીને પૂછ્યું.

"એનું કારણ મને પણ દર્શાવવામાં નથી આવ્યું." અધિકારિણીએ અજ્ઞાન દર્શાવ્યું.

"હું મારા પોતાના નીમેલા દિવસ કરતાં વ્હેલી શામાટે આવી છું, એ અત્યારે મારાથી કહી શકાય તેમ નથી; ઘેર ચાલ્યા પછી એ બધી વાત તારા જાણવામાં આવશે." પાલક માતાએ ખુલાસો કર્યો.

"ત્યારે તમે આજે અને અત્યારે જ મને લઈ જવાનાં કે?" રોહિણીએ એક ખાસ હેતુથી સવાલ પૂછ્યો.

"જો હું આજે અત્યારે જ તને અહીંથી ન લઈ જવાની હોત, તો વિના કારણ અહીં આવત જ નહિ. પણ આ સવાલ પૂછવાથી મને લાગે છે કે, તારો આજે

અનાથાશ્રમને છોડવાનો વિચાર નથી!" પાલક માતાએ જવાબ સાથે સંશય પણ બતાવી દીધો.

"આજે ને આજે હું અનાથાશ્રમને છોડવા નથી ચાહતી, એનો અર્થ એવો નથી કે હું તમારી જોડે આવવા નથી ઇચ્છતી; કિન્તુ મારો એટલો જ ઉદ્દેશ છે કે, જે વર્ગમાં અત્યારે હું અભ્યાસ કરું છું, તે વર્ગની મારી પરીક્ષા થઈ જાય એટલે પછી તમારી સાથે આવવામાં મારો વાંધો નથી." રોહિણીએ ઉત્તર આપ્યું.

"ખરું પૂછો તો મારો પોતાનો પણ એવો જ અભિપ્રાય છે." અધિકારિણી બાઇએ રોહિણીના મતને પુષ્ટિ આપી.

રોહિણીએ આશ્રમ ન છોડવાનું કારણ દર્શાવ્યું તે ખરું નહોતું. આજે જ તેનો પ્રિયકર તેને મળવા આવવાનો હતો અને તેની સાથે વાતચીત થવા પછી તેના ભાવી સુખદુ:ખનો નિર્ણય થવાનો હતો. જો આજે જ આશ્રમને છોડી જવાનો પ્રસંગ ટળી જાય તો મોહનલાલને મળી શકાય અને એક વધારે મુલાકાતનો લાભ મેળવી શકાય, એ હેતુથી જ તે આશ્રમમાં રહેવા ઇચ્છતી હતી. તેની જવામાટેની અનિચ્છાનું ખરું કારણ એ જ હતું.

"રોહિણી! મને અહીં આવ્યાને લગભગ ત્રણ કલાક જેટલો વખત થયો છે અને એ સઘળો વખત મેં તારાં અધ્યાપિકા બાઈ સાથે તારા વિશેની વાતચીત કરવામાં જ વીતાવ્યો છે. આજે તારા ભોજન સમયે આ બાઈ ન આવી શક્યાં, એનું કારણ પણ એ જ હતું. આ અધિકારિણી બાઇના કહેવા પ્રમાણે આપણી માતૃભાષાના યોગ્ય શિક્ષણ ઉપરાંત તું અંગ્રેજી ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ પણ કરી ચૂકી છે અને સ્ત્રીને શોભાવનારા ગૃહકાર્યની કળામાં પણ કુશળ થઈ ચૂકી છે. એટલે હવે વધારે અભ્યાસ કરવાની કે પરીક્ષાઓમાં પાસ થવાની કાંઈ પણ અગત્ય નથી. એક હિંદુ સ્ત્રીને આટલું શિક્ષણ સંપૂર્ણ છે. તારે ક્યાં વકીલ બારિસ્ટર બનીને કોર્ટમાં કજીયા લડવા જવું છે કે વધારે શિક્ષણની અગત્ય હોય? માટે તારી ચીજ વસ્તુ સંભાળીને લઈ લે અને મારી જોડે ચાલવાને તૈયાર થા." પાલક માતાએ રોહિણી અને અધ્યાપિકાના મતનો નિષેધ કરીને આજ્ઞા આપી.

"જ્યારે તમારી એવી જ ઇચ્છા છે, તો હું વધારે બોલવાનું યોગ્ય ધારતી નથી. હું તમારી આજ્ઞાને આધીન છું." રોહિણીએ નિસ્તેજ મુદ્રા કરીને અનિચ્છાથી બળાત્કારે અનુમતિ દર્શાવી.

"વારુ ત્યારે હું અધ્યાપિકા બાઈ સાથે તેના ઓરડામાં બેઠી છું, એટલામાં તું તારી તૈયારી કરી લે." એમ કહીને તે પાલક માતા ત્યાંથી ઉઠી અને લેડી સુપરીન્ટેન્ડેન્ટ પણ ચાલતી થઈ.

રોહિણી ચોપડીઓ અને કપડાં એકઠાં કરી પેટીમાં નાખતી અશ્રુ વર્ષાવવા લાગી. તે કામ કરતી હતી, પણ તેને પોતાના શરીરનું પણ ભાન નહોતું. અચાનક એક વાતનું સ્મરણ થતાં તેણે તરત એક ચીઠ્ઠી લખી નાખી અને તેને પરબીડિયામાં બંધ કરી સરનામું લખી ટેબલના ખાનામાં રાખી દીધી. વસ્તુઓ કાંઈ વધારે નહોતી, એટલે એ બાંધવા સીંધવાનું કામ તો જોતજોતામાં પૂરું થયું અને અડધા પોણા કલાક

પછી તે અધ્યાપિકાના ઓરડામાં આવી અને પાલક માતાને ઉદ્દેશીને વિનયથી બોલી; "માતુશ્રી! હું તૈયાર છું."

"હું પણ તૈયાર છું." એમ કહેતી પાલક માતા ખુરસી ઉપરથી ઉઠી અને રોહિણીનો હાથ ઝાલી મકાન બહાર નીકળી.

અનાથાશ્રમમાંનો નોકર સામાન ગાડીમાં પહોંચાડી ગયો. ગાડી બહારના દરવાજા ઉપર તૈયાર જ ઉભી હતી. અધ્યાપિકા અને અનાથાશ્રમની બીજી બાળાઓ રોહિણીને વળાવવા ગાડી સુધી આવી. વિયોગનો સમય નિકટ આવી લાગતાં જ એક પાલક માતા વિના સર્વનાં નેત્રોમાંથી અશ્રુથી પ્રબળ ધારાનું વહન થવા લાગ્યું—સર્વત્ર શોક વ્યાપી ગયો.

ખરેખર જેમની સાથે લાંબા સમયથી સહવાસ થયેલો હોય છે, તે માણસો ગમે તો આપ્તગોપ્ત હોય કે પારકાં હોય, તો પણ જ્યારે તેમનાં વિયોગનો સમય આવી લાગે છે, ત્યારે અવશ્ય હૃદયમાં શોકનો આઘાત થાય છે. અને તે આઘાતના પ્રતાપે આંખોમાંથી સ્વાભાવિક જ આંસુ ઢળી પડે છે. એ નિયમની સત્યતા અત્યારે પ્રત્યક્ષ જોવામાં આવી હોય તો તેમાં વિશેષ આશ્ચર્ય પામવા જેવું કાંઈ નથી. રોહિણી સર્વ બાળાઓ અને અધ્યાપિકાને ગળે બાઝી બાઝીને મળી. અધ્યાપિકાને ભેટતાં પોતાની પાલક માતા ન સાંભળી શકે એવા ધીમા સ્વરથી તેણે કાનમાં કહ્યું;—"મોહનલાલ આવે, તો તેને મારા ટેબલના ખાનામાં પડેલી ચિઠ્ઠી આપજો." રોહિણીએ ગાડીમાં પગ મૂકતાની સાથે જ ગાડી ચાલવા લાગી અને થોડીવારમાં અદૃશ્ય થઈ ગઈ.

આજે અનાથાશ્રમમાં સર્વત્ર શોકની છાયા છવાયલી હતી. અધ્યાપિકાનો રોહિણીપર ઘણો જ સ્નેહ હોવાથી તે પોતાના ઓરડામાં આવ્યા પછી રડવા લાગી. આંસુઓના રૂપમાં હૃદયનો શોક કેટલાક પ્રમાણમાં નીકળી જઇને ઓછો થતાં તેને ચિઠ્ઠીનું સ્મરણ થઈ આવ્યું અને રોહિણીના ઓરડામાં જઈ તે ચિઠ્ઠી લઈ તેણે પોતાના ખીસામાં મૂકી.

પ્રકરણ ૧૫ મું

નિરાશા!

જે દિવસે રોહિણી પોતાની પાલક માતા સાથે ગઈ, તે જ સાંઝે બરાબર છ વાગે યથાસમય મોહનલાલ અનાથાશ્રમમાંના નેહેરના કિનારાપરના રોહિણીના બેસવાના સ્થાનમાં આવ્યો. ત્યાં રોહિણી ન હોતી. તે દિગ્મૂઢ જેવો બની ગયો અને બાવરી બાવરી મુદ્રાથી ચારે તરફ નજર દોડાવીને જોવા લાગ્યો, પરંતુ તેની મનોમોહિની ક્યાંય પણ દૃષ્ટિગોચર ન થઈ. તેના મનમાં અનેક પ્રકારના તર્કવિતર્ક થવા લાગ્યા. તે મનમાં જ શંકા અને સમાધાન કરતો બોલવા લાગ્યો;—

"હું ગયા રવિવારે મારા વાયદા પ્રમાણે આવી ન શક્યો, એથી એના મનમાં મારા વિશે તિરસ્કાર તો નહિ આવ્યો હોય! સ્ત્રીઓનો સ્વભાવ અભિમાનપૂર્ણ હોય છે; તેથી તેઓ નજીવી બાબતમાં પણ ઘડી ઘડી રીસાઈ જાય છે. પણ મેં તાર તો

મોકલ્યો હતો! એ સુશીલ બાળા શંકા કરે જ નહિ. એનું અંતઃકરણ બીજી સ્ત્રીઓ જેવું સંશયશીલ અને મલિન નથી. પણ હા; કદાચિત્ એની પોતાની તબીયત સારી ન હોય તો? પણ તે મને જણાવ્યા વિના રહે જ નહિ. ત્યારે ન આવવાનું શું કારણ? આજે ઓચિંતી તો માંદી નહિ થઈ હોય! ચાલ, અનાથાશ્રમના મકાનમાં જ જઇને તપાસ કરું!"

તે ધીમે પગલે ત્યાંથી ચાલતો થયો.

લેડી સુપરીન્ટેન્ડેન્ટ મકાનની બહારના ભાગમાં ઇઝીચેરમાં પડી હતી. તે વિચારમાં નિમગ્ન હોય એમ દેખાતું હતું. મોહનલાલને જોતાં જ તેણે ઉઠીને આવકાર આપ્યો અને પાસેની બીજી કુરસીપર તેને બેસાડીને સવાલ કર્યો;–"આપની તબીયત બગડવાનો તાર મેં વાંચ્યો હતો. હવે તો આપની તબીયત સારી છેને?"

"હા–પ્રભુની કૃપા છે. પણ મેડમ! આજે રોહિણી કેમ ક્યાંય દેખાતી નથી? એની પ્રકૃતિ કેમ છે? એ બહાર ફરવામાટે કેમ નથી નીકળી?" મોહનલાલે–સ્નેહાંધ મોહનલાલે એકદમ રોહિણી વિશે સવાલ પૂછ્યો.

"મોહનલાલ! રોહિણી આજે આ આશ્રમનો ત્યાગ કરી ગઈ છે. આજે અચાનક તેની પાલક માતા આવી અને અત્યંત આગ્રહ કરીને તેને લઈ ગઈ. અમે પણ તેના વિયોગથી દુઃખી છીએ." અધિકારિણીએ નિરાશાજનક ઉત્તર આપ્યું.

"પાલક માતા કોણ? રોહિણીને તે કયા સ્થાનમાં લઈ ગઈ?" મોહનલાલે તરત બીજો સવાલ રજૂ કર્યો.

"એની મને કશી પણ ખબર નથી–હું એ વિશે કાંઈ પણ જાણતી નથી."

"તે બાઇએ પોતાનું એડ્રેસ તો અવશ્ય આપ્યું જ હશે."

"ના, નથી આપ્યું!"

"ત્યારે તમે તેનું એડ્રેસ કેમ ન માગી લીધું?"

"મેં એડ્રેસની માગણી કરી, પરંતુ તે બાઇએ કહ્યું કે, 'હું અત્યારે દૂરનો પ્રવાસ કરીને આવેલી છું અને અત્યાર સુધી મેં મારા નિવાસમાટેની યોગ્ય વ્યવસ્થા કરી નથી, એટલે નક્કી એડ્રેસ આપી શકતી નથી, અને તે માટે દિલગીર છું. જગ્યાની ગોઠવણ થતાં જ હું મારું એડ્રેસ તમને જરૂર લખી મોકલીશ.' તેના સ્થાનથી હું અજ્ઞાત છું."

"વારુ–પણ ત્યારે તે કયાં ગયેલી હોવી જોઈએ, એનું આપ કાંઈ અનુમાન કરી શકો છો ખરાં?"

"આવા પ્રસંગે અનુમાન કે તર્કની કાંઈ પણ શક્તિ ચાલતી નથી. મને પણ એના ઠેકાણાની ખબર ન મળવાથી ઘણું જ દુઃખ થયું છે; કારણ કે, આશ્રમમાં એ બાળા આશ્રમના ભૂષણ સમાન હતી. આશ્રમમાં આટલાં વર્ષ રહીને મેટ્રિકમાં પાસ થયા વગર જ તે ચાલી ગઈ, એનો મને ઘણો જ શોક થાય છે. જો એ મેટ્રિકમાં પાસ થઈ હોત તો આશ્રમની પ્રતિષ્ઠામાં કેટલો બધો વધારો થવાનો સંભવ હતો! હા–પણ રોહિણી જતી વખતે તમારાપર એક ચિઠ્ઠી લખી ગઈ છે." એમ કહીને અધિકારિણીએ પોલકાના ખીસામાંથી બંધ ચિઠ્ઠી કાઢીને મોહનના હાથમાં આપી.

પાસે જ ઓટલા ઉપર મોટું ફાનૂસ બળતું હતું, એટલે તેના પ્રકાશમાં મોહન તે ચિઠ્ઠી ખોલીને આતુરતાથી વાંચવા લાગ્યો. તેમાં નીચેના શબ્દો લખેલા હતાઃ—

"પ્રિય મોહનલાલ,

"આજે મળવાની આશા હતી.; પણ વિધિ વિઘ્નકર્ત્તા થઈ પડ્યો. મારી પાલક માતા મને કયાં લઈ જાય છે, એ હું પોતે પણ જાણતી નથી, એટલે કાંઈ વિશેષ જણાવી શકતી નથી. જ્યાં જઇશ ત્યાંથી કોલેજના એડ્રેસ ઉપર કાગળ લખીશ. હવે આપણે પાછાં મળીશું કે નહિ અને આપણી આશા સફળ થશે કે નહિ, એ મારાથી કહી શકાતું નથીઃ કારણ કે, સંયોગો એકાએક બદલાય છે.

આપના નામની નિરંતર માળા ફેરવતી

રોહિણી."

મોહન એ પત્ર વાંચીને સર્વથા નિરાશ થઈ ગયો. 'આશા હોય તો તે માત્ર એટલી જ હતી કે, જો રોહિણીને પત્ર લખવાની સ્વતંત્રતા મળે અને તે સ્મરણ રાખીને પત્ર લખે, તો કદાચિત્ ભવિષ્યમાં તેના દર્શનની આશા રાખી શકાય. કિંવા કયાંક અચાનક મેળાપ થઈ જાય તો આશા સફળ થાય. નિરાશ થઈ તે ઉઠયો અને અધિકારિણી બાઇને કહ્યું;—"મેડમ! મારા ઉપર એક વિશેષ ઉપકાર કરવાની હું આપને પ્રાર્થના કરું છું અને તે એ કે જો આપ ઉપર રોહિણીનું કોઈ પત્ર આવે અથવા તેની પાલક માતા તરફથી એડ્રેસ લખી મોકલવામાં આવે, તો કૃપા કરીને મને તે વિશે મારા કોલેજના એડ્રેસ ઉપર લખી જણાવજો. હું એ ઉપકારમાટે આપનો આજન્મ આભારી રહીશ. જો મારા ઉપર કાગળ આવશે, તો હું આપને તે વિશે જણાવીશ.'

પ્રકરણ ૧૬ મું

મહાત્માની અલૌકિક લીલા

આલમચંદ અને યશોદાના કાશીનિવાસ પછી હયદરાબાદમાં મહાત્મા ગોપાળદાસનો ધર્મભાવ ઉત્તરોત્તર વધવા લાગ્યો. હરિનામની ઝોળી વધારે લાંબી થઈ અને માળાએ પણ વધારે લંબાઈ ધારણ કરી લીધી. મહાત્માના શરીર ઉપર શ્રી હરિના નામની છાપ અને "રાધાકૃષ્ણ" નામની મુદ્રાઓ વિશેષ સંખ્યામાં દૃષ્ટિગોચર થવા લાગી. એક લાખ અને એક હરિનામ ન જપી શકાય તો મહાત્મા જલપાન કરવાને પણ પાપ ગણતા હતા. આખા શહેરમાં મહાત્માના એ માહાત્મ્યનો વિસ્તાર વધી ગયો અને ઘર ઘર એની જ ચર્ચા ચાલવા લાગી.

એક દિવસ પ્રભાતમાં લોકોએ જોયું કે, મહાત્મા ગોપાળદાસ હાથમાં ઝાડુ લઇને રસ્તો સાફ કરી રહ્યા છે અને માર્ગમાં પડેલા કચરાને એક તરફ એકઠો કરવાના કામમાં રોકાયલા છે. એક માણસે પૂછ્યું; "મહાત્માજી! આ શું?" મહાત્માએ ઉત્તર આપ્યું; "કાંઈ નહિ—આપ કૃપા કરીને આ તરફ નજર ન નાખો!" વળી એક દિવસ ભક્તોએ મહાત્માને કાનમાં રૂનાં પુમડાં ભરીને ખાનગી ઓરડામાં બેઠેલા જોયા. કોઇએ "મહાત્માજી! આપને શું થયું છે?" એવો સવાલ પૂછતાં જવાબમાં મહા-

ત્માએ "એ વિશે કૃપા કરીને મને કાંઈ પણ ન પૂછો !" એટલું બોલીને પોતાના બન્ને હાથોવડે કાનોને ઢાંકી દીધા. મહાત્માના એ સહચરે ભક્તોને ઉદ્દેશીને કહ્યું; "મહાશયો! આપ મહાત્માને વિશેષ કષ્ટ ન આપો. પ્રભુનું મન આજકાલ બહુ જ ચંચલ બની ગયું છે–આજે એમના હરિનામસ્મરણમાં વ્યાઘાત થયો છે. જો આજની વાતને જાણવાની આપની દૃઢ ઇચ્છા હોય, તો મારી જોડે એકાંતમાં આવો એટલે હું ગુપચુપ તે વાત આપને સંભળાવીશ!" એકાંત ભાગમાં જવા પછી તે સહચરે કહ્યું; "આજે માતાજીના મંદિરમાં કાળીપૂજા થવાની છે એટલે ત્યાં બકરાનું બલિદાન અપાશે અને ઢોલ શરણાઇઓ વાગશે. અર્થાત્ બકરાને કાપતી વેળાએ થનારો ઢોલનો ધ્વનિ કાનોમાં આવીને ન અથડાય, એટલામાટે મહાત્મા આજનો આખો દિવસ આવી અવસ્થામાં જ વીતાડશે! મહાત્મા પોતે 'કાલી' અને 'બકરા'ના નામનો ઉચ્ચાર કરતા નથી અને તેથી જ પોતાના મુખથી પોતે કાંઈ પણ ઉત્તર આપતા નથી. એમનાથી ઉત્તર આપી શકાય તેમ છે જ નહિ; કારણ કે, તેમ કરતાં ધર્મની હાનિ થવાનો સંભવ છે!"

ત્રીજે દિવસે લોકોએ જોયું કે મહાત્મા ગોપાળદાસ સિંધુ નદીના તીર ઉપર દાતણની છાલી, ફાટેલી ચટાઈ, ફાટેલાં ચીથરાં ઇત્યાદિ વીણી વીણીને એક સ્થળે એકત્ર કરવાના વ્યવસાયમાં લીન થયેલા છે. સિંધુ નદી જેવી પવિત્ર નદીના તીરપ્રાન્તમાં જરા પણ ગંદકી રહે એ મહાત્માને ગમતું નથી. ઘાટ સ્વચ્છ થયા પછી સિંધુસ્નાન કરીને 'રાધાકૃષ્ણ' 'રાધાકૃષ્ણ' જપતા મહાત્માજી પોતાના મંદિરમાં આવી લાગ્યા.

ચોથે દિવસે વળી મહાત્માની એક નવીન ચેષ્ટા જોવામાં આવી. મહાત્મા શરીરને ભસ્મ ચર્ચિત કરી કૌપીન પહેરીને સાંકડી શેરીઓમાં દોડતા ફરતા'તા અને મુખથી બોલતા હતા; "મારા પ્રભુ ક્યાં છે? મારા કુંજવિહારી ક્યાં છે? મારા શ્રીગિરિધરલાલજી ક્યાં છે?" ભક્તોએ દોડીને તેમને પકડી લીધા અને કહ્યું; "પ્રેમનો અતિરેક થવાથી પ્રભુ આજે ઉન્મત્ત બની ગયા છે!"

પાંચમે દિવસે મહાત્માની વળી એક નવીન અલૌકિક કૃતિનું દર્શન થયું. તે શું? મહાત્માજી ઘુંઘટો તાણીને શ્રીમદ્ભાગવતની કથાનું શ્રવણ કરી રહ્યા હતા. ઘુંઘટ શા માટે? એક ભક્તજને ખુલાસો કર્યો; "પ્રભુ હવે સ્ત્રીના મુખનું અને કલદારનું દર્શન કરવાના નથી; એમણે એવી ભીષ્મપ્રતિજ્ઞા કરેલી છે. અત્યારે અહીં ચક નાખીને અનેક સ્ત્રીઓ બેઠેલી છે, પરંતુ ચકની ફાટયોમાંથી પણ તેમનાં શરીર તો દેખાય છે જ, એટલામાટે મહાત્માશ્રીએ પોતાના મુખને ઘુંઘટના પટમાં છુપાવી રાખ્યું છે; ને બીજું કારણ એ છે કે અહીં બ્રાહ્મણને અને ભજન કરનારા તથા નાચનારાઓને રૂપીઆ અને પૈસા આપવામાં આવે છે અને તે રૂપીઆ જોવાની મહાત્માની ઇચ્છા નથી."

એવી રીતે સિંધ હયદરાબાદના નિવાસીઓ નિત્ય નિત્ય મહાત્મા ગોપાળદાસની નવીન નવીન લીલાઓનો સાક્ષાત્કાર કરતા હતા! અને મહાત્મામાં સર્વનો પ્રેમ તથા વિશ્વાસ વૃદ્ધિંગત થતો હતો.

પ્રકરણ ૧૭ મું

શ્રીમતી વૃન્દા

" Widows are a study you will never be any
proficient in." *Pope.*

હયદરાબાદથી લગભગ બે માઇલના અંતરે આવેલા સિંધુ નદીના મુખ્ય વિશાળ પ્રવાહના કિનારા ઉપર ગિદુ બદર નામના ગામમાં વસતીથી કાંઇક દૂર બે મજલાનો એક બંગલો હતો. સંધ્યાસમયે તેના છજામાં બેસી સિંધુ નદીનું અવલોકન કરવાથી સ્વર્ગસુખની પ્રાપ્તિ થતી હતી. મકાન જો કે આલીશાન હતું, તોપણ જણાતું હતું કે, એ મકાનની ઘણા દિવસથી મરામ્મત થયેલી નહોતી. બહારનો ચૂનાનો લેપ કાળો પડી ગયો હતો. બારીઓમાંના બે ચાર દરવાજા નીકળી ગયા હતા. મકાન પુરાણું હોવાથી વળી વધારે ભારી અને પ્રભાવશાળી દેખાતું હતું; નીચેના દરવાજા ઉપર બે દરબાન બેઠેલા હતા; એ ઉપરાંત દાસ હતા, દાસીઓ હતી, સૌભાગ્યવતી સખીઓ હતી, દહિં, દૂધ, માખણ નિષ્પન્ન કરવાવાળી ગરીબ ગોવાળણો હતી, ફુલમાળા બનાવી આપનારી એક માલણ માસી હતી. એ સર્વથી વિશેષ, સ્ત્રીઓની મનોમોહિની મહામહોપાધ્યાય–ઉપાધિધારિણી કાશી નામની ધાંયઝી હતી. સર્વ હતું–માત્ર એક વસ્તુ નહોતી અથવા તો કહો કે કાંઈ નહોતું. નીલ આકાશમાં કરોડો નક્ષત્ર ચમકતાં હતાં. નહોતો માત્ર ચન્દ્રમા! વ્યંજન અસંખ્ય હતાં, પણ એક રોટલી નહોતી!

મકાન આટલું મોટું હોવા છતાં તેનું માલેક મુખ્તિયાર કોઈ નહોતું. મકાનની માત્ર માલેકણ એક સ્ત્રી–અબળા હતી. એ સ્ત્રીનો સ્વામી નહોતો, સસરો નહોતો, સાસુ નહોતી. નહોતાં દીયર, જેઠ, સંતાન કે સંતતિ! કોઈ નહોતું–કાંઈ પણ નહોતું. કોઇને પિતા, માતા, કાકા કાકી કે ફોઈ કે માસીના નામથી બોલાવવાનું પણ તેનું ભાગ્ય નહોતું. બનેવી પણ નહોતો–તે આ જગત્‌માં તે એકલી અટૂલી હતી.

એ અબળા આજકાલ દિવસ અને રાત એકલી ને એકલી જ રહ્યાં કરતી હતી. બીજા માળ ઉપરના વિરંડામાં સ્પ્રિંગવાળા સોફા ઉપર બેસીને એ રમણી એકલી જ પૂર્ણિમાની રાત્રે કલકલવાહિની સિંધુ નદીની શોભાનું અવલોકન કરતી હતી. નિરાધાર નારી કોઈ કોઇવાર સિંધુસાગર પ્રતિ દૃષ્ટિપાત કરતી રાગનો આલાપ કરતી હતી અને પોતે રાધા બનીને વિરહિણી પ્રમાણે એકલી જ સ્નેહસંગીત ગાતી હતી–કોઇવાર શ્રીકૃષ્ણ બનીને વસન્તવાયુ સાથે સ્વર મેળવીને રાધાને ઉદ્દેશી કહેતી હતી કે;—

" त्वमसि मम भूषणं त्वमसि मम जीवनम् ।
त्वमसि मम भव–जलधि–रत्नम् ।"

વનિતા કોઈ કોઈવાર ઉન્માદિની બનીને એકલી જ હાસ્ય કરતી હતી; કોઇવાર રોઇ રોઇને પૃથ્વીને આર્દ્ર કરી નાખતી હતી, કોઇવાર ધ્યાનનિમગ્ના યોગિની પ્રમાણે મૌન ધારણ કરી મનમાં ને મનમાં જ વિચાર ચલાવ્યા કરતી હતી.

એ રમણી કોણ? કઈ જ્ઞાતિની? શો વ્યવસાય કરે છે? એની અવસ્થા શી છે? એ વનિતાનું નામ વૃન્દા છે. એનું વય બેંતાળીસેકનું છે–એની અવસ્થા પૂરી

બેંતાળીસ વર્ષની જ છે. નવલકથામાં એક સ્ત્રીપાત્રની બેંતાળીસ વર્ષની અવસ્થા દેખાડવાથી રસભંગ થવાનો સંભવ છે ખરો—અલંકારશાસ્ત્રના નિયમ અનુસાર એથી કાંઈ દોષની આપત્તિ પણ થાય છે; પરંતુ અમારો ઉપાય નથી; કારણ કે, મનઃ કલ્પના કરતાં સત્ય વિશેષ બળવાન્ છે.

એ અબળા કઈ જાતિની હતી? બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અને ચાર વર્ણમાંથી ઉત્પન્ન થયેલી બીજી ચાળીસ હજાર જ્ઞાતિઓમાંની કઈ જ્ઞાતિને એ રમણીને જન્મ આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયેલું હતું? એ પ્રશ્નનું ઉત્તર આપવાની અમારી ઇચ્છા નથી. માત્ર એટલું જ કહીશું કે એ સ્ત્રી હિન્દુ કે આર્ય હતી. જો અમે કોઈ વિશેષ જ્ઞાતિના નામનો ઉચ્ચાર કરીશું, તો તે જ્ઞાતિવાળા અમારા માથા ઉપર તલવાર ખેંચીને કહેશે; "અમારી જ્ઞાતિમાં એવી કોઈ અબળા હતી જ નહિ અને હોવી ન જ જોઇએ." એટલે એ વિષયમાં મૌન ધારવું જ વધારે સારું છે.

એ અબળા ગમે તે જ્ઞાતિની હોય, પણ એના શરીરનો રંગ એવો હતો કે, દુગ્ધમાં કેસરનો કિંચિત્ સંયોગ અથવા તો નવમલ્લિકા સાથે ગુલાબના પુષ્પનો યોગ !

દુર્ભાવનાને દૂર કરવામાટે અમારે ખાસ એક વાત કહી રાખવી જોઇએ કે—એ અબળાની અવસ્થા બેંતાળીસ વર્ષની હોવા છતાં એના શરીરના દૃઢ બંધનને જોતાં અઠ્ઠાવીસ વર્ષના વય કરતાં વધારેનું અનુમાન કરી શકાતું નહોતું. તત્ત્વજ્ઞ પુરુષોની દૃષ્ટિમાં એનું વય ચોવીસ કે છવ્વીસ વર્ષથી વધારે જોવામાં આવતું નહોતું. ભાઈ રસિકલાલ કહેતા હતા કે, "હું મારી બાલ્યાવસ્થાથી વૃન્દાને એકની એક જ અવસ્થામાં જોતો આવ્યો છું. ભરતી કે ઓટ જેવું કાંઈ પણ દેખાયું નથી—હમેશાં એકનો એક જ ઢંગ અને એકનો એક જ રંગ!"

હવેની વાર્ત્તા કાંઇક ગુપ્ત છે. એ ગુપ્ત વાર્ત્તા સાંભળવાને જે પુરુષ અને સ્ત્રીઓ આતુર હોય, તેમને અમારી પાસે આવીને તે વાર્ત્તા કાનમાં સાંભળવાનું અમે આમંત્રણ કરીએ છીએ. વૃન્દાના ગૃહના કામકાજની વ્યવસ્થામાટે એક માણસને રાખવામાં આવ્યો હતો. લોકો તેને મુનીમજીના નામથી બોલતા હતા. તે મુનીમજી એ રમણીના સ્થાવર—અસ્થાવર, ચેતન, અચેતન અને ઉદ્ભિજ સર્વ પદાર્થોનું રક્ષણ—અવેક્ષણ કરતો હતો. ધીમે ધીમે રમણીનું જડજગત્ મુનીમજીના અધિકારમાં આવી ગયું. વૃન્દાના ભવનમાં—બાહ્ય અને અંતર્ભાગમાં—તેના અપ્રતિબદ્ધ જવા આવવાનો વ્યાપાર ચાલૂ થયો. ધીમે ધીમે મિત્રતા એટલી બધી વધી ગઈ કે વૃન્દાની તિજોરીની કુંચી પણ મુનીમજીની કમ્મરે લટકતી દેખાવા લાગી અંતે બન્નેમાં એ ભાવ ઉપસ્થિત થયો કે, વૃન્દાના માથામાં જરાક દુખાવો થતાં જ મુનીમજી ખાટલાને પકડી બેસી રહેતો. દુષ્ટ લોકો કહેતા હતા કે, મુનીમજી વૃન્દાનું માથું દબાવતા'તા અને વૃન્દા બગાસું ખાય તો મુનીમજી ચપટી વગાડતા'તા. વૃન્દા જ્યારે જમવા બેસતી, ત્યારે મુનીમજી 'બે પૂરી તો લ્યો—આટલું તો બાળકો પણ ખાય છે—એક લાડુ લ્યો!' એવો આગ્રહ કરતા હતા.

નઠારા અને વિઘ્નસંતોષી માણસો બધા દેશમાં હોય છે. તેવા નઠારા લોકો વારંવાર કહેતા કે, 'મુનીમજી રાત્રે વૃન્દાના શયનગૃહમાં જ નિદ્રાવશ થાય છે.' આ બનાવ કોઇએ જોયો નહોતો. પ્રત્યક્ષ પ્રમાણ કોઇને મળ્યું નહોતું, તો પણ એ ચર્ચાને

બધા આગળ ચલાવ્યા કરતા હતા. શહેરના નઠારા માણસોના એક સમાજે વૃન્દાને જ્ઞાતિબહિષ્કૃત કરી દીધી.

આ ગુપ્ત વાર્તા તો જાણે ગુપ્ત રીતે વાચક સ્ત્રી પુરુષોએ અમારા મુખથી સાંભળી લીધી. હવે બીજી વાતો ખુલ્લી રીતે સાંભળો. જેમની પાસે દૌલત હોય છે, તેઓ સહજમાં જ જ્ઞાતિબહિષ્કૃત કે ન્યાત બહાર થતા નથી. જાતિબહિષ્કૃતાથી વૃન્દાનો ધર્મ-ભાવ વધવા લાગ્યો. તેણે શ્રીરાધાકૃષ્ણની યુગલ મૂર્ત્તિને પોતાના સદનમાં સ્થાપિત કરી. નિત્ય બાર બ્રાહ્મણો શ્રી રાધાકૃષ્ણનો ભોગ જમવા લાગ્યા. પ્રથમ તો બ્રાહ્મણોને એક એક રૂપીઓ દક્ષિણામાં મળવા લાગ્યો; પણ સમયના ક્ષીણ થવા સાથે દક્ષિણા ચાર આના ઉપર આવી ગઈ; ગોકુલાષ્ટમી અને હીંડોળા આદિ ઉત્સવ પ્રસંગે વૃન્દા હજારો બ્રાહ્મણોને જમાડીને તૃપ્ત કરતી હતી.

વૃન્દાએ સાધનહીન, દીન અને દુ:ખીજનોને મુક્ત હસ્તથી દાન દેવાનો આરંભ કર્યો. કોઈ બ્રાહ્મણ કન્યાદાનના ભારથી દબાયલો હોય, તો વૃન્દા તેને કન્યાદાન માટે સો રૂપીઆનો ચેક લખી આપતી. કોઈ માગનારાની ડિક્રી થવાથી કોઇનાં ઘર જમીનનું લીલામ થતું, તો વૃન્દા તેનું કર્જ ચૂકવીને તેની રક્ષા કરતી હતી. બ્રાહ્મણોમાં તેનો ભક્તિભાવ એટલો બધો વધી ગયો કે, જે કોઈ પણ બ્રાહ્મણ આવીને બે ચાર સંસ્કૃત શ્લોકો સંભળાવે, તેને તે પાંચ રૂપીઆ દક્ષિણા આપતી હતી. વિવાહમાં નોતરું મળે કે, વૃન્દા વસ્ત્ર અને સો રૂપીઆ કલદારનો ચાંલ્લો કરતી. શ્રાદ્ધપ્રસંગે આમંત્રણ આવતાં તેના દાનની સીમા જ રહેતી નહોતી.

પ્રકરણ ૧૮ મું
વૃન્દાનો દીયર !

શ્રીમતી વૃન્દાના દાનની વાત સર્વત્ર પ્રસરી અને મહાત્મા ગોપાળદાસ સાથે વૃન્દાનો મૈત્રીસંબંધ થયો. વૃન્દાના ધર્મ–કર્મ અને દાનવિભાગમાં ગોપાળદાસ એક પ્રધાન સહાયક થઈ પડ્યો. કેટલાક દિવસ પછી મહાત્માના પ્રસ્તાવથી અને મુનીમજીના અનુમોદનથી ઇચ્છામયી વૃન્દા વૈષ્ણવી નામથી અભિહિતા થઈ. એ દિવસથી તે શ્રીમતી વૃન્દાના નામથી ઓળખાવા લાગી. વૃન્દાનું આગળનું નામ તો સિંઝુલબાઈ હતું.

વૃન્દાની બુદ્ધિની ધાર છૂરીની તીક્ષ્ણ ધાર જેવી હતી. મહાત્મા ગોપાળદાસનું વય વૃન્દા કરતાં વિશેષ હોવા છતાં પણ વૃન્દા તેને 'દીયરજી'ના વ્હાલા નામથી બોલાવવા લાગી. જે દિવસે 'દીયરજી' શબ્દનો વૃન્દાએ પ્રથમવાર ઉચ્ચાર કર્યો, તે વખતે ગોપાળદાસે હર્ષથી ઉભરાઈ જતા હૃદયે તેને કહ્યું: "કાંઈ ચિન્તા નહિ; જો કે મારું મંદિર અહીંથી બે માઇલના અંતર ઉપર છે, તોપણ તમે જો પોતાના એક કૂતરાને પણ મોકલશો, તોય હું અડધી રાતે તે જ ક્ષણે તમારી સેવામાં આવી હાજર થઇશ ! આપના હિતમાટે મારા પંચ પ્રાણ નિરંતર તૈયાર છે!" એક 'દીયર' નામના ઉચ્ચારથી આટલી સફળતા થયેલી જોઇને વૃન્દા મહાત્મા ગોપાળદાસને સદૈવ અતિ મધુર સ્વરથી "દીયરજી ! ઓ દીયરજી !" કહીને જ બોલાવતી. ગોપાળદાસ એના ઉત્તરમાં ગદ્‌ગદ થઇને બોલતો; "મોટી વહૂ ! ઓ મોટી વહૂ ! શી આજ્ઞા છે ?"

દાનની આટલી બધી વિપુલતા અને મુનીમજી તથા મહાત્માની આટલી બધી ચેષ્ટાઓ છતાં માત્ર એક શ્રેણીના મનુષ્યો વિના સાધારણ જનસમૂહ વૃન્દાના પક્ષમાં ન આવ્યો. છતાં વૃન્દાના પક્ષવાળા કહેતા કે, "શ્રીમતી વૃન્દાના ઘરમાં બધા પાતળ પીરસાવે છે અને દાળ ભાત ઉડાવે છે. કયો બ્રાહ્મણ વૃન્દાનું આપેલું દાન નથી લેતો?"

વૃન્દાના ધર્મ–કર્મ ઉપલક્ષમાં મહાત્માજી વૃન્દાની સાથે મિત્રતામાં કાંઇક વૃદ્ધિ કરવાની ચેષ્ટા કરવા લાગ્યા. પ્રથમ મહાત્મા ગોપાળદાસની આજ્ઞા પ્રમાણે જ વૃન્દા દાન કરતી હતી. દાન લેનારાઓ સાથે અડધો ભાગ લેવાનો મહાત્માનો કોન્ટ્રેક્ટ થયેલો છે, એ વાતને જાણવા છતાં પણ તે પોતાના હાથને પાછો ખેંચતી નહોતી. ગોપાળદાસે હયદરાબાદમાં હરિસભા નામક મકાનનો જે નવો ભાગ બંધાવ્યો હતો, તે વૃન્દાના ધનથી જ.

મહાત્મા ધીમે ધીમે મનમાં એમ ધારવા લાગ્યો, "વૃન્દા મને બહુ જ માને છે અને મારામાં અતિ શ્રદ્ધા રાખે છે!" તેની પ્રથમથી જ એના પ્રેમને મેળવવાની ઇચ્છા હતી. શ્રીરાધાકૃષ્ણની સંધ્યાકાલીન આરતીની સમાપ્તિ પછી બીજા માળના છજામાં કૃષ્ણલીલાનાં ગાયનો ગવાતાં. ઉસ્તાદજી આવીને વૃન્દાને ગાનકળા શીખવતા. ઉસ્તાદજીના ગાઈ રહ્યા પછી વૃન્દા પોતે ગાયન આલાપતી. મુનીમજી અને મહાત્મા ગોપાળદાસ ગાયનમાં વૃન્દાનો સાથ કરતા. માન, મિલન અને વિરહ આદિ સર્વ ભાવોવાળાં ગાયન ગવાતાં. કોઈ કોઈ દિવસ અસ્વસ્થતાના કારણથી મુનીમજી વૃન્દાની સાથે ગાતા ન હોતા—એકલા મહાત્માજી જ સાથ કરતા.

એક દિવસ રાત્રે નવ વાગી ગયા. બીમારીના કારણથી મુનીમજી ગેરહાજર હતા, ઉસ્તાદજી ચાલ્યા ગયા પણ મહાત્માજી તો બેસી જ રહ્યા. દશ વાગ્યા, તોપણ ગોપાળદાસે ઉઠવાનાં ચિન્હો ન જ બતાવ્યાં. શ્રીમતી વૃન્દાએ કહ્યું; "દીયરજી! આજે ગાવાનું હવે રહેવા દ્યો; કારણ કે મારું માથું ચઢી આવ્યું છે અને આંખોમાં અંધારાં આવે છે."

"શું કહ્યું, મોટી વહુ! માથામાં દુઃખાવો છે? માથામાં ગરમી ચઢી ગઈ હશે—લ્યો પંખો કરું." એમ કહીને મહાત્માએ હાથમાં પંખો લઇને વાયુ ઢોળવાનો વ્યાપાર ચાલૂ કર્યો.

"નહિ, દીયરજી! પંખો કરવાની કાંઈ જરૂર નથી. જુઓને કુદરતી જ આજે ઠંડી હવા આવ્યા કરે છે." વૃન્દાએ નિષેધ કર્યો.

"ત્યારે ધીમે ધીમે માથું દબાવું?"

"ના, ના, હું તમને વિના કારણ પરિશ્રમ આપવા નથી માગતી."

"મને એમાં જરા પણ પરિશ્રમ થવાનો નથી. કિન્તુ મારા હથ કઠણ હોવાથી આપને જ વેદના થશે!" મહાત્માએ હસીને કહ્યું."

"આ શું, દીયરજી! હું કાંઈ આપના હાથો કઠણ હોવાનું કહેતી નથી. ચાલો હવે આજની રાત જવા દ્યો અને સવારમાં વહેલા પધારજો. રાત ઘણી વીતી ગઈ છે, એટલે મારી સુઈ જવાની ઇચ્છા થાય છે. નિદ્રા સારી આવશે, એટલે માથાનો દુઃખાવો પોતાની મેળે જ મટી જશે." વૃન્દાએ વળી પણ માર્મિકતાથી તેને જવાની સૂચના કરી.

"બહુ સારું–બહુ સારું. સારી નિદ્રા આવતાં જ માથાનું દર્દ મટી જાય છે, એનો મને પણ અનુભવ છે." એમ કહી મહાત્મા ગોપાળદાસ મનમાં અનેક વિચાર કરતા વીલે મોઢે જોડા પહેરીને ત્યાંથી ચાલવા લાગ્યા! પણ દાદરો ઉતરીને વળી પાછા ઉપર આવ્યા અને વૃન્દાને પૂછવા લાગ્યા;–"મોટી વહૂ! તમે સવારમાં વહેલા પધારવાનું કહ્યું, એટલે કહો તો બ્રાહ્મમુહૂર્ત્તમાં જ આવીને હાજર થાઉં, દિવસ ઉગ્યા પહેલાં અંધારામાં જ આવું કે?"

"અંધારામાં આવવાની કાંઈ અગત્ય નથી. અજવાળામાં જ પધારજો!" વૃન્દાએ સ્મિત કરીને કહ્યું.

મહાત્મા ખસિયાણા પડી ગયા અને ઢીલે પગલે ઉતરવા લાગ્યા.

"દાસી!" વૃન્દાએ મહાત્માના જવા પછી દાસીને બોલાવી.

"શી આજ્ઞા છે, બાઈ સાહેબ!" એમ કહેતી દાસી આવીને હાજર થઈ. "દરબાનોને કહી દે જે કે, મહાત્મા ગોપાળદાસને હવેથી કોઈ પણ રીતે આ મકાનમાં આવવા ન દે; અને જો પાછળના ઓરડામાં રોહિણી નિદ્રાવશ ન થઈ હોય તો તેને મારી પાસે લઈ આવ."

"જેવી આજ્ઞા." દાસી ચાલતી થઈ અને વૃન્દા કોચપર અઢેલી કાંઇક વિચાર કરવામાં લીન થઈ ગઈ.

પ્રકરણ ૧૯ મું
રોહિણીની નિરાશા!

દાસી થોડીવારમાં જ રોહિણીને સાથે લઇને પાછી આવી. વિનયવતી રોહિણીએ આવતાં જ વિનય દર્શાવીને કહ્યું; "કેમ મા! શી આજ્ઞા છે?"

"દીકરી! બેસ." રોહિણીનો એ પ્રમાણે સત્કાર કરી વૃન્દાએ દાસીને જવાનો સંકેત કર્યો. પછી એકાંતમાં રોહિણી તરફ જોઇને તે બોલી; "દીકરી! ખરેખર તું કોની પુત્રી છે, એ હું પોતે પણ જાણતી નથી. પણ તારાં રૂપ અને ગુણોને જોતાં તું કોઈ કુલીન માતાપિતાની પુત્રી છે, એમ કોઈ પણ કહી શકે એમ છે. એક માણસે તું ન્હાની હતી ત્યારે તને મારા હાથમાં સોંપી હતી, પણ, તારાં માતપિતાની તેને પણ ખબર નહોતી. મેં તને અનાથાશ્રમમાં એટલા માટે રાખી કે, તું ઉછરીને મોટી થવા સાથે ભણી ગણીને હુશીયાર પણ થઈ શકે. કદાચિત્ તું મોટી થાય ત્યાંસૂધીમાં મારો અંતકાળ થઈ જાય તો તું નિરાધાર અવસ્થામાં ન આવી પડે, એટલા માટે અનાથાશ્રમમાં પાંચ હજાર રૂપિયા રોકડા તેજ વખતે મેં મૂકયા હતા અને અમુક દિવસે તે વારસો તારા હાથમાં જો હું ન આવું તો સોંપવાની મેં વ્યવસ્થા કરી હતી. પણ પરમેશ્વરની કૃપાથી તને તરૂણાવસ્થામાં આવેલી જોવા માટે હું જીવતી રહી છું અને તને મારા ઘરમાં લાવી છું. જે પાંચ હજાર રૂપિયા મેં આશ્રમમાં તારા માટે મૂકયા હતા, તે મેં હવે અનાથાશ્રમના લાભમાટે આપી દીધા છે. હવે પછી મારી સ્થાવર અને જંગમ સંપત્તિની વારસ તું જ છે. પણ હું તને મારો વારસો આપી જવાની છું, એ વાત તારે કોઈને કહેવી નહિ."

'મા! તારો મારા ઉપર અનંત ઉપકાર છે; છતાં મારે પૂછવું પડે છે કે, શું તારા શ્વસુરપક્ષનો એવો કોઈ સંબંધી નથી કે, જે આ મિલકતનો વારસ થઈ શકે?" રોહિણીએ પૂછ્યું.

વૃન્દાએ એક દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો. તેની આંખમાં આંસુ આવ્યાં. આંસુને સાડીના પાલવવડે લૂછીને તેણે કહેવા માંડયું; "દીકરી! હું મહાદુર્ભાગિની દારા છું. તારા આ પ્રશ્નથી મારા હૃદયમાંનું દબાયલું દુઃખ પાછું ઉભરાઈ આવ્યું છે. આ જગતમાં એક ઈશ્વર અને તારા વિના મારું બીજું કોઈ પણ નથી. પ્લેગ અને કોલેરાએ મારા ઉભય કુળનું નિકંદન કરી નાંખ્યું છે, અને તેથી ભોક્તા વિનાની આ સંપત્તિ મને અત્યંત પીડા આપનારી થઈ પડી છે. સ્ત્રીનું ભલે બીજું કોઈ પણ સગું સંબંધી ન હોય, પણ એક પતિ હોય તો તેને બીજાં સગાંવહાલાંની એટલી બધી આવશ્યકતા હોતી નથી. પતિ, સ્ત્રીના શિરનું છત્ર છે. એ છત્રના અભાવે સ્ત્રી નગ્ન દેખાય છે. ભલેને ગમે તેટલી સંપત્તિ હોય, તોપણ પતિહીના સ્ત્રીની લોકો નિન્દા કરે છે; તેના શિર ઉપર અનેક આળ ચઢાવતા રહે છે; અને કેટલાક પાપીઓ તો જેટલી વિધવાઓ હોય, તે સર્વને દુરાચારિણી ધારીને તેમને પોતાના કામજાળમાં સપડાવવાનો જ ઉદ્યોગ આદરી બેઠેલા હોય છે. ભોગજોગે જો કોઈ વિધવા ધનાઢ્ય હોય તો તો એવા પાપાત્માઓ તેને જળો પ્રમાણે ચોંટી પડે છે અને વિધવાનાં વૈધવ્યવ્રત તથા વસુ ઉભયનો નાશ કરવા પછી જ જંપે છે. હું બાવીસ વર્ષની હતી ત્યારની રંડાઈ છું, અને ત્યાર પછીના વીસ વર્ષમાં આ સંદિગ્ધ સંસારમાં એ સર્વ વાર્ત્તાઓનો મને સારી રીતે અનુભવ મળી ચૂકયો છે. હું હવે આ સંસારથી કંટાળી ગઈ છું. વિધવાના ધર્મકર્મમાં પણ લોકોને પાપ દેખાય છે. લોકસ્વભાવની એ વિચિત્રતા છે. પરંતુ ખરી રીતે એમાં લોકોનો દોષ નથી; જ્યાં સાધુ સંતો પણ વિધવાઓને સારો ઉપદેશ આપવાને બદલે પાપમાર્ગમાં જ દોરી જવાનો પ્રયત્ન કરે છે અને બિચારી અજ્ઞાન વિધવાઓ પોતાની ઓછી બુદ્ધિને લીધે પાપને ધર્મ જાણી ધર્મભ્રષ્ટ અને કર્મભ્રષ્ટ થાય છે તો પછી લોકો નિન્દા કરે, એમાં આશ્ચર્ય જેવું શું હોય વારુ? આ મારી વાતો તને કદાચિત્ અપ્રાસંગિક અને અસંબદ્ધ ભાસશે, પણ એ વાર્ત્તા અત્યારે જ તને સંભળાવવામાં મારો ખાસ ઉદ્દેશ છે. તું કુમારિકા છે અને આ સંસારસાગરમાં ઝીપલાની તારે પાર ઊતરવાનું છે, એટલે જો એવાં તોફાનો વચ્ચે આવીને ઉભાં રહે તો તારાથી તેનું નિવારણ કરી શકાય અને સંસારસમુદ્રમાંથી તરીને પાર ઉતરી શકાય, એ હેતુથી જ હું તને આ વાર્ત્તા કહી સંભળાવું છું. સ્ત્રી અને ધનના લોભી પુરુષો આ જગતમાં સર્વત્ર મળી આવે છે, એટલે અનાથાશ્રમમાં વધારે દિવસ રહેવાથી તારુણ્યના વિકાર ઉદ્ભવતાં અજ્ઞાનમાં તું કોઈ અપવિત્રમાર્ગમાં ન ચાલી જાય, એટલામાટે જ તારા અભ્યાસમાં હરકત કરી તારી ઇચ્છાવિરુદ્ધ હું તને અહીં લઈ આવી છું. તારું અત્યારસુધીનું આયુષ્ય અનાથાશ્રમના એક ખૂણામાં જ વીતેલું હોવાથી બાહ્ય જગતની તને જોઇએ એટલી કલ્પના નથી અને તેટલામાટે તને પ્રવાસ કરાવવાની મારી ઈચ્છા છે. એક બે દિવસમાં જ આપણે તીર્થયાત્રા કરવાને અહીંથી રવાના થઇશું. એથી આપણને પ્રવાસના આનંદસાથે તીર્થયાત્રાના પુણ્યની પણ પ્રાપ્તિ થશે. 'એક પંથ અને દો કાજ!' તારો એ વિશે શો અભિપ્રાય છે?"

"માતાના અભિપ્રાય આગળ પુત્રીના અભિપ્રાયની શી મહત્તા ? હું તારી આજ્ઞાને આધીન છું." રોહિણીએ અનુમોદન આપ્યું, પણ તેની મુદ્રામાં તો કાંઇક અનિચ્છાની છાયા જ દેખાતી હતી.

ચપલ અને અનુભવી વૃન્દા રોહિણીના મનોભાવને કેટલેક અંશે સમજી–જાણી ગઈ. કાંઇક ગંભીરતા બતાવીને તે બોલી; "રોહિણી ! તારા મનમાં જો કાંઈ પણ સંકોચ થતો હોય તો જણાવી દે. મારી આગળ શરમાઇને મનનો ભાવ મનમાં જ દાબી રાખી, મૌન્ય ધારણ કરવાનું કાંઈ પણ કારણ નથી."

"ના–મા ! મારા મનમાં તારા વિચારથી વિરુદ્ધ વિચાર નથી. તું વિનાકારણ હૃદયમાં શંકાને સ્થાન ન આપ." રોહિણીએ નીચું મુખ કરી પૃથ્વી ભણી જોઇને ઉત્તર આપ્યું.

વાસ્તવિક રીતે જોતાં રોહિણી તરતાતરત તીર્થયાત્રા કરવા જવાને રાજી નહોતી; કારણ કે અનાથાશ્રમને છોડતી વખતે પોતાના પ્રિયકર મોહનલાલ સાથે તેનો મેળાપ થઈ શકયો નહોતો અને વૃન્દાને ત્યાં આવ્યા પછી તે તેનાપર એક પત્ર પણ લખી શકી નહોતી. જો ગિદ્ગુબંદરમાં જ નિવાસ હશે તો પત્ર લખ્યા પછી અવશ્ય કોઈ નિમિત્તથી મોહનલાલને મળી શકાશે, પણ જો તીર્થયાત્રામાં ચાલ્યાં, તો પછી મનમોહનનો મેળાપ કોણ જાણે કયારે થશે, એનો નિશ્ચય ન હોવાથી એ સ્થાન છોડી જવાની તેની ઇચ્છા નહોતી.

વિધાતાએ સ્ત્રીના મુખને લજ્જાથી એવું તો બંધ કરી દીધેલું હોય છે કે, લજ્જાવતી લલના પ્રાણ જતાં પણ શિષ્ટજનો સમક્ષ પોતાના પ્રેમની વાર્ત્તા વ્યક્ત કરતી નથી. રોહિણીએ એ જ માર્ગનું અવલંબન કરીને પોતાની ઇચ્છાથી વિરુદ્ધ અનુમોદન આપ્યું. સ્ત્રી અથવા પુરુષ પ્રથમ એવા પ્રેમને ગુપ્ત રાખવાના કાર્યમાં જ અસત્ય શબ્દો ઉચ્ચારે છે–અહીંથી જ તેમના અસત્યાવલંબનનો આરંભ થાય છે. રોહિણીએ પણ અત્યારે કિંચિત્ અસત્યનો આશ્રય લઇને પોતાના પ્રેમને છૂપાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એ અસત્યમાટે રોહિણી જેવી મુગ્ધા માનિનીને આપણે દોષભાગી ગણીશું નહિ. પ્રેમનો એ ધર્મ છે; અને ધર્માનુસાર વર્તવું, તે દોષ નથી.

ચતુર વિધવા વૃન્દાના મનમાં સંશય આવ્યો તે સત્ય હતો, છતાં રોહિણી મર્યાદા રાખે છે તો તેને મર્યાદાહીન ન કરવી જોઇએ, એવા ઉદ્દેશથી તેણે વધારે ખેંચી ખેંચીને પૂછવાનું યોગ્ય ન ધાર્યું. તે બોલી; "દીકરી ! મારી આજ્ઞાને વશ રહેવામાં જ તારું કલ્યાણ છે. બે ત્રણ દિવસમાં આપણે પ્રવાસે નીકળીશું. તારે જે વસ્તુઓની અગત્ય હોય, તે એક કાગળ ઉપર મને નોંધી આપ એટલે કાલે તે મંગાવી લઇશ. પ્રવાસ કરી આવ્યા પછી તને પરણાવી જમાઈ અને દીકરીના હાથમાં દોલત સોંપી મારો સંસારથી વિરક્ત થવાનો વિચાર છે. જા; રાત વધારે વીતી છે; માટે સૂઈ જા; સવારમાં વહેલી ઉઠજે."

રોહિણી પોતાના ઓરડામાં આવીને શય્યામાં પડી. નિદ્રાવશ થવાને બદલે ભયંકર વિચારવશતામાં તેનો સમય વીતવા લાગ્યો. વૃન્દાએ છેલ્લો જે વિવાહનો ઇશારો કર્યો, તેથી તેના હૃદયમાં વિશેષ આઘાત થયો. તે મનમાં જ કહેવા લાગી;

"દીકરી ને ગાય દોરે ત્યાં જાય!" એ કહેવત પ્રમાણે મારી પાલક માતા મારો હાથ જેના હાથમાં સોંપશે, તે પુરુષને જ મારે પતિ તરીકે માન્ય રાખવો પડશે! હવે મોહનસાથે પરણીને સુખી થવાની મારી આશા સફળ થાય તેમ નથી જ. પણ આ વાત કોઈ પણ જોખમે મોહનને જણાવવી તો જોઇએ જ."

એ નિશ્ચય થવા પછી તેણે એક કાગળ લખ્યો અને તેને બંધ કરીને પોતાપાસે રાખી મૂકયો. વિચારમાં ને વિચારમાં જ વા'ણું વાયું અને જડ વિશ્વે ચેતનતા ધારણ કરી.

પ્રકરણ ૨૦ મું
અપમાન! અને વૈરનો આરંભ!

બીજે દિવસે સવારના પહોરમાં જ મહાત્મા ગોપાળદાસ શ્રીમતી વૃન્દાના દરવાજા ઉપર આવી ઉભો રહ્યો, અને આજે તેના આગમન અને ગમનનો સમય એક જ થઈ ગયો. જેવાં પગલાંથી તે આવ્યો હતો, તેવાં જ પગલાંથી તેને પાછો ઘરનો માર્ગ સ્વીકારવો પડ્યો. દરબાને તેને અંદર જતાં અટકાવ્યો. દરબાને અપમાન કરીને બહાર ન કાઢ્યો, એ નસીબ! પણ હાથ જોડીને તેને મીઠી જીભથી જણાવ્યું; "આજે અમારી શેઠાણીની તબીયત બગડેલી છે, એટલે કોઇને અંદર જવાનો હુકમ નથી. કૃપા કરીને આપ પાછા પધારો."

"અરે નહિ રે ભાઈ! જરા મોટી વહૂને કહો કે, મહાત્માજી પધાર્યા છે!" ગોપાળદાસે નમ્રતાથી કહ્યું.

"મને પણ તેની પાસે જવાનો હુકમ નથી!" દરબાને બીજી વાર હાથ જોડીને કહ્યું.

"જો તેની પાસે જવાનો તને હુકમ ન હોય, તો કોઈ બીજા ચાકર મારફત કહેવડાવ." મહાત્માજીએ આગ્રહ કર્યો.

સંદેશો કહેવડાવવાની પણ આજ્ઞા નથી." દરબાને ઠંડે કલેજે જવાબ આપ્યો.

"શું, તને મારો જરા પણ ડર નથી? જા–જઇને કહે કે હું આવ્યો છું!" મહાત્માએ હવે કાંઇક રોફ બતાવ્યો.

"મહારાજ! ક્ષમા કરો; મને આજે એમાંનું કાંઈ પણ ન કરવાનો સખ્ત હુકમ છે!" દરબાન એકનો બે ન થયો.

કોઈ પણ ઉપાય ન જોઈ લાચાર બની મહાત્માજી બહારના દરવાજા ઉપરથી જ બરાડ મારવા લાગ્યો; "મોટી વહૂ! ઓ મોટી વહૂ! તમારા દીયરજી પધાર્યા છે!"

"ચોપ! વંદનીય મહારાજ! આવી રીતે બૂમ મારવાની પણ મનાઈ છે; મહેરબાની કરીને હવે કોલાહલ ન કરશો." દરબાને મધુર સ્વરથી પ્રાર્થનાના રૂપમાં કહ્યું.

"નાટકશાળામાં તો ફક્ત બીડી પીવાની જ સખ્ત મનાઈ હોય છે, પણ અહીં તો આજે બધી વાતની સખ્ત મનાઈ છે. આશ્ચર્ય!" મહાત્માએ છેડાઇને ઉદ્ગાર કાઢ્યા.

"મહાત્માજી! નાટકશાળા તો એક સાર્વજનિક સ્થાન છે અને આ એક પ્રતિષ્ઠિત ગૃહસ્થ વિધવાનું નિવાસસ્થાન છે, એટલે એ બે વચ્ચે એટલો ભેદ તો હોવો જ જોઇએ!" દરબારે મિઠાશથી કન્ની કાપી નાખી.

મહાત્માજી મનમાં બહુ જ વ્યાકુળ થયો. તે ઉભો ઉભો જ કાંઈ વિચાર કરવા લાગ્યો અને પછી આમ તેમ નજર ફેરવી અડધા પડધા સંભળાતા શબ્દોમાં બોલી ઉઠયો; "ઠીક ઠીક એમ જ છે તો હું પણ જોઈ લઇશ." મહાત્માજી કોપના આવેશમાં દાંત હોઠ ચાવતા ત્યાંથી પાછા ફર્યા!

એ જ દિવસથી મહાત્માએ વૃન્દાની નિન્દાના વ્રતનો સ્વીકાર કર્યો. આટલા દિવસ જેને તે સતીના નામથી બોલાવતો હતો, તેને હવે તે વેશ્યાના ઉપનામથી ઓળખાવવા લાગ્યો. જેને તે દાનેશ્વરી કહેતો, તેને હવે કૃપણ-કંજૂસ-મખ્ખીચૂસ કહેવા લાગ્યો! મહાત્માના મનમાં વૃન્દા વિશે એટલો બધો ક્રોધ વ્યાપી ગયો કે, જો લાગ ફાવે તો તે બાવાજી બીહારી રામ બિચારી વૃન્દાના શરીરને પોતાના બિલાડા જેવા નખોવડે છિન્ન ભિન્ન કરવાને પણ ચૂકે નહિ!—નખ વિના બીજા હથિયારની તેને અગત્ય જ નહોતી. પરંતુ વૃન્દાનો તો તેનો તે જ ભાવ હતો. તેણે ગોપાળદાસજી નિન્દા કે અપ્રતિષ્ઠા ન કરી; તે તો આગળ કરતાં પણ હવે મહાત્માની વિશેષ પ્રશંસા કરવા લાગી. એક વ્યક્તિ વિષકુંભ પયોમુખ હતી, બીજી પયઃકુંભ વિષમુખ હતી. ગોપાળદાસ વૃન્દાના સ્વભાવ વિશે બહુ જ ગોટાળામાં પડી ગયો.

* * * * *

એ બનાવને છ દિવસ વીતી ગયા. શ્રીમતી વૃન્દાએ એટલા વખતમાં પ્રવાસ-માટેની સર્વ તૈયારીઓ કરી લીધી. આજે રાતની ગાડીમાં તીર્થયાત્રામાટે મધ્ય હિંદુ-સ્તાન તરફ ઉપડી જવાનું નક્કી થઈ ચૂકયું. મુનીમજીએ નોર્થ વેસ્ટર્ન રેલ્વેના કોટડીના સ્ટેશનમાસ્તરને આગળથી લખી જણાવીને મેલમાં સેકન્ડ કલાસનો એક કમ્પાર્ટમેન્ટ રીઝર્વ્ડ કરાવી રાખ્યો. રાત્રે ગાડીના વખતથી એક કલાક અગાઉ જ આઠ દશ માણસો સાથે વૃન્દા સ્ટેશન ઉપર જવાને નીકળી.

સ્ટેશનપર આવ્યા પછી વૃન્દાએ મુનીમને ઘર સંભાળવાની ભલામણ કરી અને બીજી પણ કેટલીક વાતચીત ચાલવા લાગી. એ પ્રસંગનો લાભ લઈ રોહિણીએ જરા દૂર જઈ ત્યાંથી પસાર થતા એક પોર્ટરને બોલાવી તેના હાથમાં બે આના આપી પેલો કાગળ લેટરબૉકસમાં નાખવાનું કહ્યું. બે આના મફતમાં મળતા જોઇને પોર્ટરે ખુશીથી તે કામનો સ્વીકાર કર્યો અને કાગળ લેટરબૉકસમાં નાખી દીધો! રોહિણીના હૃદયનો ભાર કાંઇક ઓછો થયો. ઘંટ વાગ્યો, ટ્રેન આવી લાગી, વૃન્દા, રોહિણી, અને એક નોકર તથા એક દાસી પોતાના રીઝર્વ્ડ કમ્પાર્ટમેન્ટને તપાસીને તેમાં બેસી ગયાં. પંદર મિનિટ પછી ટ્રેન ઉપડી અને બિજપર થઈ હયદરાબાદ સ્ટેશનપર આવી. હયદરા-બાદથી ટ્રેન આગળ ચાલી, તે વખતે રોહિણીની આંખમાં આંસુ આવી ગયાં. સારું થયું કે, વૃન્દાએ તેનાં આંસુ ન જોયાં, નહિ તો તે વળી સવાલો પૂછત, તો જવાબ આપતાં રોહિણીની હૃદયવ્યથામાં વળી બમણો વધારો થાત. બધાં સૂઈ ગયાં, માત્ર નિરાધાર રોહિણી જ આખી રાત જાગતી અને વિચાર કરતી બેસી રહી.

બીજે દિવસે જ્યારે વૃન્દાના તીર્થયાત્રામાટે ચાલ્યા જવાની વાત આપણા મહાત્મા ગોપાળદાસના સાંભળવામાં આવી, ત્યારે તે આશ્ચર્યચકિત થવાસાથે, બહુ જ નિરાશ થઈ ગયો. નિરાશાનાં અનેક કારણો હતાં. એક તો તેના જવાથી કેટલેક અંશે

ધનની આવકને અટકાવ થયો, બીજું તેને પોતાના ફન્દામાં ફસાવવાનો મહાત્માનો વિચાર સફળ ન થઈ શકયો અને ત્રીજું મહાત્માને સાથે લીધા વિના તે એકલી જ તીર્થ-યાત્રા કરવા ચાલી ગઈ. એ સર્વ કારણોથી મહાત્માજી નિરાશ અને હતાશ થાય, એ સર્વથા સ્વાભાવિક હતું. મહાત્માના મનમાં હવે વૈર અને અસૂયાનો અગ્નિ સળગી ઉઠચો. 'મનનો બળ્યો ગામ બાળે' એ કહેવત પ્રમાણે મહાત્માના સ્વાર્થનો આમ ભયંકરતાથી વધ થઈ ગયેલો હોવાથી મહાત્માએ હયદરાબાદ અને ગિદ્દૂબંદરમાં પોતાના લાલચી શિષ્ય અને ચેલાઓદ્વારા એવી અફવા ફેલાવી કે;–'વિધવા વૃન્દા પાપકર્મ કરતી હોવાથી ગર્ભવતી થઈ છે અને તેથી તીર્થયાત્રાનું નિમિત્ત કાઢી કયાંક પ્રસૂતા થવામાટે જ ન્હાસી ગઈ છે!'

લોકોને નિન્દા બહુ વ્હાલી હોય છે. એટલે તેમણે આ વાત ઉપાડી લીધી અને ઘર ઘર એનાં જ ગીત ગવાવા લાગ્યાં.

"જમાના બહોત બદગુમાં હો રહા હય;
કિસી શખ્સકા ઈમ્તેહાં હો રહા હય !"

પ્રકરણ ૨૧ મું

શાકતમંડળનું આમંત્રણ

સવારના લગભગ દશ સાડા દશ વાગ્યાનો વખત હતો. મહાત્મા ગોપાળદાસ પોતાની સાળી સાથે ખાનગી ઓરડામાં વાતચીત કરતા બેઠા હતા. એટલામાં અચાનક એક વાર્તાનું સ્મરણ થતાં પોતાની ગાદી નીચેથી તેમણે એક પરબીડિયું કાઢયું. એ પરબીડિયાની ઉપર લાખનાં સીલ કરેલાં હોવાથી તે રજીસ્ટર્ડ થઇને આવ્યું હોય, એમ સ્પષ્ટ જણાતું હતું. એ પરબીડિયું આગળથી જ ફોડેલું હતું અને મહાત્માએ તેમાંનો કાગળ વાંચ્યો હતો, છતાં પોતાની પ્રિયતમા સાળીને તે કાગળ ફરીથી વાંચી સંભળાવવામાટે તેને પરબીડિયામાંથી બહાર કાઢચો અને સાળી સાહબાને ઉદ્દેશીને આનંદથી પુલકિત થતાં અંતઃકરણવડે કહ્યું;–"શ્રીમતી દયામયી! આ પત્રમાં શું લખ્યું છે અને આ પત્ર કયાંથી આવ્યું છે, એનું તમે અનુમાન કરી શકો છો ખરાં કે?"

"આ પરબીડિયાના ખૂણા ઉપરની આ ખાસ નિશાનીને જોતાં તો આ કાગળ બંગાળા અને આસામમાં વસતા આપણા શાકતમંડળના સર્વથી મોટા ધર્માધ્યક્ષ તરફથી જ આવેલો હોવો જોઈએ!" શ્રીમતી દયામયીએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"તમારી કલ્પના સત્ય છે; આ કાગળ મોટા ધર્માધ્યક્ષ તરફથી જ આવેલો છે. પરંતુ એમાં જે એક અધિક આનંદદાયક વિષય છે તે એ છે કે, જે પદવીમાટેની આકાંક્ષા આજે વર્ષોથી મારા હૃદયમાં જાગૃત થયેલી હતી અને જે પદવી મેળવવા માટે હું લાંબા વખતથી અનેક પ્રયત્નો કરતો હતો, તે પદવીથી મને વિભૂષિત કરવાનો મોટા ધર્માધ્યક્ષનો નિશ્ચય થઈ ચૂકયો છે અને તે વિશેની જ આ આજ્ઞાપત્રિકા છે." મહાત્માએ આનંદનું કારણ દર્શાવ્યું.

"એટલે? હું કાંઈ સમજી નહિ. આપનો આશય સ્પષ્ટતાથી દર્શાવશો?" શ્રીમતીએ આતુરતાથી પ્રશ્ન કર્યો.

" આ સિન્ધુદેશવિભાગના શાક્તધર્મના મુખ્ય ધર્માધ્યક્ષની પદવી મને આપવામાં આવી છે, અને હિંગુલાદેવીના માર્ગમાં આવેલા શાક્તસદનમાં એ પદવીના સમારંભનો દિવસ પણ નક્કી કરવામાં આવ્યો છે. આપણે ચાર દિવસ પછી ત્યાં જવું પડશે. તે દિવસે સર્વ શાક્તોને ત્યાં આવવામાટેનાં આમંત્રણપત્રો મોકલાઈ ચૂકયાં છે !" મહાત્માએ ખુલાસો કર્યો.

"ખરેખર–આપ જે આનંદ દર્શાવો છો, તે સકારણ છે. આવી વિલાસવૈભવદાયિની પદવી મહાભાગ્ય હોય તો જ મળી શકે. પરંતુ એ સમારંભ કોના હાથે થવાનો છે?" શ્રીમતીએ બીજો પ્રશ્ન રજૂ કર્યો.

"આસામથી મહાન્ ધર્માધ્યક્ષનો પ્રતિનિધિ અહીંના શાક્તસદનમાં કયારનોય આવી ચૂકયો છે, અને તેના હાથે જ એ પદવીદાનનો સમારંભ થવાનો છે. ઓહો ! કેવો આનંદ ! મહાત્મા ગોપાળદાસના ભાગ્યની કેટલી બધી પ્રબળતા ! પણ શોક માત્ર એક જ વાતનો થાય છે અને તે એ કે, પેલી રંડા વૃન્દા જો અત્યારે અહીં હોત, તો તેને પણ ત્યાં લઈ જઇને શાક્તધર્મની દીક્ષા બળાત્કારે આપી દેત ! પછી તેનાથી હું કે ચું કરી શકાય તેમ ન હોતું જ. અસ્તુ. 'ગતં ન શોચામિ.' ફેર લહેંગે." મહાત્માએ કહ્યું.

"ખરું છે–જો એ ધનાઢ્ય વિધવા આપણા મંડળની ઉપાસક થઈ હોત, તો આપણને પોતાને, તેમ જ શાક્તમહામંડળને પણ તેથી બહુ જ મોટો લાભ થાત ! ચિન્તા નહિ; તીર્થયાત્રા કરીને પાછી આવશે, એટલે તેને કોઈ પણ રીતે હું શીશામાં ઉતારીશ !" શ્રીમતીએ બીડું ઝડપ્યું.

"ત્યારે તમે હવે આજથી જ પ્રવાસમાટેની તૈયારી કરો; પરંતુ આપણે શાક્તમંડળમાં જવાનાં છીએ, એ વાત કોઇના જાણવામાં ન આવે, એની બરાબર સંભાળ રાખજો. ત્યાંના સમારંભમાં તમારા સૌન્દર્યને વિશેષ સુંદર બનાવવામાટે આલમચંદનાં ઘરેણાં સાથે લઈ લેજો; કારણ કે, એ બધો માલ હવે આપણા બાપદાદાનો જ છે!" મહાત્માએ સૂચના આપી.

"એમાં કાંઈ કહેવું પડે તેમ નથી. જેમ બને તેમ વસ્ત્રાભૂષણોથી શરીરને શૃંગારીને પુરુષોને પોતાના સૌન્દર્યની જાળમાં ફસાવવા, એ તો સ્ત્રીઓનો સ્વભાવ જ છે. હું–પણ શાક્તસદનમાં જવાની વાર્તા છૂપી રાખવાની હોવાથી જો કોઈ પૂછે તો અમે દ્વારિકાની યાત્રા કરવાને જઇએ છીએ એમ જ કહેવું–કેમ ઠીક કે નહિ?" શ્રીમતીએ કહ્યું.

"બરાબર–બરાબર–હયામયી ! હવે તમે ખરેખર માયામયી થતાં જાઓ છો ! અને તમારી આ હુશીઆરીને જોઈ હું તમને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું." મહાત્માએ પ્રશંસામય ઉદ્ગાર કાઢચો.

"એ સર્વ આપ જેવા ભોગી મહાત્માના અલૌકિક શિક્ષણનો જ પ્રભાવ છે; આમાં મારી હુશિયારી કે ચાલાકી કશી પણ નથી. ચેલાચેલીઓ ચાલાક નીવડે, એમાં મોટાઈ ગુરુની જ છે!" શ્રીમતી હયામયીએ હાવભાવપૂર્વક વિવેક બતાવીને કહ્યું.

"તમારા જેવી ચાલાક ચેલીનો ગુરુ હોવાથી હું મને પોતાને મહા ભાગ્યશાળી માનું છું."

પણ ગુરુરાજ! આપ મને વારંવાર 'તમે' કહીને શામાટે સંબોધો છો? આપણો વ્યવહાર જોતાં તો આપનો મને 'તું' કહીને બોલાવવાનો પૂર્ણ અધિકાર છે. વળી તું શબ્દમાં જે મિઠાશ અને પ્રેમની લાગણી અનુભવાય છે, તે માનદર્શક 'તમે' શબ્દમાં નથી." દયામયી બોલી.

"તમારો એ અભિપ્રાય યથાર્થ છે. 'તું' શબ્દમાં મિઠાશ અને પ્રેમની લાગણી વધારે હોવાથી જ પુરુષ સ્ત્રીને તું કહીને સંબોધે છે અને ફિરંગીઓ ઈશ્વરને પણ 'તું' જ કહે છે. પરંતુ હું તને 'તમે' કહીને બોલાવું છું, એમાં મારો એક ખાસ હેતુ સમાયલો છે. હમેશાં તોછડાઇથી બોલાવવાની ટેવ પડી જવાથી કોઇવાર ચાર માણસોની વચ્ચે પણ જો એવો વ્યવહાર થઈ જાય, તો આપણો ગુપ્ત વ્યવહાર લોકોના જાણવામાં આવી જતાં પ્રતિષ્ઠાની હાનિ થાય. 'ધી ખાના શક્કરસે ઔર દુનિયા ખાના મક્કરસે' સમજ્યાં કે?" મહાત્માએ કારણ બતાવ્યું.

"એ ખરું છે; છતાં મારી એવી ઇચ્છા છે કે, જ્યારે આપણે એકાંતમાં હોઇએ ત્યારે તો આપ મને 'તું' કહીને બોલાવો; કારણ કે, એ વિના સંભાષણ અને સ્નેહવિહારમાં રસ આવતો નથી." દયામયીએ આગ્રહ કર્યો.

"જ્યારે તારી એવી જ ઇચ્છા છે તો હવે પછી પોતાની એ ઇચ્છાને તું પૂર્ણ થયેલી જોઇશ;" મહાત્માએ 'તું'નું મંગળાચરણ કરીને તેની મરજી જાળવવાનો યત્ન કર્યો.

એટલામાં એક નોકરે આવીને મહાત્માને ખબર આપી; "બહાર એક પરદેશી સાધુ આવ્યા છે અને તે આપને મળવા માટે બહુ જ ઉતાવળ કરે છે."

"ભલે–તેને બોલાવો." મહાત્માએ અનુમતિ આપી. નોકર બહાર ગયો, એટલે મહાત્માએ દયામયીને કહ્યું; "ત્યારે તું હવે અંદર જા અને પ્રવાસની તૈયારી કર. હું પણ એ આગન્તુક સાથે વાતચીત કરીને આવું છું."

પ્રકરણ ૨૨ મું
મહાત્માની પ્રામાણિકતા!

દયામયી બીજા ઓરડામાં ચાલી ગઈ. થોડીવારમાં નોકર પરદેશી સાધુને લઇને ત્યાં હાજર થયો. "આ જ અમારા મહાત્મા શ્રી ગોપાળદાસ!" નોકરે સાધુને ઉદ્દેશીને જણાવ્યું.

"હું મહાત્માશ્રીને સારી રીતે ઓળખું છું, એટલે તમારે ઓળખાણ કરાવવાની તસ્દી લેવાની કશી પણ અગત્ય નથી; તમે પધારો." નવીન આગન્તુક સાધુએ ટૂંકામાં જ પતાવ્યું.

નોકર ચાલ્યો ગયો અને તે સાધુ મહાત્માની પાસેના એક ઉચ્ચ આસન ઉપર આગ્રહ વિના જ બેસી ગયો. મહાત્માજી તો તેના આવા વર્તનથી અગાધ આશ્ચર્યમાં પડી ગયા. તેમણે શંકાશીલ હૃદયથી પ્રશ્ન કર્યો; "મહાશય! આપ ક્યાંથી આવો છો અને મારી પાસે આવવાનો શો હેતુ છે? વળી આપ મને સારી રીતે ઓળખવાનું કહો છો, એ સાંભળીને હું આશ્ચર્યચકિત થાઉં છું; કારણ કે, આપણે ક્યાંય મળ્યા હોઇએ, એનું મને સ્મરણ નથી."

"હું કાશીથી આવું છું અને મારા આવવાનો હેતુ એ છે કે, દીવાન **આલમચંદની** એક ચિઠ્ઠી આપને આપવાની છે." સાધુએ ગંભીરતાથી જણાવ્યું.

"આપનું નામ?" મહાત્માએ પુછ્યું.

"હાલમાં તો આ શરીરને લોકો **આનંદાનન્દના** અભિધાનથી ઓળખે છે." સાધુએ કહ્યું.

હાલમાં જ જેમણે હયદરાબાદનો ત્યાગ કરી કાશીનિવાસ કર્યો છે, તે જ દીવાન **આલમચંદને**?" મહાત્માએ ભ્રકુટી ચઢાવીને પૂછ્યું.

"હા. તે જ." **આનંદાનંદે** ટુંકો જવાબ આપ્યો.

"વાહવા–આજે તેમના સમાચાર સાંભળી આનંદ થયો. તેઓ એક સારા ભક્ત-જન છે અને સાધુસંતોના વચનમાં શ્રદ્ધા રાખનારા છે. તેમની પત્ની પણ દેવીતુલ્ય છે. તેઓ છે તો સુખી ને?" મહાત્માએ નાટક ભજવ્યું.

"ભગવાન્ શ્રી કાશીવિશ્વેશ્વરની કૃપા અને આપના જેવા મહાત્માના આશીર્વાદથી તેઓ આનંદમાં છે. તેણે આપના કુશળસમાચાર પૂછાવ્યા છે અને સાથે આ ચિઠ્ઠી આપી છે." એમ કહીને **આનંદાનન્દે** **આલમચંદની** ચિઠ્ઠી ખીસામાંથી કાઢીને મહાત્માના હાથમાં આપી.

મહાત્મા ચિઠ્ઠી વાંચતાં જ નિસ્તેજ બની ગયા અને તેમના મુખમંડળમાં કિંચિત્ તિરસ્કારની છટા પણ દેખાવા લાગી. તેઓ શંકાની દૃષ્ટિથી પૂછવા લાગ્યા; "આ ચિઠ્ઠી તમને દીવાન **આલમચન્દે** પોતે જ આપી છે કે?"

"હા; આપ તેમના હસ્તાક્ષર ઓળખી શકો છો કે નહિ?" **આનંદાનન્દે** પણ તિરસ્કારની છટાથી કહ્યું અને ત્યારપછી તે મહાત્માના મુખમંડળમાં થતાં પરિવર્તનોનું સૂક્ષ્મતાથી અવલોકન કરવા લાગ્યો.

"હું તેમના હસ્તાક્ષરો તો ઓળખી શકું છું; પરંતુ આજકાલ ઠગરાજ અને બનાવટી અક્ષરો લખનારાઓની સંખ્યા વધી પડેલી હોવાથી આ હસ્તાક્ષર દીવાન **આલમચંદના** હશે કે નહિ, એવિશે મનમાં શંકા ઉત્પન્ન થાય છે. પણ ધારો કે, આ ચિઠ્ઠી દીવાનજીની જ લખેલી છે, તો પણ આ ચિઠ્ઠી લખવાનો હેતુ શો, એ હું સમજી શકતો નથી. તેમના રૂપીઆ કાંઈ મારા ચોપડામાં જમે નથી કે હું પાંચસો રૂપીઆની રકમ તરત કાઢી આપું. વળી આ દેવમંદિર છે! જો શરાફની પેઢી હોત તો ખાતે લખીને પણ આપત. અહીં તો જે ધર્મનું ધન આવે છે, તે પરમાર્થના કાર્યમાં ખર્ચાઈ જાય છે એટલે અમારા જેવા સાધુઓ ઉપર આવી ચિઠ્ઠીઓ લખવી, એ દીવાન સાહેબને યોગ્ય નથી!" મહાત્માએ રોકડો જવાબ પકડાવી દીધો.

"મહાત્માજી! ત્યારે આપ આ હુંડીરૂપ ચિઠ્ઠીનો ખુલ્લો અસ્વીકાર કરો છો અને દીવાન **આલમચંદનું** આપની પાસે કાંઈ પણ નથી, એમ કહો છો ને?" **આનંદાનંદે** ચિઠ્ઠીને વીંટી પાછી પોતાના ખીસામાં રાખીને વક્ર મુદ્રાથી પૂછ્યું.

"મારા એકવારના બોલવાથી જ મારા કહેવાનો ભાવાર્થ કોઈ પણ સમજી શકે એમ છે, એટલે બીજીવાર બોલવાની અગત્ય નથી!" મહાત્માએ રૂક્ષતાથી કહ્યું.

"ત્યારે હવે હું રજા લઇશ. પણ એટલું યાદ રાખજો કે, આ પાપનું પરિણામ સારું આવવાનું નથી. હું ફરીથી કહું છું કે, હું આપને સારી રીતે ઓળખું છું અને જ્યારે મારું નામ જાણશો અને મારા ખરા રૂપને જોશો ત્યારે આપ પણ મને તત્કાળ ઓળખશો જ. પણ નહિ; એ બધા ભેદને અત્યારે જ ખોલી નાખવાની અગત્ય નથી; જે થવાનું હશે તે યોગ્ય સમયે જ થશે." એ વાક્યો ઉચ્ચારતાં **આનંદાનંદ**ની દૃષ્ટિ મહાત્માની ગાદીપર પડેલા શાક્તમંડળના આમંત્રણપત્રપર પડી અને મહાત્મા તેના બોલવાથી વિચારમાં પડી ગયેલો હોવાથી એ પ્રસંગનો લાભ લઈ તેણે તે આમંત્રણપત્ર ઉપાડીને પોતાના ગજવામાં સેરવી દીધું. તે એકાએક ઉઠીને ઉભો થયો અને બહાર જવામાટે ચાલ્યો.

મહાત્માએ તેને અટકાવ્યો અને વિનયથી કહ્યું કે;–"અતિથિ સાધુ! આપણી પરસ્પર ઓળખાણની અને આ ચિઠ્ઠીની વાત દૂર રહેવા દઇએ, તો પણ આપ અતિથિ હોવાથી મારે આપનો સત્કાર તો કરવો જ જોઇએ; માટે કૃપા કરીને બે દિવસ અહીં જ રહી જાઓ અને આ ગરીબના આદરાતિથ્યનો સ્વીકાર કરો–આપની મહા કૃપા થશે."

"નહિ. આ દેવમંદિર નથી, પણ દાનવમંદિર છે! આ મંદિરમાં ધર્મનાં નહિ; કિન્તુ પાપનાં આન્દોલનોનો જ વિસ્તાર થયેલો છે અને તેથી અહીંનું પાપમૂલક અન્ન આરોગીને પાપી થવાનો મારો વિચાર નથી. હું તિરસ્કાર સહિત તમારા આગ્રહનો અસ્વીકાર કરું છું!" **આનન્દાનન્દે** ધિક્કાર દર્શાવીને કહ્યું.

"**આનન્દાનન્દ**! તમને સાધુ ધારીને અત્યાર સૂધી તમારી સાથે મેં જે વિવેકથી સંભાષણ કર્યું, તેનો તમે મને આવો બદલો આપો છો કે? મારા શિરપર તમે જે આરોપ મૂકો છો, તે મૂકવાનો તમને શો અધિકાર છે, એ કૃપા કરીને જણાવશો? મારું એવું શું પાપ તમે નજરે જોયું છે? જોયા જાણ્યા વિના કોઇને માથે આળ ચઢાવવાં, એ સાધુનું કર્તવ્ય નથી!" મહાત્માએ ઉછીની હિમ્મત લાવીને એ વાક્યો કાંઇક કરડાકીથી ઉચ્ચાર્યાં.

"બાળહત્યા, પરદ્રવ્યનો અપહાર અને વ્યભિચાર આદિ, હું ધારું છું કે, સાધુનાં કર્તવ્યો હશે! તમારાં કર્તવ્યોનું ફળ તમને મળશે અને મારાં કર્તવ્યોનું ફળ મને મળશે. એટલે વિનાકારણ આપણે એક બીજાનાં કર્તવ્યો વિશે ચિન્તા કરવાની અગત્ય નથી. હું જાઉં છું અને તમે રૂપિયા આપવાની ના પાડો છો, એ દીવાન **આલમચંદ**ને જણાવું છું!" **આનન્દાનન્દે** ભય બતાવ્યો.

"ભલે કાલે લખવાના હો તો આજે જ લખી જણાવો–મને એની કાંઈ પણ ભીતિ નથી; સાચને આંચ છે જ નહિ!" મહાત્માએ પણ રોફમાં જ જવાબ આપી દીધો.

"બહુ સારું;" એટલું કહીને **આનંદાનંદ** ત્યાંથી ઉતાવળે પગલે ચાલ્યો ગયો.

મહાત્માની સાળી શ્રીમતી દયામયી બારણાની પાછળ ઉભી રહીને ક્યારની એ બધી વાતચીત સાંભળ્યા કરતી હતી, તે આગન્તુક સાધુને ગયેલો જોઇને તરત મહાત્મા પાસે આવી લાગી અને મંદ હાસ્ય કરીને તેણે પૂછ્યું;–"વ્હાલા! આટલી બધી વારસૂધી આ શી પંચાત ચાલતી'તી?"

"કાંઈ નહિ. પેલા આલમચંદે ચિઠ્ઠી લખી આપી હશે. તે પાંચસો રૂપિયા લેવા આવ્યો હતો. પાંચસો રૂપિયા તો કદાચિત્ આપત, પણ 'ડોશી મુઆનો ભય નહિ પણ જમ પેંધ્યાનો ભય' એ કહેવત પ્રમાણે જો અત્યારે પાંચસો રૂપિયા આપીએ તો કોક દિવસ બધા રૂપિયા અને ચીજો ઓકવાં પડે, એટલે નન્નો જ વાસી દીધો! હવે રૂપિયા શા ને વાત શી? બેટા આલમચંદને ખબર નથી કે, એના રૂપિયા અને માલ તો હજમ થઈ ગયો અને ઓડકાર પણ આવી ગયા!"

"પીટચો એ ચિઠ્ઠી લખનાર આલમચંદ અને રૂપિયા લેવા આવનાર આ સાધુડો બન્ને અક્કલના બારદાન હોય એમ જ દેખાય છે. અક્કલના ઓથમીરો એટલું પણ નથી જાણતા કે, મસાણે ગયેલું મડદું તે વળી કોઈ દિવસ પાછું આવતું હશે. મહાત્મા ગોપાળદાસ અને શ્રીમતી દયામયીના હાથમાં આવેલી લક્ષ્મી પાછી જાય, એમ કદાપિ બને ખરું? એમ બને તો તો ગુરુ અને ચેલી બન્ને કાચાં જ સમજવાં!" દયામયીએ બાકી રહેલી પ્રમાણિકતાનો પ્રત્યક્ષ પરિચય કરાવ્યો.

"ચાલો—એ વાતને હવે આટલેથી જ રહેવા દો. હું—પણ જો આ કાગળ સંભાળીને સાથે રાખજે, બીજા કોઇના હાથમાં ન જાય;" એમ કહીને મહાત્માએ કાગળ મૂક્યો હતો ત્યાં હાથ લંબાવ્યો, પણ કાગળ હાથમાં ન આવવાથી ગભરાઇને આમ તેમ ફાંફાં મારવા લાગ્યો. અંતે પૂર્ણ નિરાશ થવાથી તે બોલ્યો; "શ્રીમતી! ભૂલમાં તું એ કાગળ અંદર તો નથી લઈ ગઇને?"

"નહિરે, મને તો એની કાંઈ પણ ખબર નથી."

"ત્યારે એ કાગળ જાય કયાં?"

"મુઓ—પેલો સાધુડો તો નહિ લઈ ગયો હોય?

"એમ પણ બનવા જોગ છે; તેનાં કેટલાંક ભેદભરેલાં વાક્યો હવે મને ભાન કરાવે છે કે, તે અવશ્ય મારા ભેદોને થોડે ઘણે અંશે પણ જાણતો હોવો જોઇએ. જો એ સાધુડો એ કાગળના પૂરાવાથી લોકોમાં એમ જાહેર કરશે કે, મહાત્મા ગોપાળદાસ શાક્તમંડળનો સભાસદ છે, તો અવશ્ય વૈષ્ણવજનોમાં આપણી પ્રતિષ્ઠા ઘટી જશે અને આપણી ભયંકર હાનિ થશે. શો ઉપાય કરવો?" મહાત્માએ શોક કરીને જણાવ્યું.

"પણ એક રીતે એ કાગળ તેણે ન જ લીધેલો હોવો જોઇએ, એમ પણ સંભવે છે; એ કાગળમાં શું લખ્યું હતું, એની તેને ખબર ન હોવાથી કાગળનો કટકો તે શા માટે લે? જુઓ—કયાંક ડાબે હાથે કાગળ મૂકાઈ ગયો હશે—શોધો અને ન મળે તો પછી કોઈ ઉપાય યોજીશું!" દયામયીએ બીજો અભિપ્રાય દર્શાવ્યો.

મહાત્માએ પેટી પટારા વગેરેમાં શોધ ચલાવ્યો; પણ કાગળ હાથ ન આવ્યો. આનંદાનંદના ખીસામાં પડેલો કાગળ મહાત્માના ઘરમાં કયાંથી હોય? અંતે તે નિરાશ થઈ લમણે હાથ દઇને બેસી રહ્યો. તેની આવી અવસ્થા જોઇને દયામયી તેને આશ્વાસન આપતી કહેવા લાગી કે:—

"વોય—વોય!! આટલી જરાક જેટલી વાતમાં આમ આટલા બધા ગભરાઈ શાના જાઓ છો જે? જો વાત બહાર ન ફૂટે તો કાંઈ નહિ અને જો એવી કાંઈ ચર્ચા જાગે તો એમ જ જણાવવું કે, અમે એ વિશે કાંઈ પણ જાણતા નથી અને આ બધી ખોટી વાતો

અને ખોટી પત્રિકા અમારા શત્રુઓએ જ તૈયાર કરેલી છે. આપણાપર આજ કાલ લોકોનો એવો વિશ્વાસ છે કે, આપણું વચન બધાંય સત્ય કરી માનશે અને એ ભટકતા ભીખારડાનું કોઈ પણ કાંઈ સાંભળશે નહિ. હિંદુસ્તાનના માણસો બીજા સર્વ વિષયોમાં વિચાર કરીને આગળ વધનારા છે; પણ ધર્મના વિષયમાં અંધશ્રદ્ધા જ ધરાવનારા છે, એટલે અંતે આપણે જ ફાવી જઇશું."

"શાબાશ દયામયી! શાબાશ! તેં તો આજે રંગ રાખ્યો. મારી ચિન્તાને દૂર કરીને તેં અત્યારે મને નવીન જીવન આપ્યું. બસ જો તારા જેવી એક જ ચાલાક બાયડી મદદગાર હોય તો એવા હજાર દુશ્મનો ધૂળ ફાકતા જ રહી જાય, એમાં કાંઈ પણ અજાયબી નથી. કોઈ મૂર્ખ કવિએ કહ્યું છે કે, 'સ્ત્રીની બુદ્ધિ પ્રલય કરનારી છે;' પણ હું તો કહું છું, કે સ્ત્રીની બુદ્ધિ સંકટનો ક્ષય કરનારી અને આનંદનો સંચય કરનારી છે." એમ કહીને આનંદમાં આવી મહાત્માએ દયામયીને આનંદદાયક આલિંગન અને ચુંબન આપવાનો અશ્લીલ વ્યાપાર ચલાવ્યો.

એ દિવસથી જ મહાત્મા અને મહાત્માની સાળીએ દ્વારિકા યાત્રામાટે જવાની વાર્તા ભાવિક જનસમાજમાં ફેલાવવા માંડી. કેટલાક ભાવિક ભક્તોએ મહાત્માને યથાશક્તિ પૈસા પણ એકઠા કરી આપ્યા. ત્રણ ચાર દિવસ પછી મહાત્મા પોતાની સાળીને લઇને હયદરાબાદથી મકરાણ પ્રદેશમાં આવેલા હિંગુલા દેવીના સ્થાનના માર્ગમાંના શાક્તસદન તરફ જવામાટે તત્કાળ રવાના થયા. માત્ર કેટલાક ગુપ્ત દેવી ભક્તો તેમની સાથે હતા. એ પ્રવાસી સમાજમાં પુરુષોની સંખ્યા કરતાં સ્ત્રીઓની સંખ્યા કાંઇક વિશેષ હતી.

પ્રકરણ ૨૩ મું

શાક્ત ધર્મ*

સર્વ જાતિઓ અને સર્વ ધર્મોમાં શક્તિના ઉપાસકોની સંખ્યા ધારવા કરતાં ઘણી જ વધારે છે. ઈશ્વરથી ભિન્ન માનીને સ્ત્રીતત્ત્વની ઉપાસનાનો વેદોની લાક્ષણિક ભાષાના શાબ્દિક અર્થમાંથી જ ઉદ્ભવ થયેલો છે. વેદોમાં ઈશ્વરની ઇચ્છા અથવા વાસનાને વિશ્વને ઉત્પન્ન કરનારી કહેલી છે. એ ઇચ્છા ઈશ્વરની સાથે જ તેની સ્ત્રીરૂપે કે તેના એક અંગરૂપે રહે છે. ઋગ્વેદમાં કહેલું છે કે, "પ્રથમ તે (ઈશ્વર)ના મનમાં ઇચ્છાનો ઉદ્ભવ થયો અને તે જ ઇચ્છા આ જગતને ઉત્પન્ન કરનાર બીજરૂપ બની ગઈ." વિશ્વોત્પત્તિના પવિત્ર કારણને દર્શાવતાં સામવેદ કહે છે;–"એકલા રહેવામાં ઈશ્વરને આનંદ

* પ્રસ્તુત પ્રકરણ મહાશય H. H. Wilson, M. A. E. R. S. કૃત "Hindu Religions" નામક પુસ્તકની ઇ. સ. ૧૮૯૯ માં કલકત્તામાં The Society for the resuscitation of Indian Literature નામક મંડળદ્વારા પ્રકાશિત થયેલી આવૃત્તિમાંના 'શાક્તો,' 'દાક્ષિણો અથવા ભક્તો,' 'વામીઓ,' 'કંચુકીય અને 'કરારી' આદિ ધર્મના વૃત્તાન્તોના આધારે લખવામાં આવ્યું છે. જુઓ તે ગ્રંથનાં પૃષ્ટ ૧૫૧, ૧૫૬, ૧૫૮, અને ૧૬૧ ઇત્યાદિ.

ન ભાસ્યો, તેને એક અન્યની ઇચ્છા થઈ અને એ ઇચ્છા થતાંની સાથે જ તરત તેમ થઈ ગયું. તેણે પોતાના જ બે વિભાગ કર્યા અને તેથી સ્ત્રી તથા પુરુષ કે પતિ અને પત્નીનો સંભવ થયો." તે સ્ત્રી પાસે ગયો અને તે સંબંધથી મનુષ્યજાતિના પ્રથમ ઉદ્ભવ વિષયક દંતકથાનો જ ઇશારો કરવામાં આવ્યો છે. વેદાંત અને કબીરપંથ તથા નાનકપંથ જેવા અન્ય પ્રજાપ્રિય પંથને માનનારાઓ આ સૃષ્ટિમાંની સર્વ સૃષ્ટ વસ્તુઓને ક્ષણભંગુર અને નાશવંત માનતા હોવાથી ઈશ્વરની એ ક્રિયાત્મક ઇચ્છા કે શકિતને પણ માયા અથવા મહામાયાના નામથી જ ઓળખે છે.

એ શકિતના એક બીજા વિશેષ કે સાધારણ સ્વરૂપને નિર્માણ કરનારી બીજી કેટલીક પુરાતન કલ્પનાઓ સાંખ્ય દર્શનમાંથી આવેલી છે.

બ્રહ્મવૈવર્ત પુરાણમાં કહ્યા પ્રમાણે બ્રહ્મ, પોતાની અલૌકિક સત્તાના પ્રભાવથી વિશ્વને ઉત્પન્ન કરવાનો નિશ્ચય કરીને દ્વિધા થઈ ગયો, એટલે કે બે ભાગમાં વ્હેંચાઈ ગયો. તેનો દક્ષિણ અર્ધ ભાગ પુરુષનો હતો અને વામ અર્ધ ભાગ સ્ત્રીનો હતો. એ સ્ત્રી તે પ્રકૃતિ. તેનો તથા બ્રહ્મનો સ્વભાવ એક જ હતો. એ માયા છે, અનાદિ છે અને અનંત છે—જેવો આત્મા છે, તેવી જ તેની એ ક્રિયાત્મક શકિત છે. જેવી રીતે અગ્નિમાં બાળવાનો ગુણ પ્રથમથી જ રહેલો છે, તેવી રીતે પ્રકૃતિમાં કે શક્તિમાં આત્મા અથવા બ્રહ્મનો ગુણ પ્રથમથી જ વસેલો છે. અન્ય સ્થળે એમ પણ કહેલું છે કે, શ્રીકૃષ્ણે (કે જેને આ કાર્યમાં ઈશ્વરરૂપ માનવામાં આવ્યો છે) પોતે એકલો હોવાથી સર્વત્ર શૂન્યનું જ નિરીક્ષણ કર્યું અને તેથી પોતાના મનમાં જ સૃષ્ટિની ઇચ્છા કરીને પોતાની ઇચ્છાશકિતથી સર્વ વસ્તુઓને નિર્માણ કરવાનો આરંભ કર્યો. એ ઇચ્છા મૂળ પ્રકૃતિ તરીકે વ્યકત થઈ. એ મૂળ પ્રકૃતિએ પ્રથમ ભિન્ન ભિન્ન પાંચ સ્વરૂપો ધારણ કર્યાં અને તે આ પ્રમાણે;—દુર્ગા તે શિવની વધૂ, શકિત કે માયા; લક્ષ્મી તે વિષ્ણુની વધૂ, શકિત કે માયા; સાવિત્રી તે બ્રહ્માની વધૂ, શકિત કે માયા; અને પંચમ સ્વરૂપ તે રાધા—તરુણ કૃષ્ણની પ્રિયતમા છે.

એ તો જાણે મૂળ પ્રકૃતિનાં મુખ્ય સ્વરૂપો થયાં. પણ એ ઉપરાંત દેવીઓ, પ્રત્યેક જાતિની અપ્સરાઓ, માનવી સ્ત્રીઓ; એટલું જ નહિ પણ પશુઓમાં પણ સ્ત્રીશરીર ધરાવનારાં સર્વ પ્રાણીઓ એ જ મૂળ પ્રકૃતિનાં સ્વરૂપો છે અને એ જ પ્રમાણે સર્વ પુરુષો મૂળ પુરાણ પુરુષનાં સ્વરૂપો છે, એમ પણ કહેવા અથવા માનવામાં આવે છે. એમ કહેવામાં આવે છે કે, પ્રત્યેકવાર સૃષ્ટિની ઉત્પત્તિના સમયે એ મૂળ પ્રકૃતિ અંશરૂપિણી, કલારૂપિણી અને કલાંશરૂપિણી આદિ ભિન્ન ભિન્ન સ્વરૂપપરંપરાને ધારણ કરે છે. ઉપર જે પાંચ મુખ્ય સ્વરૂપોનાં નામો આપેલાં છે, તે ઉપરાંત મૂળ પ્રકૃતિના મુખ્ય અંશો આ પ્રમાણે છે;—ગંગા, તુલસી, મનસા, શાસ્તિ અથવા દેવસેના, મંગળચંડિકા અને કાલી; મૂળ પ્રકૃતિની મુખ્ય કળાઓ સ્વાહા, સ્વધા, દક્ષિણા, સ્વસ્તિ, પુષ્ટિ અને તુષ્ટિ ઇત્યાદિ. એમાંની વધારે તો કેવળ રૂપક જ છે; જેમકે, ધૃતિ, પ્રતિષ્ઠા અને અધર્મ તથા મૃત્યુ. દેવોની માતા અદિતિ અને દૈત્યોની માતા દિતિ પણ મૂળ પ્રકૃતિની કળાઓ છે. એ નામોમાં બીજી ઉતરતી પદવીની દેવીઓનો પણ સમાવેશ થઈ જાય છે. કળાંશો અને અંશાંશો પણ સર્વ સ્ત્રીજાતિના જ છે અને તે સ્વરૂપો શુભ છે કે

અશુભ છે, એ તેમના મૂળ ઉત્પાદક સ્થાનના સત્વ, રજ કે તમ ગુણમાંથી તેમની થયેલી ઉત્પત્તિના યોગે જાણી શકાય છે.

હવે એ સ્વરૂપ શુભ હોય કે અશુભ હોય, છતાં પણ સૃષ્ટિના મૂળ કારણમાંથી જ તેમનો ઉદ્‌ભવ થયેલો હોવાથી અને તેઓ આદિ માયાનાં જ સ્વરૂપો હોવાથી એક સરખી રીતે આદર અને સેવાને યોગ્ય છે અને એટલા માટે તે સર્વ પ્રકૃતિસ્વરૂપોની આદરપૂર્વક સેવા કરવી જ જોઇએ! જે કોઈ પણ સ્ત્રીજાતિને કોપવાનું કારણ આપે છે અને સ્ત્રીજાતિનું અપમાન કરે છે, તે પોતાના શિર ઉપર મૂળ પ્રકૃતના કોપને જ વ્હોરી લે છે; એથી વિરુદ્ધ જેઓ સ્ત્રીઓને તેમાં પણ ખાસ કરીને બ્રાહ્મણની તરુણ કન્યાને વસ્ત્ર, અલંકાર અને સૌગંધિક પદાર્થવડે શૃંગારે છે, તેઓ પ્રકૃતિની પોતાની જ પૂજા કરે છે.

એ અંતિમ સિદ્ધાંતને અનુસરીને જ શાક્તોએ બ્રાહ્મણકન્યા અથવા તો બ્રાહ્મણ-પત્નીની ખરેખરી પૂજાના કાર્યને પોતાનો એક ધર્મવિધિ બનાવી લીધો છે. એ શાક્તોમાંનો વળી એક પંથ તો એવો છે કે, જે એ વિધિ કરવા જતાં ઘણી જ અપવિત્રતામાં ઉતરી ગયો છે. એ પંથના લોકો સ્ત્રીઓના એક વિશિષ્ટ અંગની પૂજા કરવાને જ ધર્મનો ખરો વિધિ માની બેઠા છે. એ શક્તિને સર્વ સત્તાવાન્ ઈશ્વરમાંથી ઉત્પન્ન થયેલા માનવા ઉપરાંત અને સર્વ સ્ત્રીજાતિને એ પ્રકૃતિસ્વરૂપિણી માની લેવા ઉપરાંત વળી શાક્તો જ્યારે એ શક્તિના ગુણાનુવાદ ગાય છે, ત્યારે તેને ઈશ્વર કરતાં પણ વધારે ચઢિયાતાં વિશેષણો આપીને પૂજે છે. તેને તેઓ કેવળ શિવની સ્ત્રી દેવી પાર્વતી કે વિષ્ણુની અંગભૂતા ભાર્યા લક્ષ્મી જ માનતા નથી, કિંતુ એ પ્રકૃતિ એક સરખી રીતે સર્વ વસ્તુઓમાં વ્યાપક છે અને સર્વ વસ્તુઓ—સૃષ્ટિ—નું મૂળ એમાં જ છે; એના વિના આ જગતમાં કાંઈ પણ નથી, એમ જ તેઓ માને છે.

શાક્તધર્મના મુખ્ય વિધિ અને ક્રિયાના પ્રકારો અન્ય 'તંત્રશાસ્ત્ર' નામક સ્વતંત્ર ગ્રંથમાળામાંથી જ લેવામાં આવ્યા છે. એ ગ્રંથ બહુધા શિવ અને તેની ભાર્યાના પરસ્પર સંવાદરૂપે જ લખાયલા છે. શિવ સાથે તેની સ્ત્રીનાં અનેક નામોમાંનું કોઇપણ એક નામ આવે છે; પરંતુ વિશેષતઃ ઉમા કે પાર્વતી એ નામો સર્વત્ર વિશેષ પ્રમાણમાં યોજાયલાં હોય છે. એમાં દેવી પોતાના પતિને એટલે કે શિવને પ્રાર્થના અને મંત્રપ્રયોગ આદિ નાના પ્રકારના ધર્મવિધિઓ વિશે અને તે કરવાની પદ્ધતિ વિશે પ્રશ્ન કરે છે; અને શિવ તે પ્રશ્નનું વિસ્તારથી ઉત્તર આપીને પાર્વતીને એ પવિત્ર રહસ્ય, અધાર્મિક જનોના જાણવામાં ન આવવા દેવાની વારંવાર ભલામણ કર્યા કરે છે! શાક્તધર્મમાં અશ્રદ્ધા રાખનારા તે જ અધાર્મિક.

એ તંત્રધર્મના અનુયાયીજનો તંત્રોને પંચમ વેદ તરીકે માને છે અને તંત્રોને વેદો જેટલા જ પ્રાચીન અને પ્રમાણભૂત ગણે છે. એમાંના કેટલાક તંત્રગ્રંથો પ્રાચીનકાળના છે ખરા, પરંતુ વિશેષ ભાગ તો ઈ. સ. ની દશમી શતાબ્દિ પછીનો જ રચાયલો છે. કલ્પના કરી શકાય છે કે, વેદોમાં જે મંત્રો સહિત યોગાભ્યાસનો પ્રકાર કહેલો છે અને સ્ત્રીતત્ત્વની પ્રાથમિક ઉપાસના બતાવેલી છે, તેના આધાર ઉપર જ એ તાંત્રધર્મની ઇમારત ચણાયલી હોવી જોઇએ; પરંતુ ત્યાર પછી એ તંત્રોમાં એટલો

બધો બગાડો થઈ ગયો છે કે, વર્તમાનકાળમાં તો તે ધર્મના કેટલાક વિધિ ઘણા કંપાવનારા થઈ પડ્યા છે અને એ ભ્રષ્ટાચારવર્ધક તંત્રગ્રંથો વિશેષત: બંગાળ અને પૂર્વના અન્ય પ્રાંતોમાં લખાયલા જ દેખાય છે અને તે હિંદુસ્તાનના દક્ષિણ તથા પશ્ચિમ ભાગમાં બહુધા અજ્ઞાત જ છે.

શાક્તધર્માનુયાયીઓ વળી પાછા બે ભાગમાં વ્હેંચાઈ ગયેલા છે; એમાંનો એક ભાગ દક્ષિણાચારી અને બીજો ભાગ વામાચારીનો છે. હવે એ દક્ષિણાચારી અને વામાચારીઓના ધર્મવિધિમાં પરસ્પર શો ભેદ અને અંતરાય રહેલો છે, એનું આપણે અવલોકન કરીશું.

એ દક્ષિણાચારીઓ ભકતના નામથી ઓળખાય છે. જ્યારે કોઈ પણ દેવીની ઉપાસના કે પૂજા સાર્વજનિક અને વૈદિક કે પૌરાણિક પદ્ધતિથી કરવામાં આવે છે, ત્યારે શકિતના ઉપાસકોના એક વિભિન્ન પક્ષના અપવિત્ર ધર્મવિધિઓનો તે ઉપાસનામાં સમાવેશ કરવામાં આવતો નથી; કારણ કે, તે અપવિત્ર ક્રિયાઓ માત્ર તે વર્ગને માટે જ નિયત કરવામાં આવેલી છે. એ પૂજા જ્યારે આવા સ્વરૂપમાં થાય છે ત્યારે એને દક્ષિણ કે ઉપાસનાના જમણા હાથના સ્વરૂપ તરીકે ઓળખવામાં આવે છે. એ ઉપાસનાના સાધારણ સ્વભાવને બાધ કરનારી કે અપવાદરૂપ જો કોઈ ક્રિયા હોય તો તે કેવળ બલિ આપવાની એટલે કે દેવીને રકતનૈવેદ્ય આપવાની ક્રિયા જ છે. એ બલિની ક્રિયા કરતી વેળાએ કેટલાક ગરીબ વાચાહીન પશુઓનો ભોગ આપવામાં આવે છે અને તેમાં પણ સાધારણત: પ્રતિવર્ષ બકરાંનો જ વિશેષ સંહાર થાય છે. કેટલીકવાર એવા પશુઓના શરીરમાંથી રુધિરનો એક છાંટો પણ પડવા ન દેતાં તેમના જીવનનો દેવીને ભોગ અપાય છે અને એવા સમયે લાચાર પશુઓને ઠોંસા અને મુક્કીઓથી રીબાવી રીબાવીને મારી નાખવામાં આવે છે! કેટલીકવાર વળી પશુઓના પ્રાણને હાનિ ન થવા દેતાં કેવળ તેમના રુધિરનો જ ભોગ આપવામાં આવે છે. બળિદાનના એ પ્રયોગો જો કે પુરાતન અને આવશ્યકીય મનાતા નથી અને એ વિધિ વામાચારીઓનો જ છે, છતાં પણ અંધપરંપરાથી દક્ષિણાચારીઓ પણ એ વિધિના પ્રયોગો કરે છે. દક્ષિણાચારીઓએ આપવાનું વિરુદ્ધ બલિદાન તો દૂધ, શાકર અને અન્નનું જ હોવાનું કહેલું છે. દેવી કે શકિતના કે કાલી કે દુર્ગાના સ્વરૂપને જ માત્ર પશુબલિદાન આપવાની આજ્ઞા છે અને એ પશુબલિદાનની પદ્ધતિ થોડાક પ્રાંતોમાં જ પ્રચલિત છે. આશ્ચર્ય માત્ર એટલું જ કે, ગુજરાત જેવા અહિંસા પરમોધર્મ: માનનારા પ્રાંતમાંના અમદાવાદ જેવા રાજનગરમાં વિજયાદશમીની અર્ધ રાત્રિએ ભદ્રકાળીને એ પશુબલિદાન આપવામાં આવે છે અને તેમાં પણ વળી વિશેષ આશ્ચર્યકારક તો એ છે કે, એ પશુઓનો વધ મંદિરના દ્વારની બહારના રાજમાર્ગમાં જ કરવામાં આવે છે.

જો કે કોઈ પણ દેવી શાક્તપૂજાનો વિષય થઈ શકે એમ છે એટલે કે, શાકતો કોઈ પણ દેવીની ઉપાસના કરવાને સ્વતંત્ર છે, છતાં શાકતો શિવભાર્યા પાર્વતી અને પાર્વતી સાથે એકરૂપ થયેલા મહાદેવની જ માત્ર ઉપાસના કરે છે. શાકતધર્મ તે સર્વસાધારણ શૈવ ધર્મની જ એક શાખા છે, અને તેના ઉત્પાદક મહાદેવ પોતે જ છે. આપણે આગળ જોઈ આવ્યા છીએ, તેમ તંત્રોમાં શિવ પોતે જ વ્યાખ્યાતા તરીકે

દૃષ્ટિગોચર થાય છે અને તે પાર્વતીને દક્ષિણ અને વામમાર્ગની શાકતપૂજાના વિધિ મંત્ર અને પ્રયોગોનું વિવેચન કરી સંભળાવતા દેખાય છે.

જે ગ્રંથો ઉપર શાક્ત સિદ્ધાંતોનો સર્વ આધાર રહેલો છે, તે ગ્રંથોને જોતાં એમ સ્પષ્ટ દેખાઈ આવે છે કે, દેવીપૂજા વિશેષ પ્રાચીન કાળથી ચાલતી આવી છે અને તે પ્રજાપ્રિયતાને પાત્ર પણ થયેલી છે. દંતકથા અને એવા જ બીજા અનિશ્ચિત પ્રમાણોને દૂર મૂકીએ, તોપણ તેની જીર્ણતાનાં અન્ય પ્રમાણો પણ આપણને મળી આવે છે. મીરજાપુરની પાસે વિંધ્યવાસિની કાત્યાયની દેવીનું સ્થાન આજે સાતસો કરતાં પણ વધારે વર્ષથી અસ્તિત્વ ધરાવે છે, અને નગરકોટમાંની જ્વાલામુખી દેવીના મંદિરમાં આર્યેતરોએ હિન્દુસ્તાનમાંના પોતાના પ્રથમાગમનકાળમાં જ અત્યાચાર કર્યા હતા. એ સ્થાનોની પ્રતિષ્ઠા આજે પણ જેવીને તેવી જ જળવાયલી છે અને તે ભાવિક હિંદુઓનાં પવિત્ર યાત્રાસ્થાન છે!

કાલી અથવા દુર્ગા માતાની પૂજાનો પ્રકાર કેવળ બંગાળમાં જ વધારે વિસ્તરેલો છે અને ત્યાં એ પૂજાના એવા કેટલાક વિધિઓ અસ્તિત્વમાં આવ્યા છે કે, બીજા પ્રાંતોમાંના લોકો ભાગ્યે જ જાણતા હશે. એ કાલી અથવા દુર્ગાના ખાસ વાર્ષિક મહોત્સવનો દિવસ વિજયાદશમી છે. પશ્ચિમ આદિ પ્રદેશોમાં એ દિવસનો મહિમા વિશેષ નથી, પણ બંગાળમાં તો એ મહોત્સવમાં લાખો રૂપિયાનો ધૂમાડો થઈ જાય છે. એ મહોત્સવની ધામધૂમ આશ્વિનના આરંભથી તે વિજયાદશમી સુધી દશ દિવસ પર્યંત ચાલ્યા કરે છે. એ મહોત્સવ બંગાળમાં દુર્ગાપૂજાના નામથી ઓળખાય છે અને તે કલકત્તાના કાલીઘાટ ઉપર આવેલા કાલીના મંદિરમાં જ ઉજવાય છે. દુર્ગાપૂજાના દિવસે એ કાલીના મંદિરમાં જે ઘૃણાકારક ધર્મવિધિ કરવામાં આવે છે, તે બંગાળીઓને ખરેખર વામાચારીઓની પંક્તિમાં જ બેસાડે છે!

હવે આપણે વામાચારીઓના ધર્મવિધિનું નિરીક્ષણ કરીશું. એ વામમાર્ગીઓની ધર્મક્રિયાઓ સાધારણ શાકતધર્મની ક્રિયાઓથી વિરુદ્ધ છે અને વામીઓ તેમનો જાહેર રીતે સ્વીકાર કરે છે. તેઓ શિવની શક્તિસ્વરૂપિણી દેવીની જ પૂજા કરે છે; પરંતુ વિશેષતા એ છે કે, તેઓ પોતાની ઉપાસનામાં લક્ષ્મી, સરસ્વતી, માતૃ, નાયિકા, યોગિની એટલું જ નહિ પણ અપવિત્રયોનિ ડાકિની અને શાકિનીઓનો પણ સ્વીકાર કરે છે. એ ઉપરાંત વામાચારીઓ અને દક્ષિણાચારીઓ ખાસ કરીને ભૈરવના રૂપમાં શિવની પણ ઉપાસના કરે છે. શિવ ઉભયમાર્ગીઓની ઉપાસનાનો એક સામાન્ય વિષય થઈ પડયા છે.

વામાચારીઓની ધર્મક્રિયાનો પ્રકાર તંત્રોના એક ભાગમાંથી લેવામાં આવ્યો છે અને પંથપરત્વે તે ધર્મક્રિયા વળી ઘણા ભાગોમાં વ્હેંચાઈ ગયેલી છે. ઉપાસકના તાત્કાલિક હેતુ પ્રમાણે ઉપાસ્ય શક્તિનાં વિશિષ્ટ સ્વરૂપો નિયત કરેલાં છે; પરંતુ દેવીની કોઈ પણ સ્વરૂપમાં પૂજા કરતી વખતે પંચ મકાર અથવા તો એમાંના અમુક મકારોની યોજના તો અવશ્ય થવી જ જોઇએ, એવો સર્વસાધારણ નિયમ છે. માંસ, મત્સ્ય, મદ્ય, મૈથુન અને મુદ્રા એ શક્તિધર્મના પંચ મકાર, સર્વ શબ્દોનો પ્રારંભ 'મ' અક્ષરથી થતો હોવાથી મકાર કહેવાય છે. એ પૂજાનો અંત જેવી રીતે લાવવાનો હોય,

તેના પ્રમાણમાં તેવા મંત્રોનો ઉચ્ચાર કરવામાં આવે છે અને એ મંત્રોમાં બહુધા બિભત્સ અથવા અશ્લીલ અર્થો જ રહેલા હોય છે.

જ્યારે પૂજાના અપવિત્ર આત્માઓ (પિશાચો) પર સત્તા મેળવવાનો અને તેમની સાથે વાતચીત કરવાનો ઉદ્દેશ હોય છે, ત્યારે એક મનુષ્યનું મૃતશરીર અથવા શબ અવશ્ય જોઈએ છે. ઉપાસક મધ્ય રાત્રિના ભયંકર સમયે કબ્રસ્તાન, સ્મશાન અથવા તો વધસ્થાનમાં તે મૃતશરીરને લઇને એકલો જાય છે, અને તે મડદાંપર બેસીને પિશાચોને જે કાંઈ નૈવેદ્ય આપવાનું હોય છે તે આપે છે. આ ક્રિયાને તે કોઈ પણ પ્રકારના ભય વિના પાર પાડી શકે છે તો ભૂત અને યોગિની આદિ પુરુષ અને સ્ત્રી પિશાચાત્માઓ તેને વશ થઈ જાય છે–તેનાં ગુલામ થાય છે, એમ માનવામાં આવે છે.

એ અને ઉપાસનાના બીજા પ્રકારોમાં એકાંતની યોજના તો અવશ્ય કરવામાં આવે છે. એ ઉપાસના વેળાએ દેવીની પ્રતિ આકૃતિ અને સજીવ પ્રતિનિધિરૂપ એક સ્ત્રીની હાજરી તો અવશ્ય હોવી જ જોઇએ. એ વિધિ બહુધા સંમિશ્રિત સમુદાયમાં કરવામાં આવે છે અને એ સમુદાયમાંના પુરુષો ભૈરવો અને વીરો મનાય છે તથા સમુદાયમાંની સ્ત્રીઓ ભૈરવી કે નાયિકારૂપ લેખાય છે. મુખ્ય સ્ત્રી મદ્ય અને માંસ દેવીના પ્રસાદ તરીકે દેવીભકતોને વ્હેંચી આપે છે, કેટલાક મંત્રોનો ઉચ્ચાર કરવામાં આવે છે, અંગુલિવડે અશ્લીલ મુદ્રાઓનો વિધિ કરાય છે, બીજા પણ કેટલાક ભિન્નભિન્ન વિધિઓ કરવામાં આવે છે, અને છેવટે એ સ્ત્રીપુરુષ દેવીભકતોના અત્યંત નિંદ્યરાગ્યુત્સવ સાથે એ પૂજાનો અંત થાય છે. એ શાકતવિધિ **શ્રીચક્ર** અથવા તો પૂર્ણાભિષેકના નામથી ઓળખાય છે. ખરી રીતે જોતાં એ અપવિત્ર વિધિઓનો મૂળ તંત્રોમાં નિષેધ જ કરાયલો છે, છતાં વામમાર્ગીઓ એ વિધિને પરમ ઇષ્ટ વિધિ માને છે, અને એમાં પૂર્ણ ભાવના રાખે છે.

આર્યાવર્ત્તમાં એ શાકતધર્મના અનુયાયીજનોની સંખ્યા ઘણી જ મોટી છે અને તેમાં પણ બ્રાહ્મણોનું પ્રમાણ વિશેષ છે. એ શાકતધર્મમાં જાતિ કે ધર્મનો ભેદ ન માનતાં સર્વને સમાન ગણવામાં આવે છે. બહાર જૂદી જૂદી જાતિના અને જૂદા જૂદા ધર્મના લોકો પોતાના જાતિભેદ કે, ધર્મભેદને ધારણ કરે છે; અને પોતે શાકત નથી એમ જ બતાવે છે; પરંતુ સિંદૂરના તિલક અને કટિએ લાલ રેશમનાં કકડાથી તેઓ શાકત તરીકે તરત ઓળખાઈ આવે છે.

દક્ષિણાચારી અને વામમાર્ગીઓ ઉપરાંત શાકતોનો એક બહુ જ અશ્લીલ ત્રીજો પંથ પણ છે અને તે 'કાંચુલીય' માર્ગના નામથી પ્રસિદ્ધ છે. એ કાંચુલીય માર્ગનો દક્ષિણ દેશમાં વિશેષ પ્રચાર છે. ગુજરાત અને કાઠિયાવાડમાં એ પંથને ચોળીમાર્ગ અથવા કાંચળિયા પંથ નામથી ઓળખવામાં આવે છે. એ પંથવાળાઓની ધર્મક્રિયાઓ કૌલ અથવા વામાચારીઓ જેવા જ છે. માત્ર એક વિશેષ વિધિથી એ પંથ બીજા શાકત પંથોના ભિન્ન છે. જે સ્વાભાવિક લજ્જાબંધન હોય તેને પણ તોડીને નિરંકુશ થઈ વર્તવું, એવો એ વિધિનો આશય છે. એમ કહેવામાં આવે છે, કે એ કાંચળીયા પંથવાળાના ધર્મવિધિના સમયમાં સર્વ સ્ત્રીઓ પોતપોતાની ચોળીઓ ઉતારીને ગુરુના અધિકારમાં ત્યાં પડેલી એક પેટીમાં મૂકે છે. જ્યારે સાધારણ ધર્મક્રિયાની

સમાપ્તિ થાય છે, ત્યારે પ્રત્યેક પુરુષ તે પેટીમાંથી એક એક ચોળી ઉપાડી લે છે અને જે સ્ત્રીની ચોળી જે પુરુષના હાથમાં આવે, તે સ્ત્રી ગમે તો તે પુરુષની નિકટતમ સંબંધિની એટલે કે ભગિની કે પુત્રી હોય, તોપણ તેટલા સમયને માટે તે પુરુષની ભોગ્ય વસ્તુ થઈ જાય છે. એટલે નિઃસર્ગકૃત નીતિના સ્વાભાવિક દુર્ગને પણ એ વિધિથી તોડી નાખવામાં આવે છે.

મકરાણ પ્રદેશમાં જે હિંગુલાદેવીનું સ્થાન આવેલું છે, તે બહુધા વામમાર્ગીઓ અને એ કાંચળીયાપંથના દેવીભક્તોનું જ તીર્થસ્થાન છે!! પ્રતિવર્ષ ત્યાં હજારો શાક્તમતવાદીઓ યાત્રામાટે જાય છે. જે પ્રદેશમાં એ સ્થાન આવેલું છે, ત્યાંની ભૂમિમાં પરવાળા જેવા એક જાતના દાણા થાય છે અને તેનો રંગ લાલ હોય છે. જે લોકો હિંગુલાદેવીની યાત્રા કરી આવે છે, તેઓ યાત્રાના ચિન્હ તરીકે એ લાલ દાણાની કંઠી ગળામાં બાંધે છે કે જે 'ઠૂમરા'ના નામથી ઓળખાય છે. આજકાલ જે ગિરિ, પુરી અને ભારતી આદિ દશનામીઓમાંના કેટલાક અતોભ્રષ્ટ અને તતોભ્રષ્ટ થયેલા સાધુ છે, તેઓ સર્વ વામમાર્ગી અને કાંચળીયાપંથના જ છે અને સર્વ દુરાચારોમાં અગ્રેસર છે, એમ કહેતાં અતિશય ખેદ ઉત્પન્ન થાય છે.

મહાત્મા ગોપાળદાસ સાથે આપણે શાક્તસદનમાં પ્રવેશ કરીશું. જો કે ત્યાં શાક્ત વિના બીજાને જવાની આજ્ઞા નથી, છતાં આપણે તો સંજયના ચક્ષુથી ત્યાંની લીલાનું અવલોકન કરી શકીશું.

પ્રકરણ ૨૪ મું

શાક્તપ્રતિજ્ઞા અને પદવીદાન

શાન્ત સંધ્યાકાળ—શાક્તસદનમાં આનંદકોલાહલ. એક વિશાળ ઓરડામાં પદવીદાનનો સમારંભ થવાનો હતો. ઓરડો લંબ ચોરસ હતો. પશ્ચિમ તરફની ભીંતમાં એક મોટું આરકું કરેલું હતું અને તેમાં કાળીની નરમુંડમાલાધારિણી પ્રતિમા હતી. એ મૂર્તિની પાસે જ એક પીઠાસન તૈયાર કરવામાં આવ્યું હતું. આસનો બે હતાં. કાળિકાની મૂર્તિ તેમ જ આખા ઓરડાને પુષ્પમાળા અને પત્રતોરણથી શૃંગારેલાં હતાં. ભીંતો ઉપર મહિષાસુરમર્દિની, ચામુંડા, દુર્ગા, શંકરના ખોળામાં બેઠેલી પાર્વતી અને ભિલ્લરમણીરૂપ પાર્વતી આદિ શક્તિનાં જૂદાં જૂદાં ચિત્રો ટાંગેલાં હતાં. પીઠાસનની પાસે એક ઊંચા ઓટલા ઉપર રાંધેલા માંસના થાળ અને મદિરાની બાટલીઓ તથા તળેલાં માછલાં વગેરે પડેલાં હતાં. શક્તિનાં ઉપાસક પુરુષ અને સ્ત્રીઓ કપાળમાં સિંદૂરનાં તિલક કરી રક્તવર્ણ વસ્ત્ર ધારણ કરીને બન્ને બાજૂએ એક સ્ત્રી અને એક પુરુષ એવી વ્યવસ્થાથી ઉભેલાં હતાં. પીઠાસનની આસપાસ નીચે લાલ રેશમનાં અબોટિયાં અને અંગમાં પીળા રેશમનાં પહેરણ, હાથમાં ત્રિશૂળ અને તલવાર તથા માથાના ચોટલા છૂટા અને સિંદૂરતિલકથી વિભૂષિત ઉતરતા પ્રકારના ધર્મગુરુઓ ક્રૂર મુદ્રા ધારણ કરીને ઉભેલા હતા. ઓરડામાં અત્યારે લગભગ ત્રણસે ચારસે સ્ત્રીપુરુષ હોવા છતાં એટલી બધી શાંતિ હતી કે, શૂચિ પડી હોય તો તેનો અવાજ પણ સંભળાય. બહારથી જનાર માણસ એમ જ ધારે કે, આ મકાનમાં કોઈ પણ વસતું નથી.

બરાબર દિનાસ્ત અને નિશાના થતા ઉદયનો સમય એટલે કે સંધિકાળ થયો, એટલે દીપકોને પ્રજ્વલિત કરવામાં આવ્યા અને તે સાથે અત્યાર સુધી ત્યાં પ્રસરેલી શાંતિનો અચાનક ભંગ થયો. એક શાક્તે ગંભીર વાણીથી જણાવ્યું;–"મહાન્ ધર્માધ્યક્ષના માનનીય પ્રતિનિધિ અને આપણા નવા થનારા સિંધુ પ્રાંતના મુખ્ય ધર્માધ્યક્ષ મહાત્મા ગોપાળદાસ પધારે છે; માટે તેમને માન આપવાને તૈયાર થઈ રહો !"

બંગાળવાસી શાકતધર્મના મહાન્ ધર્માધ્યક્ષનો પ્રતિનિધિ, મહાત્મા ગોપાળદાસ અને શ્રીમતી દયામયી એ ત્રણ વ્યક્તિઓ સમારંભવાળા ઓરડામાં આવી. સર્વ શાકતોએ મસ્તક નમાવીને તેમને માન આપ્યું. પ્રતિનિધિએ બીજા શાકતો જેવો જ પરંતુ જરીથી ભરેલો પોશાક પહેર્યો હતો અને મહાત્માએ પણ તેવો જ પોશાક ધારણ કર્યો હતો. શ્રીમતી દયામયીનું સ્વરૂપ આજે જોવા જેવું હતું. સિંધના રિવાજ પ્રમાણે તેણે લાલ રંગી રેશમની ઇજાર, લીલા રંગના રેશમનો ચોલો (પહેરણ જેવું વસ્ત્ર) અને ઉપર પીળા રંગની ઝીકની કોરવાળી રેશમી સાડી ધારણ કર્યાં હતાં; નાક, કાન તથા હાથમાં હીરામોતીના દાગીના હતા; અને પગમાં રુપાના ઝાંઝર પહેરી લીધાં હતાં. સ્વાભાવિક સૌંદર્ય સાથે આ કૃત્રિમ સૌંદર્યનું મિશ્રણ થવાથી તેના રૂપનું વર્ણન થવું અશકય હતું. ખરેખર અત્યારે તે દિલ્લીની ગણિકા જેવી જ દેખાતી હતી. તેના ગળામાંનો ચંદનહાર અજબ શોભા આપતો હતો.

પ્રતિનિધિ આવતાંની સાથે જ માતાજીની મૂર્તિ સમક્ષ ગોઠણભંડીએ બેસી ગયો, અને શાકતમંત્રોનો ઉચ્ચાર કરી દેવીની સ્તુતિ કરવા લાગ્યો. મહાત્મા ગોપાળદાસ તથા અન્ય શાકતોએ પણ તેનું અનુકરણ કર્યું. એ વિધિની સમાપ્તિ થયા પછી પ્રતિનિધિ પોતાના ઉચ્ચ આસન ઉપર બેઠો. મહાત્મા ગોપાળદાસ તેની પાસેના જરાક નીચા આસન ઉપર બેસી ગયો, અને દયામયી તેની પાછળ ઉભી રહી. આસન ઉપર બેઠા પછી પ્રતિનિધિએ ગંભીર ધ્વનિથી કહેવા માંડ્યું;–

"અહીં અત્યારે એકત્ર થયેલા શાકતધર્મના એકનિષ્ઠ ઉપાસક પુરુષો અને પ્રમદાઓ! હું આજે અહીં આપણા શાકતધર્મના મહાન્ ધર્માધ્યક્ષની આજ્ઞા પ્રમાણે, મહાત્મા ગોપાળદાસને સિંધુપ્રદેશના શાકતમંડળના મુખ્ય ધર્માધ્યક્ષની પદવી આપવા માટે આવેલો છું."

"અમે આજથી અને આ ક્ષણથી સિંધુદેશના શાકતમંડળના મુખ્ય ધર્માધ્યક્ષ તરીકે મહાત્મા ગોપાળદાસને માન્ય રાખીએ છીએ, અને આપણા મહાન્ ધર્માધ્યક્ષની આજ્ઞાને શિર ઉપર ચઢાવીએ છીએ." સર્વ શાકત સ્ત્રીપુરુષોએ ભીષણ ધ્વનિથી પોતાની અનુમતિ દર્શાવી.

"ત્યારે મહાત્માજી ! દેવી સમક્ષ હાથ જોડીને બેસી જાઓ અને પ્રતિજ્ઞા કરો." એમ કહીને પ્રતિનિધિએ એક કાગળ મહાત્માના હાથમાં આપ્યો.

મહાત્મા ગોપાળદાસ હાથ જોડીને દેવી સમક્ષ બેસી ગયો. પ્રથમ કેટલાક મંત્રોનો ઉચ્ચાર કર્યા પછી, કાગળને બન્ને હાથની આંગળીઓવડે પકડીને, તેણે નીચે પ્રમાણે પ્રતિજ્ઞા વાંચવા માંડી;—

"હું મહાત્મા ગોપાળદાસ વિશ્વચાલક શક્તિ કાલિકાદેવી સમક્ષ અને શાકત-ધર્મના મહાન્ ધર્માધ્યક્ષના પ્રતિનિધિ સમક્ષ નિષ્કપટતા અને એકનિષ્ઠાથી એવી પ્રતિજ્ઞા કરું છું, કે આ પ્રદેશમાં કે બીજા કોઈ પ્રદેશમાં જ્યાં પણ મારો નિવાસ હોય, ત્યાં આપણા પ્રાચીનતમ અને પવિત્રતમ શાકતધર્મ તથા તેના મુખ્ય નેતા આસામ-વાસી મહાન્ ધર્માધ્યક્ષની આજ્ઞાથી વિરુદ્ધ જે ધર્મ, પંથ, સમાજ, રાજા અને મહા-રાજા હશે, તો તેની સાથે હું કોઈ પણ પ્રકારનો આંતરિક સંબંધ રાખીશ નહિ. હું આજથી મારા દેહ અને આત્માને દેવીધર્મને સમર્પિત કરું છું, અને મહાન્ ધર્માધ્ય-ક્ષની જે કાંઈ આજ્ઞા થાય, તેનું કોઈ પણ જાતની આનાકાની વિના યથાર્થ પાલન કરવાને બંધાઉં છું. જે મહાન્ ધર્માધ્યક્ષની ઇચ્છા, તે જ મારી ઈચ્છા; હવે પછી હું મારી પોતાની ઇચ્છા પ્રમાણે જરા પણ વર્તીશ નહિ.

"હું હૃદયની ઉંડી લાગણીથી આપણા ધર્મના માર્ગમાં વિઘ્નકારક કોઇપણ ધર્મ-સંસ્થા તથા ધર્મનાં બંધારણોનો ધિક્કાર કરું છું. જે ધર્મ અથવા ધર્મસંસ્થા આપણા મહાન્ ધર્મ અને મહાન્ ધર્માધ્યક્ષની સત્તાને સમર્યાદ, નષ્ટ કે દબાયલી કરવાની ઇચ્છા ધરાવતાં હોય, તે સર્વને હું ધિક્કારું છું, અને સમસ્ત વિશ્વમાં શાકતધર્મનો જ વિસ્તાર થવો જોઇએ, એ તત્ત્વનું હૃદયમાં પોષણ કરું છું. આપણા ધર્માધ્યક્ષને પ્રતિબંધમાં નાખ-નારી એવી ધર્મસંસ્થાઓને નષ્ટ કરવાના હું મારાથી બનતા સર્વ ગુપ્ત પ્રયત્નો કરીશ અને આર્યાવર્તના વાતાવરણમાં હું જે ધર્મનો ઉપાસક છું, તે ધર્મનાં તત્ત્વનો બનશે તેટલો વિશેષ પ્રસાર કરવાની ચેષ્ટાઓ કરતો રહીશ.

"જે ધર્મસંસ્થાઓ કે સત્તાઓ લોકોને પોતપોતાની ઇચ્છા પ્રમાણેના ધર્મનો સ્વીકાર કરવાની સ્વતંત્રતા આપે છે અને વ્યક્તિસ્વાતંત્ર્યના અધિકારો આપે છે, તેવી સર્વ સંસ્થાઓ વિશેના શાશ્વત ધિક્કારની હું મારા હૃદયમાં સ્થાપના કરું છું, અને શાકત ધર્મનો એકાકાર કરવાનો જે પરમ સિદ્ધાંત છે, તેના પ્રચારમાટેની પ્રતિજ્ઞા કરું છું.

"આ શાક્ત સદનમાં જે કાંઈ આવક થાય, તે આવકનાં નાણાંનો મારા પોતાના લાભમાટે ઉપયોગ નહિ કરવાની હું ભીષણ પ્રતિજ્ઞા કરું છું. એ નાણાં શાકતધર્મના લાભમાટે જ ખર્ચીશ, અને વર્ષમાં બે વાર આવક જાવકનો બરાબર હિસાબ મહાન્ ધર્માધ્યક્ષનાં ચરણોમાં મોકલતો રહીશ. તેમ જ શાકતસદનના ધનકોષમાં ગમે તે ઉપાયે નાણાંની રકમ વધારીને જે ઉદ્દેશથી એ નાણાં એકઠાં કરવામાં આવે છે, તે ઉદ્દે-શને પરિપૂર્ણ કરવાના સર્વ કઠિન પ્રયત્નો કરીશ.

"મહાન્ ધર્માધ્યક્ષ તેમ જ તેમના કોઈ પણ માનનીય પ્રતિનિધિએ જે વાર્તાઓને ગુપ્ત રાખવાની આજ્ઞા આપેલી હશે, તે વાર્તા હું કોઇને પણ કહીશ નહિ, અને મારા હાથ નીચેના બીજા લોકોને પણ તે ગુપ્ત રાખવાની પ્રતિજ્ઞા લેવડાવીશ. આટલી સંભાળ રાખ્યા છતાં પણ જો એવી વાત બહાર ફૂટે, તો હું પ્રતિજ્ઞા ખોટી કરીને પણ તે વાર્તાનો અસ્વીકાર કરીશ અને તેને એક અસત્ય આરોપ તરીકે જ સિદ્ધ કરી બતાવીશ.

"કોઈ પ્રતિનિધિ મહાન્ ધર્માધ્યક્ષની આજ્ઞાથી વિરુદ્ધ અને શાકત ધર્મને હાનિ પહોંચે એવી રીતે વર્તતો જણાય તો તે વિષે મહાન્ ધર્માધ્યક્ષને તત્કાળ ખબર

આપીશ અને તેવા ધર્મને હાનિ પહોંચાડનારાઓને મારી નાખવાનો પણ હું પ્રયત્ન કરીશ.

"સિંધુપ્રદેશમાં બનતા રાજકીય, સામાજિક અને ધાર્મિક સર્વ બનાવોની હું બરાબર નોંધ રાખીશ, અને આપણા પોતાના ધર્મના કે અન્ય ધર્મના જે લોકો આપણા ધર્મને હાનિ પહોંચાડવાનો યત્ન કરતા હોય, તેમનાં નામો મહાન્ ધર્માધ્યક્ષને લખી જણાવીશ. વળી ધર્મમહાપતિની આજ્ઞા મળતાં એવા પાપાત્મા જનોના વ્યવસાય, ચારિત્ર્ય અને ભવિષ્યને ધૂળમાં મેળવી દેવાના હું મારાથી બનતા સર્વ ઉપાયો યોજીશ.

"મારી આ પ્રતિજ્ઞાઓની સાક્ષીભૂતા થવામાટે હું પરમ પવિત્ર અને વિશ્વોત્પાદક શકિતદેવીનું આહ્વાન કરું છું અને જો હું શાકતધર્મ, અને શાકતધર્મમંડળના લાભોને કોઈ પણ પ્રકારે હાનિકારક થાઉં કે મારામાં રખાયલા વિશ્વાસનો ભંગ કરું, તો પ્રચંડ કાળસ્વરૂપિણી કાલિકા અને ભૈરવી મારો તત્કાળ ભક્ષ કરી જાઓ, એવી પ્રાર્થના અનન્ય ભાવથી કરું છું !!!"

"તથાસ્તુ-તથાસ્તુ !" પ્રતિનિધિ સહિત સર્વ ધર્મગુરુઓએ ભીષણ નાદ કરીને કહ્યું.

એ પ્રમાણે એ ભયંકર પ્રતિજ્ઞાવિધિની સમાપ્તિ થતાં મહાત્માને ઉઠવાની આજ્ઞા કરવામાં આવી. તેના ઉઠ્યા પછી શાક્તધર્મના મુખ્ય ચિહ્નરૂપ મનાતા દેવીના ત્રિશૂળને હસ્તસ્પર્શ કરવાનો પ્રતિનિધિએ હુકમ આપ્યો. મહાત્માએ આગળ વધીને ત્રિશૂળને હસ્તસ્પર્શ કર્યો. તે ક્ષણે જ પ્રતિનિધિનો નેત્રસંકેત થતાં ત્રિશૂળ અને તલવાર ધારણ કરવાવાળા ધર્મગુરુઓએ મહાત્માને ચાર તરફથી ઘેરી લીધો અને તેઓ ત્રિશૂળ અને તલવારની અણીઓને તેના ઉપર ઉગામીને તેને મારી નાખવાની તૈયારીમાં હોયની, એવા સ્વરૂપમાં ઉભા રહ્યા. પ્રતિનિધિ હવે પછી મહાત્માને જે એક ખાસ આજ્ઞા આપવાનો હતો, તેનો જો મહાત્મા અસ્વીકાર કરે તો તેને ત્યાં જ મારી નાખવો, એવી આગળથી જ વ્યવસ્થા થયેલી હતી. તેણે લીધેલી પ્રતિજ્ઞા પ્રમાણે તે ભવિષ્યમાં વર્તશે કે કેમ અને મહાન્ ધર્માધ્યક્ષની આજ્ઞા પાળશે કે કેમ, એની પરીક્ષા કરવાનો જ આ વિધિ હતો અને મરણથી તે ભયભીત તો નથી થતો, એ જોવાનો એ એક પ્રકાર હતો. સિંધુ દેશના શાક્તસદનના નવા થનારા ધર્માધ્યક્ષ મહાત્મા ગોપાળદાસને શાક્તસદનમાંના એક બીજા ધર્મગુરુએ એક પાત્ર ઉપાડીને આપ્યું. એ પાત્ર કપાલપાત્ર હતું, એટલે કે માણસની ખોપરીના આકારનું હતું અને તેમાં મનુષ્યરુધિર જેવો જણાતો શ્યામવર્ણ પ્રવાહી પદાર્થ ભરેલો હતો. એ પાત્રને હોઠે અડકાવવાની આજ્ઞા કરતાં પ્રતિનિધિએ કહ્યું કે;

"મહાત્મા ગોપાળદાસ! આપણો શાક્તધર્મ નાના પ્રકારના હિંસાત્મક વિધિઓથી ભરેલો હોવાથી ભીરુ અને કાપુરુષો એ ધર્મના ચાલક થઈ શકતા નથી; એટલા માટે આજે જે પદવી આપવાની છે, તે પદવી આપતી વેળાએ તે ભાવી પદવીધરનું મન દૃઢ અને અચલ છે કે નહિ, તે જાણવામાટે આ વિધિ નિશ્ચિત કરવામાં આવ્યો છે. આ નરશોણિતથી ભરેલું કપાલપાત્ર છે. જો તેં અત્યારે કરેલી પ્રતિજ્ઞાઓ સત્ય હોય

અને તારા હૃદયમાં શાક્તધર્મ અને મહાન્ ધર્માધ્યક્ષના વચનમાં પૂર્ણ શ્રદ્ધા હોય, તેમ જ તારું મન દૃઢ અને અચલ હોય તો આ માનવરુધિરનું પાન કરી જા!"

પ્રતિનિધિના એ ગંભીર સ્વરથી ઉચ્ચરાયેલા શબ્દો શાક્તસદનના વાતાવરણમાં વ્યાપી ગયા અને તેમણે સર્વ શાક્તોના હૃદયોને આન્દોલિત કરી નાખ્યાં. પદવીના અભિલાષી મહાત્મા જાણે જીવનદાયક સુધાનું જ પાન કરતા હોયની, તેવી રીતે કોઈ પણ જાતનો અણગમો બતાવ્યા વિના કપાલપાત્રને હોઠે અડકાડીને મનુષ્યરુધિરનું પાન કરી ગયો! મહાત્માની એ વીરતાને જોઇને અને રુધિરપાત્રને ખાલી થયેલું જોઇને પ્રતિનિધિએ શસ્ત્રધારી ધર્મગુરુઓને કહ્યું:–"ધર્મવીરો! તમારા હાથમાંનાં ત્રિશૂળોને નીચાં નમાવો અને તલવારોને મ્યાન કરો. આ મહાત્મા સર્વ પ્રકારે પદવીને યોગ્ય છે."

શસ્ત્રધારીઓએ આજ્ઞાને આધીન થઈ ત્રિશૂળોને નીચાં નમાવી દીધાં અને તલવારો મ્યાન કરી દીધી. શાક્ત સ્ત્રીઓએ પોતાના મધુર કંઠથી દેવીનાં સ્તુતિ સ્તોત્રો ગાવા માંડ્યાં અને મહાત્માના શિરપર ધન્યવાદોની વૃષ્ટિ વર્ષાવવામાં આવી. પ્રતિનિધિએ એ પછી એક ધર્મગુરુને આજ્ઞા કરી કે, "જાઓ અને પેલા આરિયામાંથી આપણા પવિત્ર શાકતધર્મ વિરુદ્ધ લખાયલાં ચાર પાંચ પુસ્તકો પડેલાં છે તે લાવો."

આજ્ઞાનુસાર તે ધર્મગુરુ ત્રણ ચાર તેવાં પુસ્તકો લાવ્યો. પ્રતિનિધિએ તે લઇને મહાત્માના હાથમાં આપ્યાં. એક શાકતોપાસકે ધગધગતા અંગારાવાળી સગડી લાવીને ત્યાં રાખી. પ્રતિનિધિએ તે પુસ્તકો વિશે વિવેચન કરતાં જણાવ્યું કે;–"આ વેદાંતના ગ્રંથો અને આજકાલના પાખંડી આર્યમાંડલિકોએ આપણા ધર્મ વિરુદ્ધ લખેલા ગ્રંથોનો આ અવનીતલમાંથી નાશ જ થવો જોઇએ. જો આ ગ્રંથોનું અસ્તિત્વ આપણે કાયમ રહેવા દઇશું, તો આપણા અસ્તિત્વથી આપણે હાથ ધોઈ નાખવા પડશે–આ પાખંડીઓ ફાવી જશે તો વિશ્વમાં મહા અનર્થ થઈ જશે. મહાત્મા! આપણો એ ગ્રંથો વિશે જે ધિક્કાર અને શત્રુભાવ છે, તેને વ્યકત કરવામાટે અને એ સર્વ પાખંડ ધર્મોનો નાશ કરવાનું તમારામાં જે સામર્થ્ય છે, તેનું પૂર્વ દર્શન કરાવવામાટે, આ ઉપનિષદો, વેદાંતગ્રંથો અને સત્યાસત્ય વિચાર આદિ પુસ્તકોને આ ધગધગતા અંગારામાં નાખી બાળીને ભસ્મીભૂત કરી નાખો!"

"ઓ પાખંડીઓના ધર્મગ્રંથો, હું તમને અંતઃકરણપૂર્વક ધિક્કારું છું, અને એટલા માટે તમને આ અંગારા ઉપર પધરાવીને તમારો નાશ થાય છે, તેવી જ રીતે ધીમે ધીમે તમારામાંનાં તત્ત્વોને માનનારાઓનો પણ નાશ થશે અને સમસ્ત વિશ્વમાં શ્રેષ્ઠતમ શાકતધર્મની વિજયપતાકા ગૃહે ગૃહે ઉડતી જોવામાં આવશે! જેઓ પવિત્ર તંત્રોને માનવાને બદલે તમારાં તત્ત્વોમાં વિશ્વાસ રાખે છે, તેમને નરકની ભયંકર યાતનાઓ પ્રાપ્ત થાઓ અને શાકતધર્મનો અવનીમાં અવિરત વિસ્તાર થાઓ!" એ પ્રમાણેના ઉદ્ગારો કાઢી મહાત્માએ તે સર્વ ગ્રંથોને બળતા અગ્નિમાં પધરાવી દીધા.

જેમ જેમ એ ગ્રંથો બળતા જતા હતા અને તેમાંથી નીકળતો ધુમાડો વાતાવરણમાં મળતો જતો હતો, તેમ તેમ શાકતધર્મીઓ ભયંકર નાદ કરીને પોતાના હર્ષ અને આનંદને પ્રદર્શિત કરતાં હતાં. પુનઃ દેવીની સ્તુતિ કરવામાં આવી અને ત્યાર પછી

પુનઃ એક વિધિનો આરંભ થયો. પ્રતિનિધિએ ભીષણતાથી કહ્યું;—"ઓ શાક્તધર્મગુરુઓ અને શક્તિદેવીના ઉપાસકો ! આ તમારા સિંધુદેશસ્થ શાકતસદનના નવીન મુખ્ય ધર્માધ્યક્ષ મહાત્મા ગોપાળદાસનાં વચનને માન આપીને વર્તવાની પ્રતિજ્ઞા કરો. જો એમના વચનની અવજ્ઞા કરશો, તો તમે ભયંકર નરકના અધિકારી થશો."

સર્વ શાક્તો મહાત્માના આસનની આસપાસ ગુંઠણે પડ્યાં, અને તેનાં વચનને માનવાની પ્રતિજ્ઞા કરતા કહેવા લાગ્યાં;—"હે મહાન્ ધર્માધ્યક્ષના સિંધુ દેશવાસી મહાત્મન્! અમે આજથી કોઈ પણ પ્રકારની શંકા ન કરતાં આપનાં વચનને માન આપીને વર્તવાની પ્રતિજ્ઞા કરીએ છીએ."

પછી પ્રતિનિધિએ મખમલનો ઝબ્બો મહાત્માને પહેરાવ્યો અને શિર ઉપર એક ત્રિશૂળની આકૃતિનું તાજ મૂકયું. પુનઃ મંત્રો બોલાયા અને એ પદવીદાનનો વિધિ સમાપ્ત થયો. તરત જ દેવીને ધરાવેલા માંસ આદિ પદાર્થોને ઉપાડીને નીચે જમીન ઉપર રાખી જૂદી જૂદી થાળીઓમાં પીરસવામાં આવ્યા, પ્યાલા અને દારુની બાટલીઓ પણ આવી પહોંચી અને ભોજનસમારંભનો આરંભ થયો. પ્રથમ તેઓ મદિરાપાન કરીને મસ્ત બન્યાં અને પછી માંસ તથા મત્સ્યનો આહાર કરી તાજાં થયાં. ત્રણ મકાર તો પૂરા થયા, એટલે મુદ્રાનામક ચતુર્થ મકારનો વિધિ આરંભાયો. સ્ત્રીપુરુષ વચ્ચે હસ્ત અને શરીર આદિની બીભત્સ ચેષ્ટાઓ ચાલવા લાગી. મદિરાનો રંગ ચઢ્યા પછી પ્રતિનિધિએ દયામયીની ચોળી ઉપાડી લીધી. ત્યાર પછી મહાત્માનો વારો આવ્યો અને પછી અનુક્રમે ધર્મગુરુઓ તથા શાકત ભક્તોએ ચોળીઓ ઉપાડી. દયામયી પ્રતિનિધિના પ્રેમની ભાગિની થઈ અને એજ પ્રમાણે બીજાં જોડાં પણ સંધાઈ ગયાં. એ ક્રિયાનો આરંભ અને અંત કેવી રીતે થયો એ અમારાથી લખી કે કહી શકાય તેમ નથી.

પ્રકરણ ૨૫ મું

ચમત્કાર

બીજે દિવસે પ્રભાતમાં દેવીની પૂજા ઇત્યાદિ કરી રહ્યા પછી પ્રતિનિધિ, મહાત્મા ગોપાળદાસ અને શ્રીમતી દયામયી શાકતસદનના જૂદા જૂદા ભાગોનું અવલોકન કરવાને નીકળ્યાં. તેની સાથે બીજી બે સ્ત્રીઓ અને બે પુરુષો હતાં. મહાત્માએ અનેક ગુપ્ત ઓરડાઓ અને તેમાં વસતાં સ્ત્રી પુરુષ આદિ પ્રાણીઓનું અવલોકન કર્યું. તેઓ જ્યાં અશક્ત અને રોગી સ્ત્રીઓને રાખવામાં આવતી'તી, તે ઔષધાલય કે રુગ્ણાલયના નામથી ઓળખાતા વિશાળ ઓરડામાં આવ્યાં. ત્યાં એક અશક્ત તરુણી શય્યામાં પડી હતી. આ સર્વ લોકોને આવેલા જોઇને તે શય્યામાં બેઠી થઈ અને ખાટલા ઉપરથી ઉતરી એક તરફ ઉભી રહી. એ અબળા માંદી હોવા છતાં પણ અત્યંત સ્વરૂપવતી હોવાથી મહાત્માનું મન તેની તરફ આકર્ષાયું. તેણે પોતા સાથેના એક માણસને પૂછ્યું; "આ સ્ત્રી કોણ છે ? ગઈ રાતના સમારંભમાં એ જોવામાં આવી નહોતી, એનું કારણ શું ?"

"એ તરુણીને આપણા શાકતસદનમાં અમે લાવ્યા છીએ. થોડા દિવસની વાત ઉપર સિંધ હયદ્રાબાદ અને તેની આસપાસનાં ગામોમાં *શંખોદ્ધારના બે ત્રણ સમા-

* જ્યારે કોઈ પણ વામમાર્ગી મરી જાય છે, ત્યારે તેના સ્થાનમાં તેના પુત્ર કે અન્ય સંબંધીને વામમાર્ગની દીક્ષા આપીને વામપંથમાં લેવો જ જોઇએ એવો નિયમ છે અને

રંભો કરવાને ગયા હતા; ત્યાંથી પાછાં આવતાં કુલેલી નહેરના કિનારા ઉપર અમે ખાવા–માટે રોકાયા, એક જણ ભાતું છોડતો હતો અને અમે બે જણ પાણી ભરવામાટે નીચે ઉતર્યા, એટલામાં કોઈ માણસ પાણીના પ્રવાહમાં તણાઈ આવતું અમારા જોવામાં આવ્યું. ધ્યાનથી જોતાં તે કોઈ સ્ત્રી હોય એમ દેખાયું! અમે બન્ને તરવામાં હોશિયાર હોવાથી તરત પાણીના પ્રવાહમાં કૂદી પડ્યા અને એ તણાતી અબળાને કિનારા ઉપર લઈ આવ્યા. એના શરીરને તપાસતાં એનામાં જીવ હોય એમ લાગ્યું અને તેથી તરત જ એને ઉંધે મસ્તકે એક ઝાડની ડાળમાં બાંધી હીંચકા ખવડાવીને એના પેટમાં ભરાયલું પાણી કાઢી નાખ્યું. એનો શ્વાસ કાંઇક વધારે જોરથી ચાલવા લાગ્યો. અમને આશા બંધાયાથી અમે ગાડી કરીને એને સ્ટેશન ઉપર લઈ ગયા અને ત્યાંથી સંભાળીને અહીં આ માંદાના મંદિરમાં રાખી એને જીવાડવાના ઉપચારો કરવા માંડ્યા અને તેનું પરિણામ શું આવ્યું છે, તે અત્યારે તમો જોઈ શકો છો." એક માણસે કહ્યું.

"ખરેખર, તમે એક મહા પરમાર્થનું કામ કર્યું છે અને દેવીની પ્રસન્નતાના ભાગી થયા છો." એ પ્રમાણે તે માણસોને ધન્યવાદ આપીને મહાત્માએ તે સ્ત્રીને પૂછ્યું;–"દેવી! તમારું નામ શું છે?"

"મારું નામ **સીતા**." તે તરુણીએ ઉત્તર આપ્યું. વાચકો હવે ઓળખી ગયા હશે કે, **લાલચંદની** પાછળ પાણીમાં ભૂસ્કો મારનારી એ અભાગિની નારી **સીતા** જ હતી.

"તમે પાણીના પ્રવાહમાં કેમ તણાયાં?" મહાત્માએ પાછો બીજો સવાલ પૂછ્યો.

"આ જગતમાં મારું કોઈ ન હોવાથી જીવનનો કંટાળો આવતાં મેં આત્મહત્યાનો પ્રયત્ન કર્યો!" **સીતાએ** ટુંકામાં પતાવી દેવાના હેતુથી ખોટું જ કારણ બતાવ્યું.

"પણ હવે જગતમાં તમારાં ઘણાં સગાં છે, એમ માની લેજો. આ શાકતસદનનાં દ્વાર દેવીસ્વરૂપા અબળાઓમાટે નિરંતર ખુલ્લાં છે. તમને અહીં ઇચ્છિત સર્વ ઉપભોગો પ્રાપ્ત થઈ શકશે અને જીવનનો કાળ અનેક પ્રકારના આનંદમાં વીતશે. માત્ર તમારાથી આ મકાનને છોડીને ક્યાંઈ પણ બહાર જઈ શકાશે નહિ, એટલો જ નિયમ તમારે પાળવાનો છે." મહાત્માએ આશ્વાસન આપીને કહ્યું.

"બહાર શામાટે નહીં જઈ શકાય?" **સીતાએ** કાંઇક ગંભીર અને શંકાશીલ મુદ્રાથી પ્રશ્ન કર્યો.

"એ બધી વાતો હું તને પછીથી એકાંતમાં સમજાવીશ. અત્યારે તને વિશ્રાંતિની અગત્ય છે, માટે વિશ્રાંતિ લે અને મનમાંથી ચિંતા તથા બીજા નકામા વિચારોને કાઢી નાખ."

* * * *

એ પુત્ર કે વંશજને દીક્ષા આપવાનો વિધિ શંખોદ્ધારના નામથી ઓળખાય છે. જે વામમાર્ગીના મરણ પછી એ શંખોદ્ધાર ન થાય તેની સદ્‌ગતિ થતી નથી, એવું શાક્તધર્મવાળાઓ માને છે. એ શંખોદ્ધારની ક્રિયા પણ કેટલાક મકારના મિશ્રણવાળી હોય છે, અને તેમાં મદિરા તથા માંસ ઇત્યાદિનો છૂટે હાથે ઉપયોગ કરવામાં આવે છે; શાક્તોની બધી ક્રિયાઓમાં 'મ'કાર વિના તો ચાલવાનું નહિ જ.

બીજા ઓરડામાં એક મહા ભયાનક અને હૃદયદ્રાવક દૃશ્ય જોવામાં આવ્યું. શાક્તસદનમાંની સ્ત્રીઓ ઉપર દેખરેખ રાખનારી ચંડિકા નામની સ્ત્રી તેની શય્યામાં નિર્જીવ થઈને પડી હતી. બીજી બે સ્ત્રીઓ તેની પાસે રોતી બેઠી હતી. મહાત્માએ તેને પૂછ્યું "કેમ–તમે રડો છો શામાટે ? એવો તે શો બનાવ બન્યો છે ?"

"અચાનક આ અમારાં અધિકારિણી બાઇનો સ્વર્ગવાસ થયો છે અને તેથીજ અમે રડીએ છીએ." એક સ્ત્રીએ ઉત્તર આપ્યું.

"સવારના ચાર વાગ્યા સુધી તો કાંચળિયા સમારંભમાં એણે હાજરી આપી હતી અને આમ અચાનક એનો કૈલાસવાસ કેમ થયો, એ કાંઇ સમજી શકાતું નથી." ગોપાળદાસે આશ્ચર્ય બતાવ્યું.

"સવારમાં પ્રતિનિધિ મહાશય એની પાસે આવ્યા હતા અને એકાંતમાં કેટલીક વાર સુધી વાતચીત પણ કરી હતી. ત્યાં સુધી કાંઇ પણ નહોતું. બસ, પ્રતિનિધિ ગયા અને થોડીકવારમાં જ આ બનાવ બની ગયો !" બીજી સ્ત્રીએ વિશેષ વિવેચન કર્યું.

"ખરી વાત છે–હું અહીં આવ્યો ત્યાં સુધી તો એ સારી રીતે હોશિયારીમાં હતી અને મારી સાથે બરાબર વાતચીત કરી હતી. હું પોતે પણ નથી સમજી શકતો કે આ મરી કેમ ગઇ !" પ્રતિનિધિએ પણ અનુકંપા દર્શાવી.

"ગમે તે કારણથી હો, પણ આજકાલ આવાં અચાનક મરણ ઘણાં થાય છે, એટલે વધારે આશ્ચર્ય કરવા જેવું કાંઇ પણ નથી. જે બનવાનું હતું તે બની ગયું છે– જાઓ અને જંગલમાં ચિતા ખડકીને એના અગ્નિદાહની તૈયારી કરો." મહાત્માએ વાતને ચોળીને ચિકણી ન કરવાના હેતુથી ટુંકામાં જ નિકાલ કરી નાખ્યો.

શાકતસદનમાં મનુષ્યોની સંખ્યા પૂરતી હોવાથી તે વખતે જ પ્રેતયાત્રાની બધી તૈયારીઓ થઇ ગઇ. પાસેના જંગલમાં એક ચિતા ખડકીને ચંડિકાના મૃત શરીરને ફુંકી દેવામાં આવ્યું–તે હતી ન હતી થઈ ગઈ.

* * * *

સંધ્યાસમયે પ્રતિનિધિએ દયામયીને પોતાના એકાંત ઓરડામાં બોલાવીને કહ્યું–"શ્રીમતી ! ચંડિકાનો કૈલાસવાસ થયેલો હોવાથી એના સ્થાનમાં શંખોદ્ધારની ક્રિયા કરીને બીજી કોઈ અધિકારિણી નીમવી જ જોઇએ. મારો વિચાર છે કે, એ પદવીને તું પોતે જ શોભાવે તો ઘણું સારું. મહાન્ ધર્મગુરુ કે મારા જેવા તેના પ્રતિનિધિની ઇચ્છાને પ્રતિકૂલ થવાથી પરિણામ આવું જ આવશે ! એક પળ માત્રમાં તું હતી નહોતી થઈ જઇશ, એનો વિચાર કરીને હા પાડજે. ગઈ કાલના તારા પ્રેમથી હું બહુ જ પ્રસન્ન થયો છું અને તેથી જ આ ગુપ્ત વાર્તા તને કહું છું."

"એ વિશે તમારે જરા પણ ચિંતા ન રાખવી. હું આપનેંમારાં તન મન અને ધન અર્પણ કરી ચૂકી છું એટલે હવે ભવિષ્યમાં પ્રતિકૂલ થવાનો પ્રશ્ન જ કયાં રહ્યો છે ! સ્ત્રીને જો કોઇ પણ પ્રબળ વાસના હોય, તો તે આવા પ્રકારના આનંદની જ વાસના હોય છે અને તે આનંદ નિરંકુશતાથી મળતો હોય તો પછી બીજું જોઇએ શું ? આ પદવી આપી મારા માનમાં વધારો કરશો તો આપનો મોટો આભાર થશે અને હું આપની નિરંતર દાસી થઈ રહીશ!" નરકના કીટરૂપ થયેલી અને નરકમાં જ આનંદ માનનારી દયામયીએ અનુકૂલતાથી ઉત્તર આપ્યું.

"તું આવું સંતોષકારક ઉત્તર આપીશ," એવો મારો પ્રથમથી જ નિશ્ચય હોવાથી આજે સવારમાં વિષપ્રયોગથી મેં પોતે જ ચંડિકાને આ જગત્‌માંથી રવાના કરી દીધી છે. આજકાલ એ ઘણી જ ઉદ્ધત અને સ્વતંત્ર સ્વભાવની થઈ ગઈ હતી અને અમારા ભેદો એના જાણવામાં આવી ગયેલા હોવાથી વારંવાર અમારી આજ્ઞાનો અનાદર કરતી હતી. એનું કાટલું આજે કાઢી નાખવાથી હું નિષ્કંટક થયો છું અને તારા જેવી સુંદર અને સ્નેહવતી સ્ત્રીને એ પદની અધિકારિણી બનાવવાના ભાગ્યને પ્રાપ્ત કરી શક્યો છું. હું–પણ અધિકારિણીને નીમવાનો અધિકાર મહાત્માનો હોવાથી તેના હાથે જ એ કામ થશે. હું સૂચના કરી દઇશ." પ્રતિનિધિએ પ્રેમના કે વિકારના આવેશમાં પોતાના પાપનો સ્વીકાર કરી લીધો! દયામયીના હૃદયમાં એક તિરસ્કારમય ભાવનો આવિર્ભાવ થયો.

તત્કાળ પ્રતિનિધિએ ગોપાળદાસની અનુમતિ મેળવીને તેના હાથે જ શ્રીમતી દયામયીનો અધિકારિણી તરીકે અભિષેક કરાવ્યો. ગોપાળદાસે એ અભિષેક કર્યો તો ખરો, પણ એથી દયામયીને નિરંતર શાક્તસદનમાં રહેવું પડશે અને હયદરાબાદમાં મારે એકલા દિવસ વીતાડવા પડશે. એ વિચાર આવતાં તેના મનમાં શોક થયો. એ જ શોકનો દયામયીના હૃદયમાં પણ પ્રત્યાઘાત થયો. અમુક કારણોને લીધે તે મહાત્માને જ વિશેષ ચાહતી હતી. મહાત્મા અને દયામયી એકાંતમાં મળ્યાં. તેમણે પોતાના વિચારો એક બીજાને કહી સંભળાવ્યા. કેટલીક વારની વાતચીત પછી તેમણે પરસ્પર એક સંકેત કર્યો અને તેને નિર્વિઘ્ન પાર પાડવો જ, એવો તેમણે દૃઢ નિશ્ચય કર્યો બીજે દિવસે પ્રતિનિધિ જવાનો હતો, માટે તે પહેલાં જ એ સાંકેતિક કાર્ય થઈ જવું જોઇએ, એવી તેમણે યોજના કરી.

પ્રકરણ ૨૬ મું

હત્યાકાંડ

મધ્યરાત્રિનો સમય. શાક્તસદનમાં પૂર્ણ શાંતિ, અને નિઃસ્તબ્ધતા. માત્ર એક જ ઓરડામાં બે મનુષ્યો જાગૃત. એક પ્રતિનિધિ, અને બીજી પેલી શ્રીમતી દયામયી! ઓરડાના એક ખૂણામાંની ટિપોય ઉપર વોલ્સેટમાંની મીણબત્તી મંદ પ્રકાશનો ઓરડામાં વિસ્તાર કરતી હતી. બારી પાસે પલંગ પડેલો હતો. તેની ઉપર રેશમનું ગાદલું અને મખમલનાં ગાલ મસૂરિયાં પડેલાં હતાં. પ્રતિનિધિ પલંગ ઉપર તકિયાને અઢેલીને બેઠેલો હતો. શ્રીમતી દયામયી પાસેની એક ખુરસી ઉપર બેઠેલી હતી. વચ્ચે એક ગોળ ટેબલ હતો. તેની ઉપર ખાવાના પદાર્થોની બે ત્રણ રકાબીઓ, દારૂની બે બાટલીઓ તથા પાણીના ભરેલા ગ્લાસ, એક ફૂલ્ને, તેમ જ બે ત્રણ ખાલી કાચના ગ્લાસો પડેલા હતા. શ્રીમતી દયામયીએ બાટલીમાંની મદિરા ગ્લાસમાં રેડીને પ્રતિનિધિને તે ગ્લાસ આપતાં કહ્યું;–"લ્યો વહાલા!"

"નહિ, નહિ, દયામયી! નહિ–હવે દયા કર અને પીવામાટેનો વધારે આગ્રહ ન કર. અત્યાર સુધીમાં બે બાટલીઓ તો ખલાસ કરી. મારે આવતી કાલે જવાનું

છે, એટલે જો વધારે થઈ જશે, તો સવારમાં માથું ફરવા માંડશે અને પ્રવાસ નહિ કરી શકાય. હવે વિષયાન્તર કરવાનો સમય છે. છેલ્લી મોજ માણીને નિદ્રાવશ થઇએ તો વધારે સારું!" પ્રતિનિધિએ પ્યાલાનો અસ્વીકાર કરીને કહ્યું.

"ઓહો-હું તો ધારતી'તી કે, તમે બહાદુર પીનારા હશો, પણ આ તો બે બાટલીમાં જ ટેં બની ગયા. અરે બે બાટલી તો મારા જેવી બૈરી પણ પી જાય! છતાં વાત કરો છો ત્યારે જાણે એક છાંટો પણ ન લીધો હોય, તેવી હોશિયારીમાં જ દેખાઓ છો! શું આપ આપણા દેવીભક્તોના એ તત્ત્વને નથી જાણતા કે,

"पीत्वा पीत्वा पुनः पीत्वा यावद्गिरति भूतले ।
पुनरुत्थाय पुनः पित्वा पुनर्जन्म न विद्यते" ॥

"તમે પૂર્ણ દેવીભક્તા હોવા સાથે આવાં પંડિતા છો, એ તો મેં અત્યારે જ જાણ્યું. પ્રત્યેક સ્ત્રી દેવીસ્વરૂપા છે અને દેવીનાં વચનનો અનાદર કરવો, એ મહાપાપ છે; માટે લાવો-હોઠ આગળ પ્યાલો લાવો-તમારો આગ્રહ છે તો તમે પોતાના હાથે જ હવે પીવડાવો!" પ્રતિનિધિએ દયામયીના હાથને પોતાના મોઢા તરફ ખેંચીને કહ્યું.

"જેવી-ઈચ્છા!" એમ કહીને લટકો કરી દયામયીએ તે પ્યાલામાંની મદિરા પ્રતિનિધિના ગળામાં ઉતારી દીધી.

"ત્યારે એક પ્યાલો તમે પણ લ્યો;—

"હય ઇશ્કકા મજા જભી દોનોં હોં બેકરાર;
દોનોં તરફ હો આગ બરાબર લગી હુઈ!"

એમ કહીને પ્રતિનિધિએ બાટલી ઊપાડીને પ્યાલામાં દારૂ નાખવાની કોશિશ કરી, પણ તેના હાથ કંપતા હોવાથી બાટલી હાથમાંથી પડીને ફૂટી ગઈ અને તેમાંનો દારૂ જમીનપર ઢોળાઈ ગયો. "બીજી બાટલી લાવો," તેણે જોરથી બૂમ મારીને કહ્યું.

"આ દ્રાક્ષાસવની બીજી બાટલી તૈયાર છે!" દયામયી બોલી.

"તો એમાંથી પીઓ." પ્રતિનિધિને પ્રસન્ન રાખવામાટે દયામયીએ થોડોક દ્રાક્ષારસ પી લીધો અને ત્યાર પછી તે તેના માથાપર હાથ ફેરવવા લાગી.

દારૂના નિશામાં પ્રતિનિધિ એટલો તો ચકચૂર બની ગયો કે જે ભ્રષ્ટાચાર કરવાની તેની ઈચ્છા હતી, તે ઇચ્છા મનમાંની મનમાં જ રહી અને ઘોર નિદ્રાને આધીન થયો. તે કદરૂપો, કાળો અને ડીલે જાડો હોવાથી તેનાં નસકોરાંમાંથી નીકળતો અવાજ લુહારના ધમણની સ્મૃતિ કરાવવા લાગ્યો. દયામયી કુરસીપરથી ઉઠી તેના મુખપર દૃષ્ટિપાત કરી ધિક્કાર વર્ષાવી આત્મગત બોલી;—"ચાંડાલ! નિદ્રા લેવાનો આ તારો છેલ્લો પ્રસંગ છે! બરાબર નિદ્રા કરી લેજે! આવતી કાલનો સૂર્ય તું જોઇશ કે નહિ એની શંકા જ છે. તને દારૂ સાથે મેળવી આપેલા કાતિલ ઝેરની અસર સવાર સુધીમાં થવી જ જોઇએ!"

દયામયીએ મીણબત્તી હાથમાં લીધી. ઓરડાનાં દ્વારોને અટકાવી તે ત્યાંથી ચાલી ગઈ. મહાત્માનો ઓરડો ઉપરના માળપર છેક છેલ્લો આવેલો હતો. પાસેના દાદરપર ચઢીને તે ત્યાં ગઈ; પણ મહાત્માને ત્યાં ન જોવાથી તેના આશ્ચર્યનો અવધિ થયો. તેના મનમાં અનેક પ્રકારની કુશંકાઓ આવવા લાગી. તેના મનમાં આવ્યું

કે;—"જેવી રીતે ચંડિકાનું કાસળ પ્રતિનિધિએ કાઢી નાખ્યું અને પ્રતિનિધિના નાશનો પ્રયોગ મેં કર્યો છે, તેવી જ રીતે મારા મહાત્માને પણ કોઇએ સ્વર્ગનો માર્ગ તો નહિ બતાવી દીધો હોય! ગમે તે જોખમે પણ મહાત્માને જીવતો કે મરેલો શોધી તો કાઢવો જ જોઇએ." એ પ્રમાણેનો નિશ્ચય કરી તે શાકતસદનમાં નિશાચરી ડાકિની પ્રમાણે ભ્રમણ કરવા લાગી. એક એક ઓરડામાં તેણે શોધ ચલાવ્યો; પણ મહાત્માનો સજીવ કે નિર્જીવ દેહ ક્યાંય પણ જોવામાં ન આવ્યો. અંતે તે માંદગીના ગૃહ પાસે આવી. ત્યાં કોઇના બોલવાનો ધ્વનિ તેના કાનોમાં અથડાયો. દરવાજાની ફાટમાંથી તેણે જોયું—અંદરના બનાવે તેને ગાંડી બનાવી દીધી!

અશક્ત સીતા નેત્રોમાંથી અશ્રુ વર્ષાવતી ઉભી હતી અને મહાત્મા તેને પોતાની ઇચ્છાને વશ થવાનો આગ્રહ કરતો ઉભો હતો. એ દેખાવ દીપકના પ્રકાશમાં શ્યામચીને દેખાયો અને થોડીવાર પછી નીચેનો વાર્તાલાપ તેના સાંભળવામાં આવ્યો;—

"હું આ સમસ્ત સિંધુ દેશના શાકતમંડળનો મુખ્ય ધર્માધ્યક્ષ છું. જો મારી ઇચ્છાને તૃપ્ત કરીશ તો તારું કલ્યાણ થશે–તારા જીવનો ઉદ્ધાર થઈ જશે. અનેક અબળાઓ મારા પ્રેમના પ્રસાદમાટે તડપતી હોવા છતાં પોતાની ઇચ્છાને સફળ કરી શકતી નથી અને તારા સ્વરૂપથી મુગ્ધ થઈ હું પોતે તારી પાસે આવ્યો છું એટલે તું માનમાં ભરાય છે અને આંસુથી ન્હાય છે, એ જોઇને મને ઘણી જ અજાયબી થાય છે!" મહાત્માએ સીતાને કહ્યું.

"હું પ્રથમથી જ ભ્રષ્ટ તો થયેલી જ છું–છતાં અત્યારસુધી મારો એવો અભિપ્રાય હતો કે, એક જ પુરુષ સાથે મારો શરીર સંબંધ થયેલો હોવાથી જ્યાંસુધી મારા શરીરને બીજા કોઈ પુરુષનો હસ્તસ્પર્શ થયો નથી ત્યાંસુધી હું પવિત્ર અને પતિવ્રતા જ છું. પણ હવે એ મારું પતિવ્રતાપણું અને પવિત્રતાનો દુર્ગ અભેદ્ય રહી શકે તેમ નથી. આજે મારા પાતિવ્રત્યનું મરણ થાય છે તેથી જ આંખોમાંથી આંસુ પડી જાય છે. તમારો દોષ નથી–મારા ભ્રષ્ટ ભાગ્યનો જ એ પ્રતાપ છે! હું ભ્રષ્ટ થવામાટે અને ભ્રષ્ટ અવસ્થામાં મરવામાટે જ જન્મી છું. જેની ઇચ્છા હોય તે આવીને આ નિરાધાર નારીને ભ્રષ્ટ કરો, તેના પાતિવ્રત્યના ધનનો અપહાર કરો અને તેના સુસ્વરૂપ શરીરને છિન્નભિન્ન કરી નાખો!" સીતાએ આવેશ અને ઉન્માદના વેગમાં એ ઉદ્‌ગારો કાઢ્યા. દુર્બળ સીતા નિશ્ચેષ્ટ થઇને ધરણી ઉપર ઢળી પડી. અચેતનતામાં તેના શીલનો સંહાર થઈ ગયો.

બહાર ઉભેલી શ્યામચીનાં નેત્રોમાંથી અગ્નિના કણોની વૃષ્ટિ થવા લાગી, તેની છાતી કોપાતિશયથી દોઢ દોઢ ગજ ઉછળવા લાગી અને તેના શરીરમાં ભયંકર કંપનો આવિર્ભાવ થયો. પરંતુ તે સ્ત્રીચરિત્રમાં નિપુણ હોવાથી પોતાના એ અનિવાર્ય કોપને શમાવીને વીજળીના વેગે ત્યાંથી ચાલી ગઈ અને મહાત્માના ઓરડામાં જઈ તેના આવવાની વાટ જોઇને બેસી રહી. થોડીવારમાં જ ગોપાળદાસ કપાળ ઉપરના પરસેવાને લૂછતો ત્યાં આવ્યો! શ્યામચીને જોતાં જ તેણે પ્રશ્ન કર્યો; "કેમ અત્યારે અહીં?"

"ખાસ કામમાટે. પણ તમે આટલી મોડી રાતે ક્યાં પધાર્યા હતા? હું અહીં બે કલાકથી બેઠી છું!" શ્યામચીએ સવાલ પૂછ્યો.

"દયામયી! એ તો તું જાણે જ છે, કે આ શાક્તસદનનો સર્વ અધિકાર આજથી મને મળ્યો છે અને આ શાક્તસદન અનેક પ્રકારના ભેદ તથા રહસ્યો અને ગુપ્ત ભૂમિગત નિવાસોવડે ભરેલું હોવાથી, મારે એનાં સર્વ રહસ્યોનું જ્ઞાન મેળવવું જોઇએ. એ કાર્યમાટે જ હું રાત્રિના એકાંત સમયનો લાભ લઇને શાક્તસદનમાં ભ્રમણ કરવા અને અહીં વસતાં સ્ત્રીપુરુષોની ચર્ચા જોવા ગયો હતો" મહાત્માએ જવાબ દીધો.

"એ વાતને જવા દ્યો. આપણી થયેલી સલાહ પ્રમાણે મદિરામાં વિષ મેળવીને મેં પ્રતિનિધિને પાઈ દીધું છે અને અત્યારે તો તેના પ્રાણ પ્રયાણ પણ કરી ગયા હશે. હવે આપણામાં કોઇનો સંશય ન જવા પામે અને એનું મડદું સવારમાં જ બળી જાય એની બધી વ્યવસ્થા તમારે કરવાની છે. હું હવે મારા ઓરડામાં જઇને સુઈ જાઉં છું!" દયામયીએ મહાત્માની જોયલી વ્યભિચારચેષ્ટા વિશે કાંઈ પણ ન બોલતાં મનનો કોપ મનમાં જ શમાવીને પ્રથમ કર્ત્તવ્યકર્મનું નિદર્શન કરાવ્યું અને મહાત્માના ઉત્તરની માર્ગપ્રતીક્ષા કરવા લાગી.

"એ વિશે તારે જરા પણ ચિંતા ન કરવી. અહીંનાં ઘણાંક માણસો આપણાં પોતાનાં છે એટલે કાંઈ પણ કોલાહલ થવાનો સંભવ નથી–બધું શાંતિસમાધાનથી પાર પડી જશે. તું જઈને સુખે સુઈ જા!" મહાત્માએ આશ્વાસન આપ્યું.

દયામયી કાંઈ પણ વધારે વાતચીત ન કરતાં પોતાના ઓરડામાં ચાલી ગઈ. મહાત્મા શય્યામાં પડીને આગામિ સંકટને ટાળવામાટેના માર્ગની મનમાં યોજના કરવા લાગ્યો. વિચારમાં ને વિચારમાં જ વાણું વાઈ ગયું. તે મુખપ્રક્ષાલન કરીને પ્રતિનિધિના ઓરડામાં ગયો. ત્યાં તે પ્રતિનિધિ–ગઇ કાલે અનેક પ્રકારના માન અને વિલાસનો ભોકતા થયલો પ્રતિનિધિ–મૃત થઇને શય્યામાં પડ્યો હતો. મુખ હતું, પણ બોલવાની શક્તિનો લોપ થયો હતો; નેત્રો હતાં, પણ દર્શનશક્તિ નહોતી; નાસિકા હતી, પણ ઘ્રાણ શક્તિનો નાશ થયો હતો; શ્રવણ હતાં, પણ શ્રવણ કરવાની શકિત નહોતી–હસ્તપાદ આદિ સર્વ અવયવો જેમના તેમ જ હતા–હતી નહિ કેવળ ગતિ. જડ શરીર પૂર્વવત્ હતું, પણ આત્મા પ્રયાણ કરી ગયો હતો. મહાત્માના મનમાં આનંદનો આવિર્ભાવ થયો, પરંતુ તે આનંદને ગુપ્ત રાખી કૃત્રિમતાથી રડતો પોકારતો તે, ઓરડામાંથી બહાર નીકળ્યો અને જે સ્થળે તેનો અભિષેક થયો હતો, તે ઓરડામાં શાકતસદનનાં સર્વ સ્ત્રી પુરુષોને એકત્ર કરી શોકથી કહેવા લાગ્યો:—

"એકનિષ્ઠ દેવીભકત સ્ત્રીપુરુષો! આપણા ઉપર આજે એક મહા અસહ્ય પ્રસંગ આવી પડ્યો છે. મહાન્ ધર્માધ્યક્ષના માનનીય પ્રતિનિધિનો ગઇ કાલે અત્યંત મદિરાપાન કરવાથી અચાનક સ્વર્ગવાસ થયો છે. અત્યારે હું નમસ્કાર કરવામાટે એમના ઓરડામાં ગયો અને જોયું તો તેઓ નિર્જીવ થઇને શય્યામાં પડેલા હતા! અત્યારે પણ તેઓ એ જ અવસ્થામાં પડેલા છે. યોગ્ય ધાર્મિક વિધિથી અગ્નિસંસ્કાર કરવાની તૈયારી કરો. એક માણસને રોમ મોકલી તારથી આ ખબર મહાન્ ધર્માધ્યક્ષને જણાવો."

શાકતસદનનાં આંગણામાં જ ચંદનકાષ્ઠની ચિતા ખડકી પ્રતિનિધિના શબને શાકતભક્તોએ પોતાના ધર્મવિધિથી અગ્નિદાહ કર્યો. એક માસ પર્યન્ત તેના મરણ પછીની ઉત્તર ક્રિયાઓ કરવાની અન્ય ધર્મગુરુઓ અને દયામયીને આજ્ઞા આપીને

ત્રીજે દિવસે મહાત્મા ગોપાળદાસ હયદરાબાદ તરફ જવાને નીકળ્યો. દયામયી પોતાના નવા અધિકારને સંભાળવામાટે ત્યાં જ રહી.

મહાત્મા ગોપાળદાસ જે વેળાએ શાક્તસદનમાંથી બહાર નીકળ્યો તે વેળાએ એક આશ્ચર્યકારક બનાવ બન્યો. જે સાધુ આનંદાનંદ આલમચંદની ચિઠ્ઠી લઈને મહાત્મા પાસે રૂપીઆ પાંચસો લેવાને હયદરાબાદમાં આવ્યો હતો, તેને તેણે શાક્ત-સદનના બે ત્રણ માણસો સાથે એક ઝાડીમાં વાતચીત કરતો ઉભેલો જોયો. મહાત્માના ગભરાટનો અવધિ થયો. તે માથા ઉપર ફાળિયુ વીંટાળીને ઊંટ ઉપર સ્વાર થઈ ચાલતો થયો. લગભગ પાંચ છ ગાઉ જવા પછી નજર ફેરવીને જોતાં તે જ સાધુ ઊંટ ઉપર બેસીને પાછળ આવતો દેખાયો. આનંદાનંદે ભીમ ભીષણ ધ્વનિથી મહાત્માને પૂછ્યું, "મહાત્માજી! દ્વારિકાની યાત્રા કરી પાછા વળ્યા છો કે?"

પ્રકરણ ૨૭ મું
ભયંકર મૌન!

દીવાન આલમચંદ બપોરે જમ્યા પછી વામકુક્ષી કરવાનો વિચાર કરતો હતો અને યશોદા નોકરને વાસણ ભેળાં કરી આપવાના કામમાં રોકાયલી હતી, એટલામાં પોસ્ટ-મેને આવીને દરવાજા ઉપર દીવાન આલમચંદનું નામ પોકાર્યું અને દીવાનના નામનો એક કાગળ ઘરમાં નાખ્યો. નોકરે કાગળ લાવીને આલમચંદને આપ્યો. આલમચંદે એ કાગળ વાંચ્યો અને વાંચતાં જ તેના ચહેરાનો રંગ એકાએક બદલાઈ ગયો. તે કાગળમાંની હકીકત સંભળાવવામાટે તેણે યશોદાને બોલાવી અને નીચે પ્રમાણે તેની આગળ કાગળ વાંચવા લાગ્યો:—

"પરમશ્રીમાન્ દીવાન આલમચંદની સેવામાં, શ્રીકાશીપુરી.

વિ. વિ. મહાત્મા ગોપાળદાસે આપની રૂપિયા પાંચસોની ચિઠ્ઠીનો અસ્વીકાર કર્યો છે અને આપનું તેમની પાસે કાંઈ પણ નથી એમ ખુલ્લે ખુલ્લું જણાવી દીધું છે. વળી આપ જેને પરમ વૈષ્ણવ અને મહાત્મા ગોપાળદાસના નામથી ઓળખો છો, તે તો અંદરખાનેથી પરમ શાક્ત—દેવીનો ઉપાસક છે અને અનેક પ્રકારના અત્યાચાર કર-નાર પાપાત્મા છે. એ વિશે મેં બધી બાતમી મેળવી છે અને થોડા વખતમાં તેમની પૂરી ફજેતી કરવાનો મારો વિચાર છે.

બીજું, આપની ગુમ થયેલી પુત્રીનો હજી કાંઈ પત્તો મળ્યો નથી. ટંડા મહ-મ્મદખાનમાંના જે અનાથાશ્રમમાં એ છોકરીને જોવાનો મને ભાસ થયો હતો, તે અનાથાશ્રમ તે ગામમાંથી નીકળી ગયો છે અને હાલ હયદરાબાદમાં કેટલાંક વર્ષથી તેની સ્થાપના કરવામાં આવી છે. હયદરાબાદના એ અનાથાશ્રમમાં પણ હું ગયો હતો પરંતુ ત્યાં તે છોકરી જોવામાં આવી નથી. બીજો એક પત્તો મળ્યો છે અને ત્યાં જવા-માટે મને પૈસાની જરૂર હતી, પણ ગોપાળદાસે એક ફૂટી બદામ પણ ન આપવાથી અદ્યાપિ ત્યાં જઈ શક્યો નથી. એ વચ્ચે ગોપાળદાસનો એક કાગળ મારા હાથમાં આવવાથી એ શાક્ત છે એમ મારા જાણવામાં આવ્યું અને તેની મેં પ્રત્યક્ષ ખાતરી

પણ કરી છે. આજકાલમાં મને પૈસા મળશે એવી મેં તજવીજ કરી છે. ચિંતા કરશો નહિ. છોકરીને શોધવાના મારા પ્રયત્નો ચાલુ છે. આપનો નિરંતર કલ્યાણચિંતક,

આનંદાનંદ"

"શું આ પત્ર ભયાનક નથી? શું એ ખરું છે? મહાત્માએ જો મારી ચિઠ્ઠીનો અસ્વીકાર કર્યો હોય અને 'આલમચંદનું મારી પાસે કાંઈ પણ નથી' એમ જ કહ્યું હોય, તો તો આ જગત્‌માંથી વિશ્વાસ અને સત્યશીલતાનો લોપ થયો છે એમ જ કહી શકાય. જેને આપણે સો ટચનું સોનું ધારતા હતા તે કસોટીમાં કથીર નીવડયું હશે! નેવનાં પાણી મોભે ચડ્યાં? 'સાધુ શયતાન થયો?'" આલમચંદે પોતાના તર્કવિતર્કમય ઉદ્‌ગારો કાઢ્યા.

"આજકાલનો જમાનો એવો જ છે. કોઈ પણ ઘટના અશક્ય તો નથી જ. લક્ષ્મી અને લલનામાં કોણ નથી લોભાતું? છતાં પણ મહાત્મા ગોપાળદાસ જેવો નિસ્પૃહ અને જગત્‌ને તૃણ સમાન માનનાર મહાપુરુષ આવું ઉત્તર આપે, એ વાત માનવાની મારું મન તો ના જ પાડે છે. કદાચિત્ એ સાધુને મહાત્મા ન ઓળખતા હોવાથી તેનામાં વિશ્વાસ ન આવતાં તેને ઉડાવવામાટે જ મહાત્માએ આમ કાં ન કહ્યું હોય? પ્રાણનાથ! આપ પોતે અહીંથી એક પત્ર લખો અને તેમાં એક હજાર રૂપીઆ મોકલવાની તાકીદ કરો એટલે એનું જે પરિણામ આવશે, તેથી આપણે મહાત્માની સત્યશીલતા કે અસત્યશીલતાનો તત્કાળ યથાર્થ નિર્ણય કરી શકીશું. મારી સલાહ આપને યોગ્ય લાગે તો એમ કરો." યશોદાએ પોતાનો અભિપ્રાય નમ્રતાથી દર્શાવ્યો.

"તારી આ સલાહ ઘણી જ સારી છે. હું અત્યારે જ મહાત્માને એક કાગળ લખું છું." એમ કહીને આલમચંદ વામકુક્ષીના વિચારને ભૂલી જઇને કાગળ લખવા બેઠો. કાગળ નીચે પ્રમાણે લખાયો:—

"શ્રીકાશી તા૦ મી ૧૯૧૦

પૂજ્ય મહાત્મા શ્રીયુત ગોપાળદાસની સેવામાં,

વિ. વિ. હું બહુ જ તંગીમાં આવી પડ્યો છું, માટે આ પત્ર વાંચતાં જ મારા રૂપીઆમાંથી એક હજાર રૂપીઆ મોકલી આપો. દયામયીને મારા તરફથી કહેશો એટલે તેઓ જ મોકલી આપશે. તેમને અમારા બન્નેના પ્રણામ વંચાવશો. અહીં સર્વ પ્રકારે કુશળ છે. આપના કુશળ સમાચાર લખશો. પત્રલેખનમાં આલસ્ય કરશો નહિ.

દાસાનુદાસ "આલમચંદ"ના પ્રણામ

નીચે તાજે કલમ કરીને દીવાને પોતાનું સરનામું લખ્યું. યશોદાને વાંચી સંભળાવીને કાગળ પરબીડિયામાં બંધ કરી, સરનામું લખી, ટિકિટ ચોડીને નોકરને આપવામાં આવ્યો. માલિકના હુકમ પ્રમાણે નોકર દોડતો જઇને તે કાગળ પોસ્ટના થાંભલામાં નાખી આવ્યો. તે ક્ષણથી જ આલમચંદ જવાબમાટે દિવસ ગણવા લાગ્યો.

બહુ બહુ તો આઠ દિવસમાં એ કાગળનો જવાબ હૈદરાબાદથી કાશી આવવો જ જોઇએ, પરંતુ આઠને બદલે પંદર દિવસ વીતી ગયા છતાં જવાબ ન આવ્યો. આલમ-

ચંદના મનમાં ચિંતા અને શંકા વધવા લાગી. તેણે યશોદાને કહ્યું:–"પ્રિયે! કાગળ લખ્યાને આજે પંદર દિવસ થઈ ગયા, પરંતુ મહાત્માનો જવાબ પણ નથી અને રૂપીઆ પણ આવ્યા નથી."

"વખતે એ કાગળ ગેરવલ્લે ગયો હશે અથવા તો કાગળ મહાત્માના નામનો હોવાથી અને મહાત્મા પ્રપંચમાં ભાગ ન લેતા હોવાથી જવાબ નહિ લખ્યો હોય; માટે બીજો કાગળ શ્રીમતી દયામયીના નામનો લખો અને હજી પણ વાટ જુઓ. આમ એકાએક સાધુના ચરિત્ર વિશે કુશંકા લાવવી એ આપણા જેવા ગૃહસ્થાશ્રમીઓને યોગ્ય નથી." યશોદાએ કહ્યું.

આ વાત પણ આલમચંદને ગળે ઉતરી. તેણે બીજો કાગળ શ્રીમતી દયામયીના નામનો લખ્યો. પાછા દશ દિવસ વીતી ગયા; પણ જવાબ નદારત! ત્રીજો કાગળ પાછો મહાત્માના નામનો આલમચંદે રજીસ્ટર્ડ કરીને મોકલ્યો, તે કાગળ પાછો તો ન આવ્યો.

કાગળો મોકલવામાં અને તેના જવાબની વાટ જોવામાં જ એક મહિના કરતાં થોડાક વધારે સમય વીતી ગયો એટલે આલમચંદના મનમાં શંકા કાંઇક દૃઢ થવા લાગી. તે મનોગત કહેવા લાગ્યો:–

"શું મહાત્મા ગોપાળદાસનો વૈકુંઠવાસ થયો હશે? શું તેમની સાળી પણ બનેવીના વિરહમાં મરી ગઈ હશે? કે ટપાલ ખાતાની અવ્યવસ્થાને લીધે મારા કાગળો તેમને પહોંચતા જ નહિ હોય?" એજ દિવસે રજીસ્ટર્ડ કરીને મોકલેલા કાગળની મહાત્મા ગોપાળદાસના હસ્તાક્ષરથી મંડિત રસીદ આવી. તેનો નિશ્ચય થયો કે, 'મહાત્મા જીવતા તો છે!' પણ એ તેની ભૂલ હતી. થોડા વખત પછી તે હસ્તાક્ષરોને ધ્યાનથી જોતાં તે ગોપાળદાસને બદલે બીજા કોઇના હસ્તાક્ષર હોય એમ જ દેખાયું અને સહી કરનારનું નામ પૂરું વાંચી શકાતું નહોતું. એથી આલમચંદના હૃદયમાં અનેક શંકાઓનો ઉદ્‌ભવ થવા લાગ્યો: "હવે શું કરવું? કોઇ પણ સગા વહાલામાં વિશ્વાસ ન રાખ્યો અને બેંકમાં પણ નાણાં ન રાખતાં છુપી રીતે મહાત્માને બધી મિલકત સોંપી, એ વાત હવે કોને કહું? હું બૂમ મારીશ અને હયદરાબાદમાં જઇ આ વાત જાહેર કરીશ, તો લોકો મારી બેવકૂફીને જાણીને સામા મારી જ મશ્કરી કરશે. કેટલાકો મારું કહેવું સાચું પણ નહિ માને, તેમ જ કોર્ટમાં જવાથી પણ લાભ નથી; મારી પાસે મહાત્માનો કોઈ દસ્તાવેજ નથી. આ તો 'લેને ગઇ પૂત ઔર ખો આઇ ખસમ' જેવો જ બરાબર મામલો થઇ ગયો!"

"વળી મહાત્માના ઉપદેશથી મેં હયદરાબાદ છોડતી વખતે લોકોને એમ જણાવ્યું હતું કે, મારી સંપત્તિ હું સાથે જ લઇ જાઉં છું એટલે મારી વાતને ખરી પણ કોણ માનશે? દશ દિશામાં વિડંબના અને વિડંબના જ દેખાય છે. હે જગત્પિતા વિશ્વનાથ! હે પતિતપાવની ગંગે! શું મારા ભાગ્યમાં આમ જ લખાયલું છે?" આલમચંદ બાળક પ્રમાણે રડવા લાગ્યો. પુનઃ તે મનમાં જ કહેવા લાગ્યો:–"મારા ધારવા પ્રમાણે તો મહાત્મા ગોપાળદાસનો વૈકુંઠવાસ જ થયેલો હોવો જોઇએ. મારો રજીસ્ટર્ડ કાગળ બીજા કોઇએ સહી કરીને લઇ લીધો છે. સ્પષ્ટ જણાય છે કે, મહાત્મા હવે આ

નશ્વર જગત્‌માં નથી. પણ કદાચિત્ તેઓ માંદા હોય અને પોતે સહી ન કરી શક્યા હોય, કે તેઓ નિરંતર હરિનામસ્મરણમાં નિમગ્ન રહેતા હોવાથી અને આવા પ્રપંચોમાં ન પડતા હોવાથી કાગળો બીજા માણસના હાથમાં જતા હોય ને તે કાગળો દબાવી જ રાખતો હોય અથવા તો મહાત્મા ક્યાંય તીર્થયાત્રા કરવાને ચાલ્યા ગયા હોય તેથી જ જવાબ ન આવતો હોય એમ સંભવે છે. ચાલો—ત્યારે મારા જૂના નોકરને જ કાગળ લખું અને મહાત્માની શી હાલત છે તે વિશે ખબર કઢાવું."

આલમચંદે તરત પોતાના જૂના અને વફાદાર નોકરને કાગળ લખીને મહાત્માની ખબર પૂછાવી અને મહાત્માને લખેલા કાગળો તેમને મળ્યા છે કે કેમ તે લખવા જણાવ્યું. આઠ દિવસમાં જ જવાબ આવ્યો:—"મહાત્માને ત્યાં ખબર કાઢતાં તે બધા કાગળો મળ્યા છે. મહાત્મા વચ્ચે દ્વારિકાની યાત્રાએ ગયા હતા, પણ હાલમાં અહીં જ છે અને તંદુરુસ્ત છે—આગળ કરતાં તેમના ડીલ ડોળમાં વધારો જ થયો છે. મહાત્માના કહેવા પ્રમાણે દયામયી હજી દ્વારિકામાં છે. હાલમાં મહાત્માનો ધર્મભાવ દિવસે દિવસે વધવા માંડ્યો છે. એક દિવસે એવો પ્રકાર જોવામાં આવ્યો—મહાત્માજી દેહપર ભસ્મલેપન કરીને તથા કૌપીન ધારણ કરીને ગલીઓમાં દોડતા હતા ને કહેતા' તા કે, 'મારા હરિ ક્યાં છે? મારા હરિ ક્યાં છે?' ભક્તોએ દોડીને તેમને પકડી લીધા અને લોકોને કહ્યું, 'પ્રભુ પ્રેમથી પાગલ બની ગયા છે!' હાલમાં મહાત્મા ભાગવતની કથા સાંભળવા બેસે છે, ત્યારે ઘુંઘટો તાણે છે ને 'પ્રભુએ હવે સ્ત્રીના મુખનું અને રૂપીઆનું દર્શન ન કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરેલી છે.' ઈત્યાદિ મહાત્માની નિત્ય નવી નવી લીલાઓ નગરના લોકો જોયા કરે છે અને ભાવિક નરનારીસમાજનો મહાત્મા ઉપરનો ભાવ ધીમે ધીમે વધારે અને વધારે જ વધતો જાય છે."

આ પત્ર વાંચીને આલમચંદના મનમાં કાંઇક સમાધાન થયું. તે મનને સંતોષ આપતો મનમાં જ કહેવા લાગ્યો;—"મહાત્મા છે તો જીવતા પણ તેઓ નિરંતર હરિનામમાં નિમગ્ન હોવાથી અને શ્રીમતી દયામયી દ્વારિકામાં હોવાથી જ મારાં પત્રોનું પ્રત્યુત્તર નથી આપતા. શ્રીમતી આવશે એટલે તેઓ અવશ્ય રૂપીઆ મોકલી આપવાની તજવીજ કરશે." તેણે નોકરને લખી જણાવ્યું:—'શ્રીમતી દયામયી આવે ત્યારે મને લખી જણાવજો' અને મહાત્માને લખ્યું કે:—'મારા સાંભળવા પ્રમાણે શ્રીમતી દયામયી દ્વારિકામાં છે. આપે એટલા માટે જ મારા કાગળોના જવાબ નથી આપ્યા. શ્રીમતી આવે કે તરત એક હજાર રૂપીઆ મોકલી આપશો.'

દશ પંદર દિવસમાં જ નોકરનો જવાબ આવ્યો:—"શ્રીમતી દયામયી આપને છેલ્લો પત્ર લખ્યા પછી બીજે જ દિવસે આવ્યાં હતાં અને તેઓ પાંચ દિવસ અહીં રહી પોતાનો બધો સમાન લઈ પોતાને દેશ ચાલ્યાં ગયાં છે અને સંભળાય છે કે હવે તેઓ પાછાં હયદરાબાદમાં આવવાનાં નથી" પરન્તુ મહાત્મા તરફથી કશો જવાબ પણ ન આવ્યો અને રૂપીઆ પણ ન આવ્યા. જ્યાં કાગળની જ મારામારી હોય ત્યાં રૂપીઆ તો ક્યાંથી જ આવી શકે? નોકરનો આ કાગળ આલમચંદને કાળ સમાન ભયાનક ભાસ્યો—તેની સર્વ આશાઓ નિરાશાના રૂપમાં બદલાઈ ગઈ. એક સાધુડામાં વિશ્વાસ રાખવાની પોતાની બેવકૂફીનો પશ્ચાત્તાપ કરીને તે પોતે પોતાને અભિશાપ આપવા

લાગ્યો. તેની માનસિક અવસ્થાનું પરિવર્તન થઈ ગયું. આનંદાનંદે વર્તમાન સાધુઓનાં દુશ્ચરિત્રો વિશે કાશીમાં જે વ્યાખ્યાનો આપ્યાં હતાં તે અક્ષરે અક્ષર હવે તેને સત્ય ભાસવા લાગ્યાં અને હૃદયમાં તે આનંદાનંદના નિષ્કપટ સ્વભાવની સદ્ભાવથી સ્તુતિ કરવા લાગ્યો. તેણે યશોદાને બોલાવીને પોતાના મનની બધી શંકાઓ કહી સંભળાવી. બધી વાત જાણી લીધા પછી યશોદાએ કહ્યું;–

"આ બધું જાણતાં તો એમ જ જણાય છે કે, આપણી બધી સંપત્તિ લઇને દયામયી પોતાના દેશમાં ચાલી ગયેલી હોવી જોઇએ. અત્યારે એ ચાલી ગઈ છે અને કાલે મહાત્મા પણ ચાલ્યા જશે એટલે પછી આપણે તો તાળીઓ વગાડતાં જ રહીશું. આપણી પાસે દસ્તાવેજ કે પૂરાવો ન હોવાથી 'રાતે સાલ્લે રાંડ ને લઈ ગઈ પારોર ખાંડ' કહીને ઠગારી નારીને ઓળખાવનારા ગાંધીના છોકરા જેવી જ અત્યારે આપણી અવસ્થા થઈ પડી છે. આનો કાંઈ પણ ઉપાય કરવો જોઇએ. આપણે આપણા હાથે દાન કરી પૈસા લૂટાવ્યા હોત, તો પણ હાય તો ઠરત! આ તો એ સાધુડો આપણને ઠગી જાય છે; મોઢામાં ખાસડું મારી લઈ જાય છે!"

"ખરેખર એક સાધુડો આટલી સહેલાઇથી આપણને ઠગી જાય અને આપણે કાંઇ પણ ન કરી શકીએ એ તો આમિલજાતને કલંક લગાડનારી વાત જ કહી શકાય. હવે આપણો પાછાં હયદરાબાદ જવા વિના છૂટકો નથી. 'ઘરની બળી વનમાં ગઇ તો વનમાં લાગી લાય!' એ કહેવત અત્યારે આપણા સંબંધમાં અક્ષરે અક્ષર ખરી પડી છે. આપણે મરણ પર્યન્ત કાશીનિવાસ કરવામાટે આવ્યાં અને અત્યારે આમ અચાનક કાશીનો ત્યાગ કરવો પડે છે એથી જણાય છે કે, આપણે મહા પાપી જીવ છીએ અને તેથી વિશ્વેશ્વર મહાદેવ પોતે જ આપણને હાથ ઝાલીને કાશીમાંથી કાઢી મૂકે છે. દેવતાઓ અધમ જીવોને પોતાના પવિત્રક્ષેત્રમાં રહેવા દેતા નથી, એમ જે સાંભળ્યું હતું તેનો આજે પ્રત્યક્ષ પરિચય થયો." આલમચંદે હૃદયનો સંતાપ અને શોક મિશ્ર ભાવથી પ્રદર્શિત કર્યો.

"એ તો જેવું ભાગ્ય–ભાગ્યને આધીન થવું જ જોઇએ." યશોદા બોલી.

એટલામાં એક માણસે આવીને ખબર આપી:–"શેઠજી! આપણી ધર્મશાળામાં આપના દેશના કોઈ સિંધી યાત્રાળુઓ આવ્યાં છે અને તેમની સંખ્યા ચારની છે; બે સ્ત્રીઓ છે અને બે તેમના પુરુષ નોકરો છે. તે બાઇઓ આપને મળવા માગે છે અને એટલામાટે જ તેમણે મને અહીં મોકલ્યો છે."

એ ખબર લાવનાર માણસ આલમચંદની ધર્મશાળાનો રક્ષક હતો અને બહુ જ ભલો માણસ હતો. હમેશા યાત્રિકોને સંતોષ આપવાનો તે પોતાથી બનતો પ્રયત્ન કરતો હતો. આલમચંદે તેને જવાબ આપ્યો:–"તમે જાઓ અને કહો કે, આ સેવક હમણાં જ સેવામાં હાજર થાય છે."

સ્વદેશના યાત્રાળુઓના અને તેમાં પણ સ્ત્રીઓના આગમનની વાત જાણી યશોદાને પણ ધર્મશાળામાં જઇને તે યાત્રાળુ બાઇઓને મળવાની ઇચ્છા થઈ આવી. પતિની આજ્ઞા લઇને તે પણ પતિ સાથે જવાને તૈયાર થઈ. આલમચંદ અને યશોદાએ પોતાનો દેશ છોડ્યો હતો પણ વેશ છોડ્યો નહોતો. તેઓ જ્યારે પણ બજારમાં નીક-

જાતાં હતાં ત્યારે તરત સિંધી તરીકે ઓળખાઈ આવતાં હતાં. એક 'એક્કા' નામની ભાડાની ગાડી બોલાવવામાં આવી અને પતિપત્ની ધર્મશાળા તરફ ગયાં. ત્યાં યાત્રાળુ બાઇઓને જોતાં જ પતિપત્નીના મુખમંડળમાં આનંદની છટા વિલાસવા લાગી અને તે બાઇઓ પણ આનંદિત થઈ. એમનો પ્રથમનો પરિચય તો નહિ હોય? એમ જ હતું.

પ્રકરણ ૨૮ મું
આત્મમીલન

કાશીમાંની દીવાન **આલમચંદ**ની ધર્મશાળામાં આવીને ઉતરનારી સ્ત્રીયાત્રાળુઓમાં એક **વૃન્દા** અને બીજી તેની ધર્મપુત્રી અનાથ **રોહિણી** જ હતી. તેઓ **હૈદરાબાદ**થી નીકળી અમૃતસર, હરિદ્વાર, પુષ્કર, નૈમિષારણ્ય, કુરુક્ષેત્ર, ગોકુલ, વૃન્દાવન, અને મથુરા આદિ તીર્થક્ષેત્રોમાં યાત્રા કરીને હવે શ્રી વિશ્વનાથ મહાદેવનાં દર્શન અને ગંગાસ્નાન કરવામાટે **કાશી**ક્ષેત્રમાં આવેલી હતી. શ્રીમતી **વૃન્દા આલમચંદ**ની ધર્મશાળા વિશે પ્રથમથી જ જાણતી હોવાથી ત્યાં જ આવીને તેણે ઉતારો કર્યો, અને પોતાને જોઇતી સગવડ કરી આપવામાટે **આલમચંદ**ને બોલાવવાને માણસ મોકલ્યો. શ્રીમતી **વૃન્દા આલમચંદ**ની સ્ત્રી **યશોદા**ના મામાની છોકરી એટલે એક રીતે બહેન થતી હતી. એક બીજાને જોતાં જ સર્વના મુખમંડળમાં હૃદયસ્થ આનંદની છટા દેખાય એ સ્વાભાવિક જ હતું. **યશોદા** અને **વૃન્દા** સમાનવયસ્ક હોવાથી **વૃન્દા**ને જોતાં જ **યશોદા**એ ઉદ્ગાર કાઢ્યો; "તું અહીં કયાંથી? ગાંડી! તું અહીં ધર્મશાળામાં શામાટે આવીને ઉતરી? તારે તો અમારા ઘરમાં જ ઉતારો કરવો જોઇએ. અમારા ઘરને તું પારકું માને છે કે શું? આવી જુદાઈ અમે તો નથી રાખતાં."

"**યશોદા**! તમે જૂદા ઘરમાં રહેતાં હશો એ હું જાણતી નહોતી. હું તો એમ જ ધારતી હતી કે, તમે પણ ધર્મશાળામાં જ વસતાં હશો, તેથી હું અહીં આવીને જ ઉતરી. અહીં આવ્યા પછી જ ખબર પડી કે તમે તો જૂદા ઘરમાં રહો છો, અને તેથી જ મેં મારા બનેવીને બોલાવી લાવવામાટે માણસ મોકલ્યું. મારી ભૂલ માત્ર એટલી જ થઈ કે, મારું નામ મેં ન કહેવડાવ્યું. હું તમારી મેહમાન છું, અને તમારા તરફથી આદરાતિથ્યનો સ્વીકાર કરવાને તૈયાર છું, એટલે તમારે મનમાં ઓછું આણવાની કાંઈ પણ જરૂરત નથી." **વૃન્દા**એ વિવેકપૂર્વક ઘેર ન આવવાનાં યોગ્ય કારણો દર્શાવ્યાં.

"અમે પણ આવતી કાલથી ધર્મશાળામાં જ આવીને વસીશું. આજે તેં તો માણસ મોકલીને અમને ખબર આપી, પણ ઘણીકવાર આપણા સ્વદેશબાંધવો આવીને એમને એમ અમારા જાણ્યા વિના જ ચાલ્યા જતા હશે; તારા બનેવી તો કોઈ કોઇવાર આઠ આઠ દિવસ સૂધી ધર્મશાળામાં નથી આવતા." **યશોદા**એ કહ્યું.

"ઠીક—હવે તું ઘણું બોલી. મારા બનેવી સાથે પણ બે વાતો કરવા દઇશ કે નહિ?" **વૃન્દા**એ વિનોદથી કહ્યું.

"બે વાતો શામાટે? બસોને બાવન વાતો કરને. હવે કયાં હૈદરાબાદની પેઠે રોજ રોજ મળવાનું હતું કે વાતોથી કંટાળીએ. ઘણા દિવસે મળ્યાં છીએ એટલે બધાંય

પેટ ભરીને વાતો કરીશું. ઉતાવળી શાને થાય છે?" યશોદાએ પણ વિનોદમાં જ જવાબ વાળ્યો.

"કેમ દીવાન સાહેબ! આપ તો ગરીબડા હયદરાબાદને બિલકુલ જ ભૂલી ગયા. અહીં કાશીમાં હયદરાબાદ જેવો આનંદ આવે છે ખરો કે? મને તો અહીં તમારા આવ્યા પછી તમારો એક કાગળ મળ્યો હતો, ત્યારપછી ફરીથી તો કાંઈ સમાચાર આવ્યા જ નહિ." વૃન્દાએ આલમચંદને કહ્યું.

"જન્મભૂમિ તે જન્મભૂમિ જ કાશીપુરી પવિત્ર ક્ષેત્ર હોવા છતાં હયદરાબાદ જેટલી આનંદદાયિની ન હોય એ સ્વાભાવિક છે. પરંતુ અહીં અમે આનંદ ભોગવવા નથી આવ્યાં, કિંતુ આ નશ્વર દેહના ઉદ્ધારમાટે જ આવ્યાં છીએ, એમ ધારીને અમે અમારા દિવસો સંતોષથી વીતાડ્યા કરીએ છીએ. આજકાલમાં તમને પત્ર લખવાનો વિચાર હતો, પણ એટલામાં તો શ્રી વિશ્વનાથ મહાદેવે સાક્ષાત્ તમારા દર્શનનો જ લાભ આપ્યો, અને એ માટે તે પ્રભુનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું." આલમચંદે પોતાની વૃદ્ધાવસ્થાને છાજતી ગંભીરતાથી જવાબ આપ્યો.

"તમો પુરુષોનાં હૃદય તો કઠિન હોય એટલે ગમે ત્યાં રહો તોય સ્હોવાઈ જાય: પણ આ બિચારી મારી બહેનને તો અહીં નહિ જ ગમતું હોય. બૈરાંને પોતાનાં સગાં વ્હાલાં અને દેશી બૈરાંનો સહવાસ હોય તો જ દિવસ સુખમાં જાય. ભાયડાઓ તો ગમે ત્યાં બેસી ગપાટા હાંકી પોતાનો વખત વીતાડી દે." વૃન્દાએ વળી પાછો વિનોદ કર્યો.

"બહેન! તારી એ વાત ખરી છે, પણ આપણી આર્ય અબળાઓનો તો એ જ સિદ્ધાંત છે કે જ્યાં પતિ વસે ત્યાં જ વસવું–પતિની સેવાથી જ પત્નીનો ઉદ્ધાર છે. શું, સીતાને વનવાસ વ્હાલો હતો? પતિ વનવાસમાં હોય એટલે પછી પત્નીએ પણ વનવાસ ભોગવવો જ જોઈએ. એથી જ સાધ્વીએ પતિ સાથે વનમાં પ્રયાણ કર્યું હતું. તારામતી, દમયંતી, અને દ્રૌપદીએ પણ એવી જ રીતે પતિ સાથે વનમાં નિવાસ કરીને, પતિનાં દુઃખોમાં ભાગ લઈ પતિને સંતુષ્ટ કર્યા હતા. એ પ્રાતઃસ્મરણીયા પુરાણપ્રસિદ્ધા સાધ્વીઓને પતિનો સહવાસ હોવાથી વનમાં પણ કંટાળો આવ્યો નહોતો, તો આ તો કાશીનિવાસ છે. જ્યાં મારા પતિ હોય ત્યાં મને સર્વાનંદ છે. એક સ્ત્રીના આ ઉદ્દગારો નિરંતર સ્મરણીય છે.

"અમારો અબળાનો આધાર એક ભરથાર તમે રે,
તમારે આધારે અવતાર ગાળિયે નાર અમે રે–
હેત તમારું હાસ્ય અમારું, રિશે અમે રડનાર,
તમારાં માર્યાં અમે મરનાર, તાર્યાં તરનાર અમેરે–
અમ અબળાની બુદ્ધિ પાનિયે છે વ્હાલા! વસનાર,
સદાયે દોષ અમે કરનાર, ક્ષમા કરનાર તમેરે–"

"ધન્ય બહેન! ધન્ય તારો અવતાર કે પતિની સેવા કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત તને થયું છે; મારા દુર્ભાગ્યે મારા એ સૌભાગ્યને પણ હરી લીધું છે." એમ કહેતાં વૃન્દાનાં નેત્રોમાંથી અશ્રુનાં બે બિન્દુ ખરી પડ્યાં.

યશોદાએ આ વેળાએ પોતાના પતિની હાજરીને યોગ્ય ન ધારીને પ્રાર્થના કરી:–"પ્રાણનાથ! કોઈ બ્રાહ્મણ રસોઇયાને બોલાવીને ભોજન આદિની વ્યવસ્થા કરાય

તો સારું." આલમચંદ પત્નીનો હેતુ સમજી ગયો અને તેથી તરત ત્યાંથી બહાર ચાલ્યો ગયો. તેના જવા પછી યશોદા વૃન્દાના ભગ્નહૃદયનું સાંત્વન કરવામાટે કહેવા લાગી: "વહાલી બહેન ! વિધવા અવસ્થામાં પણ પવિત્ર રહી પતિપ્રેમનો સ્મરણ માત્રથી ઉપભોગ લેવો, એ પણ નારીજન્મની એક અલૌકિક મહત્તા છે. જીવતા પતિમાં તો સર્વ પ્રેમ રાખે છે, પણ મૃત પતિમાં અવિચલ સ્નેહ રાખીને જીવન પવિત્રતામાં ગાળવું એ જ આર્ય અબળાની વિશેષતા અને અલૌકિકતા છે. સજીવન દીપકની જ્યોતિ ઉપર સ્વાત્માર્પણ કરનારા પતંગીઆ ઘણાયે જોવામાં આવે છે, પણ નિર્વાણ પામેલા દીપક ઉપર જીવન અર્પણ કરનારા પતંગિયા તેં કયાંય જોયા છે ? પતિમાં પવિત્ર અને અવિચળ પ્રેમ રાખી જીવનને વ્યતીત કરવાનું કામ માત્ર આર્ય વિધવાઓના ભાળમાં લખાયલું છે. વિષયસુખેચ્છા ઇચ્છનારી બીજીઓ એ પ્રમાણે વર્તવાને અશક્ય છે. એક કવિએ પોતાની વિધવા ભગિનીને ઉદ્દેશીને ઉચ્ચારેલાં આ વાક્યો સર્વ આર્ય વિધવાઓના બળતા હૃદયમાં અમૃતનું સિંચન કરનારાં હોવાથી બાળાંને સ્થળે 'વૃન્દા' શબ્દ યોજીને તને હું તે સંભળાવું છું—અત્યારે હું જ કવિ છું અને તને ઉદ્દેશીને બોલું છું, એમ જ ધારી લેવાનું છે:—

"વ્હાલી વૃન્દા ! સહન કરવું એય છે એક લ્હાણું !
મ્હાણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું !
મૃત્યુ થાતાં ત્રપણ કરવું ઇષ્ટનું એક લ્હાણું !
આશા રાખી મરણ પછી ને જીવવું એય લ્હાણું !
સંબંધીના મરણ પછી ના સર્વ સંબંધ તૂટે,
બહેની ! આંહીં વિરહ જ ખરો ચિર સંબંધ ભાસે;
તે પ્રેમી જે પ્રણયમતા જોઇ મ્હાણે વિયોગે,
મીઠું કિન્તુ ક્ષણિક જ નકી સ્વપ્ન સંયોગ તો છે.
છે વૈધવ્યે વધુ વિમલતા, બ્હેન ! સૌભાગ્યથી કૈં !
છે ભક્તિમાં વધુ વિમલતા, બ્હેન ! શૃંગારથી કૈં !
વૃન્દા ! તારા મૃદુ હૃદયને ઓપ વૈધવ્ય આપી,
ઊંચે ઊંચે તુજ દિલ જશે લેઈ ધીમે ઉપાડી !"

(કલાપી)

પ્રકરણ ૨૯ મું

હૃદય નિવેદન

એટલામાં એક વૃદ્ધ અનુચરને સાથે લઇને ગંગાસ્નાન કરવા ગયેલી નવયૌવના રોહિણી સ્નાન કરીને પાછી આવી. વૃન્દાએ તેને આવેલી જોઇને જ કહ્યું:—"રોહિણી આ યશોદાબાઈ તારાં માસી થાય, પ્રણામ કર."

રોહિણીએ યશોદાને પ્રણામ કર્યા. યશોદાએ વૃન્દાને પૂછ્યું:—"આ રોહિણી કોણ ?"

"મારી પાલિતા પુત્રી." વૃન્દાએ ઉત્તર આપ્યું.

"બહુ સારું—પણ—" યશોદા કાંઈ પૂછવા જતી હતી એટલામાં આલમચંદ આવી લાગ્યો અને તેણે કહ્યું:-"બહેન વૃન્દામાટે બધી વ્યવસ્થા કરી દીધી છે; હવે આપણે ઘેર જઈ આવીશું?" કાલથી તો આપણે પણ અહીં જ રહેવા આવીશું."

"ભલે—બહેન! તમે હવે જાઓ; સાંઝે પાછાં આવજો, એટલે દર્શન કરવા સાથે જ બહાર નીકળીશું." વૃન્દાએ કહ્યું.

"વારુ-હું બે ત્રણ કલાકમાં જ પાછી આવીશ."

તે દિવસે યશોદા બપોર પછી પાછી આવી અને વૃન્દા તથા રોહિણીને કેટલાંક દેવમંદિરોમાં લઈ જઈને દેવદર્શન કરાવ્યાં. આલમચંદ અને યશોદાના આદરાતિથ્ય કરવાના પ્રકારને જોઈને વૃન્દાને ઘણો જ સંતોષ થયો. ચાર પાંચ દિવસ પછી તેણે જવામાટેની આજ્ઞા માગી, પણ યશોદાએ આગ્રહ કર્યો અને શપથ આપ્યા, એટલે કાશીમાં એક માસ નિવાસ કરવાનો વૃન્દાનો નિશ્ચય થયો. ધર્મમાતાનો એ નિશ્ચય જાણીને રોહિણીના મનમાં એક પ્રકારનો અલૌકિક આનંદ થયો. હયદરાબાદથી નીકળ્યા પછી પ્રત્યેક સ્થાનમાં બે દિવસ, ચાર દિવસ, છ દિવસ કે દશ દિવસથી વધારે રહેવાનું થયું નહોતું, અને તેથી મોહનલાલ—પોતાના પ્રિયકર મોહનલાલને તેણે કેટલાંક પત્રો તો લખ્યાં હતાં, પણ તે પત્રોનાં ઉત્તર તે મેળવી શકી નહોતી—તેણે પોતે જ મોહનલાલને ઉત્તર ન લખવાની પત્રોમાં સૂચના આપી હતી. પણ કાશીમાં એક માસની સ્થિતિ થવાની હોવાથી લખેલા પત્રનો જવાબ મેળવી શકાશે, એ આશાથી પ્રેમાતુર બાળાના મનમાં આનંદ થાય, એ સર્વથા સ્વાભાવિક હતું. તેણે તે દિવસે જ મોહનલાલના નામનું એક લાંબું પત્ર લખ્યું અને સાંઝે દર્શન કરવા જતી વેળાએ પોસ્ટના થાંભલામાં નાખી દીધું. આલમચંદ અને યશોદા હવે ધર્મશાળામાં જ વસવા લાગ્યાં, અને વૃન્દાના સહવાસમાં તેમના દિવસ ઠીક વીતવા લાગ્યા.

વૃન્દા કાશીમાં સારી રીતે દાનધર્મ કરતી હતી, અને નિત્ય શંકરપૂજા કરાવીને બ્રાહ્મણોને ભોજન પણ આપતી હતી. ધાર્મિક યાત્રાળુઓનું એ સ્વાભાવિક કર્મ હોવાથી એ વિશે વિશેષ વિવેચન કરવાની અગત્ય નથી. વિશેષ જણાવવાનું એટલું જ કે, ઘણીક વાર અસંતુષ્ટ, લોભી અને કર્મહીન બ્રાહ્મણો તથા સાધુઓનાં વિલક્ષણ વર્તનોને જોઇને ભારતદુર્દશાનો વિચાર તેના મનમાં જાગૃત થતો હતો, અને તેથી ઘણીક વાર તે શોકાતુર બની જતી હતી. એકવાર એવા સ્વાર્થસાધુ સાધુડાઓની વાત નીકળી. માત્ર યશોદા અને વૃન્દા એ બે બહેનો જ ધર્મશાળાના આંગણામાંના ઓટલા ઉપર બેઠી હતી. રોહિણી વગેરે કાશીનગર જોવાને બહાર ગયેલાં હતાં. યશોદાએ કહ્યું:-"ઘણા ખરા સાધુઓ આજકાલ આવા જ જોવામાં આવે છે, પણ એમાં કેટલોક દોષ આપણો પણ છે. દાનધર્મ કરવાની આપણી પદ્ધતિ એવી છે કે, જેથી એ લોકો આળસુ અને કર્મહીન બની જાય, એ સ્વાભાવિક જ છે. ખાવાને અન્ન મળે, પહેરવાને વસ્ત્ર મળે, રહેવાને મફતની જગ્યા મળે, અને માંદા પડે તો ધર્મનાં દવાખાનાંમાંથી દવા મળે, એટલે પછી એ લોકો ઉદ્યોગ શામાટે કરે? એવા સાધુડાઓ તો

"વગર મેહનતે ખાય પારકા માગી મેવા,
વગર મેહનતે ખાય હરાયા સાંઢો જેવા;

જીવે પારકું ખાઈ ડીલનો ડોળ વધારે,
દિલમાં દાનત બુરી હાથમાં માળા ધારે;
એ માલ પારકો ખાઇને નિજ મનમાં હરખાય છે,
દુનિયા મૂર્ખ બની એમને મલીદો આપે જાય છે!"

"બહેન! તમારી આ વાત ખરી છે, પણ જે રૂઢિ પડી ગઈ છે તેનો ત્યાગ કરી શકાતો નથી." વૃન્દાએ કહ્યું.

"એ રૂઢિએ ભારતવર્ષનો નાશ કર્યો છે. પરંતુ કોઈ કોઈ સાધુ સારા પણ હોય છે એટલી સમાધાનની વાર્તા છે. મહાત્મા ગોપાળદાસ સાથે તો તારો સારો પરિચય છે. એ ગોપાળદાસ જેવો મહાત્મા સાધુ અદ્યાપિ મારા જોવામાં આવ્યો નથી." યશોદાએ એક વિશિષ્ટ હેતુથી ગોપાળદાસનો વિષય ઉપસ્થિત કર્યો.

વૃન્દાએ એનું શબ્દોમાં કાંઈ પણ ઉત્તર ન આપતાં એક પ્રકારનું વિલક્ષણ હાસ્ય કર્યું. એ હાસ્ય જાણે ગોપાળદાસ મહાત્મા નહિ, પણ પાપાત્મા છે એમ જ દર્શાવતું હોયની એવો યશોદાને ભાસ થયો. તે અધીરતા અને આતુરતાથી પૂછવા લાગી:—

"બહેન! તું કાંઈ પણ જવાબ આપવાને બદલે હસી કેમ વારુ? શું મારો આ અભિપ્રાય તને અસત્ય જણાય છે? તારો જે અભિપ્રાય હોય તે તરત મને જણાવી દે; આમ શંકામાં મને વધારે વાર ટળવળતી ન રાખ."

"બહેન! જે માણસ પોતે ભલાં હોય છે તે બધાંને ભલાં જ દેખે છે. પણ જે પીળું હોય તે બધું જ સોનું નથી હોતું. લોકો બહારથી જેવો સાધુતાનો ડોળ બતાવે છે, તેવાં જ જો બધાંનાં અંતઃકરણો પણ સાધુ હોત, તો આ જગત્ સ્વર્ગ જ બની જાત. પણ અફસોસ કે, વસ્તુસ્થિતિ એથી ભિન્ન છે. બહારથી ઉજળા પણ અંતરના મેલાઓની સંખ્યા જ આ પાપી જગત્માં વિશેષ છે, અને તેથી જ આ વિશ્વ નરકરૂપ બની ગયું છે. મહાત્મા ગોપાળદાસ સાથે મારો વિશેષ પરિચય હતો, પણ અંતે તેનાં આચરણો નઠારાં જોવાથી મેં તેના પરિચયનો ત્યાગ કર્યો, અને મારા ઘરનાં બારણાં તેના આગમનમાટે બંધ કરાવી દીધાં છે. મહાત્મા ગોપાળદાસ સર્વ પ્રકારના દુરાચારોમાં પ્રવીણ છે. લોભ પરધનાપહાર અને વ્યભિચાર આદિ દુર્ગુણોને તો જન્મતાંની સાથે જ એ પોતામાં ભરતો આવ્યો છે. જ્યારે મારામાં રાખેલી એની દુષ્ટ વાંચ્છના સફળ ન થઈ, ત્યારે એણે હયદરાબાદમાં મારી નિન્દાનો વ્યાપાર ચલાવવા માંડ્યો અને હું અહીં યાત્રા કરવા આવી છું એ માટે પણ એણે ત્યાં અનેક કુભાંડો રચ્યાં છે, એમ મારા માણસોએ મને કાગળમાં લખી જણાવ્યું છે. એ કાગળ મને આજે જ મળ્યો છે. આ ભટકતા સાધુડા સારા, પણ આવા મંદિરવાળા અને લોકોમાં પૂજ્ય મનાતા શયતાન સાધુઓ ભુંડા! મને તો આવો અનુભવ મળ્યો છે, પછી તારો ભાવ જુદો હોય તો તું જાણે." વૃન્દાએ પોતાનો ખરેખરો અભિપ્રાય કોઈ પણ પ્રકારના સંકોચ વિના જણાવી દીધો.

"બહેન વૃન્દા! ક્ષમા કરજે—અમને પણ એવો જ અનુભવ મળ્યો છે. માત્ર તારો અભિપ્રાય જાણવામાટે જ મેં આડી વાત કરી હતી. તારો તો માત્ર નિન્દાથી જ ફટકો થઈ ગયો છે, પણ અમે તો એ સાધુડામાં વિશ્વાસ રાખીને પાયમાલ અને

બેહાલ બની ગયાં છીએ. 'ચોરની મા કોઠીમાં મ્હોં ઘાલીને રડે' એવી જ અમારી અવસ્થા થઈ છે. 'કહું તો મા મારી જાય ને ના કહું તો બાપ કુત્તા ખાય' જો મનની વાત કોઇને કહીએ તો લાભ કાંઈ નથી પણ સામી હાંસી થાય છે, અને નથી કહેતાં તો મનમાં ભડકા બળે છે તે દુઃખ સહેવાતું પણ નથી. મને તો બહેન કાંઇએ સૂઝતું નથી." યશોદાએ મનનો ભાર ઓછો કર્યો–તેની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

"એવી ભયંકર ઘટના શી ઘટી છે વારુ? બીજા કોઇને નહિ તો મને તો સંભળાવ. કદાચિત્ કોઈ ઉપાય સૂઝી પણ આવે." વૃન્દાએ આતુરતાથી કહ્યું.

યશોદાએ મહાત્માને ત્યાં આલમચંદ પ્રથમ સંપત્તિ રાખવાની વાત કરવામાટે ગયો હતો ત્યારથી મહાત્માની નિસ્પૃહતા, લુટારાઓનો હલ્લો અને તેમાં મહાત્માએ બતાવેલી શૂરવીરતા, ત્યાર પછી ગુપ્ત રીતે સંપત્તિ રાખવી અને છેવટે પત્રોના જવાબ ન આવવા અને દયામયીનું સ્વદેશમાં ચાલ્યાં જવું ત્યાં સુધીનો બધો વૃત્તાંત વૃન્દાને કહી સંભળાવ્યો. એ વૃત્તાંત સાંભળીને વૃન્દાની આંખો ફાટી ગઈ, અને તેની છાતી ભયંકરતાથી ધડકવા લાગી. થોડીવાર સુધી તો તે દિગ્મૂઢ જેવી જ બની ગઈ. એટલામાં આલમચંદ આવીને ત્યાં બેઠો હતો. એનું તેને ભાન નહોતું. અચાનક વિચારના સમાધિમાંથી જાગૃત થઇને વૃન્દાએ કહ્યું:–"બહેન! મહાત્મા ખરે ભૂલી–એ મહાત્માએ પ્રપંચની જાળ એવી પાથરી છે કે, તમે તેમાં પૂરેપૂરાં સપડાયાં છો અને વળી તે પોતે નિર્ભય છે. તમારી પાસે દસ્તાવેજ વગેરે કાંઈ પણ નથી એટલે હવે બળથી કશો પણ લાભ થવાની આશા નથી, કિંતુ જે કાર્ય થશે તે કળથી જ થશે. તમે ચિંતા ન કરો. હું હયદરાબાદમાં જઇને એ માટેનો ઉપાય કરીશ. તમે હવે મહાત્માને કાગળ બાગળ લખશો નહિ. હું તાર કરું કે તરત હયદરાબાદ ચાલ્યાં આવજો, અને હું કહું તે પ્રમાણે વર્તજો એટલે ઘણું કરીને તો બધી સંપત્તિ નીકળી આવશે. પછી તો જેવી પરમાત્માની ઇચ્છા."

"શું તેં બધી વાત બહેનને કહી સંભળાવી?" આલમચંદે યશોદાને પૂછ્યું.

"હા–મને બહેને બધી વાત કહી છે. પણ દીવાન સાહેબ! તમે આવા હોશિયાર અને દુનિયાના અનુભવી હોવા છતાં એક સાધુડાના પ્રપંચમાં કેમ ફસાયા!" વૃન્દાએ ટીકા કરી.

"કોઈવાર એમ પણ બની જાય છે; ડાહ્યા માણસના હાથે જ કોઇવાર ભયંકર ભૂલ થઈ જાય છે. 'ડાહ્યો કાગડો બે પગે બંધાય' એ કહેવત પણ એ ઉપરથી જ પડેલી છે." આલમચંદે પોતાની ભૂલનો નિખાલસ હૃદયથી સ્વીકાર કર્યો.

"પણ જો હું એ બધી દૌલત આપને પાછી અપાવું તો મને કેટલો ભાગ આપશો?" વૃન્દાએ વિનોદથી કહ્યું.

"તમે જે માગો તે." આલમચંદે ઉદારતા દર્શાવીને ખરી લાગણીથી કહ્યું.

"ચિંતા નહિ. કેટલાક સ્વાર્થસાધુ વકીલ અને સોલીસીટરો પ્રમાણે હું મારી ફી આગળથી લેવાની નથી; પણ જેમ કેટલાક ઉદાર વકીલ, બેરીસ્ટર કે સોલીસીટર કેસ જીત્યા પછી મળનારી રકમમાંથી જ પોતાની ફી વસૂલ કરવાની શરતે કેસ ચલાવવાનું માથે લે છે, તેવી રીતે હું પણ મારી ફી મહાત્મા પાસેથી વસૂલ થનારી સંપત્તિમાંથી જ કાપી લઇશ." વૃન્દાએ વિનોદની સીમા કરી.

બહારથી રોહિણી આવી. તે કાશીની કેટલીક વખણાતી ચીજોની ખરીદી કરી આવી હતી, અને તેની સાથે કેટલાંક હિંદી પુસ્તકો પણ લેતી આવી હતી. તે ચીજો અને પુસ્તકો બહુ જ પ્રેમથી ધર્મમાતાને બતાવતી રોહિણી કહેવા લાગી:–"માતા! આ બધી વસ્તુઓ તમને પસંદ છે?"

"દીકરી! મારે હવે પસંદ અને નહિ પસંદ સાથે શું કામ છે? જે તને પસંદ તે મને પસંદ. તારું મન રાજી થયું એટલે બસ." વૃન્દાએ તેવા જ પ્રેમથી ઉત્તર આપ્યું.

સંધ્યાના સમયમાં હવે વિશેષ વિલંબ નહોતો, એટલે દેવદર્શનમાટે જવાને સર્વ તૈયાર થયાં. રોહિણીએ કહ્યું:–"મા! આજે હું ચાલી ચાલીને એવી થાકી ગઈ છું કે, મારામાં વધારે ચાલવાની આય રહી નથી. આજે તો હું દર્શન કરવા નહિ આવું."

"જેવી તારી મરજી." વૃન્દાએ કહ્યું.

* * * * *

આજે સવારની ટપાલમાં મોહનલાલનું પત્ર આવ્યું હતું, પણ અત્યાર સુધી એકાંત વાસ ન મળવાથી તે તેનાથી વાંચી શકાયું નહોતું. તે પ્રેમીનું પત્ર વાંચી શકાય, અને ઉત્તર પણ નીરાંતે લખી શકાય એટલામાટે જ રોહિણી દર્શન કરવા ગઈ નહિ. સર્વના જવા પછી એકાંત મળતાં જ તેણે ઓરડાનાં દ્વાર વાસી દીધાં અને કુરસી ઉપર બેસીને ખીસામાંથી પત્ર કાઢ્યું. પરબીડિયું ફોડયું–ઘડી કરેલા કાગળના ઉપરના કોરા ભાગ ઉપર નીચેનો દોહરો હતો:–

"દીર્ઘ યુગો પૅછી પ્રેમીને, આજે મળ્યો પ્રસંગ;
આશા છે વાંચીશ તું, ચાંપી છાતી સંગ."

રોહિણીએ પ્રેમીની આશા પૂર્ણ કરી–પત્રને હર્ષાશ્રુથી ભીંજવી છાતી સાથે ચાંપ્યું, અને ત્યાર પછી વાંચવાનો આરંભ કર્યો.

પ્રકરણ ૩૦ મું
મોહનલાલનું પત્ર

" મનોદેવી રોહિણી,

તમારાં બધાં પત્રો મળ્યાં. પરંતુ આટલા દિવસ મને પત્ર લખવાનો અવસર ન મળ્યો, તેથી મારા મનમાં ઘણો જ ખેદ થયા કરતો હતો. આજે આ પત્ર લખ્યા પછી તે ખેદનું કેટલેક અંશે શમન થયું છે. તમે હયદરાબાદનો ત્યાગ કર્યો છે, ત્યારથી હું પણ ફરીથી હયદરાબાદ ગયો નથી, અને તમે જ્યાં સુધી પાછાં ન આવો ત્યાં સુધી જવાનો વિચાર પણ નથી. પ્રિયતમા વિનાની તે ભૂમિ પ્રેમીને સંતાપકારિણી ભાસતી હોય, તો તે સ્વાભાવિક છે. કુલેલીના કિનારા ઉપર વીતાડેલા અનેક સંધ્યાસમયનું વારંવાર સ્મરણ થયાં કરે છે. પુનઃ એવો સુખદ સમય ક્યારે પ્રાપ્ત થશે? હું પરીક્ષા આપવામાટે પંદર દિવસ પછી મુંબઈ જવાનો છું. તમારા માટે મનોમોહિની રળિયામણી મુંબઈ નગરીમાંથી શી શી વસ્તુઓ લાવું, તે વળતા પત્રમાં અવશ્ય લખી

જણાવશો. ઉચિત પ્રસંગે આપણા પરસ્પર પ્રેમની વાર્તાનો તમારાં ધર્મજનની સમક્ષ સ્ફોટ કરશો, અને અનુમતિ મેળવશો. તમારા વિના મારો સંસાર સુખાવહ થવાનો નથી. હું ધારું છું કે, તમને પણ એમ જ ભાસતું હશે.

"અહીં કરાચીથી તમારા ગયા પછી એક આશ્ચર્યકારક બનાવ બન્યો છે, જે લાલચંદે આવીને તમારું અપમાન કર્યું હતું, અને તમારા આગળ મારી નિન્દા કરીને તમારી આંખોમાં મને હલકો પાડવાનો પ્રયત્ન કર્યો હતો; તે લાલચંદ આજે દોઢ માસથી ક્યાંક ગુમ થઈ ગયો છે. તેના ગુમ થવાનાં કારણો અનેક બોલાય છે. કોઈ કહે છે કે, કોઈ રાંડને લઇને નાસી ગયો છે; કોઈ કહે છે કે, કર્જનો બોજો વધી જવાથી તે દેશ છોડીને ચાલ્યો ગયો છે, અને કોઈ કહે છે કે, એ તો પોતાની કોઈ માશૂક પાછળ ગાંડો બની ગયો છે ને તેને શોધવા ગયો છે. જેટલા માણસ તેટલી વાતો સંભળાય છે, એટલે એમાં ખરું શું અને ખોટું શું તે સમજી શકાતું નથી. તેના પિતાએ ઘણોય શોધ ચલાવ્યો, પણ હજી તેનો ક્યાંય પત્તો મળ્યો નથી. તેના પિતાના કહેવા પ્રમાણે તે ઘરમાંથી ત્રણ ચાર હજારની કીંમતનાં ઘરેણાં લઇને નાસી ગયો છે. એ છોકરાનો અવતાર નઠારી સોહબત અને દુરાચારોને લીધે બગડી ગયો છે, અને તેથી મને એની ઘણી જ દયા આવ્યા કરે છે. જો એ પાછો મારા જોવામાં આવશે તો અવશ્ય તેને સમજાવીને સારે રસ્તે ચઢાવવાનો હું મારાથી બનતો પ્રયત્ન કરીશ.

"તમે હયદરાબાદ પાછાં ક્યારે આવવાનાં છો, તે લખી જણાવશો. કદાચિત્ તમે વહેલાં આવો અને હું મુંબઈ ગયેલો હોવાથી તરત મળવાને ન આવી શકું તો ખોટું લગાડશો નહિ. મારો દેહ અહીં છે, પણ પ્રાણ તમારી પાસે છે–સૂતાં બેસતાં ચાલતાં ખાતાં પીતાં કે અભ્યાસ કરતાં હું તમને એક ક્ષણ માત્ર પણ ભૂલી શકતો નથી. તમારી પ્રતિમા મારા હૃદયમાં દૃઢતાથી કોરાઈ ગઈ છે, અને તેથી જ આ પત્રના શિરોભાગે મેં 'મનોદેવી' નામથી તમારું સંબોધન કરેલું છે। હું દુર્ભાગ્યવશાત્ કવિતાની કળાથી અનભિજ્ઞ હોવાથી આના કરતાં વધારે સારી આલંકારિક ભાષામાં મારા પ્રેમને વ્યકત કરી શકતો નથી. આ સાથે મારો નવો પડાવેલો ફોટો બુકપોસ્ટ કરીને મેં મોકલ્યો છે, તેની પહોંચ અવશ્ય લખશો અને બની શકે તો કોઈ સ્થળે તમારો ફોટો પડાવીને મારા ઉપર મોકલી આપશો. જ્યાં સુધી પ્રત્યક્ષ દર્શનનો લાભ ન મળે, ત્યાં સુધી એ છબી પણ મનોરંજનનું એક સાધન થઈ પડશે. તમે સ્નેહવતી અને સુજ્ઞ સુંદરી હોવાથી આ વિષયમાં વિશેષ લખવાની આવશ્યકતા નથી.

"મારી પ્રકૃતિ તમારા વિયોગજન્ય વ્યાધિ વિના અન્ય સર્વ પ્રકારે સ્વસ્થ છે અને આશા છે કે, તમારી પ્રકૃતિ પણ સ્વસ્થ હશે જ.

તમારો નિરંતર પ્રણયાભિલાષી અને દર્શનાતુર

વિયોગી **મોહનલાલ**"

રોહિણીએ પ્રેમીના એ પત્રની ચાર પાંચવાર આવૃત્તિઓ કરી છતાં તેના સ્નિગ્ધ મનની તૃપ્તિ ન થઈ. અંતે બળાત્કારે મનઃસંયમ કરીને તે પત્ર તેણે પોતાની

ટ્રંકમાં કપડાં સાથે છુપાવીને રાખી દીધું, અને તેનું ઉત્તર લખવાની તૈયારી કરી. મથુરામાંથી તેણે એક ફાઉન્ટેન્ પેન ખરીદેલી હતી, એટલે તેવતી જ તે કાગળ લખવા બેઠી. અચાનક તેના મનમાં એક બીજો વિચાર આવતાં 'પ્રાણેશ્વર મોહનલાલ!' એટલા શબ્દો લખીને જ નોટપેપર ફાડી નાખ્યું. તે મનોગત કહેવા લાગી:- "એમણે ફોટોગ્રાફ મોકલવાનું લખ્યું છે, પણ તે ફોટોનું બુકપોસ્ટ તો હજી મારા હાથમાં આવ્યું નથી. જો પત્ર અને ફોટો એક જ દિવસે અને એક જ વેળાએ મોકલવામાં આવ્યાં હોય, તો તો તે બુકપોસ્ટ પણ પત્રની સાથે જ આવવું જોઇએ. એ બુકપોસ્ટ પોસ્ટલ ડિપાર્ટમેન્ટની ગફલતથી કયાંક ગેરવલે તો નહિ ગયું હોય! અથવા પોસ્ટમેનની ભૂલનું તો આ પરિણામ નહિ હોય? કાંઈ સમજી શકાતું નથી. આજનો દિવસ વાટ જોઈ આવતી કાલે જ જવાબ લખીશ. વખતે કાલે સવારમાં બુકપોસ્ટ મળશે. અત્યારે ટપાલખાતાએ પણ કેવી શત્રુની ગરજ સારી છે! મારા વ્હાલાની છબી જો અત્યારે જ મારા હાથમાં આવી હોત, તો તેના મુખચંદ્રનાં દર્શનથી આ ચકોરીને કેટલા બધા આનંદની પ્રાપ્તિ થઈ હોત! પ્રિય વસ્તુની પ્રાપ્તિમાં વિલંબ થયો એટલાં મારાં પ્રબળ દુર્ભાગ્ય! એ બુકપોસ્ટમાં એક પ્રેમી પુરુષની પ્રતિમા હશે, એની બિચારા પોસ્ટમેનને શી ખબર હોય! અને કદાચિત્ તે એમાં છબી છે એમ જાણતો હોય, તો પણ પ્રણયીની છબીનો વિયોગ પણ પ્રણયિનીને કેટલો બધો દુ:ખદાયક થઈ પડે છે, એની કલ્પના તેને ન હોય એ સ્વાભાવિક જ છે! મારી ધર્મમાતા સતી વૃન્દા—સ્વરૂપ વિધવા વૃન્દા મને આટલાં બધાં લાડ લડાવે છે, છતાં મોહનલાલના દર્શનથી જેટલો આનંદ થતો હતો તેના કરતાં સોગણો ઓછો આનંદ પણ મને મળતો નથી એનું કારણ શું હશે? અદ્યાપિ એ રહસ્યને હું સમજી શકી નથી. આવતી કાલ સુધી ધૈર્યધારણ કર્યા વિના બીજો માર્ગ જ નથી." એ પ્રમાણે જેમ તેમ મનનું સાંત્વન કરીને તે મનના રંજનમાટે એકલી બેઠી બેઠી કવિતા ગાવા લાગી:-

"સંગમનું સુખ અટકયે, પ્રેમીનો સો ગણો વધે પ્રેમ;
વિષમ શિલામાં ખળતાં, સરિતાનો જલ ઓઘ વહે જેમ!"*

બાળાએ મધુર કવિતા ગાઈ તો ખરી, પણ તેમાંના રહસ્યને તે પૂર્ણતાથી સમજતી નહોતી. કેવળ શબ્દમાધુર્યથી જ એ કવિતા તેને ગમતી હતી, એ કવિતામાં રોહિણીની પોતાની મનોભાવનાનો જ સ્ફોટ થતો હતો; પરંતુ મુગ્ધા બાળા એ રહસ્યને—પ્રેમના એ ઉંડામાં ઉંડા ભેદને જાણવાને અદ્યાપિ સમર્થ થઈ નહોતી. છતાં એવી ભાવનાવાળું કાવ્ય તેને ગમ્યું એ જ નિ:સર્ગનો પ્રભાવ—એ જ નિ:સર્ગનું આકર્ષણ!

રાત્રિના લગભગ આઠ વાગી જવા પછી વૃન્દા, યશોદા અને બાલમચંદ દર્શન કરીને પાછાં આવ્યાં. પ્રેમીના પીયૂષમય સ્મરણમાં સમય ક્યાં અને કેવી રીતે વીતી ગયો, એનું અત્યારસુધી પ્રેમનિમગ્ના રોહિણીને જરા પણ ભાન નહોતું. આંગણામાં જ્યારે વૃન્દા અને યશોદાના બોલવાનો અવાજ સંભળાયો, ત્યારે જ તેને ભાન આવ્યું. ઘડિયાળમાં જોયું તો આઠ વાગી ગયા હતા. તે ઝટપટ ઉઠી અને આંગણામાં આવી બહારથી આવતી વૃન્દાને પૂછવા લાગી:—"કેમ માતા! આજે આવતાં કાંઈ વિલંબ થયો? મારી આંખોમાં તો વાટ જોઇ જોઇને છાલાં પડી ગયાં!"

"દીકરી! એક મંદિરમાં રામકથાનો પ્રસંગ ચાલતો હતો ત્યાં જરાક કથાશ્રવણ કરવા બેઠાં એટલે વિલંબ થઈ ગયો. તું એકલી મુંઝાતી હઇશ એનો મારા મનમાં વિચાર આવ્યો હતો. હવે કાલે આટલો વિલંબ નહિ કરીએ–" એ પ્રમાણે વાત્સલ્યથી ઉત્તર આપી પોતાના હાથમાંનું એક બુકપેકેટ રોહિણીના હાથમાં આપતાં વૃન્દા કહેવા લાગી:–"રોહિણી! આ તારા નામનું પાર્સલ આવ્યું છે. આ પાર્સલ રજીસ્ટર છે–ટપાલવાળો અમને રસ્તામાં મળ્યો અને દીવાન આલમચંદે સહી કરી આ પાર્સલ લઇ લીધું, એ કોનું છે વારુ? કોણે મોકલ્યું છે?"

"એ પાર્સલ કોણે મોકલ્યું છે અને કોણે નહિ તે હું જાણતી નથી. અંદરથી ઉઘાડતાં કાગળ નીકળે તો જાણવામાં આવે." રોહિણીએ પાર્સલમાં શું હતું તે જાણી ગયેલી હોવા છતાં સ્વાભાવિક લજ્જાને લીધે અજ્ઞાનનો દંભ દેખાડ્યો.

"હશે–હું તો કુવા ઉપર સ્નાન કરવાને જાઉં છું–તું તારે જોયા કરજે." એટલું બોલી વૃન્દા એક સાડી લઈ કુવા ઉપર સ્નાન કરવાને ચાલતી થઈ, અને રોહિણીએ પેકેટ ખોલીને પ્રણયી મોહનલાલની પ્રતિમાનું પ્રેમપૂર્ણ નેત્રોવડે દર્શન કર્યું. અલૌકિક–સ્વર્ગીય તેજઃપુંજ સમાન તે પ્રણયી–પ્રતિમાને જોતાં જ તે પ્રણયિનીના હૃદયમાં નિમ્ન ગુંજન અગમ્યતાથી થવા માંડ્યું:–

"પોતે ગુપ્ત રહી મને પ્રણયના મીઠા સુણાવે સ્વરો;
આવી પાછળથી ધીરે કરવડે દાબી રહે લોચનો."*

"એ પ્રેમમય ગુંજનની સાથે જ બાળાના મનમાં અમુક ભય કિંવા લજ્જાનું સૂચન પણ થયું. આ પેકેટ મારી પાલક માતાના હાથમાં આવ્યું એ સારું ન થયું. જો એ આવીને મને પૂછશે કે, એ પેકેટમાં શું હતું, તો હું શું ઉત્તર આપીશ? આ છબીને છુપાવીને કાંઈ જૂઠો જ જવાબ આપીને ઉડાવું? અત્યારે તો એ અસત્ય કદાચિત્ ચાલી જશે, પણ જો કોઈ દિવસ આ છબી માતાના જોવામાં આવી જાય, તો તે દિવસ શો ખુલાસો કરવો? ત્યારે અત્યારે જ આ મારી પ્રેમપ્રતિમા એમને બતાવી દઉં? બતાવવામાં તો કશો પણ વાંધો નથી; પરંતુ છબી જોઇને માતા એમ પૂછે કે, 'આ છબી કોની અને તેણે શા હેતુથી મોકલી છે–તારે એની સાથે શો સંબંધ છે?' તો એના ઉત્તરમાં મારે શું કહેવું? મોહનલાલ સાથે મારો બંધુ ભગિનીનો સંબંધ પણ નથી અને અદ્યાપિ પતિપત્નીનો સંબંધ પણ થયો નથી; ત્યારે સંબંધ શો બતાવવો? જો માતાના મનમાં મારા ચારિત્ર્ય વિશે જરા પણ શંકા આવી જાય, તો મારો જન્મારો જ વ્યર્થ થઈ જાય! હે પરમાત્મન્! મને કોઈ પણ માર્ગ સૂઝતો નથી. હવે આ નિર્દોષ બાળાની લજ્જા રાખનાર તું જ છે–કોઈ ઉપાય બતાવ:––"

તેની એ મનોમય પ્રશ્નોત્તરપરંપરા આગળ ચાલી જતી હતી એટલામાં એક નોકરે આવીને કહ્યું;–"બહેન! જમવા પધારો. થાળીઓ પિરસેલી તૈયાર છે અને બધાં આપની વાટ જોઇને જ બેસી રહ્યાં છે"

* ગત પૃષ્ઠમાંની અને આ બન્ને કવિતા સ્વર્ગસ્થ કિલાભાઈ ઘનશ્યામ ભટ્ટ કૃત 'વિક્રમોર્વશીય' નાટકના ભાષાંતરમાંથી કિંચિત્ શબ્દ પરિવર્તન સાથે લેવામાં આવી છે.

"આ આવી." એમ કહીને રોહિણીએ લાચારીએ તે છબી ટૂંકમાં રાખી દીધી અને રસોડા તરફ ચાલવા માંડ્યું.

"કેમ રોહિણી! આજે વખતસર જમવા ન આવી?" વૃન્દાએ વિચિત્ર પ્રશ્ન કર્યો.

"જરા માથું દુ:ખતું'તું તે બેસી રહી'તી." રોહિણીએ ઉત્તર આપ્યું.

ભોજનનો વ્યાપાર ચાલૂ થયો, ભોજન કર્યા પછી સર્વ આંગણામાંના બાજઠો ઉપર બેસી ગયાં અને કેટલીકવાર સૂધી વાતો કરી શયનગૃહમાં જઇને સુઇ ગયાં.

* * * * *

બીજે દિવસે વૃન્દાની પ્રકૃતિ કિંચિત્ અસ્વસ્થ થઈ જવાથી તે દર્શન કરવા ગઈ નહિ. રોહિણીએ પણ બહાર જવાની ઈચ્છા ન દર્શાવી. આલમચંદ અને યશોદા નિત્ય નિયમ પ્રમાણે દેવદર્શન કરવામાટે બહાર ચાલ્યાં ગયાં હતાં, અને નોકરો પોતાના કામકાજમાં લાગેલા હતા વૃન્દા પોતાના ઓરડામાં ખાટલા ઉપર તકિયાને અઢેલીને પડેલી હતી, અને દરવાજા પાસે ગાલીચો પાથરી રોહિણી સિંધમાં થઈ ગયેલા સૂફી મતના મુસલમાન ફકીર શાહલતીફનું દીવાન (કાવ્ય સંગ્રહ) વાંચવામાં નિમગ્ન હતી. એ ગ્રંથમાં વેદાંતવિષયક કાવ્યો છે, પરંતુ તેનો વાચ્યાર્થ પ્રેમમાં જતો હોવાથી કેટલીક વાર એ ગ્રંથ સાધારણ વાચકોનું પણ મનોરંજન કરી શકે છે. એટલામાટે રોહિણીને પણ એ ગ્રંથ જ્યારે તે અનાથાશ્રમમાં હતી ત્યારથી જ પ્રિય થઇ પડ્યો હતો, અને જ્યારે પણ અવકાશ મળે ત્યારે તેમાંનાં બે ચાર કાવ્યો મનનપૂર્વક વાંચીને તે પોતાનું મનોરંજન કરતી હતી. તે પુસ્તક વાંચતી હતી એટલામાં ગઈ રાતે તેના મનમાં ઉદ્ભવેલી શંકા સત્ય થવાનો પ્રસંગ આવી લાગ્યો. અચાનક વૃન્દાએ પ્રશ્ન કર્યો:—"રોહિણી! ગઈ કાલે પેલું બુકપોસ્ટ કયાંથી અને કોણે મોકલ્યું છે અને એમાં શી વસ્તુ આવી છે?"

રોહિણીથી અસત્ય બોલી ન શકાયું. તે તરત ઉઠી અને ટૂંકમાંથી છબી કાઢી વૃન્દાના હાથમાં આપી નીચાં નેત્રો કરીને લજ્જાથી કહેવા લાગી:—"પેકેટમાં આ છબી આવેલી છે અને તે કરાચીથી એમણે પોતે જ મોકલી છે."

"એ કોણ છે અને તારા ઉપર એણે પોતાની છબી શામાટે મોકલી?" વૃન્દાએ છબીનું અવલોકન કરીને સંશયથી પૂછ્યું.

"એ યુવક આમિલ જાતિના એક ભૂષણરૂપ કોલેજમાં ભણતા વિદ્યાર્થી છે. છબી તેમણે મારા ઉપર શામાટે મોકલી છે તે હું પોતે પણ જાણતી નથી એટલે શું ઉત્તર આપું?" રોહિણીએ યથાર્થ વાત જણાવી.

"પણ એની સાથે કાંઈ પણ સંબંધ હોવા વિના કોઈ કાળે એ માણસ આમ પોતાની છબી મોકલે જ નહિ. તારો એની સાથે કયાંય પરિચય થયો હશે!" વૃન્દાએ બીજો સવાલ પૂછ્યો.

"અનાથાશ્રમમાં એઓ વારંવાર આવતા હતા, ત્યાં જ એમની સાથે મારો પરિચય થયો હતો અને અત્યારે મારી સાથે એમનો શો સંબંધ છે, એ હું કહી શકતી નથી; એ સંબંધને કયા નામથી ઓળખવો એ હું જાણતી નથી." રોહિણીએ યથાબુદ્ધિ ઉત્તર આપીને કહ્યું.

"મારા પૂછવાનો ભાવાર્થ એ છે કે, એની જોડે તારો ભાઈ બહેનનો સંબંધ છે કે બીજો કોઈ સંબંધ છે ?" વૃન્દાએ માર્મિકતાથી પૂછ્યું.

"ના, માતુશ્રી! એની સાથે મારો ભાઈ બહેનનો સંબંધ પણ નથી અને બીજા પ્રકારનો સંબંધ પણ નથી. કદાચિત્ મૈત્રી સંબંધ છે એમ કહું તો ચાલી શકે." રોહિણીએ પણ મર્મમાં જ ઉત્તર આપ્યું.

"આજકાલના સુધરેલા લોકો સ્વચ્છંદ અપવિત્ર સંબંધને પણ મિત્રતાના સભ્ય નામથી ઓળખવા લાગ્યા છે, તેવો તો કાંઇ પ્રકાર નથીને!" વૃન્દાએ અત્યંત શંકાશીલ મુદ્રાથી એ પ્રશ્ન કર્યા

"શિવ-શિવ મા! મા! એ તમો શું બોલ્યાં! આ કેવી શંકા? આજ સુધીમાં જો મેં મનસા વાચા કર્મણા લેશ માત્ર પણ અપવિત્ર આચરણ કર્યું હોય તો ઈશ્વર મને આ ક્ષણે જ ભયંકર યાતનામય મરણ આપો! આપ નિશ્ચિન્ત રહો. અદ્યાપિ મારા કૌમારને કલંક લાગ્યો નથી!" રોહિણીએ પોતાની નિર્દોષતાનું શબ્દોદ્વારા દર્શન કરાવ્યું.

"એની સાથે તારું પ્રેમસંભાષણ થયું છે ખરું?" વૃન્દાએ રહી રહીને વળી વિચિત્ર કોટિ કાઢી.

"એની મારાથી ના પાડી શકાય તેમ નથી. હું એક નિરાધાર અને દીન બાળા હોવા છતાં એમણે મારા વિના બીજી કોઇ પણ સ્ત્રી સાથે વિવાહસંબંધ ન કરવાની દૃઢ પ્રતિજ્ઞા કરેલી છે, અને હું પણ એમને જ વરવાનું વચન આપી ચૂકી છું!" રોહિણીએ ખરેખરી વાત જણાવી દીધી.

"એનું નામ શું છે?"

"મોહનલાલ."

"ચિન્તા નહિ. યૌવન મદમાતી યુવતીઓ અજ્ઞાનાવસ્થામાં આવાં જ સાહસો કરે છે, એટલે હું તને કાંઈ કહેતી નથી. તારા મોહનલાલ વિશે હું વધારે કાંઈ જાણતી નથી, છતાંએ સ્ત્રીએ કેવા પતિની પસંદગી કરવી જોઇએ એ વિશે આજે એવો જ પ્રસંગ પ્રાપ્ત થયો છે એટલે હું તને ચાર શબ્દો સંભળાવું છું અને તે પ્રમાણે વર્તવાની તને આજ્ઞા કરું છું."

પ્રકરણ ૩૧ મું

પતિની પસંદગી

એ પ્રમાણે સૂચના આપી અનુભવશીલા વિધવા વૃન્દાએ પતિની પસંદગી વિશેનું વિસ્તારથી નીચે પ્રમાણે વિવેચન કરવા માંડ્યું:—

"યૌવનના મદમાં આવેલાં તરુણ સ્ત્રી અને પુરુષોને એકલાં રહેવામાં જે હૃદયવેદનાનો અનુભવ થાય છે, તે હૃદયવેદનાનો પરણીને સંયોગી થતાંની સાથે જ અંત આવી જશે, એવી તેમની કેટલેક અંશે કે બહુ અંશે ધારણા હોય છે; પરંતુ એ એક હૃદયવેદનાના અંત સાથે પરણેલી જિન્દગીમાં બીજી જે અનેક હૃદયવેદનાઓનો આરંભ થાય છે તેમની તેમના મનમાં મંદ કલ્પના પણ હોતી નથી. હવે એ બીજી હૃદયવેદનાઓ સ્ત્રી અને પુરુષની વિચારભિન્નતા તથા આચારભિન્નતાથી જ ઉત્પન્ન થાય છે,

અને એથી અંતે ઉભયનું જીવન અમૃતમય થવાને બદલે વિષમય થઈ જાય છે. એટલા માટે પરણવા પહેલાં પુરુષે સ્ત્રીની પસંદગીમાં અને સ્ત્રીએ પતિની પસંદગીમાં ઘણો જ સારો બુદ્ધિવિવેક બતાવવો જોઇએ. તું અજ્ઞાન છે, વળી અબળા છે, અને મારી પુત્રી છે, એટલા માટે પુરુષોના એ વિષયમાંના બુદ્ધિવિવેકની વાર્તાને એક બાજૂએ મૂકીને કેવળ સ્ત્રીએ પતિની પસંદગી કેવી રીતે કરવી, એ વિશે હું બે બોલ કહેવા ઇચ્છું છું."

આમ કહી વૃન્દા મૌન ધારી રહી અને રોહિણીના જવાબની રાહ જોવા લાગી.

રોહિણી થોડીવાર અબોલ રહી. પછી બોલી; "જે કહેવાની ઇચ્છા હોય તે કહો!"

"તને ગમશે નહિ."

"ગમે કે ન ગમે, પણ વડીલનો ઉપદેશ સાંભળવો ને પાળવો, એ પુત્ર તથા પુત્રીનો ધર્મ છે."

"તો ઠીક, સાંભળ. એક પ્રેમાકાંક્ષી અથવા પ્રેમી પુરુષ જ્યાં સુધી તેની મનોહારિણી યુવતી તેની સાથે પરણવાનું વચન નથી આપતી, ત્યાંસુધી સુવર્ણ હોય છે; જ્યારે તે યુવતી તેના પ્રેમના સ્વીકારનું વચન આપે છે, ત્યારે તે રૂપું થઈ જાય છે, અને જ્યારે તે પ્રેમીના સ્વરૂપમાંથી પતિના સ્વરૂપમાં બદલાય છે ત્યારે પોતાને પિત્તળ જ સિદ્ધ કરી બતાવે છે. આ પુરુષોના સ્વભાવનો એક સર્વસાધારણ નિયમ છે. પણ થોડા ઘણા અપવાદો પણ હોય છે જ. કેટલાક પુરુષો એવા પણ છે કે, જેઓ આરંભ, મધ્ય અને અંત ત્રણે અવસ્થામાં સુવર્ણ જ રહે છે. એટલા માટે મારી તને એવી ભલામણ છે કે, એવા ત્રણે અવસ્થામાં સુવર્ણ તરીકે સિદ્ધ થનારા પુરુષના પ્રેમનો જ સ્વીકાર કરવો। 'સોનું જાણીને મેં સંગ કર્યો, મારે કર્મે નીવડ્યું કથીર!' એમ પાછળથી પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ ન આવે, એનો આગળથી જ વિચાર કરી રાખજે. પ્રત્યેક સ્ત્રીનું હૃદય સારા અને નઠારા પુરુષની પરીક્ષા કરવામાટે કસોટીરૂપ જ હોય છે; અર્થાત્ પુરુષના સ્વભાવને ઓળખી લેવાની તેનામાં નૈસર્ગિક શક્તિ રહેલી છે અને તે શકિતનો ઉપયોગ કરવો, એ પ્રત્યેક સ્ત્રીનું પરમ કર્ત્તવ્ય છે. એ કસોટી ઉપર ઘસીને તું સીસાંથી પિત્તળને અને પિત્તળથી સુવર્ણને ભિન્ન પાડી બરાબર ઓળખીને તે સો ટચના સોનાની માળાને જ ગળામાં ધારણ કરજે.

"પતિઓની સમસ્ત જાતિને ગુણવિભાગથી બે ભાગોમાં વ્હેંચી શકાય છે; અને તે સારા પતિ અને નઠારા પતિના નામથી ઓળખાય છે. જેઓ સારા પતિ હોય છે, તે સર્વ એક જ ગુણ અને એક જ સ્વભાવના હોય છે; અર્થાત્ તેઓ પોતાની ધર્મપત્નીને જગતમાંની બીજી સર્વ વસ્તુઓ કરતાં, અરે! પોતાના પ્રાણ કરતાં પણ વિશેષ પ્રિય માને છે અને સદા સર્વદા પત્નીના સુખ અને સંતોષનો જ સર્વથી પ્રથમ વિચાર કર્યા કરે છે. તેઓ ધન, માન અને કીર્ત્તિ મેળવવાનો પ્રયત્ન કરે છે, પણ એ પ્રયત્નમાં પણ પત્નીના સુખનો આશય જ સમાયલો હોય છે. સારા પતિઓ પત્ની ઉપર હુકમ પણ ચલાવતા નથી, તેમ તેની તાબેદારી પણ ઉઠાવતા નથી—તેઓ પત્નીને પોતા કરતાં ઉચ્ચતર પણ માનતા નથી, તેમ જ નીચતર પણ માનતા નથી; કિન્તુ સ્ત્રીને સમાન જ માને છે. તેઓ પત્ની સાથે બેસીને જીવનના સરળ અને ગંભીર પ્રશ્નો

વિશે વાદવિવાદ ચલાવે છે અને અંતે પતિપત્ની ઉભય એક જ પ્રકારના અને એક જ જાતિના નિશ્ચય ઉપર આવી જાય છે. એક સારા પતિ વિશે આથી વિશેષ કાંઈ પણ કહેવાનું રહેતું નથી. ટુંકામાં સારો પતિ તે જ કહેવાય છે કે, જે પોતાની સહધર્મિણીને સુખી કરીને પોતે પણ આ વિશ્વમાં સ્વર્ગીય સુખનો ભોક્તા થાય છે.

એ તો જાણે સારા પતિની વાત થઈ. હવે નઠારા પતિ વિશે પણ બોલવું જોઇએ. જગતમાં એવા નઠારા પતિઓની મુખ્ય જાતિઓ પણ સ્વભાવપરત્વે અનેક છે. એ નઠારા પતિઓની મુખ્ય જાતિઓ આ પ્રમાણે છે:—નિષ્ઠુર કે પત્નીપીડક વિનીત અથવા બાયલા, શંકાશીલ અથવા કાચા કાનના, અસંતોષી, લોભી અથવા કંજૂસ, લંપટ અથવા વ્યભિચારી, મૂર્ખ અને નિરુદ્યોગી કે આળસુ. આપણામાં બહુધા માતાપિતા જેના હાથમાં પુત્રીનો હાથ સોંપે, તે પુરુષની સાથે જ સુખે કે દુ:ખે પુત્રીને પોતાનો ભવ ગાળવો પડે છે; પરંતુ તારો જ્યારે એક તરૂણ સાથે સ્નેહ બંધાયો છે, ત્યારે તેના ગુણદોષોની પરીક્ષા કરીને પછી જ વિવાહબંધનથી બંધાવું, એ જ તારા માટે વિશેષ સુખાવહ માર્ગ છે. તું તારુણ્યમાં આવેલી છે અને વિદ્યાસંપન્ન હોવાથી સારાસારનો વિચાર કરવાની શક્તિ તારામાં છે; એટલા માટે જ પતિની પસંદગી કેવી રીતે કરવી, એ વિશે હું તને ઉપદેશ આપવાને તૈયાર થઈ છું. નિષ્ઠુર કે ગર્વિષ્ઠ પતિ પોતાને એકલાને જ સમસ્ત ગૃહ અને કુટુમ્બપરિવારનો એકસત્તાક રાજા માને છે અને સર્વજને તેની આજ્ઞાને આધીન રહીને વર્તવું જ જોઈએ એમ ધારે છે. પ્રેમ શબ્દ તેના કોષમાં હોતો જ નથી. જ્યારે જુઓ ત્યારે તેનું મોઢું ચઢેલું ને ચઢેલું જ દેખાય છે. જો બિચારી બાયડી તેનાથી દબાઈ જાય છે, તો બાયડીનો અવતાર પશુનો જ બની જાય છે, અને જ્યારે પણ એકાંતમાં અવકાશ મળે ત્યારે અશ્રુ વર્ષાવીને પોતાના હૃદયમાં બળતા અસંતોષના અગ્નિને શાંત કરે છે. જો સ્ત્રી પણ કજીયા ટંટામાં પતિની બરાબરી કરનારી હોય, તો નિરંતર ગૃહમાં રૂસો જાપાનિસ લડાઈ ચાલ્યા જ કરે છે, અને તેથી સ્વર્ગસ્વરૂપ મનાતું ગૃહ નરકના રૂપમાં ફેરવાઈ જાય છે; અને જો સ્ત્રીનું બળ એવા પુરુષ કરતાં વધારે થઈ જાય છે તો પતિ બિચારો રોજ બાયડીના હાથનો માર ખાય છે, અને સ્રીપુરુષ બન્નેના સુખમય સંસારનું સત્યાનાશ થઈ જાય છે."

થોડીવાર વૃન્દા મુગ્ધ રહી. તે રોહિણીના મનનું તેના મુખમંડળના અવલોકનથી પરીક્ષણ કરવા લાગી. તેણે જોયું કે, કંટાળા વગર રોહિણી સાંભળે છે એટલે પુનઃ બોલી; "મારી વહાલી પુત્રી! જો એવા એક નિષ્ઠુર પતિસાથે વરવાની તારી ઇચ્છા ન હોય, તો જેની સાથે તારો પ્રેમ બંધાયો છે, તેની ટેવોની ઘણી જ બારીકીથી પરીક્ષા કરજે અને ત્યાર પછી જ લગ્નમાટે તારો હાથ આગળ લંબાવજે.

"બીજા વિનીત અથવા બાયલા કે નિર્બળ મનના પતિ હોય છે. એવા પુરુષો તે પુરુષજાતિના જીવો છે કે સ્ત્રીજાતિના જીવો છે, એનો નિશ્ચય કરી શકાતો નથી; એવા પુરુષોનો દેહ પુરુષનો હોય છે અને આત્મા સ્ત્રીઓનો હોય છે. ખરેખર એમના શરીર અને સ્વભાવની વિરુદ્ધ રચના કરવામાં પ્રકૃતિ દેવીનો જ પ્રમાદ થયેલો હોય છે અને એ પ્રમાદ, છાપનાર—પ્રિન્ટર—ની ભૂલ જેવો છે કે, જેને પુસ્તકપ્રકાશક સુધારી શકતો નથી. એવા બાયલા પતિના અંગમાં ગમે તેટલું બાહુબળ અને મનોબળ હોય,

પરંતુ જ્યારે તેના ઉપયોગનો પ્રસંગ આવી લાગે છે ત્યારે તે બળ કાંઈ પણ કામ આવતું નથી અને તે બિચારાને ભરદરિયે ભાગેલા વ્હાણ પ્રમાણે ડૂબાવી દે છે. તમે ગમે તેટલો પ્રયત્ન કરીને ઉત્સાહ વધારો, પણ પાવૈયાને પાનું ચઢતું જ નથી! બળ અને મુષ્ટિપ્રહારની વાતને અત્યારે મારે વિસારી દેવી જોઇએ. આજકાલ વિદ્યાનો વિશેષ પ્રસાર થયેલો હોવાથી મુષ્ટિપ્રહારનો સમય પુરુષોને ભાગ્યે જ પ્રાપ્ત થાય છે; માત્ર ગુસ્સામાં આવીને તેઓ ટેબલ ઉપર કોઈવાર મુક્કી મારે છે એટલું જ માત્ર! પરંતુ એવા પતિની માનસિક દુર્બળતાનું બહુ જ ભયંકર પરિણામ આવે છે. જો ઘરમાં પોતાની સ્ત્રીને સાસૂ, નણંદ, દેરાણી કે જેઠાણી ત્રાસ આપતી હોય તો પત્નીનું ઉપરાણું લઇને તેવા પતિથી કાંઈ પણ બોલી શકાતું નથી અને તેથી બિચારી સ્ત્રીની અવસ્થા 'ગરીબકી જોરૂ સબકી ભાભી' જેવી જ થઈ જાય છે. મોઢાના મોળા ધણીની સ્ત્રી જીવતા ધણીએ રંડાયલી જેવી જ હોય છે. માટે એવા પુરુષાર્થહીન પતિ સાથે પરણીને ભવ બાળવા કરતાં કુમારિકા રહેવામાં જ સ્ત્રીની વધારે શોભા છે. જો તારી એવા પુરુષાર્થહીન પતિ સાથે વરવાની ઇચ્છા ન હોય તો, જે મોહનલાલમાં તારો મોહ થયો છે, તેની ચેષ્ટાઓની પરીક્ષા કરજે અને ત્યાર પછી જ તેને વરજે. નામધારી પુરુષોના અંગવિક્ષેપ, ભાષણશૈલી અને વસ્ત્રો ધારણ કરવાની પદ્ધતિ ઇત્યાદિ સ્ત્રીસમાન જ હોય છે અથવા તો તેમાં સ્ત્રીના સ્વભાવની છટા દેખાઈ આવે છે અને તેથી આ પુરુષ સ્ત્રૈણ છે, એમ તરત જણાઈ આવે છે.

"એક ચોપડીમાં મેં વાંચ્યું હતું કે, અંગ્રેજો કાચા કાનના પતિને 'ઑથેલ્લો' જાતિના પતિના નામથી ઓળખે છે. ઑથેલ્લો કાચા કાનનો હોવાથી તેણે પોતાની સતી સાધ્વી સ્ત્રીને મારી નાખી હતી." રોહિણીએ અનુમોદનદર્શક વાક્ય ઉચ્ચાર્યું.

"મારી વહાલી પુત્રી રોહિણી! આપણામાંની ઘણીક સ્ત્રીઓ એમ જ માને છે કે, જો આપણો પતિ આપણને બીજા પુરુષ સાથે છૂટથી વાતચીત કરતો જોઇને શંકા અને તિરસ્કાર ન દર્શાવે, તો તેનો આપણામાં જોઇએ તેવો અને જોઇએ તેટલો પ્રેમ અથવા સ્નેહ નથી; અર્થાત્ જેટલા પ્રમાણમાં પતિની શંકાશીલતા અને દ્વેષબુદ્ધિ વિશેષ હોય છે, તેટલો તેનો પ્રેમ વધારે માનવામાં આવે છે. પરંતુ બિચારી અજ્ઞાન સ્ત્રીઓ જાણતી નથી કે, પતિના શંકાશીલ સ્વભાવમાં જ તેમનો પોતાનો નાશ સમાયલો હોય છે. જેમનો સ્વભાવ એવો શંકાશીલ અથવા વ્હેમી હોય છે, તે પતિઓ સ્ત્રીના સાધારણ સીધા બોલવાનો પણ આડો અર્થ ઉપજાવે છે; તેના ચાલવામાં, ફરવામાં અને કોઈ સાથે વાત કરવામાં પણ તેઓ શંકાની દૃષ્ટિથી જોવા માંડે છે; જો કોઈ પોતાની સ્ત્રીની નિન્દા કરતું હોય તો તે નિંદામાં ઝટ તેનો વિશ્વાસ બંધાઈ જાય છે અને સ્ત્રીને તે ધિક્કારની દૃષ્ટિથી જ જુએ છે. શંકામાં ને શંકામાં જ તે કોઇવાર અવિચારથી સાધ્વી સ્ત્રીના જીવની હાનિ કરી નાખે છે અને જગતમાં ઉભય કુલને કલંક લગાડી દે છે. જો પોતાની સ્ત્રી સાથે કોઈ પણ પુરુષ વાત કરે, તો તે ગમે તેવી પવિત્રતાથી વાત કરતો હોવા છતાં પણ બુરી દાનતથી જ વાત કરતો હોવો જોઇએ, એમ જ તે માન્યા કરે છે. જેમ કમળાના રોગથી પીડાતા રોગીને સર્વત્ર પીળું જ દેખાય છે, તેવી રીતે શંકાશીલ પતિને સર્વત્ર અપવિત્રતા અને અધર્મ જ દૃષ્ટિગોચર થાય છે. એવા પતિના હાથે પાયમાલ

થયેલી એક સ્ત્રીનું ઉદાહરણ મેં પોતે જોએલું છે. શિકારપુરમાં એક બહુ જ સુશીલ અને સાધ્વી સ્ત્રી હતી, પણ તેનો પતિ મહાશંકાશીલ અને વ્હેમી સ્વભાવનો હતો. તે સ્ત્રી અતિશય રૂપાળી અને ચતુર હોવાથી પાડોશમાં વસતા એક પાપી પુરુષની તેનામાં આસક્તિ થઈ અને તેથી તેણે તે સ્ત્રીને વશ કરવાના પ્રયત્નો કરવા માંડ્યા. અનેક પ્રયત્નો કરવા છતાં પણ જ્યારે તેની દુષ્ટ આશા સફળ ન થઈ અને સ્ત્રી તરફથી ધિક્કાર વિના બીજો કોઈ સારો ઉપહાર ન મળ્યો, ત્યારે એ વૈરનો બદલો લેવામાટે તે પાપાત્માએ એક અસત્ય કુભાંડની રચના કરી. તે સ્ત્રીનો પતિ વ્હેમી અને કાચા કાનનો હતો, એ તે દુષ્ટ સારી રીતે જાણતો હતો એટલે તેની શંકાશીલતાનો તેણે આ પ્રસંગે પૂરો લાભ લીધો. તેણે તે સ્ત્રીના સ્વામીને કહ્યું:–'તારી સ્ત્રીના આચાર મને કાંઈ સારા દેખાતા નથી. આજે કેટલાક દિવસથી મારા સામું જોઇને તે નખરા કર્યા કરે છે અને ગઈ કાલે જ્યારે શરમને મૂકીને તેણે ખુલ્લી રીતે મારી પાસે આવી પ્રેમની યાચના કરી, ત્યારે તો હું દંગજ થઈ ગયો! હું તો જો કે પાપથી અલિપ્ત રહ્યો છું અને તેને બહેન કહીને બોલાવી છે, પણ બધા પુરુષ કાંઈ મારા જેવા હોતા નથી; માટે સંભાળજે." શિકારપુરની સુંદરીઓની પ્રતિષ્ઠા સાધારણતઃ હલકી કહેવાતી હોવાથી તેના એ અસત્ય કથનમાં શંકાશીલ સ્વામીનો પૂરેપૂરો વિશ્વાસ બંધાયો અને તેથી ખરા ખોટાની કાંઈ પણ તપાસ ન કરતાં તેણે તે જ દિવસે નિર્દયતાથી પોતાની પરમ સાધ્વી સ્ત્રીનો વધ કરી નાખ્યો અને તે પોતે પણ ફાંસીને લાકડે લટકી ગયો! તે કુભાંડ રચનારે જ્યારે પોતે જ કેટલાક વખત પછી પોતાના કૃત્યનો કોઈ માણસ આગળ પશ્ચાત્તાપ કર્યો, ત્યારે જ આ ખરી બીના લોકોના જાણવામાં આવી. સારાંશ એટલો જ કે, પથ્થર કરતાં ઇંટ નરમ હોય છે, તેવી રીતે નિષ્ઠુર અને સ્ત્રૈણ પતિ હજી પણ પાલવે, પણ આ શંકાશીલ પતિથી તો સ્ત્રીને પરમેશ્વર બચાવે! એ વ્હેમી ધણી પથ્થર છે અને નિષ્ઠુર તથા સ્ત્રૈણ પતિ ઇંટસમાન છે. એટલા માટે જો તારી એવા શંકાશીલ પતિને વરવાની પૂર્ણ અનિચ્છા હોય, તો તારા પ્રેમભાજનના સ્વભાવની બરાબર પરીક્ષા કરજે. પુરુષનો શંકાશીલ સ્વભાવ તો વાતવાતમાં જણાઈ આવે છે, એટલે એ વિશે વિશેષ બોલવાની કાંઈ પણ અગત્ય નથી.

'અસંતોષી પતિ જેમ પોતે કોઈ વાતથી સંતુષ્ટ થતો નથી, તેવી જ રીતે સ્ત્રીને અનેક પ્રકારે અસંતુષ્ટ અને અસુખી કરવા છતાં પણ તેને સંતોષ મળતો નથી. સ્ત્રીનું કોઈ પણ કાર્ય તેને યોગ્ય કે સારું સંતોષકારક લાગતું જ નથી; તેના કોષમાં 'સંતોષ' શબ્દનો અભાવ જ હોય છે. સ્ત્રીને સાલ્લો ગમતો હોય તો એવા પતિને ઘાઘરો અને ઓઢણી જ વધારે ગમે છે; સ્ત્રી ગમે તેવી સારી રસોઈ કરતી હોય, પણ 'આમાં મીઠું ઓછું છે; આમાં મરચું વધારે છે; ભાત છૂટો નથી થયો અને દાળ બહુ જાડી થઈ ગઈ છે,' ઇત્યાદિ તેના પોકારો નિરંતર ચાલૂ જ હોય છે. સ્ત્રી સવારમાં વ્હેલો જગાડે તો કહે છે કે, 'મારી નિદ્રાનો નાશ કર્યો' અને ન જગાડે તો કહે છે, કે, 'રાંડ ફૂવડ! આટલું મોડું થયું તોપણ મને જગાડતી નથી!' સ્ત્રી ઘરનું કામકાજ કરતી હોય તો મોટી દયાળુતા દેખાડીને કહે છે કે, 'તારી પ્રકૃતિ બગડી જશે,' અને જો નોકર રાખવામાં આવ્યો હોય તો કહે છે કે, 'ખર્ચ એટલો બધો થાય છે કે મારું તો દીવાળું જ ફૂંકાવાનું!'

કોઈ પણ કાર્ય, કોઈ પણ કૃતિ અને કોઈ પણ આચારથી અસંતોષી પતિને સંતોષ નથી થતો. આવા પતિના હાથે પ્રાણહાનિનો પ્રસંગ તો નથી આવતો, પણ રોજના કંટાળાથી બિચારી બાયડી એટલી બધી કંટાળી જાય છે કે, એવા સૌભાગ્ય કરતાં વૈધવ્ય—રંડાપા—ને જ ઉત્તમ માને છે. તારા પ્રેમભાગીનો એવો અસંતોષી સ્વભાવ છે કે નહિ, તેની યથાર્થ પરીક્ષા કરજે.

"મારી પ્રાણાધિક પુત્રી ! હવે હું તને લોભી પતિનાં લક્ષણો કહીશ. જે લલનાને લોભિષ્ઠ વૃત્તિનો પતિ મળે છે, તે તરુણીનાં પૂર્ણ દુર્ભાગ્ય સમજી લેવાં. વચ્ચે જે એક ખાસ વાત કહેવાની છે, તે એ કે, આજકાલની કેટલીક ફૅશનેબલ બાયડીઓ પોતાના ધણીની કમાણી હોય, તેથી વધારે તેને પૈસા ખર્ચાવે છે, અને ધણી કોઈવાર બબડે તો તેને લોભી અને કંજૂસ તરીકે ઓળખાવીને તેની ફજેતી કરે છે, એમ થવું ન જોઇએ. એમાં સ્ત્રીઓનો જ દોષ હોય છે. આજની પારસી અબળાઓની ફૅશનથી તે કોમને કેટલી હાડમારી ભોગવવી પડે છે, એ તારાથી અજાણ્યું નથી. આજકાલ હિંદુઓ પણ વાનરચેષ્ટા કરવા મંડી પડ્યા છે. એ રોગ વધવા લાગ્યો છે, તે ક્યાં અટકશે, તેની કલ્પના નકામી છે. હું જે બોલવા માગું છું તે છતે પૈસે નસીબને દોષ દેનાર ગમારવિશે છે. જે લોભી પુરુષ હોય છે, તેને આ જગતમાં ધન જેટલું બીજું કાંઈ પણ વ્હાલું હોતું નથી. ધન સાથે સરખાવતાં માતા, પિતા, પત્ની, ભગિની, પુત્ર, પુત્રી અને મિત્ર તથા સગાં સંબંધીઓ તેને કાંઈ નહિ જેવાં જ જણાય છે. સંસારમાંની પોતાની સુખદુઃખભાગિની પત્ની મરણપથારીએ પડી હોય, તો તેને છોડાવવામાટે ઔષધ અને વૈદ્યનો ખર્ચ કરતાં પણ તેનો જીવ ચાલતો નથી. લોભી પતિ ભલે પોતે લક્ષાધિપતિ હોય, તો પણ સ્ત્રીને સારાં વસ્ત્રો કે એવી બીજી વસ્તુઓ ખરીદી આપતો નથી; અને ખાનપાનમાં પણ જો ઘીમાં માખ પડી જાય તો તેને ગરમ ભાત ઉપર આમતેમ ફેરવી તેમાંનું ઘી નચોવી લીધા પછી જ તેને બહાર નાખી દે છે. આવા લોભી પતિને પરણીને પ્રમદા ખાનપાન, વસ્ત્રાભૂષણ, આનંદવિનોદ કે પ્રેમરસનો મરણપર્યન્ત લેશમાત્ર પણ ઉપભોગ મેળવી શકતી નથી; અને દુર્ભાગ્યયોગે સંતતિ થઈ હોય છે તો તેને વિદ્યા અને જ્ઞાન પણ પૂરેપૂરાં તો શું, પણ અધૂરાંએ આપી શકાતાં નથી—તે બાળકોની મહા ભયંકર દુર્દશા થાય છે.

'પયસેકી બાપસેભી મહબ્બત ન કીજિયે;
સબ કીજિયે પર દેનેકી ઉલ્ફત ન કીજિયે!'

"એ જ કૃપણનો નિરંતરનો મંત્ર હોવાથી તેને માત્ર આવતું ધન જ વ્હાલું લાગે છે અને જો કોઈને આપવાનો પ્રસંગ આવી લાગે છે, તો તેના પ્રાણ તરત પ્રયાણ કરી જાય છે. એ લોભિષ્ઠ વૃત્તિની પરીક્ષા તરત કરી શકાતી નથી. અમુક પ્રસંગે એ લોભી નરો પોતાનો સ્વાર્થ સાધવામાટે ભાડુતી ઉદારતા બતાવવાનો પૂરો પ્રયત્ન કરે છે; તોપણ બારીકીથી અવલોકન કરતાં તેની પૈસા ખર્ચ કરવા વખતની મુખમુદ્રા અને વાતચીત વગેરેથી કેટલેક અંશે તેનો સ્વભાવ ઓળખાઈ આવે છે. લોભીના હૃદયમાં પ્રેમનો અંશ હોતો જ નથી અને પ્રેમહીન પતિની પત્નીનું જીવન વ્યર્થ થાય છે.—પ્રેમ એ જ પ્રમદાનું જીવન છે.

"લંપટ અથવા વ્યભિચારી એટલે કે કેવળ વિષયલોલુપ પુરુષો તો વળી સર્વથી વધારે ભયંકરતા ધરાવનારા પતિઓ હોય છે.' રોહિણી! મારી વાતથી તને કંટાળો તો નથી આવતો ?" વૃન્દાએ પૂછ્યું.

"ના મા! હું એ શિક્ષાવચન પ્રેમથી સાંભળું છું! મારા ભાવી જીવનમાટે એ અમૂલ્ય બોધ છે!" રોહિણીએ સંતોષ દર્શાવ્યો.

"એમ છે તો ઠીક, થોડુંક વિશેષ સાંભળ. હવે નઠારા પતિઓમાં સાતમો નંબર મૂર્ખ પતિઓનો આવે છે. તું અહીં કદાચિત્ એ શંકા કરીશ કે, જાણી જોઈને મૂર્ખ પતિ સાથે પરણીને પોતાની જિંદગીની પાયમાલી કરે, એવી તે મૂર્ખ સ્ત્રી કોણ હોય ? વળી મૂર્ખ તો વાત કરતાંની સાથે તરત જ ઓળખાઈ આવે છે, એટલે એ વિષયમાં વધારે બોલવાની અગત્ય નથી. પરંતુ નહિ, વસ્તુસ્થિતિ એથી ભિન્ન છે. જો સ્ત્રીઓ મૂર્ખાન હોત અને મૂર્ખ પુરુષોને પરણતી ન હોત, તો આજે જેટલા મૂર્ખાઓ બૈરાં છોકરાંવાળા જોવામાં આવે છે, તેને બદલે કુંવારા જ રખડતા જોવામાં આવ્યા હોત અને જો પરાપૂર્વથી જ એ નિયમનું પાલન કરવામાં આવ્યું હોત તો તો આજે મૂર્ખના વંશનો અવનીમાંથી લોપ જ થઈ ગયો હોત! સ્ત્રીઓ મૂર્ખ પુરુષોની પત્નીઓ કેવી રીતે થાય છે, એનો વિચાર કરવો જોઇએ. કેટલીક સ્ત્રીઓ અમુક પુરુષોના રૂપમાં જ મુગ્ધ બની જાય છે અને તેની મૂર્ખતાનો કે દક્ષતાનો વિચાર કર્યાવિના જ તેની સાથે પરણીને સંસાર માંડે છે. ન કરે નારાયણ ને જો પતિ મૂર્ખ હોવાની સાથે નિર્ધન હોય છે તો તો તે બિચારી રૂપમુગ્ધાઓને પેટ ભરીને ખાવાનું પણ મળતું નથી અને તેઓ ભૂખમરાથી જ મરી જાય છે. કેટલાક મૂર્ખ જનો વંશપરંપરાથી ધનાઢ્ય હોય છે એટલે તેમના ધનથી મુગ્ધ થઇને પુત્રીનાં માતાપિતા પોતાની પુત્રીને તેમની સાથે પરણાવે છે અથવા બાલિકા પોતે પણ લોભમાં પડીને તેમનો પતિ તરીકે સ્વીકાર કરે છે. આપણામાં કેટલીક જાતિઓમાં મૂર્ખ છતાં જો છોકરો કુલીન હોય તો તેને પોતાની છોકરી આપવાનો એક નઠારો રિવાજ છે. ધનવાન્ મૂર્ખની સ્ત્રી પોતાનાં ખાવા પીવાના અને પહેરવા ઓઢવાનાં બધાં કોડ તો મનમાનતી રીતે પૂરાં કરી શકે છે, પણ પતિથી પત્નીને જે એક પ્રકારનો સ્વર્ગીય આનંદ મળવો જોઇએ, તે તેને સ્વપ્નમાં પણ મળી શકતો નથી. વૃક્ષના આધારે રહેવું, એ લતાનો નૈસર્ગિક સ્વભાવ છે—અર્થાત્ સ્ત્રી પુરુષની બુદ્ધિના આધારે જ રહે છે; પણ મૂર્ખ પુરુષને તો ઘણીકવાર સ્ત્રીના આધારની જ આવશ્યકતા પડતી હોય છે- અર્થાત્ લતા વૃક્ષને આધાર આપે છે. સાધારણતઃ સ્ત્રીનો એવો સ્વભાવ હોય છે કે, પતિ વૃદ્ધ હોય, નિર્ધન હોય, અથવા વિરૂપ હોય તો તે અવગુણોને તે સહજમાં જ સહન કરીને નિભાવી લે છે, પરંતુ જો પતિમાં પોતાના કરતાં બુદ્ધિની ન્યૂનતા હોય તો ધીમે ધીમે પતિ વિશે તેના મનમાં તિરસ્કાર ઉત્પન્ન થતો જાય છે અને અંતે એનું એવું ભયંકર પરિણામ થાય છે કે, જેનું વર્ણન કરતાં પણ મારી જીભ અચકાય છે. એવા મૂર્ખ પુરુષને ઓળખવો કેવી રીતે, એ એક પ્રશ્ન છે. કેટલાક મૂર્ખ એવા હોય છે કે, પોતાની મૂર્ખતાને તેઓ સારી રીતે જાણતા હોય છે, અને તેથી જ્યારે પણ કોઈ વિદ્યા અથવા બુદ્ધિવિષયક સંભાષણનો પ્રસંગ ચાલતો હોય, તે વેળાએ પોતાની મૂર્ખતાને છૂપાવવામાટે તેઓ મૌન ધારણ કરીને કેવળ અમુક ભાવદર્શક

મુખચેષ્ટાઓ જ કર્યા કરે છે. બહુધા અત્યંત મૌન, એ મૂર્ખતાનું મુખ્ય લક્ષણ છે. પાંચ પંદર દિવસના પરિચયથી જ બુદ્ધિમતી સ્ત્રી મૂર્ખ પુરુષને તરત ઓળખી લે છે.

"વહાલી દુહિતા! નઠારા પતિઓની નામાવલીમાં આઠમો નંબર નિરુદ્યોગી અથવા વ્યવસાયહીન પતિઓનો છે. બહુધા ધનાઢ્યોના પુત્રોને ઘણાંક માબાપો છોકરી સુખી થશે અને ધનમાલની માલેક થઇને ગાડીઘોડે ફરશે, એવી આશાથી પોતાની પુત્રીઓ આપે છે. પરન્તુ બહુધા ધનવાનના પુત્રો–બાપ કમાઇવાળાઓ–નિરક્ષર અને નિરુદ્યોગી જ હોય છે; તેમને નિર્વાહનાં સાધનોની આવશ્યકતા હોતી નથી, અને આવશ્યકતા વિના ઉદ્યોગિકતા આવતી નથી. એવા ધનાઢ્ય પિતાના પુત્રો તારુણ્યમાં અનેક સ્વાર્થસાધુ મિત્રોના જાળમાં સપડાય છે, કુછંદના માર્ગમાં ચઢી જાય છે અને અનેક પ્રકારના વ્યસનોમાં ધનની ધૂળધાણી કરીને રસ્તાના રઝળતા ભીખારી બની જાય છે. એવા પતિને દીકરી આપવા કરતાં નિર્ધન પણ ઉદ્યોગી પુરુષને આપવાથી દીકરી વધારે સુખી થાય છે. ધનાઢ્યપુત્રોના ધનનો નાશ થતાં જ તેઓ કોઈ કળા ન જાણતા હોવાથી નિર્વાહનાં સાધનો પ્રાપ્ત કરી શકતા નથી અને તેથી અંતે તેમને ભૂખે મરવાનો સમય આવી લાગે છે. પરંતુ જો પતિ ઉદ્યોગી અને કળાવાન્ હોય તો તે કોઈ પણ પ્રયત્ને પોતાના અને પોતાના પરિવારના નિર્વાહનાં સાધનો મેળવી શકે છે: તેમને બુભુક્ષિત અવસ્થામાં મરવાનો વારો આવતો નથી. હવે એથી એમ સમજવાનું નથી કે, કેવળ ધનાઢ્યોના પુત્રો જ નિરુદ્યોગી હોય છે, કિંતુ કેટલાંક નિર્ધન પુરુષો પણ જન્મતાં જ આલસ્યને સાથે લેતા આવે છે અને તેવા પુરુષની સ્ત્રીઓના દુઃખનો અવધિ જ હોતો નથી. એવા પુરુષોનો એ જ પરમ સિદ્ધાંત થઈ ગયેલો હોય છે કે:–

"અજગર કરે ન ચાકરી, પક્ષી કરે ન કામ;
દાસ મલૂકા બોલતો, સહુનો દાતા રામ!"

અથવા તો;–

'ખાવા પીવામાં નહિ વાણ; કામ કર્યામાં કંઠે પ્રાણ!'

"એવા સિદ્ધાંતવાળા આળસુના રાજાઓ ઘણીકવાર તો બાયડીની કમાણી ખાવાને પણ ચૂકતા નથી. જો સ્ત્રી સુશીલ અને ધર્માત્મા હોય છે તો દિવસ અને રાત લોટ દળીને, શીવણું કરીને અથવા ભરત ભરીને કે એ કળા ન આવડતી હોય તો કોઇને ત્યાં રાંધી સીંધી અથવા પાણી ભરીને પોતાના પતિ, બાળકો અને પોતાના પેટનું જેમ તેમ પૂરું કરે છે, અને જો સ્ત્રી નઠારી હોય તો પતિના ઓઠાંને જાળવી રાખવા ગમે તેવું વર્તન કરી, પતિના મોઢામાં રોટલાનો કટકો નાખે છે. ક્રોધિષ્ઠ અને ખૂની છતાં કમાઉ પતિ સારો, પણ બરફ જેવા શાંત છતાં આવા આળસુ પતિ ભૂંડા! આજકાલના કેટલાક ફૅશનેબલ આળસુઓનો બધો વખત વાળોને ડ્રેસ કરવામાં, નેકટાઈ બાંધવામાં અને ક્લબોમાં જઈ ગંજીફે રમવામાં કે ગપાટા હાંકવામાં જ વીતી જાય છે અને ઘરમાં બૈરાંછોકરાંની ભયંકર દુર્દશા થાય છે. દાણાવાળા, ઘીગોળવાળા અને મારવાડીઓની ઉઘરાણીઓ અથવા તો સ્માલકૉજ કોર્ટની ડીક્રીઓ ચાલૂ જ હોય છે અને તેથી તેમને ઘરમાં આવી બાલબચ્ચાં સાથે બેસીને ખાવા કે વાતચીત કરવાની પણ મારામારી થઈ પડે છે. એ સર્વ કારણોને જોતાં મારો તો એવો જ અભિ-

આય છે કે, આળસુ ધનવાન્ પતિ કરતાં ઉદ્યોગી નિર્ધન પતિ હજાર દરજ્જે સ્ત્રીને વધારે લાભકારક થઈ પડે છે. જે પુરુષો સાંસારિક પ્રપંચવિદ્યામાં વિશેષ નિપુણ હોય છે, તેમની સ્ત્રીઓ બીજી સ્ત્રીઓ કરતાં વધારે સુખી હોય છે, એમાં લેશ માત્ર પણ સંશય નથી. જો મોહનલાલ ઉદ્યોગી હોય અને પોતાના પરિવારનું પોષણ કરવાની શક્તિ ધરાવતો હોય તો જ તેને પતિ તરીકે સ્વીકારજે. તેની પાસે ધન હોય કે ન હોય, એની ચિન્તા નથી. ધનવાન્ ઉદ્યોગ મેળવી શકતો નથી, પણ ઉદ્યોગી પુરુષ ગમે ત્યાંથી ધન મેળવી શકે છે આ તો પતિઓનું મેં સ્વભાવપરત્વે વિવેચન કર્યું. એ ઉપરાંત પતિના વ્યવસાય અથવા ધંધા ઉપર પણ સ્ત્રીના સુખદુ:ખનો કેટલોક આધાર રહેલો હોય છે."

"માતુશ્રી! આપ સાંસારિક જ્ઞાનમાં આટલાં બધાં આગળ વધેલાં છો, એની મને અત્યારસુધી કલ્પના માત્ર પણ ન હોતી. આપના આ લાભકારક ઉપદેશમાટે હું આપનો જેટલો આભાર માનું તેટલો ઓછો જ છે. આપના આ ઋણથી હું ક્યારે મુક્ત થઈશ?" રોહિણીએ કૃતજ્ઞતા દર્શાવી.

થોડીવાર ત્યાં શાંતિનું સામ્રાજ્ય વ્યાપી ગયું.

થોડીવાર પછી વિધવા વૃન્દાએ પોતાના ભાષણને આગળ લંબાવીને કહેવા માંડયું:– "રોહિણી! કેટલાકોની એવી ધારણા હોય છે અથવા છે કે, પતિના વ્યવસાય અથવા ધંધા સાથે સ્ત્રીનાં સુખદુ:ખનો શો સંબંધ? સ્ત્રીને ક્યાં પતિ સાથે ઉદ્યોગ કરવાને બહાર જવું પડે છે? બહાર તે ગમે તે ઉદ્યોગ કરતો હોય, પણ ઘરમાં જો તે એક પ્રેમી પતિ હોય તો બસ! પરંતુ તેમની એ ધારણા ભૂલભરેલી છે. વ્યવસાય, પુરુષના અંગનો એક ભાગ જ છે. વ્યવસાયનું પુરુષના સ્વભાવમાં પણ એવું પ્રબળ પરિણામ થાય છે કે, પુરુષનો સ્વભાવ પોતાના વ્યવસાયના સ્વભાવ પ્રમાણે પરિવર્તિત થઈ જાય છે; અને પુરુષના સ્વભાવ ઉપર જ પત્નીનાં સુખદુ:ખનો સર્વ આધાર રહેલો હોવાથી એ વ્યવસાય ઘણે અંશે સ્ત્રીના આનંદ કે અવસાદનો હેતુ થઈ શકે છે. એટલા માટે જ અમુક વ્યવસાયમાં શા ગુણ છે અને અમુક વ્યવસાયમાં શા અવગુણ છે ઇત્યાદિનું વિવેચન કરવાનો મેં અત્યારે નિર્ધાર કરેલો છે. વ્યવસાયમાં એટલી બધી સત્તા રહેલી છે કે, તે મનુષ્યની અવસ્થાને એક ક્ષણ માત્રમાં જ ફેરવી નાખે છે અને તેથી એ વ્યવસાયરાજનું માહાત્મ્ય જેટલું ગાવામાં આવે તેટલું થોડું છે. જેવી રીતે સ્ત્રી પુરુષનું અર્ધ અંગ મનાય છે, તેવી જ રીતે વ્યવસાય પુરુષના જીવનનો એક પ્રબળ ભાગ છે અને તેટલા માટે જ તેના ગુણદોષને જાણવાની વિશેષ આવશ્યકતા છે.

"આ વિશ્વમાં મનુષ્યજાતિની આવશ્યકતા અનુસાર લક્ષાવધિ પ્રકારના વ્યવસાયો નિર્માણ થયેલા છે અથવા કરાયલા છે. એમાંના ઘણાક વ્યવસાયો નીચ કહેવાય છે અને તે વ્યવસાય કરનારાઓ વ્યવસાયપરત્વે નીચ જાતિના મનાય છે. આપણી જાતિ ઉત્તમ છે; એટલે તું કોઈ ગામડિયા, સુતાર કે લુહાર સાથે તો પરણવાની નથી જ. આપણી જાતિની કન્યાઓ બહુધા ડૉક્ટર, પ્લીડર, બૅરિસ્ટર અથવા મોટા જમીનદાર કે જાગીરદાર સાથે પરણવાને જ વધારે આતુર હોય છે, એટલે આજકાલ જે વ્યવસાયો માનભરેલા મનાય છે, તેમનું જ હું વિવેચન કરીશ. જે વ્યવસાયો હું

અત્યારે વર્ણન કરવાની છું તે આ પ્રમાણે છે–અર્થાત્ વ્યવસાયપરત્વે પુરુષો આ નામોથી ઓળખાય છે;–જમીનદાર અથવા જાગીરદાર, વ્યાપારી, શ્રૉફ અથવા બૅંકર, ડૉક્ટર, પ્લીડર, બૅરિસ્ટર કવિ અથવા ગ્રંથકાર; નટ અને રાજદ્વારી પુરુષો ઇત્યાદિ.

"આપણામાં એક કહેવત છે કે,

'ભવ ઉત્તમ કૃષિકર્મ ને, મધ્યમ છે વ્યાપાર;
કનિષ્ઠ અતિ દાસત્વ ને, ભિક્ષા અધમ વિચાર !'

—અર્થાત્ કૃષિકર્મ અથવા ખેતીનો ધંધો સર્વથી વિશેષ ઉત્તમ છે. એટલા માટે જો જમીનદાર કે જાગીરદાર પતિ કેવળ પોતાના સ્વામિત્વથી જ સંતુષ્ટ થઈને ન બેસી રહેતો હોય, અને પોતાના ભૂમિભાગોની ફળદ્રૂપતાની દેખરેખ રાખતો હોય અને કૃષિકાર-સામ્રાજ્યના ગાઢ અંધકારમાં કિંચિત્ વિશેષ સુધારણારૂપ પ્રકાશને લાવવાનો પ્રયત્ન કરતો હોય, તો તે અવશ્ય સારો પતિ છે. એથી વિરુદ્ધ જો જમીનદાર અથવા જાગીરદાર પોતાની જમીન અથવા જાગીરની કદાપિ મુલાકાત જ ન લેતો હોય, પોતાની જમીન અને જાગીરને અમુક રકમ લઇને બીજા ખેડુતોને ખેડવામાટે આપી દઈ પોતે માત્ર તેની ઉપજથી જ સંતોષ માની બેસી રહેતો હોય, અને તે આવકને મોજમજામાં ઉડાવતો હોય, તો એવા જાગીરદાર કે જમીનદાર પતિની નિરુદ્યોગી અને આળસુ પતિઓમાં જ ગણના થાય છે. એવા જાગીરદાર કે જમીનદારો ઉદ્યોગ વિનાના વનચરો છે. જો પોતાનો પતિ જમીનદાર હોય તો સ્ત્રીએ તેની સાથે હમેશ પોતાનાં ખેતરોની તપાસ કરવામાટે જવું અને પતિને વારંવાર ત્યાં જવાનું અને પૂરતી દેખરેખ રાખવાનું દબાણ કર્યા કરવું, એ સ્ત્રીનો પણ પરમ ધર્મ છે. ભૂમિ જેવી અને તેમાં પણ આર્યાવર્તની ભૂમિ જેવી સંપત્તિ આ વિશ્વમાં બીજી એક પણ નથી; જો એ ભૂમિની બરાબર સંભાળ રાખવામાં આવે, તો એ કલ્પલતા જ થઈ પડે છે.

"પુત્રી રોહિણી! જો તારો **મોહનલાલ** એક બુદ્ધિમાન્, લાગણીવાળો અને સત્યાવલંબી વ્યાપારી હોય, તો તેની પત્ની થવામાં તારે જરા પણ શરમાવાનું કારણ નથી. વ્યાપારથી જ ખરી રીતે દેશનો ઉદ્ધાર થાય છે; 'વ્યાપારથી લક્ષ્મી વધે છે' એ કહેવત છે અને વ્યાપાર કરનાર વ્યાપારી હોય છે, એટલે વ્યાપારી જ દેશનો ખરો ઉદ્ધારક અને તારક કહેવાય છે. આજકાલના વ્યાપારીઓ અસત્યાવલંબી અને ઓછી લાગણીવાળા થઈ ગયા છે અને તેથી તેમના વિશે,–"વાણુ તાકે તે વાણિયો' 'વાણીઓ ને વરમદે કોઇના નહિ !' 'વાણિયો મિત્ર નહિ, ને અધરણી પવિત્ર નહિ !' 'વાણિયો રીઝયો તાળી આપે !' એવી એવી અનેક કહેવતો પડી ગઈ છે; છતાં હજી ધર્માત્મા વ્યાપારીઓની સંખ્યા ભારતવર્ષમાં કાંઈ ઓછી નથી. વ્યાપારીનું હૃદય પોતાનાં સ્ત્રીપરિવારમાટે બહુ જ લાગણીવાળું હોય છે. વ્યાપારી આખો દિવસ પોતાનો કામ-ધંધો અથવા વ્યાપાર રોજગાર કરીને થાકયો પાકયો સાંઝે ઘેર આવે છે, પરંતુ જ્યારે તે પોતાની ગૃહલક્ષ્મી અને નિર્દોષ બાળકોનાં સુધાકર સમાન શાંતિકારક મુખમંડળોનું દર્શન કરે છે ત્યારે તે પોતાના પરિશ્રમ અને થાકને એકદમ ભૂલી જાય છે. 'હું આ સર્વ પરિશ્રમો આ મારા પરિવારના લાભમાટે જ કરું છું,' એવા વિચારથી તેનું હૃદય શાંત રહે છે. 'સખાવતની શરૂઆત ઘરમાંથી જ થવી જોઈએ' એવી એક કહેવત છે

અને એ કહેવતને ખરી કરી બતાવનાર માત્ર વ્યાપારી જ હોય છે. તેની ઉદારતાનો ગૃહમાંથી જ આરંભ થાય છે. વ્યાપારીનો સ્ત્રીપરિવારમાં અનિવાર્ય પ્રેમ હોય છે અને તેમના સુખમાટે તે પોતાના ગમે તેવા સ્વાર્થનો ભોગ આપવાને પણ તૈયાર હોય છે. અન્ય વ્યવસાયવાળાઓનો નહિ, ને ખાસ કરીને વ્યાપાર કરનાર પુરુષોનો જે પોતાના પરિવારમાં એટલો બધો અખંડ અનુરાગ બંધાય છે, તેનું ખાસ કારણ એ છે કે, એક તો તેને સવારથી સાંઝ સુધી અવિશ્રાંત પરિશ્રમ કરવો પડે છે, અને બીજું હજારો રૂપિયાનો વ્યવહાર જાળવવાનો હોવાથી, બજારમાં પોતાની આંટ કાયમ રાખવામાટે તે પોતાની આબરૂનો ઘણો જ ડર રાખે છે અને તેથી વેશ્યાગમન, મદિરાપાન તથા નાટકચેટક આદિ પ્રતિષ્ઠાની હાનિ કરનારાં વ્યસનોથી તે નિરંતર અલિપ્ત રહેવાનો જ પ્રયત્ન કર્યા કરે છે. એવી રીતે જે અન્ય વ્યસનોથી અલિપ્ત જ રહેતો હોય, તેને પોતાના ઘર વિના અન્ય વિશ્રામ ન હોય એ સ્વાભાવિક જ છે, એટલે તે જેવો ધંધાથી છૂટે છે એટલે પછી ઘર વિના બીજું કોઈ સ્થાન તેના જોવામાં જ આવતું નથી. તે તરત ઘેર આવે છે અને જો સ્ત્રી સુશીલ હોય તો ગૃહમાં સ્વર્ગસુખનો આસ્વાદ લે છે. કોઇવાર 'વેપારને શિર દેવાળું ને નોકરીને શિર બરતર્ફી!' એ કહેવત પ્રમાણે જો વ્યાપારી બચ્ચો નાણાંની તંગી કે ખોટમાં આવી પડે છે અને દીવાળું ફુંકવાની તૈયારીમાં હોય છે, તો પણ ઘરમાં પોતાની સ્ત્રી અને બાળકોને જોઇને તેનો મૃત ઉત્સાહ પાછો સજીવન થાય છે, તે ધૈર્યથી એ આઘાતને સહન કરે છે, અને કુટુમ્બના હિતમાટે પુનઃ પ્રયત્ન કરીને સારા દિવસોને પાછા ખેંચી લાવે છે.

"આટલું છતાં વ્યાપારીઓમાં પણ એક પ્રમાદ જોવામાં આવે છે અને તે એ કે, વધારે પૈસા મેળવીને એકદમ ગાડીઘોડા ને વાડી બંગલાના ધણી બનવાની આશાથી સાહસ કરીને તેઓ મોટા મોટા સટ્ટા ખેલે છે. ખરી રીતે જોતાં એ સટ્ટો એક પ્રકારનો જુગાર હોવાથી ઘણા ખરા તો એથી પાયમાલ થઈ જાય છે અને કોઈ કોઇવાર તો તેમના દાંત અને અન્નને પણ વેર થઈ પડે છે. જો પોતાનો વ્યાપારી પતિ એકદમ ધનાઢ્ય થવાની આશાથી હદ ઉપરાંત પરિશ્રમ કરતો હોય અથવા તો મોટો સટોડિયો બની ગયો હોય તો સ્ત્રીએ ઘરમાં વધારે એટલે કે જરૂર કરતાં વધારે ખર્ચ ન કરવો અને બહુ જ સાદાઇમાં નિભાવ કરીને પ્રત્યક્ષ બતાવી આપવું કે, ધનની વિપુલતા ઉપર જ સુખનો આધાર નથી. સુખ ધનના બંધનથી સર્વથા મુક્ત અને સ્વતંત્ર છે, સંતોષમાં જ ખરું સુખ સમાયલું છે. ધનની અગાધ તૃષ્ણાથી કોઇને સુખ મળ્યું પણ નથી અને મળવાનું પણ નથી. વ્યાપારી પતિ સર્વ પ્રકારે ઇચ્છનીય અને આદરને પાત્ર છે.

"હવે શ્રૉફ અથવા અંગ્રેજી ભાષામાં જેને બૅંકરના નામથી ઓળખવામાં આવે છે, તે પતિનાં લક્ષણોનું આપણે અવલોકન કરીએ. શ્રૉફ એક રીતે વ્યાપારી જ છે, પણ ભેદ એટલો જ કે, તે કેવળ નાણાંનો જ વ્યાપાર કરે છે. આ જગતમાં પૈસો જ સહુ કરતાં વધારે અગત્યનો પદાર્થ હોવાથી શરાફીનો ધંધો કરનારા લોકો બહુધા વંશપરંપરાથી બુદ્ધિમાન્, દીર્ઘદર્શી અને સાહસી હોય છે અને એથી સમાજમાં પણ તેમની માન્યતા સારી હોય છે.

"ડૉક્ટર પતિ પોતાની પત્ની અને બાળકોની બીમારીમાં અતિશય ઉપયોગી થઈ પડે છે, તેથી ડૉક્ટર પતિ સારો કહી શકાય, પરંતુ ડૉક્ટરનો ધંધો એવો છે કે તેને

હમેશાં દુઃખી માણસો સાથે જ કામ પડ્યાં કરે છે અને તેના મનમાં નિરંતર ઔષધ તથા શસ્ત્રપ્રયોગ આદિના વિચારો જ ચાલ્યા કરે છે, તેથી તેનો સ્વભાવ સ્વાભાવિક રીતે ગંભીર થઈ જાય છે. જે સ્ત્રીનો સ્વભાવ શંકાશીલ અને દ્વેષી હોય, તેણે તો ડૉક્ટરનો પતિ તરીકે કદાપિ સ્વીકાર કરવો જ નહિ.

"જો મને કોઈ એવો સવાલ પૂછે કે, 'આ વિશ્વમાં કયું રાષ્ટ્ર સર્વ કરતાં વિશેષ નીતિમાન્ છે?' તો હું તત્કાળ એ જ જવાબ આપવાની કે, 'જે રાષ્ટ્રમાં વકીલ અને બૅરિસ્ટરોની સંખ્યા બીજાં સર્વ રાષ્ટ્રો કરતાં ઓછામાં ઓછી હોય તે!' મારા કહેવાનો ભાવાર્થ એવો નથી કે, વકીલ અને બૅરિસ્ટરો પોતે જ અનીતિમાન્ છે અને તેથી તેમની ચોર, ખૂની, લુટારા અને એવા જ બીજા અપરાધીઓની નામમાળામાં ગણના થવી જોઇએ; કિંતુ મારા બોલવાનો આશય એવો છે કે, વકીલ અને બૅરિસ્ટરોનો નિર્વાહ પોતાના દેશબાંધવો અથવા તો આડોશીપાડોશીઓની અનીતિના આધાર ઉપર જ રહેલો હોય છે. અર્થાત્ વકીલ અને બૅરિસ્ટરો સામાજિક ભ્રષ્ટતાના આડકતરી રીતે ઉત્પાદક અને બહુ અંશે પોષક જંતુ સમાન છે. જેવી રીતે આરોગ્યમંડિત મનુષ્યોને ડૉક્ટર કે વૈદ્યની આવશ્યકતા નથી હોતી, તેવી જ રીતે જે રાષ્ટ્રમાં સન્નીતિનું સામ્રાજ્ય વ્યાપેલું હોય, ત્યાં વકીલ, બૅરિસ્ટર, સૈનિક અને પોલીસની પણ આવશ્યકતા નથી જ. જ્યાં એ ત્રણ વસ્તુઓનું પ્રમાણ વધારે હોય ત્યાં અનીતિનું પ્રમાણ પણ વધારે હોય છે! મને આશા છે કે, ભવિષ્યમાં સમાજ અત્યાર કરતાં વધારે નીતિમાન્ થશે અને તે વેળાએ એ વકીલ તથા બૅરિસ્ટર રૂપ અનીતિરોગના ઉત્પાદક અને પોષક જંતુઓનો સર્વથા નાશ કે લોપ થઈ જશે. પરંતુ અત્યારની પરિસ્થિતિને જોતાં તે ભવિષ્ય દૂર દેખાય છે અને આપણે એ વકીલ બૅરિસ્ટરોવડે ઉભરાઈ જતા દેશમાં જ વસીએ છીએ. વકીલ અને બૅરિસ્ટરોની સંખ્યા આજકાલ એટલી બધી વધતી જાય છે કે, તેમને પોતાના નિર્વાહમાટે પૂરતા કેસો મળી શકતા નથી, અને તેથી ઘણીકવાર લોકોને અથડાવી મારીને તેઓ નવા ઝગડા જગાવે છે, કોઇવાર અમથા અમથા કોર્ટોમાં જઇને સરકારની કુરસીઓને બગાડે છે અને ન જ ફાવી શકાય તો પછી દેશના પોલીટીકલ લીડર—લોકમાન્ય મહાત્મા—બનીને યેનકેન પ્રકારેણ પ્રકાશમાં આવવાનો પ્રયત્ન આદરે છે! પરંતુ તેમની એ ભાડુતી દેશભક્તિમાં પણ બહુ અંશે પોતાના સ્વાર્થને સાધવાની આશા જ સમાયલી હોય છે અને એટલામાટે જ મ્યુનીસીપાલ જેવી સાર્વજનિક લાભની સંસ્થામાં વિરાજતા વકીલ બૅરિસ્ટરો દેશનો જરા પણ ખરો ઉદ્ધાર કરી શકતા નથી.

"ગ્રંથકર્તા, રાજદ્વારી પુરુષ, અને નટ આદિમાં પણ દોષો છે. ગ્રંથકર્તાની સ્ત્રીના પતિને સંતોષ ખરો, પણ ખાવાના વાખા; નામના ખરી, પણ ઘરમાં હાંલ્લે હાંલ્લાં કુસ્તી કરે! રાજદ્વારીની સ્ત્રીને આનંદ થોડો, ને નાટકીની સ્ત્રીના તો હાલ જ ભુંડા! માટે પતિ કરવા પૂર્વે એ સર્વની સંભાળ રાખવાની ને વિચાર કરવાની જરૂર છે."

"માતુશ્રી, આપની આ ઉપદેશરૂપ સૂચના અમૂલ્ય છે; પણ મારો નિશ્ચય છે કે, મોહનલાલ આવી કોઈ પણ પરીક્ષામાં સહજ ઉત્તીર્ણ થઈ શકશે. વળી આપની અનુમતિવિના આ કાર્ય થવાનું નથી, એટલે મારે ચિંતા રાખવાની અગત્ય નથી. તેઓ

આપના પરિચયમાં આવે અને તેમના વર્ત્તનથી આપને સંપૂર્ણ સંતોષ થાય, તો જ અનુમોદન આપજો." રોહિણીએ એક આજ્ઞાધારિણી આર્યદુહિતાને શોભાવે તેવાં જ વાકયો ઉચ્ચાર્યાં.

"જો તેમ જ હશે, તો હું તારા સુખના માર્ગમાં કંટક થવાની નથી!" સુજ્ઞ વૃન્દાએ આશ્વાસન આપ્યું, અને તે સાથે એ પતિની પસંદગીના આજના વિષયનો અંત આવી ગયો.

* * * * *

શ્રીકાશી ક્ષેત્રમાં આલમચંદ અને યશોદાના સહવાસમાં વૃન્દા તથા રોહિણીએ લગભગ એક માસ જેટલો સમય આનંદથી વીતાડી દીધો અને ત્યાર પછી વૃન્દાએ યશોદાને પોતાની કલકત્તા તરફ જવાની ઇચ્છા દર્શાવી. આલમચંદ તથા યશોદાએ હજી પણ થોડા દિવસ કાશીમાં જ રહેવાનો તેને બહુ આગ્રહ કર્યો, પણ વૃન્દાએ વળતી વેળાએ બે ચાર દિવસ કાશીમાં ઉતરવાનું વચન આપવાથી તેમણે નિરુપાય થઇને તેને જવાની આજ્ઞા આપી. આલમચંદ અને યશોદા ઠેઠ મુગલસરા સૂધી વૃન્દા તથા રોહિણીને વળાવવામાટે તેમની સાથે આવ્યાં અને ટ્રેન ઉપડી ગયા પછી અશ્રુપૂર્ણ લોચનસહિત ઘરભણી પાછાં ફર્યાં. કાશીનિવાસ કર્યો છતાં પણ સ્વદેશ અને દેશબાંધવો વિષયક સ્નેહ તેમના મનમાંથી નીકળી શકયો ન હોતો! એ જ સંસારનું બંધન અને માયાની એ જ મહા વિલક્ષણ મોહમયી આસકિતકારિણી ચમત્કારિક શકિત! મોહમુગ્ધતા તે આનું જ નામ! પરંતુ આ મોહ નિષ્કપટ અને નિષ્કામ હોવાથી ત્યાજ્ય તો નથી જ; કારણ કે વિશ્વના અસ્તિત્વનો આધાર આવા પ્રકારના વિશુદ્ધ અને પવિત્ર મોહ કિવા સ્નેહના બંધપર જ રહેલો છે! અસ્તુ!

પ્રકરણ ૩૨ મું

સુશીલા અને રોહિણીનું હરણ

રેલવે ટ્રેનના ગડગડાટ અને પ્રવાસનો થોડો ઘણો અનુભવ તો સૌને જ હોવો જોઇએ. આજ કાલના જમાનામાં રેલવે ટ્રેનમાં પ્રવાસ ન કર્યો હોય એવાં મનુષ્યો વિરલ જ. એટલા માટે રેલવે ટ્રેનમાંના પ્રવાસનું વિશેષ વર્ણન કરવાની અગત્ય નથી; તેમ જ વૃન્દા અને રોહિણીના પ્રવાસસમયનો સ્ટેશનનો વૃત્તાંત આપવાની પણ આવશ્યકતા ન હોવાથી અમે તેમને સીધાં કલકત્તાના હાવરા સ્ટેશન ઉપર જ પહોંચાડી દઇએ છીએ.

રેલવેટ્રેનોમાં અને તેમાં પણ ખાસ કરીને ઈસ્ટ ઇન્ડિયા રેલવેની ટ્રેનોમાં આજકાલ જે એક વિશેષ પ્રબંધ જોવામાં આવે છે, તેનું કાંઇક દિગ્દર્શન થવું જોઇએ. અત્યાર સુધી તો ચાલતી ટ્રેનમાં પ્રવાસીઓની કેવળ ટિકિટો જ ચેક કરવામાં આવતી હતી; પરંતુ હવે તો તેમના 'લગેજ' (સામાન)ને પણ ચેક કરવામાં આવે છે. પ્રત્યેક ટ્રેનમાં અંગ્રેજી ડ્રેસમાં સજ્જ થયેલા રેલવેના બે અધિકારીઓ–ટ્રેવેલિંગ ટિકિટ એકઝામીનર્સ એ કાર્યમાટે નિયત થયેલા હોય છે. ગાડી ચાલતી થયા પછી તે બન્ને થર્ડ કલાસના

દરવાજા પાસે આવી ધીમેથી દરવાજાને ખોલીને અંદર પધારે છે, અને પ્રત્યેક પ્રવાસીની ટિકિટ ચેક કરીને તેમનાં ઓટલાં પોટલાં તપાસવા મંડી જાય છે. એ લોકો પાસે લાકડામાં લટકાવેલો એક વિલાયતી કાંટો પણ હોય છે, એટલે સામાનને પણ બરાબર તોળી નાખવામાં વિલંબ લાગતો નથી.

થર્ડ કલાસમાં પ્રવાસ કરનાર એવા બહુ જ થોડા પ્રવાસીઓ હોય છે કે, જેઓ સ્ટેશનપર પોતાનો સામાન તોળાવીને એક્સેસ ફેઅર ભરતાં હોય. તેમ જ 'અમારી પાસે સામાન કાયદા કરતાં વધારે છે, એનો બહુધા તેમના મનમાં વિચાર પણ હોતો નથી. પાંચ દશ શેર ભાર વધારે હોય એ તો તેમના હિસાબમાં જ નથી હોતું–એક ચીજ વધારે લીધી કે પાંચ સાત શેર ભાર તો સહજમાં જ વધી જાય છે. બસ–અજ્ઞાન પ્રવાસી પાસેના સામાનનું થોડુંક વજન વધારે થયું એટલે સાહેબ બહાદુર તેની નોંધ કરી જાય છે અને બીજા સ્ટેશન ઉપર તેની પાસેથી તેનું બમણું ભાડું લે છે. એ તો જાણે એક વાત થઈ.

બીજી વાત એ છે કે, કેટલાક યાત્રાળુઓ બહુધા ધર્મનાં પૂછડાં હોય છે! તેઓ પોતાની વસ્તુઓને બીજા કોઇને અડકવા દેતા નથી, કેમકે 'છીવાઈ' જાય! તેથી એ સાહિબો મરજાદી વૈષ્ણવોની ખાનપાનની વસ્તુઓને પણ તોળવા મંડી જાય છે! આ બધો ત્રાસ કેવળ ત્રીજા વર્ગના રેલવે કંપનીઓના કલ્પવૃક્ષ પ્રવાસીઓમાટે જ છે. પહેલા અને બીજા વર્ગના પ્રવાસીઓને એમાંનો કશો પણ ત્રાસ ભોગવવો પડતો નથી.

આપણી બે પ્રવાસિનીઓ બીજા વર્ગમાં પ્રવાસ કરતી હોવાથી એ ખાનાતલાશીના ત્રાસથી તેઓ બચી ગઈ અને સુખરૂપ હાવરાના સ્ટેશન ઉપર આવી લાગી. કલકત્તાની ધનાઢ્ય વિધવા શ્રીમતી સરલાદેવી સાથે વૃન્દાનો પરિચય હોવાથી અને કાશીથી તેને તાર કરેલો હોવાથી તેની ગાડી તેમને લેવાને સ્ટેશન ઉપર આવી હતી અને તેની જાગીરનો વ્યવસ્થાપક રજનીકાંત પણ સ્ટેશન ઉપર આવ્યો હતો. તે આદર સહિત તેમને ગાડીમાં બેસાડીને સરલાદેવીના પ્રાસાદમાં લઈ ગયો.

એ દિવસે શ્રીમતી સરલાદેવીના ગૃહમાં આદરાતિથ્યનો સ્વીકાર કરી વિશ્રાંતિ લઇને બીજે દિવસે બપોર પછી જગન્નાથની યાત્રાએ જવાનો આપણી પ્રવાસિનીઓએ નિશ્ચય કર્યો. કલકત્તેથી જગન્નાથપુરી જવાના બે માર્ગો છે. જલમાર્ગથી પણ જવાય છે અને સ્થલમાર્ગથી પણ જણાય છે. સ્થલમાર્ગે કોઈ રેલવેમાં અને કોઈ બળદ ગાડીમાં પણ જાય છે. જેવી રીતે કોઈ કોઇવાર અનેક પ્રકારનાં પકવાન્ન અને મિષ્ટાન્ન ખાનારા શ્રીમંત અથવા રાજાને પણ જુઆર બાજરાનો રોટલો ખાવાની ઇચ્છા થઈ આવે છે, તેવી રીતે વિધવા વૃન્દાને રેલવેના પ્રવાસનો કંટાળો આવેલો હોવાથી અને સ્ટીમરમાં ચક્કર આવતાં હોવાથી બળદ ગાડીમાં બેસીને પુરીની યાત્રાએ જવાની ઇચ્છા થઈ આવી. રજનીકાંતે તરત બે બળદ ગાડીઓ ભાડેથી મંગાવી. વૃન્દાના આગ્રહથી તે પણ પોતાની સ્વામિનીની આજ્ઞા લઇને પોતાની પત્ની સુશીલા તથા બે રાજ્યાસી સંરક્ષકોને સાથે લઇને જગન્નાથની યાત્રામાટે, વૃન્દા તથા રોહિણીની સાથે જ જવાને તૈયાર થયો. મધ્યાહ્નભોજન કરીને બપોર પછી બે વાગ્યાના સુમારે તેમણે કલકત્તા છોડયું અને સંધ્યાકાળ સુધીમાં બન્ને ગાડીઓ અને તેમાંનાં પ્રવાસિજનો એક ગામ-

ડાની ભાગોળમાં આવી પહોંચ્યાં. તે ગામ ઓળંગ્યા પછી એક વિકટ અરણ્યમાં પ્રવાસ કરવાનો હોવાથી રાત્રે ચાલવું જોખમ ભરેલું હતું, અને તેથી તેમણે એ ગામમાં જ રાત વીતાડવાનો નિશ્ચય કરી ત્યાંની એક ધર્મશાળામાં પોતાની છાવણી નાખી.

એ ધર્મશાળામાં એક પ્રવાસી આગળથી આવીને ઉતર્યો હતો. તેનો દેખાવ જોતાં તે બહુ જ કંગાલ અને દીન મનુષ્ય જેવો દેખાતો હતો. માત્ર તેનું શરીર કૃશ થયેલું હોવાથી અને તેનાં નેત્રોની ચંચળતા વિલક્ષણ હોવાથી તેની ખરેખરી દુર્દશામાં કાંઈક સંશય ઉત્પન્ન થતો હતો. તેનાં ફાટેલાં વસ્ત્રો, વધી ગયેલી જટા અને દાઢી તથા શરીરની અસ્તવ્યસ્તતાને જોતાં તો કોઈ પણ કલ્પના કરી શકે, કે એ કોઈ કંગાલ ભીખારી જ હોવો જોઇએ!

જે વેળાએ આપણાં સર્વ પ્રવાસિજનો ધર્મશાળામાં આવ્યાં તે વેળાએ એ કંગાળ માણસ ધર્મશાળાના દરવાજામાંના ઓટલા ઉપર જ બેઠો હતો. તે આમ તેમ નજર ફેરવ્યા કરતો હતો. એ કંગાલ પ્રાણીને અને તેની આંખોના ચમકાટને જોતાં જ રોહિણીના હૃદયમાં અચાનક અગમ્યતાથી એક ભયંકર આઘાત થયો, અને તેથી તેનું સમસ્ત શરીર કંપી ગયું. પરંતુ એ ગભરાટના કારણને તે તત્કાલ સમજી શકી નહિ. વૃન્દા, રોહિણી, સુશીલા અને રજનીકાંત તથા તેમનાં માણસો વગેરે ધર્મશાળામાં ગયા પછી તે કંગાલ બેઠો હતો ત્યાંથી એકાએક ઉભો થયો. તે રક્ત મુદ્રા તથા રક્ત નેત્ર કરીને આત્મગત કહેવા લાગ્યો:—"બસ આજે મારો શિકાર મારા હાથમાં છે, આજે હવે એ મારા હાથમાંથી કદાપિ છટકી શકે તેમ નથી જ. ઓ ફતેહ—ફતેહ—ફતેહ!!" એવી રીતે બોલતો તે ત્યાંથી દોડ્યો અને થોડે દૂર ગયા પછી ગાઢ અરણ્યમાંની વૃક્ષરાજીમાં અદૃશ્ય થઈ ગયો.

ધીમે ધીમે રાત્રિનું આગમન થયું. પ્રવાસીઓ ભોજન કરી વાતચીત કરતાં બેઠાં. રજનીકાંતને બંગાળ અને ઓરીસાનો સારો અનુભવ હોવાથી, તથા તે કેટલાંક વર્ષથી બંગાળામાં વસતો હોવાથી, વૃન્દા તેને બંગાળાના લોકોની રીતભાત અને બંગાળામાં જોવાલાયક કયાં સ્થાનો છે એ વિશેની હકીકત પૂછવા લાગી. રજનીકાંત તેના પ્રશ્નોનાં સંતોષકારક ઉત્તરો આપતો હતો. એ સંભાષણમાં વારંવાર રોહિણી અને સુશીલા પણ ભાગ લેતી હતી અને વેળા આનંદમાં વીતી જતી હતી. લગભગ દશ વાગ્યાનો અમલ થવા આવ્યો એટલે સર્વેએ સૂવાની તૈયારી કરવા માંડી. ધર્મશાળાના રક્ષકે ખાટલા બાટલા પ્રથમથી જ પાથરીને તૈયાર રાખ્યા હતા એટલે સર્વે સત્વર નિદ્રાવશ થઈ ગયાં. નિદ્રાવશ થવા પૂર્વે રજનીકાંતે ધર્મશાળાનાં દ્વાર બરાબર બંધ છે કે કેમ એની પોતે જ તપાસ કરી, અને દ્વાર બરાબર બંધ હતાં એટલે પછી ભય કે શંકાનું વિશેષ પ્રયોજન નહોતું. એ પ્રદેશમાં લુટારાનું જોર હોવાથી કેટલીકવાર પ્રવાસીઓ બહુ ભયભીત રહેતા હતા.

મધ્યરાત્રિનો સમય થયો. દિવસના પણ અત્યંત ભીષણ ગણાતા અરણ્યે રાત્રિના નિબિડ અંધકારમાં એવી ભયંકર ભીષણતા ધારણ કરી કે, જાણે વિશ્વની સમસ્ત અંધકારમય ભયાનકતાએ એ સ્થળે જ આવીને નિવાસ કર્યો હોયની! નિર્જન અરણ્ય, રાત્રિ, અને તે પણ કૃષ્ણપક્ષની ચતુર્દશી એટલે ત્યાં કેવી ભયાનકતા વિસ્તરેલી હશે,

એની કલ્પના—મંદ કલ્પના પણ મુંબઇના અને કલકતાના વીજળીની ઝગમગાટવાળી રોશનીવાળા, ગેસલાઇટથી પ્રકાશિત અથવા તો કિટસન લાઇટથી વિભૂષિત માર્ગોમાં વિચરનારા અને જંગલો તથા ગામડાંનો એકવાર પણ જેમણે અનુભવ લીધો ન હોય એવાં નાગરિકોના મનમાં આવવી સર્વથા અશકય છે. એ ભયાનકતાની કલ્પના કરવા-માટે પ્રત્યક્ષ એવી ભયાનકતાનો અનુભવ જ થવો જોઇએ. સમય શાંત, નિશા શાંત, અરણ્ય શાંત અને અરણ્યવાસી પશુપક્ષીઓ પણ શાંત હતાં; કોઈ પણ સ્થળમાંથી કોઈ પણ પ્રકારનો શબ્દ સાંભળવામાં આવતો નહોતો.

એવા સમયમાં અચાનક ધર્મશાળાના દ્વારના બાહ્ય ભાગમાં આઠ દશ મનુષ્યોની આકૃતિઓ દૃષ્ટિગોચર થઈ. તેમનાં મુખમંડળો કેવાં હતાં, તેમનાં શરીરોનો રંગ કેવો હતો અને તેમણે કેવા પ્રકારનાં વસ્ત્રો ધારણ કરેલાં હતાં એ અંધકારની નિબિડતામાં કાંઈ પણ દેખાઈ શકતું નહોતું. માત્ર તેમની વાતચીત સાંભળી શકાતી હતી. તેમાંના એકે કહ્યું; “જોજે, તું અમારા મંડળમાં નવો સવો આવેલો છે એટલે દગોફટકો ન કરતો. નહિ તો અમે પકડાઇશું તે પહેલાં તને તો તારા કાળને હવાલે કરી દઇશું.”

“જો હું દગાબાજી કરું, તો મારા પ્રાણ ભલે લેજો—મારી નાખજો! પરંતુ એટલી મારી સરત તમારે માન્ય કરવી જ જોઇએ કે, આ લૂટમાંથી મળે તે બધો માલ તમારો અને માત્ર એક અબળા મારી!” બીજાએ શરત કરી.

“પણ અલ્યાએ! આસામી તો ગબ્બર છેને? જોજે—મેહનત માથે ન પડે હોં કે!” ત્રીજાએ બીજાને જણાવ્યું.

“એ વિશે તમારે જરા પણ ચિન્તા ન કરવી. આ યાત્રાએ નીકળેલી વિધવા એટલી બધી ગબ્બર છે કે, એની દોલત કેટલી છે એ તે પોતે પણ જાણતી નથી. નહિ નહિ તોપણ એની પાસે અત્યારે પણ પાંચ પચીસ હજારનો અવેજ હોવો જ જોઇએ. મારી તો એવી ધારણા છે, પછી તો જેવાં આપણા બધાનાં નસીબ!” બીજાએ ત્રીજાને પણ આશાના આકાશમાં ચઢાવી દીધો.

“ત્યારે હવે વાર શામાટે કરવી? વખત નકામો વીતી જાય છે.” ચોથાએ અધીરતા બતાવી.

“ધર્મશાળાના રખેવાલને જગાડો;” પહેલાએ એક માણસને આજ્ઞા કરી. તરત તે માણસે ધર્મશાળાનાં દ્વાર ઉપર ટિચકીઓ વગાડવા માંડી. લગભગ દશ મિનિટમાં જ ધર્મશાળાનાં દ્વાર ઉઘડી ગયાં અને તે દશે માણસોએ ધીમાં પગલાંથી ધર્મશાળાના અંદરના ભાગમાં પ્રવેશ કર્યો. તેમણે દૂરથી જોયું તો સર્વ પ્રવાસીઓ ગાઢ નિદ્રામાં પડેલાં હતાં, અને તેમની પાસે પડેલા એક હરીકેન લૅમ્પનો પ્રકાશ થોડી જગ્યામાં વિસ્તરેલો હતો. આવેલા માણસોમાંનો એક માણસ અને ધર્મશાળાનો રક્ષક બે જણ પ્રથમ તે પ્રવાસીઓ જ્યાં નિદ્રાવશ થયાં હતાં ત્યાં ગયા, અને શું શું કેવી રીતે ઉપાડવું તેની મનમાં ગોઠવણ કરી લીધી. તરત તેમનો ઇશારો મળતાં બીજા પુરુષો પણ ત્યાં આવી લાગ્યા, અને તેમાંના એકે પોતાના ખીસામાંથી કલોરોફોર્મની બાટલી કાઢી તેને એક રૂની ટાપીમાં છાંટીને ત્રણમાંની બે સ્ત્રીઓને નિદ્રામાં જ અચેતન કરી નાખી, બે હૃષ્ટપુષ્ટ મનુષ્યોએ તે બે અબળાઓને પોતાની પીઠ ઉપર ઉપાડી

લીધી, અને બીજાઓએ ત્રણ ચાર ટ્રંકોને ઉપાડી લીધી. એ પ્રમાણેનું પોતાનું કાર્ય કરીને તેઓ પાછા ધર્મશાળાની બહાર આવ્યા અને પાસેના જંગલમાં પ્રવેશ કરીને અદૃશ્ય થઈ ગયા.

તેમના ગયા પછી ધર્મશાળાનો રક્ષક પાછો ગોદડું ઓઢીને પોતાની જગ્યાએ સૂઈ ગયો; પણ જાણીજોઇને ધર્મશાળાનાં બારણાં તો તેણે ઉઘાડાં જ રહેવા દીધાં.

* * * * *

એ બનાવને લગભગ એક કલાક કે દોઢ કલાક જેટલો વખત થઈ ગયા પછી અચાનક ત્રીજી પ્રવીસિની નિદ્રામાંથી જાગૃત થઈ, અને આસપાસ નજર નાખી તો રોહિણી અને સુશીલા જોવામાં ન આવી. સામાન પણ બધો અદૃશ્ય થયો હતો, જેમનું હરણ થયું હતું તે સ્ત્રીઓ રોહિણી અને સુશીલા હતી અને એ જાગી ઉઠનાર અબળા બીજી કોઈ નહિ પણ વૃન્દા જ હતી. વૃન્દાએ ગભરાઇને મોટી બૂમ મારી અને રજનીકાંતને નિદ્રામાંથી જગાડ્યો. તેના એ કોલાહલથી ત્રણ નોકરો પણ જાગી ઉઠયા અને ગયેલા સામાન તથા અદૃશ્ય થયેલી બે અબળાઓને આમ તેમ શોધવા લાગ્યા. રજનીકાંતે ધર્મશાળાનાં બારણાં ખુલ્લાં જોયાં એટલે તેના પેટમાં પણ ફાળ પડી અને તે જાણી ગયો કે, 'સર્વ નાશ થઈ ચૂકયો છે!'

"રજનીકાંત! મારી પુત્રી કયાં છે?" વૃન્દાએ ભયભીતતાથી પૂછયું.

"હું પણ એ જ જાણવા માગું છું કે, મારી સુશીલ પત્ની સુશીલા કયાં છે?" રજનીકાંતે સામો પ્રશ્ન કર્યો.

"આપણી પેટીઓ પણ દેખાતી નથી." એક અનુચરે કહ્યું.

"જુઓ-ધર્મશાળાનાં બહારનાં બારણાં ઉઘાડાં પડ્યાં છે, એટલે જણાય છે કે, લુટારા અહીં આવીને આપણી પાયમાલી કરી ગયા છે. પણ મને આશ્ચર્ય એ થાય છે કે, હું સૂવા પહેલાં બારણાં બરાબર તપાસી આવ્યો હતો, છતાં અત્યારે આ બારણાં ખુલ્લાં પડ્યાં છે અને બારણાં તૂટવાનાં ચિન્હો પણ દેખાતાં નથી એનું કારણ શું હશે?" રજનીકાંતે ઉદ્દગાર કાઢયા.

"પૈસાટકા અને બીજો માલ ગયો તેની મને પરવા નથી; પણ મારી રોહિણીને પીટયા લુટારાઓ શામાટે ઉપાડી ગયા હશે એ હું સમજી શકતી નથી. શું હવે મારી રોહિણી પાછી મને નહિ જ મળે કે? અરે-એ મારી આંધળીની લાકડી કયાં છે? આ પગવાટે આવવાની કુબુદ્ધિ ઈશ્વરે મને શામાટે સુઝાડી રે મા!" વૃન્દાએ કલ્પાંત કરવા માંડયું.

"બાઇ સાહેબ! અત્યારે હવે ધીરજ ધારણ કરો. આમ કલ્પાંત કરવાથી કાંઈ પણ વળવાનું નથી. જેમ આપની પુત્રીનું તેમ જ મારી પત્નીનું પણ લુટારાએ હરણ કર્યું છે. આપણે બન્ને અત્યારે સરખાં દુઃખી છીએ. હવે આપ આપના નોકરો સાથે અહીં જ રહો. હું મારા સશસ્ત્ર નોકરોને લઇને એ અબળાઓના શોધમાં જાઉં છું. મારી એવી ધારણા છે કે, રોહિણી અને સુશીલાના શરીર ઉપર મોટી કીંમતનાં ઘરેણાં હોવાથી એ ઘરેણાંની લાલચે જ લુટારા તેમને ઉપાડી ગયા હશે, અને જંગલમાં ઘરેણાં

ઉતારીને તેમને ક્યાંક રખડતી છોડી દીધી હશે. ઘણું કરીને હમણાંજ તેમનો પત્તો મળી આવશે!" રજનીકાંતે એમ કહીને પોતાના નોકરોને ઇશારો કર્યો.

"અમે તૈયાર છીએ." નોકરોએ હિમ્મતથી કહ્યું.

"પણ ભાઈ! વખતે આ સાહસમાં ક્યાંક તમારા અમૂલ્ય જીવની હાનિ ન થઈ જાય એનો કાંઈ વિચાર કર્યો? વખતે લુટારાની સંખ્યા મોટી હશે તો તેઓ જરૂર તમને મારવાના જ." વૃન્દાએ કહ્યું.

"બાઈ સાહેબ! એ વિશે આપ ચિન્તા ન કરો. આપણી વહૂ દીકરીઓની આબરૂ કરતાં આપણા પ્રાણનું મૂલ્ય વધારે નથી. અત્યારે આપણી પાસે માણસો નથી એટલે ઈશ્વરમાં વિશ્વાસ રાખીને સમય ન ખોતાં અત્યારે જ તેમને શોધવાનો યત્ન કરવો જોઇએ. હું આ ધર્મશાળાના રક્ષકોમાંના પણ એકને સાથે લઇશ એટલે અમે ચાર જણ થઇશું. અમે સર્વે શસ્ત્રાસ્ત્રધારી હોવાથી ચાર જણ ચોવીસને ભારી થઇ પડીશું. માટે ઈશ્વરપર વિશ્વાસ રાખી અમને જવા દ્યો અને ચિન્તાને મનમાંથી કાઢી નાખો." રજનીકાંતે એ પ્રમાણે કહી પોતાની રિવોલ્વર ભરીને ચાલવા માંડયું. તેના બે નોકરો પણ ફાનૂસ લઇને તેની પાછળ ચાલ્યા. ધર્મશાળાનો એક રક્ષક પણ તેની સાથે ગયો.

એ ચાર માણસોએ નિબિડ અરણ્યમાં પ્રવેશ કર્યો. લગભગ ત્રણ વાગી ગયા હતા અને અદ્યાપિ અંધકાર જેમનો તેમ જ પ્રસરેલો હતો. હરીકેન લૅમ્પનો પ્રકાશ વધારે દૂર પહોંચી શકતો નહોતો એટલે રજનીકાંતે 'બહેન રોહિણી!' અને 'પ્રિયા સુશીલા!' કહીને જંગલમાં બૂમો પાડવા માંડી, પણ એ પોકારનો માત્ર નિઃસ્તબ્ધ અરણ્યમાં પ્રતિધ્વનિ અને પ્રત્યાઘાત થવા વિના બીજું કાંઈ પણ પરિણામ થયું નહિ. તેઓ આગળ અને આગળ વધવા લાગ્યા. લગભગ એક માઇલનો પ્રવાસ કરી આવ્યા પછી દૂરથી એક દીપકનો મંદ પ્રકાશ તેમના જોવામાં આવ્યો એટલે એથી રજનીકાંતે એવું અનુમાન કર્યું કે, વખતે લુટારા એ સ્થળે હરેલી સ્ત્રીઓનાં ઘરેણાં ઉતારી લેવાને થોભ્યા હશે. એવા વિચારથી તે પોતાના માણસો સાથે તે દિશામાં ચાલવા લાગ્યો. તે દીપકવાળા સ્થાને પહોંચતાં ત્યાં એક મોટું મકાન જોવામાં આવ્યું પણ તે બહારથી ખંડિયેર જેવું દેખાતું હતું, અને તેમાં જ બળતા તે દીપકનો મંદ પ્રકાશ દૂરથી જોવામાં આવ્યો હતો. રજનીકાંતે ધાર્યું કે, એ પણ કદાચિત્ ધર્મશાળા હશે અને જો લુટારા અહીંથી આવ્યા ગયા હશે તો રક્ષકને પૂછવાથી સમાચાર મળશે. એમ ધારીને તેણે તે મકાનનો દરવાજો ખખડાવ્યો, લગભગ બે મિનિટ પછી એક બુઢ્ઢાએ આવીને દરવાજો ખોલ્યો અને કર્કશ સ્વરથી પૂછ્યું:–"કેમ ભાઇઓ શું છે? આટલી મોડી રાતે શામાટે આવ્યા છો?"

"આવા જંગલમાં આ મકાન શામાટે બાંધવામાં આવ્યું છે?" રજનીએ સવાલ કર્યો.

"જી–આ ધર્મશાળા છે!" બુઢ્ઢાએ જવાબ આપ્યો.

"અમે પણ ધર્મશાળાના શોધમાં જ હતા. અમારા ચાર પાંચ સાથીઓ કે જેમની સાથે બે સ્ત્રીઓ છે તેઓ અમારાથી આગળ આવવામાટે નીકળ્યા હતા, તેઓ અહીં આવ્યા છે?" રજનીએ બીજો માર્મિક પ્રશ્ન રજૂ કર્યો.

"જી હા—થોડા વખત પહેલાં જ તેઓ અહીં આવીને ઉતર્યા છે; આવો તો, હું આપને તેમની સાથે મેળવી આપું." બુઢ્ઢાએ કર્કશતાને સ્થાને વાણીમાં નમ્રતા લાવીને કહ્યું.

રજનીકાંત અને તેના સાથીઓ વધારે સવાલ જવાબ ન કરતાં તે બુઢ્ઢાની પાછળ તે મકાનમાં પ્રવેશ કરીને ચાલવા લાગ્યા. તે બુઢ્ઢો તેમને લઇને ચાલતો થયો. ત્રણ ચાર આંગણાં અને પાંચ પંદર ઓરડાઓમાંથી પસાર થવા છતાં કોઈ પણ મનુષ્ય તેમના જોવામાં ન આવ્યો, અને એથી તેમના હૃદયમાં નાના પ્રકારની શંકાઓ અને તર્ક વિતર્કોનો ઉદ્ભવ થવા લાગ્યો. તેઓ એક બીજાનાં મોઢાં જોવા લાગ્યા. થોડીવાર પછી એક મોટો ચોક આવ્યો અને તે ચોકમાં આઠ દશ માણસો એક સ્થાને બેઠા બેઠા વાતચીત કરતા તેમના જોવામાં આવ્યા. તે સર્વ જનોની આકૃતિઓ ભયંકર હતી. રજની જાણી ગયો કે, 'આપણે પણ જાળમાં ફસાયા છીએ.' છતાં તેણે કોઈ પણ પ્રકારનાં ભયદર્શક ચિન્હો ન બતાવ્યાં. ચોક ઓળંગ્યા પછી તે બુઢ્ઢાએ એક ઓરડામાંની સીડી ઉપરથી નીચે ઉતરવા માંડ્યું; અર્થાત્ તે તેમને ભોંયરામાં લઈ ગયો અને ભોંયરામાંની એક ઓરડી તરફ આંગળી બતાવીને તેમને ત્યાં બેસવાનો ઇશારો કર્યો. એ ઓરડી બહુ બહુ તો દશ હાથ કરતાં વધારે લાંબી તો નહિ જ હોય. ચારે તરફથી દીવાલો ખવાઈ ગયેલી હતી, અને ઓરડીમાં બે ખાટલા પડ્યા હતા. એક ખૂણામાં દીવેલનો દીવો પણ બળતો જોવામાં આવતો હતો. તે બુઢ્ઢાએ કહ્યું કે;—"અહીં વિરાજો, હું તમારા સાથીઓને તમારા આવવાના સમાચાર આપું છું. આપને કાંઈ જોઇશે કે?"

"અમને કાંઈ પણ જોઇતું નથી." રજનીએ ઉત્તર આપ્યું.

બુઢ્ઢો ચાલ્યો ગયો. તેના જવા પછી પોતાનાં માણસો તરફ નજર નાખતાં ધર્મશાળાનો સાથે આવેલો રક્ષક પણ ગુમ થયેલો દેખાયો. થોડીવાર રજની વિચારમાં પડી ગયો અને ત્યાર પછી તે પોતાના બે નિમકહલાલ નોકરોને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે;—"ભાઈઓ! મને તો આ ધર્મશાળા નહિ, પણ કોઈ ભયંકર ભેદભવન જ દેખાય છે. તમો સર્વનો શો અભિપ્રાય છે?"

"અમારો પણ એવો જ અભિપ્રાય છે." બન્ને નોકરોએ પણ તેવું જ મત દર્શાવ્યું.

"ત્યારે હવે અમૂલ્ય સમય ન ખોતાં આપણે જો નઠારો પ્રસંગ આવે તો આપણા પોતાના બચાવમાટે આ મકાનની તપાસ કરવી જોઈએ." રજનીકાંતે ગંભીરતાથી કહ્યું.

"આપનો એ વિચાર સ્તુત્ય છે." અનુચરોએ કહ્યું.

રજની એકદમ ઉભો થઈ ગયો અને તે ઓરડીના દરવાજામાં ઉભો રહી આમ તેમ નજર દોડાવવા લાગ્યો. તેના અનુચરો પણ તેની પાછળ જ ઉભેલા હતા.

* * * *

રજનીકાંત અને તેના માણસોને જે ઓરડી આપવામાં આવી હતી તેની જોડમાં જ એક બીજી ન્હાની ઓરડી હતી. તેમાં ઘણીક ભાંગેલી તૂટેલી ચીજો ભરેલી હતી. સામી બાજૂએ એક મોટો ઓરડો રજનીકાંતના જોવામાં આવ્યો. ચારે તરફના બીજા ઓરડાઓ સાથે સરખાવતાં એ જ એક સારો ઓરડો હતો. બારીક નજરથી જોતાં તે ઓરડામાં દીપકનો પ્રકાશ હોય એમ દેખાયું. સહજમાં જ તેમાં મનુષ્યો હોવાં જ

જોઇએ એવું અનુમાન પણ નીકળી આવ્યું. એ મકાનની હાલત અને ચોકમાં બેઠેલા મનુષ્યોની આકૃતિઓને જોઇને રજનીકાંત, મનમાં તો પામી જ ગયો કે, 'આપણે ખરેખર કોઈ મોટા બદમાશોના સકંજામાં સપડાઈ ગયા છીએ.'

તેણે દરવાજા ઉપરથી ચાલીને તે ઓરડા તરફ પગલાં લંબાવ્યાં. દરવાજા પાસે જઇને ફાટમાંથી અંદર નજર નાખવાનો તેણે પ્રયત્ન કર્યો, પણ તે મોટા ઓરડાના દરવાજા એવા તો મજબૂત હતા, કે અંદરના ભાગમાંની કોઈ પણ વસ્તુ જોવામાં આવી શકતી નહોતી. બહુ ખોળ કરવા પછી એક સ્થળે એક છિદ્રમાંથી બહાર આવતાં પ્રકાશનાં કિરણો તેના જોવામાં આવ્યાં. તરત તે છિદ્રમાં આંખ લગાડીને તે અંદરની લીલા જોવા લાગ્યો. જે કાંઈ તેના જોવા જાણવામાં આવ્યું તેથી તે આશ્ચર્યચકિત જ નહિ, કિંતુ દિગ્મૂઢ અને સ્તંભિત પણ થઈ ગયો. એક હૃષ્ટપુષ્ટ પુરુષ તે મોટા ઓરડામાં એક કુરસી ઉપર બેઠો હતો. તેની સામેના નાના ગોળ ટેબલ ઉપર બે ત્રણ ગ્લાસ અને એક બાટલી આદિ વસ્તુઓ પડેલી હતી. તેની જોડમાં જ ભયાનક મુદ્રાવાળી એક સ્ત્રી બેઠી હતી. તેઓ મદિરાપાન કરતાં હતાં. થોડીવારમાં ત્યાં બીજા પાંચ છ મનુષ્યો આવ્યા અને લાંબી લાંબી સલામો કરીને કુરસી ઉપર બેસી ગયા. તેમની સલામોના રંગ અને વાતો કરવાના ઢંગથી એટલું જાણવામાં આવ્યું કે, જે પુરુષ પ્રથમથી જ ઓરડામાં બેઠો હતો તે કોઈ સરદાર હતો અને આ બધા તેના તાબેદાર માણસો અથવા બીજા કોઈ હતા.

બધાના પોષાક જોતાં બંગાળીઓ જેવા જ દેખાતા હતા. એમના આવતાં જ દારૂનો દોર ચાલવા લાગ્યો અને બાટલીઓ ખાલી થવા લાગી. થોડીવાર પછી એક છોકરીએ આવીને તે સરદારના મોઢા આગળ એક મોટી લાંબી નેહનો હુક્કો ધર્યો, અને તે પોતે સંકોચાઇને એક ખૂણામાં જઇને ઉભી રહી. એ છોકરીને આવેલી જોતાં જ તે સરદારના મુખમંડળમાં એક પ્રકારના તિરસ્કરણીય અને વિલક્ષણ સ્મિતની છટા દેખાવા લાગી, અને તેથી તે છોકરી તરફ હાથ ઉઠાવીને તેણે બંગાળી ભાષામાં કેટલાંક વાકયો ઉચ્ચાર્યાં. એનો ધ્વનિ રજનીએ સાંભળ્યો, પણ વચ્ચે જાડી ભીંત હોવાથી તેનાં વાકયોનો ભાવાર્થ તેના સમજવામાં આવી શકયો નહિ. તે બિચારી છોકરી વધારે સંકોચાઈ ગઈ અને ભયથી થરથર કંપવા લાગી. તેની આવી અવસ્થાને જોઇને તે સરદાર અટ્ટહાસ કરવા લાગ્યો અને કાંઈક બબડીને પાછો દારૂની પ્યાલીઓ ગટગટાવા લાગ્યો.

એ બધી લીલા જોઇને રજનીકાંતના મસ્તિષ્કમાં ભ્રમણ થવા લાગ્યું અને 'હાય સુશીલા! આ શું!' એમ બોલતો તે પડતો પડતો બચી ગયો. એ પરિસ્થિતિ થોડી જ વાર ટકી, પણ તેટલામાં રજની તો બળી જળીને ભસ્મીભૂત જ બની ગયો. અચાનક બે પુરુષો કોઈ વસ્તુને ઝોળીમાં નાંખીને ત્યાં લઈ આવ્યા અને તેને તેમણે પાસેના પલંગ ઉપર નાખી દીધી. એ વસ્તુ એક અબળા હતી—તેને ઓળખતાં જ રજનીની આંખોમાં અંધારાં આવી ગયાં અને તેના મુખમાંથી એકાએક 'બહેન રોહિણી! તારી આવી દુર્દશા!' એવો ઉદ્ગાર નીકળી ગયો. તેના મુખમાંથી એ શબ્દો નીકળવાની સાથે જ કોઇએ પાછળથી આવીને તેના શિરમાં મુષ્ટિનો એવો તો પ્રબળ આઘાત કર્યો કે, તેના યોગે તે મૂર્છિત થઇને પૃથ્વી ઉપર પટકાઈ પડયો.

પ્રકરણ ૩૩ મું
લુટારાના છટકામાં

સુશીલા અને રોહિણીને મુકીને તે બદમાશો ત્યાંથી ઉઠીને અન્યત્ર ચાલ્યા ગયા. બન્ને સભ્ય સુંદરીઓ મહાવિપત્તિમાં આવી પડી હતી છતાં ઉભય સુશિક્ષિત હોવાથી જેમ તેમ હિમ્મત ધારીને આવનારી અધિક આપત્તિને આવકાર આપવાની માર્ગપ્રતીક્ષા કરતી બેસી રહી હતી. થોડીવારમાં જ ત્યાં એક પુરુષ આવ્યો. રોહિણી તેને જોતાં જ ઓળખી ગઈ કે, ધર્મશાળાના દ્વાર ઉપર જે કંગાલ ભીખારી જોવામાં આવ્યો હતો તે જ એ હતો. તે પુરુષે આવતાંની સાથે જ રોહિણીને કહ્યું કે; "રોહિણી! તું મને આ અવતારમાં ઓળખી શકે છે ખરી કે?"

રોહિણી કાંઈ પણ જવાબ ન આપતાં આંખો ફાડીને તેને જોવા લાગી; પરંતુ મનનો કાંઈ નિશ્ચય ન થવાથી વિચારમાં પડી ગઈ. તેને આમ વધારે વાર શંકામાં ન રાખવાના હેતુથી તે માણસે તરત પોતાની બનાવટી દાઢી અને જટાને કાઢીને દૂર ફેંકી દીધી અને કહ્યું કે; "હું તારો જૂનો આશક—તારા ઉપર પ્રાણ આપનારો આશક લાલચંદ છું! રોહિણી! રોહિણી! કેવળ તારા માટે જ પાપમાર્ગનો સ્વીકાર કરીને મારે આ અવતાર ધારણ કરવો પડ્યો છે. હજી પણ મારા પ્રેમનો સ્વીકાર કરીને તું મને પ્રેમના બદલામાં પ્રેમરસ નહિ ચખાડે?"

"આવા અપવિત્ર પુરુષના સ્પર્શથી શરીરને પતિત અને ભ્રષ્ટ કરવા પૂર્વે આ રોહિણી મરણના સત્કારને જ વધારે પસંદ કરશે!" રોહિણીએ નિર્ભયતાથી ઉત્તર આપ્યું.

"જો હજી પણ તારો આવો જ હઠ છે, તો તારા જે શરીરના ઉપભોગમાટે મેં દેશનો ત્યાગ કર્યો છે, લુટારાના મંડળનો આશ્રય કર્યો છે અને એક ભટકતા ભીખારીનો અવતાર ધર્યો છે, તે મારી આશાને આજે હું બળાત્કારથી પણ તૃપ્ત અને સફળ કરીશ જ!" એમ કહી લાલચંદ રોહિણીનું કાંડું પકડી તેના પવિત્ર શરીર ઉપર ધસારો કરવા જતો હતો એટલામાં અચાનક એક તરુણ અબળાએ આવી પાછળથી તેના પડખામાં કટાર ભોકી દીધી, અને થોડીવારમાં દુષ્ટ લાલચંદ નિર્જીવ થઇને નીચે પડી ગયો.

એ ભયાનક દેખાવને જોઇને રોહિણી અને સુશીલા મોટા ગભરાટમાં પડી ગઈ, અને એ રાક્ષસી અમને પણ મારી નાખશે કે શું, એવો તેમના હૃદયમાં ભય પેસી ગયો. તે નૂતન શસ્ત્રધારિણી સુંદરી જાણે તેમના હૃદયના ભાવને બરાબર જાણી ગઈ હોયની એવા ભાવથી તેમને કહેવા લાગી કે; "બહેનો! ગભરાશો નહિ. તમને ભ્રષ્ટતાથી બચાવવામાટે જ મેં આ દુષ્ટ પુરુષનો વધ કર્યો છે. હું લુટારાના સરદારની પુત્રી છું, પરંતુ સ્ત્રી હોવાથી મારું અંતઃકરણ મૃદુ છે અને તેથી જ મારી સજાતીય અબળાઓ ઉપર થતા અત્યાચારને હું જોઈ શકતી નથી. પણ અરે આમ વાતોમાં વખત વીતાડવાનો આ પ્રસંગ નથી. તમારા પ્રાણ ભયમાં છે—તમને મારી નાખવાનો લુટારાએ નિશ્ચય કર્યો છે; માટે આવો મારામાં વિશ્વાસ રાખીને મારી સાથે આવો. હું તમને એક ગુપ્ત અને નિર્ભય સ્થાનમાં લઈ જઇશ અને ત્યાં બધી કર્મકથા વિસ્તારથી કહી સંભળાવીશ!"

રોહિણી અને સુશીલાનો તે અપરિચિત અબળાના વચનમાં વિશ્વાસ બંધાયો અને તેઓ તેની પાછળ પાછળ ચાલવા લાગી. તે તરુણી તેમને ત્યાંથી એક બીજા

ઓરડામાં લઈ ગઈ અને કહ્યું કે;–"આ મારો ખાનગી ઓરડો હોવાથી અને હું સરદારની છોકરી હોવાથી અહીં કોઈ પણ આવવાની હિમ્મત કરી શકે તેમ નથી. તમે નિર્ભય છો."

"પણ બહેન! તમે આવાં માયાળુ હોવા છતાં આવા સ્થાનમાં વસવાનું અને આવા દુષ્ટ પુરુષોના મંડળમાં આયુષ્ય વીતાડવાનું તમને ગમે છે ખરું?" નિર્દોષ રોહિણીએ સ્વભાવાનુસાર પ્રશ્ન કર્યો.

"ખરેખર તમારા જેવી સદ્ગુણી અને સહૃદય સ્ત્રીને આવા નિર્દય જનસમાજમાં જોઇને મને પણ અતિશય આશ્ચર્ય થાય છે. આ તો રાક્ષસોના મંડળમાં દેવી હોવાનું જ કહી શકાય." સુશીલાએ ઉદ્ગાર કાઢચો.

"મને અહીંનો નિવાસ જરા પણ ગમતો નથી. મારાં દુષ્ટ માતાપિતાનાં પાપી કૃત્યોનો મને પૂરો કંટાળો આવી ગયો છે; પણ અહીંથી નીકળીને જવું ક્યાં, એ વિચારથી જ હું અત્યાર લગી આ નરકસ્થાનમાં પડી રહી છું. જો ભાગ્યમાં હશે, તો અહીંથી છૂટકો પણ થશે." લુટારાની બાળાએ નિઃશ્વાસ નાખીને કહ્યું.

"પરંતુ અમને બચાવવા જતાં તમારા પિતાનો કોપ તમારા ઉપર ન ઉતરે અને તમે આપત્તિમાં ન આવી પડો એની જ અમારા મનમાં ચિન્તા થયા કરે છે!" રોહિણીએ લાગણી બતાવીને કહ્યું.

"એની તમારે જરા પણ ચિન્તા કરવી નહિ. હું મારાં માતાપિતાના અત્યાચારોથી એટલી બધી કંટાળી ગઈ છું કે, અત્યારે જો તેઓ અહીં આવશે તો તેમને પણ આ પિસ્તોલની ગોળીઓ છોડીને નરકના દ્વારમાં પહોંચાડી દઇશ!" એમ કહીને તે લુંટારાબાળાએ પોતાની કમરમાંથી ભરેલી છ બારની પિસ્તોલ કાઢીને તે બન્ને સ્ત્રીઓને બતાવી.

એમની એ વાતચીત ચાલતી હતી એટલામાં અચાનક કોઈ બે મનુષ્યોની ધીમી વાત અને પગલાંનો અવાજ તેમના કાનોમાં આવી અથડાયો; એથી જાણે કોઈ તેમના ઓરડા તરફ જ આવતું હોયની, એવો તેમને ભાસ થયો. પળ માત્રમાં જ તેઓ બીજા ઓરડામાં ચાલ્યા ગયા છે, એવો નિશ્ચય થયો. સુશીલાના મનમાં પોતાના સ્વામી વિશેની અતિશય ચિન્તા થયાં કરતી હતી. કદાચિત્ લુટારાએ ધર્મશાળામાં તેમને લૂટી લઈને મારી નાખ્યા હશે, એવી તેને આશંકા હતી. પતિના સ્મરણથી સુશીલાનાં નેત્રામાં અશ્રુ આવી ગયાં. રજનીકાંત એ સમયે મૂર્છામાં પડ્યો હતો અને લુટારાના મકાનમાં જ હતો એ વાત તે બિચારી જાણતી હોત, તો તો વળી તેની એના કરતાં પણ વધારે નઠારી હાલત થવાનો સંભવ હતો. તે લુટારાની બાળાને ઉદ્દેશીને કહેવા લાગી: "કેમ બહેન! આ સ્થળે એવી કોઈ વસ્તુ નથી કે જેના બળથી આપણે અબળાઓ એ રાક્ષસો સાથે બરાબરી કરીને લડી શકીએ અને ઉગરી શકીએ?"

"બહેન! તમે ધીરાં થાઓ. ઈશ્વર એમનાં પાપોનું ફળ એમને અવશ્ય આપશે જ." લુટારાની બાળા બોલી.

એટલામાં કોઈએ જાણે કોઇનું ગળું દબાવ્યું હોય અને તેથી જેનું ગળું દબાયું હોય તે પછાડા મારતો હોય, એવો શબ્દ સંભળાયો. અંતે એક ભયાનક ભીષણ ચીત્કાર

એ રમણીત્રિવેણીનાં શ્રવણોમાં આવી અથડાયો–એ શબ્દથી આખું મકાન શબ્દમય થઈ ગયું. લુટારાની બાળાના મનમાં વખતે નવા ફસાયલા પ્રવાસીઓનું ખૂન થયું હશે એવી શંકા આવવાથી તે તરફ દોડી, અને જે ઓરડામાંથી તે રોહિણી તથા સુશીલાને છોડવી ગઈ હતી તે ઓરડામાં આવી. ત્યાં બનેલા બનાવને જોતાં જ તેની મુખમુદ્રામાં શોક અને આનંદની એકસમયાવચ્છેદે મિશ્રિત છાયા દેખાવા લાગી. તેના એક નેત્રમાંથી શોકાશ્રુ અને બીજામાંથી હર્ષાશ્રુનું વહન થવા લાગ્યું. તેણે મનોગત ઉદ્ગાર કાઢ્યોઃ "ચાલો–એક રાક્ષસીના અત્યાચારોથી તો જગત્ આજે મુક્ત થયું!"

* * * * *

રજનીકાન્તે બારણાની ફાટમાંથી જે ઓરડામાં નજર નાખી હતી, તે ઓરડામાં એક પુરુષ અને એક સ્ત્રી બેઠાં હતાં. પુરુષનો તો લુટારાના સરદાર તરીકે અમે પરિચય આપી ચૂક્યા છીએ, પરંતુ તે સ્ત્રી વિશે કાંઈ જણાવ્યું નથી. તે સ્ત્રી એ સરદાર મહાશયની જ વિવાહિતા સ્ત્રી હતી અને પતિ પ્રમાણે તે પણ ષોડશકળા સંપન્ન હતી. પતિ કરતાં એક પણ ગુણ કે અવગુણ તેનામાં ન્યૂન નહોતો, કિંતુ ગુણાવગુણમાં તે પતિ કરતાં અધિક જ હતી. મદિરાની માત્રા કાંઇક વિશેષ થઈ જવાથી બહાર નીકળી ગયેલી હોવા છતાં તે પાછી પડતી અથડાતી એ જ ઓરડામાં આવી. દારૂ વધારે પીવાથી તેની બુરી હાલત થઈ ગઈ હતી એટલે તેનાં પગલાં આગળ પડવાને બદલે કેટલીક વાર પાછળ જ પડતાં હતાં. તેણે હજાર હજાર પ્રયત્નો કર્યા પણ તે પોતાના બિછાના સૂધી ન પહોંચી શકી, અને લાલચંદના મડદા સાથે અથડાઇને જમીન ઉપર પડી ગઈ અને 'પીટયાઓથી દારૂ જીરવાતો નથી, ત્યારે આટલો બધો પીતા હશે શું ઝખ મારવા?' એ પ્રમાણે તે મડદાને દારૂના ઘેનમાં પડેલો મનુષ્ય ધારી ગાળો ભાંડતી પોતે પણ નિશ્ચેષ્ટ અને મૃતવત્ થઈ ગઈ. લુટારાનો તો એ નિશ્ચય જ હતો કે, સુશીલા અને રોહિણી એ જ ઓરડામાં છે અને તેવો નિશ્ચય હોવો જ જોઇએ. તે નિર્દોષ અબળાઓ ત્યાંથી અન્યત્ર નીકળી ગઈ હશે એ જાણવાની તેઓ ત્રિકાળજ્ઞ ન હોવાથી તેમનામાં કયાંથી શકિત હોય? તરત બે લુટારાએ આવીને તે લુંટાકલલના અને લાલચંદના મોઢા ઉપર અંધારામાં જ બે ચાદરો ઓઢાડી દીધી અને બન્નેએ તે બન્નેની છાતી ઉપર ચઢીને તેમનાં ગળાં ગુંગવાળી નાખ્યાં. લાલચંદ તો પ્રથમથી જ મરી ગયો હતો એટલે તેણે તો કાંઈ હીલચાલ ન કરી પણ તે સ્ત્રીએ મરતાં મરતાં ભયંકર ચીત્કાર કર્યો. થવાનું હતું તે થઈ ગયું. ચાંડાલિનીના પ્રાણપક્ષીએ આકાશમાં ઉડ્ડાણ કરી દીધું. એ કાર્યની સમાપ્તિ થયા પછી અંધઃકારમાં જ બંને લુટારાએ તે શબોને તપાસવાની શરુઆત કરી. તેમના મનમાં ઘણાં ઘરેણાં મેળવવાની આશા હતી પરંતુ તેમના હાથમાં ઘરેણાંને બદલે ચૂલાની રાખ પણ આવી નહિ. તેમણે દીવાસળી સળગાવી અને પ્રકાશમાં જે દેખાવ તેમના જોવામાં આવ્યો તેથી તેમના હોશોકોશ હવામાં ઉડી ગયા. તેમનામાંનો એક તો મૂર્છિત થઇને જમીન ઉપર પટકાઈ પડ્યો, અને બીજો એ અનર્થના સમાચાર લઇને પોતાના સરદાર પાસે દોડ્યો. એ વચ્ચે તે સરદારની પુત્રી પોતાની મૃત માતાને જોઇને પાછી તે બચાવેલી બે અબળાઓ પાસે ગઈ અને તેમને એ ખબર કહી સંભળાવી. તેણે કહ્યું;–"તમારા બદલામાં મારી દુષ્ટ માતાનો ઘાત થયો છે–જેણે તમારા માટે ખાડો

ખોદ્યો હતો, તે રાક્ષસી પોતે જ તે ખાડામાં પડીને મરી ગઈ છે!" રોહિણી અને સુશીલાએ એ શૂળીનું વિઘ્ન શૂળે ટળી જવામાટે ઈશ્વરનો અંતઃકરણમાં આભાર માન્યો.

* * * * *

સરદાર એ જ વિચારમાં બેઠો હતો કે બંને અબળાઓને મારી નાખવામાટે મોકલેલા લુટારા હમણાં જ ઘરેણાંની પોટલી લઇને આવી લાગશે; પરંતુ તેમાંના આવેલા એક લુટારાની રડતી સૂરતને જોઇને તે તરત પામી ગયો, કે 'દાળમાં જરૂર કાંઈક કાળું છે!' તે લુટારો, સરદારનાં ચરણોમાં પડી ગયો અને રડતો રડતો કહેવા લાગ્યો કે;–"મહારાજ ! ગજબ થયો! જુલમ થઈ ગયો ! જે ઓરડામાં તે સ્ત્રીઓને રાખવામાં આવી હતી ત્યાં બે મનુષ્યોને સૂતેલાં જોઈ અમે તે જ સ્ત્રીઓ હશે એમ ધારીને તેમને ગળું દાબીને મારી નાખ્યાં. પણ પછીથી પ્રકાશ કરી જોતાં તેમાંની એક આપની સ્ત્રી હતી અને બીજો આપણા મંડળમાં નવો આવી મળેલો પરદેશી જવાન લાલચંદ હતો એમ અમારા જોવામાં આવ્યું. તે બન્ને સ્ત્રીઓનો ગુહામાં–અરે આ ભોંયરામાં ક્યાંય પણ પત્તો નથી મળતો." સરદાર કેટલીક વાર સુધી તો નીચી ગર્દન કરીને વિચારમાં પડી ગયો, અને ત્યાર પછી હાથમાં પિસ્તોલ લઇને ઉઠ્યો. તેણે ભોંયરામાંના એકે એક ઓરડામાં તે બન્ને સ્ત્રીઓનો શોધ ચલાવ્યો, પણ વ્યર્થ. અંતે તે પોતાની પુત્રીના ઓરડા આગળ આવી લાગ્યો. તેની પુત્રી દરવાજામાં જ ઉભી હતી તેને પૂછતાં તે ઓરડામાં કોઈ નથી એવો જવાબ મળ્યો, અને પુત્રીના વચનમાં વિશ્વાસ હોવાથી તે વધારે તપાસ ન કરતાં ત્યાંથી રજનીકાંત અને તેના માણસોને જે ઓરડામાં રાખવામાં આવ્યા હતા તે ઓરડામાં તેમને મારી નાખવાના ઉદ્દેશથી ગયો! પણ આશ્ચર્ય કે, ત્યાં તે શિકારો પણ તેના જોવામાં ન આવ્યા. તેમને પણ લુટારાની બાળા પોતાના ઓરડામાં લઈ ગઈ હતી અને ત્યાં તેનો સુશીલા તથા રોહિણી સાથે મેળાપ થતાં તેમના મનમાં પરમ આનંદ થયો હતો. આવી આશ્ચર્યકારક ઘટના જોઇને સરદારે માથું પટકીને કહ્યું: "અવશ્ય આપણા મંડળમાં દ્રોહ અથવા દગાનો પ્રવેશ થયો છે, નહિ તો આવા બંદોબસ્તમાંથી શિકારો છટકી જાય અને મારી પોતાની સ્ત્રીનું ખૂન થાય, એ કદાપિ બને જ નહિ. ખયર, આપણે હવે એ વિશ્વાસઘાતક પાપીનો શોધ કરીને તેને તેના કૃતકર્મની શિક્ષા આપવી જ જોઇએ." એ પ્રમાણે બોલતો તે ભોંયરામાંથી ઉપરના ભાગમાં ચાલ્યો ગયો.

પરમાત્માની લીલા વિચિત્ર છે; એ સિદ્ધાંતનો પ્રત્યક્ષ પરિચય થયો. કોણ જાણે ક્યાંથી બંદૂકવાળા પચ્ચીસ સિપાહીઓ લુટારાના એ મકાનમાં આવતા જોવામાં આવ્યા. મકાનનો દરવાજો બંધ હતો તેને તોડી નાખવામાં આવ્યો અને એમને ભોંયરામાં આવેલા જોઈ લુટારાની બાળાએ હર્ષનો પોકાર કરી પોતે બચાવીને પોતાના ઓરડામાં છુપાવેલાં સ્ત્રીપુરુષોને નિર્ભયતાથી બહાર આવવાની આજ્ઞા કરી. તે બાળા તે આવેલા સિપાહીઓમાંના એકને ગળે જઇને બાઝી પડી અને તેને કહેવા લાગી કે; "વ્હાલા ! તમે એવા સારા વખત ઉપર આવ્યા છો કે, તમારા આવવાથી આજે પાંચ જીવો બચ્યા છે." એ બાળાનો સિપાહીઓના એ નાયક સાથે પ્રેમ બંધાયો હતો, અને તેણે બે દિવસ અગાઉથી એ મકાનમાંનાં બધાં ગુપ્ત સ્થાનોનું વર્ણન આપીને

ધાડ લાવવાની તેની જોડે વ્યવસ્થા કરી રાખી હતી; પણ એ વ્યવસ્થાનો અચાનક લાભ તેના હાથમાં ફસાયલા આપણા યાત્રાળુઓને મળી ગયો એ ઈશ્વરીય લીલા નહિ તો બીજું શું ? પોલીસવાળાઓના આવતાં જ લુટારામાં મોટો ગભરાટ ફેલાઈ ગયો. જોતજોતાંમાં સરદાર દીવાલ ઉપરથી કુદીને નાસવા લાગ્યો. પોલીસના અફસરે પ્રથમ તો તેને જીવતો જ પકડી લેવાની કોશિશ કરી, પણ તે કોશિશ કારગત ન થવાથી નિરુપાયે પોતાની બંદૂકની ગોળી તેના ઉપર ચલાવી દીધી અને તે તેની ટાંગમાં લાગતાં તે ત્યાં જ પછડાઇને સુસ્કારા ભરવા લાગ્યો. મકાનની તલાશી કરતાં બીજા દશ લુટારા પકડાયા.

પોલીસના માણસો તે લુટારા અને યાત્રાળુઓને લઈ ધર્મશાળામાં આવ્યા. ત્યાં ધર્મશાળાના રક્ષકનો પત્તો નહોતો. વૃન્દા રોતી બેઠી હતી અને તેનાં માણસો તેને આશ્વાસન આપ્યા કરતાં હતાં. રોહિણીને જોતાં જ તેનો શોક આનંદના સ્વરૂપમાં બદલાઈ ગયો અને પોલીસને ઈનામ આપીને તેણે ખુશ કર્યા.

પોલીસે રજનીકાંતને ઢાકાની કોર્ટમાં સાક્ષી આપવામાટે આવવાનો આગ્રહ કર્યો એટલે તેની જોડે બધાંને ત્યાં જવું પડયું. જે બનાવ બન્યો હતો તે રજનીકાંતે કોર્ટમાં કહી સંભળાવ્યો અને તેઓ પ્રવાસી હોવાથી તેમનો જલદી જ છુટકો કરવામાં આવ્યો. સરદારની પુત્રી પોતાના પ્રિયતમ સાથે જવાની હતી એટલે તેનાથી વિખૂટાં પડતાં તેના ગુણોને સંભારીને સુશીલા તથા રોહિણી રડવા લાગી. સુશીલાએ પોતાના હાથમાંથી સોનાનાં કડાં કાઢીને તેના હાથમાં પહેરાવ્યાં અને રોહિણીએ પોતાના ગળામાંની મોહનમાળા કાઢીને તેના ગળામાં પહેરાવી.

હળીમળીને સર્વ પોતપોતાના નિર્ધારિત સ્થાને જવામાટે વિદાય થયાં. એ પછી કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના વૃન્દા ઇત્યાદિ જગન્નાથપુરીમાં પહોંચી ગયાં, ત્યાં તેમણે એક નિષ્ઠા અને ભકિતથી શ્રીજગન્નાથજીનાં દર્શનવડે નેત્રોને તૃપ્ત કર્યાં અને આસપાસનાં બીજાં પણ કેટલાંક ગ્રામોમાં ભ્રમણ કર્યું. ત્યાંથી વળતી વેળાએ જંગલમાં વેઠવી પડેલી વિપત્તિનું સ્મરણ થવાથી અને જંગલમાં ચાલતાં જીવ પણ ગભરાઈ ગયેલો હોવાથી તેમણે રેલવેમાં જ કલકત્તા જવાનો નિશ્ચય કર્યો. એ નિશ્ચય પ્રમાણે તેઓ રેલવે ટ્રેનમાં જ કલકત્તે આવ્યાં. ત્યાં આવતાં જ કલકત્તાના અંગ્રેજી, બંગાળી અને હિંદી સર્વ વર્તમાનપત્રોમાં તે લુટારાની હકીકત વિસ્તારથી છપાયલી તેમના વાંચવામાં આવી. સમાચારપત્રોના વાચનથી એમ જાણવામાં આવ્યું કે;—

"જગન્નાથના માર્ગમાંના જંગલમાં લુટારાનો એક મોટો સમુદાય, એક જૂના ઐતિહાસિક ખંડીએર જેવા મકાનમાં વસતો હતો. પોલીસ બહુ દિવસથી તેમને ગિરફતાર કરવાની કોશિશમાં હતી, પરંતુ જ્યારે પણ પોલીસની એવી હીલચાલ તેમના છુપા માણસોદ્વારા તેમના જાણવામાં આવતી ત્યારે તરત તેઓ ગમે ત્યાં વિખરાઈ જતા હતા, અને તેથી પોલીસની બધી કોશિશો ધૂળમાં મળી જતી હતી. પરન્તુ એ લુટારાના સરદાર દયાલુ બાબૂની પરમ ગુણવતી પુત્રી અંજની પોતાનાં માતાપિતાનાં કૃત્યોથી અને અવિવાહિત અવસ્થાથી કંટાળી ગઈ હતી એટલે તેણે પોતા સાથે પ્રેમમાં પડેલા એક પોલીસનાયકને બધી ખબર આપીને અમુક વખતે છુપી રીતે આવવાનું

જણાવ્યું અને તેથી જ એ લુટારા ફંદામાં ફસાયા. લુટારાનો સરદાર પોલીસની ગોળી લાગવાથી મરી ગયો છે અને બીજા લુટારાની સેશન્સમાં તપાસ ચાલવાની છે. શ્રીમતી અંજની અત્યારે તે પોલીસનાયકના ઘરમાં છે અને તેનાં થોડા વખતમાં તેની સાથે લગ્ન થવાનાં છે!"

એની સાથે રોહિણી ઇત્યાદિ ઉપર વીતેલી વિપત્તિનો વૃત્તાંત પણ વર્તમાન પત્રોમાં મીઠું મરચું ભભરાવીને આપવામાં આવ્યો હતો; પરંતુ એ બધો બનાવ આપણા જાણવામાં હોવાથી તેની પુનરાવૃત્તિ કરવાની આવશ્યકતા નથી. પાછળથી એમ પણ પ્રકટ થયું કે, "ધર્મશાળાના રક્ષકો અને ભાડાની ગાડીવાળાઓ પણ એ લુટારા સાથે મળેલા હતા અને સરકારના માણસો તેમનો પણ પત્તો મેળવવાની કોશિશમાં છે." કલકત્તામાં વૃન્દા અને રોહિણીએ પંદર દિવસ વીતાવ્યા. એ વચ્ચે મોહનલાલનું મુંબઇથી એક પત્ર આવ્યું. તે પરીક્ષા આપવામાટે મુંબઈ ગયો હતો.

એક દિવસ રોહિણીએ વૃન્દાને કહ્યું: "માતુશ્રી! આપણે મુંબઈ થઈને પછી હયદરાબાદ જઇએ તો કેમ? મુંબઈ જોવાની મને ઘણી હોંસ છે."

વૃન્દાએ એ વાતને વિચાર ઉપર મુલતવી રાખી.

વૃન્દાને શ્રીજગન્નાથની યાત્રામાંથી એટલો બધો અનુભવ પ્રાપ્ત થયો હતો કે, વર્ષોનાં વર્ષો પર્યન્ત શાળાઓ અને કૉલેજોમાં અભ્યાસ કરવા છતાં એ અનુભવની છાયા માત્ર પણ મળવી અશક્ય હોય છે. શ્રીમતી સરલાદેવીએ આગ્રહ કરવાથી આઠ દશ દિવસ તેણે કલકત્તામાં વધારે વીતાવ્યા, અને રોહિણીને સુશીલા તથા રજનીકાંતે કલકત્તામાંનાં જોવાલાયક બધાં સ્થાનો બતાવ્યાં. એ સમયમાં એક બે વાર વળી પણ રોહિણીએ, વૃન્દાને મુંબઈ ચાલવામાટેની પોતાની ઇચ્છા જણાવી; પરંતુ વૃન્દા હવે સતત પ્રવાસના પરિશ્રમથી એટલી બધી કંટાળી ગઈ હતી કે, તેના મનમાં અત્યારે સ્વદેશ વિના અન્યત્ર જવાની ઇચ્છા જ નહોતી. તેણે રોહિણીને કહ્યું;–"પુત્રી! અતિશય પ્રવાસ કરવાથી અને જગન્નાથની યાત્રામાં અચાનક વિપત્તિમાં આવી પડવાથી મારી પ્રકૃતિ શિથિલ થઈ ગઈ છે અને તેથી મારાથી પ્રવાસનો હવે વિશેષ પરિશ્રમ સહન કરી શકાય તેમ નથી. અત્યારે તો હયદરાબાદ જ જઇશું, અને જો આવતા વર્ષમાં જીવતાં હોઇશું તો દ્વારિકાની યાત્રા કરીશું અને સાથે મુંબઈ પણ જોતાં આવીશું."

રોહિણીના મુંબઈ જવામાં મુંબઈ જોવાય અને મોહનલાલને પણ મળી શકાય એવા બે હેતુ હતા. આમાંનો બીજો હેતુ માતાને કહી શકાય તેવો ન હોવાથી આ ઉત્તરથી તે નિરાશ થઈ ગઈ. તેણે મોહનલાલને લખી જણાવ્યું:–"મારી ધર્મમાતાને ઘણો આગ્રહ કરવા છતાં તેણે મુંબઈ આવવાની ના પાડવાથી અમે હયદરાબાદ જઇએ છીએ; આપણે હયદરાબાદમાં જ મળીશું."

બે ત્રણ દિવસમાં જ તેમના જવાની તૈયારી થઈ. વૃન્દા અને રોહિણીને સ્ટેશન સુધી વળાવવાને શ્રી સરલાદેવી, સુશીલા અને રજનીકાંત આદિ સર્વ ગયાં. સ્ટેશન ઉપર આવ્યા પછી સુશીલાએ રોહિણીને આંતરિક ભાવથી કહ્યું:–"રોહિણી બહેન! તમે તો માયા લગાડીને ચાલ્યાં. મારો આટલા દિવસનો આનંદ આજે શોકના રૂપમાં

ફેરવાઈ ગયો છે. ખરેખર 'પરદેશીની પ્રીતિ અને ઘાસનું તાપણું' એ બન્નેમાં ભલીવાર હોયજ નહિ. માયા લગાડીને ત્યાં જશો એટલે અમને ભૂલી જશો."

"સુશીલા બહેન! તમને હું ભૂલી જાઉં એમ બને જ નહિ. આપણા ઉપર તો એવા પ્રસંગો વીત્યા છે કે, આપણે એક બીજાને ભૂલવાનો યત્ન કરીએ તોપણ ભૂલવાનાં નથી. કૃપા કરીને પત્ર નિરંતર લખતાં રહેજો; કારણ કે પરદેશનું મળવું તો કાગળથી જ હોય છે." રોહિણીએ પણ લાગણીથી કહ્યું.

સરલાદેવી અને વૃન્દા પણ વેટિંગરૂમના ખૂણામાંની કુરસીઓ ઉપર બેસીને એ પ્રમાણેની વાતો કરવામાં જ લીન થઈ હતી. વૃન્દાએ હૃદયના સત્યભાવથી કહ્યું:-"શ્રીમતી! આપે અમારો એટલો બધો આદર સત્કાર કર્યો છે કે, આપના ઉપકારને અમે કદાપિ ભૂલવાનાં નથી; પરંતુ મારી પ્રાર્થના એ જ છે કે, આપ પણ એકવાર અમારા ગરીબડા ગામમાં પધારો અને અમારી પર્ણકુટીને પવિત્ર કરો. જો મારી આ પ્રાર્થના માન્ય રાખશો, તો અમો સર્વના મનમાં અત્યંત આનંદ થશે."

"થોડા વખત પછી રજનીકાંત અને સુશીલા મુંબઈ જવાનાં છે અને તે વેળાએ મારો પણ મુંબઈ જવાનો વિચાર છે. બની શકશે, તો અમે હયદરાબાદ થઈ કરાંચીથી સ્ટીમરમાં જ મુંબઈ જઇશું. ઘણે ભાગે તો અમે તમારાં અતિથિ થઇને તમારા આદરાતિથ્યનો સ્વીકાર કરીશું!" સરલાદેવીએ તેને આશ્વાસન આપ્યું.

એટલામાં અચાનક એક વાત યાદ આવવાથી વૃન્દાએ સુશીલા સાથે વાતમાં ગુંથાયલી રોહિણીને પોતા પાસે બોલાવીને કહ્યું:-"બહેન! રજનીભાઇને આલમચંદનું એડ્રેસ લખી આપ અને 'અમે રવાના થયાં છીએ, આપ સ્ટેશનપર મળશો' એવા આશયનો એક તાર કરવાનું કહી દે, લે આ રૂપીઓ." એમ કહીને વૃન્દાએ એક રૂપીઓ તેના હાથમાં આપ્યો.

રજનીકાંત વેટિંગરૂમની બહાર પ્લાટફોર્મ ઉપર ફર્યા કરતો હતો. તેના હાથમાં રોહિણીએ રૂપીઓ આપ્યો અને તાર કરવાનું કહ્યું. ફોર્મ રોહિણીએ પોતે જ ભરી આપ્યું અને સ્ટેશન ઉપરથી આલમચંદને તાર કરવામાં આવ્યો.

ટ્રેન ઉપડવામાં પાંચ મિનિટનો વખત હતો એટલે રજનીકાંતે વૃન્દા અને સુશીલાને તેની ખબર આપી. તેઓ જઇને સેકંડ ક્લાસમાં બેઠાં. તેમનો સામાન તો આગળથી જ ત્યાં ગોઠવી દેવામાં આવ્યો હતો. પાંચ મિનિટનો સમય પણ વીતી ગયો, ટ્રેન ઉપડી. પ્રવાસમાં મુગલસરાય સુધીમાં જાણવા જેવો કાંઈ પણ બનાવ ન બન્યો. તેઓ સુખરૂપ મુગલસરાય જંક્શનપર આવી પહોંચ્યાં. ત્યાં દીવાન આલમચંદ અને તેની સાધ્વી પત્ની યશોદા, વૃન્દા અને રોહિણીના સત્કારમાટે તૈયાર થઈ ઉભાં હતાં. વૃન્દાએ જગન્નાથની યાત્રામાં આવી પડેલી વિપત્તિની વાર્તા સંક્ષેપમાં કહી સંભળાવી. તેણે પ્રથમ તો વૃન્દાને એક બે દિવસ કાશીમાં રહેવાનો આગ્રહ કર્યો, પણ જ્યારે તેણે એ વાત ન માની ત્યારે પોતાની સાથે લાવેલા ખાદ્ય પદાર્થોનો એક ડબ્બો રોહિણીને આપ્યો. મુગલસરાયમાં ટ્રેન લેટ થવાથી વાતચીતમાટે એક કલાક મળ્યો અને ત્યાર પછી વૃન્દા તથા રોહિણી પાછાં પ્રવાસમાં આગળ વધ્યાં.

પ્રકરણ ૩૪ મું
ટ્રેનમાં ટાલિયો!

મનુષ્યસ્વભાવનો એવો એક સાધારણ નિયમ છે કે, સ્વદેશથી કંટાળીને મનુષ્ય બીજા સ્થાનમાં જાય અથવા તો કોઈ અન્ય કારણપરત્વે જાય, છતાં પણ અમુક સમય પછી સ્વદેશ પ્રતિ તેના મનનું આકર્ષણ થયાં કરે છે. જ્યારે તેને સ્વદેશ પ્રતિ જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે ત્યારે તે ત્યાં પહોંચવામાટે અધીર બની જાય છે. વૃન્દાની પણ અત્યારે એવી જ અવસ્થા હતી. રોહિણી પણ હયદરાબાદના સ્મરણથી મુંબઇની વાતને વારંવાર ભૂલી જતી હતી. જેમ જેમ ટ્રેન-પ્રવાસમાં આગળ વધતી ગઈ, તેમ તેમ આપણી એ પ્રવાસિનીઓની સ્વદેશમાં પહોંચવામાટેની ઉત્કંઠા અને આતુરતા પણ વધતી ગઈ. આવતી વખતે તેઓ લાહોર અમૃતસરને માર્ગે આવ્યાં હતાં, પણ તે માર્ગે જતાં ટ્રેનને વધારે વખત લાગતો હોવાથી આ વખતે રાજપુરા જંકશનથી ટ્રેન બદલીને તેમણે ભટીંડાના માર્ગે પ્રવાસ કર્યો. એ ટ્રેન ભટીંડાના માર્ગે થઈ ભાવલપુર સ્ટેટના સમાસટા જંકશન ઉપર આવી પાછી મુખ્ય માર્ગમાં મળી જાય છે. રેતી વગેરે સ્ટેશનો પસાર કરવા પછી ટ્રેન જ્યારે રોહિડીના સ્ટેશન ઉપર આવી પહોંચી, ત્યારે ત્યાં એક અદ્‌ભુત દૃશ્ય વૃન્દાના જોવામાં આવ્યું. પ્લૅટફૉર્મ ઉપરના એક બાંકડા ઉપર રેશમની ગાદી ઉપર મહાત્મા ગોપાળદાસ બેઠેલા હતા અને તેની બાજૂમાં શ્રીમતી દયામયી હતી. કેટલાક પુરુષ ભક્તો તથા કેટલીક સ્ત્રીઓ તેમની આસપાસ ઘેરો ઘાલીને ઉભેલાં હતાં. એક સ્ત્રી વીજનવતી મહાત્માને વાયુ ઢોળતી ઉભી હતી. મહાત્માએ પાણી માગ્યું. ચાંદીના લોટામાં પાણી લઇને ઉભેલા એક સેવકે ચાંદીના પ્યાલામાં પાણી નામીને પ્રથમ મહાત્માના હાથ ધોવડાવ્યા અને ત્યાર પછી ચાખડીઓ ઉતારીને મહાત્માએ જલપાન કર્યું. ત્યાર પછી તાંબૂલસેવનનો વિધિ થયો. ટ્રેન રોહિડીમાં અરધો કલાક ખોટી થતી હોવાથી ધીમે ધીમે મહાત્મા પોતાના આસન ઉપરથી ઉઠીને ટ્રેન ભણી ચાલ્યા અને શ્રીમતી દયામયી પણ તેમની પાછળ પાછળ ચાલવા લાગી. એક સેવકે રેશમની ગાદીને બાંકડા ઉપરથી ઉપાડીને વૃન્દાની જોડમાંના સેકન્ડકલાસ-કમ્પાર્ટમેન્ટમાં ગોઠવી દીધી. મહાત્મા તેની ઉપર વિરાજમાન થયા. શ્રીમતી દયામયી અને બીજી બે ત્રણ સ્ત્રીઓ પણ તે કમ્પાર્ટમેન્ટમાં બેઠી. ટ્રેન ચાલવા લાગી. એ સેકન્ડકલાસનો ડબ્બો કેવળ બે ભાગમાં વ્હેંચાયલો હતો અને વચ્ચેથી જવા આવવાનો દરવાજો પણ હતો. મહાત્મા એ દરવાજાને પોતા તરફના ભાગમાંથી બંધ કરવાનું ભૂલી ગયેલા હોવાથી વૃન્દાને દરવાજા પાસે ઉભાં રહી તેમની વાતચીત સાંભળવાનું અને તેમની ચર્યાનું અવલોકન કરવાનું સાધન આયતું મળી ગયું. મહાત્માએ વૃન્દાને જોઈ નહોતી, એ એક રીતે સારું હતું. રોહિડીથી આગળ ચાલતાં ટ્રેનમાં જ રાત પડી ગઈ.

"મહાસાધ્વી શ્રીમતી દયામયી ! ગઈ કાલનો રોહિડીમાંનો શ્રીચક્રનો વિધિ તો અદ્વિતીય જ થયો. અહીંના શાક્તગુરુ બહુ જ ઉદાર અને ધર્માનુરાગી દેખાય છે; બધી ઉત્તમોત્તમ વસ્તુઓ જ લાવીને એકઠી કરવામાં આવી હતી. વિલાયતી દારૂની

એક એક બાટલી પાંચ પાંચ રૂપીઆની હતી અને માંસ બધું કુમળાં બકરાંનું જ હતું. સ્ત્રીઓ પણ બધી સુંદર અને તરુણ જ હતી, માછલાં પણ અદ્વિતીય સ્વાદિષ્ટ હતાં અને તેથી પંચમ મકારનો સ્વાદ પણ સ્વર્ગીય થયો હતો. આવી મેજબાની તો આપણે કયાંય જોઇ નહોતી!" મહાત્માએ કહ્યું.

"અને આપના ભાગમાં કાંચુલીય વિધિ સમયે જે સ્ત્રી આવી હતી, તે પણ રૂપમાં રંભા જેવી જ હતી એટલે મારું અનુમાન છે કે, આપને તો સ્વર્ગ બહુ જ નિકટમાં આવી ગયેલું દેખાયું હશે!" દયામયીએ કટાક્ષપૂર્વક કહ્યું.

"અને શ્રીમતી! તારા ભાગમાં આવેલો પુરુષ સુંદર અને તરુણ હોવાથી શું તને એવા આનંદની લાગણી થઈ નહોતી કે?" મહાત્માએ લોઢાથી લોઢાને કાપવાનો પ્રયત્ન કર્યો.

"આપના જેટલા તો નહિ જ. સ્ત્રી અને પુરુષના સ્વભાવમાં જે ભેદ છે તે માત્ર એટલો જ!" દયામયીએ જણાવ્યું.

"તને નહિ, તો તે પુરુષને તારા સમાગમથી અવશ્ય અતિશય આનંદ મળેલો હોવો જોઇએ; કારણ કે, પેલાં ઘરેણાં અને ઉત્તમ વસ્ત્રો ધારણ કરવાથી ગઈ રાત્રે તારું રૂપ ખરેખર અલૌકિક બન્યું હતું. હું પોતે પણ તને તે સ્વરૂપમાં જોઇને ઘડીભર આશ્ચર્યચકિત થઈ ગયો હતો!" મહાત્માએ પ્રશંસા કરી.

"અને એ પણ સાથે કહી નાખો કે, ત્યાર પછી તરત જ મને ભૂલી ગયા હતા!" દયામયીએ અતિશય માર્મિક્તાથી એ વાકય ઉચ્ચાર્યું.

"દયામયી! આટલાં બધાં મેણાં શામાટે મારે છે? શું એ તું નથી જાણતી કે માત્ર આપણા શાક્ત વિધિના પ્રસંગ વિના હું અન્ય સ્ત્રીને માતા અને ભગિની જ માનું છું? આમ ઘડીકમાં ગાંડી કેમ બની જાય છે?" એમ કહીને પોતાનો પ્રેમ પ્રકટ કરવામાટે મહાત્માએ દયામયીના ગાલ ઉપર એક ધીમો તમાચો લગાવ્યો.

દયામયી કાંઈ પણ બોલી નહિ. તેના મુખમંડળમાં એક પ્રકારના ધિક્કાર અને તિરસ્કારની છાયા પ્રસરી ગઈ. વૃન્દા દયામયીના હૃદયભાવને કેટલેક અંશે સમજી ગઈ.

મહાત્માએ ઘડિયાળ કાઢીને જોયું તો રાત્રિના સાડા દશનો વખત થવા આવ્યો હતો એટલે તેણે દયામયીને કહ્યું:-"શ્રીમતી! સાડા દશ વાગ્યા છે અને લગભગ એક વાગે તો હયદરાબાદ ગાડી પહોંચી જશે. તું તો સીધી કરાચી જવાની છે, એટલે ચાલો છેલ્લે છેલ્લે કિંચિત્ વિલાયતી ગંગાજળનું પાન કરી લઇએ."

"જેવી આપની ઇચ્છા."

મહાત્માએ એક ટૂંકમાંથી બ્રાંડીની બાટલી કાઢી અને ચાંદીના ચાર પ્યાલા પણ કાઢી લીધા. બીજી એક સ્ત્રીએ કૂજામાંથી પાણીનો ગ્લાસ ભરી લીધો. ચાલતી ગાડીમાં દારૂનો દોર ચાલવા લાગ્યો. મહાત્માએ મદિરાપાત્રને હાથમાં લઇને નીચેનું સ્તોત્ર ભણવા માંડયું.

"દૂધ સુરા ને દધિ સુરા, સુરા અન્ન ધન ધામ;
વેદ સુરા ઈશ્વર સુરા, સુરા સ્વર્ગનું નામ.

જાતિ સુરા વિદ્યા સુરા, સુરા વિના ન જિવાય;
સુધરી સ્વતંત્રતા સુરા, જગત્ સુરામય થાય!"

એ સ્તોત્રની સમાપ્તિ સાથે વિલાયતી ગંગાજળને મહાત્માએ પોતાના ઉદરમાં સ્થાન આપી દીધું.

"વિધિ મધુ પી સૃષ્ટિ રચે, પોષે હરિ કરી પાન;
મધુ પી નાશે સર્વને, જુઓ શંભુ ભગવાન.
શોકહાર આનંદકર, સાહસની દાતાર;
પ્રભુમાં લયકર આ પીઓ, મદિરા તો ઓ યાર!"

એ પ્રમાણે મદ્યની પ્રશંસા કરીને હ્યામચીએ પ્યાલાને ઇન્સાફ આપ્યો, અને પછી અન્ય અબળાઓએ પણ પોતપોતાના સામર્થ્ય પ્રમાણે સુરા દેવીનો સત્કાર કર્યો. થોડી જ વારમાં બાટલીનું તળિયું દેખાયું; ખાલી બાટલીને ટ્રેનમાંથી બહાર પધરાવી દેવામાં આવી; મહાત્માજી મોઢું સાફ કરવામાટે બીજી કોઇ વસ્તુ ન હોવાથી ચણા ચાવવા લાગ્યા અને ત્યાર પછી બે ચાર સિગારેટોનો પણ ધાણ કાઢી નાખ્યો.

મહાત્માની આ ભ્રષ્ટ લીલાને જોઇ વૃન્દાના મનમાં એટલો બધો સંતાપ અને કોપ થયો કે, તે મહાત્માની નિર્ભર્ત્સના કરવાને લગભગ તૈયાર થઈ ગઈ; પરંતુ એટલામાં એક બીજો વિચાર મનમાં આવવાથી તે અચકી ગઈ અને આત્મગત બોલી: "વૃન્દા! હજી તો તારે એક પરોપકારનું મહા નાટક ભજવવાનું છે અને તેમાં મુખ્ય પાત્ર અથવા નાયક એ મહાત્મા જ છે, માટે અત્યારે વ્યક્ત થવામાં સાર નથી. અત્યારે વ્યક્ત થઇને છોભડી ચલાવવાથી ભવિષ્યમાં યોજવા ધારેલી બધી યુક્તિઓ ધૂળમાં મળી જવાનો સંભવ છે; માટે અત્યારે તો 'મૂગાં મંતર ને સાડી સત્તર'ની કહેવત પ્રમાણે ચાલવામાં જ વધારે સાર છે." વૃન્દા અંતે એ અશ્લીલ દૃશ્યથી કંટાળીને વચ્ચેના દરવાજાને બંધ કરી પોતાના આસન ઉપર બેસી ગઈ.

ભારતવર્ષમાં એક સમયે ગૃહેગૃહે ધર્મ વર્તતો હતો અને ભારતદેશ ધર્મમાં અગ્રેસર મનાતો હતો. જાબાલિ, જૈમિનિ, ગર્ગ, પતંજલિ, વ્યાસ, શંકરાચાર્ય અને બુદ્ધદેવ આદિ ધર્મોપદેશકો—દેશોદ્ધારકો—ને જન્મ આપવાનું ગૌરવ કેવળ ભરતભૂમિને જ પ્રાપ્ત થયેલું હતું. પરંતુ અત્યારે કેવી વિપરીત અવસ્થા! જે સાધુઓ અને આચાર્યોનો અધર્મીને ધર્મના માર્ગમાં ચઢાવવાનો અને પોતાના પવિત્ર ચરિત્રના ઉદાહરણથી જગત્‌ને પવિત્ર ચરિત્ર બનાવવાનો પરમ ધર્મ છે, તે આચાર્યો જ જ્યારે અધર્મના માર્ગમાં વિચરે છે, ત્યારે પછી ધર્મની ગ્લાનિ કેમ ન થાય? 'જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ અને અધર્મનું અભ્યુત્થાન થાય છે; ત્યારે ત્યારે હે અર્જુન! હું સાધુઓના રક્ષણ અને દુષ્ટોના વિનાશમાટે અવતાર ધારણ કરું છું!' એવાં શ્રીકૃષ્ણ! તારાં વાકયો હોવા છતાં અત્યારે તું અવતાર ધરીને ભૂમિના ભારને ઓછો શામાટે નથી કરી નાખતો? શું અદ્યાપિ ભારતની અવનતિમાં તને કાંઈ ન્યૂનતા દેખાય છે?

'ભારતકિરણે જગ અજવાળું, ત્યાં છાયું અંધારું કાળું;
ભારત વેદ કથા ઇતિહાસી, ભારત પુણ્ય પ્રથા પ્રકાશી;
ભારતભુજબળથી ભવ રક્ષિત, ભારત–ભારતીથી ભવ શિક્ષિત;

મિસ્ર અમેરીકા યૂનાન, શેષ દેશ યવનો અજ્ઞાન;
ભારત જોઈ થયા વિદ્વાન, આજ કહે તેને અજ્ઞાન !'

આ શું થોડી દીન અને હીન અવસ્થા કે? અફસોસ ! આવા વિચારથી વૃન્દાબાઇનાં નેત્રોમાંથી અશ્રુ ખરી પડ્યાં, અને તેને વિચારતંદ્રા આવી ગઈ. એટલામાં ગાડી આવીને હયદરાબાદના સ્ટેશન ઉપર ઉભી રહી. 'પોર્ટર'નો 'હયદરાબાદ' શબ્દ સંભળાયો. વૃન્દા તંદ્રામુક્ત થઈ અને તેણે રોહિણીને નિદ્રામાંથી જાગૃત કરી.

ટ્રેન ઉભી રહેતાં જ મહાત્મા ગોપાળદાસ ઝટપટ ઉતરીને ચાલ્યા ગયા. તે એકલા જ હયદરાબાદમાં ઉતરવાના હોવાથી અને તેમની સાથે વધારે સામાન પણ ન હોવાથી તે સ્થળે ખોટી થવાનું કારણ નહોતું. વૃન્દાને તેમણે જોઈ નહિ. વૃન્દાને લેવામાટે તો મુનીમજી અને બીજા ત્રણ ચાર માણસો આવ્યા હતા એટલે તેમને પ્લૅટફૉર્મના દરવાજામાંથી બહાર નીકળતાં જરા વિલંબ થાય એ સ્વાભાવિક હતું. તેની સાથે અને લગેજવાનમાં પણ સામાન ઘણો હતો. વૃન્દા અને રોહિણી પોતાની ઘોડાગાડીમાં બેસીને ગિદુબંદર તરફ જવાને રવાનાં થયાં. શ્રીમતી દયામયી અને તેની સાથેની બીજી શાક્તસદનવાસિની સ્ત્રીઓ કરાચી તરફ ઉપડી ગઈ.

બીજે દિવસે વૃન્દાએ પોતાનાં સગાંવ્હાલાં અને ઓળખીતાંને ત્યાં ગંગાજળની લોટીઓ, મથુરાના પેંડા અને જગન્નાથજીના ચોખા આદિ યાત્રાનાં ચિન્હ તરીકે મોકલાવ્યાં. એ વેળાએ તે મહાત્માજીને પણ ભૂલી ગઈ નહિ. મહાત્માના મંદિરમાં તો એ વસ્તુઓ મોકલવા સાથે દશ રૂપીઆ રોકડા પણ મોકલી આપ્યા અને તેમાંથી ભગવાનને નૈવેદ્ય કરવાનું કહેવડાવી મોકલ્યું. મહાત્માના આનંદનો અવધિ થયો. એક તો વૃન્દાના આવવાની વાત જાણવામાં આવી અને અદ્યાપિ તેનો પોતાપર પ્રેમ છે એવો પણ તેને ભાસ થયો એટલે આનંદ થાય એ સ્વાભાવિક જ હતું. તેમણે વૃન્દાની જે નિંદાઓ કરી હતી તેમાટે મનમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને તે દિવસથી જ તેમણે નિંદાને બદલે વૃન્દાના ગુણોની પ્રશંસા કરવાનું મંગળાચરણ કરી દીધું ! જે માણસોએ સોડાવૉટરની જૂની બાટલીઓ જોઇ હશે, તેઓ મહાત્માના સ્વભાવની સારી રીતે કલ્પના કરી શકશે. હવે વિશેષ વિવેચનની કશી પણ આવશ્યકતા નથી.

બે ચાર દિવસમાં જ વૃન્દાએ યાત્રાના નિમિત્તથી બ્રહ્મભોજનનો સમારંભ કર્યો અને બ્રાહ્મણોને ભોજન તથા વસ્ત્ર તેમ જ દક્ષિણાથી સંતુષ્ટ કર્યા. એ પ્રસંગે પણ મહાત્માના મંદિરમાં પચ્ચીસ કલદારની રકમ પહોંચી ગઈ. મહાત્માનો હર્ષ હવે હયદરાબાદની હદ છોડીને બહાર જવા લાગ્યો. તેમનું બધું ધ્યાન ગિદુબંદરમાંના સિંધુતીરસ્થ મહાલયમાં જ જઈ પરોવાયું. એકવાર અપમાન થયેલું હોવાથી ત્યાં કેવી રીતે જવું અને પુનઃ વૃન્દાના ગૃહમાં કેવી રીતે પાદસંચાર કરવો એમાટેની યુક્તિને શોધવાના કાર્યમાં જ તેઓ પોતાનો ઘણો ખરો વખત વીતાડવા લાગ્યા.

" વૃન્દાનાજ વિચારમાં, ભૂલ્યા વૃન્દાનાથ;
એજ થયો જપ, યુવતિ એ, ક્યારે આવે હાથ !"

પ્રકરણ ૩૫ મું

સમાન પ્રપંચ!

એક તરફ મહાત્મા ગોપાળદાસ વૃન્દાને મળવામાટે ઉત્સુક હતા અને બીજી તરફ શ્રીમતી વૃન્દા મહાત્મા સાથેના સમાગમને પુનઃ નવીનતાથી વધારવા ઇચ્છતી હતી. બન્ને એકસરખી રીતે એક બીજાના સહવાસમાટે અધીર બન્યાં હતાં; પરન્તુ કયા ઉપાયથી સહજ મિલનનો યોગ પ્રાપ્ત થાય એ વિશે ઉભયમાંથી એકનો પણ નિશ્ચય થતો નહોતો. બન્નેના મનમાં પરસ્પર મિલનમાટેની આતુરતાનો એટલો બધો પ્રબળ આવિર્ભાવ થયો હતો કે, જાણે તેમનામાં નાયકનાયિકાના ભાવનો આવિર્ભાવ થયો હોયની!

મહાત્મા મનમાં વિચાર કરવા લાગ્યા કે;—"હવે મારે ક્યારે અને કેવા ભાવથી શ્રીમતી વૃન્દા પાસે જવું? હું એકલો જ જાઉં કે સંકીર્ત્તનદળને સાથે લઇને જાઉં? ચોરી છુપીથી જાઉં કે ખુલ્લં ખુલ્લાં? જો દ્વારપાલ શ્રીમતીના મકાનમાં જતાં મને અટકાવશે તો! હું શું કરીશ? કે પ્રથમ એક બીજા માણસને મોકલું? માણસને માત્ર મોઢાનો જ સંદેશો કહું કે ચિઠ્ઠી આપીને મોકલું? પણ એવો વિશ્વાસપાત્ર મનુષ્ય ક્યાંથી અને કોણ મળી શકે? મારા પ્રધાન પાર્ષદને મોકલું? શું કરું—હાય શું કરું?"

મહાત્મા ગોપાળદાસ જળથી વિખૂટી પડેલી માછલીની પેઠે તડફડવા લાગ્યા. પુનઃ તેમણે મનમાં વિચાર કર્યો;—"એકાએક મારું ત્યાં જવું યોગ્ય નથી. જો શ્રીમતી વૃન્દા મને અપમાન કરીને ઘરમાંથી બહાર હડસેલી કાઢે તો? અત્યારે દીવાનજી પણ ગામમાં નથી, એટલે વૃન્દાને શીશામાં ઉતારવાનો સારો લાગ છે—વિલંબ કરવો ન જોઇએ—શુભસ્ય શીઘ્રમ્—કોઈ પણ જોખમે વૃન્દાની રૂબરૂમાં પહોંચવું જ જોઇએ. અત્યારે મહા સુયોગ ઉપસ્થિત થયેલો છે એટલે વિલંબમાં હાનિ જ છે. હું આવતી કાલે જ અવશ્ય તેની પાસે જઇશ—જે ભાગ્યમાં હશે તે થશે. હું એકલો જ જઇશ. સાહસ વિના કોઈ પણ શુભ કાર્યની સિદ્ધિ થતી જ નથી. જો શ્રીમતી વૃન્દા મારું અપમાન કરશે તો તે સહન કરી લઇશ અને ધીમેથી જ ત્યાંથી છટકી આવીશ એટલે મારા અપમાનની વાર્તા કોઇના જાણવામાં પણ નહિ આવે."

થોડીવાર સુધી પોતાની દૃષ્ટિને આકાશમાં સ્થિર રાખીને તે વળી પણ મનોગત કહેવા લાગ્યા કે;—"નહિ—ત્યાં એકલા જવું તો યોગ્ય નથી જ. તેનું મકાન ઘણી જ નઠારી જગ્યામાં આવેલું છે—સિંધુતીરે કોઈ મારી નાખે તો પણ ખબર ન પડે. અરેરે વૃન્દા એક પાષાણહૃદયી વનિતા છે. જો એમ ન હોત તો અત્યાર સુધીમાં તે બાર વાર મને ખોળતી ન આવત કે? મેં તો તેને ત્યાં દૂધ, દહિ, ઘી, મિઠાઈ અને મેદાની પૂરી તથા રવાના શીરાનો પ્રસાદ છ વાર મોકલ્યો, પણ અદ્યાપિ તે મંદિરમાં એકવાર પણ શ્રીમદનમૂર્તિ કૃષ્ણનાં દર્શન કરવા ન આવી. ત્યારે ખરેખર વૃન્દાનું હૃદય એટલું બધું કઠિન જ હશે કે? એક કોમલાંગી કામિનીના હૃદયકમળમાં વિધાતાએ એવી કઠિનતાની સ્થાપના કેમ કરી હશે? પણ નહિ, એમ છે જ નહિ. વૃન્દા રમણી છે; સુલભ લજ્જાએ તેની વિલાસિની વાણીનાં દ્વારને વાસી દીધાં છે. મદનનો માર અસહ્ય થવાથી વૃન્દાની છાતી ફાટી જાય છે, પરંતુ લજ્જા તેના મુખને ઉઘડવા દેતી

નથી. વૃન્દાના મુખની બોલવાની ઇચ્છા થાય છે, પણ લજ્જા આવીને તેની ઈચ્છાને તોડી પાડે છે. હા–કૃષ્ણ! તમે જ્યારે સ્ત્રીશરીરની રચના કરી, ત્યારે પાપિની લજ્જાને શામાટે નિર્માણ કરી? શું લજ્જારહિત સ્ત્રીઓને ઉત્પન્ન કરવાની શક્તિ તમારામાં નહોતી? જો એમ જ હોય તો તો પછી એમ જ કહેવાય કે તમે સર્વશક્તિમાન્ નથી જ. બસ–એમ જ છે–વૃન્દા લજ્જાવતી છે; પણ એની ચિન્તા શી છે? હું અવશ્ય વૃન્દાના નિવાસસ્થાનમાં જઇશ–કાલ ને કાલ જ જઇશ!"

ઈશ્વરની માયા પ્રમાણે મહાત્મા ગોપાળદાસની આજની વિચારપરંપરા પણ અનાદ્યનન્ત હતી. અંતે તેમણે અંતઃકરણમાં એ જ નિશ્ચય કર્યો;–"હું ચિઠ્ઠી પણ નહિ લખું અને માણસને પણ નહિ મોકલું, તેમ જ એકલો પણ ત્યાં જવાનો નથી. હોશિયારીમાં રહીને જ કામ કરવું એ વધારે સલામતી ભરેલું છે. સંકીર્તનમંડળને સાથે લઇને જ ત્યાં જઇશ, શ્રીમતી વૃન્દાના આગાર સમક્ષ ધ્યાનમાં નિમગ્ન થઇશ અને મારું તે ધ્યાન કોઈ પણ ઉપાયે સત્વરાલુપ્ત થશે નહિ. તે વેળાએ મારો પ્રધાન પાર્ષદ શ્રીમતી વૃન્દાને કહેવડાવશે કે, 'પ્રભુ ગોપાળદાસ ધ્યાનમાં લીન થયા છે અને હવે પુનઃ તેઓ આ નરલોકમાં આવે એવી આશા નથી. આપના ગૃહમાંની શ્રી રાધાકૃષ્ણની યુગલ મૂર્તિ સમક્ષ પ્રભુના શરીરને લઈ જઇને એક વાર તેમને હરિનામ સંભળાવવાની મારી ઇચ્છા છે!' બસ જો એ ઉપાયથી મને તે પોતાના મકાનમાં આવવાની આજ્ઞા આપશે, તો તરત હું જાણીશ કે, તેનો અદ્યાપિ મારામાં પ્રેમ છે. એકવાર તેના મકાનમાં ઘુસવાનો અને તેની સાથે વાતચીત કરવાનો પ્રસંગ મળતાં જ અવશ્ય હું તેને વશ કરી શકીશ. બસ–એ જ યુક્તિ પરમ ઉત્તમ અને પ્રયોજનીય છે." એ નિશ્ચયથી મહાત્માનું હૃદય કાંઇક સ્થિર અને શાંત થયું.

આવી યુક્તિઓ અને વિચારપરંપરા વેદનિર્માતા ઋષિઓના અને હર્બર્ટ સ્પેન્સર જેવા પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓના મસ્તિષ્કમાં પણ કોઇવાર આવી હશે કે નહિ એની અદ્યાપિ શંકા જ છે. મહાત્માની વિચારપરંપરા પણ મહતી હોય છે એ સાધારણ નિયમ જ છે.

શ્રીમતી વૃન્દા પણ ચિંતાસાગરમાં ડૂબેલી હતી. તેના મનમાં એવી ચિંતા થઈ કે;–"દીવાન આલમચંદ અને બહેન યશોદાને મેં આશા આપી છે કે, હું આપને મહાત્મા ગોપાળદાસ પાસેથી આપની સંપત્તિ મેળવી આપીશ; પણ મહાત્મા તો મહાલોભિષ્ટ, શાણો અને પાજી પુરુષ છે. કેવળ પૈસાટકાની જ તે આ સંસારમાં પિછાન રાખે છે. પૈસામાટે તો તે ખૂન કરવાને પણ તૈયાર થાય એવો છે; એનાં માતાપિતા, ભાઈ બહેન અને આપ્તગોપ્ત તથા મિત્ર ઇત્યાદિ સર્વ ધનમાં જ સમાઈ જાય છે. એનાં સર્વ ધર્મકર્મ લોભમૂલક જ છે. મહાત્માની હરિસભા તે પૈસા કમાવવાની એક દુકાન જ છે–અર્થાત્ મંદિરનો વાણિયાની દુકાન જેવો જ ઉપયોગ કરવામાં આવે છે. શ્રીકૃષ્ણની મૂર્તિ પૈસા પેદા કરવાનું એક સાધન છે અને એનો હરિનામજપ તે ધનોપાર્જનનો મહામંત્ર વિશેષ છે. એવા નરપિશાચ પાસેથી રૂપિયા બે લાખની રકમ હું કેવી રીતે કઢાવી કે ઓકાવી શકવાની હતી, એ મારા ધ્યાનમાં આવી શકતું નથી."

તે વિચારવ્યવસાયમાં આગળ વધતી મનોગત કહેવા લાગી; "શું–એને મારા રૂપજાળમાં ફસાવવાથી મારો સ્વાર્થ સિદ્ધ નહિ થાય? રૂપરસના કલ્પિત પાનથી

પણ તે ઉન્મત્ત તો બનશે જ, પણ તેથી સંપત્તિ કાઢી આપશે કે નહિ, એનો નિશ્ચય કરી શકાતો નથી. આ વૃન્દા પોતાની પાસે બેસાડી મધુર સ્મિત અને મીઠી મીઠી વાતોથી એ કામી અને લોભી સાધુને અવશ્ય વશ કરી શકશે. પરંતુ સંપત્તિની વાત કાઢતાં જ તે પોતાના રંગને બદલી નાખશે, એમાં જરા પણ શંકા નથી. જે પાપી પૈસાને માટે ભગવાનને પણ ભૂલી ગયો છે, તેની પેટીમાંથી હું આટલી મોટી સંપત્તિ કેમ કરીને પાછી મેળવી શકીશ?"

વૃન્દા થોડીવાર સ્તબ્ધ બની ગઈ. પુનઃ તેના હૃદયમાં વિચારના વ્યાપારનો આરંભ થયો. "ધારો કે એ બધું પણ થાય, પરંતુ પ્રથમ તેની સાથે મુલાકાત કેમ કરીને થાય, એ જ એક મોટામાં મોટો સવાલ છે. મારા યાત્રામાં જવા પહેલાં તેણે મને મળવાના ઘણા પ્રયત્નો કર્યા હતા અને કૌશલ્યજાળનો વિસ્તાર કર્યો હતો; પરંતુ મારા તિરસ્કાર સમક્ષ તેનો એક પણ ઉપાય ચાલી શકયો નહોતો. એ પાપીના મુખનું દર્શન કરવામાં પણ મને ઘૃણા થાય છે અને એટલામાટે જ તેને ઘેર આવતો અટકાવી દીધો છે; પણ હવે તો કોઈ પણ રીતે કામ કાઢી જ લેવું જોઇએ. શઠ સાથે શઠતા કરવામાં કશો પણ દોષ નથી. પરંતુ કેવી કુશળતા અને શઠતાથી એ ટાલિયાને હરાવવો? એ મહા ધૂર્ત્ત હોવાથી સહજમાં જાળમાં સપડાય તેમ તો નથી જ!

"મારી પાસે આવ્યા પછી મહા હાવભાવ અને નાજ નખરાંમાં ટાલિયો ગોપાળ મોહાઈ તો જવાનો જ; પરંતુ તે મોહાશે તે પણ કેવળ મને મોહવશ કરવામાટે જ. તેની એવી ધારણા છે કે, સમસ્ત જગત્‌માં મહાબુદ્ધિમાન્ નર કેવળ તે પોતે એક જ પેદા થયેલો છે! મને જ ભ્રમના જાળમાં સપડાવીને તે મારો અને મારા ગૃહનો કર્ત્તા-હર્ત્તા થવાની ઇચ્છા ધરાવે છે. મારી પાસેથી પૈસા કઢાવવા અને મારા વૈધવ્ય તથા સતીત્વનો નાશ કરવો, એ જ તેનો મારા ગૃહમાં આવવાનો મુખ્ય ઉદ્દેશ છે. તેના પ્રેમમાં હું કાવરી બાવરી બની જઇશ અને તેથી તે મારી અતુલ સંપત્તિનો સ્વામી બનવાથી તેને મારું ધન લૂટી લેવાનો અપ્રાપ્ય પ્રસંગ પ્રાપ્ત થશે, એવા ઉદ્દેશથી જ તે મારા ગૃહમાં આવવાની પરમ આકાંક્ષા ધરાવે છે. તેના આ હેતુની અફળતા થવાથી જ તેણે મારી નિંદા કરીને આખા ગામની હવા બગાડી નાખી હતી. પણ અત્યારે તે મારી પ્રશંસા કરે છે અને તેમાં પણ તેનો કાંઈ પણ ઊંડો હેતુ સમાયલો હોવો જ જોઇએ. વાઘના અપવાસમાં પણ રહસ્ય હોય છે! તે મને બનાવીને ઠગવાની ઇચ્છા રાખે છે અને મારે તેને ઠગી લેવો છે—ઠગને ત્યાં ઠગ પરોણા જેવો જ હિસાબ થયો છે. ભેદ માત્ર એટલો જ કે, મારો હેતુ સ્તુત્ય છે અને તેનો હેતુ નિંદ્ય છે. આ વિરુદ્ધ ભાવાપન્ન વિષયની મીમાંસા કેવી રીતે કરવી?"

પુનઃ થોડીવાર નિશ્ચેષ્ટ રહીને તે બોલી;—"વારુ—કદાચિત્ મહાત્મા સાથે હું મોઢાની પ્રીતિ કરું અને શબ્દોદ્વારા તેને પ્રેમના આંતરિક પ્રદેશમાં પહોંચાડીને કહું;—'દીયરજી! મને બે લાખ રૂપિયા ઉધાર આપશો? તો શું મારા એક કે બે વારના કહેવાથી તે તરત એ રકમ કાઢી આપશે? નહિ—તેના મનમાં એથી અનેક તર્કવિતર્ક આવશે.' તે મનમાં વિચારશે કે, 'શ્રીમતી વૃન્દાની વાર્ષિક આવક ત્રીસથી ચાળીસ હજારની છે અને એની તીજોરીમાં રોકડ નાણું પણ પુષ્કળ છે, એટલે એવી શ્રીમતી લક્ષ્મીપુત્રી આજે મારી

પાસેથી આટલા રૂપીઆ કેમ માગતી હશે? ખરેખર આમાં કાંઈ પણ ભેદ જ હોવો જોઇએ!' આવી શંકા તેના મનમાં આવતાં કદાચિત્ તકરાર પણ થઈ જાય અને તેમ થતાં જો મહાત્મા અપ્રસન્ન થઇને ચાલ્યા જાય, તો પછી આલમચંદની સંપત્તિને વસૂલ કરવાનો બીજો એક પણ ઉપાય નથી. ધારો કે, તે રૂપીઆ આપવાની ખુશી બતાવે, તો પણ મારી પાસેથી તેમાટેનો દસ્તાવેજ તો તે લખાવી જ લેવાનો અને દસ્તાવેજ આપીએ તો પછી રૂપીઆ લેવામાં લાભ શો રહ્યો?"

ઘણીવાર સુધી મસ્તકને હસ્તપર ટેકાવીને તે વિચારમાં બેસી રહી. કાંઈ યુક્તિ ન સૂઝવાથી એકાએક નિરાશાને વશ થઈ તેણે નિરાશાજનક વાકયો ઉચ્ચાર્યાં;– "આટલી બધી ખટપટ કરવાની કશી પણ આવશ્યકતા નથી. હું અબળા છું અને મારા વચના દ્વિતીય અર્ધનો મારા શરીરમાં પ્રવેશ થઈ ચૂકયો છે; એટલે હવે આ અવસ્થામાં આવા માયાજાળનો વિસ્તાર કરવો અને આવા દાવપેચ રમવા વૃથા છે. મારાથી એ કાર્ય નહિ થાય, તો આલમચંદ કે યશોદાને મારી મિલકતમાંથી બે લાખ રૂપીઆ આપીને સંતુષ્ટ કરીશ. મારે આટલી બધી સંપત્તિ શું કરવાની છે?"

પરંતુ એ ક્ષણે જ પાછો વૃન્દાનો વિચાર બદલાઈ ગયો અને તે બોલી ઉઠી;– "નહિ, નહિ, એમ કદાપિ બનવાનું નથી. હું આલમચંદ અને યશોદા આગળ લગભગ પ્રતિજ્ઞા જ કરી ચૂકી છું અને તેથી કોઈ પણ ઉપાય કે યુકિતથી મહા–તમા મહાત્મા પાસેથી એ સંપત્તિ તો મારે કઢાવવી જ જોઇએ. જો હું મારી પોતાની સંપત્તિમાંથી જ એટલા પૈસા યશોદાને આપી દઉં, તો પછી મારી બુદ્ધિની મહત્તા શી? હું સ્ત્રી હોવા છતાં–સ્ત્રીનાં ચરિત્રો અગમ્ય હોવા છતાં જો એ ખલ પુરુષ પાસેથી હરામની દોલત ન કઢાવું તો તો પછી આવા જીવવા કરતાં મરી જવું જ વધારે બહેતર! બીજું એ કે, એ શયતાન સાધુ મારી પ્રતિષ્ઠાનો પરમ શત્રુ છે; મારી એણે બની શકે તેટલી નિન્દા કરી છે અને હજી પણ જો એની ધનતૃષ્ણા અને વિષયતૃષ્ણા મારા ગૃહમાં પરિપૂર્ણ નહિ થાય, તો બની શકશે તેટલી વધારે નિન્દા કરશે. જો એવા શત્રુને હું શિક્ષા ન કરી શકું, તો મારા નારીજીવનને ધિક્કાર છે! જો હું એ દુષ્ટ, દંભી, કામી, કપટપટુ અને લોભિષ્ટ સાધુડાના પોતાના હાથે જ આલમચંદને તેની સંપત્તિ પાછી ન અપાવું, તો મારા વૃન્દા નામની સાર્થકતા શી! ગમે તેમ કરીને એકવાર મહાત્માની મુલાકાત લેવી જોઇએ. જો તે કોઈ રીતે મારે ઘેર આવે તો આ બધો ઝગડો મટી જાય. પણ તે આવશે ખરો? હું તેને બોલાવી મંગાવું? નહિ–હું પોતે બોલાવું એ ઠીક નહિ. જો હું બોલાવીશ, તો તેનો ગર્વ આઠમા આસમાન ઉપર ચઢી જશે અને તે ઘમણ્ડમાં ભરાશે. જાહેર રીતે તો હું તેને નહિ બોલાવું–તે પોતે જ મારા દ્વારમાં આવે અને મને મળવામાટે માથું પટકે એવો ઘાટ કેમ કરીને લાવી શકાય? એ માટે શો ઉપાય કરવો?"

શ્રીમતી વૃન્દાની ચિન્તા આજે આદિ, મધ્ય અને અન્ત રહિત હતી. તે ધીમે ધીમે પુનઃ ચિન્તાસાગરમાં નિમગ્ન થતાં દેહજ્ઞાનહીન બની ગઈ અને જે કોચ ઉપર બેઠી હતી તેની ઉપર ઢળી પડી. લગભગ અડધા કલાક પછી તે જાગૃત થઈ અને

ભીષણુતાથી એટલો જ ઉદ્ગાર કાઢયો; "બસ—એ જ ઉપાય. સીધી આંગળીથી ઘી નીકળતું જ નથી; બરણીમાંથી ઘી કાઢવામાટે આંગળીને વાંકી જ કરવી પડશે !"

* * * *

મહાત્મા ગોપાળદાસની હરિસભામાં વાદ્ય આદિની ધમાચકડી જોવામાં આવતી હતી. ચારે તરફ એવી અફવા સંભળાતી હતી કે, 'પ્રભુ ગોપાળદાસના હૃદયમાં મહા-સંકીર્ત્તનની અભિલાષા ઉદ્ભવી છે !'

આસપાસના ગામોમાંથી મોટા મોટા સાધુઓ આવીને એકઠા થવા લાગ્યા. કોઈ લંબોદર હતા, કોઈ આજાનુબાહુ હતા અને કેટલાકો ઉંચાઇમાં તાડના ત્રીજા ભાગ હતા. કોઇનું નાક ચપટું તો કોઇની આંખ ગોળમટોળ; કોઈ સાધુ લઘુ હતા અને કોઈ ગુરુ; કોઈ હ્રસ્વ હતા અને કોઈ દીર્ઘ, તેમ જ કોઈ અનુનાસિક હતા અને કોઈ ચન્દ્રબિન્દુ ! એવા પ્રકારના પાંચસો સાધુઓ અથવા તો બીજા શબ્દમાં કહીએ તો લંગોટાઓ એકઠા થઇને જે વેળાએ નાચવા લાગ્યા અને સાથે ઢોલ ઉપર ડાંડિયાનો માર પડવા લાગ્યો, તે વેળાએ ભૂકંપ પ્રમાણે પૃથ્વી કંપવા લાગી.

ગોપાળદાસ મહાત્માએ ઉત્તમોત્તમ વસ્ત્ર ધારણ કર્યાં. ભક્તોએ મળીને રેશમી વસ્ત્ર અને પુષ્પમાળા આદિથી મહાત્માના શરીરને શૃંગાર્યું. મહાત્માના શ્રીમુખની શોભામાં વૃદ્ધિ થાય અને સ્વધર્મની રક્ષા થાય, એવા ભાવથી જ તે લોકોએ અર્પેલી અર્ધપ્રફુલ્લ ચંપકપુષ્પની માળા મહાત્માના ગળામાં હાથીની સુંઢ પ્રમાણે ઝૂલવા લાગી; બાહુમાં પુષ્પના બાજુબંધ અને કાંડાંમાં પુષ્પનાં કડાં શોભવા લાગ્યાં. એવી રીતે સુસજ્જિત થઈ મહાત્મા ગોપાળદાસ કીર્ત્તનમંડળીના મધ્યમાં ઉભા રહી સ્વભાવસિદ્ધ ભક્તિપૂર્વક નાચવા લાગ્યા. ખરેખર, મહાત્માજી એક સારા નાચનારા હતા. આજે મહાત્માએ એવા ભાવથી નૃત્ય કર્યું કે, તેમના એ કથ્થકી નાચને જોઇને પ્રેક્ષકોનો એવો નિશ્ચય થયો કે, "મહાત્મા ખરેખરા મહાસાધુ જ છે! સ્વર્ગમાંથી ઉતરી આવ્યા છે! માત્ર માયાવડે જ માનવશરીર ધારણ કર્યું છે !"

એ પ્રમાણે નાચતી અને ગાતી સંકીર્ત્તનમંડળી સિંધુતીરે શ્રીમતી વૃન્દાના મકાનની સામે જઈ પહોંચી. હવે ત્યાં ભયંકર ભાવથી નૃત્ય અને ગાયનનો આરંભ થયો. મોટા ડીલ અને ડોલવાળા સાધુડાઓએ મોટા મોટા કૂદકા મારી મારીને નાચ કર્યો, અને થોડી જ વારમાં વૃન્દાના દરવાજાની માટી ખોદી નાખી. આવો કોમળ નાચ અદ્યાપિ કોઇના જોવામાં કે સાંભળવામાં આવ્યો નહોતો. અમે ધારીએ છીએ કે, અમારા વાંચ-કોમાંથી પણ એવું જમીન ખોદનારું કોમળ નૃત્ય તો કોઇએ નહિ જ જોયું હોય! વૃન્દા ઉપરના કઠેરામાં—છજામાં—આવી ઉભી ઉભી નિમેષશૂન્ય લોચનથી એ બધો તમાશો જોતી હતી! તે મનમાં ને મનમાં જ કહેવા લાગી!—"આ શું ? આજે તો આ નૃત્ય અને સંગીત ઉભયનો ભાવ નવો જ દેખાય છે ! આવા સંકીર્ત્તનમંડળનું આવું સતેજ નૃત્ય અને સરસ ગાન મેં કદાપિ અત્યાર પહેલાં જોયું કે સાંભળ્યું જ નહોતું. મારા દ્વાર સમક્ષ આટલા બધા સમય સુધી તો કદાપિ કીર્ત્તન થયું નહોતું. હં! હં! મહાત્મા ગોપાળ છે! ઠીક, ઠીક! મહાત્મા ગોપાળદાસ સ્વાર્થ વિના કોઇ પણ કાર્ય કરતા નથી;

એટલે આમાં પણ એમનો કોઈ પ્રકારનો સ્વાર્થ સમાયલો હોવો જ જોઇએ. શું મહાત્મા મને મળવામાટે આતુર થયેલા છે? હું એમને અવશ્ય બોલાવીશ એવી આશામાં તો એ આટલી વારથી નહિ નાચી રહ્યા હોય? સંભવ તો એવો જ છે, પણ હું પોતે એમને જીવ જતાં પણ બોલાવવાની નથી. જો એમની ઇચ્છા હશે તો પોતે જ આવશે. હું એમનો સત્કાર કરીશ. મારા ગૃહમાં આવવામાં એમને ભય કોનો છે? ગોપાળદાસ મારે ત્યાં પ્રસાદ મોકલે છે અને મારી આપેલી દક્ષિણાનો સ્વીકાર કરે છે, પછી અહીં આવતાં અચકાય છે શામાટે? ગમે તેમ થઈ જાય પણ હું પોતે તો એમને નથી જ બોલાવવાની!"

વૃન્દાના ઘરની સામે લોકોની એવી ઠસાઠસ ભીડ જામી હતી કે, પ્રથમ તો એ ભીડમાં તે ટાલિયા ગોપાળિયાને જોઇ જ ન શકી. પરંતુ અનુમાનથી તેણે જાણી લીધું કે, આજનો પ્રધાન નર્તક અને ગાયક મહાત્મા ગોપાળિયા વિના બીજો કોઈ નથી. મહાત્માની મનોહર મૂર્તિને જોવામાટેની વૃન્દાના મનમાં લાલસા થઈ આવી. બીજી તરફ મહાત્મા પોતે પણ વૃન્દાને જોવાની વાત તો દૂર રહી, પણ ભીડને લીધે છજ્જાને પણ દેખી શકતા નહોતા. પોતાના ઉદ્દેશને સિદ્ધ થતો ન જોઇને પોતાના પ્રધાન પાર્ષદને તેમણે કાંઇક સંકેત–ઇશારો કર્યો. એ સાંકેતિક આજ્ઞા મળતાં જ પાર્ષદે કહ્યું; "ભકતજનો! અહીંથી બધા આઘા હટી જાઓ. પ્રભુના હૃદયમાં ભક્તિ-ભાવનો અત્યંત આવેશ થયો છે. એકવાર એઓ પોતે એકલા જ નાચશે અને ગાશે!" સર્વ પ્રેક્ષકો હટી ગયા અને વચ્ચેનું મેદાન સાફ થયું. ગોપાળિયાની બિલાડા જેવી નજર છજ્જામાં પડી. છજ્જામાં દૃષ્ટિની એકાગ્રતા કરીને તે નાચતો નાચતો પાછળ હટવા લાગ્યો અને ત્યાર પછી એ જ પ્રમાણે નૃત્ય કરતો કરતો છજ્જા તરફ આગળ વધવા લાગ્યો. તેની દૃષ્ટિ યોગી પ્રમાણે છજ્જામાં જ સ્થિર હતી; દૃષ્ટિની સ્થિરતામાં લેશ માત્ર પણ ન્યૂનતા થઈ નહોતી. માથા ઉપર ઘડો, તેપર ઘડો અને તેની ઉપર પાછો ત્રીજો ઘડો રાખીને તમે કોઈ વેશ્યાને નૃત્ય કરતી જોઇ છે ખરી કે? વેશ્યા કેટલા બધા હાવભાવો કરે છે, હીલે છે, ડોલે છે, ઉઠે છે, બેસે છે અને ચક્ર લઈ લઇને નાચે છે; પરંતુ તેના માથા ઉપરનો ઘડો કદાપિ નીચે પડતો નથી; અન્ય ક્રિયાઓ કરતી વેળાએ તેની દૃષ્ટિ તો તે ઘડાઓમાં જ સ્થિર અને એકાગ્ર હોય છે. મહાત્મા ગોપાળદાસની આજની અવસ્થા પણ લગભગ તેવી જ હતી. તે આજે કેટલા બધા વેગથી નાચી રહ્યા હતા અને શ્રીકૃષ્ણના નામનો ઉચ્ચાર કરીને કેટલાં બધાં તત્ત્વકથાપૂર્ણ ભાષ્યનો ગાઇ રહ્યા હતા કે જેનું વર્ણન થવું અશક્ય છે. પરન્તુ એ સર્વ કેવળ તેમનો બાહ્ય આડંબર જ હતો; તેમની અંતર્દૃષ્ટિ તો કેવળ છજ્જામાં જઇને જ વિરમી રહી હતી!

મહાત્મા છજ્જાને તો જોઇ શકયા, પણ છજ્જામાં વૃન્દા તેમના જોવામાં ન આવી. કુંજવન તો દેખાયું, પણ શ્રીકૃષ્ણ કયાં હતા? પૌર્ણમાસીની રાત્રિનું નીલ નભોમંડળ મહાત્માને કરતલગત થયું, પણ શરચ્ચંદ્ર નહોતો!

મહાત્માએ પ્રેક્ષકોને હઠાવીને જેવો છજ્જા તરફ વધવાનો યત્ન કર્યો કે, વૃન્દા છજ્જામાં જ્યાં ઉભી હતી ત્યાંથી ખસીને પડદાની આડમાં ભરાઈ ગઈ અને ત્યાંથી જ

મહાત્માની નવીન ચેષ્ટાનું અવલોકન કરવા લાગી. પરંતુ મહાત્મા વૃન્દાના મુખને જોઈ ન શકયા. વૃન્દા મહાત્માના સ્વરૂપને જોઇને મનમાં ને મનમાં જ હસવા લાગી. તે હસીને મનોગત બોલી; "વાહ–વાહ! આજે તો મહાત્મા ખરેખરા વરરાજા બન્યા છે! આજે એમના અંગમાં પુષ્પોનો આટલો બધો ભાર કેમ દેખાય છે? વસ્ત્રોની શોભા પણ કાંઈ ઓછી નથી. હું–પણ એ છજામાં જ વારંવાર કેમ દૃષ્ટિપાત કર્યો કરે છે? એમની અત્યારની અવસ્થા અથવા દશાને જોતાં તો એવી જ કલ્પના કરી શકાય કે, જો હું બોલાવીશ તો તો બોલાવતાંની સાથે જ એ તરત ઘરમાં ચાલ્યા આવશે. ત્યારે બોલાવું કે? નહિ–હું તો એમને બોલાવવાની નથી જ. જોઉં તો ખરી, અંતસુધી એ શી શી ચેષ્ટાઓ કરે છે!"

મહાત્માજી નાચતા નાચતા અને ગર્દભસ્વરથી ગાતા ગાતા થાકીને ઢીલાઢચ થઈ ગયા અને જ્યારે ધીમે ધીમે તેમના હૃદયમાંથી વૃન્દાના દર્શનની આશાનો લોપ થયો, ત્યારે તે શ્રીભગવદ્‌ભાવમાં લીન થવાની ચેષ્ટા કરવા લાગ્યા. માર્ગના જે ભાગમાં વધારે કાંકરા અને પત્થર નહોતા, જે ભાગની જમીન સપાટ હતી અને કાંઇક રેતીના ભાગવાળી હતી, તે ભાગમાં આવીને તેમણે મૂર્ચ્છિત થવાની તૈયારી કરવા માંડી. થોડી વારમાં જ તે ધડાક દેતા કે મૂર્ચ્છાગત થઇને પૃથ્વી ઉપર પટકાઈ પડ્યા. પડતી વેળાએ મહાત્માએ પોતાના શરીરની બરાબર સંભાળ રાખીને જ પૃથ્વીનો આશ્રય લીધો હતો. તેમની એ ચાલાકીને વૃન્દા સારી રીતે જોયા કરતી હતી. તેમના પડવાના કૌશલ્યને જોઇને વૃન્દાને કાંઈ વિશેષ આશ્ચર્ય ન થયું; તે એક બહુશ્રુત અને બહુગુણશાલિની રમણી હતી. "જો ભગવદ્‌ભાવમાં લીન થવાની પરીક્ષા લાલચોળ અંગારાઓવડે એના દેહમાં ડ્હામ આપીને લેવામાં આવે તો કેવી મજા થાય? લાખો ભક્તોમાંથી એક પણ ભક્ત આજકાલ ખરેખરી રીતે ભગવદ્‌ભાવમાં લીન થતો હશે કે કેમ, એની શંકા જ છે,–" વૃન્દા એ પ્રમાણે વિચાર કરતી અને મનમાં ને મનમાં હસતી હતી.

વૃન્દા વિશેષ વિચાર કરવા લાગી;–"આટલા દિવસો પછી આજે અચાનક મારા ઘરની સામે મહાત્મા ગોપાળના મનમાં આવા ભગવદ્‌ભાવનો આવેગ કેમ થયો? કહો ના કહો, પણ એમાં એનો કાંઈ પણ સ્વાર્થ હોવો જ જોઇએ. મને તો જણાય છે કે, એની મારાગૃહમાં આવવાની પ્રબળ ઇચ્છા છે, અને તેથી જ એ ટાલિયો અત્યારે આમ કપાળ કૂટી રહ્યો છે. એના આ ભાવનો લોપ થવા પછી એને બોલાવું? નહિ–કદાપિ નહિ. એને બોલાવવામાં મહા દોષ છે! મહા પાપ છે!!"

મહાત્માની ધ્યાનમગ્નતા સાથે જ ઢોલ તાસાંનો ધ્વનિ અને હજારો કંઠમાંથી હરિનામનો ધ્વનિ થવા લાગ્યો; પ્રધાન પાર્ષદ સ્વામી પાસે બેસીને પંખો હીલવવા લાગ્યો. મહાત્માને ધ્યાનમુક્ત થવામાં સાધારણ રીતે જેટલો સમય લાગતો હતો, તેના કરતાં વધારે સમય વીતી ગયો, તોપણ મહાત્માના ધ્યાનનો ભંગ ન થયો.

પ્રધાન પાર્ષદે સર્વને ઉદ્દેશીને કહ્યું; "જુઓ! પ્રભુનું શરીર કેવું ઠંડું પડી ગયું છે. મને તો લાગે છે કે, પ્રભુના પ્રાણ વૈકુંઠમાં પ્રયાણ કરી ગયા છે. જો પાસે જ રાધાકૃષ્ણની કોઈ જાગ્રત યુગલ મૂર્ત્તિ સમક્ષ પ્રભુને શીઘ્ર જ નહિ લઈ જવામાં આવે તો પ્રભુના સજીવ થવાનો સંભવ દેખાતો નથી. એટલામાટે વિલંબ કરવો ઉચિત નથી.

પ્રાણના અભાવથી જો આ નિર્જીવ શરીર સડવા માંડશે, તો પ્રભુના પ્રાણ વૈકુંઠમાંથી પાછા આવવા છતાં પણ સડેલા શરીરમાં પ્રવેશ નહિ જ કરે. પ્રભુને પાસે જ રાધા-કૃષ્ણની કોઈ જાગૃત મૂર્ત્તિ સમક્ષ લઈ ચાલો."

ભક્તજનો શ્રીમતી વૃન્દાની હવેલી તરફ આંગળી બતાવીને એક સ્વરથી બોલી ઉઠયા. "આ પાસેની હવેલીમાં જ શ્રીરાધાકૃષ્ણની યુગલ અને જાગૃત મૂર્તિ વિરાજમાન છે!"

"હા હા-ઠીક સ્મરણ કરાવ્યું! પ્રભુની ચિન્તામાં હું તો એ વાર્તાને ભૂલી જ ગયો હતો. હું ગૃહસ્વામિની પાસેથી આજ્ઞા લઈ આવું છું. આજ્ઞા મળે એટલે પ્રભુના શરીરને ત્યાં લઈ જઇએ." એમ કહીને પ્રધાન પાર્ષદે દ્વારપાલને તે પ્રમાણેની પ્રાર્થના કરી અને ગૃહસ્વામિની આજ્ઞા માગી. દ્વારપાલે એક દાસીદ્વારા તે સંદેશો વૃન્દાને કહેવડાવી દીધો.

એ સંદેશ મળતાં જ શ્રીમતી વૃન્દાએ પોતાની એક સુશિક્ષિતા દાસીદ્વારા ગૃહપ્રવેશની આજ્ઞા મોકલી દીધી. ભક્તજનો મહાત્માના શરીરને ચાદરમાં નાખીને વૃન્દાના ગૃહમાં લઈ આવ્યા. ઘણા દિવસથી મહાત્માને એ ગૃહમાં હરવા ફરવાનો આનંદ મળી શકયો નહોતો. જે સુખમાટે મહાત્મા અત્યંત અધીર અને આતુર બનીને ઘણા દિવસથી સિંધુતીરે ચક્કર માર્યા કરતા હતા, તે જ મહાસુખ આજે અજ્ઞાન અવસ્થામાં કે સજ્ઞાન અવસ્થામાં એકાએક આવી મળવાથી મહાત્માને સ્વર્ગપ્રાપ્તિ થવાનો ભાસ થવા લાગ્યો. શ્રીરાધાકૃષ્ણની યુગલ મૂર્ત્તિ સમક્ષ પ્રભુના શરીરને રાખવામાં આવ્યું અને ભક્તજનો વિકટ ધ્વનિથી ગાવામાં નિમગ્ન થયા.

* * * * *

સંધ્યાનો સમય થવા આવેલો હોવાથી વૃન્દાએ અટારી ઉપર ચારે તરફ દીપમાળા કરવાની અનુચરોને આજ્ઞા આપી દીધી. અંદર અને બહાર સર્વત્ર દીવાળીનો ભપકો થઈ ગયો. આખી હવેલી પ્રકાશરૂપ બની ગઈ. હવે વૃન્દા પોતાના શ્રૃંગાર-કાર્યમાં લાગી, અને તેની બે સહચરીઓ તેને સાહ્ય આપવામાટે ત્યાં આવી. બેંતાળીસ વર્ષના વયની વિધવા વનિતા અને તે શૃંગાર સજવાને તૈયાર થાય? હા—અત્યારે તો એમ જ છે; પણ એમાં કાંઇક ભેદ છે. વિધવા સ્ત્રી કદાપિ કિનારીદાર સાડી પહેરતી નથી, એટલે વિધવા વૃન્દાએ પણ તેવી સાડી ન પહેરી; કિંતુ તેણે જે સાડી પરિધાન કરી, તે જરીની કોરવાળી સાડી કરતાં પણ વધારે સારી અને શરીરને શોભાવનારી હતી. તે ઢાકાની મલમલની બારીક સાડી હતી અને વૃન્દાએ તે પહેરી લીધી. જે જાતના મલમલની એ સાડી હતી, તે જાતની મલમલની એક તાકાની કીંમત બત્રીસ રૂપીઆ અને સાડાબાર આના આપવી પડતી હતી. એ પછી વૈષ્ણવી વૃન્દાએ વિચિત્ર રંગના કીનખાબની તંગ ચોળી પહેરી અને ત્યાર પછી ગળામાં પ્રફુલ્લ તથા અર્ધ પ્રફુલ્લ કુસુમોની માળા ધારણ કરી લીધી. સમસ્ત શરીરમાં પુષ્પોનો જ શૃંગાર કર્યો. મસ્તકે, ગળામાં, છાતીપર અને બન્ને હાથોમાં પુષ્પનો જ ચંદ્રહાર અને બન્ને કાનોમાં પુષ્પોનાં જ કર્ણકુસુમ પહેર્યાં. ધીમે ધીમે વિધવા-વૃન્દા પુષ્પમયીજ વૃન્દા બની ગઈ. એ પછી સુહાસિની અને સુધાહાસિની સખીઓએ અત્તર આદિ સૌગંધિક

દ્રવ્યો તેના કોમળ અને ગૌર શરીર ઉપર છાંટયાં. જમણા હાથમાં હાથીદાંતનો એક નાનો પંખો અને ડાબા હાથમાં ફ્રાંસ દેશની બનાવટનો રમણીમોહન રેશમી રુમાલ લઇને વૃન્દા પોતાના શૃંગારસદનમાંથી બહાર નીકળી.

ખાસ દુષ્ટ સમાલોચકોને ધ્યાનમાં રાખવા જેવી એક વાત અમારે અહીં કહેવી જ જોઇએ. એ પુષ્પમાળા, એ સૌગંધિક દ્રવ્ય, એ પંખો અને એ રુમાલ આધેડ ઉમ્મરની વિધવા વૃન્દાએ કેમ ધારણ કર્યાં હશે, એવી કુશંકા થવાનો સંભવ છે; અને તેનું નિરસન એ છે કે, એ સર્વ વસ્તુઓ શ્રીરાધાકૃષ્ણની સેવામાટે જ એકત્ર કરવામાં આવી હતી અને તેની મૂર્ત્તિને ચઢાવવામાં આવી હતી. દેવસેવા પછી ભક્તોને શું પ્રસાદ નથી મળતો? પ્રસાદનો અધિકાર કેવળ ભક્તજનોને જ હોય છે; એટલે અધિકારિણી વૃન્દાએ કેવળ પોતાના કર્તવ્યકર્મનું જ પાલન કર્યું હતું. હવે તમે વૃન્દાને દોષભાગિની કહેશો?

સોળે શૃંગાર સજીને સજ્જ થયેલી દાસીઓ દીવો હાથમાં લઇને આગળ આગળ ચાલતી વૃન્દાને માર્ગ બતાવતી હતી. બે સહચરીઓ ધવલ ચામરને હસ્તમાં લઈ તેની જોડમાં અને બે પાછળ ચાલતી હતી. પ્રફુલ્લ મુખચન્દ્રની જ્યોતિથી, વિવિધ વર્ણનાં પુષ્પદલોની આભાથી અને સુશોભિત વસ્ત્રથી દીપકપ્રકાશમાં વૃન્દાની રૂપછટાનો અદ્‌ભુત રંગ દેખાતો હતો; જાણે રૂપરાશિને લઇને ઉર્વશી અર્જુનને છળવા ચાલી હોયની, એવો જ ભાસ થતો હતો. આ સમયે વૃન્દાની અવસ્થા કેટલાં વર્ષની છે? એની બેતાળીસ વર્ષની અવસ્થા સાંભળીને તે વેળાએ તો તમે કોપાયમાન થયા હતા; પણ હવે અત્યારે જો તમારી આંખોમાં જોવાની શક્તિ હોય, તો એકવાર સારી રીતે ધ્યાનથી વૃન્દાને જુઓ. આ જુઓ—ગુલાબદલને મ્હાત કરવાવાળા વૃન્દાના બન્ને ગુલાબી ગાલો દીપકના પ્રકાશમાં કેવા ચમકી રહ્યા છે! તેનાં કર્ણાવલંબી નેત્રો આજે કેવાં અનુરાગપૂર્ણ દેખાય છે. રે જરા આમ જુઓ; કંચુકીમાં પુષ્પમાળાવડે પીન પયોધરોની શોભા કેવી મનોહારિણી જણાય છે અને પુષ્પવેણીમંડિત કૃષ્ણ નાગિની સમાન કેશકલાપ કેવી અપૂર્વતા દર્શાવે છે! આજે જાઈ, જુઈ, ચંપા, ચમેલી, કેવડો અને ગુલાબની માળાઓવડે વિભૂષિત વૃન્દા ખરેખર પુષ્પદલવાસિની પુષ્પમહિષી જ બની ગયેલી દેખાય છે.

કહો કે, અત્યારે વૃન્દાની અવસ્થા કેટલાં વર્ષની છે? અવલોકો—મદોન્મત્ત ગજરાજ પ્રમાણે ઝૂલતી વૃન્દા કેવાં ધીમાં પગલાંથી ગમન કરે છે! કહો—આજે વૃન્દાના વય વિશે તમારું શું અનુમાન છે? વૃન્દાની વાણીમાંથી અમૃત સ્રવે છે અને હાસ્યમાં સૌદામિનીની ચમક દૃષ્ટિગોચર થાય છે. આંખો ખંજનની રમત રમી રહી છે; ત્યારે બોલી નાંખો કે, આજે તમને વૃન્દા કેટલાં વર્ષની દેખાય છે. તેના આજના વયનું પ્રમાણ અમે બતાવવાના નથી. તમે જ કહી દ્યોની કે, આજે તે તરુણી છે કે નહિ? તમે તમારા સત્ય ધર્મથી જે અભિપ્રાય આપશો, તે અભિપ્રાયનો જરા પણ વાદવિવાદ કે સંશય વિના જ અમે તરત સ્વીકાર કરી લઈશું. તમે એમ જ કહેવાના કે;—

"બરસ સોલાકા યા અઠારાકા સિન;
જવાનીકી રાતેં મુરાદોંકે દિન!"

"સ્વામિની નીચે પધારે છે!" એ સમાચાર આવતાં જ નીચે ખળભળાટ મચી ગયો. સાધારણ પ્રેક્ષકજનો અને કેટલાક ભક્તજનો શ્રીમતી વૃન્દાની આગમનસૂચના સાંભળીને તરત ત્યાંથી દૂર થઈ ગયા. કેવળ પ્રધાન પાર્ષદ અને થોડાક ખાસ ચુંટી કાઢેલા ભક્તો જ મહાત્મા ગોપાળદાસના શરીર પાસે બેસી રહ્યા. વૃન્દાને પાસે આવતી જાણીને મહાત્માએ આળસ મરડીને બગાસું ખાધું, અને પુનઃ તે પહેલાંની પેઠે જ ચેતનહીન (બેહોશ) બની ગયા. વૃન્દા મહાસાધુ ગોપાળદાસને ઓસીકે બેસીને પંખાવતી વાયુ ઢોળવા લાગી; અને ત્યાર પછી ફ્રાન્સ દેશની બનાવટના રમણીમોહન રુમાલવતી તેના મુખ ઉપરનો પરસેવો લૂછવા લાગી. મહાત્માનું શરીર પુલકિત થયું, દેહમાં રોમાંચ ખડાં થયાં અને શરીર થરથર કંપવા લાગ્યું. તેમની શ્વાસોચ્છ્વાસક્રિયા બળપૂર્વક ચાલવા લાગી. પ્રધાન પાર્ષદ બોલી ઉઠચો;–"પ્રભુના પ્રાણ પાછા શરીરમાં સંચાર કરે છે!"

મહાત્મા ગોપાળદાસે મનમાં નિશ્ચય કર્યો કે, 'પ્રાણોને આટલી ઉતાવળથી અને સહજ પાછા શરીરમાં લાવવા એ ઉચિત નથી;' એવો નિર્ધાર કરીને પુનઃ તેમણે શ્વાસનું રૂંધન કરી લીધું. આજે પ્રથમ ધ્યાનમાં નિમગ્ન થતી વેળાએ તેમણે શ્વાસનો અવરોધ તો કર્યો હતો, પરંતુ ધીમે ધીમે શ્વાસ લીધો હતો અને કાઢચો હતો; પણ આ ક્ષણે તો ચતુર વૃન્દા સામી બેઠી હતી, એટલે શ્વાસ લેતાં જ તે દંભને જાણી જશે તો ફજેતી થશે એવા ભયથી તેમણે શ્વાસને એકદમ અટકાવી રાખ્યો. થોડી વારમાં જ મહાત્માના શરીરમાં અપૂર્વ કષ્ટ અને વેદનાનો આઘાત થયો.

વૃન્દા મહાત્માની હીલચાલ ઉપર નજર રાખીને પ્રધાન પાર્ષદ સાથે વાતચીત કરવા લાગી. તેણે પૂછ્યું; "ધ્યાનનો ભંગ થયા પછી મહારાજ ભોજનમાં શી શી વસ્તુઓ ખાય છે?"

"કાંઈ પણ નહિ–કશુંય નહિ. એ વસ્તુ અતિ સામાન્ય છે. બહુ જ થોડું–કાંઈ પણ નહિ!" પ્રધાન પાર્ષદે ન સમજાય, તેવું ઉત્તર આપ્યું.

"શરીરને ટકાવી રાખવામાટે કાંઈ પણ ખાવું તો અવશ્ય જોઇએ જ. શાકરના શર્બતનો બંદોબસ્ત કરી રાખું?" વૃન્દાએ કહ્યું.

"નહિ, નહિ, શર્બતને તો પ્રભુ વિલાસની વસ્તુ માને છે, એટલે એનો અંગીકાર નહિ કરે." પાર્ષદે જણાવ્યું.

"ત્યારે બીજું શું ખાય છે? એમને મઠો તો ગમે છે ખરો કે નહિ?" વૃન્દાએ પુનઃ પૂછ્યું.

"મઠો ખાવાનો આ પ્રસંગ નથી. આ વખતે થોડુંક ગરમાગરમ દૂધ હશે, એટલે ચાલી જશે. વધારે પંચાત કરવાની જરૂર નથી." પાર્ષદે નમ્રતાથી દૂધનું નામ દર્શાવ્યું.

"અલી–સાંભળ્યું કે–થોડાક ગરમ દૂધનો બંદોબસ્ત કરી રાખ;" વૃન્દાએ પોતાની મુખ્ય દાસીને કહ્યું.

"એવા દૂધનો બંદોબસ્ત કરવાનો નથી. એ દૂધમાં કાંઇક ભેદ છે." પ્રધાન પાર્ષદ વચ્ચે જ બોલી ઉઠચો.

"ત્યારે–બોલો કે, કેવા દૂધની આવશ્યકતા છે? મહાત્માની સેવાથી કૃપા કરીને મને વંચિત ન કરશો." વૃન્દાએ વિવેકથી પ્રાર્થના કરીને કહ્યું.

"કાળી ગાયના અસલ દૂધ વિના મહારાજની સેવા થઈ શકે તેમ છે જ નહિ. વળી દૂધ કાંઇક વધારે જોઇશે. મહાત્માજી તો જો કે થોડું જ દૂધ પીશે, તોપણ પાંચ શેર દૂધને બાળીને બશેર દૂધ કરવું પડશે–એ દૂધપર મલાઇનો અડધી આંગળનો થર જામવો જોઇએ. મહાત્મા કાંઈ પણ ખાશે તો નહિ જ–એક કણ માત્રનો જ સ્વીકાર કરશે; પરંતુ જોઇએ તો પ્રમાણ એટલું જ." પાર્ષદે દૂધના ભેદનો ખુલાસો કરીને જણાવ્યું

એક તરફ એ પ્રમાણે વાતચીત ચાલતી હતી અને બીજી તરફ શ્વાસનું અતિશય રુંધન થવાથી મહાત્માનું પેટ ફૂલવા લાગ્યું. "અરે–મુઓ–ગયો–હવે વધારે વાર દુઃખ નથી સહેવાતું!" મનમાં એ પ્રમાણે કહીને મહાત્માએ વૃન્દાના નાક, કાન અને મોઢા ઉપર પોતાના નિઃશ્વાસનો પ્રવાહ ચલાવ્યો.

મહાત્માના મનમાં હજી વધારે વાર અચેતન અવસ્થામાં રહેવાની ઇચ્છા હતી, પરંતુ નિરુપાયવશાત્ તેમને સચેત થવાની અગત્ય પડી. સચેત થતાં જ તે ઉઠ્યા અને નીચું માથું કરીને બેઠા. મહાત્માના મુખના દુર્ગંધથી કંટાળીને શ્રીમતી વૃન્દાએ નાક મોઢું સંકોડીને મુખ બીજી તરફ ફેરવી લીધું. પ્રધાન પાર્ષદ બોલી ઉઠ્યો; "હવે કશી ચિંતા નથી. મહાત્મા પ્રભુના પ્રાણ ઘટમાં પાછા આવી ગયા છે; મહારાજ પાછા સજીવન થયા છે!" એની સાથે જ વૃન્દા પણ બોલી ઉઠી; "હવે-જલદી ઢોલ તાસાં વગડાવો; વાર શાને કરો છો? સર્વજન ઉઠીને શ્રી રાધાકૃષ્ણના નામનો ઘોષ કરો!"

શ્રીમતી વૃન્દાની આજ્ઞા અનુસાર સર્વજનોએ રાધાકૃષ્ણના નામનો ગગનભેદક ઘોષ કર્યો અને ભગવાનને ભોગ લગાવવામાટે ખૂબ કઢેલું પાંચ શેર દૂધ દાસીએ લાવીને મહાત્મા આગળ મૂક્યું. પ્રથમ તો બે ચારવાર મહાત્માએ 'હું નથી ખાવાનો,' 'મારે કાંઈ પણ નથી ખાવું,' એ પ્રમાણે કહ્યું; પણ અંતમાં દૂધમાં મોઢું લગાડ્યું. પ્રધાન પાર્ષદે પોતાના બન્ને હાથોમાં દૂધનું પાત્ર ઝાલ્યું. તેમાંનું અડધું દૂધ મહાત્માના કંઠને ઓળંગીને હેઠે ઉતરી ગયું ત્યારે તેમણે મુખને પાત્રમાંથી કાઢી લેવાનો ઉપક્રમ કર્યો, એટલે તત્કાલ પ્રધાન પાર્ષદ બોલી ઉઠ્યો;–"પ્રભો! હજી તો એક કણ માત્ર પણ દૂધ આપના ઉદરમાં ગયું નથી; થોડુંક તો પીઓ. શ્રીમતીની પ્રેમસેવાનો સ્વીકાર કરવો જ જોઇએ. લ્યો પીઓ!" ભક્તજનની પ્રાર્થનાનો અનાદર કરી ન શકાય, એટલે મહાત્માએ પુનઃ પાત્રમાં મોઢું નાખ્યું. ત્રણ ભાગ જેટલું દૂધ મહાત્માના અમિતોદરમાં પહોંચી ગયેલું જોઇને પાર્ષદે કહ્યું;–"પ્રભો! બસ–નવટાંક દૂધ પીવાઈ ગયું છે!"

"ત્યારે હવે તમો પ્રસાદ આરોગો." પ્રભુએ પાત્રથી મુખનો વિયોગ કરીને શાંતિથી આજ્ઞા આપી.

પાત્રને બહુ જ ઉંચું ઉપાડીને પાર્ષદ જેવો તેને મોઢે માંડવા જતો હતો કે, બીજા ભક્તો બોલી ઉઠ્યા; "અમે પણ પ્રભુના ભક્ત છીએ અને તેથી પ્રભુના પ્રસાદના સમાન અધિકારી છીએ" એમ કહેતાં જ સર્વ ભક્તોએ પોતાનાં મોઢાં દુગ્ધપાત્ર પ્રતિ લંબાવ્યાં. જાણે પાણીના હવાડામાં દશ વીસ બળદ એક સાથે પાણી પીતા હોયની, એવો દેખાવ થઈ ગયો. વૃન્દા અંદરના બચેલા દૂધને દેખી ન શકે એટલા માટે જ પાર્ષદે પાત્રને ઉંચું ઉપાડ્યું; પણ વૃન્દા તો તેની એ ચાલાકીને ક્યારનીયે પામી ગઈ હતી.

રાત્રિના લગભગ નવ વાગ્યા! મહાત્માની આજ્ઞા મેળવીને સર્વ ભક્તજનો પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. કેવળ પ્રધાન પાર્ષદ અને મહાત્મા તથા બે સખીઓ અને વૃન્દા જ ત્યાં રહ્યાં. હવે વૃન્દા અને મહાત્મા ગોપાળદાસ–પ્રકૃતિ અને પુરુષ–ના સંભાષણનો આરંભ થયો.

પ્રકરણ ૩૬ મું
જાળનો વિસ્તાર

કામિની કટાક્ષ પાશમાં ફસે નરો;
સુહાસિની રમા કરે, હૃદય વિશે ઘરો.–કામિની.
ભ્રૂવિલાસ મંદ હાસ્ય હસ્તિની ગતિ;
મધુર વચન ફેરવે જ પુરુષની મતિ.–કામિની.
સુભટ જીતતા સહસ્ર શત્રુ રણ વિશે;
જિતા નહીં જની કહીં જગદ્ વિશે દિસે.–કામિની.

વૃન્દાએ હાથમાં પંખો લઇને મહાત્માને વાયુ ઢોળતાં મધુર સ્વરથી કહ્યું;–"દીયરજી! આજે આપને બહુ કષ્ટ થયું છે. ઉપરના છજ્જામાં સારી ખુલ્લી હવા આવે છે, ત્યાં બેસીશું?"

એ મધુર વાર્તા સાંભળતાં જ જાણે ગોપાળદાસની વાચા શક્તિનો લોપ જ થઈ ગયો હોયની, તદ્વત્ તે કાંઈ પણ ઉત્તર આપી ન શકયા. ઉત્તર ન આપવાનું કારણ એ હતું કે, તેમને એ સમયે પોતાના શરીરનું પણ કાંઈ ભાન ન હોતું. સુસ્વરમય કંઠથી "દીયરજી"નું સંબોધન સાંભળીને મહાત્મા કેટલીકવાર સુધી ચિંતાના મહાસાગરમાં નિમગ્ન થઈ ગયા. તે મનમાં વિચાર કરવા લાગ્યા; "હું કેવા અને કેટલા બધા ભ્રમમાં પડી ગયો હતો! હું કેવો મહા મૂર્ખ છું! હું ખરેખર આટલા દિવસ સુધી આંધળો જ બની ગયો હતો. હું પહેલાં એ સમજી જ શકયો નહિ કે, વૃન્દાના હૃદયકમળમાં પ્રેમનો આટલો બધો પ્રગાઢ રસ જામેલો છે. મારી ધારણા સત્ય છે. ભય અને લજ્જાના કારણથી જ શ્રીમતી વૃન્દાનું મુખકમળ આટલા દિવસ સુધી વિકસિત થયું ન હોતું. આ ભેદ જો પ્રથમથી જ મારા જાણવામાં આવ્યો હોત, તો અત્યાર સુધીમાં તો વૃન્દા સાથે કેટલીએ વાર હું પ્રેમસુખનો અનુભવ કરી ચૂકયો હોત! હા, હું ભ્રમિષ્ટ બની ગયો હતો–ઉન્માદને વશ થયો હતો. હવે જોવાનું છે કે, વૃન્દાનો સત્યતઃ મારામાં પ્રેમ છે કે નહિ! પણ જો એનો મારામાં અનુરાગ ન હોય, તો હું ધ્યાનમગ્ન હતો, તે વેળાએ એ પોતાના હાથે જ પંખાવતી મને વાયુ કેમ ઢોળે? હું તો તે વેળાએ અચેતન હતો અને એમ છતાં પણ વૃન્દાએ નિષ્કામ ભાવથી પોતાના રેશમી રુમાલવડે મારા મુખ ઉપરનો પરસેવો લૂછી નાખ્યો હતો. જો મારામાં એનો માત્ર બાહ્ય કે કૃત્રિમ પ્રેમ જ હોત,–જો જગતને બતાવવાની જ પ્રીતિ હોત, યદિ સ્વાર્થમય સ્નેહ હોત, તો મારી અચેતન અવસ્થામાં વૃન્દા કદાપિ મારો પરસેવો ન જ લૂછત! વળી બીજું કૌતુક એ કે, એ સમયે વૃન્દાની પાસે જ તેની બે સહચરીઓ પણ ઉભી હતી, છતાં તેના હાથે

પંખાવતી વાયુ ન ઢોળાવતાં વૃન્દાએ પોતાના જ કોમળ કરથી એ પરિશ્રમ કર્યો, એ શું પરમ વિશુદ્ધ સ્વર્ગીય પ્રેમનું લક્ષણ નથી?' એવી રીતે વિચાર કરતાં કરતાં તે અગાધ ચિંતાના તોફાની સમુદ્રના તળિયામાં ઉતરીને ડૂબી ગયા.

પોતાના પ્રશ્નનું ઉત્તર આપવામાં વિલંબ થતો જોઇને શ્રીમતી વૃન્દાએ પુનઃ પૂર્વવત્ સુસ્વરતાથી કહ્યું,–"દીયરજી! કેમ કાંઈ જવાબ નથી આપતા? મારા ઉપર અપ્રસન્ન તો નથી થયાને?"

પુનઃ વૃન્દાની જાગૃત વાણીનું શ્રવણ કરતાં જ મહાત્માનો કંઠ વધારે રુંધાઈ ગયો. તે વિહ્વલ થઇને તડફડિયાં ખાવા લાગ્યા. ધીમે ધીમે અચેતનતાએ તેમનું ગળું દબાવવા માંડયું–તેમનાથી ઉત્તર ન આપી શકાયું.

વિકાર–અવસ્થાના અર્ધ–અચેતનકાળમાં રોગીને વૈદ્ય અથવા ડૉક્ટર પૂછે કેઃ "તબીયત કેમ છે?" અને રોગી તેના ઉત્તરમાં જણાવે કે; "ઉં ઉં–કાંઇક ઠીક છે!" એ પ્રમાણે વૃન્દા વૈદ્યના પ્રશ્નના ઉત્તરમાં મહાત્મા રોગીએ કહ્યું; "નહિ–નહિ, હું અપ્રસન્ન નથી–ઉં–ઉં–"

પ્રભુના એવા અસંલગ્ન ઉત્તર કે ઉત્તરના અભાવને જોઇને પ્રધાન પાર્ષદ બોલી ઉઠયો; "અહા–મહાત્માનો મનોભૃંગ અત્યારે પણ હજી શ્રીરાધાકૃષ્ણના પાદપદ્મના મધુનું પાન કરી રહ્યો છે. એમનો આત્મા પાછો આવવાનો હોય છે, ત્યારે પ્રભુની દશા આ પ્રમાણે જ થઈ જાય છે. હે પ્રભો! આ દાસ ઉપર અનુગ્રહ કરીને હજી થોડો વધારે કાળ આ પાપી લોકમાં લોકોનો પાપથી ઉદ્ધાર કરવામાટે નિવાસ કરો. આટલા સત્વર શ્રીહરિના પદકમળમાં લીન ન થાશો."

મહાત્માની નિદ્રાનો ભંગ થયો; તેમનો પ્રકૃતિમાં આવિર્ભાવ થયો. વૃન્દાના વાક્યબાણના પ્રથમ આઘાતથી તે જો કે કંપાયમાન અને જર્જરિત થયા હતા ખરા, પણ પછીથી પોતાની સ્થિરતાને સંભાળી લીધી હતી. આઘાતની પ્રથમ જેટલી વેદના થાય છે, તેટલી પછીથી થતી નથી.

"મોટી વહૂ! તમે શું ધાર્યું? મારું મન અત્યારે મૃત લોકમાં નથી." મહાત્માએ વૃન્દાને કહ્યું.

"હે મહારાજ! જો આપ આ મૃત લોકમાંથી ચાલ્યા જશો, તો આ દાસ કયાં જશે?" પ્રધાન પાર્ષદે રોઈને ઉદ્ગાર કાઢયો.

"મારા વ્હાલા દીયરજી! તમે તો ભાઈ ખરેખરા જ મહાસાધુ છો!" વૃન્દાએ કટાક્ષનો પ્રહાર કરીને કહ્યું.

મહાત્માના પ્રાણ પુનઃ થોડા વખતને માટે વૈકુંઠના વાતાવરણમાં પધારી ગયા!

પ્રથમ મહાત્માને વૃન્દાએ 'દીયરજી' શબ્દરૂપ મુખઅસ્ત્રવડે અચેતન કર્યા હતા, મહાત્માને ચેતનાવસ્થામાં આવતા જોઇને તેણે 'શું તમે મારાથી અપ્રસન્ન છો?' એ વાકયરૂપ પાશુપત અસ્ત્રનો પ્રયોગ કર્યો હતો અને તેથી વિશેષ ફળ મળતું ન જોઇને 'ભાઈ' શબ્દરૂપ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો. એ અસ્ત્રના પ્રયોગ સાથે જ ફળનિષ્પત્તિ પણ જોવામાં આવી. હવે સારી રીતે પ્રેમરસમાં ડૂબી જવાથી મહાત્માનો કંઠ અવરુદ્ધ થયો અને તેમના શરીરમાંના સમસ્ત જ્ઞાનસંચયનો લોપ થઈ ગયો.

"મહારાજના પ્રાણ પુનઃ વૈકુંઠમાં પધારી ગયા છે." પ્રધાન પાર્ષદ ભય દર્શાવતો બોલી ઉઠ્યો.

"એમના પ્રાણ વારંવાર વૈકુંઠમાં પધારી જાય, એમાં આશ્ચર્ય જેવું શું છે? એ કાંઈ મનુષ્ય છે? એમની ગણના તો દેવકોટિમાં જ થાય છે! દીયરજીને એકવાર હરિસંકીર્તન સંભળાવો. કદાચિત્ હરિનામના ગુણથી એઓ પાછા જાગૃત થશે." વૃન્દાએ કટાક્ષમય દ્વિઅર્થી વાક્યોનો ઉચ્ચાર કર્યો.

વૃન્દાની આજ્ઞા અનુસાર પ્રધાન પાર્ષદ એકલો જ ઢોલ વગાડીને ભજન કરવા લાગ્યો. વૃન્દા ચૂપ રહી. ભજનની સમાપ્તિ થવાની જ હતી, એટલામાં વૃન્દા બોલી ઉઠી;–"બીજું પણ એક ભજન સંભળાવો." એવી રીતે એક પછી એક ત્રણ ભજનની સમાપ્તિ થયા પછી ઢાલિયાનો વિકાર દૂર થયો. મહાત્મા ઉઠીને બેઠા થયા. તેમના શરીરમાં વૃન્દા સાથે સંભાષણ કરવાની શક્તિનો આવિર્ભાવ થયો.

બુદ્ધિમતી વૃન્દા મનમાં જ કહેવા લાગી; "જે થયું તે ઠીક જ થયું છે." તેણે હવે 'દીયર' સંબોધનનો ત્યાગ કરીને કહ્યું. "મને જણાય છે કે, આપને ઘણું જ કષ્ટ થયેલું છે. ચાલો–આપણે ઉપરના છજામાં જઇને બેસીએ."

"મને વળી કષ્ટ કેવું? મારાં નેત્રો અને હૃદય સમક્ષ તો શ્રીરાધાકૃષ્ણની યુગલમૂર્તિ વિદ્યમાન છે–હું તેના પદસરોજને જોયાં કરું છું, અને સ્નેહવડે ગદ્ગદ્ થયા કરું છું. મારો આનંદ અત્યારે દશગણો વધી ગયેલો છે." મહાત્માએ દંભનો આશ્રય લઇને જણાવ્યું.

"આપ સત્ય સાધુ પુરુષ છો; અમે તો વૃથા ભૂમિને ભારરૂપ થવાને જ માનવજન્મ ધારણ કર્યો છે. આપ મનુષ્ય નહિ, કિંતુ દેવતા જ છો." વૃન્દાએ મહાત્માને ચણાના ઝાડ ઉપર ચઢાવવાનો યત્ન કર્યો.

"આવાં વાક્યો ન ઉચ્ચારો. હું ક્ષુદ્ર જંતુ છું. હજી આ મારા કાન, આંખો, નાક, હોઠ, જીભ અને દાંત બધા અવયવો કાયમ છે. મારા શરીરમાં અદ્યાપિ રક્ત, માંસ, અસ્થિ અને મજ્જા ઇત્યાદિનું અસ્તિત્વ છે. મોટી વહૂ! મને દેવતા ન કહો." મહાત્માએ નિરભિમાનિતા બતાવી.

અચાનક કોઈ પદાર્થના પડવાનો અવાજ થયો. મહાત્મા ગોપાળે જોયું, તો બન્ને સખીઓના હાથમાંથી પડી ગયેલા ચામરોનો જ એ અવાજ હતો. બન્ને સખીઓ બીજી તરફ મોઢું કરીને ઉભી હતી અને એક બીજાના મોઢા સામું જોઇને હસ્યા કરતી હતી. વૃન્દાએ તેમની તરફ જોઇને કહ્યું; "જુઓ તો ખરા; નિર્લજ્જાઓને હસવાનો રોગ જ લાગી ગયો છે! આટલું બધું હસવું કેમ આવે છે?" એમ કહેતી વૃન્દા પોતે પણ હસી પડી.

"એ તો હજી નાની છોકરીઓ છે એટલે હસવું ખેલવું, એ તો એમનો નિત્યનો વ્યવસાય છે. હવે તમે હરિપદકમળમાં મન પરોવી લ્યો." મહાત્માએ વૃન્દાને ઉદ્દેશીને જણાવ્યું.

"તો શું આપ આ સ્થાનમાં જ નિવાસ કરશો?" વૃન્દાએ પૂછ્યું.

"જી–આ યુગલમૂર્તિ સમક્ષ આખી રાત પદ્માસનથી બેસીને જપ કરવાનો મારો વિચાર છે." મહાત્માએ ઉત્તર આપ્યું.

મહાત્માની આખી રાત ત્યાં જ વીતાડવાના વિચારની વાત સાંભળીને વૃન્દા ગભરાઈ. તેણે કહ્યું; "એક પ્રહર રાત્રિ વીત્યા પછી મંદિરનાં દ્વાર તો બંધ થાય છે."

"ત્યારે હું મારા મંદિરમાં જઇને જપ કરીશ!" મહાત્માએ વૃન્દાના મનોભાવને જાણીને ફેરવી બાંધ્યું.

"વહાલા દીયરજી! આવતી કાલે સંધ્યા સમયે અવશ્ય આ દાસીની પર્ણકુટીમાં પધારજો. આ દુઃખી અબળાનું સ્મરણ રહેશે ખરું કે?" વૃન્દાએ મોહાસ્ત્રનો પ્રયોગ કર્યો.

"શ્રી રાધાકૃષ્ણ! શ્રી રાધાકૃષ્ણ!! તમને હું ભૂલી જાઉં કે? ગોવિંદ કહો રે મન! તમારા મહાલયમાં શ્રી રાધાકૃષ્ણની યુગલમૂર્તિ છે અને તેમનાં પાદપંકજમાં મારું મન તો નિરંતર સંલગ્ન જ રહે છે. આ શરીર ભલે આ સ્વર્ગસદનથી દૂર હોય, પરંતુ મન દૂર રહી શકતું નથી." ટાલિયાએ ચાતુર્યમય ઉત્તર આપ્યું.

મહાત્મા ધીમે ધીમે ઉઠીને ત્યાંથી ચાલ્યા ગયા. વૃન્દાએ બન્ને સખીઓના કાન આમળીને કહ્યું; "હવે જો આવા પ્રસંગે હસશો, તો કોયડાથી ચામડું જ ઉતારી નાખીશ."

થોડીવારમાં મહાત્મા પાછા આવ્યા અને બોલ્યા;—"મોટી વહૂ! એક ખાસ વાત પૂછતાં તો હું ભૂલી જ ગયો. તમારા દીવાનજીના શા સમાચાર છે? તેઓ બીમાર હતાને?"

"દીયરજી! એ વાતમાં એક મોટો ભેદ સમાયલો છે અને ખાસ એ વાત કહેવા-માટે આપને મેં આવતી કાલે સાંઝે આવવાનો આગ્રહ કરેલો છે. એ વિશે આપણે આવતી કાલે એકાંતમાં વાતચીત કરીશું." વૃન્દાએ બલાને ટાળવાની કોશિશ કરી.

"ત્યારે આવતી કાલે બરાબર સૂર્યાસ્ત થતાં જ હું અહીં આવીશ." એટલું કહીને મહાત્મા ત્યાંથી વાયુના વેગે ચાલતા થયા.

* * * * *

વૃન્દા ઉપરના છજ્જામાં ગઈ અને સિંધુનદના જલકણપૂર્ણ સુખ સમીરણના આનંદનો ઉપભોગ લેતી સિતારના સ્વર સાથે પોતાના સ્વરને મેળવીને સંગીત ગાવા લાગીઃ—

સંગીત

"કહાં લોં રાખેં હિય મન ધીર!
સુનહુ મધુપ અપને ઇન નયનન અનદેખે બલબીર!
ઘર આંગન ન સુહાત રૈન દિન વિસરે ભોજન નીર!
દહત દેહ ચન્દન ઇન્ધન, વ્હૈ અરુ વહ મલય સમીર!
પુનિ પુનિ ઉહૈ સુરતિ આવતિ, ચિત ચિતવત યમુનાતીર!
સૂરદાસ કૈસે બિસરત હૈ, સુન્દર શ્યામ શરીર!"

એ સમયે ભોજન કરીને રોહિણી ત્યાં આવી લાગી. મહાત્માની ઠેઠ સંધ્યાકાળ પહેલાંથી અત્યારસુધી ચાલેલી અગમ્ય લીલાનું છૂપાઇને તેણે અવલોકન કરેલું હોવાથી આવતાં જ તેણે વૃન્દાને પ્રશ્ન પૂછ્યો; "માતાજી! એ વિલક્ષણ સાધુ કોણ હતો?"

"એને હયદરાબાદના લોકો મહાત્મા ગોપાળદાસના બહુમાનદર્શક નામથી ઓળખે છે. બહુ જ મોટા મહાત્મા છે! ઇચ્છા થાય ત્યારે જીવતાં જ વૈકુંઠધામના વાતાવરણમાં ચાલ્યા જાય છે." વૃન્દાએ ગંભીર મુખથી વિનોદાત્મક અને કટાક્ષમય ઉત્તર આપ્યું.

"માતુશ્રી! મને તો એના બધા ઢંગ એવા વિલક્ષણ દેખાયા કે, કોણ જાણે શા કારણથી મારા મનમાં એના વિશે તિરસ્કાર જ ઉત્પન્ન થયો છે. એનાં લાંબાં ટીલાં અને મધુર વાણીથી મને તો એ જ કહેવતની યાદ આવે છે કે,–'ઠાઠ તિલક અરુ મધુરી બાની, દગાબાજકી યહી નિશાની.' તમારો વિચાર ગમે તેવો હોય–આ તો મેં મારો પોતાનો વિચાર દર્શાવ્યો. હવે જો એના બાહ્ય દેખાવ પ્રમાણે એનું અંતઃકરણ પણ પવિત્ર હોય, તો તો બીજી વાત. પણ મને તેમ લાગતું નથી. પીટચાની આંખો કેવી બિલાડાની આંખો પ્રમાણે ચમકતી હતી!" રોહિણીએ તરત પોતાનો અભિપ્રાય નિષ્કપટતાથી દર્શાવી દીધો.

"અહાહાહા–નિઃસર્ગનો કેવો અદ્‌ભુત અને અગમ્ય પ્રભાવ! પાપી પોતાના પાપી હૃદયને બાહ્ય ધાર્મિકતાના વસ્ત્રથી ગમે તેટલો ઢાંકવાનો પ્રયત્ન કરે, પણ પાપ ઢાંક્યું ઢંકાતું જ નથી. રોહિણી! આવો અભિપ્રાય દર્શાવવાની તને ઈશ્વરે જ પ્રેરણા કરેલી હોય, એવો જ મને ભાસ થાય છે. એ મહાત્મા સાધુ નહિ, પણ શયતાન છે. આપણે કાશીમાં હતાં ત્યારે બહેન યશોદાએ એક સાધુવિશે વાત કરી હતી, તેનું તને સ્મરણ છે?" વૃન્દાએ ઉદ્‌ગાર કાઢચા.

"ના, હું તે વેળાએ ત્યાં ન હોતી. પણ બીજી વાર તેની સાથેની તમારી વાતચીતમાં મેં એ સાધુનું નામ સાંભળ્યું હતું ખરું." રોહિણીએ ઉત્તર આપ્યું.

"ત્યારે એ વાત તારા જાણવામાં આવી નથી, તો અત્યારે ખાસ કરીને જાણવાની પણ કાંઈ અગત્ય નથી; કારણ કે, વખત આવતાં બધો ભેદ પોતાની મેળે જ તારા જાણવામાં આવી જશે." વૃન્દાએ વાતને માંડી વાળવાની ચેષ્ટા કરી.

"એ તો ઠીક, પણ માતુશ્રી! જ્યારે આપ એ સાધુને શયતાન તરીકે ઓળખો છો અને એનાં ખરાં દુષ્કર્મોને જાણો છો, ત્યારે એને આપણા ઘરમાં આવવાની અને આવી ધમાચકડી મચાવવાની છૂટ શામાટે આપો છો?" રોહિણીએ એક યોગ્ય શંકા રજૂ કરી.

"પુત્રી! એમાં એક ભેદ છે અને એ ભેદ જ્યારે તારા જાણવામાં આવશે, ત્યારે તું પોતે પણ એમ જ કહીશ કે, જો એને આવી છૂટ આપવામાં ન આવી હોય, તો આ પરમાર્થની બીજા કોઈ ઉપાયથી સિદ્ધિ થવાનો સંભવ જ નથી! હં–પણ અત્યારે જ દીવાન આલમચંદના નામનો એક કાગળ લખ–તેમાં તેમને તેમની સ્ત્રીસહિત એક માસમાં હયદરાબાદમાં આવવાનું લખજે અને મારા પ્રણામ લખજે. એડ્રેસ કરી ટિકિટ ચોડીને કાગળ તૈયાર રાખજે–કાલે પોસ્ટમાં નખાવી દઈશું. જા–એ કામ કર અને પછી સુઈ જા. સવારમાં વહેલી ઊઠજે." વૃન્દાએ આજ્ઞા કરી.

માતાની આજ્ઞાને અનુસરીને રોહિણી ત્યાંથી ઉઠીને પોતાના ઓરડામાં ગઈ અને દીવાન આલમચંદના નામનો કાગળ લખ્યો. એ કાગળ લખાઈ રહ્યા પછી તેણે પોતાના

મનગમતા મોહનલાલપર પણ એક કાગળ લખ્યો. પ્રેમમુગ્ધા બાળા રાત્રે નિદ્રામાં પણ મોહનલાલનાં સમણાં જોવા લાગી.

વૃન્દાએ છજામાં એક બે બીજાં સંગીતો પણ ગાયાં અને પોતાના વૈધવ્યવહ્નિથી બળતા હૃદયને શાંત કરવાનો પ્રયત્ન કર્યો. અંતે સંગીતથી કંટાળીને સિતારને એક ખૂણામાં મૂકી તે પોતાના શયનગૃહમાં ચાલી ગઈ, અને શય્યામાં પડી, પણ તેનાં નેત્રોમાં નિદ્રા ન આવી. "આવતી કાલે સમયપર પીટચો પાજી મહાત્મા તો આવવાનો જ! ત્યારે હવે એને વિશેષ લુબ્ધ કરવાના મારે શા શા ઉપાયો યોજવા? એને જે જાળનો વિસ્તાર કરેલો છે, તે જાળમાં બરાબર કેવી રીતે સપડાવવો અને એનો ફજેતો કેવી રીતે કરવો?" એવા એવા વિચારોમાં ને વિચારોમાં જ રાત્રિનો તેનો ઘણો સમય વીતી ગયો. પરંતુ મોડી રાત્રે નિદ્રાદેવીએ તેનાપર કૃપા કરી અને તે ગાઢનિદ્રાનો આસ્વાદ લેવાને ભાગ્યશાળી થઈ.

સવારમાં નિત્યના સમયે વૃન્દા જાગૃત ન થવાથી એક દાસીએ આવીને તેને જગાડી. તેણે જોયું તો ઘડિયાળમાં સાત વાગ્યા હતા. દાસીએ કહ્યું કે;–"એક ગૃહસ્થ તમને મળવા માગે છે."

"તેમને બહાર મોટા ઓરડામાં બેસાડ." વૃન્દાએ કહ્યું.

પ્રકરણ ૩૭ મું

રોહિણીના હસ્તની યાચના

લગભગ એક કલાકમાં સ્નાન અને પ્રભુધ્યાન આદિ નિત્યકર્મથી મુક્ત થઇને વૃન્દા શ્વેતવસ્ત્ર પરિધાન કરી નીચેના મેળાપના ઓરડામાં આવી. ત્યાં તેણે સાદાં વસ્ત્રોમાં સજ્જ થયેલા એક સુંદર તરુણને કોચ ઉપર બેઠેલો જોયો. એ તરુણને જોતાં જ તે કોઈ ગત વાર્તાનું સ્મરણ કરવા લાગી. એ તરુણને પોતે કયાંક જોયો હોય એવો તેને ભાસ થવા લાગ્યો, પરંતુ કયાં અને કેવા પ્રસંગે જોયો છે, એનું વિસ્મરણ થઈ ગયેલું હોવાથી તે વિચારમાં પડી ગઈ. કાંઇક ઝાંખું સ્મરણ થતાં તેના મુખમંડળમાં હર્ષની છટા દેખાવા લાગી. તેણે તે તરુણને વિવેક અને નમ્રતાથી પૂછ્યું; "ભાઈ! મને મળવામાટે તમે જ પધાર્યા છો?"

"શ્રીમતી વૃન્દા આપ પોતે જ!" તરુણે સામો પ્રશ્ન કર્યો.

"હા!" વૃન્દાએ ઉત્તર આપ્યું.

તરુણે ઉઠીને તેને પ્રમાણ કર્યા. વૃન્દાએ તેને બેસવાનું કહીને સવાલ કર્યો;–"આપ કયાંથી આવો છો?"

"હયદરાબાદમાંથી જ." તરુણે ઉત્તર આપ્યું.

"મારા ધારવા પ્રમાણે આપ હયદરાબાદના નિવાસી અને આમ્મિલ જાતિના નરરત્ન છો, ખરું કે નહિ?" વૃન્દા બોલી.

"હા–શ્રીમતીનું એ અનુમાન સત્ય છે!" તરુણે કહ્યું.

"અને આપનું નામ મોહનલાલ?" શ્રીમતીએ ધીમા સ્વરથી આશ્ચર્યકારક પ્રશ્ન રજૂ કર્યો.

"યથાર્થ છે. મારું નામ આપના જાણવામાં કેમ અને કયાંથી આવ્યું, એની હું કલ્પના કરી શકતો નથી. મારા ધારવા પ્રમાણે તો આપણે આગળ કોઈવાર પણ એક બીજાને મળ્યાં નથી જ." તરુણે આશ્ચર્ય દર્શાવ્યું. એ તરુણ તે આપણો પરિચિત પુરુષ અને રોહિણીનો ભાવી રમણ મોહનલાલ જ હતો.

"આપણે અત્યાર લગીમાં એકવાર પણ એક બીજાને મળ્યાં નથી કે જોયાં નથી એ તમારું કહેવું સત્ય છે; પણ તમારો ફોટોગ્રાફ મેં જોયેલો છે અને તેના આધારે જ અત્યારે તમને ઓળખી લેવાના પ્રયત્નમાં હું વિજય મેળવી શકી છું." શ્રીમતી વૃન્દાએ ગંભીરતાપૂર્વક ઉત્તર આપ્યું.

ફોટોગ્રાફનું નામ સાંભળતાં જ મોહનલાલે શર્માઇને નીચું જોવા માંડયું. રોહિણીને તેણે બનારસમાં તે હતી તે વેળાએ મોકલેલા પોતાના ફોટોગ્રાફની તેને સ્મૃતિ થઈ આવી અને તેની સાથે જ 'વૃન્દાએ અવશ્ય રોહિણી સાથેના મારા સ્નેહની વાત જાણી લીધેલી હોવી જોઇએ.' એ કલ્પના તેના મનમાં આવવાથી તે શર્માઈ ગયો. એવા પ્રસંગે એ પ્રમાણે શર્મ આવે, એ સ્વાભાવિક જ હતું.

"મોહનલાલ! તમારી શર્મનું કારણ હું જાણી ગઈ છું. પરંતુ આમ શર્માઈ જવાનું તમને કાંઈ પણ પ્રયોજન નથી; કારણ કે, અત્યાર સુધીમાં તમે કોઈ પણ પ્રસંગે ધર્મનું ઉલ્લઘંન કર્યું નથી, એ વાત પણ મારા જાણવા બહાર નથી. સ્ત્રી અને પુરુષનો યોગ્ય વયમાં સ્નેહસંબંધ થવો જ જોઇએ, એ નિઃસર્ગનો નિયમ જ છે. તે નિયમને અનુસરીને તમે પ્રેમમાર્ગમાં દોરાયા છો, એમાં તમારો લેશ માત્ર પણ અપરાધ કે દોષ નથી. માત્ર વિધિપૂર્વક લગ્ન થવા પૂર્વે અયોગ્ય વર્તન ન કરવું એ ધર્મ છે અને તે ધર્મનું તમે યથાર્થ પાલન કરેલું હોવાથી તમે પૂજ્ય છો." વૃન્દાએ અનુકૂળ વાકયો ઉચ્ચારીને મોહનલાલને નિર્ભય અને સંકોચરહિત કરવાનો યત્ન કર્યો.

"આપ અબળા હોવા છતાં આપના આવા ઉદાર અને ઉદાત્ત સ્વભાવથી અજ્ઞાત હોવાથી હું મારા મનમાં જે અનેક પ્રકારના ભય અને સંશયને જન્મ આપતો હતો, તે ભય સંશયનો આપનાં આ વાકયો શ્રવણમાં પડતાંની સાથે જ લોપ થયો છે. મને લાગે છે કે, હવે મારી આશા સફળ થશે!" મોહનલાલે વૃન્દાના સ્વભાવની પ્રશંસા કરી.

વૃન્દા અને મોહનલાલ વચ્ચે એ વાતચીત ચાલતી હતી, એવામાં રોહિણી ઓરડાના દ્વારમાં આવી; પરંતુ અચાનક મોહનલાલ, ઉપર દૃષ્ટિ પડતાં તે ત્યાં જ ઠરી ગઈ. મોહનલાલની નજર દરવાજા ભણી હોવાથી તે તેને જોઈ શકયો નહિ. વૃન્દાનું ધ્યાન સંભાષણમાં હોવાથી તેની દૃષ્ટિ પણ રોહિણી ઉપર ન પડી. હિંદુ કુમારિકાનો એ સ્વભાવ જ હોય છે કે, પોતાનાં માતાપિતા કે ભગિની બંધુના દેખતાં તે પોતાના પ્રિયતમ પતિ સાથે દૃષ્ટિમીલન કે વાર્તાલાપ ભાગ્યે જ કરે છે. રોહિણી અદ્યાપિ કુમારિકા જ હોવાથી માતા સમક્ષ મોહનલાલ આગળ જવાની તેની હિંમત ચાલી નહિ; છતાં સ્ત્રીસ્વભાવ પ્રમાણે પોતાની આકાંક્ષાને ન મારી શકવાથી બહાર ઓરડાનાં બારણાં પાસે તે એક તરફ ગુપચુપ ઉભી રહી અને પોતાની માતા તથા મોહનલાલ વચ્ચે શી શી વાતચીત ચાલે છે, તે સાંભળવા લાગી. રોહિણીની આ સર્વ ક્રિયા એક સેકન્ડમાં જ પૂરી થઈ ગઈ હતી.

"મોહનલાલ! તમે વિદ્વાન્ અને વિચારશીલ હોવાથી જગતનો એ નિયમ તો જાણતા જ હશો કે, શુભ કાર્યમાં સહસ્ર વિઘ્ન આવીને અચાનક ઉપસ્થિત થાય છે; એટલા માટે તમારી શુભ આશા સર્વથા નિર્વિઘ્ન સંપૂર્ણ અને ફળીભૂત થશે કે કેમ, એ નિશ્ચયપૂર્વક મારાથી કહી શકાતું નથી." વૃન્દાએ કાંઈક સંદિગ્ધ અને નિરાશાજનક ઉત્તર આપ્યું.

પ્રેમી મોહનલાલના મુખમંડળમાં નિરાશાનો સ્પષ્ટ રંગ દેખાવા લાગ્યો; છતાં તે પોતાની નિરાશાને પ્રકટ થવા ન દેતાં ગંભીરતાથી કહેવા લાગ્યો; "શ્રીમતી! આ કાર્યમાં શાં શાં વિઘ્નો આવવાની સંભાવના છે, એ કૃપા કરીને જણાવશો? જો ભાવી વિઘ્નોનું જ્ઞાન હોય, તો આપણે આપણાથી બને ત્યાં સુધી તેમના પ્રતિકારનો પ્રયત્ન કરતાં રહીએ."

"એ વિઘ્નો એવા પ્રકારનાં છે કે, આગળથી તેમના પ્રતિકારનો પ્રયત્ન વ્યર્થ છે. જ્યારે યોગ્ય સમય આવશે, ત્યારે એક ક્ષણ માત્રમાં જ તેમનો પ્રતિકાર થઈ જશે અને આપણ સર્વની ઇચ્છા પૂર્ણ થશે." વૃન્દાએ ગંભીરતાથી જણાવ્યું.

"પરંતુ તે વિઘ્નોનાં નામ જણાવવામાં આપને કાંઈ વાંધો છે?" મોહનલાલે પુનઃ આતુરતા દર્શાવી.

"વાંધો કાંઈ પણ નથી; પરંતુ એથી તમારા હૃદયમાં નિરાશાનો આઘાત થશે અને તેથી જો કાંઈ વિપરીત પરિણામ આવશે તો મારી રોહિણીનું જીવન વિષમય થઈ જશે, એ ભયથી જ આ વાતો હું અત્યારે જણાવવા નથી ઈચ્છતી." વૃન્દાએ યોગ્ય કારણ બતાવ્યું.

"પરંતુ રોહિણી અત્યારે અહીં નથી અને હું તેને એ ભેદ ન જણાવવાનું આપને વચન આપું છું. જો મારા વચનમાં આપનો વિશ્વાસ હોય અને મનની બધી ગુહ્ય વાતો અને જણાવો તો મોટી કૃપા!" મોહનલાલે પ્રાર્થના કરીને કહ્યું.

"તમારો આગ્રહ છે તો હું તમારી ઇચ્છાનો અનાદર કરતી નથી; પણ રોહિણીને આ વાતો ન જણાવવાના તમારા વચનને ભૂલી ન જશો. સાંભળો, હું ધનાઢ્ય હોવાથી અને તેવામાં મારા પ્રબળ દુર્ભાગ્યયોગે મને વૈધવ્ય પ્રાપ્ત થવાથી ઘણાક દુષ્ટ પુરુષોએ મારા ધનને મેળવવાની આશાથી મારી જોડે પ્રેમસંબંધ કરવાનો પ્રયત્ન કર્યો હતો; પરંતુ જ્યારે તેમની એ દુષ્ટ વાસના પૂરી ન થઈ અને હું મારા ધર્મથી ચલિત ન થઈ ત્યારે તે જ સમાજ અને જ્ઞાતિમાં સભ્ય તથા અગ્રેસર ગણાતા દુષ્ટોએ મારી અનેક પ્રકારે નિંદા કરીને અને મારા ઉપર ગમે તેવા કલ્પિત આરોપો મૂકીને મને જ્ઞાતિથી બહિષ્કૃત કરી છે—એક જ્ઞાતિબહિષ્કૃત વિધવાની પુત્રી સાથે તમે લગ્ન કરી શકશો કે નહિ, એ જ સર્વથી પ્રથમ વિઘ્ન છે." વૃન્દાએ નિરાશાજનક દીર્ઘ નિઃશ્વાસ નાંખીને પોતાની અપકીર્તિની કથા સંભળાવી.

"આ સંસાર એવો વિલક્ષણ છે કે, તેનાથી નઠારું પણ સહી શકાતું નથી ને સારું પણ સહી શકાતું નથી. પરંતુ આપણે જ્યારે વિશ્વમાંનાં મહાપુરુષો અને જગદ્વંદ્ય સ્ત્રીઓ વિશે વિચાર કરીએ છીએ, ત્યારે એમ જ દેખાઈ આવે છે કે, તેમનામાંની ઘણી ખરી વ્યક્તિઓ સુખો કરતાં દુઃખોથી જ વધારે પ્રમાણમાં જ્ઞાની થઈ હતી;

સંપત્તિ કરતાં વિપત્તિથી જ તેઓ સન્માર્ગને શોધી શક્યાં હતાં અને સ્તુતિથી નહિ, પણ નિંદાવડે જ તેમનો પ્રભાવ વિશેષ વિસ્તારને પામ્યો હતો. એટલામાટે એ લોક-નિંદાથી નિરાશ થઇને પોતાને નીચ માનવાનું આપને કાંઈ પણ કારણ નથી. સતી સીતા વિશે પણ લોકો જ્યારે મનમાં કુશંકા લાવતાં ચૂક્યા નહોતા, ત્યાં આપણા જેવા સાધારણ મનુષ્યોની શી ગણના? અસ્તુ. મારા પિતા આપણી જ્ઞાતિના અગ્રેસર છે અને તેથી તેઓદ્વારા પ્રયત્ન કરાવીને આ ન્યાતના ઝગડાનો અંત કોઈ પણ ઉપાયે લાવી શકાશે. એ વિઘ્ન ટળી જાય તો પછી બીજું વિઘ્ન તો નથી?" મોહનલાલે આશાથી એ પ્રમાણેના ઉદ્દગારો કાઢીને છેલ્લો સવાલ પૂછ્યો.

"બીજું વિઘ્ન એના કરતાં પણ વધારે પ્રબળ છે; અને તે એ કે, જે રોહિણીમાં તમારું મન પરોવાયું છે અને જેના પ્રેમોપભોગમાટે તમે આટલા બધા આતુર ને અધીરા બનેલા દેખાઓ છો, તે રોહિણી મારી ખરી પુત્રી નહિ, કિંતુ પાલિતા પુત્રી છે! જો કે એટલું તો મારા જાણવામાં આવ્યું છે કે, એ છોકરી આપણી જ જ્ઞાતિની છે, પરંતુ એનાં માતાપિતાના નામથી અને એના કુળની પ્રતિષ્ઠાથી હું અજ્ઞાત છું, એટલે જ્યાંસુધી એ બધો ભેદ જાણવામાં ન આવે, ત્યાંસુધી તમારી જોડે મારાથી એનું લગ્ન કેમ કરી શકાય, એનો તમારે જ વિચાર કરી લેવો. એક તો પ્રથમથી જ મારા નામની આગ ન્યાતમાં સળગેલી છે અને તેમાં વળી આ કાર્ય કરવાથી જો દુષ્ટજનો એમ જ બોલે કે, આ તો આપણી જ્ઞાતિની કન્યા છે જ નહિ, તો આપણી વાતને સાચી તરીકે સાબીત કરવાના પૂરાવા આપણી પાસે નથી. જ્યાંસુધી એ પૂરાવા હાથમાં ન આવે, ત્યાંસુધી કોઈ રીતે એને પરણાવી શકાય નહિ; કારણ કે, એથી ન્યાતના નિયમનો ભંગ થાય, ન્યાતમાં તડાં પડે અને ન્યાતમાં એક નઠારું ઉદાહરણ બેસી જાય. હું પોતે જ્ઞાતિ-રૂપ સમુદ્રમાં આવો વિક્ષોભ ઉત્પન્ન કરવાને ખુશ નથી. હવે તમારો આ વિશે શો અભિપ્રાય છે તે જણાવો. તમે સુશીલ અને વિચારશીલ પુરુષ હોવાથી આવું સાહસ કરવાની ઇચ્છા નહીં જ ધરાવતા હો, એવો મારો તો નિશ્ચય છે. આ પગલું ભરવાથી તમારા અને તમારા કુટુંબના શિર ઉપર પણ ન્યાતની ગદા આવવાનો સંભવ છે. પ્રત્યેક કાર્ય વારવાર વિચારીને એકવાર કરવું, એમાં જ પ્રતિષ્ઠા અને માન છે. લગ્નનું બંધન મરણ પર્યન્તનું બંધન છે અને તેથી એ બંધનમાં પડવા પહેલાં બહુ જ વિચાર કરવાનો છે." વૃન્દાએ દીર્ઘ દૃષ્ટિથી ભાવી સંકટનું દર્શન કરાવ્યું.

ખરેખર આ એક બહુ જ ગુંચવાયલો પ્રશ્ન હતો અને તે સાંભળીને મોહનલાલ ગંભીર વિચારમાં પડી ગયો. થોડીવાર સુધી તો તે કાંઈ પણ બોલ્યો નહિ. અંતે મનમાં એક વિચાર આવતાં તે વિચારને વ્યકત કરતો તે કહેવા લાગ્યો કે;—"મારો પોતાનો અભિપ્રાય તો એવો છે કે, ગમે તે કુળમાંથી સ્ત્રી જો રત્નરૂપ હોય તો તેનો સ્વીકાર કરવો. જો સ્ત્રી સુશીલ, સતી અને સચ્ચરિત્ર હોય તો તે દુષ્કુળની હોય જ નહિ. જો હું સ્વતંત્ર હોત, તો આ આપનાં કહેલાં વિઘ્નોની પરવા રાખત નહિ. પરન્તુ મારાં માતાપિતા જૂના વિચારનાં છે, એટલે તેઓ આવા લગ્નની વાર્તાનો સ્વીકાર ન કરે એ સ્વાભાવિક છે અને મારાં જનકજનનીના મનને દુખાવીને હું સ્વચ્છંદતાથી આ લગ્ન-સંબંધ કરું, એ પણ યોગ્ય નથી. અર્થાત્ મારે રોહિણીના કુળ અને માતાપિતાનાં નામોનો

પત્તો મેળવવો જ પડશે–એમ કર્યા વિના છૂટકો જ નથી. છતાં શ્રીમતી! એટલું તો હું નિશ્ચયપૂર્વક જણાવું છું કે, જો રોહિણીના કુળ ઇત્યાદિનો પત્તો મળશે અને એની જોડે મારો ધર્મસંબંધ થશે, તો તો ઠીક જ છે; પણ જો એમ ન થઈ શક્યું તો હું અન્ય સ્ત્રી સાથે પરણીને સંસાર માંડવાનો નથી. સદા કુંવારો જ રહીશ અને વિદ્યા-વ્યાસંગમાં જ મારું આયુષ્ય વીતાડીશ."

"તમારા આ નિશ્ચયમાટે હું તમને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું અને મારો આશીર્વાદ છે કે, તમારા પ્રયત્નમાં પરમાત્મા તમને યશ આપશે જ !" વૃન્દાએ કહ્યું.

દરવાજા પાસે બહારના ભાગમાં ઉભેલી રોહિણીના હૃદયમાં મોહનલાલના પ્રથમ વિચારો સાંભળીને કાંઇક નિરાશાનો આઘાત થયો હતો, પરંતુ અન્ય સ્ત્રીને ન પરણવા વિશેની તેની પ્રતિજ્ઞા જ્યારે તેના સાંભળવામાં આવી ત્યારે પુનઃ તેનું હૃદયકમળ આશારૂપ સૂર્યકિરણોના સ્પર્શથી પ્રફુલ્લ થવા લાગ્યું. મનમાં ને મનમાં જ તે મોહનલાલની અત્યન્ત પ્રશંસા કરવા લાગી. મોહનલાલ સાથે બે વાતો કરવાની તેને ઇચ્છા થઈ, પણ અંદર ઓરડામાં શા નિમિત્તથી જવું, એની તેને સૂઝ ન પડી. અંતે તેણે એક સાધારણ નિમત્ત શોધી કાઢ્યું. ઓરડામાં આવી વૃન્દાને કહ્યું કે;–"માતાજી! હજી આપ ચાહ પીવાને ઉપર કેમ ન આવ્યાં? ચાહ તો ઠંડી થઈ ગઈ."

"પુત્રી! જા–ચાહ અહીં જ લાવ. આ તારા મોહનલાલ આવ્યા છે, તેમને માટે પણ લેતી આવજે." વૃન્દાએ કહ્યું.

રોહિણીએ અત્યાર સુધી મોહનલાલને પોતે જાણે જોયો જ નથી, એવો ભાવ દર્શાવ્યો હતો. તે વૃન્દાના કહેવાથી જાણે અચાનક જાણ્યું હોય તેમ બતાવતી લજાતી મોહનલાલને પૂછવા લાગી;–"મુંબઈથી ક્યારે પધાર્યા! મેં તો રાત્રે આપના ઉપર મોકલવામાટે કાગળ પણ લખી રાખ્યો છે. અત્યારે જ તે કાગળ હું પોસ્ટમાં નાંખવા મોકલવાની હતી. આવવાની કાંઈ ખબર પણ ન આપી અને ઓચિંતા આવ્યા, એ શું?"

"મારી પરીક્ષા પૂરી થઈ અને ત્યારપછી પંદરેક દિવસ મુંબઇમાં રહેવાનો પ્રથમ મારો વિચાર હતો, પણ એટલામાં મુંબઇમાં વર્ષાદ બહુ જ પડવા લાગ્યો. એક દિવસ તો એક રાતમાં બાર ઇંચ પાણી પડ્યું. મુંબઇના લાંબા પહોળા અને ગટરની સગવડવાળા રસ્તાઓમાં પણ એટલું બધું પાણી ભરાઈ ગયું કે, નદી કિંવા તળાવનો દેખાવ જ જોવામાં આવતો હતો. લગભગ ચાર કલાક સુધી તો ટ્રામ વગેરેનો વ્યવહાર પણ બંધ થઈ ગયો હતો અને રેલ્વે ટ્રેન પણ ત્રણ માઇલનો રસ્તો કાપતાં બે કલાક જેટલો સમય લેતી હતી. આપણા સિંધમાં વર્ષાદ થતો ન હોવાથી ત્યાંની એ મોસમ મને કંટાળા ભરેલી લાગી અને તબીયતમાં પણ કાંઇક બગાડો થયો, એટલે હું તરત અગાઉથી કાંઈ પણ ખબર આપ્યા વિના જ ચાલી આવ્યો." મોહનલાલે પોતાના ઓચિંતા આવવાનું યોગ્ય કારણ દર્શાવ્યું.

"આપને અહીં આવવાને કેટલાક દિવસ થયા? "રોહિણીએ બીજો પ્રશ્ન કર્યો.

"ગઈ કાલે બપોરે જ હું હયદરાબાદમાં આવ્યો." મોહનલાલે તેના ભાવને સમજી સમાધાનકારક ઉત્તર આપ્યું.

"હં–પણ પરીક્ષામાં તો પાસ થયાને?"

"હજી પરિણામ આવવાનું છે. પેપર સારાં લખી આવ્યો છું, એટલે પાસ થવાની તો પૂરેપૂરી આશા છે. પછી તો જે ઈશ્વર કરે તે ખરું."

"બેસો-ત્યારે હું ચાહે લાવું!" એમ કહીને રોહિણી ત્યાંથી ઉતાવળે પગલે ચાલી ગઇ.

પ્રેમમયી પ્રમદાઓના મનમાં પોતાના હાથે બનાવેલા પદાર્થો પોતાના પ્રિયતમને ખવડાવતાં કેટલો હર્ષ થાય છે અને એવા પ્રસંગે તેમના હૃદયમાં કેટલો બધો ઉત્સાહ આવી જાય છે, એની કલ્પના માત્ર તેવી પ્રમદાઓ જ કરી શકે છે. પુરુષોને એની કલ્પના કરવાનો અધિકાર નથી; તેમનામાં એની કલ્પના કરવાની સ્વાભાવિક શક્તિ જ નથી. રોહિણી નિત્ય સ્હવારમાં ચાહે અને પૂરી પોતાના હાથે જ બનાવતી હતી. તરત તેણે ચાહે ગરમ કરી કિટલી, ચાંદીનાં કપ, સોસર અને પૂરીનો ડબ્બો તથા ચાંદીની ન્હાની થાળીઓ એક દાસીદ્વારા ઉપડાવી અને તેની સાથે પોતે નીચેના ઓરડામાં આવી. માતાની અને મોહનલાલની થાળીમાં ચાર ચાર પૂરીઓ મૂકીને ચાહેના પ્યાલા ભરી આપ્યા અને પોતે ઉભી રહી.

"તું પણ બેસી જાને;" વૃન્દાએ રોહિણીને ચાહે પીવાનું કહ્યું.

"તમને કાંઈ જોઈશે તો કોણ આપશે? હું પછી ચાહે પીવા બેસીશ. તમે પી લ્યો." રોહિણીએ કહ્યું.

વૃન્દા સ્ત્રી હોવાથી સ્ત્રીના ભાવને સમજી ગઈ અને તેથી તેણે બીજીવાર આગ્રહ ન કર્યો.

મોહનલાલને પ્રિયતમાની આપેલી ચાહેમાં અમૃતનો સ્વાદ આવવા માંડ્યો. રોહિણીએ કહ્યું; "મેહમાનજી! અમે ચાહેમાં ખાંડ જરાક ઓછી નાખીએ છીએ; જો આપને વધારે ગળી ચાહે પીવાની ટેવ હોય તો ખાંડ લાવી આપું?"

"નહિ; ચાહેમાં આટલી જ ખાંડ હોવી જોઇએ. કેટલાંક બૈરાં ચાહેમાં ખૂબ ખાંડ નાખીને મીઠી શરબત જેવી બનાવે છે, તે ચાહે મને પોતાને પણ પસંદ નથી. તમારી પૂરીનો સ્વાદ તો વળી અજબ જ દેખાય છે." મોહનલાલે ઉત્તર આપ્યું.

"મારી રોહિણી રસોઈ કરવામાં બહુ જ હુશિયાર છે. એના બનાવેલા બે ચાર ખાસ પદાર્થો ખાશો તો ખુશખુશ થઈ જશો. રોહિણી આજે તો તું પોતે જ રાંધવા બેસજે; મોહનલાલ જમીને જ જશે." વૃન્દાએ સાધારણ વાતચિતમાં જમવાનો આગ્રહ કર્યો.

"આજે તો ક્ષમા કરો. ઘેર કહેલું નથી એટલે બિચારાં મા વાટ જોઇને બેસી રહેશે. વળી બીજી વાર જમીશ." મોહનલાલે કહ્યું.

પોતાની બન્ને તરફથી પ્રશંસા થતી સાંભળીને મુગ્ધ બાળા શર્માઈ ગઈ. મોહનલાલે વૃન્દાને ઉદ્દેશીને કહ્યું; "હું આજથી જ મારા ભાવી સુખની સ્થાપનાના કાર્યનો આરંભ કરીશ અને આપને વારંવાર મળતો રહીશ. અત્યારે તો હવે રજા લઇશ."

"પધારજો. આ ઘર આપનું જ છે એમ ધારજો!" વૃન્દાએ વિવેક દર્શાવ્યો.

મોહનલાલ રોહિણીને પ્રેમદૃષ્ટિથી જોઇને ચાલ્યો ગયો. તેના જવા પછી વૃન્દાએ રોહિણીને કહ્યું; "પુત્રી! પતિ તો તેં અમૂલ્ય હીરા જેવો જ શોધી કાઢ્યો છે. જો

તારા ભાગ્યવશાત્ બધાં વિઘ્નો ટળી જાય અને તને એ જ પતિની પ્રાપ્તિ થાય, તો તારા જેવી ભાગ્યશાળી કોઈ પણ નહિ."

"માતાનો આશીર્વાદ હશે, તો પુત્રી અવશ્ય ભાગ્યશાળી થશે." રોહિણીએ નીચું મુખ રાખીને સંક્ષેપમાં જ ઉત્તર આપ્યું.

વૃન્દા ઉઠી ગઈ અને રોહિણી ભાવી સુખના વિચારમાં મગ્ન થઇને ત્યાં જ બેસી રહી.

પ્રકરણ ૩૮ મું

કંચન અને કામિની

"નામથકી રીઝે ફૂલણજી, લોભી રીઝે દામે;
તાડી પી ગોલાઓ રીઝે, ગોપી રીઝે શ્યામે!".

ગુજરાતી કહેવત

પોતાના વાયદા પ્રમાણે સંધ્યાકાળ થતાં જ મહાત્મા ગોપાળદાસ હરિનામનો જપ કરતા શ્રીમતી વૃન્દાના મહાલયમાં આવી પહોંચ્યા અને છજામાંના એક ઉચ્ચ આસન ઉપર વિરાજમાન થયા. આજે તેમની મુખમુદ્રામાં ઉદાસીનતા છવાયલી હતી, મુખ ઉતરી ગયું હતું અને જાણે મોટા મહાભારત જેવડા દુઃખમાં આવી પડ્યા હોય એવો તેમના શરીરનો રંગ બની ગયો હતો. તેઓ નીચું માથું કરીને ભજન કરવા લાગ્યા. વૃન્દાએ મહાત્માના મલિન મુખને જોઇને વિચાર કર્યો;–"આજે વળી આ નવો ઢંગ!" મનમાં હસી તે મહાત્માને પૂછવા લાગી;–"દીયરજી! આજે આટલા બધા ઉદાસ કેમ દેખાઓ છો?"

મહાત્માએ ભજન ગાતાં ધીર અને ગંભીર ભાવથી ઉત્તર આપ્યું;–"મોટી વહૂ! આજે અહીં આવતાં માર્ગમાં એક બહુ જ દુઃખકારક સમાચાર સાંભળીને હું આવ્યો છું. એ સમાચાર સાંભળીને ચિત્ત એટલું બધું અવસ્થ અને વ્યાકુળ થઈ ગયું છે કે, ન પૂછો વાત."

"દીયરજી! એવા તે એ શા સમાચાર છે? જણાવો તો ખરા!" વૃન્દાએ આતુરતા બતાવી.

"એ સમાચાર કહેવા જેવા નથી. એ વાર્તાનું સ્મરણ થતાં જ મારી છાતી ફાટી જાય છે. અહાહા! તેઓ એક મહા પુણ્યશ્લોક અને પ્રાતઃસ્મરણીય પુરુષ હતા. હવે એવા પુરુષ આ પાપી સંસારમાં જન્મવાના નથી!" મહાત્માએ શોકનો અવધિ થયેલો બતાવ્યો, અને હરિનામ જપતાં જપતાં તેઓ દુપટ્ટાથી મોઢું ઢાંકીને રડવા લાગ્યા.

"વ્હાલા દીયરજી! આપને આમ રડતા જોઇને મને પણ રડવું આવે છે. જે વાત હોય, તે ભેદમાં ન રાખતાં ઝટપટ બોલી નાખો." વૃન્દાએ અધીરતાપૂર્વક આગ્રહ કર્યો.

"મોટી વહૂ! આ મહા દુઃખની વાત હું આપને કેવી રીતે સંભળાવું? હા, રાધારમણ! શું તમો આ મોટી વહૂને એ દુઃખદ સમાચાર સંભળાવવામાટે જ મને દૂત-

રૂપે મોકલ્યો છે? હા, યશોદાનંદન! મારા ભાગ્યમાં શું આજ લખ્યું હતું? શું મારે જ આ શોકવાર્તાનું વિષ શ્રીમતીનાં શ્રવણોમાં રેડવું પડશે!" એ પ્રમાણે બોલતા મહાત્મા પુનઃ દુપટ્ટાથી મુખ ઢાંકીને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યા.

"દીયરજી! આપ આમ શોકાતુર ન થાઓ. આપની શોકાતુરતાને જોઇને મારા પ્રાણ વ્યાકુળ થઈ જાય છે. દીયરજી! જો આપ સત્વર જ તે વાર્તા મને નહિ સંભળાવો, તો હું એમ જ ધારવાની કે, આપ મારાથી ભેદભાવના રાખો છો. હવે વધારે વાર રડો નહિ, શાંત થાઓ! માણસ માત્રને રડવાનું તો છે જ તો!" વૃન્દાએ હાવભાવથી પણ કટાક્ષમાં કહ્યું.

"મોટી વહુ! શું કહું? આજે અહીં આવતાં માર્ગમાં સાંભળ્યું કે, તમારા દીવાનજી આ અસાર સંસારને ત્યાગીને પરલોકવાસી થયા છે!" એટલા શબ્દો ઉચ્ચારી હાહા કરતા મહાત્માજી ઢળીને વૃન્દાની જંઘા ઉપર પડ્યા અને તત્કાળ મૂર્ચ્છિત થઈ ગયા.

બુદ્ધિમતી વૃન્દાએ મનમાં જ વિકટ હાસ્ય કરીને, "હાય હાય! આ શું થયું! વોયરે આ શું થઈ ગયું?" એવા શબ્દો ઉચ્ચારી મહાત્માના મસ્તકને ઉપાડીને પોતાની જંઘા ઉપર રાખી લીધું.

મૂર્છામાં પડેલા મહાત્મા મનમાં જ કહેવા લાગ્યા કે;—"આ અવસ્થામાં મને આવું અદ્વિતીય અને સ્વર્ગીય સુખ મળશે, એની તો મને સ્વપ્નમાં પણ કલ્પના નહોતી. મને મારી બુદ્ધિમત્તાનો અહંકાર અને ગર્વ હતો અને તે ગર્વ ખોટો હતો. શ્રીમતી વૃન્દાનો મારામાં આવો સ્નેહ છે અને મારી સાથે તે આવો ગાઢ સંબંધ સાંધવાની ઇચ્છા ધરાવે છે; એ રહસ્યને અત્યાર સૂધી હું સમજી જ ન શક્યો. હું કેવો મૂર્ખ–કેવો બેવકૂફ ગધેડો!"

વૃન્દાએ થોડીવાર પંખાવતી હવા ઢોળ્યા પછી અને મુખ ઉપર જલસિંચન કર્યા પછી સહજમાં મહાત્માની મૂર્છાનો ભંગ થયો. શુદ્ધિમાં આવતાં જ જીભ કરડીને અને કાંઇક લજ્જિત થઇને ટાલિયા ગોપાળે વૃન્દાની જંઘા ઉપરથી મસ્તક ખસેડી લીધું અને આશ્ચર્યથી કહ્યું: "હેં—આ શું? આપ આટલું બધું કષ્ટ શામાટે વેઠી રહ્યાં છો? મોટી વહુ! હવે આ સંસારમાં વધારેવાર રહેવાની મારી ઇચ્છા નથી. શ્રી રાધાકૃષ્ણનાં પદપંકજમાં મનને સ્થિર કરીને મરવામાં જ મારું મંગળ સમાયલું છે!"

"દીયરજી! આ શું બોલો છો? આવા અશુભ શબ્દોનો ઉચ્ચાર ન કરો. હવે તો કેવળ આપ એકલા જ મારા સંરક્ષક છો!" વૃન્દાએ આંસુડાં ટપકાવીને મોહકતાથી કહ્યું.

એ 'સંરક્ષક' શબ્દ ગોપાળના શ્રવણદ્વારા હૃદયમાં ઉતરીને સુધાવૃષ્ટિ વર્ષાવવા લાગ્યો. મહાત્માએ કહ્યું; "જ્યારથી મેં દીવાનજીના મરણની વાર્તા સાંભળી છે, ત્યારથી હું મને પોતાને પણ ભૂલી ગયો છું. દીવાનજી એક મહાસાધુ પુરુષ હતા. આમ તેમનો એકાએક સ્વર્ગવાસ થઈ જશે, એમ મેં તો સ્વપ્નમાં પણ ધાર્યું નહોતું. સર્વ પરમેશ્વરની લીલા છે! હે રાધાવલ્લભ! આ પાપીને પણ હવે સત્વર બોલાવી લ્યો!!"

એ જ સમયે દીવાનજીના અનેક ગુણોને સંભારીને અને તેની અનેક વાતો કહીને મહાત્મા ભયંકર રુદન કરવા લાગ્યા. રોવા કૂટવાનો આ સારો પ્રસંગ જાણીને મહા-

ત્માની સાથે વિધવા વૃન્દા પણ ડૂસકાં ભરી ભરીને રોવા લાગી. થોડીવાર પછી બન્નેના રુદનનો એક સાથે જ અંત આવી ગયો.

"મોટી વહૂ! આ દુર્ઘટના ક્યારે અને કેવી રીતે બની, તે તો કહો." મહાત્માએ આંખો લૂછીને કહ્યું.

"આ શોકકારક સમાચાર મળ્યાને આજે ત્રણ દિવસ થયા. એ સમાચાર મળતાં જ મારા મનમાં એવો આઘાત થયો કે, હું પણ લાંબો વખત હવે આ પાપી સંસારમાં રહેવાની નથી." વૃન્દાએ રડતાં રડતાં જવાબ આપ્યો.

"એમ કદાપિ બનવાનું નથી. તમે શ્રી રાધાકૃષ્ણની યુગલમૂર્ત્તિ સ્થાપિત કરેલી છે, એટલે હવે તેમની સેવામાં જ જીવન વીતાડી દ્યો! હં, પણ મોટી વહૂ! દીવાનજીએ કયા સ્થાનમાં દેહત્યાગ કર્યો?" મહાત્માએ આશ્વાસન સાથે વળી દીવાન વિશે પ્રશ્ન કર્યો.

"વૃન્દાવનના ધામમાં!" વૃન્દાએ ઉત્તર આપ્યું.

"એ તમે કેમ જાણ્યું?" મહાત્માએ ત્રીજો સવાલ પૂછ્યો.

"હું યાત્રામાં હતી, તે વેળાએ દીવાનજીની બીમારીનો તાર આવ્યો હતો એટલે મારો ત્યાંથી મુંબઈ જવાનો વિચાર મુલતવી રાખીને હું અહીં આવી અને તેમની તબીયત વધારે લથડેલી જોઇને મેં તેમને તીર્થસ્થાનમાં જવાની સલાહ આપી. તેઓ મારી પ્રાર્થનાને માન્ય કરીને તરત વૃન્દાવન ગયા અને ત્યાં ત્રણ ચાર દિવસમાં જ તેમના દેહનો પાત થયો. દીવાનજીને ભયંકર ઉદરરોગની પીડા હતી અને તેમાં જ અંતે તેમનો દેહ પડ્યો." વૃન્દાએ એ વૃત્તાંત કહેતાં વળી પાછાં આંસુ વર્ષાવ્યાં.

"એમના મરણસમાચારનો કાગળ રજીસ્ટર્ડ આવ્યો હતો કે?" મહાત્માએ વિચિત્ર સવાલ પૂછ્યો.

"ના—અડધા આનાના પરબીડિયામાં જેવી રીતે સાધારણ કાગળ આવે છે, તેવી જ રીતે આવ્યો હતો." વૃન્દાએ ઉત્તર આપ્યું.

"પણ તે કાગળ કોના હાથનો લખેલો છે. કોઈ જાણીતા માણસનો લખેલો છે કે અજાણ્યાનો?" મહાત્માએ ઉલટપાલટ તપાસ ચલાવી.

"દીવાનજી સાથે અહીંથી જે માણસો ગયા હતા, તેમાંના એકનો લખેલો છે. કાગળ બરબીસિંધી અક્ષરોમાં છે અને તેના અક્ષરો હું સારી રીતે ઓળખું છું. જુઓ હું કાગળ લાવી બતાવું." એમ કહીને વૃન્દા બીજા ઓરડામાં જઈ હાથીદાંતનો હીરાથી જડેલો એક દાબડો લઈ આવી અને તેમાંથી એક કાગળ કાઢીને મહાત્માના હાથમાં આપતી તે બોલી:—"લ્યો આ કાગળ, વાંચી જુઓ." વૃન્દા તેની મુખચર્યાને જોવા લાગી.

મહાત્માએ કાગળને હાથમાં લઈ આદિથી અંત પર્યંત વાંચી નાખ્યો. પરબીડિયા ઉપરનું સરનામું વાંચ્યું અને ત્યાર પછી ટિકિટ ઉપર વૃન્દાની છાપને તપાસીને કહ્યું; "છે તો બરાબર!—અહાહા—હે મધુસૂદન!"

"જુઓ—દીયરજી! હવે મારી આ સંસારમાં રહેવાની ઇચ્છા નથી. પ્રથમ તો અહીંથી નીકળીને હું સર્વ તીર્થોમાં યાત્રા કરીશ અને અંતે સદાને માટે વૃન્દાવનધામમાં જ નિવાસ કરીશ. અહીં આ રાધાકૃષ્ણની સેવા જાણે અને તમે જાણો! હવે

તો ભાઈ! બધો ભાર તમારા જ માથા ઉપર આવી પડ્યો છે!" વૃન્દાએ વૈરાગ્ય-વૃત્તિનું દર્શન કરાવ્યું.

"મોટી વહુ! આટલો બધો ખેદ ન કરો. શાંત થાઓ. એકદમ આટલાં ઉતાવળાં થવું સારું નથી!" મહાત્માએ આશ્વાસન આપ્યું.

"નહિ, દીયરજી! હવે આ સંસારમાં મારું મન એક પળવાર પણ લાગતું નથી; અને એ વિષયના પરામર્શમાટે જ આપને આગ્રહ કરીને મેં આજે બોલાવ્યા છે. શું આપ મારી પ્રાર્થનાનો સ્વીકાર નહિ કરો?" વૃન્દાએ ધીમે ધીમે મહાત્માને ઉંડા પાણીમાં ઉતારવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

"હું વળી તમારી પ્રાર્થનાનો અનાદર કરું? 'न भूतो न भविष्यति' એમ કદાપિ થયું પણ નથી અને થવાનું પણ નથી. મોટી વહુ! કહો કે, આ સમયે મારી પાસેથી તમે શી સેવા કરાવવા ઇચ્છો છો? મારા પ્રાણોનું બલિદાન આપીને પણ હું તમારું કલ્યાણ કરીશ." મહાત્માએ ઉદારતા બતાવવામાં કશી પણ કચાશ ન રાખી.

"મારી જાગીરદારી અને જમીનદારી તથા બીજી સંપત્તિની બધી વ્યવસ્થાનો ભાર આપ પોતાના માથા ઉપર ઉપાડી લ્યો." વૃન્દાએ પ્રાર્થના કરી.

"જુઓ—મોટી વહુ! હું હવે આ સંસારના વધારે પ્રપંચમાં પડવા નથી ઇચ્છતો. હવે મારું જેટલું આયુષ્ય બાકી હોય, તેટલા દિવસ કેવળ હરિનામકીર્તન કરીને વીતાડવાનો જ મારો મનોભાવ છે." મહાત્માએ નિઃસ્પૃહતા દેખાડીને જણાવ્યું.

થોડીવાર મૌન ધારણ કરી, નિઃશ્વાસ નાખતી વૃન્દા બોલી; "હાય! મારું કોઈ ન રહ્યું! મારી શી દશા થશે? હું આપના વિના બીજો કોઈ નિઃસ્પૃહ અને મારો હિતેચ્છુ પુરુષ જોઈ શકતી નથી. કાર્યકુશલ હોવાની સાથે આપના જેવો ધાર્મિક અને સત્યાવલંબી પુરુષ આ દેશમાં તો બીજો એક પણ મળી આવે તેમ નથી જ. મારી એવી ઇચ્છા છે કે, મારી બધી સંપત્તિ અને જાગીર શ્રી રાધાકૃષ્ણને સમર્પિત કરીને આપનાં નામ ઉપર ચઢાવી દેવી, અને આપને મારા મંદિરના સેવક તરીકે નીમવા. આપ મને મારા નિર્વાહમાટે મહિને કેવળ એક સો રૂપિયા મોકલતા રહેશો એટલે બસ. એટલાથી મારું જીવન આનંદ અને સુખમાં વીતી જશે." વૃન્દાએ લોભના અંતર્ભાગોનું દર્શન કરાવ્યું.

"એકસો શામાટે? તમારી ઇચ્છા હોય તો મહિને પાંચ સો લેજોને!" મહાત્માજી ઉદાર બની ગયા.

"નહિ, નહિ; એટલા બધા રૂપિયાની મને કાંઈ પણ આવશ્યક્તા નથી. તીર્થ-યાત્રા અને જીવનધારણમાટે એક સો રૂપિયાની રકમ ઘણી છે." વૃન્દાએ સંતોષ દર્શાવ્યો.

"તમારી બધી મળીને કેટલીક આવક હશે?" મહાત્માએ સ્વાર્થના વિષય ઉપર આવીને કહ્યું.

"વાર્ષિક ઓછામાં ઓછી પચાસ હજારની આવક છે." વૃન્દાએ ઉત્તર આપ્યું.

"ભલા—તીજોરીમાં કાંઈ રોકડ પણ છે?"

"દીયરજી! તમારાથી ભલા હું કાંઈ છૂપાવીશ ખરી? લગભગ સાડાત્રણ લાખ રૂપિયા તીજોરીમાં રોકડા છે અને બે લાખનું ઝવેરાત અને હવેલી તથા લૂગડાં લત્તાં

તો જુહાં. દીયરજી! એ બધું આપને આપી જવાની જ મારી ઇચ્છા છે." વૃન્દાએ સોનાનો પર્વત બતાવ્યો.

"મોટી વહૂ! મને આવો લોભ ન બતાવો. હું રૂપિયાને સ્પર્શ પણ નથી કરતો-રૂપિયાને આંખોવડે જોતો પણ નથી. પાર્થિવ વિષય સાથે મારો કશો પણ સંબંધ નથી." મહાત્માએ શુદ્ધિમાં આવીને પુનઃ નિઃસ્પૃહતાનો પાઠ ભણવા માંડ્યો અને કાનોમાં આંગળીઓ નાખી કાન બંધ કરી દીધા.

"ત્યારે હવે મારો આ પીડામાંથી શા ઉપાયે છૂટકો થાય?" વૃન્દાએ પોતાનો આગ્રહ ચાલૂ રાખ્યો.

"અત્યારે જ આમ ઉતાવળ કરીને વૃન્દાવનધામમાં જવાની શી અગત્ય છે? હજી તો તમારું વય પણ કાંઈ એટલું બધું વિશેષ નથી થઈ ગયું. થોડા દિવસ અહીં જ રહીને શ્રીરાધાકૃષ્ણની સેવા કરો, હરિપ્રેમ શીખો, રાસપંચાધ્યાયનું શ્રવણ કરો, ખરેખરા વૈષ્ણવોની તનમનધનથી સેવા કરો અને હરિનામ જપો, એટલે એથી આ સ્થાનમાં જ તમારી ભુક્તિ અને મુક્તિ એક સમયાવચ્છેદે જ થઈ જશે. વૈષ્ણવ પુરુષ માત્ર શ્રીકૃષ્ણ છે અને વૈષ્ણવ સ્ત્રી માત્ર ગોપી છે, એ ભાવનાને હૃદયમાં દૃઢ કરો. જો મનમાં પ્રીતિ હોય તો વૈષ્ણવોમાટે સર્વ પૃથ્વી વૃન્દાવન જ છે. આમ હોવા છતાં પણ જો મથુરા જિલ્લામાં આવેલા વિશિષ્ટ વૃન્દાવનમાં જવાની જ તમારી ઇચ્છા હોય તો ભલે તેમ કરો." મહાત્માએ વૈષ્ણવતત્ત્વજ્ઞાનનું ગુપ્ત વિવેચન કરી સંભળાવ્યું.

એના પ્રત્યુત્તરમાં ચતુર અને મહાબુદ્ધિમતી વૃન્દાએ મનોમોહક હાવભાવ અને મદનવિલાસિની ચેષ્ટાઓ કરીને કહેવા માંડ્યું; "દીયરજી! હવે તે વિશિષ્ટ વૃંદાવન વિના અન્ય સ્થળમાં મારું હૃદય રમમાણ થવાનું નથી, અને તેથી જ વૃન્દાવનના નિવાસમાટે હું સર્વસંપત્તિત્યાગિની થવાને તૈયાર થઈ છું. એટલે મારાથી એ વૃન્દાવનના નિવાસની આશાને કેમ કરીને ત્યાગી શકાય? મારી ઇચ્છામાં કૃપા કરીને આપ અડચણ ન કરો. વૃન્દાવન જવામાટેની સર્વ વ્યવસ્થાઓ મેં અત્યાર પહેલાં જ કરી રાખી છે. કેવળ આપ મારી સંપત્તિને સંભાળવાનો ભાર ઉપાડી લ્યો, એટલે પછી મારી સર્વ ચિન્તાઓ ટળી જાય."

"હું તો સદા સર્વદા સંપત્તિથી અલિપ્ત અને વિરક્ત છું. પણ હા-હું એક બીજા ઉપયુક્ત અને વિશ્વસનીય મનુષ્યની એ કાર્યમાટે યોજના કરી આપીશ અને તે મનુષ્યને જ સર્વ સંપત્તિ ઇત્યાદિની વ્યવસ્થા સોંપી જજો!" ટાલિયા ગોપાળે પવિત્રતાની ચેષ્ટા કરીને કહ્યું.

"હું એ તો પ્રથમથી જ કહી ચૂકી છું કે, યોગ્ય પુરુષ તો એ કાર્યમાટે એક કરતાં વધારે મળી શકે એમ છે; પણ દીયરજી! આપના જેવો ધાર્મિક અને ભક્તશિરોમણિ પુરુષ તો આ અવનીતલમાં બીજો કોઈ મળવો અશક્ય જ છે. અર્થાત્ મારો વિશ્વાસ માત્ર તમારામાં જ છે." વૃન્દાએ આગ્રહને જેમનો તેમ ત્રુટિત ન થવા દેતાં આગળ ચલાવ્યો.

"હે હરિ! રક્ષા કરો. મોટી વહૂ! હું એક અધમ કીટ-પાપી પતંગ છું. મારી આટલી બધી પ્રશંસા ન કરો!" મહાત્મા કંટાળી ગયા.

"હું નિરુપાય છું કે, આપના વિના અત્યારે મારી ગતિ જ નથી!" વૃન્દા બોલી.

"હું કેવળ હરિનામના જપ વિના બીજું કાંઈ પણ જાણતો નથી; એટલે આટલી અતુલ સંપત્તિનો ભાર હું મારા શિર ઉપર કેમ કરીને ઉપાડી શકું? વિશેષતઃ રૂપીયાને ન જોવાની અને સ્પર્શ પણ ન કરવાની મેં દૃઢ પ્રતિજ્ઞા કરેલી છે, એટલે હું પણ નિરુપાય છું." મહાત્માએ પોતાનોજ કક્કો ભણવા માંડ્યો.

"દીયરજી! આપને પોતાને એમાં કાંઈ પણ પરિશ્રમ વેઠવાનો નથી. હું બધું કોર્ટમાં આપના નામ ઉપર ચઢાવી દઇશ અને રોકડા સાડા ત્રણ લાખ રૂપીયા પણ આપને જ સોંપીશ. જો તમે રૂપીયાને સ્પર્શ ન કરતા હો, તો તમારા બીજા કોઈ વિશ્વસનીય મનુષ્યને તીજોરીની ચાવી સોંપી દેજો અને બીજા યોગ્ય માણસોને રાખીને પોતાનું કામ ચલાવી લેજો. જુઓ દીયરજી! મેં દસ્તાવેજ પણ લખાવીને તૈયાર રાખ્યા છે, માત્ર આપનું નામ લખવું જ બાકી છે! બોલો હવે મને જીવાડવી છે કે મારવી છે?" વૃન્દાએ કંટાળો ખાઈને છેલ્લા સરવાળા ઉપર આવીને કહ્યું.

"હેં હેં–શું કહ્યું? બતાવો તો ખરાં, તે દસ્તાવેજ ક્યાં છે? હે હરિ! મારો બેડો આ સંસારસાગરમાંથી પાર ઉતારો!" મહાત્માએ ગદગદિયાં થવાથી દસ્તાવેજ જોવાની ઇચ્છા દર્શાવી.

વૃન્દાએ તેજ હાથીદાંતની પેટીમાંથી દસ્તાવેજનો એક ખરડો કાઢીને મહાત્માના હાથમાં આપ્યો. તે વાંચીને મહાત્મા ચમક્યા, તેમની છાતી ફૂલી ગઈ અને પોતાને અતુલ સંપત્તિના સ્વામી થયેલા જોઇને એવા તો હર્ષઘેલા બની ગયા કે, તેમના મુખમાંથી એક શબ્દ પણ નીકળી શક્યો નહિ. થોડી વાર પછી જેમ તેમ સ્થિરતા લાવીને તેમણે કહ્યું કે;–"મોટી વહૂ! તમે તો વળી પાછો મને દુસ્તર નરકમાં હડસેલી દેવા ચાહો છો. નહિ, મને ક્ષમા કરો."

"દીયરજી! હવે તમે આનાકાની કરો તો તમને મારા ગળાના સોગન્દ છે. તમારે મારી પ્રાર્થનાને માન્ય કરવી જ પડશે. હું એમ તમને સહજમાં છોડવાની નથી તો?" વૃન્દાએ નેત્રબાણ મારીને કહ્યું.

"ત્યારે તમારાં વચનને માન આપી, એ બધો ભાર હું મારા માથાપર ઉપાડી લઉં છું; પરંતુ મારે બધું કામ તો નોકર રાખીને જ ચલાવવું પડશે, એટલે નુકસાનનો જવાબદાર હું નથી!" મહાત્માએ બાજી રમવાની શરૂઆત કરી.

"શું ત્યારે મારો આપના વર્તનમાં અવિશ્વાસ છે? હું આપને સ્પષ્ટ અક્ષરોમાં લખી આપીશ કે, 'નુકસાનના જવાબદાર આપ નથી!' મારા મરણ પછી તો બધું આપનું જ થવાનું છે; એટલે પછી લાભ કે હાનિનો પ્રશ્ન જ ક્યાં રહ્યો?" વૃન્દાએ હસીને કહ્યું.

"છીઃ છીઃ–એ સંપત્તિ મારી થશે! મોટી વહૂ! આ વાત તમે શામાટે કહી વારુ? હું ધનસંપત્તિને તુચ્છ સમજું છું. સમજ્યાં કે?" પાછા મહાત્મા છેડાયા અને જીભ કરડવા લાગ્યા.

"અરે–મારી ભૂલ થઈ. હં–પણ એક બીજી વાત તમારે ધ્યાનમાં રાખવાની છે અને તે એ કે, મારી બે તરૂણ સખીઓ છે, તે બન્નેને સંભાળવાનો ભાર પણ તમારા માથાપર જ આવવાનો!" વૃન્દાએ એક નવી દરખાસ્ત રજુ કરી.

"એમાં શું? એ તો એક સહજ કાર્ય છે. તેમને હું વૈષ્ણવપ્રેમનો પાઠ પઢાવીશ અને વૈષ્ણવોની સેવા કરવાનો માર્ગ બતાવીશ!" મહાત્માએ આશ્વાસન આપ્યું.

"વળી મારી એક તરુણ પાલિત પુત્રી છે......"

"તેને પણ વૈષ્ણવધર્મની દીક્ષા આપીને વૈષ્ણવ સેવિકા બનાવીશ." મહાત્મા વચ્ચે જ બોલી ઉઠયા.

"મારે ત્યાં એક પાળેલી બિલાડી પણ છે."

"તો તેની શી ચિન્તા છે? બિલાડીને પણ નિરામિષભોજી બનાવીને નિરંતર મારી પાસેની પાસે જ રાખીશ. શ્રીકૃષ્ણ કનૈયાનું નામ તેના કાનોમાં જતાંની સાથે જ તેને બિલાડીના જન્મથી મુક્તિ મળી જશે!"

"મારો એક બીજો પણ અનુરોધ છે. વચ્ચે વચ્ચે શ્રી વૃન્દાવનમાં પધારીને તમારે મને દર્શન આપવાં જોઈશે. સાધુદર્શન મને બહુજ પ્રિય છે, એટલે વર્ષમાં પાંચ છ વાર તમારે વૃન્દાવનમાં પધારવાનો પરિશ્રમ વેઠવો પડશે. વૃન્દા નિરંતર સાધુ-દર્શનનીજ ભૂખી છે."

"મારી પણ એ જ ઇચ્છાછે. વૃન્દાવનમાં વિહાર કરવાની કોની ઇચ્છા ન હોય?"

"વૃન્દાવનમાં આપની પાસેથી હું પ્રેમશાસ્ત્રનો અભ્યાસ કરવાની છું! એ વિશે મેં નિશ્ચય કરી રાખ્યો છે."

વૃન્દાના એ અંતિમ વાક્યથી મહાત્માનાં રોમાંચ ઉભાં થઈ ગયાં. તેઓ ભગ્ન સ્વારથી કહેવા લાગ્યા; "સર્વ રાધારમણની જ ઇચ્છા છે. હે દીનબન્ધો! અત્યારે જ મને વૃન્દાવન લઈ ચાલો." એટલું બોલી વૃન્દાના મનની પરીક્ષા કરવાના ઉદ્દેશથી તેમણે પૂછ્યું: "મોટી વહૂ! હવે હું આજે તો રજા લઉં છું—પાછો આવની કાલે આવીશ. કેમ રજા છેને?"

"પણ મારો હજી એક બીજો પણ અનુરોધ છે; અને તે એ કે આજે આપ રાત્રિ અહીં જ વીતાડો. શ્રી રાધાકૃષ્ણની સર્વ ભોગસામગ્રી તૈયાર છે. આવતી કાલે પ્રભાતમાં જ દસ્તાવેજ અને રેજીસ્ટ્રેશન કરી નાખવાનો મારો નિશ્ચય થઈ ચૂકયો છે. કરાંચીથી વાઘૂમલ્લ વકીલ અને હાયકોર્ટના રજીસ્ટ્રારને મેં આવતી કાલે અહીં આવવા-માટેના કાગળો, ત્રણ દિવસથી લખી નાખ્યા છે. માટે કૃપા કરીને આજે તો અહીં જ વિશ્રાંતિ લ્યો." વૃન્દાએ રુચતી પ્રાર્થના કરી.

"નહિ—નહિ આજે તો ક્ષમા કરો. આવતી કાલે પ્રભાતમાં જ આવી પહોંચીશ."

"એમ કેમ? શું આજની રાત અહીં કાઢવાથી આપનાં પત્નીશ્રી નારાજ થશે અને વ્હેમમાં ભરાશે, એવો આપને ભય છે કે?"

મહાત્માનું શરીર પુનઃ કંપાયમાન થયું. તેમણે મનમાં કહ્યું, "આશક—જરૂર આશક!" એ પછી વૃન્દાને ઉદ્દેશીને તેઓ બોલ્યા; "સારું—ત્યારે મોટી વહૂ! તમારી ઇચ્છા અનુસાર હું અહીં જ રાતવાસો કરીશ. હરિપ્રેમપ્રસંગમાં અંધકારમયી નિશાના કાળને કાપી નાખીશ."

ષોડશોપચારથી મહાત્મા ગોપાળદાસનો ભોજનવિધિ થયો અને ત્યાર પછી નીચે બહારની બેઠકમાં તેમના શયનની વ્યવસ્થા કરી આપવામાં આવી. વૃન્દા ઉપર પોતાના ઓરડામાં અંદરથી બારણાંને સાંકળ વાસીને નિદ્રાવશ થઈ ગઈ.

રાત્રે મહાત્માને ઉંઘ ન આવી. તેઓ તડફડિયાં મારવા લાગ્યા. આટલા મોટા આલીશાન મકાનમાં રાત્રિના ગંભીર સમયમાં જરા પણ અવાજ સંભળાયો કે મહાત્માને વૃન્દાના આવવાનો ભાસ થતો હતો! બિલાડીનો ખડખડાટ સાંભળતાં મહાત્મા તેને વૃન્દાનાં પગલાંનો અવાજ ધારતા હતા! તેઓ મનમાં એમ જ કહેતા, "બસ-વૃન્દાનાં પગલાં સંભળાયાં; હમણાં જ તે અહીં આવવી જોઇએ!" એવી રીતે આશા અને નિરાશાના યુદ્ધમાં ઘણોક વખત વીતી જવા પછી મહાત્મા મનોગત વિચાર કરવા લાગ્યા; "આજે વૃન્દાએ મને ખાસ પોતાને ત્યાં કેમ બોલાવ્યો હશે? મારામાં એનો બહુ જ પ્રેમ હોવાથી તો નહિ બોલાવ્યો હોયને? છે તો એમ જ. પરંતુ પ્રેમનું જે મૂળ લક્ષણ હોવું જોઇએ તે કયાં છે? છે તો આ બધો પ્રેમનો જ પ્રભાવ—જો એમ ન હોય તો આ પચાસ હજારની વાર્ષિક આવકની જમીનદારી, સાડા ત્રણ લાખ રૂપીયા રોકડા અને બીજી સંપત્તિ, એ સર્વ મને આપી દેવાને તૈયાર કેમ થાય? હે જીવ! જો, સમજ! દસ્તાવેજમાં કાંઈ વાંધો ન નીકળે, એટલામાટે ખાસ કરાંચીથી વકીલને અને રજીસ્ટ્રારને બોલાવવાની એણે આગળથી જ વ્યવસ્થા કરી રાખી છે. મારાપર વૃન્દા કેટલી બધી મોહી ગઈ છે! વૃન્દાવનવાસિની થવા પછી પણ વૃન્દા મને તો છોડવાની નથી જ!"

આવા આવા વિચારો—મનોરાજ્ય—થી આનંદિત થઈ ગંભીર રાત્રિના સમયમાં મહાત્મા એકલા જ પુલકિત થઇને સ્મિતમંદ હાસ્ય કરવા લાગ્યા. હવે ભાવી સ્થિતિનો વિચાર કરી તેમણે મનમાં જ શર્કરા ખાવા માંડી; "દસ્તાવેજ થઈ જાય કે બીજા જ દિવસથી હું આ જાયદાદનો બંદોબસ્ત કરીશ. સાંભળ્યું છે કે, કેટલાંક ગામોમાં ચાર આને વીઘાના ભાવથી જમીન ખેડવામાટે આપવામાં આવી છે, પણ હું તો એક વીઘાના બે રૂપીઆનો ભાવ કરી નાખીશ. એમ કરવાથી વાર્ષિક આવક લાખ કરતાં પણ વધારે થઇ જશે. રોકડા સાડાત્રણ લાખને હાથ અડકાડવાની અગત્ય પડે તેમ નથી. હું કોઇને ઉધારના નામે તો એક કાણી કોડી પણ આપવાનો નથી. ત્યારે એ રોકડા રૂપીયાની સરકારી પ્રોમીસરી નોટો ખરીદી રાખવામાં શો વાંધો છે?"

એ મનોરાજ્યે મહાત્માને નિદ્રાવશ થવા ન દીધા.

× × × × ×

મહાત્માને આખી રાત ઉંઘ ન આવી. પ્રભાતમાં વહેલા ઉઠી ભજન ગાતા ગાતા તેઓ સિન્ધુસ્નાન કરવાને ચાલ્યા. તેમણે કોઈ પણ નોકરને કાંઈપણ હુકમ ફરમાવ્યો ન હોતો, છતાં પણ બે નોકર તેલ, ટુવાલ, ગોપીચંદન અને ધોતિયું ઇત્યાદિ લઇને તેમની સાથે જવાને પોતાની મેળે જ નીકળ્યા. મહાત્મા તેમની એ ચેષ્ટાને જોઇને આશ્ચર્યમાં પડી ગયા અને પૂછવા લાગ્યાઃ "કેમ, તમો લોકો મારીસાથે કેમ આવો છો?" બન્ને નોકરોએ જવાબ આપ્યોઃ "અમો આપના જ નોકરો છીએ; આપ અમારા માબાપ છો!"

એ વાતચીત ચાલતી હતી, એટલામાં સફેદ દાઢીવાળો લાંબો બુઢ્ઢો દ્વારપાલ ત્યાં દોડી આવ્યો અને મહાત્માનાં ચરણોમાં દંડવત્ પ્રણામ કરીને પ્રાર્થના કરતો કહેવા લાગ્યો; "કૃપાનાથ! મારું રક્ષણ કરો—મને બચાવી લ્યો!"

"મારાં ચરણોને છોડી દ્યો અને કહો કે શું થયું છે?" મહાત્માએ વિશેષ આશ્ચર્યથી પ્રશ્ન કર્યો.

"કૃપાનાથ! જો આપ મને મારા ઘોરતમ અપરાધની ક્ષમા નહિ આપો, તો મારાં બાલબચ્ચાં ભૂખે મરી જશે! કરૂણેશ! ક્ષમા કરો. આ દાસાનુદાસના અપ-રાધને મનમાંથી કાઢી નાખો." બુઢ્ઢાએ કહ્યું.

એ વૃદ્ધ પુરુષ વૃન્દાનો દ્વારપાળ હતો, પણ અત્યારે હવે તેને બધા નોકરોનો સરદાર બનાવવામાં આવ્યો હતો. થોડા માસ પહેલાં એ જ દ્વારપાળે મહાત્માને વૃન્દાની હવેલીમાં આવતાં અટકાવ્યો હતો અને તેને બોલવાની પણ મનાઈ કરી હતી. અત્યારે તેણે એમ સાંભળ્યું હતું કે; 'મહાત્મા જ હવે આ ઘરના કર્ત્તાહર્ત્તા થયેલા છે અને એ કારણથી જ મહાત્માના રાજ્યકાલમાં પોતાની નોકરીને કાયમ રાખવામાટે તેણે મહાત્માનાં ચરણોમાં પોતાનું મસ્તક નમાવવાની ચેષ્ટા કરી હતી.

મહાત્મા એકાએક મહાગંભીર વિચારમાં પડી ગયા. તેઓ મનમાં જ કહેવા લાગ્યા;—"આ શું? હજી તો દસ્તાવેજ પક્કો થયો નથી, તે દસ્તાવેજ ઉપર વૃન્દાના હસ્તાક્ષર થયા નથી, વૃન્દાએ હજી બધી મિલકત મારા હાથમાં સોંપી નથી અને એની વ્યવસ્થાનો બધો ભાર હજી મેં મારા શિર ઉપર ઉપાડી લીધો નથી; છતાં આ નોકરચાકર અત્યારથી જ મારા હુકમના બન્દા ગુલામ બની ગયા છે, મારા ગુલામની પેઠે કામ કરી રહ્યા છે અને વિના કહે જ મારી ઇચ્છાને જાળવવા મથી રહ્યા છે! આથી સાફ જાણી શકાય છે કે, 'હવેથી મારા દીયરજી જ આ મકાનના એકલા માલિક થયા છે અને હું તો વૃન્દાવનમાં વાસ કરવાની છું!' એમ વૃન્દાએ રાતે જ પોતાના બધા નોકરચાકરોને કહી દીધું છે. એ પ્રમાણેના તર્કતરંગના તુરીને યથેચ્છ વિહરતો છોડી મૂકીને દૃઢ ભાવના કરીને મહાગંભીર ભાવથી મહાત્માએ તે વૃદ્ધ દ્વારપાળને ઉદ્દેશીને કહ્યું: "કાંઈ ચિન્તા નહિ મારાં ચરણોને છોડો અને ઉઠીને બેઠા થાઓ. મારાથી કોઈની પણ હાનિ થવાનો સંભવ નથી. તમારા અપરાધની હું તમને અંતઃકરણપૂર્વક ક્ષમા આપું છું!"

દ્વારપાળે મહાત્માનાં ચરણ છોડી દીધાં અને મહાત્માના દીર્ઘ જીવનમાટે પરમા-ત્માની પ્રાર્થના કરી.

ગંભીર ભાવથી મહાત્માજી સિન્ધુસ્નાન કરવામાટે ચાલ્યા, ને એ લાંબો બુઢ્ઢો દ્વારપાળ પણ તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો. મહાત્માએ મુખ ફેરવ્યું કે તે દ્વાર-પાલને પોતાની પાછળ આવતો જોયો, અને કહ્યું; "મારી જોડે આવવાની કશી પણ અગત્ય નથી. જાઓ અને દ્વાર સંભાળીને બેસો."

"જેવી આજ્ઞા. આપ એકલા જ સિન્ધુસ્નાન કરવા જતા હતા એટલે હું આપના અંગરક્ષક તરીકે જ આપની પાછળ પાછળ ચાલ્યો આવતો હતો." દ્વારપાળે પોતાના આવવાનું કારણ દર્શાવ્યું.

"મારા અંગરક્ષક અને પ્રાણરક્ષક તે સર્વવ્યાપક નિરાકાર નિરંજન ભગવાન્ શ્રી કૃષ્ણ છે. મારી રક્ષાના વિચારને ત્યાગીને તમે હવેલીની રક્ષામાં જ તમારું મન લગાડો; જુઓ, એક સાધારણ વસ્તુ પણ ઘરમાંથી ન જવા પામે અને ચોરી ચકારી ન થાય, એની બરાબર સંભાળ રાખજો!" મહાત્માએ આજ્ઞા આપી.

"જેવી કૃપાનાથની આજ્ઞા." એટલું કહીને દ્વારપાળે એક લાંબી સલામ કરીને ત્યાંથી પોતાનો રસ્તો લીધો.

મહાત્મા ગોપાળદાસ સિંધુના તીરે પહોંચી ગયા અને તેઓ જળમાં ઉતરવાની તૈયારીમાં હતા. મુખથી 'હરિહરિ' 'ગંગા–ગંગા' અને 'યમુના–યમુના' કરી રહ્યા હતા અને સિંધુની રેતીને પોતાના કપાળ અને છાતી ઉપર મસળતા હતા, એટલામાં હીરા માલણ હાથમાં ફૂલોની છાબડી લઇને ત્યાં આવી અને મહાત્માનાં ચરણોમાં મસ્તક નમાવીને પ્રણામ કર્યાં.

"તમે કોણ છો?" મહાત્માએ પૂછ્યું.

"હું શ્રીમતી વૃન્દાની માલણ છું."

"અહાહા–તારાં ફૂલ કેવાં સારાં અને સૌગંધિક છે! ખરેખર એ પુષ્પો શ્રી રાધા-કૃષ્ણની સેવાને જ યોગ્ય છે. મને ફૂલ આપીશ કે? પૈસા મારા મંદિરમાં આવીને લઈ જજે." મહાત્માએ લપસેલા હૃદયથી કહ્યું.

"મહારાજ! આ કેવી વાત કરો છો, આ ફૂલ તો આપની જ માલિકીનાં છે. આ પુષ્પ આપનાં જ છે, પુષ્પમાળા આપની જ છે, છાબડી આપની જ છે, જે વૃક્ષમાં પુષ્પ થાય છે તે વૃક્ષો પણ આપનાં જ છે, ફૂલોનો બગીચો પણ આપનો જ છે અને હું પોતે પણ આપની જ છું! હું પણ આપના અન્નથી જ પોષાયલી છું." વાચાળ માલણે મહાત્માના હૃદયમાં ગદગદિયાં ઉપજાવનારો જવાબ આપ્યો.

"શ્રીમતી વૃન્દાના ઘરમાં તું કેટલાક દિવસથી ફૂલ આપે છે?" મહાત્માએ પૂછ્યું.

"મારા દાદા કહેતા હતા કે, મારી સાત પેઢીથી આ મકાનમાં ફૂલ આપવામાં આવે છે. હું ન્હાની હતી ત્યારે મારા દાદા સાથે શ્રીમતીને પુષ્પ આપવા આવતી હતી, ત્યાર પછી મારા બાપા સાથે પણ આવતી હતી અને તેમના સ્વર્ગવાસી થવા પછી કેટલાંક વર્ષથી હું એકલી જ ફૂલ આપવાને આવું છું. પરંતુ હવે મારી ઉમ્મર મોટી થવાથી અને શરીરમાં અશક્તિનો વધારો થતો હોવાથી દરરોજ સરખી રીતે હું પોતે ફૂલ આપવાને આવી શકતી નથી; હવે તો બહુધા મારી છોકરી જ ફૂલ આપવાને આવે છે. હજી તો તે બાળક છે–દૂધિયા દાંત પણ હજી પડ્યા નથી, અને તેથી તે ગલીગુંચીમાં જતાં આવતાં ગભરાય છે. આ આસો માસમાં તેને સત્તરમું વર્ષ બેઠું. એટલે કોઈ કોઈ વાર હું પણ તેની જોડે આવ્યા કરું છું." માલણે એક સવાલના જવાબમાં સાડી સત્તર વાતો સાથે જ સંભળાવી દીધી.

"ત્યારે શું–આજે પણ તારી છોકરી તારી સાથે આવી છે? આટલી મોટી અવસ્થામાં હવે તું પોતે આટલી બધી તકલીફ શામાટે ઉઠાવે છે? એ તો તરુણ છોકરીઓ જ એ કામ ચલાવ્યાં કરશે; સમજી?" મહાત્માએ જરાક રસ લઇને બ્રહ્મગીત ગાયું.

"અરે–બાપરેબાપ! મારાથી એમ વર્તી શકાય ખરું? આજે તો આપ અમારા રાજા થયા છો, તેથી આવી! જો મારી છોકરી આવત, તો કાંઇનું કાંઇ બકી ગઇ હત અને એથી મારો રોટલો પણ ચાલ્યો જાત. મારી છોકરી બિચારી બહુ જ શર્માળ હોવાથી કોઈની જોડે મોઢું ખોલીને બરાબર વાતચીત કરતાં પણ લજાઇ મરે છે." માલણે છોકરીની તારીફ કરી.

"લજ્જા તો સ્ત્રીઓનું પરમ ભૂષણ છે. અહાહા! તારી પુત્રીને હું હરિકથા શીખવીશ, હરિપ્રેમનો પાઠ ભણાવીશ અને યુગલરસનો રસ ચખાડીશ. તારી તે તરુણ છોકરીને મારી પાસે જરૂર મોકલી આપજે." મહાત્માએ મોઢામાં ટપકેલી લાળને મોઢામાં જ ઘુંટી ઘુંટીને એ શબ્દોનો ચંચળ નેત્રોવડે ઉચ્ચાર કર્યો.

"મારી છોકરીની કેળવણીનો બધો ભાર હવે આપના માથા ઉપર જ છે. આપ અમારા ધણી છો—અમારા મહારાજાધિરાજ છો. આપ મારી છોકરીને જે કાંઈ પણ શીખવશો અને ભણાવશો તે, તે મોટી ખુશીથી શીખશે અને ભણશે. હવે હું તે કેટલાક દિવસ જીવવાની હતી? મરતી વખતે છોકરીનો હાથ આપના હાથમાં જ સોંપી જવાનો મારો વિચાર છે." ચાલાક માલણે ચપળતાથી અનુકૂળ ઉત્તર આપ્યું.

"આ ગજરો કોના હાથનો બનાવેલો છે? ગજરો ઘણો જ સારો છે." મહાત્માજી બોલ્યા.

"આજકાલ હું પોતે તો હવે કાંઈ કામકાજ કરતી જ નથી; જે કરે છે તે બધું છોકરી જ કરે છે. પુષ્પરચનાની વિદ્યામાં મારી દીકરી પ્રવીણ છે અને આ ગજરો પણ તેના જ કોમળ હાથનો બનાવેલો છે." માલણે કહ્યું.

"ઈશ્વર તારી દીકરીને દીર્ઘાયુષ્ય આપો! તેના હાથની ગુંથેલી પુષ્પમાળા અને તેના કોમળ હાથનો આ ગજરો હું શ્રી ભગવાનને ધરાવીશ!" મહાત્માએ ગજરો અને માળા ઉપાડી લઇને જણાવ્યું.

"પણ મહારાજ! મારી એ લાખેણી દીકરી હવે વધારે વખત જીવતી રહેવાની નથી, એવી મારી ખાત્રી થઈ ચૂકી છે. તેનો કેશકલાપ નિતંબપર પડવા લાગ્યો છે, તેના શરીરનો વર્ણ સુવર્ણને મ્હાત કરે છે, તેનાં નેત્રો કાનો સુધી પહોંચી ગયાં છે, તેની ભ્રુકુટીને જોઇને ધનુષ્ય પણ લજાઈ જાય છે, નાસિકા પાતળી છે અને વધારે શું કહું—તેના જીવવાની તો આશા નથી. એ દીકરી મને રોવડાવવાને જ મારા પેટે અવતરી છે!" એમ કહીને માલણ રોવા લાગી.

"બુટ્ટી! આમ આંસુ ન વર્ષાવ. તારી દીકરીની તારે હવે જરા પણ ચિન્તા ન રાખવી. મારા સહવાસથી તેની સદ્ગતિ થશે!" મહાત્માએ અલૌકિક ભાવયુક્ત આશ્વાસન આપ્યું.

"મારા દુર્ભાગ્યની કથા શું સંભળાવું, મહારાજ! મારી છાતી ફાટી જાય છે. એનાં લગ્ન કર્યાંને હજી તો પૂરા ત્રણ દિવસ પણ ન હોતા થયા એટલામાં તો મારી દીકરી વિધવા થઈ ગઈ! બસ—તે સમયથી જ તે પુષ્પવૃક્ષની રક્ષા કરે છે, પુષ્પો તોડે છે, પુષ્પમાળા ગુંથે છે અને પુષ્પગુચ્છ બનાવે છે. એ વિના તે બીજું કાંઈ કરતી નથી, બીજું કાંઈ બોલતી નથી અને બીજું કાંઈ જાણતી પણ નથી." એ વાક્યો ઉચ્ચારતી વળી પાછી માલણ રડી પડી.

"આમ ન રડો! કહું છું કે શોક ન કરો! એ દીકરીમાટે તારે જરા પણ ચિન્તા રાખવાનું પ્રયોજન નથી. તારા મુખથી તેની જેવી મતિગતિ સાંભળવામાં આવે છે, તેના આધારે જાણી શકાય છે કે, તે સત્વર જ હરિસેવાના કાર્યમાં નિપુણ થઈ શકશે. અત્યારે હવે વખત થઈ ગયો છે એટલે મારે હવે સ્નાન કરી લેવું જોઇએ. આ છાબડી સહિત બધાં ફૂલ અહીં રાખીને તારે જવું હોય તો ભલે જા."

એ પછી વિચારના વમળમાં ગુંચવાયલા મહાત્મા સ્નાન કરવાને સિન્ધુમાં ઉતર્યા. માલણુ તેને હાથ જોડી પ્રણામ કરી ત્યાંથી ચાલી ગઈ. પરંતુ તે ઘેર જવાને બદલે ત્યાંથી થોડાક અંતરપર સિંધુના તીર ઉપર જ બેસી રહી.

દરરોજ મહાત્માને સિંધુસ્નાન કરવામાં જેટલો સમય લાગતો હતો, તેના કરતાં આજે બમણો વિલંબ થયો. પૂજા, જપ, તપ, તિલક અને સ્તોત્રપાઠ ઇત્યાદિ મંગલમય કર્મો કરતાં કરતાં લગભગ આઠ વાગી ગયા! સ્નાન કરીને 'રાધાકૃષ્ણ' નામનો જપ કરતા મહાત્માજી પાછા શ્રીમતીની હવેલીમાં જવાની ઉતાવળમાં તીરપર આવ્યા, પણ ત્યાં કેટલાક લોકોની મોટી ભીડ જામેલી જોઇને અજાયબીથી તેમની આંખો ફાટી ગઈ. હજામડી, દૂધવાળી, મોદી, કુંભાર, તેલી, તંબોળી, ધોબી, લુહાર, કંદોઈ અને ઘાંચી વગેરે લોકોનો ત્યાં મોટો જમાવ થયેલો હતો. મહાત્માને જોતાં જ સર્વ જનોએ દંડવત્ પ્રણામ કર્યા અને સર્વ એક સ્વરથી બોલી ઉઠયા; "મહાત્માનો જયજયકાર—મહાત્મા ગોપાળદાસનો જયજયકાર!"

મહાત્માએ પ્રથમ પ્રમાણેની ગંભીરતાથી જ પૂછયું; "તમો સર્વ લોકો કોણ છો અને અહીં શામાટે આવીને એકઠા થયા છો?"

"ગરીબપરવર! અમે લોકો આપની પ્રજા છીએ, અને આપનાં બાલબચ્ચાં હોવાથી આપના આધારે જ જીવીએ છીએ. જ્યારે ભૂખ લાગે છે ત્યારે જ બાળક પોતાના પિતા પાસે આવે છે." સર્વ જનોએ ઉત્તર આપ્યું.

એ ભીડના ગૂઢ મર્મને જાણી જઇને મહાત્માએ કહ્યું;—"તમો સર્વ નિશ્ચિંત અને નિર્ભય રહો; હું તમારું કલ્યાણ કરીશ!"

× × × × ×

ભગવાનનું નામ જપતા જપતા મહાત્મા જરાક આગળ વધ્યા અને તેમની પાછળ પાછળ લગભગ બસેં માણસોનું ટોળું ચાલવા લાગ્યું. વચ્ચે વચ્ચે મહાત્માના જયજયકારનો ધ્વનિ થયા કરતો હતો અને કેટલાક બ્રાહ્મણો સંસ્કૃત શ્લોકો બોલીને મહાત્માની સ્તુતિ કરતા હતા.

એ અદ્ભુત લીલાનું અવલોકન કરીને મહાત્માશ્રી તો દિગ્મૂઢ જેવા બની ગયા. આ ઘટનાના પૂરા રહસ્યને તેઓ પોતે પણ જાણી શકયા નહોતા, એટલે લોકોને એનો જવાબ પણ શો આપે? એટલામાટે 'તમારી કશી પણ હાનિ થવાની નથી, તમારું ભલું જ થશે, ભગવાન્ તમારી રક્ષા કરશે.' ઇત્યાદિ પોકળ વાકયો જ તેમણે ઉચ્ચારવા માંડ્યાં. પોતાનાં ઉચ્ચારેલાં વાકયો યોગ્ય હશે કે નહિ, એ શંકાથી કોઈ કોઈ ક્ષણે તેમના મનમાં કંપ થતો હતો.

મહાત્મા ગોપાળદાસ આજે મહાભયંકર સંકટમાં આવી પડ્યા હતા. પ્રિય વાચક! તમે પણ કોઇ વાર આવા ભયાનક સંકટમાં પડેલા છો ખરા કે? પચાસ હજારની વાર્ષિક આવકની જમીનદારી અને રોકડા છના છન સાડા ત્રણ લાખ રુપીઆની ક્ષણ માત્રમાં પોતાની મેળે જ કોઇને પ્રાપ્તિ થઈ છે કે? જેમને એવો ડલ્લો ગયબમાંથી જેબમાં મળ્યો હશે, તેઓ જ અત્યારે ગોપાળદાસનું ચિત્ત કેવું ચંચળ, વિકલ, વિક્ષિપ્ત અને ઉન્મત્ત થયેલું હોવું જોઇએ, એની યથાર્થ કલ્પના કરી શકશે.

સુખસાગરમાં નિમજ્જન કરવા છતાં મહાત્માને આજે કેવું કષ્ટ થતું હતું, એનું અનુમાન ભોગી વિના બીજાથી કરી શકાય તેમ નથી જ.

મહાત્મા મનમાં જ વિચાર કરવા લાગ્યા; "વૃન્દા પાસે આટલી બધી સંપત્તિ અને શાસનશક્તિ હશે, એની અત્યારસૂધી તો મને સ્વપ્રમાં પણ કલ્પના નહોતી. એના આટલા બધા ઐશ્વર્ય, વિપુલ પ્રભાવ અને અતુલ યશની વાર્તા પણ હું જાણતો નહોતો. વળી વૃન્દા આવી સુશીલા, લક્ષ્મીસ્વરૂપિણી, ગુણવતી, પરોપકારવ્રતધારિણી અને સદ્બુદ્ધિસંપન્ના છે, એ રહસ્યથી પણ હું અજ્ઞાત જ હતો!" વળી હૃદયમાં જ પુલકિત થઇને તેઓ વિચારવા લાગ્યા; "વૃન્દા મને કેટલી બધી માનની દૃષ્ટિથી જુએ છે! એ મારા વિના પોતાની બીજી કોઈ ગતિ જ માનતી નથી! પરંતુ એની સંપત્તિની વ્યવસ્થા કરનારો બીજો કોઈ યોગ્ય પુરુષ ન મળવાથી તો મને તે આમ ચાહતી નહિ હોયને? નહિ, નહિ; એની પ્રીતિ અકારણ, નિષ્કામ અને અકૃત્રિમ છે! આંખની પ્રીતિ, મોઢું દીઠાની પ્રીતિ અને પૂતળીનો પ્યાર તો એક પ્રકારે શાસ્ત્રમાં પણ છે! કાંઈ પણ કારણ ન હોવા છતાં એક અબળા,—પારકા પુરુષને જુએ અને તે ક્ષણે જ તેનામાં પ્રેમ કરવા માંડે, એમ બની શકે ખરું? હા—વૃન્દાનો મારાપરનો પ્રેમ અકારણ પણ થઈ કે હોઇ શકે! તે જ પ્રેમ સકારણ હોવાનો સંભવ પણ માની શકાય! વૃન્દાનો પ્રેમ અકારણ પણ છે અને સકારણ પણ છે, અને તેથી જ તેનો એ પ્રેમ આટલો બધો બળવાન્ છે. પ્રથમ વાર જોતાં જ વૃન્દાનો મારા ઉપર અનુરાગ થયો અને ત્યારપછી એ અકારણ પ્રેમ સાથે સકારણ પ્રેમનો સંયોગ થયો. ચન્દ્રમાના અમૃત સાથે જાણે કે પદ્મમધુનો સંયોગ થયો; મણિ અને કાંચનનો સંયોગ થયો. વૃન્દાને મેં ઠીક જાળમાં ફસાવી! હવે તેનાથી જરા પણ નીકળવાની હીલચાલ કરી શકાય તેમ નથી. વૃન્દા પોતે જ પોતાની મેળે પ્રેમજાળમાં સપડાઈ ગઈ છે. આજે હું પણ એક ગમ્મત કરું! તેને જઇને કહું છું કે; "મોટી વહૂ! હવે આજે સારાથી આ મકાનમાં કોઈ પણ રીતે રહી શકાય તેમ નથી. મારે એક અગત્યનું કામ હોવાથી અત્યારે તો હું જઇશ અને અવકાશ મળતાં ફરી બીજી વાર આવીશ" આમ કહેતાંની સાથે જ તે મને રહેવામાટે કેટલા બધા કાલાવાલા કરે છે, તે જોવાનું છે. હું જવાનો જેટલો વધારે આગ્રહ કરીશ, તેટલા જ પ્રમાણમાં શ્રીમતી વૃન્દા મને રહેવાનો આગ્રહ કરશે અને મારો હાથ ઝાલીને કહેશે કે;—"દીયરજી! આપ હવે અત્યારે તો જઈ શકવાના નથી જ!" એ પ્રમાણે વિચાર કરતા કરતા મહાત્મા એકાએક પોતાની મેળે જ હસી પડ્યા. પુનઃ હાસ્યને રોકીને મનમાં જ કહેવા લાગ્યા:—"એ તો બધું જેમ થવાનું હશે તેમ થઈ રહેશે; પણ અત્યારે તો વૃન્દાને સારી રીતે ઊંદર પકડવાના છટકામાં સપડાવી દીધી છેને! હવે એનામાં આમ તેમ ચલનવલન કરવાની જરાય શક્તિ રહી નથી!"

મહાત્મા જેવા વૃન્દાની હવેલીના દરવાજામાં આવ્યા કે તરત સર્વ દ્વારપાળોએ ઉઠીને તેમને નમસ્કાર કર્યા. ત્યાર પછી બીજા કેટલાક લોકોએ નમસ્કાર અને પ્રણામ-આદિ વિધિ કરીને મહાત્માનો આશીર્વાદ મેળવ્યો. ગંભીરતાથી સર્વનું અભિવાદન કરીને અને કોઇની તરફ પણ વિશેષ રૂપથી ન જોઇને ધીમે ધીમે મહાત્મા એકલા

જ ઉપરના વિશાળ છજામાં ગયા. વૃન્દા એ સમયે પ્રાતઃપૂજા કરવામાં નિમગ્ન હતી. મહાત્માને આવેલા જોઇને જ તે બોલી ઉઠી;–"પધારો દીયરજી! આ આસને વિરાજો."

"મને હવે વધારે વાર બેસવાની ફુરસદ નથી. એક બહુ જ અગત્યનું કામ હોવાથી મારે અત્યારે અને આ ક્ષણે જ ઘેર જવાનું છે." મહાત્માએ પોતાના ભાવને વધારવાની ચેષ્ટા કરીને ગંભીરતાથી કહ્યું.

"આ વળી શું તોફાન? દીયરજી! આપના આરામમાટેની અહીં બધી વ્યવસ્થા થઈ ગઈ છે. આજે તો આપને ભોજન અહીં જ લેવાનું છે. સાંઝે આ બધી મીલકત ને રોકડ આપને આપી દેવામાટેનો દસ્તાવેજ થવાનો છે, એટલે તેની ઉપર હસ્તાક્ષર થતી વખતે તમારી હાજરી હોવી જ જોઇએ. રજીસ્ટ્રાર ચાર વાગ્યા પછી આવશે. એટલે જો આપ ચાલ્યા જશો, તો એ બધું કામ કેમ કરીને પાર પડી શકશે?" વૃન્દાએ મહાત્માના ધારવા પ્રમાણેનો આગ્રહ કર્યો.

"પણ આજે મને એક બહુ જ અગત્યનું કામ છે અને તેથી જ હું જવાની આજ્ઞા માગું છું. પુનઃ અવકાશ મળતાંની સાથે જ આવી પહોંચીશ." મહાત્માએ 'ખેચ પકડ મુઝે જોર આતા હૈ'નો હિસાબ કરવા માંડ્યો.

"નહિ, દીયરજી! એમ તો કદાપિ થવાનું જ નથી. આપનું તે કામ આ કામ કરતાં તો વધારે અગત્યનું નહિ જ હોય. જો હવે જવાનો આગ્રહ કરો તો આપને મારા ગળાના સમ છે–મને મરતી દેખો!" વૃન્દાએ હાવભાવથી પુનઃ વિશેષ આગ્રહ કર્યો.

"મોટી વહૂ! આ તમારો અત્યારનો બધો આગ્રહ નકામો છે. તમે મારા કામની મહત્તાને જાણતાં નથી. એક મહાભારત કાર્ય આજ મારે કરવાનું છે, અને તેટલા જ માટે મારો આટલો બધો આગ્રહ છે." મહાત્માએ વળી પોતાનો હઠ પકડ્યો.

"લ્યો–ત્યારે દીયરજી! હું આપનો હાથ પકડીને ઉભી છું અને હવે જોઉં છું કે, આપ કેવી રીતે હાથ છોડવીને જઈ શકો છો?" એમ કહેતાંની સાથે જ વૃન્દાએ મહાત્માનો હાથ પકડી લીધો.

હવે મહાત્મા એક ક્ષણે વૃન્દાને અને અન્ય ક્ષણે આકાશને આંખો ફાડીને નિહાળવા લાગ્યા. મહાત્માના મનમાં એ સંશય ઉદ્ભવ્યો કે, "સ્વર્ગ આ પૃથ્વીપર જ છે કે ઉપર આકાશમાં? મનુષ્ય મરી જવા પછી એ ઉચ્ચ સ્વર્ગને પામે છે અને આ પૃથ્વીપરના સ્વર્ગસુખનો મનુષ્ય આ ચેતન અવસ્થામાં જ ભોગ કરી શકે છે. ત્યારે અત્યારે ઉત્તમ સ્વર્ગ કયું? પૃથ્વીપરનું કે આકાશમાંનું? તેમ જ મૂળ સત્ય સ્વર્ગ કયાં છે? નીચે કે ઉપર?" ઇત્યાદિ શંકાઓ મનમાં એક પછી એક આવવાથી જ મહાત્મા ઘડીકમાં પૃથ્વીને અને ઘડીકમાં આકાશને એક ધ્યાનથી જોયા કરતા હતા.

એ પૃથ્વી અને આકાશના સહેતુક અવલોકનની સમાપ્તિ થતાં જ વિજેતા મહાત્મા ગોપાળદાસ મહા આનંદથી ગદ્ગદ થઇને મનમાં જ કહેવા લાગ્યા–"મારી જે ધારણા હતી તે પ્રમાણે જ બધું બન્યું છે. મારી ધારણા કોઈ દિવસ અસત્ય થઈ નથી, થતી નથી અને થવાની પણ નથી. આજે ભલે સમસ્ત જગત્ આવીને જુએ

કે, વૃન્દા જેવી બુદ્ધિમતી અબળા મારા કપટજાળમાં બરાબર સપડાઈ છે કે નહિ? મારી ધારણા અક્ષરે અક્ષર સત્ય થાય છે એ પણ મારી બુદ્ધિનો અગમ્ય પ્રભાવ જ કહી શકાય!"

મનમાં એ પ્રમાણે કહીને અને પોતાના વિજયથી પુલકિત થઇને મહાત્માએ વૃન્દાને કહ્યું;–"મોટી વહૂ! જ્યારે તમારો આટલો બધો આગ્રહ છે તો મારે રહેવું જ જોઇએ! મારું કામ બગડી જવાનો પૂરેપૂરો સંભવ હોવા છતાં હું તમારી પ્રાર્થનાને માન્ય કરીને અહીં જ રહું છું."

"આજ ને આજ બધું આપના નામપર ચઢાવી દઇને હું તો આજ રાતની મેલ ટ્રેનમાં જ વૃન્દાવન તરફ ચાલતી થઇશ. મેં જે જે સ્થાનમાં રોકડા રૂપીઆ, મણિ-મુક્તા અને સોનું ચાંદી ઈત્યાદિ રાખેલાં છે, તે સર્વ ગુપ્ત સ્થાનો આજે જ હું આપને દેખાડી દેવાની છું!" વૃન્દાએ બીજી વાર હથેળીમાં ચાંદ બતાવવાની ચેષ્ટા કરી.

પોતાના જમણા હાથમાં મહાત્માના જમણા હાથને પકડીને શ્રીમતી વૃન્દા બેઠી છે. એટલે એ વેળાએ મહાત્માનો કેવળ ડાબો હાથ જ છૂટો હોવાથી તે હાથવડે તેમણે પોતાના એક કાનમાં આંગળી ખોસી દીધી અને જમણી કાંધને જરાક ઉંચી કરી માથાને તે તરફ નીચું નમાવીને કાંધવતી જમણા કાનને ઢાંકવાનો યત્ન કર્યો. તેમ જ જીભને દાંત વચ્ચે લાવીને તેઓ કરડવા લાગ્યા.

મહાત્માના એવી મૂર્ત્તિને ધારણ કરવાના આંતરિક ભાવને કોઈ જાણી શકયું ખરું? પ્રથમ તો રોકડા-રૂપીઆની વાત સાંભળતાં જ મહાત્માનું મન ચંચળ થયું અને ત્યાર પછી મણિ, મુક્તા, સોનું અને ચાંદી આદિની વાર્તા સાંભળીને મહાત્મા કાનમાં આંગળીઓ ખોસ્યા વિના અને જીભ કરડ્યા વિના રહી ન શકયા!

બુદ્ધિમતી વૃન્દા તેમના એ ભાવને સમજી ગઈ! મહાત્માને તે કહેવા લાગી; "અરરર-મેં ભૂલથી આ બધા પદાર્થોનો ઉચ્ચાર કરી દીધો. પણ ચિન્તા નહિ; દીયરજી! એ સર્વ વસ્તુઓને દૃષ્ટિથી જોવાનો પ્રસંગ આપને પ્રાપ્ત નહિ થાય. આપના કોઈ વિશ્વાસપાત્ર કર્મચારીને જ જવાહિરાત આદિ ગણી તેની સૂચિ તૈયાર કરીને બધું તેના હાથમાં જ સોંપી દેવામાં આવશે.

મહાત્માએ કાનમાંથી આંગળી કાઢીને અને જીભને પાછી મોઢામાં નાખીને કહ્યું; "મોટી વહુ! અત્યારે મારું મન બહુ જ ખરાબ થઇ ગયું છે! જાણે ધનસંપત્તિના અગ્નિથી મારું શરીર બળ્યા કરતું હોયની એવો જ મને ભાસ થાય છે. મને ક્ષમા કરો; હું તમારી સંપત્તિની વ્યવસ્થાનો ભાર ઉપાડી શકવાનો નથી."

"દીયરજી! આપ આમ ઘડી ઘડીમાં રંગ કેમ બદલી નાખો છો? હવે હું આપને વધારે કાંઈ પણ કહેવા ઇચ્છતી નથી. જો આપ પોતે જ મારી સંપત્તિની વ્યવસ્થાનો ભાર પોતાના શિરપર નહિ ઉપાડી લ્યો, તો આજે આપનાં નેત્ર સમક્ષ જ પ્રાણ કાઢીને હું મારા આ કનિષ્ઠ નારી–અવતારનો અંત કરી નાખીશ!" વૃન્દાએ સ્ત્રી જાતિના અંતિમ બળનું દર્શન કરાવ્યું.

"મોટી વહૂ! કદાપિ આવું સાહસ તો કૃપા કરીને ન જ કરશો; આવાં વચનો ફરીથી ન ઉચ્ચારશો; આવા દુષ્ટ વિચારને પુનઃ મનમાં સ્થાન ન આપશો. જો તમે

પ્રાણ કાઢી નાખશો તો હું પણ મારા આ પાપી પ્રાણનો ત્યાગ કરીશ. મોટી વહૂ! ધૈર્ય રાખો અને આમ રડો નહિ. હું તમારી આજ્ઞા પ્રમાણે જ વર્ત્તીશ!" મહાત્માએ ઉંડી લાગણી દેખાડીને કહ્યું. પણ એ લાગણી અંદરની હતી કે બહારની એ તો મહાત્મા પોતે જ જાણે કે પરમાત્મા જાણે.

પ્રથમ વૃન્દાએ મહાત્માનો કેવળ જમણો હાથ પકડ્યો હતો, પણ હવે તો મહાત્માએ વૃન્દાનો ડાબો હાથ પોતાના ડાબા હાથમાં પકડી લીધો અને ઉભરાઇ જતી લાગણી દેખાડીને તેઓ કહેવા લાગ્યા; "મોટી વહૂ! મારા ઉપર દયા કરીને રોવાનું બંધ કરો!"

એવી રીતે વૃન્દા અને મહાત્મા ગોપાળદાસ એક બીજાના હાથ પકડીને ઉભાં હતાં એટલામાં એક દાસી હાથમાં એક કાગળ લઇને આવી લાગી. બન્નેના હાથ છૂટા થઈ ગયા અને દાસીએ કાગળ વૃન્દાના હાથમાં આપ્યો. વૃન્દાએ પરબીડિયું ફાડી કાગળ કાઢીને વાંચ્યો અને કાંઇક ચિન્તાતુર મુદ્રા કરીને કહ્યું; "આ કાગળ રેજીસ્ટ્રારનો છે. તેઓ જણાવે છે કે, આવતી કાલથી એક માસને માટે કોર્ટ બંધ થતી હોવાથી હાલમાં એક માસ પર્યન્ત દસ્તાવેજ રજીસ્ટર્ડ થઈ શકશે નહિ; અને એટલામાટે હું આવ્યો નથી. કોર્ટ ઉઘડતાં જ આપણે એ કામ કરી નાખીશું."

કાગળ સિન્ધ દેશમાં ચાલતી અરબી સિંધી લિપિમાં લખાયલો હોવાથી મહાત્માની અતિશય આતુરતા છતાં એ કાગળ તેમનાથી વાંચી ન શકાયો અને તેથી તેમના મુખમંડળમાં પણ એકાએક નિરાશા અને નિષ્ફળતાની છટા દૃષ્ટિગોચર થવા લાગી. વૃન્દાએ તેમની મુખરૂપ પ્રસ્તાવનાના વાચનથી તેમના મનરૂપ ગ્રંથમાંના વિષયની કલ્પના કરી લીધી અને તેથી તેમને આશ્વાસન આપવાના ઉદ્દેશથી કહેવા લાગી;—

"દીયરજી! હું અભાગિની છું! વૃન્દાવનનિવાસનું સુખ અત્યારે જ મારા ભાગ્યમાં લખાયલું નથી. જો એમ ન હોય તો આ કોર્ટ જ કેમ બંધ થાય? સરકાર પણ મારી દુશ્મન હોય એમ જ દેખાય છે. લાચારીએ એક માસ આ નરકનિવાસમાં જ વીતાડવો પડશે."

"ચિન્તા નહિ; એક મહિનો તો કાલે નીકળી જશે. હવે મારું આજે જ કાંઈ કામ ન હોવાથી હું જાઉં તો કાંઈ વાંધો છે? તમે બોલાવશો ત્યારે આવીને હાજર થઇશ." મહાત્માએ કહ્યું.

"ભોજન કરીને જજો." વૃન્દા બોલી.

બપોરે ભોજન કરીને મહાત્મા પોતાના ઘર તરફ જવાને નીકળ્યા. જો કે વૃન્દાના વચનમાં તેમનો પૂર્ણ વિશ્વાસ હતો છતાં ધનસંપત્તિ મળવામાં અચાનક વિલંબનું કારણ ઉપસ્થિત થવાથી તેમના મુખમાંથી ધીમા સ્વરે એવો ઉદ્ગાર નીકળી ગયો;—

"કિસ્મત હમારી આજ યે કયસી બદલ ગઈ;
દૌલત જો આકે હાથમેં ઝટપટ નિકલ ગઈ!"

પ્રકરણ ૩૯ મું
એ પ્રવાસી!

મહાત્માની સાળી દયામયી હાલમાં શાક્તસદનમાં જ વસતી હતી. તે ત્યાંની સ્ત્રી અધિકારિણી હોવાથી ત્યાંની સર્વ વ્યવસ્થાની જવાબદારી તેના ઉપર જ હતી. આપણે શાક્તસદનને ઘણા સમયથી ભૂલી ગયા છીએ, એટલે હવે ત્યાંની હીલચાલોનું પણ આપણે કેટલુંક અવલોકન કરવું જોઇએ.

ગયા પ્રકરણમાં વર્ણવેલી ઘટનાને ત્રણ ચાર દિવસ વીતી ગયા હતા. વર્ષાઋતુ ચાલતો હતો. કરાચીથી સોનમિયાણી તરફ જવાના એટલે કે શાકતસદન તરફ જવાના જંગલમાંના માર્ગે રાત્રિ હોવાથી વધારે ભીષણતા ધારણ કરેલી હતી. વર્ષાદની ઝડી ચાલૂ હતી અને ગાજવીજ સાથે વીજળીના ઝબકારા પણ થયા કરતા હતા. એ જંગલમાં વાઘ વરૂની વિપુલતા હોવા છતાં અત્યારે તેઓ કયાંય પણ જોવામાં આવતાં નહોતાં. તેમનો અવાજ પણ સંભળાતો નહોતો—વૃષ્ટિના આઘાતથી પોતાનું રક્ષણ કરવામાટે તેઓ ગુફાઓ અને કોતરોમાં ભરાઈ બેઠાં હતાં. માત્ર જળવૃષ્ટિથી પૃથ્વી ઉપર થતા આઘાતનો અને ગાજવીજનો ભયંકર ધ્વનિ જ કર્ણગોચર થતો હતો. એવા સમયમાં બે પ્રવાસીઓ માર્ગમાં ચાલ્યા જતા જોવામાં આવતા હતા. અચાનક વીજળીનું જોર બહુ વધી જવાથી તે પ્રવાસીઓ એક વૃક્ષ તળે ઉભા રહી ગયા અને પોતપોતામાં વાતો કરવા લાગ્યા;—

"ભાઈ! આવા ભયંકર સમયમાં આપ મળી ગયા એટલે મારા મનમાં જરા હિમત આવી; નહિ તો આજે તો હું ગભરાઇને બીકથી જ મરી ગયો હોત!" પ્રથમ પ્રવાસીએ બીજાને કહ્યું.

"આવા સમયમાં તમે આવા ખરાબ રસ્તામાં પ્રવાસ કરવાને નીકળ્યા, એ જોઇને મને અજાયબી થાય છે. આ વખતમાં પ્રવાસે નીકળવાની એટલીબધી તે શી અગત્ય હતી?" બીજાએ સવાલ કર્યો.

"ભાઈ! ગરીબનો અવતાર મહા ભુંડો છે. 'ધાનાં ત્યાં પાનાં નહીં ને પાનાં ત્યાં ધાનાં નહીં!' પૈસાવાળાને ત્યાં છોકરાં માનતાઓ કરવા છતાં પણ હોતાં નથી અને મારા જેવા 'અન્ન અને દાંતને વેર' જેવી હાલતના કંગાલોના ઘરમાં છોકરા છોકરીનું લશ્કર આવી ચઢે છે, એટલે બધાંના પેટના ખાડાને ભરવામાટે ચાર પૈસા મેળવવાની આશાથી આ તો શું પણ આના કરતાં પણ વધારે ભયંકર પ્રસંગોમાં જાણી જોઇને પ્રવેશ કરવો પડે છે. ગરીબોનો સહાયક દીનબંધુ જગદાધાર ઈશ્વર જ છે. અહીંથી સોનમિયાણી જતાં માર્ગમાં એક શાકતસદન નામનું મકાન આવે છે, અને ત્યાં ટપાલના કાગળો પહોંચાડવાની સરકારી વ્યવસ્થા ન હોવાથી કોઈ વાર જ્યારે અગત્યના કાગળ આવી પડે છે, ત્યારે તે કાગળો કરાચીમાંના એક ગૃહસ્થને ત્યાં આવે છે અને તે કાગળો પછીથી મારા જેવા ખેપિયા મારફત શાકતસદનમાં પહોંચાડવામાં આવે છે. આવી ખેપોના અમને સારા પૈસા મળે છે. આજે પણ શાકતસદનમાં એક કાગળ પહોં-ચાડવાને જ હું નીકળ્યો છું અને મારી એ મજૂરીના મને દશ રૂપીઆ મળવાના છે. ત્રણ ચાર દિવસની મેહનતના દશ રૂપીઆ મળે એ મારા જેવા કંગાલને તો લંકા

મળ્યા જેવું જ કહેવાય. એટલી રકમમાં તો અમારો પાંચ જીવોનો એક મહિનો નીકળી જાય. આવા સમયમાં નીકળવાનું કારણ એ જ છે." પ્રથમ પ્રવાસીએ પોતાની દશાનું ચિત્ર આલેખી બતાવ્યું.

"ભાઈ! તમારું કહેવું અક્ષરે અક્ષર ખરું છે. ગરીબ માણસોને આટ આટલી વેઠ કરવા છતાં પણ પેટ ભરીને ખાવામાટે નિશ્ચિંતે રોટલો મળી શકતો નથી; અને પૈસાદારોને ત્યાં સારાં સારાં પકવાન્નો ફેંકી દેવાય છે એ પણ આ જગતની એક વિલક્ષણ લીલા છે. હું-પણ હવે અહીંથી શાક્તસદન કેટલુંક દૂર હશે? મારો પણ ત્યાં જ જવાનો વિચાર છે." બીજાએ કહ્યું.

"જો આ પાણીની ઝડી બંધ થાય અને આપણે સાધારણ ગતિથી ચાલ્યા જઇએ, તો આઠ ગાઉનો બાકી રહેલો માર્ગ ચાર પાંચ કલાકમાં કાપી જઇએ એમાં શક નથી." પહેલાએ જવાબ આપ્યો.

"હજી તો રાત હમણાં જ પડી છે, એટલે જો આપણે ત્યાં અડધી રાતે કે ત્યાર પછી પહોંચીશું, તો આપણને ત્યાં આશ્રય મળી શકશે ખરો ?" બીજાએ પૂછ્યું.

"શાક્તસદનમાં કોઈ પણ વખતે આશ્રય મળી શકે છે. રાત્રે તો ત્યાંના માર્ગી સાધુઓ તંબૂરાના તાર સાથે ભજનિયાં લલકારતા ત્રણ વાગ્યા સુધી જાગ્યા કરે છે અને તેથી કોઇને બૂમ મારીને જગાડવાની અગત્ય પણ પડતી નથી!" પહેલાએ જવાબ આપ્યો.

તેઓ એ પ્રમાણે વાતચીત કરતા હતા એટલામાં કડાકા સાથે વીજળીનો એક મોટો ભયંકર ઝબકારો થયો. બન્ને પ્રવાસીઓ ભયભીત થયા અને વીજળી તૂટી પડવાનો તેમને ભાસ થયો. ખરેખર તેઓ જે વૃક્ષની નીચે ઉભા હતા તે વૃક્ષ ઉપર જ વીજળી તૂટી પડી. પહેલો પ્રવાસી બરાબર થડ પાસે જ ઉભેલો હોવાથી તે વીજળીનો ભોગ થઈ ગયો અને ત્યાંનો ત્યાં જ સ્વર્ગવાસી થયો! બીજો પ્રવાસી ચેતીને જરાક દૂર થઈ ગયેલો હોવાથી બચી ગયો અને તે ગરીબના મરણમાટે અફસોસ કરવા લાગ્યો. તે મનમાં જ નિર્દય વિધિના દુષ્ટ નિયમોને દોષ આપતો અને તેમનાપર અભિશાપની વૃષ્ટિ વર્ષાવતો કહેવા લાગ્યો;–

"ઓ ક્રૂર વિધાતા ! આ તારો કેવો અન્યાય? આ બિચારા કંગાલ ગરીબને તેં આમ જંગલમાં મારી નાખ્યો, એથી તને શો લાભ થયો ? બિચારો અગાધ પરિશ્રમ કરી મરણના મુખમાં ઉતરીને પણ પોતાનાં સ્ત્રી અને બાલ બચ્ચાંનું પ્રેમથી પૂરું કરતો હતો, તેની આ દુર્દશા! અફસોસ-શું ઈશ્વરને ત્યાં આવો જ ન્યાય છે? એ તો બિચારો મરી ગયો, પણ હવે એનાં નિરાધાર અવસ્થામાં આવી પડેલાં સ્ત્રી અને બાળકોની શી દશા થશે, તેમનું પાલન પોષણ કોણ કરશે, તેમની ચિંતા કોણ રાખશે? ખરેખર વિધિ જેના ઉપર પ્રસન્ન થાય છે તેને પુત્રો આપે છે અને જેના ઉપર અપ્રસન્ન થાય છે તેની પુત્રીને પણ મારી નાખે છે! એ સર્વથા સત્ય છે અને વિધિની ક્રૂરતાનું આ પ્રત્યક્ષ પ્રમાણ છે. અરેરે-બિચારી આશાતુર અબળા પોતાના પતિના અને બાળકો પોતાના પિતાના આગમનની આતુરતાથી વાટ જોશે અને અમુક રકમ આવવાની હોવાથી આનંદ માનશે, પરંતુ જ્યારે સમય વીતી જવા છતાં તે ગૃહચાલક ગૃહમાં

નહિ આવે, અને દિવસ તથા મહિનાઓ વીતી જશે, ત્યારે તેમના હૃદયમાં કેવો ભયંકર આઘાત થશે અને તેઓ કેવી ભયંકર દુર્દશામાં આવી પડશે એની અત્યારે કલ્પના થવી પણ અશક્ય છે! એ તો જેના ઉપર વીતે તે જ જાણે—પ્રસૂતાની વેદના વંધ્યા ક્યાંથી પિછાણે? અસ્તુ—હવે શું થાય? હવે તો આગળ વધવામાં જ વધારે સારું છે."

એ પ્રમાણેનો નિશ્ચય કરી એકવાર પુનઃ તે મૃત પ્રવાસી ઉપર તેણે દૃષ્ટિપાત કર્યો. અંધારામાં વધારે કાંઈ જોઈ શકાયું નહિ; પણ એટલામાં વીજળીનો એક બીજો સાધારણ ઝબકારો થયો અને તેના ક્ષણિક પ્રકાશમાં તે જોઈ શક્યો કે તે પ્રવાસીનું શરીર બળી ગયું હતું અને તે કાળો મેશ થઈ ગયો હતો. જરાક દૂર પડેલી તેની લાકડી ઉપર તેની નજર પડી. તે લાકડી ઉપાડતાં તેનાં એક છેડા ઉપર એક કપડાના કટકાવડે એક કાગળ બાંધેલો તેના જોવામાં આવ્યો. કાગળ છોડીને તેણે હાથમાં લીધો અને વીજળીના પ્રકાશમાં—વારંવાર થતા ઝબકારામાં—તેની ઉપરનું નામ તેણે વાંચ્યું. તે આ પ્રમાણે હતું;—

"શ્રીમતી શ્યામયી. શાક્તસદનનાં અધિષ્ઠાત્રી—
શાક્તસદન—સોનમિયાણીના માર્ગમાં"

ખાનગી.

વૃષ્ટિનું બળ કાંઇક ઓછું થયું હતું ખરું, પણ વીજળીના ઝબકારા તો પાંચ પાંચ દશ દશ મિનિટને અંતરે ચાલૂ જ હતા. વીજળી બહુધા પ્રથમ સર્વથી ઉંચા પદાર્થ ઉપર પડે છે, એ વાર્તા તે બીજા પ્રવાસીએ સાંભળેલી હોવાથી અને ઝાડ ઉપર વીજળી પડવાનો બનાવ અત્યારે પ્રત્યક્ષ જોવાથી તે ઝાડોથી દૂર ખુલ્લા મેદાનમાં ચાલવા લાગ્યો. તે નિશ્ચિન્તતાથી ચાલ્યો જતો હોવાથી તેણે એ માર્ગ આગળ પણ કોઈવાર જોયેલો હોવો જોઇએ એવું અનુમાન કરી શકાતું હતું. માર્ગમાં બીજો કોઈ જાણવા જેવો બનાવ ન બન્યો. લગભગ રાત્રિના તૃતીય પ્રહરના આરંભ પછી થોડીવારે જ તે શાકતસદનના આંગણામાં આવીને દાખલ થયો.

કોઈ અજ્ઞાત મનુષ્યને આંગણામાં દાખલ થતો જોઇને ત્યાંના દરબાને દૂરથી જ સવાલ કર્યો;—"કોણ છે એ આટલી મોડી રાતે આવનાર?"

"કરાચીથી શાકતસદનનો કાગળ લાવનાર." પ્રવાસીએ ઉત્તર વાળ્યું.

"આ અવાજ એપિયાનો નથી. તે કાગળ લાવનારને અને તેના અવાજને અમે સારી રીતે ઓળખીએ છીએ!" દરબાને કહ્યું.

"હું તે એપિયો નથી, પણ તેને બદલે આવેલો બીજો જ માણસ છું." પ્રવાસીએ સંતોષકારક ઉત્તર આપ્યું.

"પ્રથમ અહીં મારી પાસે આવ!" દરબાને કહ્યું.

તે પ્રવાસી દરબાન પાસે ગયો અને તેને કાગળ બતાવ્યો. ખાત્રી થવાથી વધારે પૂછપરછ ન કરતાં દરબાને કહ્યું; "અત્યારે તો અહીં મારા ખાટલામાં જ સૂઈ જા. રાત હવે થોડી જ બાકી છે. અધિષ્ઠાત્રી હમણાં જ સૂવા ગયાં છે એટલે હવે તેમને જગાડી શકાય તેમ નથી. સવારમાં મેળાપ થશે."

પ્રવાસી પણ થાકીને એવો લોથ થઈ ગયો હતો કે, વધારે જાગવાની અને તરત જ દયામયીને મળવાની તેની પોતાની પણ ઇચ્છા નહોતી. દ્વારપાળની વિનતિનો સ્વીકાર કરીને તે તેના ખાટલામાં સૂઈ ગયો. અને થોડી જ વારમાં ગાઢનિદ્રાનો આસ્વાદ લેવા લાગ્યો. સવારમાં જ્યારે પ્રવાસી ઉઠ્યો ત્યારે એક બીજો જ દરબાન ત્યાં ઉભેલો જોવામાં આવ્યો; રાતપાળીવાળાની બદલી થઈ ગઈ હતી. વૃષ્ટિ બંધ થઈ ગઈ હતી અને આકાશ નિરભ્ર હતું. દરબાને તેને કહ્યું;–"શ્રીમતી દયામયી દેવીને તમારા આવવાના સમાચાર કહેવડાવ્યા છે. તમે નિત્યકર્મથી સત્વર મુકત થઈ જાઓ. થોડીવારમાં જ તમને ત્યાં બોલાવવામાં આવશે." તે પ્રવાસી શૌચ, મુખમાર્જન અને સ્નાન આદિથી મુકત થઇને દયામયીની આજ્ઞાની માર્ગપ્રતીક્ષા કરતો બેસી રહ્યો.

પ્રકરણ ૪૦ મું

નવો સેવક

પ્રાતઃકાળ! લોકોત્તર અને સ્વર્ગીય પ્રભાત! આકાશ નિરભ્ર અને સૂર્યનારાયણ પ્રકાશમાન! શાકતસદનના ઉપાસક સ્ત્રી પુરુષો સ્નાન અને નિત્ય નૈમિત્તિક કર્મ કરવામાં ઉદ્યોગશીલ! દેવીના મંદિરમાં ઘંટાનાદ અને દેવીભકતોનાં ઉપાસનાસ્તોત્રોનો ગંભીર ધ્વનિ! શ્રીમતી દયામયી પોતાના શૃંગારગૃહમાં બેઠી હતી–કયાં બેઠી હતી? મખમલથી મઢેલા એક મૃદુ કોચ ઉપર. કેવી રીતે બેઠીલી હતી? એનું ઉત્તર અમારાથી આપી શકાય તેમ નથી. એ કોઈ કુશળ ચિત્રકારનું જ કાર્ય છે. ઓરડો સમચોરસ હતો. ચાર ભીંતોમાં બરાબર આરસા ટાંગેલા હતા. એક ભીંતની લગોલગ આરસાવાળું ડ્રેસીંગ ટેબલ ગોઠવેલું હતું. તેની ઉપર કુસુમમાલતી, જવાકુસુમ અને કૌન્તલીન આદિ સૌગંધિક તૈલ; હેર બ્રુશ, લાઇમ જ્યુસ, કાન્તિ–ક્રીમ, વેસેલીન આદિ કેશ અને મુખને સુશોભિત બનાવવાનાં સાધનોની બાટલીઓ–વિલાયતી ઢબની બાટલીઓ–ગોઠવેલી હતી. બ્રશ અને કાંસકી પણ હાજર હતાં. એક ગોખલામાં એન્ટીસેપ્ટીક ટુથ પાઉડર અને દાંત ઘસવાનો બ્રશ જોવામાં આવતાં હતાં. જમીન ઉપર ગાલીચો પાથરેલો હતો અને તેની ઉપર રેશમની ગાદીવાળી ચાર ખુરસીઓ હતી. સામ સામી બે ભીંત પાસે અને ડ્રેસીંગ ટેબલની સામે મખમલની ગાદીવાળો કોચ હતો. દયામયી અત્યારે એ જ કોચ ઉપર બેઠેલી હતી અને સામેના દર્પણમાં પોતાની સુંદરતાને જોઇને પોતે જ મોહાસકત થતી પુલકિત થયા કરતી હતી. તેણે શૃંગાર સજી લીધો હતો. તેણે અત્યારે સફેદ રેશમી ઝીકની કોરવાળી સાડી પારસણો પ્રમાણે પહેરી હતી; માથા ઉપર છેક અંબોડાની લગોલગ પિન કરીને તેને અટકાવી રાખી હતી એટલે આજકાલની ફેશન પ્રમાણે ઓળેલા આગળના ભાગમાંના વાળોની શોભા યૂરોપિયન લેડીઓના વાળોની રચનાનું સ્મરણ કરાવતી હતી. ગળામાં 'હુસ્નઆરા' નામની સોનાની બબ્બે બંગડીઓ જ ધારણ કરેલી હતી. કરાંગુલિમાંની હીરાજડિત મુદ્રિકાએ તેની અંગુલિને દેદીપ્યમાન બનાવી હતી અને હીરાના નાસિકાપુષ્પથી તેની નાસિકાએ અપૂર્વ શોભા ધારણ કરી હતી.

તેણે એક દાસીને બોલાવી અને આજ્ઞા આપી;–"પેલો કોઈ ખેપિયો કરાચીથી કાગળ લઈને આવ્યો છે તેને અહીં બોલાવ."

"સ્વામિનીની જેવી આજ્ઞા !" એમ કહીને દાસી ત્યાંથો ચાલતી થઈ અને થોડીવારમાં જ તે પ્રવાસીને લાવી દયામયીના ઓરડામાં હાજર કીધો. તે પાછી ચાલતી થઈ. ઓરડામાં દયામયી અને પ્રવાસી જ રહ્યાં.

"કાગળ લઈને તમે આવ્યા છો?" દયામયીએ તે ખેપિયા તરીકે ધારેલા પણ તેજસ્વી મુદ્રાવાળા અને ચાલાક દેખાતા પ્રવાસીને આશ્ચર્યચકિત મુદ્રાથી પ્રશ્ન કર્યો.

"હા–તે કાગળ આ રહ્યો!" એમ કહીને તેણે કાગળ દયામયીના કોમળ હાથમાં આપ્યો.

કાગળનું પરબીડિયું રાત્રે વર્ષાદના પાણીથી ભીંજાયલું અને નીચે પડવાથી માટીમાં ખરડાયલું હોવાથી તેના ઉપર દાગ પડી ગયા હતા. તે પરબીડિયાંને ફાડતાં ફાડતાં દયામયીએ સાશંક મુદ્રાથી પૂછયું; "હમેશા જે ખેપિયો આવતો હતો તેના બદલે તમે કેમ આવ્યા છો અને આ પરબીડિયું ખરડાયલું કેમ છે?"

"હું ખેપિયો નથી. હું એક ધર્મજિજ્ઞાસુ પુરુષ છું. આપના શાક્તધર્મની અને આ શાક્તસદનની કરાચીમાં કેટલાક સદ્ગૃહસ્થોના મુખથી અત્યંત પ્રશંસા સાંભળીને મારી આ શાક્તસદન જોવાની ઇચ્છા થઈ આવવાથી હું આ તરફ આવવાને નીકળ્યો. ગઇ રાત્રે માર્ગમાં મને એક ખેપિયો મળ્યો કે જે આ કાગળ લઈને અહીં જ આવતો હતો. વર્ષાદ બહુ જ પડતો હોવાથી અને વીજળીના ઝબકારા પણ બહુ થતા હોવાથી અમે એક વૃક્ષ તળે ઉભા રહ્યા. ખેપિયાએ પોતાના પ્રવાસનો હેતુ મને જણાવ્યો એટલામાં તો વીજળી પડવાથી તે ઝાડ પડી ગયું અને તે બિચારો ગરીબ માણસ પણ મરી ગયો. આ કાગળ તેની લાકડીને છેડે બાંધેલો હોવાથી અને લાકડી વીજળીના ઝપાટામાંથી બચી જવાથી હું તે કાગળ અહીં લઈ આવ્યો છું." તે પ્રવાસીએ ખરેખરો વૃત્તાંત કહી સંભળાવ્યો.

પ્રવાસી પોતાનો વૃત્તાંત સંભળાવતો હતો, તે વેળાએ દયામયી તે ખાનગી કાગળ વાંચવાના કામમાં રોકાયલી હતી, છતાં પ્રવાસીના વૃત્તાંતમાં પણ તેનું ધ્યાન તો હતું જ. તે કાગળમાં આ હકીકત લખેલી હતી;–

"પ્રાણાધિક પ્રેમભોગિની, સ્વર્ગીય સ્નેહયોગિની અને વિશ્વવિપત્તિવિયોગિની શાક્તસદન–અધિષ્ઠાત્રી શ્રીમતી દયામયીનાં પદપંકજમાં,

"સવિનય વિનતિ વિશેષ એ કે, અહીં બિંદુબંદરમાં વસતી અતુલ ધનની સ્વામિની જાગીરદાર વિધવા વૃન્દા મારા કપટજાળમાં એવી તો સપડાઈ ગઈ છે કે, તે પોતાની બધી સ્થાવર અને જંગમ સંપત્તિ મને આપવાને તૈયાર થઈ ગઈ છે. એક માસમાં બધું મારા નામ ઉપર ચઢી જશે અને પછી આ ગોપાળ એક રાજાની પણ બરાબરી કરશે. જે દોલત આપણને આલમચંદ પાસેથી મળી છે તે આની આગળ કાંઈ બિસાતમાં નથી. જો આ આનંદપ્રસંગમાં ભાગ લેવો હોય તો સત્વર હૈદરાબાદમાં શૃંગાર સજીને પધારજે. તારા રંગ વિનાનો એ હર્ષપ્રસંગ મને વિષસમાન ભાસશે.

તારો પ્રેમી ભ્રમર મહાત્મા ગોપાળદાસ"

પત્ર વાંચતાં દયામયીના હૃદયમાં મહાત્મા વિશે એક પ્રકારના તિરસ્કારનો ભાવ પસાર થઈ ગયો. છતાં પોતાના ભાવને મુદ્રાપરિવર્ત્તનથી વ્યક્ત થવા ન દેતાં તે આગન્તુક મનુષ્ય સાથે વિશેષ વાર્ત્તાલાપ કરવાનો નિર્ધાર કરીને તેણે પૂછ્યું કે;– "મહાશય! અત્યારસુધી તમને હું ખેપિયો જ ધારતી હતી તે મારા અપરાધમાટે મને ક્ષમા કરશો. તમે કેવા પ્રકારના ધર્મજિજ્ઞાસુ છો, ક્યાંના નિવાસી છો અને શાકતસદનમાં શી જિજ્ઞાસાથી પધાર્યા છો; એ કૃપા કરીને જણાવશો? પણ ઉભા છો શા માટે? આ ખુરસીપર બેસી જાઓ."

"મહાશયા! મારા ગૃહમાં અતુલ ધનસંપત્તિ છે અને તેથી આ સંસારની સાધારણ ચિન્તાઓથી હું મુક્ત છું; પરંતુ મારી સ્ત્રી અને મારા પરિવારનો નાશ થયેલો હોવાથી તથા મારી અન્ય વિવાહ કરવાની ઇચ્છા ન હોવાથી, એક વિલક્ષણ ચિંતારૂપ પિશાચિનીની મારા હૃદયને આજ કેટલાંક વર્ષથી પીડા થયેલી છે. તે ચિન્તા એ છે કે, મારે મારી સંપત્તિ કોઈ પણ એક ધર્મસંસ્થાના લાભમાટે આપી દેવી! પરંતુ સર્વોત્તમ ધર્મસંસ્થા કઈ છે, એ વિશે અદ્યાપિ હું કોઈ પણ પ્રકારના નિર્ણયપર આવી શક્યો નથી. મેં આર્યાવર્ત્તનાં સર્વ તીર્થસ્થાનોમાં ભ્રમણ કર્યું છે, પણ કેવળ દેવી કામાક્ષીના મંદિર વિના ધર્મનાં સત્ય લક્ષણો ક્યાંય પણ મારા જોવામાં આવ્યાં નથી. અહીંનું આ શાકતસદન ધર્મનાં સત્ય વિષયમાં કેવીક યોગ્યતા ધરાવે છે, શાકત ધર્મનાં તત્ત્વો શાં છે અને તેનાથી જનસમાજને શો લાભ થવાનો સંભવ છે ઇત્યાદિ વિષયોના અવલોકન–માટે જ હું અહીં આવ્યો છું. જો તમે મારી એ ધર્મતૃષ્ણાને તૃપ્ત કરશો, તો તમારો મારાપર મોટો આભાર થશે." પ્રવાસીએ પોતાના હેતુનું શબ્દદ્વારા દર્શન કરાવ્યું.

એ પ્રવાસી શરીરની આકૃતિ, સૌન્દર્ય અને વાક્ચાતુર્યમાં ઉત્તમ હોવાથી દયામયીનું હૃદય તે તરફ આકર્ષાયું હતું અને અતુલ ધનસંપત્તિનું નામ સાંભળતાં તેના તે વિકારમાં વૃદ્ધિ થવા લાગી. તે પોતાના હાવભાવો અને કટાક્ષના જાળને વિશેષ વિસ્તારીને કહેવા લાગી;–"ચતુર પ્રવાસી! આપની ઇચ્છા હોય, ત્યાંસુધી આપ આનંદથી આ શાકતસદનમાં રહો અને અહીંનાં ધર્મતત્ત્વોનું અવલોકન તથા અભ્યસન કરો. જ્યારે કામાક્ષી દેવીના મંદિરમાંનાં ધર્મલક્ષણોથી આપને સંતોષ થયો છે, ત્યારે આ સ્થાનમાં આપને અધિક સંતોષ મળશે એમાં તો લેશ માત્ર પણ સંશય નથી જ. અતિથિ ઈશ્વરતુલ્ય હોવાથી અમો સર્વ આપની તનમનધનથી સેવા કરીશું અને અમારા મનુષ્યાવતારની સફળતા કરીશું. પણ આપે અદ્યાપિ પોતાના દેશનું અને પોતાનું નામ કહ્યું નથી; તો હવે પછી આપને બોલાવતાં કયું શુભ નામ ઉચ્ચારવાને આ જિહ્વા ભાગ્યશાલિની થશે?"

"હું ગુજરાતની પાસે આવેલા કાઠિયાવાડમાંના ભાવનગરનો નિવાસી છું, જ્ઞાતિએ ઔદીચ્ય બ્રાહ્મણ છું અને મારું નામ ચંદ્રશંકર છે" પ્રવાસીએ પોતાનો પરિચય કરાવ્યો.

"કેવું મનોહર અને પવિત્ર નામ! શાકતધર્મમાં તો આના જેવું પવિત્ર નામ ભાગ્યે જ મળી શકવાનું. ચંદ્ર નિશાનો પતિ છે અને શાકતધર્મના સર્વ વિધિ નિશા સમયે જ થતા હોવાથી પર્યાયથી અમારો તે સહચર છે અને શંકર એટલે સાક્ષાત્

મહાદેવ. શાકતધર્મનો ઉપદેશ દેવીને પ્રથમ મહાદેવે જ કરેલો હોવાથી શાક્તોનું તે પરમ દૈવત છે. આપના નામના ઉચ્ચાર અને સેવનથી અમારી તો મુક્તિ જ થઈ જશે. આવું ઉત્તમ નામ પાડવામાટે આપે આપની ફોઈનો મોટો ઉપકાર માનવો જોઇએ!" દયામયીએ વ્યાકરણની નવી પદ્ધતિથી નામના અર્થનો વિસ્તાર કરીને જણાવ્યું.

"મારા સ્વર્ગવાસી પિતા પણ એક ચુસ્ત દેવીભક્ત અને કાઠિયાવાડના શાકત-મંડળના એક અગ્રેસર હતા. તેમની સાથે હું બે ચાર વાર શ્રીચક્રના વિધિમાં જઇને સાક્ષીભૂત પણ થયો હતો. પરંતુ તેમના સ્વર્ગવાસી થવા પછી મારા મોસાળ પક્ષના કેટલાક લોકોએ મને વૈષ્ણવધર્મની બાલાત્કારે દીક્ષા અપાવીને 'અહિંસા પરમોધર્મ'નો ઉપાસક બનાવી દીધો. હું નામધારી વૈષ્ણવ તો થયો, પરંતુ તે ધર્મના ધર્મવિધિ અને ધર્મતત્ત્વો મારા મનને જોઇએ તેટલો સંતોષ ન આપી શક્યાં. એટલા માટે આ વિશ્વમાં—નિદાન ભારતવર્ષમાં અતિશય સુખદાયક અને સંતોષદાયક ધર્મ ક્યો છે એનો પ્રત્યક્ષ અનુભવ મેળવીને તે ધર્મનો સ્વીકાર કરી તે ધર્મના ઉત્કર્ષમાટે મારી સંપત્તિ આપી દેવાનો નિશ્ચય કરીને હું પ્રવાસમાં નીકળ્યો છું. હવે અહીં મને સંતોષ મળી શકે છે કે કેમ, એ જોવાનું છે." ચંદ્રશંકરે કહ્યું.

"મહામાયા દેવી આપના હૃદયને આ સ્થલમાં અવશ્ય સંતોષ આપશે જ; માટે નિશ્ચિન્ત થાઓ અને દેવીમાં શ્રદ્ધા તથા વિશ્વાસ રાખો. દેવીધર્મ કિંવા શાકતધર્મનાં વિશ્વવ્યાપક તત્ત્વો હું આપને અવકાશે સંભળાવીશ. પણ અત્યારે હવે નાસ્તાનો વખત થયો છે, માટે નાસ્તો કરી લઇએ." દયામયીએ કોમળ સ્વરથી કહ્યું.

દયામયીએ દાસીને બોલાવીને બે માણસનો નાસ્તો લાવવાની આજ્ઞા કરી. તરત દાસી ત્યાંથી હુકમની તામીલ કરવામાટે દોડી ગઈ. થોડીવારમાં જ એક માણસ ત્યાં આવીને એક ફોલ્ડીંગ રાઉંડ ટેબલ રાખી ગયો; અને બીજા બે માણસોએ આવીને જૂદા જૂદા ખાદ્ય પદાર્થોથી ભરેલી ચીનીની રકાબીઓ, ખાંડ અને દૂધનાં વાસણ, ચમચા તથા ચાહની કીટલી આદિ ટેબલપર ગોઠવી દીધાં. દયામયી કોચપરથી ઉઠીને કુરસીપર બેઠી અને ટેબલપરના પદાર્થો જોવા લાગી.

"પધારો ત્યારે અને કરો શરૂઆત." દયામયીએ પદાર્થોને તપાસી લીધા પછી ચંદ્રશંકરને જમવાને આગળ આવવા કહ્યું. અને વિશેષતામાં જણાવ્યું કે;—"આપના પિતાશ્રી શાકતધર્મના સ્તંભ હતા અને આપ તેમની જોડે શ્રીચક્ર આદિના વિલાસનો ઉપભોગ લઈ ચૂક્યા છો એટલે આ પદાર્થો ખાવાનો આપને કંટાળો તો નહિ જ હોય. આ લોફ અથવા ડબલબ્રેડ ખાસ હું કરાચીથી આઠ દિવસ ચાલે તેટલા પ્રમાણમાં મંગાવી રાખું છું, માખણ તો અહીં જ બનાવીએ છીએ, ઇંડા પણ અમારી પાળેલી મરઘીઓનાં છે અને આ જેમ તથા જેલીના ડબ્બા તો વિલાયતથી પેક થયેલા જ આવે છે. સવારમાં આ પાઉં, માખણ, ઇંડા અને જેલીનો નાસ્તો કરીને ચાહ પીવાથી શરીર બહુ જ તંદુરસ્ત રહે છે!"

"ક્ષમા કરજો. હું મારા પિતા સાથે શ્રીચક્ર આદિના વિલાસ પ્રસંગે બાલ્યાવસ્થામાં ગયો હતો ખરો, પણ હું બાળક હોવાથી આ પદાર્થો મને આપવામાં આવ્યા નહોતા. જ્યારથી હું સમજણો થયો, ત્યારથી વૈષ્ણવધર્મ પાળતો હોવાથી આ

પદાર્થો મારા ખાવામાં ન આવે એ સ્વાભાવિક છે અને તે ધર્મના આચારવિચારો મારા હાડમાંસમાં એવા તો દૃઢતાથી પેસી ગયા છે કે, અલ્પ કાળમાં જ તે આચારવિચારો નીકળી શકે તેમ નથી. હું કાંઈ આ પદાર્થોના સેવનમાં પાપ કે અધર્મ જાણીને એમને ધિક્કારતો નથી, પણ સ્વાભાવિક રીતે જ મારું મન અત્યારે તો આ પદાર્થો ખાવાની ના પાડે છે. અત્યારે તો હું માત્ર ચાહે લઇશ અને બપોરે હાથે જ રસોઈ બનાવીશ. ધીમે ધીમે આ પદાર્થો પણ ખાતો થઇશ; પણ તે તમારા ધર્મમાં આવ્યા પછી!" ચંદ્રશંકરે યોગ્યતાથી પોતાનો વાંધો રજૂ કર્યો.

દયામયીએ આરંભમાં જ એમાટે ખેંચતાણ કરવાનું યોગ્ય ન ધારીને એ વાતને એટલેથી જ પડતી મૂકી અને પોતાના હાથે કપમાં શાકર તથા દૂધ નાખી ઉપરથી કિટલીમાંની ચાહેનું ગરમ પાણી રેડીને ચાહેનો કપ તૈયાર કરી આપ્યો. ચંદ્રશંકર ચાહે પીવા લાગ્યો અને દયામયીએ હાફ ફ્રાઈડ્ એગ્સ તથા માખણબ્રેડપર હાથ ચલાવીને ત્યાર પછી ચાહેને પણ ઇન્સાફ આપ્યો. નાસ્તો કરી હાથ ધોતાં ધોતાં દયામયીએ કહ્યું કે;–

"મારા મીઠા મેહમાન! હું તો એમ જ માની ચૂકી છું કે, આપ અમારા શાકતસદનના એક નવીન ઉપાસક થઈ ચૂકયા છો. મારું મન વારંવાર મને કહ્યા કરે છે કે, આપ અવશ્ય એક આદર્શ શાક્ત થશો."

ટર્કિશ ટુવાલવડે હાથ લૂછ્યા પછી અને તાંબૂલ ભક્ષણ કર્યા પછી, દયામયી ચંદ્રશંકરને હાથ ઝાલીને ત્યાંથી પોતાના શયનગૃહમાં લઈ ગઈ.

પ્રકરણ ૪૧ મું

દયામયીનું તત્ત્વજ્ઞાન!!

દયામયીનું શયનગૃહ શૃંગારગૃહની બાજૂમાં જ હતું. ત્યાંની રચના કાંઇક ભિન્ન પ્રકારની હતી. આખા ઓરડામાં કાશ્મીરી ગાલીચો બીછાવેલો હતો. ચાર ખૂણામાં ચારખૂણિયા ટેબલો ગોઠવેલા હતા, તેમની ઉપર જાળીવાળાં ટેબલકલોથ નાખેલાં હતાં અને તેની ઉપર ચાંદીની ફ્રેમમાં જડેલી જૂદી જૂદી ચાર છબીઓ જોવામાં આવતી હતી. એ છબીઓ દયામયી, મહાત્મા ગોપાળદાસ, આસામના મહાન્ ધર્મગુરુ અને તેમની સ્ત્રીની હતી. પીતળનો એક પલંગ હતો અને તે મૃદુશય્યાથી મંડિત હતો. ઉપર મચ્છરદાની પણ ચઢાવેલી હતી. પલંગની સામે વચ્ચે એક કોચ અને તેની આસપાસ બે ખુરસીઓ ગોઠવેલી હતી. ભીંતો ઉપર શકુન્તલાપત્રલેખન, ઉષાસ્વપ્ન, શકુન્તલાજન્મ, વસંતઋતુ તથા સીતાહરણ આદિ રાજા રવિવર્માની મોટી મોટી છબીઓ લટકતી હતી. શય્યામાં છાંટેલાં ઉચ્ચ પ્રકારનાં સૌગંધિક દ્રવ્યો–અત્તર, સેન્ટ અને લવેન્ડર ઈત્યાદિ–નો મઘમઘાટ ચારે તરફ પ્રસરી રહ્યો હતો. અર્થાત્ એ ગૃહની રચનાને જોતાં શયનગૃહને બદલે જો એને 'મદનોદ્દીપકગૃહ'ના નામથી ઓળખવામાં આવે, તો તે નામ વિશેષ સાર્થક હતું. પાસેની એક નાની કોટડીમાં સીસમનું આરસાવાળું એક કબાટ અને મોરી પાસે જળઘટ તથા જળપાત્ર ગોઠવેલાં હતાં

દયામયીએ નવા પરોણાને કોચ ઉપર બેસાડીને કબાટમાંથી રિગોડના મરક લવેંડરની બાટલી કાઢીને તેમાંનું સૌગંધિક જળ તેનાં વસ્ત્રો ઉપર છાંટયું; રૂમાલમાં 'મનોરમા'નું સેન્ટ લગાડ્યું. ત્યાર પછી તે પલંગ ઉપર મખમલના તકિયાને અઢેલીને અમુક પ્રકારના અભિનયથી બેઠી. મનોમોહક મૃદુવાણીથી ચંદ્રશંકરને ઉદ્દેશીને કહેવા લાગી; "મીઠા મેહમાન! એક ધર્મસદનમાં આવા સાંસારિક વૈભવને જોઇને આપના મનમાં કદાચિત્ આશ્ચર્ય તો થતું જ હશે, પરંતુ આ વૈભવ અને વિલાસનાં સાધનો રાખવામાં અમારો કેવો ઉદાત્ત આશય સમાયલો છે, એ આપ જ્યારે જાણશો ત્યારે ખરેખર અમારા ધર્મમાટે આપ પ્રાણાર્પણ કરવાને પણ તૈયાર થશો !"

"કૃપા કરીને આપના એ ઉદાત્ત આશયને જાણવાનો અમૂલ્ય પ્રસંગ આ જિજ્ઞાસુ જનને પ્રાપ્ત થવા દો. હું પણ ધર્મના એવા આશયોને જાણવામાટે જ જન્મસ્થાન અને ગૃહ આદિનો ત્યાગ કરીને પ્રવાસના પરિશ્રમો વેઠવાને તૈયાર થયો છું." ચંદ્રશંકરે પોતાની જિજ્ઞાસાને તૃપ્ત કરવામાટેની પ્રાર્થના કરી.

"સર્વ ધર્મોનો એ તો એક સર્વમાન્ય અને વિશ્વવ્યાપક સિદ્ધાંત છે કે, 'परोपकाराय सतां विभूतयः' સાધુજનોની વિભૂતિઓ કેવળ પરોપકારમાટે જ છે. મુક્તકંઠથી પરોપકારનો મહિમા સર્વ ધર્મોએ ગાયો છે અને પરોપકાર એ જ સર્વ ધર્મોનો પાયો છે. સર્વજન એમ જ કહે છે કે, તન, મન અને ધનથી પરોપકાર કરવો, એ જ મનુષ્યજીવનની પરમ સાર્થકતા છે. પરંતુ અહીં પ્રશ્ન એ ઉભો થાય છે કે, એ સિદ્ધાંતને અનુસરીને યથાર્થ પરોપકાર કરવામાં આવે છે કે નહિ? મારા પોતાના અભિપ્રાય પ્રમાણે તો કેવળ શાક્તધર્મ વિના અન્ય કોઈ પણ ધર્મ એ પરોપકારના સૂક્ષ્મ તત્ત્વને સમજી જ શક્યો નથી. જો તેમ ન હોત, તો અન્ય સર્વ ધર્મમાં પરોપકારની હાનિ કરનારાં કેટલાંક નીતિતત્ત્વોનો ઉપદેશ કરવામાં ન આવ્યો હોત. એક તરફથી તેઓ એમ કહે છે કે, તન, મન અને ધનથી પરોપકાર કરવો; અને બીજી તરફથી એવો ઉપદેશ આપે છે કે, જો સ્ત્રીના શરીરને પરપુરુષના હસ્તનો સ્પર્શ થાય, તોપણ તેના સતીત્વનો નાશ થાય છે અને તે અબળા નરકની અધિકારિણી બની જાય છે! તેમ જ પુરુષનો અન્ય સ્ત્રીસાથે સંબંધ થાય તો તે વ્યભિચાર કહેવાય છે અને તેવો પુરુષ પાતકી મનાય છે. આ શું પરસ્પર વિરુદ્ધ સિદ્ધાંતો નથી? જ્યાં શારીરિક પરોપકારને પાપના નામથી ઓળખવામાં આવે, ત્યાં પછી તનથી સેવા કે પરોપકાર કરવાના તત્ત્વની સિદ્ધિ કેમ કરીને અને ક્યાંથી થઈ શકે, એનો આપ પોતે જ વિવેક કરી લ્યો. આ વિશ્વમાં વિષયાનંદ જેવો બીજો એક પણ આનંદ નથી. વેદાંતમતવાદીઓ પણ કોઈ વાર વિષયાનંદનું બ્રહ્માનંદના નામથી પ્રતિપાદન કરે છે. પંચદશીના રચનાર અને શંકરાચાર્યની ગાદીપર બેસનાર વિદ્યારણ્ય સરસ્વતીએ પણ વિષયાનંદને વર્ણવેલો છે! પોતાના અને પારકામાં લેશ માત્ર પણ ભેદ ન માનવો, કોઈ પણ પુરુષને અથવા પ્રમદાને પોતાનું સર્વસ્વ સમર્પણ કરી દેવું, અભેદ અને એકતાના સિદ્ધાંતને સત્ય કરી બતાવવો અને 'सर्वं खलु इदं ब्रह्म' એ મહાવાક્યની સત્યતા સિદ્ધ કરી દેખાડવી એ જ શાક્તધર્મનો મૂળ આશય હોવાથી વિષયાનંદને વિશેષ આનંદદાયક બનાવનારાં આ વિલાસવૈભવનાં સાધનો શાક્તમંદિરોમાં રાખવામાં આવે એ સ્વાભાવિક છે.

શાક્તધર્મમાં સ્ત્રીપુરુષ, ઉચ્ચ નીચ અને ગુણાવગુણનો ભેદ નથી. જો કોઈ વિશ્વવ્યાપક ધર્મ આ અવનીતલમાં હોય તો તે કેવળ શાક્તધર્મ જ છે! એના વિનાના બીજા સર્વ ધર્મો તે ધર્મ નહિ પણ પાખંડ છે અને તેથી સર્વથા ખંડ ખંડ થઇને વિનષ્ટ થવાને જ યોગ્ય છે. આ જગત્‌માં જીવવું હોય ત્યાંસુધી સુખમાં જીવવું-ઋણ કરીને પણ ઘી કેળાં ખાવાં અને યથેચ્છ વિહાર કરવો; સારાંશ કે, જીવને સર્વ પ્રકારે આનંદમાં રાખવો એ જ શાક્તધર્મનો વિશિષ્ટ ઉદ્દેશ છે." દયામયીએ પોતાની અમૃતમય(?) વાણીથી ચંદ્રશંકરની ધર્મજિજ્ઞાસાને તૃપ્ત કરવાનો પ્રયત્ન કર્યો.

દયામયીના એ તત્વજ્ઞાનનું શ્રવણ કરીને ચંદ્રશંકર તો આભો જ બની ગયો. તે મનમાં કહેવા લાગ્યો; "ભારતવર્ષમાં શાસ્ત્રોક્તિના આવા વિચિત્ર અર્થો થવા માંડ્યા અને શાસ્ત્રના આધારે અનીતિનો પ્રચાર થવા લાગ્યો, ત્યારથી જ અવનતિનો આવિર્ભાવ થયો છે. અસ્તુ, હજી પણ શાક્તોના સિદ્ધાંતોનું વિશેષ રહસ્ય જાણવું જોઇએ! હે જીવ! મૌન ધર!" એ પ્રમાણે વિચાર કરી તેણે દયામયીને કહ્યું, "શ્રીમતી મહાશય! આપના આ ગૂઢ અને દેવદુર્લભ તત્ત્વજ્ઞાનના શ્રવણથી મારા મનમાં સંતોષ અને અભેદતાનો સંચાર થવા લાગ્યો છે. પરંતુ અદ્યાપિ કાંઇક શંકા થાય છે અને તે એ કે, સ્ત્રી પુરુષના યથેચ્છ સંબંધને હું ધર્મ માની શકતો નથી. પરનારીગમન અને પરપુરુષ પ્રેમ એ તો પાપ હોવાં જ જોઇએ એવી મારી માન્યતા છે. તો એ વિશે આપનો શો અભિપ્રાય છે?"

"આપના એ સંશયનું નિરસન કરવું એ તો એક સહજ વાર્તા છે. પ્રથમ તો 'આ મારી પત્ની' અને આ મારો પતિ' એ ભાવના જ સંકુચિત હૃદયની છે. 'આ મારું છે ને આ પારકું છે,' એ ગણના લઘુ હૃદયની છે—જે ઉદારચરિત્ર સ્ત્રી પુરુષો હોય છે તેઓ તો વસુધાને પોતાના કુટુમ્બ તરીકે જ માને છે. એથી પણ આગળ વધીને આપણે સર્વમાન્ય ભગવદ્‌ગીતામાંના કૃષ્ણવાક્યોનું અવલોકન માર્મિકતાથી કરીએ છીએ, ત્યારે પણ એ જ પ્રકારના સમર્થનનું આપણને પ્રત્યક્ષ દર્શન થઈ શકે છે. મહાબાહુ અર્જુનને જ્યારે પોતાના આપ્તજનો સાથે યુદ્ધ કરવામાં સંકોચ થયો હતો તે વેળાએ શ્રીકૃષ્ણે તેને કહ્યું હતું; 'આ આત્મા છેદાય નહિ બળે નહિ, પલળે નહિ તથા સૂકાય નહિ એવો છે તથા નિત્ય સર્વ વ્યાપક, સ્થિર, અચલ અને સનાતન છે!' અર્થાત્ સ્ત્રી અને પુરુષ એ શારીરિક અશાશ્વત ભેદ છે—આત્મામાં સ્ત્રીત્વ કે પુરુષત્વ છે જ નહિ. એટલે શારીરિક સંબંધથી આત્મા ભ્રષ્ટ થતો નથી કે તે કોઇને ભ્રષ્ટ કરી પણ શકતો નથી. 'न हन्यति न हन्यते' એ વાક્યનું તત્ત્વ એ જ છે. ભિન્ન ભિન્ન ઇંદ્રિયસમૂહ પોતપોતાના સ્વાભાવિક કર્મમાં પ્રવૃત્ત રહે તેમાં આત્માને કશો પણ બાધ થતો નથી. સ્ત્રી અને પુરુષના ભેદને ભૂલાવનાર, આત્માની અલિપ્તતાને સિદ્ધ કરનાર, એકતાનો માર્ગ બતાવનાર અને આનંદ પરમાનંદમાં નિરંતર નિમગ્ન રાખનાર કેવળ શાક્તધર્મ જ છે; એટલામાટે જો આ ભવ અને પરભવમાં સુખ મેળવવાની અથવા તો કર્મમુક્ત થઈ અવિચલ મુક્તિને મેળવવાની ઇચ્છા હોય તો એક પળ માત્રના પણ વિલંબ વિના આ શાક્તધર્મનો સ્વીકાર કરો, હૃદયના ક્લેશ તથા મલને હરો, અને આત્મોન્નતિને વરો." દયામયીએ વેદાંતતત્ત્વના મનસ્વી અર્થનું મહા ગંભીરતાથી પ્રતિપાદન કરીને મૃદુતાથી જણાવ્યું.

"આપનું એ તત્ત્વ તો યથાર્થ છે; અને એ વિશે હવે મારા મનમાં સંશય રહ્યો નથી; પરંતુ માંસ ઇત્યાદિનો આહાર કરવો એમાં જીવહિંસા નથી?" ચંદ્રશંકરે બીજો પ્રશ્ન પૂછ્યો.

"હું જે ઉત્તર આપી ચૂકી છું, તેથી એ પ્રશ્નનો પણ નિર્ણય થઈ જાય છે. જે પ્રાણીઓના માંસનો આપણે આહાર કરીએ છીએ, તે પ્રાણીઓમાં પણ આત્મા તો છે જ; અને 'न हन्यते हन्यमाने शरीरे' શરીરનો નાશ થવા છતાં આત્મા તો અમર હોવાથી નષ્ટ થતો જ નથી! એ ગીતાવાકયના આધારે હિંસા જેવું કાંઈ છે જ નહિ!" દયામયીએ તત્કાળ ઉત્તર આપ્યું.

જો કે ચંદ્રશંકરમાં દયામયીના એ વિપરીત સિદ્ધાંતોનું ખંડન કરી નાખવાની પૂર્ણ શકિત હતી, છતાં અત્યારે તેમ કરવાનું ઉચિત ન ધારીને તેણે 'હા'માં 'હા' મેળવવાના ધર્મનો જ સ્વીકાર કરી લીધો, અને તેથી એ વાદવિવાદનો એટલેથી જ અંત આવી ગયો. દયામયી પોતાના વાક્ચાતુર્યનું આવું ઇષ્ટ પરિણામ થયેલું જોઇને અને ચંદ્રશંકરની બોબડીને બંધ થયેલી નિહાળીને મનમાં પોતે જ પોતાની પ્રશંસા કરવા લાગી; "મહાત્માએ વૃન્દાને શીશામાં ઉતારીને લક્ષાધીશ થવાની યોજના કરી છે, તો આ પક્ષીને જાળમાં ફસાવીને હું પણ અતુલ ધનની સ્વામિની થવાના પ્રસંગને પ્રાપ્ત કરીશ. મહાત્માને મારે બતાવી આપવું જ જોઇએ કે, આ દયામયી કોઈ પણ પ્રકારે બુદ્ધિ કે ચાતુર્યમાં તેના કરતાં ઉતરતી નથી, કિંતુ કિંચિત્ અધિક જ છે. મહાત્માએ તો મોટા નગરમાં રહીને ધન મેળવ્યું છે, પણ દયામયી તો જંગલમાં મંગળ કરી બતાવશે!"

"હવે મારે રસોઇની તૈયારી કરવી જોઇએ, આપણે વધારે વાતચીત ફરી કરીશું." ચંદ્રશંકરે કહ્યું.

એ જ સમયે સીતા દયામયીના શયનગૃહમાં આવી અને અધિષ્ઠાત્રીને ઉદ્દેશીને કહેવા લાગી; "સ્વામિની! ભોજનમાં હવે થોડો જ વિલંબ છે; આપ કયાં બેસીને જમવાનાં છો? જ્યાં આજ્ઞા હોય ત્યાં બેસવામાટેની વ્યવસ્થા કરીએ."

"હું શૃંગારગૃહમાં જ જમીશ. પણ સીતા! મારા જમવામાટેની વ્યવસ્થાનું કામ બીજી કોઈ બાળાને સોંપીને તું આપણા આ અતિથિની સેવામાં હાજર રહે. એઓ બીજાના હાથનું ખાતા નથી, એટલે એમને જોઇતી ચીજો ભંડારમાંથી અપાવીને કોઈ સ્વચ્છ સ્થાનમાં રાંધવાની ગોઠવણ કરી આપ. એઓ જમી લે ત્યાંસુધી એમની સેવામાં જ હાજર રહેજે, હોંકે! કાંઈ ખામી ન આવે તેની સંભાળ રાખજે." દયામયીએ સીતાને આજ્ઞા આપી.

"જેવી આજ્ઞા." સીતાએ ઉત્તર આપ્યું.

સીતા ચંદ્રશંકરને લઇને ત્યાંથી ચાલતી થઈ અને નિઃસરણી ઉપરથી ઉતરવા લાગી. એ વેળાએ ક્ષણમાત્રમાં અનેક પ્રકારના વિચારો તેના મનમાંથી પસાર થઈ ગયા. "આ પ્રવાસી શાકતસદનમાં આવ્યા છતાં, પોતાના હાથે રસોઈ કરવાને તૈયાર થયો છે અને આવા વિધિનિષેધના માનનારાનો દયામયીએ આટલો બધો સત્કાર કર્યો છે, એનું શું કારણ હશે? આ પુરુષની આકૃતિને જોતાં એના વિશે પૂજ્ય બુદ્ધિ ઉત્પન્ન

થાય છે અને મારા ચિત્તમાંની ચંચળતા થોડીવારને માટે દૂર થઈ જાય છે. જો એ દેવ હોય, તો આ દૈત્યસદનમાં શામાટે આવ્યો હશે? અત્યાર સુધીમાં તો આ સ્થાનમાં કોઈ ધર્માત્માને આવતો મેં જોયો નથી. આજે આ શો ચમત્કાર? અહીં તો જે આવે છે તે આવતાંની સાથે જ મદિરાપાનવડે પોતાનો થાક ઉતારે છે, પેટને કબ્રસ્તાન બનાવવામાટે બકરાંને મારે છે અને પરનારીપ્રેમના ઉપભોગથી પોતાના પુરુષાવતારની સફળતા ધારે છે! વિધિ અને નિષેધ એ શબ્દો શાક્તશાસ્ત્ર અને શાક્તશબ્દકોશમાં છે જ નહિ. વળી આ સદનમાં એવા વિધિનિષેધવાળાઓને આશ્રય આપવાની સખ્ત મનાઈ હોવા છતાં આજે તે નિયમનો અધિષ્ઠાત્રીએ પોતે જ કેમ ભંગ કર્યો હશે, તે જાણી કે કલ્પી શકાતું નથી. આમાં કાંઈ પણ ભેદ તો અવશ્ય છેજ અને તે ભેદને જાણવાનો યુક્તિથી મારે પ્રયત્ન કરવો જ જોઇએ."

બન્ને નીચેના ચોકમાં આવ્યાં. ત્યાં એક સ્વચ્છ ઓરડી બતાવીને સીતાએ ચંદ્રશંકરને કહ્યું; "આ ઓરડી આપને ઠીક લાગે છે કે?"

"હા—ઠીક છે. બધો સામાન લાવી આપો, એટલે રાંધવાની શરૂઆત કરું." ચંદ્રશંકરે કહ્યું.

"શી રસોઈ બનાવશો? શીશી વસ્તુ લાવી આપું?" સીતાએ યોગ્ય પ્રશ્ન પૂછ્યો.

"દાળ, ભાત, રોટલી અને શાક." ચંદ્રશંકરે ઉત્તર આપ્યું.

"પણ શાકમાં તો અહીં બટાટા અને કાંદા વિના બીજું કાંઈ મળી શકે એમ નથી. કોઈ કોઈ વાર કેટલાંક લીલાં શાક આવે છે, પણ આજે તેમાંનું કાંઈ પણ નથી!" સીતાએ કહ્યું.

"બટાટા અને કાંદા ચાલશે;" ચંદ્રશંકરે ટુંકામાં પતાવ્યું.

"ઠીક, લાવી!" એમ કહીને સીતાએ પ્રથમ ચૂલો માંડવામાટે, ત્રણ ચાર પત્થર, પાણીના બે હાંડા અને વાસણ લાવીને હાજર કર્યાં. પછી તે મોદીખાનામાંથી દાળ, ચોખા, લોટ, ઘી અને મસાલો તથા કાંદા અને બટાટા પણ લઈ આવી. એક માણસ આવીને બાળવાનાં લાકડાં પણ મૂકી ગયો. ચંદ્રશંકરે ચૂલો સળગાવીને દાળ ચઢાવી અને સીતા ચોખા વીણવાનું કામ કરવા લાગી.

ચોખામાંથી કંટા અને કાંકરી વીણતા વીણતાં સીતાએ બે ચાર વાર આસપાસ નજર કરી અને કોઈને નજીકમાં ન જોવાથી ચંદ્રશંકર સાથે વાતચીતનો આરંભ કરીને કહ્યું—

"મહાશય! આપ અહીં ક્યાંથી અને કેમ પધાર્યા છો?"

"કેવળ ધર્મજિજ્ઞાસાને તૃપ્ત કરવામાટે!" ઉત્તર મળ્યું.

"આપની ધર્મજિજ્ઞાસા આ શાક્તસદનમાં અવશ્ય તૃપ્ત થશે જ!" સીતાએ કટાક્ષમાં જ એ વાક્ય ઉચ્ચાર્યું.

ચંદ્રશંકરે લગભગ સમસ્ત ભારતવર્ષમાં પ્રવાસ કરેલો હોવાથી અને તેને અનેક પ્રકારના તથા નાનાવિધ સ્વભાવના મનુષ્યોના પ્રસંગમાં આવવું પડેલું હોવાથી સીતાના ભાવને તે તત્કાળ સમજી ગયો. "આ શાક્તસદનમાંની જ એક સ્ત્રી

હોવા છતાં એના મનમાં શાકતધર્મ વિશે અવશ્ય કાંઈ પણ તિરસ્કાર હોવો જોઇએ;" એવી શંકાનું તેના મનમાં આગમન થયું. ચોખા વીણવાના કામની સમાપ્તિ કરીને **સીતા** શાક સમારવા બેઠી. ચંદ્રશંકરે તેને સભ્યતાથી પૂછ્યું; "બાઈ! તમે કોણ છો? અધિષ્ઠાત્રી બાઈ સાથે તમારો કાંઈ સંબંધ છે કે?"

"આ સદનમાં જે કોઈ પણ આવે છે, તે સર્વનો ને મારો પણ અધિષ્ઠાત્રી બાઈ સાથે સેવ્ય સેવક સંબંધ છે. હું ધારું છું કે, શ્રીમતી દયામયીના સેવક થવાને જ આપ પણ અહીં પધાર્યા છો. પરંતુ આપ કેવા પ્રકારના સેવક થવાના છો, એનો કાંઈ નિર્ણય થયો છે ખરો?" **સીતા**એ કહ્યું.

"ત્યારે શું અહીં સેવકોના બે વર્ગ છે? શાકતધર્મમાં એકતાનો સિદ્ધાંત પ્રવર્ત્તાયમાન હોવા છતાં આ દ્વૈતનો સંચાર ક્યાંથી થયો?" ચંદ્રશંકરે આશ્ચર્ય દર્શાવ્યુ.

"આપના આ ઉત્તરથી અનુમાન કરી શકાય છે કે, એ વિષયનો આપના સંબંધમાં અદ્યાપિ નિર્ણય થયો નથી. એ નિર્ણય કરવાનો અધિકાર અધિષ્ઠાત્રીનો હોવાથી મારાથી એ વિષયમાં કાંઈ પણ બોલી શકાય તેમ નથી. કોઈ અજ્ઞાત પુરુષ કે સ્ત્રી આગળ શાકતસદનના ભેદને ખોલનારને ભયંકર શિક્ષા કરવામાં આવે છે. અહીં નિવાસ કર્યા પછી ધીમે ધીમે બધા ગુપ્ત ભેદો પોતાની મેળે જ આપના જાણવામાં આવતા જશે." **સીતા**એ કહ્યું.

ચંદ્રશંકરના મનમાં આતુરતા ઉપજાવવાનો **સીતા**નો ઉદ્દેશ સિદ્ધ થયો. તેણે આતુરતાથી ચોખાનું તપેલું ચૂલા ઉપર ચઢાવી લોટ બાંધતાં બાંધતાં પૂછ્યું; "ત્યારે તમે તો કોઈ રીતે તે ભેદ મને બતાવી નહિ જ શકો કે?"

"હું નિરુપાય છું!" **સીતા**એ ઉદાસીનતા બતાવી.

"**સીતા**! તમારા મનમાં એવી શંકા થતી હશે કે, કદાચિત્ હું તમારી વાત દયામયીને કહી દઇશ, તો તમારાપર વિનાકારણ આપત્તિ આવી પડશે અને ભયંકર શિક્ષા ભોગવવી પડશે. પણ તમારે નિશ્ચય રાખવો કે, હું એવો નીચ મનુષ્ય નથી કે, મારામાં વિશ્વાસ રાખનારનો વિશ્વાસઘાત કરું. જો તમારો મારા વચનમાં વિશ્વાસ હોય, તો એ ભેદ મને જણાવો; જો વિશ્વાસ ન હોય તો એક અક્ષર પણ ઉચ્ચારશો નહિ!" ચંદ્રશંકરે ગંભીરતાથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

"જ્યારે આપ એમ કહો છો, તો મારે પણ આપને જણાવવું જોઇએ કે, આ શાકતસદનમાં કેટલાક માણસો ડિટેકિટવનું કામ પણ કરે છે અને જો કોઈ પુરુષ અહીં શાકતસદનના ભેદોને જાણવાની ઇચ્છાથી જ આવેલો જણાય છે, તો તેને અંદરને અંદર જ મારી નાખવામાં આવે છે! એટલામાટે હું આપને પૂછું છું કે, આપનો મારા વચનમાં વિશ્વાસ છે કે?" **સીતા**એ પ્રતિપ્રશ્ન પૂછ્યો

"મારો તમારા વચનમાં પૂર્ણ વિશ્વાસ છે!" ચંદ્રશંકરે કહ્યું.

"જ્યારે એમ જ છે, તો હું આપનાં ચરણોમાં એટલી જ પ્રાર્થના કરું છું કે, પોતાની ધર્મજિજ્ઞાસાને તૃપ્ત કરવાની આશાથી આ શાકતધર્મનો કદાપિ સ્વીકાર ન કરશો. આ ધર્મજિજ્ઞાસાને તૃપ્ત કરવાનું, ધર્મને પોષવાનું અને ધર્મને ઉન્નત કરવાનું સ્થાન નથી; કિન્તુ જે સ્થાનમાં ધર્મનો છળ થાય છે, ધર્મમાં કલંક લગાડાય છે અને

જ્યાં ધર્મનો નિર્દયતાથી વધ થાય છે, તે નરકસ્થાન આ જ છે. ધર્મજિજ્ઞાસા નહિ, પરંતુ પાપજિજ્ઞાસા અને પાપવાસનાને જ તૃપ્ત કરવાની જો આપની ભાવના હોય, તો અહીં પ્રત્યેક જાતિનાં પાપ તૈયાર છે. દ્યૂત, મદિરાપાન, વ્યભિચાર, અસત્ય ભાષણ, ધર્મદ્રોહ, ચોરી અને ખૂન એ સર્વની અહીં અત્યંત વિપુલતા હોવાથી આપની પાપવાસના અહીં અવશ્ય તૃપ્ત થઈ શકશે!" સીતાએ શાકતસદનની ભયંકરતાનું ઝાંખું શાબ્દિક ચિત્ર આલેખ્યું.

"શું આ સ્થાન આટલું બધું ભયંકર છે?" ચંદ્રશંકરે આંખો ફાડી સીતાના મુખને જોઇને ઉદ્ગાર કાઢ્યો.

"મારા આટલા થોડા અને નિર્બળ શબ્દોથી તે ભયંકરતાની કલ્પના થવી અશક્ય છે. જો આપ વધારે દિવસ અહીં રહેશો તો તે સર્વ ભયંકરતા હું આપને પ્રત્યક્ષ બતાવીશ." સીતાએ કહ્યું.

"પરંતુ આવાં ભયંકર સ્થાનમાં તમે પોતે કેમ નિવાસ કરી રહ્યાં છો?" ચંદ્રશંકરે પૂછ્યું.

"મારા દુર્ભાગ્યની પ્રબળતાથી! મારા કૌમારની બાલ્યાવસ્થામાં જ થયેલી ભ્રષ્ટતાથી!" સીતા બોલી. એ શબ્દો ઉચ્ચારતાં તેનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી.

ચંદ્રશંકરના મનમાં અનુકંપાનો આઘાત થયો. તેનાં નેત્રોએ પણ અશ્રુના બિંદુ વર્ષાવ્યા. પરસ્પર હૃદયની એકતા થતાં સીતાના મનમાં ચંદ્રશંકર વિશેના એક બીજા જ ભાવનો ઉદય થયો. પરંતુ પોતાના તે ભાવને વ્યકત કરવાનો એ સમય ન હોવાથી તે મૌન ધારીને બેસી રહી. ચંદ્રશંકરે કહ્યું;-"સીતાબાઈ! તમે આ શાકતસદનમાં કેમ આવ્યાં અને તમે ક્યાંનાં, કઈ જ્ઞાતિનાં અને કેવાં માબાપનાં પુત્રી છો તે જણાવશો?"

"મારી કર્મકથા અતિ વિલક્ષણ છે. આપ જેવા સજ્જનને ખરેખરી વાત જણાવી દેવામાં કાંઈ પણ હરકત નથી. સાંભળો............"

સીતા પોતાની કર્મકથાનો આરંભ કરવા જતી હતી એટલામાં એક બીજી સ્ત્રીને ત્યાં આવતી જોઇને તે બોલતી બંધ થઈ ગઈ. તે સ્ત્રીએ આવીને સીતાને કહ્યું;-"મહાશયા દયામયી તમને બોલાવે છે-માટે જલદી ચાલો. હં; પણ તમે રડ્યાં છો કે શું? તમારી આંખોમાં પાણી કેમ દેખાય છે?"

એ સ્ત્રી બહુ જ ચંડાળ સ્વભાવની અને ચાડિયેણ હોવાથી જો તેના મનમાં કાંઇ પણ શંકા આવશે તો તે રજનું ગજ કરીને આગ સળગાવશે એવા ભયથી પોતાનો બચાવ કરવામાટે સીતાએ સમયસૂચકતાથી ઉત્તર આપ્યું;-"બાઈ! આવા આનંદના સ્થાનમાં રડવું તે કંઇ અભાગણીને આવે? એ તો આ અતિથિરાજમાટે કાંદા સમારતાં ગરમી લાગવાથી આંખોમાં પાણી આવી ગયું!"

"એમ કે?" એટલો ટહુકો કરી તે સ્ત્રી સીતાને સાથે લઇને ત્યાંથી ચાલતી થઈ.

રસોઈ તૈયાર થઈ, ચંદ્રશંકરે જમવાની તૈયારી કરવા માંડી અને યથેચ્છ ભોજન કરીને તે તૃપ્ત થયો. પોતાના રાંધેલા અન્નમાં જે વિશેષ સ્વાદનો અનુભવ થાય છે, તે

સ્વાદનો ચંદ્રશંકરે અનુભવ લીધો. આજનાં સાદાં દાળ, ભાત, રોટલી ને શાક તેને નાનાવિધ પક્વાન્નો કરતાં પણ અધિક સ્વાદિષ્ટ લાગ્યાં. તે જમીને ઉભો થયો, અને પેટપર હાથ ફેરવતો દરવાજામાં ઉભો રહ્યો એટલામાં એક માણસે આવીને વિનંતિ કરી કે; "અતિથિ મહાશય! આપના નિવાસમાટે એક જૂદો ઓરડો કાઢી રાખ્યો છે માટે ત્યાં પધારો અને વામકુક્ષી કરો. આપની ચરણસેવામાટે સીતાબાઈ હમણાં જ આવી લાગશે."

"ચાલો" એમ કહીને ચંદ્રશંકર તે માણસ સાથે એક વિશાળ અને સુંદર ઓરડામાં ગયો. ત્યાંની શોભાને જોઇને તે સ્તબ્ધ જ બની ગયો. તે એક કોચ ઉપર આડો થયો અને ત્યાર પછી તે માણસ ત્યાંથી ગચ્છંતી કરી ગયો.

પ્રકરણ ૪૨ મું

અભિનવ અધિષ્ઠાત્રી!

"સીતા! બેસ–કુરસીપર બેસી જા, અને હું જે કહું તે ધ્યાનથી સાંભળ." દયામયીના શયનગૃહમાં પ્રવેશ કરતી સીતાને ભોજન પછી તાંબૂલ ભક્ષણ કરતી શ્રીમતી દયામયીએ થૂકદાનીમાં લાલ પિચકારી મારીને કહ્યું.

આજ્ઞાને આધીન થઈ સીતા કુરસીપર બેસી ગઈ. તેણે પાસેના ટેબલપર કોણી ટેકવીને મસ્તકને હથેળીના આધારપર રાખ્યું. દયામયીએ પોતાનું બોલવું આગળ ચલાવીને કહ્યું;–"સીતા! શાક્તસદનમાંની સર્વ સ્ત્રીઓ કરતાં મારો તારામાં વધારે વિશ્વાસ છે; આજે હું તને મારું એક કાર્ય–ગુપ્ત કાર્ય–કરવાની આજ્ઞા આપું છું. હું ધારું છું કે, તું મારા એ વિશ્વાસનો દુરુપયોગ તો નહિજ કરે."

"અધિષ્ઠાત્રીના વિશ્વાસનો દુરુપયોગ કરીને મૃત્યુને બોલાવવાની હજી મારી ઈચ્છા નથી–હજી મારા જીવનનો મને કંટાળો નથી આવ્યો." સીતાએ કહ્યું.

"શાબાસ! તારા જેવી યોગ્ય સબળાના મુખમાં એવા જ શબ્દો હોવા જોઇએ. સાંભળ, આવતી કાલે પ્રભાતમાં જ મારો અહીંથી પ્રવાસ કરવાનો વિચાર છે. હું એક અગત્યના કાર્યમાટે હયદરાબાદ જવાની છું અને ત્યાં પંદર વીસ દિવસ રહેવાની છું. મારી ગેરહાજરીમાં અહીંની વ્યવસ્થા ચલાવવામાટે હું મારો બધો અધિકાર તને આપી જવા માગું છું. સર્વ તારી આજ્ઞામાં રહેશે અને તું કહીશ તેમ કરશે." દયામયીએ કહ્યું.

"મારા ગૌરવમાં આપ આટલો બધો વધારો કરો છો, એ માટે હું આપનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું!" સીતાએ વિવેક બતાવ્યો.

"પણ એ અધિકાર ચલાવવા સાથે તારે એક બીજું પણ ખાસ કામ કરવાનું છે, સમજી કે?" દયામયીએ ગંભીરતાથી કહ્યું.

"તે શું કામ છે? મારાથી થાય તેવું છે કે? મારાથી ન બની શકે તેવું તો નથી ને?" સીતાએ શંકાશીલતા બતાવી.

"ચંચળ, સ્વરૂપવતી અને વાચાળ વનિતા ન કરી શકે એવું એક પણ કાર્ય આ જગત્‌માં તો નથી જ. અન્ય જગત્‌માં હોય તો ભગવતી જાણે!" શ્યામચીએ સ્ત્રીની સર્વશકિતમત્તાનું વિવેચન કર્યું.

"જ્યારે તમારો એવો જ વિશ્વાસ છે, તો ભગવતી અને આપની કૃપાથી તે કાર્યને આ કિંકરી પૂર્ણ કરશેજ !" હામ ભીડી સીતા બોલી.

"કાર્ય એ છે કે, જે અતિથિની સેવાનું કાર્ય તને સોંપવામાં આવ્યું છે, તે આપણો એક સુવર્ણમૃગરૂપ શિકાર છે. તેટલામાટે આપણા અખાડામાંથી—નારે આપણા આ ખાડામાંથી—તે કોઈ પણ રીતે છટકી ન જાય એની તારે બરાબર સંભાળ રાખવી. એનાં ખાનપાન, નિદ્રા અને સંભાષણ તથા વિનોદ આદિની યથાર્થ વ્યવસ્થા રાખજે અને જેમ આપણાં ધર્મતત્ત્વોમાં એનો વિશેષ પ્રેમ બંધાય તેમ વર્તજે. જો તે તારા યૌવનકુસુમનો ભોગી ભ્રમર થવા ઇચ્છે, તો તેને યૌવનપુષ્પરસનું પ્રેમથી પાન કરવા દેજે ! અને અન્ય પ્રકારથી પણ મોહવશ બનાવજે ! તું સ્ત્રીચરિત્ર અને મોહનમંત્રની વિદ્યામાં કુશળ હોવાથી તને વધારે કહેવાની અગત્ય નથી." શ્યામચીએ કાર્યનો સ્ફોટ કરી બતાવ્યો.

"એમાં લેશ માત્ર પણ ન્યૂનતા થવાની નથી!" સીતાએ હૃદયમાં ધિક્કાર હોવા છતાં બહારનો પ્યાર બતાવીને કહ્યું.

"હું—પણ જ્યાં સુધી એ દીક્ષા લઇને શાક્તધર્મનો દીક્ષિત ઉપાસક ન થાય, ત્યાં સુધી આપણા ભેદોમાંનો એક પણ ભેદ એના જાણવામાં ન આવે, એની ખબરદારી રાખવાની છે. એને આટલામાં જ રાખજે—સદનના આંતરિક ભાગો ન દેખાડતી." શ્યામચીએ સૂચના આપી.

"આપ એ સૂચના આપવાનો પરિશ્રમ વિનાકારણ વેઠો છો. આ શાક્તસદનના ભેદોને દેવો પણ દીક્ષિત થયા વિના જાણી નથી શકતા, તો એ બિચારું આંધળું જાણી જાય, એ બને જ કેવી રીતે ?" સીતાએ જણાવ્યું.

"શાબાસ ! જો સર્વ શાક્તધર્મોપાસક સુંદરીઓ તારા જેવી જ ચાલાક અને ચપળ હોય, તો થોડા દિવસમાં જ આખું જગત્ શાક્તધર્મમાં આવી જાય ! ચાલો—દેવી કરશે તો એ દિવસ પણ વહેલો જ આવી લાગશે ! પણ મારી ગેરહાજરીમાં જ્યારે તું શાક્તસદનની સામયિક અધિષ્ઠાત્રી તરીકે મારા આસને વિરાજે, ત્યારે તારાં આ સાધારણ વસ્ત્રોને ઉતારીને મારાં સારાં વસ્ત્રો પરિધાન કરજે અને અલંકારપણ ધારજે;" એમ કહીને શ્યામચીએ પોતાની તીજોરીની ચાવી સીતાને આપી દીધી.

"પણ આપનાં વસ્ત્રો મારે શામાટે ધારણ કરવાં જોઇએ?" ચાવી લઇને સીતાએ પ્રશ્ન કર્યો.

"એ અધિકારને વધારનારાં સાધન છે અને પુરુષને પ્રેમયુદ્ધમાં પરાજિત કરવામાટેનાં સહાયક આયુધ છે. વસ્ત્રાલંકારથી સ્ત્રીનું સ્વાભાવિક સૌંદર્ય વધી જાય છે અને મોડો આસક્ત થનાર પુરુષ તેનામાં વહેલો આસક્ત થાય છે. એક કવિએ કહ્યું છે કે;—

"એક નૂર આદમી, હજાર નૂર કપડાં;
લાખ નૂર ટાપટીપ, ક્રોડ નૂર નખરા."

દયામયીએ પોતાના વચનનું સમર્થન કર્યું.

"દેવી! એ તો સર્વ હું આપના કહેવા પ્રમાણે જ કરીશ. પણ જો કોપાયમાન ન થાઓ તો એક શંકા નિવેદિત કરવાની મારી ઇચ્છા છે," સીતાએ આર્જવતાથી કહ્યું.

"કોઈ પણ પ્રકારના સંકોચ વિના તારી શંકા જણાવી દે. શંકા અયોગ્ય હશે તો પણ હું તને ક્ષમા કરીશ!" દયામયીએ આજ્ઞા આપી.

"શંકા એ જ કે, જે અતિથિને મુગ્ધ કરવાનું આપ કહો છો અને જેને આપ આપણા શિકારના નામથી ઓળખો છો, તે અતિથિમાં હું તો કાંઈ પણ જોઈ શકતી નથી. માત્ર એ તેજસ્વી અને સબળ શરીરવાળો છે; બાકી એની પાસે ધન પણ નથી અને આજકાલની સભ્યતા પણ નથી. શું આપ એના રૂપમાં મોહ્યાં છો ?" સીતાએ દયામયીના ઉદ્દેશને જાણી લેવામાટે વિચિત્ર સંશય દર્શાવ્યો.

"સીતા! હજી તું જગત્‌ના નિયમોથી અજ્ઞાત છે અને તેથી જ આવી નજીવી શંકા કરે છે. રૂપ અને દૃઢ તથા બળવાન્ શરીરબંધન એ બે ગુણ જે પુરુષો ધરાવતા હોય, તે પુરુષો સ્ત્રીના હૃદયના આકર્ષણના મુખ્ય હેતુ થઈ પડે છે—અર્થાત્ પ્રથમ તો કોઈ સ્ત્રી એ બે ગુણોથી જ પુરુષમાં લોભાય છે. એટલે એ ગુણો એની પાસે છે તે કાંઈ જેવા તેવા નથી. પરંતુ એ ઉપરાંત એના કહેવા પ્રમાણે એ મનુષ્ય અત્યંત ધનાઢ્ય છે અને સંતાનહીન હોવાથી જે ધર્મ સર્વ ધર્મો કરતાં એને શ્રેષ્ઠ દેખાય તે ધર્મના લાભમાટે એ પોતાની અગાધ સંપત્તિ આપી દેવાનો છે. એટલામાટે એને આપણા ધર્મની શ્રેષ્ઠતા સિદ્ધ કરી બતાવીને શાક્તસદનના લાભાર્થે એની સંપત્તિ મેળવવી એ જ મારો એને મૂર્ખ બનાવવામાં મુખ્ય ઉદ્દેશ સમાયલો છે. હવે તો તારી શંકાનું સમાધાન થયું ને?" દયામયીએ કિંચિત્ હસિત મુદ્રાથી નિરસન કરીને કહ્યું.

"પરંતુ એનામાં ધનાઢ્યતાનાં લક્ષણો તો કાંઈ પણ નથી દેખાતાં. મેલાં કપડાં, ઠેઠ કરાચીથી પગે ચાલીને આવવું અને હાથે રાંધીને ખાવું, એ સર્વ ખાન્દાનીની નિશાનીઓ કહી શકાય કે?" સીતાએ બીજો સંશય બતાવ્યો.

"ખરેખરા ધનવાન્ પુરુષો એવા જ હોય છે. વળી એને આવાં જંગલોમાં પ્રવાસ કરવો પડતો હોવાથી જો આવો દેખાવ ન રાખે તો લૂટાઈ કે મરાઈ ન જાય કે? મૂરખી તે મૂરખી જ રહી! બાકી આજકાલના ભપકો કરીને ફરનારા જવાનિયાઓને તારે ધનવાન્ માનવા જ નહિ. તે બિચારાઓની તો 'બાયડીને બલોયું નહિ ને પબો કરે ઘોડાનાં સાટાં!' જેવો જ હિસાબ હોય છે. દરિદ્રી અને ધનવાનની કલ્પના કરતી વખતે 'ઠાલો ચણો વાગે ઘણો!' અને 'ભર્યું છલકાય નહિ!' એ કહેવતોને હમેશા યાદ રાખજે. હું તને બતાવી આપીશ કે એના ધનથી આપણે મોજ કરીએ છીએ કે નહિ! મારી આજ્ઞાનું પાલન કરવામા તારો પણ લાભ છે, સમજી કે?" દયામયીએ પોતાના અનુભવનું દર્શન કરાવીને સીતાની શંકાને શમાવી દીધી.

"આપની આજ્ઞા મને શિરસાવંદ્ય છે!" સીતાએ કહ્યું.

"ચિરાયુ ભવ!" દયામયીએ આશીર્વાદ આપ્યો.

તરત દયામયી સભાગૃહમાં ગઈ અને ત્યાં શાક્તસદનનાં સર્વ સ્ત્રી પુરુષ ઉપાસકોને તેણે જણાવ્યું કે;—"હું એક કાર્યમાટે હયદરાબાદ જવાની છું—આવતી કાલે હું જઇશ અને જ્યાં સૂધી હું પાછી ન આવું ત્યાં સુધી અહીંની સામયિક અધિષ્ઠાત્રી આપણી સીતા છે. માટે મારી આજ્ઞા પ્રમાણેજ તેની આજ્ઞાને માન આપજો અને તેનો પડ્યો બોલ ઉપાડી લેજો. આપણા નિયમોને તમો સર્વ સારી રીતે જાણતાં હોવાથી વધારે કહેવાની કે ભલામણ કરવાની આવશ્યકતા હોય એમ મારું ધારવું નથી."

"અમો સર્વ તેની આજ્ઞામાં રહીશું." સર્વજને અનુમતિ દર્શાવી.

ત્યાંથી દયામયી અતિથિના ઓરડામાં આવી, ચંદ્રશંકર વામકુક્ષી કરીને ઉઠી બેઠો હતો તેની પાસે બેઠી. અને પછી કહેવા લાગી;—"હું કાલે જરા બહાર જવાની છું અને દશ પંદર દિવસ ત્યાં રહેવાની છું; મારો બધો અધિકાર મેં સીતાને આપ્યો છે એટલે આપની યથાર્થ સેવા શુશ્રૂષા કરશે. આપની ઇચ્છા હોય ત્યાં સુધી અહીં રહેજો. આ સદન આપનું જ છે. મારા મત પ્રમાણે તો જો આપ મારા આવતાં સૂધી અહીં રહો તો મોટો ઉપકાર."

"બહુ સારું. પણ જેમ બને તેમ વહેલાં આવજો; કારણ કે, પંદર દિવસ કરતાં વધારે મારાથી રહી શકાય તેમ નથી." ચંદ્રશંકરે કહ્યું.

"મારાથી બનશે ત્યાં સૂધી તો પંદર દિવસની અંદર જ આવીશ; પણ કદાચિત્ પાંચ દિવસ વધારે થાય, તોપણ રોકાજો. મને મળ્યા વિના તો ન જ જશો!" દયામયીએ પુનઃ આગ્રહ કર્યો.

"તથાસ્તુ" ચંદ્રશંકરે બ્રાહ્મણત્વ બતાવ્યું.

શ્રીમતી દયામયીએ પોતાના ખાનગી ઓરડામાં જઇને પ્રવાસની તૈયારી કરવા માંડી. રાત વીતી ગઈ. બીજા દિવસના પ્રભાતકાળમાં જ એક ઉતાવળી ચાલની સાંઢણીપર સ્વારી કરીને દયામયી કરાચી તરફ જવાને રવાના થઈ ગઈ.

* * * *

શાક્તસદનનો સર્વ અધિકાર આજે સીતાના હાથમાં હતો. તેને કોઇનો ભય નહોતો—તે નિર્ભય હતી. તે કોઇની સાથે ગમે તે પ્રકારની વાતચીત કરે, તોપણ તેની ઉપર દેખરેખ રાખવાની કોઇની પણ સત્તા નહોતી. તે દયામયીને દ્વારપર્યન્ત વળાવી આવી. સર્વ તરફ દેખરેખ રાખી, પછી તે ચંદ્રશંકરના ઓરડામાં આવી અને કાંઇક આનંદ દર્શાવીને કહ્યું;—"ચાલો—અત્યારે તો પાપ ટળ્યું—અને શયતાનની માસી દૂર થઈ! આપણને હવે એકાંતમાં સંભાષણ કરવાની અને ભેદોનું અવલોકન કરવાની ઇચ્છા હશે, તો યોગ્ય પ્રસંગ મળી શકશે."

"પણ તમને એ બધો અધિકાર આપી ગઈ, એ જોઇને મને બહુ જ અજાયબી થાય છે!" ચંદ્રશંકરે આશ્ચર્ય દર્શાવ્યું.

"હમણાં હમણાં એનો મારાપર સારો વિશ્વાસ છે. તેનું જ આ પરિણામ છે. મને હમણાં ખુશામદ કરવાની અને રાત કહે તો રાત ને દિવસ કહે તો દિવસ કહેવાની વિદ્યા સારી આવડી ગઈ છે. દયામયી ખુશામદની ગુલામડી છે એટલે મને બધો અધિકાર થોડા વખતને માટે આપે એમાં નવાઈ નથી. એતો એકવાર એમ પણ બોલી

હતી કે, 'સીતા! મારા મરણ પછી આ શાક્તસદનની અધિષ્ઠાત્રી તું થાય એવી હું વ્યવસ્થા કરી જઇશ.' બોલો હવે આપને કાંઈ આશ્ચર્ય જેવું લાગે છે?" સીતાએ ખુલાસો કર્યો.

"ખુશામદ કરવી એ તો એક પાપ છે. તમે જાણી જોઇને એ પાપ કેમ કરો છો?" ચંદ્રશંકરે સીતાને પૂછ્યું.

"માનો કે ખુશામદ પાપ છે, પણ તે કનિષ્ઠ પ્રકારનું પાપ છે એ તો તમે પણ કબૂલ કરશો જ. મેં એ કનિષ્ઠ પાપનો એક મહા ઘોરતમ પાપની યાતનામાંથી છૂટવામાટે જ સ્વીકાર કરેલો છે. જો બે અસત્ય શબ્દોના ઉચ્ચારથી કોઇના પ્રાણની રક્ષા થતી હોય તો તે અસત્ય ભાષણ પાપ તરીકે મનાતું નથી. મારો આ ભેદ ધીમે ધીમે તમારા જાણવામાં આવશે." સીતાએ ઉત્તર આપ્યું.

એટલામાં એક દાસી ત્યાં ચાહ અને નાસ્તો લઇને આવી લાગી. આજના નાસ્તામાં ઇંડાં અને પાઉંને બદલે ઘીની પૂરી અને મુરબ્બો વગેરે વસ્તુઓને જોઇને ચંદ્રશંકરે પ્રશ્ન કર્યો;—"આજે આ નાસ્તાનો રંગ એકાએક બદલાઈ કેમ ગયો?"

દાસીને જવાની આજ્ઞા આપીને સીતાએ કહ્યું;—"હું પોતે પણ નિષિદ્ધ પદાર્થોના આહારને પસન્દ કરતી નથી; પણ લાચારીએ અહીં તેનું સેવન કરવું પડે છે. તમે એ વસ્તુઓ નથી ખાતા, એટલામાટે મેં અહીં આવતાં પહેલાં આ ચીજો બનાવવાની રાંધનારીને આજ્ઞા આપી હતી. આ વસ્તુઓ ખાવામાં તો તમને અડચણ નથી ને?"

"અડચણ હોય, તોપણ અત્યારે તો અડચણને દૂર જ મૂકી દેવી જોઇએ;" એમ કહીને ચંદ્રશંકરે નાસ્તો કર્યો અને ચાહ પણ પીધી.

"હવે બપોરે રાંધવાનો પ્રપંચ કરવાની પણ શી અગત્ય છે? તમારા માટે રસોઈ પણ તૈયાર આવી શકશે. અને આપણે સાથે જ જમીશું." સીતાએ કહ્યું.

"ભલે-જેવી તમારી ઇચ્છા. આપણી હવે—મારી ના નથી!" ચંદ્રશંકરે અનુમોદન આપ્યું.

"અતિથિરાજ! તમે અમારાં અધિષ્ઠાત્રીબાઈ આગળ તો ધર્માત્મા જ રહ્યા અને બીજાના હાથની રસોઇનો અસ્વીકાર કર્યો પણ મારા આગળ જરા પણ આનાકાની ન કરતાં તરત મારી સાથે જમવાની હા પાડી એનું કારણ?" સીતાએ અચાનક વિડંબનામાં નાખનારો સવાલ પૂછ્યો.

"એટલું તમારાં અધિષ્ઠાત્રી કરતાં તમારું આકર્ષણ અધિક છે, એ જ તમારે એનું કારણ ધારી લેવાનું છે!" ચંદ્રશંકરે ધૂર્તતામય ઉત્તર આપ્યું.

"આ તો મને ફૂલાવવાની અને છાપરે ચઢાવીને ઉડાવવાની જ વાત તમે કરો છો; એનું ખરું કારણ મારા ધારવા પ્રમાણે તો કોઈ બીજું જ હોવું જોઇએ !" ચાલાક સીતાએ વાદ ઉપસ્થિત કર્યો.

"તમારો જો એવો જ નિશ્ચય હોય તો તેમ; પણ તે કારણમાં મારો જે ભેદ સમાયલો છે, તે હું અત્યારે તમને જણાવી શકતો નથી. વખત આવતાં તે ભેદ આપોઆપ તમારા જાણવામાં આવશે." ચંદ્રશંકરે સત્ય જણાવ્યું.

"ઠીક બોલ્યા!"

"પણ સીતા! તમે જે પોતાની કર્મકથા સંભળાવવાનાં હતાં તે તો સંભળાવો." ચંદ્રશંકરે સ્મરણ કરાવ્યું.

સીતાએ પોતાની કર્મકથા કહી સંભળાવી. તે લાલચંદમાં આસક્ત થઇને માતાપિતાથી વિખૂટી પડી, ત્યાર પછી દુઃખી થઈ, લાલચંદ લુચ્ચો નીકળ્યો અને તેની પાછળ નદીમાં કૂદી તણાઇને તે શાકતોના હાથમાં સપડાઈ અને અંતે દુર્ભાગ્યે તેને શાક્તસદનની ઉપાસક બનાવી ઇત્યાદિ પોતાની કથા તેણે અશ્રુભરિત નેત્રોથી કહી, કે જે વાંચકોના જાણવામાં હોવાથી તેનો વિશેષ વિસ્તાર કરવાની અગત્ય નથી. ચંદ્રશંકરના હૃદયમાં તેની દુઃખમયી કથા સાંભળીને બહુ શોક થયો, છતાં તેને આશ્વાસન આપતો તે કહેવા લાગ્યો કે;–

"સીતા! મનુષ્યના ભાગ્યમાં જે લખાયલું હોય છે, તે કદાપિ ટળતું નથી. વિધિના લેખ કદાપિ મિથ્યા થતા નથી. જે બનવાનું હતું તે બધું બની ગયું, એટલે એ વિશે હવે શોક કરવો વૃથા છે. આમાં તમે પોતે જાણી જોઇને એક પણ પાપકર્મ કર્યું નથી, એટલામાટે મારા વિચાર પ્રમાણે તો તમે નિરપરાધી અને પવિત્રજ છો. જો મારાથી બની શકશે, તોભવિષ્યમાં હું તમને સુખી કરવાનો પ્રયત્ન કરીશ." ચંદ્રશંકરે આશ્વાસનદાયક અને આશાજનક વાકયો માયાળુતાથી ઉચ્ચાર્યાં.

"સજ્જન સુહૃદ્! હવે મને સુખી કરવાની ઈશ્વરમાં પણ શક્તિ નથી, તો પછી તમે તો મારા જેવા એક મનુષ્ય પ્રાણી જ છો. મારા સુખની વાતને જવા દો. હું દુઃખમાં જ પોષાઈ છું અને દુઃખમાં જ મરીશ; ભ્રષ્ટ થઈ છું અને ભ્રષ્ટતામાં જ પ્રાણ ત્યજીશ!" સીતાએ નિઃશ્વાસ નાખીને કહ્યું.

"નહિ નહિ, તમે ભ્રષ્ટ નથી. કારણ કે જે પોતાની ઇચ્છાથી ભ્રષ્ટ થાય છે, તે જ ભ્રષ્ટ કહેવાય છે. છતાં તમે પોતાને ભ્રષ્ટ થયેલાં જ માનતાં હો, તોપણ એ ભ્રષ્ટતાનો દાગ નીકળી શકે એમ છે; વેશ્યાઓએ પણ મુક્તિ મેળવી છે, તો શું તમારી સદ્ગતિ નહિ થાય? હવે પછી પણ પવિત્રતા ધારણ કરો અને પ્રભુભજનમાં આયુષ્ય વીતાડો, તો સર્વ શુભ થશે!" ચંદ્રશંકરે સદ્બોધ આપ્યો.

"આ યમસદનમાં તો પવિત્રતા ધારણ કરી શકાય તેમ નથી! ચાંડાલોના ગૃહમાં પણ પવિત્રતા હશે, તેમ જ વેશ્યાઓના વેશ્મમાં પણ પવિત્રતા ભરપૂર છે, પણ આ શાક્તસદનથી પવિત્રતા સો યોજન દૂર છે! પ્રભુભજન કરવામાં મારો સ્વાભાવિક સ્નેહ નથી. જો લાલચંદ–દુષ્ટ લાલચંદે મને દગો ન દીધો હોત, તો આજે મારી આવી દુર્દશા ન થાત! મારી પતિસેવા કરીને સતી નામથી પ્રખ્યાત થવાની પરમ ઇચ્છા હતી, પણ તે ઇચ્છા અફળ થઈ અને આજે હું વ્યભિચારિણી વેશ્યા નામ ધારણ કરવાને યોગ્ય થઈ છું! નદીમાં પડીને હું મરી ન ગઈ અને જીવતી રહી એ જ મારું દુર્ભાગ્ય છે!" એ પ્રમાણે શોક કરતી અને પશ્ચાત્તાપ કરતી તે મૂર્ચ્છાગત થઈ અને ધરણીપર ઢળી પડી. મૂર્ચ્છામાં તેને એવો ભાસ થયો કે, જાણે તે એક દેવ કે દેવસ્વરૂપ પુરુષના ખોળામાં માથું મૂકીને સૂતી છે અને ગરમી વધારે હોવાથી તે દેવપુરુષ તેને પંખાવતી હવા નાખ્યા કરે છે–પાસે જ જળપાત્ર લઇને એક દાસી ઉભેલી છે અને તે જળપાત્રમાંનું જળ પોતાની અંજલિમાં લઇને દેવનર તેનાં મુખ તથા નેત્રોપર જલસિંચન

પણ કરે છે. થોડીવાર પછી મૂર્છામાંથી જાગૃત થઇને સીતાએ જોયું તો તેનું માથું ચંદ્રશંકરના ખોળામાં હતું, તે એક હાથમાં પંખો લઇને પવન નાખતો હતો અને દાસીના હાથમાંના જળપાત્રમાંથી જળ લઇને બીજા હાથવતી તેના મુખપર છાંટતો હતો. સીતા જાગૃત તો થઈ, પણ ઉન્માદમાં હતી. ઉન્માદમાં જ તેણે ચંદ્રશંકરને પૂછ્યું;–"શું–તમે દેવ છો?"

"નહિ–હું મનુષ્ય છું."

"સ્ત્રી છો કે પુરુષ છો?"

"પુરુષ છું."

"પુરુષ હો તો પ્રકૃતિને સાથે રાખો–અને તમારો સ્ત્રીનો અવતાર હોય, તો અહીંથી પલાયન કરી જાઓ; કારણ કે;–

"અહીં છે રાક્ષસોની રાજધાની,
રહ્યાં તલસી પીવાને લોહી ખંજર!"

એ પ્રમાણે બોલતી તે પાછી બેહોશ થઈ ગઈ અને તેથી શાક્તસદનમાં એકાએક ગભરાટ ફેલાઈ ગયો.

પ્રકરણ ૪૩ મું

"થાય તેવા થઇએ તો ગામ વચ્ચે રહીએ!"

આલમચન્દ અને યશોદાને કાશીથી આવ્યાને ત્રણ ચાર દિવસ થઈ ગયા હતા. ગામમાં હજી તેમના આવવાની કોઇને ખબર પડી નહોતી. વૃન્દાએ તેમને પોતાના ગૃહમાં જ ગુપ્ત રાખેલાં હતાં. મહાત્મા ગોપાળદાસ નિત્ય એકવાર આવતો હોવા છતાં પણ આલમચન્દના આગમનની વાર્તાથી સર્વથા અજ્ઞાત હતો. દીવાન આલમચન્દના નોકરો પણ પોતાનાં શેઠ શેઠાણી હયદરાબાદમાં છે એમ જાણતા નહોતા.

બપોરનો વખત હતો. એક ખાનગી ઓરડામાં દીવાન આલમચન્દ, યશોદા અને વૃન્દા જમ્યા પછી બેઠાં હતાં. સિંધના રિવાજ પ્રમાણે દીવાન સાહેબ હુક્કો ગગડાવતા હતા. બન્ને અબળાઓ તાંબૂલભક્ષણથી જ મુખશુદ્ધિની ક્રિયા કરી રહી હતી. હુક્કાનો દમ લગાવી ધુમાડાનો ગોટ કાઢતાં કાઢતાં આલમચન્દે કહ્યું;–"શ્રીમતી! અમને અહીં ગુપ્ત રાખવામાં આપનો શો ઉદ્દેશ છે તે અદ્યાપિ અમે સમજી શક્યાં નથી. સ્ટેશન ઉપરથી આપ અમને પરબારાં અહીં લાવ્યાં છો ત્યારથી ઘરની બહાર પણ નીકળવા દીધાં નથી અને અમે હવે મુંઝાયા કરીએ છીએ."

"ખરેખર બહેન! ઘેર જવાની મારા મનમાં પણ બહુ જ ઇચ્છા થયા કરે છે. હયદરાબાદમાં આવ્યા છતાં અમારાથી પોતાને ઘેર પણ જઈ શકાતું નથી એ અમારાં કેવાં પ્રબળ દુર્ભાગ્ય!" યશોદાએ ઉદ્ગાર કાઢ્યો.

"ધીરાં–બાપુ! ધીરાં થાઓ. આમ ઉતાવળે આંબા પાકવાના નથી. જે કાર્યમાટે આપ બન્ને જણ ખાસ અહીં આવ્યાં છો, તે કાર્ય જો આપ અત્યારે છતાં થશો તો ઘડીના છઠ્ઠા ભાગમાં જ ઊંધું વળી જશે. આપણું કાર્ય સિદ્ધ થઈ જાય, ત્યાર

પછી જોઇએ તો દરરોજ ગાડીમાં બેસીને હયદરાબાદમાં દિવસમાં દશવાર ચક્કર માર્યા કરજોને, કોઈ હાથ પકડનાર નથી!" વૃન્દાએ આશ્વાસન આપ્યું.

"પણ હજી તો કાંઈ કાર્યસિદ્ધિનાં વિશેષ લક્ષણો દેખાતાં નથી. મહાત્મા તો રોજ આવે છે અને ચાલ્યો જાય છે; પણ અમારા વિશેની કાંઈ વાતચીત આપ વચ્ચે થતી અમારા સાંભળવામાં આવી નથી!" યશોદાએ શંકા કરી.

"અને હજી પણ છેક છેલ્લી ઘડી સુધી આપના વિશેની ખાસ વાતચીત આપના સાંભળવામાં નહિ આવે, પણ એથી આપે નિરાશ થવાનું નથી." વૃન્દાએ કહ્યું.

"એમ કેમ? શું કાંઈ વાત કર્યા વિના મહાત્મા પોતાની મેળે જ અમારી મત્તા આપી દેશે કે? માગ્યા વિના તો મા પણ પીરસતી નથી, તો એ પારકીમાનો જણ્યો ગાંઠમાં આવેલું ગોપીચંદન કેમ છોડશે એ હું સમજી શકતો નથી." આલમચન્દે પણ વળી સંશય બતાવ્યો.

"માગ્યા વિના મા પણ પીરસતી નથી અને બોલે તેના જ બોર વેચાય છે, એ જો કે જગત્નો સર્વવ્યાપક નિયમ છે, છતાં પ્રત્યેક નિયમનો જેવી રીતે અવશ્ય એક અપવાદ હોય છે તેવી રીતે અહીં પણ એ નિયમના અપવાદની અદ્‌ભુતતા જ તમારા જોવામાં આવશે. મહાત્મા ગોપાળદાસ પોતે પોતાના હાથે રાજી ખુશી અને ક્ષમાની યાચના કરીને તમારી સંપત્તિ તમને પાછી આપે, તો જ વૃન્દાની બુદ્ધિ અલૌકિક કહેવાય. "સર્પ પણ મરશે અને લાકડી પણ નહિ ટૂટે." વૃન્દાએ માર્મિકતાથી કહ્યું.

"જેવી તમારી ઇચ્છા. અત્યારે તો અમારી અવસ્થા ભર દરિયે ડૂબવાની તૈયારીમાં હોય એવી નૌકામાંના માણસ જેવી જ થઈ પડી છે. અને તમે એક પાટિયા જેવાં છો. અત્યારે તો અમારી ઇચ્છા હોય કે ન હોય, તોપણ ઘસડાતું પાટિયું જ્યાં ઘસડી જાય ત્યાં અમારે જવું જ જોઇએ. "ઈશ્વરેચ્છા બલીયસી!" યશોદા બોલી.

"બહેન! તમારો પણ મારા વચનમાં વિશ્વાસ બંધાતો નથી કે? તમારા મનમાં પણ મારા વિશે સંશય ઉત્પન્ન થાય છે કે? મારામાં વિશ્વાસ રાખો એટલે ઈશ્વર સર્વ સારાં વાનાં કરશે." વૃન્દાએ કાંઇક ભગ્ન હૃદયથી કહ્યું.

"બહેન! અમારા આવા બોલવાથી તમે ક્રોધ ન કરશો. તમને ગમે તેમ કરો. અમારી સ્થિતિ ગાંડા માણસ જેવી થઈ ગયેલી હોવાથી અમારા બોલવાચાલવાનું આજકાલ ઠેકાણું જ રહ્યું નથી. જેનું ધન જાય છે તેનું ઇમાન પણ ચાલ્યું જાય છે. અમને ક્ષમા કરજો!" યશોદાએ ક્ષમાની યાચના કરી.

"ચિન્તા નહિ. મારામાં વિશ્વાસ રાખી હું કહું તેટલા દિવસ આ ગુપ્તનિવાસમાં રહો. આજે મહાત્મા પધારવાનો છે. તેને આ ઓરડામાં બેસાડીને જ હું તેની સાથે કેટલીક વાતચીત કરવાની છું, તમે બન્ને જણ પાસેના ઓરડામાં બેસીને અમારી વાતચીત સાંભળજો. એથી ભવિષ્યમાં આવનારા પરિણામની તમે કાંઇક મંદ કલ્પના કરી શકશો." વૃન્દાએ કહ્યું.

"જેવી ઇચ્છા!" યશોદાએ અનુમતિ આપી.

એ જ સમયે એક અનુચરે આવીને મહાત્માના પધારવાની ખબર આપી. યશોદા અને આલમચન્દ બીજા ઓરડામાં ચાલ્યાં ગયાં. અલ્પ સમયમાં જ મહાત્મા

ગોપાળદાસની પધરામણી થઈ! પરંતુ આજે મહાત્મા એકલા ન હોતા, કિન્તુ એક શૃંગારમંડિત સ્ત્રીને સાથે લઈને આવ્યા હતા.

"પધારો–પધારો શ્રીમતી દયામયી! આજે તો કાંઈ આપે કૃપા કરી? મેં તો એમ સાંભળ્યું હતું કે, આપ તો પોતાની જન્મભૂમિમાં ચાલ્યાં ગયાં છો અને પાછાં અહીં આવવાનાં જ નથી! પરંતુ અચાનક આપને અત્યારે અહીં જોઈને મને તો જાણે અમાવસ્યાની રાત્રિમાં પૂર્ણ ચંદ્રનો ઉદય થયો હોયની એવો જ ભાસ થાય છે. હયદરાબાદની ભૂમિને પાવન કરવાનું કાંઈ કારણ?" વૃન્દાએ બહુ જ ભાવપૂર્વક વિવેક દર્શાવીને કહ્યું.

"અહીંની ઘણીક ભાવિક સ્ત્રીઓનો મહાત્માશ્રીને મને એકવાર અહિં બોલાવવા-માટેનો આગ્રહ થવાથી મહાત્માએ મને આવવાનું લખ્યું અને હું આવી. શ્રીમતી વૃન્દા! તમારા દર્શનમાટે પણ મારું મન ઘણા દિવસથી તલપી રહ્યું હતું. ચાલો–જીવતાં જીવત એકવાર આપણે પાછાં મળ્યાં તો ખરાં. તમારી પ્રકૃતિ તો ઠીક છેને?" દયામયીએ વિવેકથી એ વાકયો ઉચ્ચાર્યાં.

"શ્રીકૃષ્ણ ભગવાનની અને આપ જેવી સાધ્વી સુંદરીઓની કૃપાથી સર્વ કુશળ છે! મારો પણ આપને મળવાનો અત્યંત ભાવ હતો અને તે ભાવને આજે પૂર્ણ થએલો જોઈ મારા મનમાંનો આનંદ ઉભરાઈ જાય છે. મારે એક પરોપકારનું કૃત્ય કરવાનું છે, અને તે આપના આગમનથી થઈ શકશે એવી મારી ધારણા છે." વૃન્દાએ મર્મથી જણાવ્યું.

"તમારા જેવી એક પરમ વૈષ્ણવીના કાર્યમાં હું સહાયતા કરી શકું એવું મારું ભાગ્ય કયાંથી હોય? છતાં તમે મને જે માન આપો છો તેમાટે હું તમારો આભાર માનું છું અને આનંદથી તમારી સેવા કરવાને તૈયાર છું." દયામયીએ મર્મને ન સમજીને સરળતાથી કહ્યું.

"એમનું નામ દયામયી છે અને પરોપકારમાટે પ્રાણાર્પણ, એ તો એમનો નિત્ય સ્વભાવ છે!" મહાત્માએ પોતાની માનવંતી સાળીની પ્રશંસા કરી.

"મહાત્માનાં સાળી તો મહાત્મા જેવાં જ હોવાં જોઈએ!" વૃન્દાએ અત્યંત ગંભીર અને માર્મિક કટાક્ષ કર્યો.

"ખરેખર મારી ઉપર મહાત્માનો જે આટલો બધો અનુગ્રહ છે તેનો જ આ સર્વ પ્રતાપ છે," દયામયી બોલી.

"હં–પણ શ્રીમતી દયામયી! મારા જેવાં વિધવા હોવા છતાં આજે આપે આ સૌભાગ્યવતી સુંદરી સમાન શૃંગાર સજ્યો છે અને પોતાના સ્વરૂપને મનોહર બનાવ્યું છે એનું કંઈ કારણ?" ધીમે ધીમે આગળ વધીને વૃન્દાએ એક ભયંકર પ્રશ્ન રજૂ કર્યો.

દયામયીથી એનું તત્કાળ ઉત્તર આપી ન શકાયું. તે વિચારમાં પડી ગઈ. અને થોડીવાર સ્તબ્ધ થઈ ગઈ. અંતે મુખના વિચિત્ર હાવભાવથી તે કહેવા લાગી કે:–"શ્રીમતી વૃન્દા! આપના આ પ્રશ્નને સાંભળતાંની સાથે જ આશ્ચર્યથી હું તો દિગ્મૂઢ બની ગઈ છું. મારામાં એનું સમર્પક ઉત્તર આપવાની શક્તિ નથી, એ કાંઈ મારી સ્તબ્ધતાનું કારણ નથી; કિન્તુ વૈષ્ણવધર્મના ગુપ્ત રહસ્યને જાણનારી આપ જેવી એક વૈષ્ણવીએ

આ પ્રશ્ન કેમ અને શા કારણથી પૂછયો હશે, એનું જ મને તો રહી રહીને આશ્ચર્ય થયા કરે છે! આપણા વૈષ્ણવ ધર્મ પ્રમાણે છેલ છબીલો શ્રી નટવરલાલ કુંજવિહારી શ્રી કૃષ્ણ જ આપણો પતિ હોવાથી અને તે અજરામર તથા શાશ્વત હોવાથી, આ ભવના ક્ષણભંગુર દેહધારી પુરુષ પતિના મરણથી આપણા સૌભાગ્યનો કદાપિ નાશ થતો નથી! આપણું સૌભાગ્ય શાશ્વત અને અવિચલ છે! ખરી રીતે લોકોએ આપણને 'સદા સૌભાગ્યવતી'ના નામથી જ ઓળખવી જોઈએ."

દયામયીએ તત્ત્વાનુસાર અર્થ કરીને અંતમાં 'સદા સૌભાગ્યવતી' શબ્દનો ઉચ્ચાર કરીને છબરડો વાળી નાખ્યો. વૃન્દાએ મંદ હાસ્ય કર્યું. 'સદા સૌભાગ્યવતી' વેશ્યાને કહે છે એ તે સારી રીતે જાણતી હતી. તે મનમાં કહેવા લાગી: "ખરેખર આજકાલની કેટલીક વૈષ્ણવડીઓ અથવા તો પ્રેમલીઓ "સદા સૌભાગ્યવતીઓ" કરતાં પણ અધમ છે એમાં લેશ માત્ર પણ સંશય નથી."

પુનઃ તેણે દયામયીને કહ્યું; "ત્યારે આજથી મારી ભૂલને સુધારીને હું આપને "સદા સૌભાગ્યવતી" કહીને જ બોલાવીશ!"

"મોટો ઉપકાર. પણ એ સાથે મારો તમને એ પણ ઉપદેશ છે કે, તમે પોતે પણ આજથી સૌભાગ્યવતીના શૃંગારોને ધારણ કરવાનો આરંભ કરો!" દયામયીએ ઉત્તમ ઉપદેશ આપ્યો.

"હું લોકનિન્દાના ભયથી જ એ માર્ગનો સ્વીકાર નથી કરતી; બાકી મને હરકત જરાએ નથી." વૃન્દાએ અડચણ બતાવી.

"બસ—એ લોકનિન્દાની ભીતિ અને અંધ રૂઢિએ જ આપણા દેશની ઉન્નતિને આગળ વધતી અટકાવી દીધી છે. જ્યારે લોકોને બચાવનો બીજો માર્ગ નથી મળી શકતો, ત્યારે 'यद्यपि शुद्धं लोकविरुद्धं नाकरणीयं नाचरणीयम्' કહીને પોતાના અભિપ્રાયને પુષ્ટિ આપે છે. પણ એ બધા ખોટા બચાવ છે. જ્યાંસુધી આપણા લોકો રૂઢિના બંધનને તોડી નાખીને નિરંકુશતા અને સ્વચ્છંદતાથી નહિ વર્તે, ત્યાંસુધી આપણા દેશ અને સમાજની ઉન્નતિની આશા જ નથી!" દયામયીએ ઉસ્કેરાઈ જઇને અત્યંત વિસંગત ઉદ્ગાર કાઢયા.

દયામયીને મૂર્ખ અને ઉન્મત્ત જાણીને વૃન્દાએ એ વિષયમાં વધારે બોલવાનું યોગ્ય ન ધાર્યું અને તે માટે વિષયાંતર કરવાના ઉદ્દેશથી તે એકાએક ચમકીને કહેવા લાગી:—"પણ શ્રીમતી! આ વાતોમાંને વાતોમાં આપનો યોગ્ય આદર સત્કાર કરવાના મારા કર્તવ્યને તો હું ભૂલી જ ગઈ. જરા બેસજો. હું આ આવી." એમ કહીને વૃન્દા ત્યાંથી ઉઠીને પાસેના ઓરડામાં ચાલી ગઈ.

"બિચારી બહુ ભોળી છે, હંકે!" દયામયીએ એકાંત જાણી મહાત્માને ધીમા સ્વરથી પોતાનો વૃન્દા વિષયક અભિપ્રાય દર્શાવ્યો.

"ભોળી ન હોય તો આમ આપણા જાળમાં સપડાય પણ ખરી? આવાં ભોળાં માણસોની સંખ્યા હિંદુસ્તાનમાં વધારે હોવાથી જ આપણા જેવાઓ ફાવી જાય છે. જો બધાં માણસો ચાલાક હોય, તો આપણો તો દુકાળીઆનો જ અવતાર થઈ જાય, સમજી?" મહાત્માએ પણ ટાપસી પૂરી.

"પણ આ બધો વૈભવ આપણા હાથમાં કયારે આવવાનો છે? આ હવેલીમાં વૈભવવિલાસ ભોગવવામાટે મારું મન અત્યંત આતુર બની ગયું છે!" દયામયીએ અધીરતા દર્શાવી.

"હવે આ વૈભવ જે વખત જાય છે તેમાં આપણા હાથમાં આવવાની તૈયારીમાં જ છે. જે દિવસે આ સંપત્તિનું સ્વામિત્વ આપણું થાય, તે જ દિવસે તારી સાથે વિલાસ કરવાની ઇચ્છાથી તો ખાસ મેં તને અહીં બોલાવી છે. માટે આતુર અને અધીર બનવાની કશી પણ અગત્ય નથી." એ પ્રમાણે બોલતાં મહાત્માએ દયામયીના અધરામૃતનું કર્યું.

શ્રીમતી વૃન્દા પાછી આવી. પણ આ વેળાએ તે એકલી ન હોતી. તેની સાથે એક પુરુષ હતો અને તે બીજો કોઈ નહિ પણ આપણો પરિચિત તરુણ મોહનલાલ હતો. મોહનલાલને વૃન્દાએ કહ્યું; "જુઓ—હું આવી મોહનમાળા અને બંગડીઓ મારી રોહિણીમાટે બનાવવાનું કહેતી હતી."

"જરા ઉતારીને એ મને બતાવશો?" મોહનલાલે કહ્યું.

"દયામયી! તમારી આ મોહનમાળા અને આ મોતીની બંગડીઓ જરાક ઉતારી આપશો. એ નમૂનાનાં ઘરેણાં મારે મારી રોહિણીમાટે બનાવવાનાં છે!" વૃન્દાએ દયામયીને પ્રાર્થના કરી.

"શ્રીમતી! ઉતારી આપો!" મહાત્માએ પોતાની સાળીને કહ્યું.

દયામયીએ કાંઈ પણ ન બોલતાં ગળામાંથી મોહનમાળા અને હાથમાંથી મોતીની બંગડીઓ ઉતારી આપી. તે વસ્તુઓ હાથમાં લઈ તપાસીને મોહનલાલે કહ્યું; "આ ચીજો બે ચાર દિવસ પછી આપને મળે તો કશી હરકત છે? સોનીને નમૂનામાટે આ ચીજો દેખાડવી પડશે ત્યારે જ તે ઘાટ ઘડી શકશે!"

"કાંઈ ચિન્તા નહિ. જોઇએ તો આઠ દિવસ રાખોને. પણ બંગડીઓમાંના મોતી છૂટી ન જાય એની સંભાળ રાખજો. આ ચીજો પાછી સંભાળીને શ્રીમતી વૃન્દાને જ આપજો એટલે હું એમની પાસેથી લઇશ." દયામયીએ આંતરિક ઇચ્છા ન હોવા છતાં બાહ્ય ઉદારતા અને વિવેક બતાવીને કહ્યું.

એ પછી આમ તેમની બીજી કેટલીક વાતચીત ચાલી એટલે થોડા વખતમાં જ બે દાસીઓ એક થાળમાં ચાંદીના દૂધથી ભરેલા વાટકા લઇને આવી. વૃન્દાએ પોતે પ્રથમ એક વાટકો ઉપાડીને મહાત્માને આપ્યો, બીજો વાટકો દયામયીને અને ત્રીજો મોહનલાલને આપ્યો. ચોથો વાટકો પોતે લઇને તે મહાત્માને સંબોધીને બોલી કે:— "મહાત્માજી! અરે ભૂલી; મારા વ્હાલા દીયરજી! આપને આવું કેસરિયા દૂધ બહુ વ્હાલું હોવાથી તે દિવસે આપને સમાધિમાં પાયું હતું તેવું જ દૂધ ખાસ તૈયાર કરાવ્યું છે, માટે કૃપા કરીને આરોગો."

"મોટી વહૂ! તમારી આ ભક્તિને જોઇને મારું ચિત્ત અતિશય પ્રસન્ન થાય છે—શ્રીકૃષ્ણ તમારી સર્વ આશાઓ પૂર્ણ કરો અને તમારો ગોલોકમાં નિવાસ થાઓ!" એમ કહેતાંની સાથે જ મહાત્મા દૂધ ગટગટાવી ગયા.

"પણ શ્રીમતી! આપના વાટકામાંનું દૂધ તો સાદું હોય એમ દેખાય છે. આ પંક્તિપ્રપંચ શામાટે?" તીવ્રદૃષ્ટિ દયામયીએ વૃન્દાના વાટકામાંના દૂધનું અવલોકન કરીને કહ્યું.

"શ્રીમતી! મારા વાટકામાં ખરી રીતે સાદું દૂધ પણ નથી; એ તો કોકો છે. મને એકલું દૂધ પચતું ન હોવાથી હું હમેશા કોકો જ લઉં છું." વૃન્દાએ ખુલાસો કર્યો.

વૃન્દાએ જો કે એ સંતોષકારક ઉત્તર આપ્યું, પણ તેનો કેસરિયા દૂધ ન પીવાનો મૂળ ઉદ્દેશ જૂદો જ હતો. જ્યારથી તે કલકત્તામાં વિધવા સરલાદેવીના આચાર વિચારને જોઈ આવી હતી, ત્યારથી તેણે કઠિન વૈધવ્યવ્રત પાળવાનો નિશ્ચય કરેલો હોવાથી, સહસા કામોદ્દીપક અને સ્વાદિષ્ટ ભોજ્ય તથા પેય પદાર્થોનું તે સેવન કરતી ન હોતી.

દૂધ પીવાના કાર્યની સમાપ્તિ થઈ અને તાંબૂલસેવન પછી મંડળ વિખેરાયું મહાત્મા અને દયામયી ગાડીમાંબેસીને ત્યાંથી હયદરાબાદ જવાને રવાના થયાં. તેમના જવા પછી વૃન્દાએ મોહનલાલને મહાત્માનાં બધાં કાવત્રાંની વાત કહી સંભળાવી અને તેને પોતાના વિશ્વાસમાં લઈ લીધો. એ બધી વાતો સાંભળીને મોહનલાલે આશ્ચર્યચકિત થઇને કહ્યું;—

"શ્રીમતી! ક્ષમા કરજો. આ મહાત્મા અને એના જેવા જ આજ કાલના સાધુડાઓ વિશે અમો અંગ્રેજી ભણેલાઓનો તિરસ્કાર હોવાથી આપના ગૃહમાં આ નામધારી મહાત્માને આવતો જોઈને બે ચારવાર મારા મનમાં આપના વર્તનની શુદ્ધતા વિષે કુશંકા આવતી હતી. પરંતુ આજે આપના આ ખુલાસાથી તે શંકાનો નાશ થયો છે અને આપના પવિત્ર ઉદ્દેશમાટે આપને ધન્યવાદ આપ્યા વિના મારાથી રહી શકાતું નથી."

"એ વાતોને અત્યારે જવા દ્યો. પંદરેક દિવસમાં જ આપણે બધું નાટક ભજવવાનું છે એટલે તે દિવસે હું કહું તે પ્રમાણે વર્તજો. અત્યારે આ વાત કોઇને પણ જણાવશો નહિ." વૃન્દાએ વાતને ટુંકી કરી નાખી.

"પરન્તુ અત્યારે હું આપ પાસે માત્ર જવાની રજા લેવા આવ્યો છું. કરાચીમાં એક અંગ્રેજી–સિંધી વર્તમાનપત્ર નીકળે છે, તેનો જૂનો તંત્રી પરલોકવાસી થએલો હોવાથી મારી તે જગ્યાએ માગણી કરવામાં આવી છે. ગવર્નમેન્ટ સર્વિસ કરતાં જો કે પગાર ઓછો છે, છતાં વર્તમાનપત્રનો વ્યવસાય દેશસેવાનો હોવાથી હું એ વ્યવસાયને વધારે પસંદ કરું છું અને એટલામાટે એ નોકરીનો મેં સ્વીકાર કર્યો છે. મારે આવતી કાલે કરાચી જવાનું હોવાથી તે દિવસે મારાથી કેમ કરીને હાજર રહી શકાશે?" મોહનલાલે વાંધો બતાવ્યો.

"ભલે ત્યારે વિજય કરો. વર્તમાનપત્રથી પણ આપણને એક લાભ થશે જ. વળી તમે પોતે તંત્રી હોવાથી આપણે જે ઈચ્છીશું તે કરી શકીશું. પણ હું તાર કરું તે વેળાએ એક બે દિવસનેમાટે તો તમારે અહીં આવવું જ પડશે. એ માટેનું વચન આપી જાઓ." વૃન્દાએ કહ્યું.

"હું અવશ્ય આવીશ." મોહનલાલે અનુમતિ આપી.

"હું–પણ આ મોહનમાળા અને બંગડીઓ તમે હાલ તરત તમારી પાસે જ રાખજો. મહાત્માને કે દયામયીને એ ચીજો અત્યારે પાછી આપવાની નથી. યોગ્ય સમયે એ વસ્તુઓ તેના ખરા માલેકને જ આપવામાં આવશે." વૃન્દાએ સૂચના આપી.

"જેવી આજ્ઞા." એમ કહી **મોહનલાલ ત્યાંથી** ઉઠયો અને નીચે **રોહિણીને** મળીને ચાલ્યો ગયો.

વૃન્દાએ આલમચંદ અને **યશોદાને** ઓરડામાંથી પાછાં બોલાવ્યાં અને કહ્યું "શું જોયું અને શું સાંભળ્યું?"

"મહાત્માની સાળી મારા દાગીના પહેરીને આવી હતી તે જોયું અને તમારી વાતો સાંભળી." **યશોદાએ** કહ્યું.

"એ કુલટાને અહીં આવેલી જોઇને મારો ઉત્સાહ બમણો વધ્યો છે. હવે જોજો કે શું થાય છે." **વૃન્દાએ** કહ્યું.

"અમારા હૃદયમાં પણ હવે કાંઈક આશાનો ઉદ્ભવ થાય છે. **આલમચંદે** પુલકિત વદનથી કહ્યું.

પ્રકરણ ૪૪ મું

"સિંધ જર્નલ"નો નવીન તંત્રી

"રાજદ્વારી વિષયોનું વિશેષ વિજ્ઞાન થાય,
સમાચાર સમજાય દેશ ને વિદેશના;
ભિન્નભિન્ન દેશોની વિવિધ રીતિને જણાવે,
ન્યાય છે પવિત્ર કેવા ભૂમિમાં નરેશના;
નિત્ય નવીન આદેશ ઉપદેશના લખીને,
નિન્દે તેને જેહ નર પાખંડના વેશના;
રાજાએ પ્રજાને કેમ પાળવી વિચાર કરી,
સહે શોક આશ્રિત મનુષ્ય જેથી લેશ ના.
પિતા પેઠે પ્રેમ પ્રજાપતિ પ્રતિ રાખવાને,
પ્રજાને હમેશ બેશ ઉપદેશ આપે છે;
લાભ એવી રીતિ રાખે કેટલા સંસારમાંહીં,
પ્રાચીન દૃષ્ટાંત આપી શંકારાશિ કાપે છે;
અધિકારી થાય કદા અનાચારી ભારી તેને,
વેગથી વગોવી વાત નૃપ–મને વ્યાપે છે;
એથી દેશને વિશેષ ફાયદા જણાય ભાઈ!
વર્તમાનપત્ર વાંચ! મોદને તે સ્થાપે છે!"

આપણી વાર્તાના સમયમાં સિંધમાં વિદ્યાવિષયક કેટલીક સુધારણાઓ થઈ ચૂકી હતી અને તેના પરિણામે સિંધનાં કરાચી, હયદરાબાદ તથા સક્કર અને શિકારપુર આદિ નગરોમાં સિંધી અને અંગ્રેજી ભાષામાં કેટલાંક વર્તમાનપત્રો તથા માસિક પુસ્તકો પ્રકટ થવા માંડ્યાં હતાં. સિંધુ દેશમાં પ્રકટ થતાં વર્તમાનપત્રો તથા માસિ-

કોની સંખ્યા લગભગ પચાસ પંચાવનની હોવા છતાં કરાચીનું અંગ્રેજી અને સિંધી ભાષામાં બહાર પડતું 'સિંધ જર્નલ' તથા હૈદરાબાદનું 'પ્રભાત' એ બે વર્તમાનપત્રો વધારે વખણાતાં હતાં. તેમની પ્રતિષ્ઠા પ્રજામાં તેમ જ સરકારી ખાતામાં પણ ઘણી જ સારી હતી. એ પ્રતિષ્ઠાનું મૂળ કારણ એ હતું કે, એ બન્ને પત્રો રાજકીય અને સામાજિક વિષયોની નિષ્પક્ષપાત અને દ્વેષરહિત ચર્ચા ચલાવનારાં હતાં. અને બન્ને પત્રોના તંત્રીઓ અદ્વિતીય વિદ્વાન્ અને ન્યાયબુદ્ધિશાળી હોવાથી તેમની કલમમાંથી કદાપિ અસત્ય કે અન્યાયયુક્ત શબ્દો નીકળીને કાગળ ઉપર પડતા ન હોતા. બંને પત્રોનો એ નિયમ જ હતો કે, દારૂ ઇત્યાદિ દેશની અવનતિ કરનારી વસ્તુઓની જાહેરખબર ગમે તેટલા સારા ભાવ મળતા હોય તોપણ ન લેવી, તેમજ કોઈ હસ્તપત્રક વેંહેચાવવા આવે, તો તેને પોતાના ગ્રાહકોની સંખ્યા ખરી રીતે હોય તેના કરતાં વધારે ન જણાવવી.

આજકાલ કેટલાક વર્તમાનપત્રકારોનો એ તો સાધારણ ધર્મ જ થઈ પડ્યો છે કે, ચાર હજાર કોપીઓ છપાતી હોય અને એક કૉપી પાંચ માણસના વાંચવામાં આવતી હોય તો એક કૉપીને પાંચ કૉપી બરાબર ગણીને પોતાના પત્રના વાંચનારાઓની સંખ્યા પાંચ ગણી બતાવવી; એટલે ચાર હજારના વીસ હજાર ગ્રાહક તો જોતજોતાંમાં થઈ જાય! કોઈ કોઈ તો વળી ચારને બદલે ચાળીસ હજાર કહેવામાં પણ આગળ પાછળનો વિચાર રાખતા નથી! માર તોપ કૌન પૂછનેવાલા હય? પરંતુ જો તેમના ગ્રાહકોનાં નામનું લીસ્ટ જોઇએ, તો ચાર હજાર ગ્રાહક પણ ભાગ્યે જ! સાતસો કૉપી ખુદાબક્ષ, ત્રણસેં કચરા ખાતે! બસેં ત્રણસેં કુટકલ ને પાંચસેં કુલૂસ મારીસ! કેટલાંક ગ્રાહક નામચીન માણસોની મેહરબાનીના! શેઠ બીલ ભરે—છાપાને ખટાવવાને, કે છાપો શેઠની વાખવાખી કરે—નોકર ચાકર વાંચે તે ખેર, અને ન વાંચે તો ગાંધીને ત્યાં!

આ પ્રકાર 'સિંધ જર્નલ' અને 'પ્રભાત'માં ન હોતો. ઑફિસના દરવાજા પાસે જ એક ટેબલ ઉપર તેઓ ગ્રાહકોનાં નામનું લીસ્ટ સર્વને જોવામાટે ખુલ્લું રાખતા હતા તેમની અને એ ઓનેસ્ટીને લીધે તેમને જેટલી વધારે પ્રમાણમાં જાહેરખબરો વધારે ભાવ હોવા છતાં મળતી હતી તેના કરતાં અડધી પણ બીજા વર્તમાન પત્રોને મળી શકતી ન હોતી. 'સિંધ જર્નલ'ના તંત્રી રા. કુન્દનમલ્લ અને 'પ્રભાત'ના તંત્રી રા. લેખરાજ ઉભયનો થોડા થોડા દિવસને અંતરે અચાનક સ્વર્ગવાસ થઈ જવાથી એ પત્રોની પ્રતિષ્ઠાનો પણ સ્વર્ગવાસ થશે કે શું, એવી લોકોના મનમાં ભીતિ ઉત્પન્ન થઈ હતી અને તે કેટલેક અંશે ખરી પણ હતી. પરંતુ ઈશ્વરનું કાર્ય ઈશ્વર જ કરે છે. એટલે 'પ્રભાત'ને તો તરત એક સારો તંત્રી મળી આવ્યો; પણ 'સિંધ જર્નલને' તરત સારો તંત્રી ન મળવાથી થોડાક દિવસ પત્રનાં લખાણો કાંઇક નબળાં આવ્યાં એટલામાં મોહનલાલ મુંબઇથી બી. એ. થઇને આવ્યો અને તેની વિદ્વત્તા તથા ચારિત્ર્યમાટે સિંધ કૉલેજના પ્રોફેસર માન્યવર સાહેબસિંગ ચન્દાસિંગ શાહાણીનો ઘણો જ સારો અને ઉચ્ચ અભિપ્રાય હોવાથી તેમણે મોહનલાલને એ પત્રના તંત્રીનું પદ સ્વીકારવાનો આગ્રહ કર્યો અને મોહનલાલને પણ એ ધંધો મનગમતો હોવાથી તેણે તે પદનો આનંદથી સ્વીકાર કીધો.

એ પદનો અધિકાર લેવામાટે કરાંચી જવાની વાત તે વૃન્દાને જણાવી ચૂક્યો હતો અને તે વાચકોની જાણમાં હોવાથી તે વિશે વધારે લખવાની આવશ્યકતા નથી. બીજે દિવસે તે હયદરાબાદથી કરાંચી જવાને ઉપડી ગયો. સ્ટેશન ઉપર પ્રો. સાહેબસિંગ અને પ્રેસના માલિક તેને લેવામાટે સામા આવ્યા. તેની સાથે બે ઘોડાની ભાડાની ગાડીમાં બેસીને મોહનલાલ 'સિંધ જર્નલ'ની ઓફિસમાં ગયો.

'સિંધ જર્નલ પ્રેસ' અને 'સિંધ જર્નલ' પત્રની ઓફિસ કરાંચીના વિશાળ બંદરરોડ ઉપર મૅજીસ્ટ્રેટની કોર્ટ પાસેના મકાનમાં જ હતી. છાપવાનું કામ નીચેના ભાગમાં થતું હતું. ઉપરના ભાગમાં કંપોઝીટર્સ ડિપાર્ટમેન્ટ અને એડીટર તથા પ્રોપ્રાયટરની ઓફિસો હતી. તેઓ એડીટરની ઓફિસમાં જ ગયા અને સાહેબસિંગ પ્રોફેસરે મોહનલાલને કહ્યું;—"મિસ્ટર મોહનલાલ! આ તંત્રીનું આસન છે—એ ઉપર વિરાજો અને આજથી જ તમારા તંત્રી તરીકેના કાર્યનો આરંભ કરો."

"ગુરુવર્ય! આપ મને જે આ મહાન્ માન આપો છો, તેમાટે આપનો હું એક દીન છાત્ર અંતઃકરણપૂર્વક આભાર માનું છું. પરંતુ આ આસને બેસવા પહેલાં મારે એક પ્રાર્થના કરવાની છે, તે સાંભળશો અને આશા છે કે, મારા ઉપર કોપ તો નહિ જ કરો!" મોહનલાલે ઉભા રહીને જ વિનતિ કરી.

"ખુશીથી બોલો." સાહેબસિંગે કહ્યું.

આ 'સિંધ જર્નલ' એક પ્રતિષ્ઠિત વર્તમાનપત્ર છે અને લોકોમાં એનો પ્રભાવ સારો છે; છતાં પણ એક બાબતનો હું અત્યારે જ ખુલાસો કરી લેવા માગું છું કે, પાછળથી આપણી વચ્ચે વૈમનસ્ય થવાનો સંભવ જ ન રહે. તે બાબત એ છે કે, વર્તમાનપત્રના તંત્રી અને ન્યાયાધીશ એ ઉભયનું કર્તવ્ય એક જ હોવાથી મને મારા કાર્યમાં પૂર્ણ સ્વતંત્રતા મળવી જોઇએ. કોઈ પણ વેળાએ કોઇપણ બાબતમાં માલિક તરફથી કોઈ પણ પ્રકારનું મારા ઉપર દબાણ થવું ન જોઇએ. જે દિવસે મારી એ સ્વતંત્રતામાં વચ્ચે પડવામાં આવશે, તે દિવસે લાચારીથી મારે આ પદમાટેનું રાજીનામું આપવું પડશે. તે વેળાએ કોઇએ માઠું લગાડવું નહિ." મોહનલાલે પોતાના અંતઃકરણનો ભાવ વ્યક્ત કર્યો.

"હું તમારા ઉપર એવું દબાણ કદાપિ ન કરવાનું વચન આપું છું. મારા તરફનો તમારે કશો પણ ભય કે સંશય ન રાખવો." પત્રના સ્વામીએ તત્કાળ નિખાલસ મનથી કહ્યું.

"મિસ્ટર મોહનલાલ! તમારી શંકાનો નિર્ણય તો થઈ ગયો, પણ હવે એક શુભેચ્છક તરીકે મારે તમને એટલું જ કહેવાનું છે કે, આજકાલ આપણા ભારતવર્ષમાં સર્વત્ર અશાંતિ અને અસંતોષનો પ્રસાર થયેલો છે અને રાજકીય વાતાવરણ બહુ જ દૂષિત થઈ ગયું છે. એટલામાટે જે રાજકીય લેખો લખો, તેમાં ઘણી જ સંભાળ રાખજો; સ્વતંત્રતા અને સત્યશીલતાને છોડશો નહિ. પણ કહેવાતા ઉદ્દામ પક્ષ જેવા ઉચ્છૃંખલ પણ થશો નહિ. જો કે તમારા જેવા શાંત અને વિવેકી પુરુષને આ ઉપદેશ આપવાની અધિક અગત્ય નથી, છતાં મારું કર્તવ્ય હું બજાવું છું." પ્રોફેસર સાહેબસિંગે માયા અને મમતાથી ઉપદેશ આપ્યો.

"ગુરુવર્ય ! આપનો ઉપદેશ શિરસાવંદ્ય છે! પરંતુ ઇંગ્લંડના પ્રમુખ રાજ્યચાલકો વર્તમાનપત્રકાર અને લેખકો વિશે એક તરફથી ઘણા જ ઉચ્ચ વિચારો દર્શાવે છે અને હિંદુસ્તાનમાં જાહેર છાપાની સ્વતંત્રાને બંધનમાં રાખનારા અને મોઢે ડૂચો દેનારા કાયદાઓ પસાર કરવામાં આવે છે, એ વિરોધ આશ્ચર્ય કરનારો છે; અને છૂટાંપણાની ઉપાસક અંગ્રેજી પ્રજા એમ વર્તે જ નહિ એમ મારું માનવું છે. ગત જૂન માસમાં ઇંગ્લંડમાં જે મુદ્રણ પરિષદ્ ભરવામાં આવી હતી તેનો મુખ્ય હેતુ એ હતો કે, ઇંલિગ્શ સામ્રાજ્યના સંરક્ષણમાટે લેખકો અને વર્તમાનપત્રકારોની સહાયતા મેળવવી. લૉર્ડ મોરલેએ પત્રકારો તથા ગ્રંથકારોને ઉદ્દેશીને કહ્યું હતું કે, 'આપણું રાજ્ય અને આપણું વાઙ્મય, એ ઉભયનો સંબંધ અત્યંત નિકટ છે. આપણા રાજ્યની એકતા કરવાનાં જે જે ઉત્તમ બંધનો છે, તેમાં આપણી ભાષા જેવું અને જેટલું બળવાન્ બંધન બીજું એક પણ નથી. આપણામાંના રાજકારસ્થાની મહાપુરુષોએ, શૂરવીર યોધાઓએ, સાહસી ખલાસીઓએ અને બીજાઓએ પોતપોતાના કર્તૃત્વપ્રાંતમાં મોટાં મોટાં પરાક્રમો કરીને સામ્રાજ્યના એકયનાં જે સૂત્રોને બળવાન્ બનાવી દીધાં છે, તે કરતાં પણ વાઙ્મયથી ઉત્પન્ન થયેલાં બંધનો સોગણાં જ નહિ, કિંતુ હજાર ગણાં વધારે બળવાન્ છે. શેક્સપીયર, બર્ન્સ, બનિયન અને સ્વિફ્ટ ઇત્યાદિ મોટા મોટા ગ્રંથકારો બીજા પરાક્રમી પુરુષો જેટલા જ આપણા સામ્રાજ્યની ઇમારતને દૃઢ કરવાના કાર્યમાં સહાયભૂત થયેલા છે. પ્રત્યેક મનુષ્યે એ તો કબૂલ કરવું જ જોઇએ કે, વર્તમાન સમયમાં મુદ્રણકલા વિચારોની અને સાર્વજનિક કર્તવ્યની મૂળભૂમિ થયલી છે અને જગતમાંના વ્યવહારનું જ્ઞાન સંપાદન કરવામાટેનું મુખ્યદ્વાર એ એક જ છે. મુદ્રણ એટલે વાઙ્મય અને વાઙ્મય એટલે વર્તમાનપત્રો અને ગ્રંથો; એ ઉભયના અધ્વર્યુ આપ છો!' એ જ પ્રમાણે લૉર્ડ રોઝબરી બોલ્યા હતા; 'આ પરિષદ્ના વિચારોમાં અત્યંત મહત્ત્વનો વિચાર બ્રિટિશ સામ્રાજ્યના સંરક્ષણનો છે. અહીં જે કાંઈ જોવા જાણવાનું છે તે જોઈ જાણીને પોતપોતાના સ્થાને જવા પછી આપે મુખ્યત: જે કરવાનું છે તે એ કે, આ સામ્રાજ્યના સંરક્ષણાર્થ જે કાંઈ પણ અતિશય આવશ્યક હોય તે કાર્ય કરવાની લોકોના મનમાં ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થાય, એવા લેખો લખીને આપે તેમનાં મન તે કાર્યમાં વાળવાનાં છે !' લૉર્ડ રોબર્ટ્સ એટલે ઇંગ્લંડના વર્તમાન ભીષ્માચાર્ય જ. એમનો ઇંગ્લંડની શાળાઓમાં ફરજીયાત યુદ્ધશિક્ષણ ચાલુ કરાવવાનો મનોભાવ છે; પણ એ વિષયમાં લોકમત અનુકૂલ ન હોવાથી તેમણે એ વિદ્વાનોને સંબોધીને પ્રાર્થના કરી હતીઃ આસ્ટ્રેલીઆ, નાટાલ, ન્યૂઝીલૅંડ અને કૅનેડા ઇત્યાદિ સ્થાનોમાં બાળકોને યુદ્ધવિદ્યા શીખવવાની તૈયારી થઈ ચૂકી છે. એ પરિસ્થિતિને જોઇને આપ સર્વજને આ વિષયનો શાંતિથી વિચાર કરવાનો છે; અર્થાત્ આપણો આ જૂનો દેશ યુદ્ધવિદ્યામાં એ નવા દેશોની પાછળ ન પડી જાય, એટલામાટે પણ યુદ્ધવિદ્યાના અભ્યાસને આપણે આપણી શાળાઓમાં ચાલતો કરવો જ જોઇએ અને એ વિચારની સત્યતાને લોકોના મનમાં ઠસાવી દેવાનું સામર્થ્ય જેટલું તમારામાં છે, તેટલું બીજા કોઇમાં પણ નથી.' આથી સહજ આપના લક્ષમાં આવશે કે, બ્રિટિશ સામ્રાજ્યના સંરક્ષણમાટે ઇંગ્લિશ રાજ્યમાંના લેખકમંડળનું સહાય આવશ્યક છે, એવો મોટા મોટા ઇંગ્લિશ લોકોનો અભિપ્રાય છે અને એ જેવી રીતે

ઇંગ્લિશ રાજ્યવિશે ખરું છે, તેવી જ રીતે બીજાં સર્વ રાષ્ટ્રોવિશે પણ ખરું હોવું જ જોઇએ. એમાં પણ વળી એ નિયમ આપણા હિન્દુસ્તાનના સંબંધમાં તો વધારે જ લાગૂ પડતો તેઓએ માનવો જોઇએ. કારણ કે, હિંદુસ્તાનમાં આજકાલ અજ્ઞાન લોકોનો સમુદાય વધારે છે અને અંગ્રેજ સરકારે આ દેશમાં પોતાની સત્તાનો પાયો મજબૂત કરવાનો છે. એ પાયો મારા વિચાર પ્રમાણે પત્રકારોને પોતાના વિશ્વાસમાં લઈ યોગ્ય સ્વાતંત્ર્ય આપ્યા વિના કદાપિ મજબૂત થવાનો નથી. જ્ઞાન ફેલાતું હોય, વિચારનો ફેલાવો થતો હોય ત્યારે છાપાખાનાંઓને છૂટ આપ્યાથી લોકમત જાણી શકાય છે. એની આપ પણ કલ્પના કરી શકો તેમ હોવાથી વિશેષ વિવેચનની અગત્ય નથી." મોહનલાલે તંત્રીના આસનપર બેસતાં જ એક ભાષણના રૂપમાં પોતાના વિચારો દર્શાવ્યા.

થોડીવાર પ્રોફેસર સાહેબ મૌન ધરી રહ્યા અને ત્યાર પછી વિચાર કરી બોલ્યા;–

"માઈ ડીયર મોહનલાલ! તમારું કહેવું અક્ષરે અક્ષર સત્ય છે. ગ્રંથકર્તાઓ અને વર્તમાનપત્ર સંપાદકો રાષ્ટ્રના ગુરુ જ છે. એ ગુરુશિષ્યનો સંબંધ ગત પચાસ સાઠ વર્ષનો જ છે અને તેનું અહીં અંગ્રેજી રાજ્ય સાથે જ આગમન થયેલું છે. એમાં એક ચમત્કાર એવો છે કે, એની સાથે જાતિ અને ધર્મનો કશો પણ સંબંધ નથી. વર્તમાનપત્રના. સંપાદક અથવા ગ્રંથકારો બીજા બધા લોકો કરતાં વિશેષ વિચારશીલ અને બુદ્ધિમાન્ હોય છે, તેમને સર્વ પ્રકારનું જ્ઞાન હોય છે, તેઓ નિરપેક્ષ હોય છે અને તેઓ જે કાંઈ પણ લખે છે તે સત્ય અને લોકહિતકારક જ હોવાનું, એવો બહુધા સર્વ લોકોનો નિશ્ચય થઈ ગયો છે. હવે ગુરુવિશે શિષ્યવર્ગની જેવી પૂજ્યબુદ્ધિ હોવી જોઇએ, તેવી પૂજ્યબુદ્ધિ વર્તમાનપત્રના સંપાદકો અને ગ્રંથકારો વિશે સામાન્યતઃ બહુધા બહુજનસમાજની છે. વર્તમાનપત્રો વાંચવાં, એ કાર્ય ગુરુ–ઉપદેશ લેવાના કાર્ય જેટલું જ આવશ્યક અને પવિત્ર માનવાનો પ્રઘાત આપણા લોકોમાં પડવા માંડ્યો છે. મુંબઈના પ્રસિદ્ધ 'ધિ ગુજરાતી' પત્રે કેટલાક વખતથી પોતાના સમાજમાં વાંચનની અભિરુચિ ઉત્પન્ન કરવામાટે સામાજિક સીરિયલ સ્ટોરી પ્રકટ કરવા માંડી છે અને તે સ્ટોરી ઘણા જ પ્રેમથી ગુજરાતીઓ વાંચે છે. હું થોડા દિવસની વાતપર અમદાવાદ ગયો હતો. ત્યાં એક ચાળીશ વર્ષના અજાણ ખેડુતને કક્કો ઘૂંટતો જોઇને મેં સવાલ કર્યો કે, 'હવે આ ઘોળામાં ધૂળ શા માટે નાંખો છો?' અને તરત તે ભણનારે ઉત્તર આપ્યું કે;– 'ગુજરાતીમાંની વાર્તા વાંચવામાટે!' મેં પૂછ્યું;–'ગુજરાતીમાંની વાર્તામાં જાદુ છે?' એના જવાબમાં તેણે જણાવ્યું; 'એ વાર્તામાં સંસારની વાતો એટલી બધી સાચી અને સારી આપવામાં આવે છે કે, અમે તે સાંભળીને દંગ જ થઈ જઇએ છીએ. મારા ભત્રિજાએ જ્યારથી એ વાર્તા મને વાંચી સંભળાવી છે, ત્યારથી જ મને લખવાનો શોખ થયો છે, બારાખડી મેં પૂરી કરી છે અને હવે પહેલી ચોપડી હાથમાં લેવાનો છું.' સ્થાલીપુલાકન્યાયથી જ આ ઉદાહરણનો વિચાર કરવાનો છે. વર્તમાનપત્રોમાં લોકોની આવી શ્રદ્ધા છે, તો વર્તમાનપત્રોને મારી નાંખવાથી સરકારને હાનિ થાય, એ સ્વાભાવિક જ છે. છતાં પણ આપણે વિચારીને પગલું ભરવું એ સારું. સમય જોઇને વેશ સજવો; નાટકમાં રાજાનો સ્વાંગ લેવાનો હોય ત્યારે રાજાનો ને સિપાહીનો સ્વાંગ ભજવવાનો હોય ત્યારે સિપાહીનો લેવો. દેશ–કાળ–સ્થિતિ જોઇને કામ લેવું. એટલું મારું

કહેલું અવશ્ય ધ્યાનમાં રાખશો." પ્રોફેસર સાહેબસિંગે મોહનલાલના મતને પુષ્ટિ આપીને છેવટે ઉપદેશનો ઇશારો કર્યો.

"સર ચાર્લ્સ મેટકાફે જ્યારે આપણા હિન્દુસ્તાનને મુદ્રણસ્વાતંત્ર્ય આપ્યું, તે વેળાએ તેનો આભાર માનવામાટે કલકત્તાના કેટલાક વિદ્વાનો તેની પાસે ગયા હતા. તેમને સાહેબ મજકૂરે બોલતાં બોલતાં કહ્યું હતું; 'અમે અંગ્રેજો હિન્દુસ્તાનમાં કેવળ પૈસા એકઠા કરવામાટે આવ્યા નથી; કિંતુ અમારો અહીં આવવાનો હેતુ બહુ જ ઉદાત્ત અને ઉદારતામય છે, અને તે એ કે, પાશ્ચાત્યોની સુધારણાના અને વિદ્યાચારસંપન્નતાના જ્ઞાનનો પૌરસ્ત્યોમાં પ્રસાર કરવો!' ઇ૦ સ૦ ૧૯૦૧ના ઑગસ્ટ માસમાં એક મેજબાનીના પ્રસંગે હિંદુસ્તાનના લોકોના સંબંધમાં લૉર્ડ મોર્લેના મુખમાંથી એવા ઉદ્ગારો નીકળ્યા હતા કે, 'હિંદુસ્તાનના લોકોનાં મન ચલિત થયાં છે એમાં તો કાંઈ પણ સંશય નથી જ. એ ચળવળ તો એમની એમ જ ચાલૂ રહેવાની અને જે વસ્તુની ઇચ્છા ધરાવવામાટેનું શિક્ષણ આપણે તેમને આપેલું છે, તે વસ્તુ વિશેની જ એ હીલચાલ છે. હવે–જો યથાસ્થિત શાંતતા રહેવા સાથે તે અશાંતિનું બરાબર સમાધાન ન થાય, તો એ માટે આપણે તેમને દોષ આપી શકીએ તેમ નથી જ. એ માટેના દોષને આપણે આપણા પોતાના માથા ઉપર જ વહોરી લેવો જોઇએ.' એના કરતાં પણ અધિક અભિવચનાત્મક ઉદ્ગાર ઇ૦ સ૦ ૧૯૦૬ના ઑગસ્ટ માસમાં લોકસભામાં તેમણે કાઢ્યા હતા, અને તે એ કે;–'યોદ્ધા, પ્રવાસીઓ અને વર્તમાનપત્રકારો જે કોઈ પણ હિંદુસ્તાનમાં જઈ આવે છે, તેઓ સર્વ એમ જ કહે છે કે, 'હિંદુસ્તાનના લોકોમાં એક પ્રકારનો નવીન ઉત્સાહ ઉત્પન્ન થયેલો છે.' તે થવાનો જ. તે ઉત્સાહ ઉદ્ભવ્યા વિના કેમ રહે? આપણે આટલાં વર્ષથી તેમને વિદ્યાદાન આપીએ છીએ અને આપણા વાઙ્મયદ્વારા આપણી પાશ્ચાત્ય કલ્પનાઓને તેમના મનમાં ઉતારીએ છીએ, તેમ જ આપણે તેમને એવી હીલચાલોની સગવડ પણ ઘણી જ સારી કરી આપી છે. એવી પરિસ્થિતિમાં હિંદુસ્તાનના લોકો આગળ પ્રમાણે જ–જ્યારે તેમનામાં જ્ઞાન પણ નહોતું અને હીલચાલ પણ નહોતી, તે સમય પ્રમાણે જ–વર્તતા રહે, એવી કલ્પના હવે આપણે સ્વપ્નમાં પણ કરવાની નથી!' જે મહાપુરુષના મુખમાંથી આવા ઉદ્ગારો નીકળેલા છે, તે નિર્મળ અંતઃકરણવાળા મહાત્માના હાથમાં આપણા રાષ્ટ્રના રાજ્યકાર્યભારનાં સૂત્રો અત્યારે ગયેલાં છે, એટલે પર્યાયથી એ આપણા ગુરુ થયેલા છે અને તેથી એ ગુરુ આપણા જેવા શિષ્યોનું અશુભ તો નહિ જ થવા દે, એવી મને દૃઢ આશા છે." મોહનલાલે પોતાના મતનું પ્રમાણપૂર્વક મંડન કરી બતાવ્યું.

"તમારા વિચારો અતિશય ઉત્તમ છે. હું આશા રાખું છું કે, તમારી લેખિનીથી 'સિંધ જર્નલ'ની કીર્ત્તિમાં અવશ્ય વધારો થશે જ. હું પોતે તો એટલો બધો વિદ્વાન્ નથી, પરંતુ ઘણા કાળના અનુભવથી સારાસાર વિચારોની પરીક્ષા કરવાની શક્તિ ઈશ્વરકૃપાએ મને પ્રાપ્ત થયેલી છે. આપણું પત્ર બાય–વીકલી છે, એ તો તમે જાણો જ છો. પરમ દિવસે આપણો અંક બહાર પાડવાનો છે, એટલે આવતી કાલે એ અંક માટે લીડર–અગ્રલેખ–તમો પોતે જ લખો તો વધારે સારું." છાપખાના તથા પત્રના માલિકે કહ્યું.

"હવે હું રજા લઇશ. ફુરસદના વખતે મને કૉલેજ–રેસીડન્સીમાં આવીને મળતા રહેશો તો તમારો આભાર થશે." પ્રોફેસર સાહેબે કુરસી ઉપરથી ઉઠીને કહ્યું.

"બીજા પગે ચાલીને આવતા હશે, તો હું આંખોવડે ચાલીને આવીશ. વખતો વખત મને પણ આપની સલાહની અગત્ય તો પડવાની જ." મોહનલાલે નમ્રતા દર્શાવી.

નવીન સભ્યતાના નિયમ અનુસાર શેકહેન્ડ (હસ્તધૂનન) કરીને પ્રોફેસર સાહેબ ચાલ્યા ગયા પછી માલિકે મોહનલાલને ખાવાપીવા તથા રહેવામાટેની સઘળી વ્યવસ્થા કરી આપી.

મોહનલાલનો પ્રથમ અગ્રલેખ જ એટલો બધો વખણાયો કે, છાપાના માલિકનો તેના વિશે હતો તે કરતાં વધારે ઉંચો અભિપ્રાય બંધાયો.

* * * *

મોહનલાલને કરાચીમાં આવ્યાને આઠેક દિવસ થયા હતા. તે પ્રભાતમાં જ પોતાની ઑફિસમાં પત્રમાટે એક લેખ લખતો બેઠો હતો, એટલામાં રામોશીએ આવીને તેના હાથમાં એક વિઝિટિંગ કાર્ડ આપ્યો. કાર્ડ ઉપરનું નામ વાંચતાં જ તે ગૃહસ્થને તરત લાવવાનો તેણે રામોશીને હુકમ કર્યો. રામોશી તે ગૃહસ્થને લઈ આવ્યો.

"કેમ મિસ્ટર વાધૂમલ્લ! અત્યારમાં આવવાનું કાંઈ કારણ? ગભરાયલા કેમ દેખાઓ છો?" મોહનલાલે તેને ગભરાયલો જોઇને સવાલ કર્યો.

"શ્રીમતી વૃન્દાની પાલિત પુત્રી મારે ત્યાં પરમ દિવસે આવી હતી અને એ ચાર દિવસ રહીને પાછી જવાની હતી, એટલામાં અચાનક ગઈ કાલે રાત્રે તેનું મારા બંગલાના એક ઓરડામાંથી હરણ થયું છે. અમને રાતે ત્રણ વાગે એ વાતની ખબર પડી અને અમે અત્યાર સુધી ઘણી તપાસ કરી પણ પત્તો નથી. આ તેનો ફોટોગ્રાફ છે. એનો બ્લૉક કરાવી કાલના અંકમાં જ છાપો અને નીચે જે એને શોધી આપશે અથવા એનો પત્તો બતાવશે તેને રૂપીઆ પાંચ હજારનું ઇનામ આપવામાં આવશે એવી જાહેર ખબર પણ છાપો. અમારા તેને શોધવાના પ્રયત્નો ચાલૂ છે. તમારા પૈસાનું બિલ કરીને મોકલી આપજો. હું જાઉં છું." એટલું કહી પરખીડિયામાં રાખેલો એક ફોટો અને લખેલી જાહેર ખબરની કોપી મૂકીને વાધૂમલ્લ તરત ચાલ્યો ગયો.

વૃન્દાની પાલિત પુત્રીનું નામ સાંભળતાં જ મોહનલાલના મનમાં ધાસ્કો પડ્યો હતો, છતાં પોતાના શોકને દબાવીને વાધૂમલ્લ સમક્ષ તેણે ગંભીરતા જાળવી રાખી. તેના જવા પછી તરત જ ફોટો કાઢીને તેણે જોયો. તેના હાથમાંથી હોલ્ડર પડી ગયું. ગાત્રો શિથિલ થયાં અને ફોટાને જોતો જોતો જ તે મૂર્ચ્છા ખાઇને નીચે પટકાઈ પડ્યો.

થોડીવાર પછી મૂર્ચ્છાનો લોપ થતાં તે ઉઠ્યો અને ફોટાને હાથમાં ધરી અશ્રુ વર્ષાવતો કહેવા લાગ્યો; "રોહિણી! ચિંતા ન કરીશ. તારા ઉપર અત્યાચાર કરનાર પાસેથી એ અક્ષમ્ય અપરાધનો બદલો હું અવશ્ય લઇશ."

આવેશમાં ને આવેશમાં જ તે ઉતાવળથી ડગલો અને ટોપી પહેરીને બહાર ચાલ્યો ગયો.

પ્રકરણ ૪૫ મું

શાક્તસદન કે યમસદન ?

સીતાએ મૂર્છામાંથી સાવધ થવા પછી શાક્તસદનમાંનાં સર્વ સ્ત્રીપુરુષ શક્તિભક્તોને જણાવ્યું કે, "ગઈ કાલે મારા ઉપર મહા દારુણ પ્રસંગ આવવાનો હતો, તે આવ્યો; પણ વિઘ્ન એટલાથી જ ટળી ગયું અને મહાકાળીની કૃપાથી મારા દેહનો નાશ ન થયો. દેવીએ સ્વપ્નમાં આવીને મને જણાવ્યું છે કે, 'તારા આ વિઘ્નવિનાશ અને નૂતન જીવનપ્રાપ્તિના ઉત્સવમાં સર્વ શક્તિભક્તોને આપણા ધર્મતત્ત્વાનુરૂપ ભોજન અને મદિરાપાનથી તૃપ્ત કરવાં જોઇએ. નહિ તો એ વિઘ્ન પુનઃ ઉપસ્થિત થશે અને તારા પ્રાણ લઇને જ જશે.' એટલામાટે મારો આજ તમો સર્વને મારા પોતાના ધનથી મદ્ય માંસ આદિથી તૃપ્ત કરવાનો વિચાર છે! સર્વ તૈયારીઓ કરવા માંડો, સંધ્યાકાળે એ સમારંભ ઉજવીશું કે જેથી સર્વને રાત્રિનો સમય આનંદમાં વીતાડવાનો અવસર મળી શકે."

અધિષ્ઠાત્રીની આજ્ઞા થતાં જ કોઠારીએ સર્વ વસ્તુઓ કાઢી આપી. શાક્તસદનમાં ભોજનસમારંભની ધમધોકાર તૈયારીઓ ચાલવા લાગી. સંધ્યાકાળ થતાં દેવીનું યથાર્થ પૂજન કરવામાં આવ્યું અને પછી મદિરાપાનનો પ્રારંભ થયો. મદિરાનો ભંડાર અધિષ્ઠાત્રીના પોતાના તાબામાં હોવાથી સીતાએ તે આપવામાં જરા પણ કૃપણતા બતાવી નહિ—જોઇએ તે કરતાં દારૂના બાટલા વધારે સંખ્યામાં આપવામાં આવ્યા. મદ્યનાં વ્યસની શાક્ત સ્ત્રીપુરુષો અકરાંતિયાં થઇને તેનું પાન કરવા મંડી ગયાં. મદિરાપાન પછી યથેચ્છ માંસાહાર કરવામાં આવ્યો અને સર્વજનો નશામાં એવાં તો ચકચૂર બની ગયાં કે તેમને ઉઠવાનું તો ઠીક જ, પણ બોલવા સુદ્ધાંનું પણ ભાન રહ્યું નહોતું. દ્વારપાલોને પણ આ સમારંભમાં ભાગ લેવાની ખાસ ફરજ પાડવામાં આવેલી હોવાથી શાક્તસદનમાંનો એક પણ માનવ જીવ અત્યારે શુદ્ધિમાં નહોતો. તેઓ ભોજન કર્યા પછી જેમ તેમ પડતાં આખડતાં જઇને પોતપોતાના શયનસ્થાનમાં નિદ્રાવશ થઈ ગયાં. સર્વત્ર શાંતિ અને નિઃસ્તબ્ધતાનો પ્રસાર થઈ ગયો. માત્ર ચંદ્રશંકર અને સીતા જ શુદ્ધિમાં હતાં; ચંદ્રશંકરે તો મદિરાને કે માંસને સ્પર્શ પણ કર્યો નહોતો. સીતાએ જે કાંઈ ભાગ લીધો હતો તે નામ માત્રનો જ. સર્વત્ર સ્તબ્ધતા થઈ જવા પછી ચંદ્રશંકર જ્યારે શ્યામયીના ખાનગી ઓરડામાં ભોજન લેવાને બેઠો તે વેળાએ તેને જમાડવામાટે બેઠેલી સીતાએ કહ્યું;—"આજનો મદ્ય માંસનો ભોજનસમારંભ મેં શા હેતુથી કર્યો છે, એના કારણની તમે કલ્પના કરી શકયા છો કે?"

"હું યથાર્થ કલ્પના કશી પણ કરી શકયો નથી. હું તો ધારું છું કે, તમારા શાક્તધર્મના કોઈ નિયમ પ્રમાણે એ સમારંભ કરવામાં આવ્યો હશે." ચંદ્રશંકરે ઉત્તર આપ્યું.

"તમારી એ ધારણા યથાર્થ નથી. આ સમારંભ આજે મેં એક પ્રકારના વિશિષ્ટ ઉદ્દેશથી કર્યો છે. આ શાક્તસદનનું બાહ્ય સ્વરૂપ રમણીય હોવા છતાં આંતરિક સ્વરૂપ કેવું અને કેટલું બધું ભયંકર છે, એ પ્રત્યક્ષ તમને બતાવવામાટે જ મારે આજે આ ઉપાયની યોજના કરવી પડી છે. એ ભેદો બતાવતી મને જો કોઈ પણ જોઈ લે

અને એ વાત દયામયી અથવા તો ગોપાળિયો જાણે, તો મારું તત્કાળ મરણ નિપજાવવામાં આવે, એ નિશ્ચિત હોવાથી મેં સર્વને એવાં તો અચેતન બનાવી દીધાં છે કે, કાલે સવારમાં આઠ નવ વાગતાં સુધી આ મદ્યની નિદ્રામાંથી કોઈ પણ જાગૃત થવાનું નથી; કારણ કે, મદિરામાં મેં એક પ્રકારનો બહુ જ તીવ્ર માદક પદાર્થ મેળવી દીધો છે. હવે થોડી વાર પછી આપણે આ શાક્તસદનના આંતરિક ભાગોમાં જઇશું અને અહીંના ભૂતલમાંનાં નાનાવિધ નરકોનું હું તમને દર્શન કરાવીશ. જમી લ્યો અને આ કૃષ્ણ વસ્ત્રો તમારે માટે લાવી રાખ્યાં છે તે પહેરી લ્યો; એટલામાં હું પણ મારા ઓરડામાં જઇને પોશાક બદલી આવું છું." સીતાએ કહ્યું.

"સીતા, તમારો ખાસ મારામાટેનો આ પરિશ્રમ હોવાથી હું તમારો અતિશય આભારી થયો છું. આ સર્વ ઉપકારોનો બદલો હું કયારે અને કેમ કરીને વાળી શકીશ, એનો જ મારા મનમાં વિચાર થયા કરે છે." ચંદ્રશંકર બોલ્યો.

"એનો વિચાર અત્યારે કરવાનો નથી; જ્યારે તેવો પ્રસંગ આવશે, ત્યારે મારા પરિશ્રમનો બદલો હું પોતે જ માગી લઇશ અને મારો નિશ્ચય છે કે, તે બદલો તમે તરત આપી શકશો." એટલું કહીને સીતા પોશાક બદલવામાટે બીજા ઓરડામાં ચાલી ગઈ.

ભોજન કરી લીધા પછી ચંદ્રશંકરે તરત કાળાં વસ્ત્રો પહેરી લીધાં અને સીતાની વાટ જોતો બેસી રહ્યો. અલ્પ સમયમાં જ સીતા કાળા રંગનો પુરુષવેશ પહેરીને બહાર આવી, અને ખૂણામાં પડેલા એક હરીકેન લેમ્પને સળગાવી હાથમાં લઈ, દીવાસળીની પેટીને ગજવામાં રાખી, ચંદ્રશંકરને કહેવા લાગી; "ચાલો, ઉઠો—હવે વધારે વિલંબનું કાંઇ પણ કારણ નથી; આપણને કોઇની પણ ભીતિ નથી."

"ભલે ત્યારે ચાલો."

* * * * *

પોતાના ઓરડાઓને તાળાં વાસી, ચંદ્રશંકરને સાથે લઈ સીતા બહારના ચોકમાં આવી. ત્યાંથી તેઓ શાકતસદન પ્રતિ ચાલ્યાં. ત્યાંના દરવાજાનાં તાળાં ઉઘાડી તેમણે અંદર પ્રવેશ કર્યો. અંદરથી દરવાજાને સાંકળ ચઢાવી હરીકેનના મંદ પ્રકાશથી અંધકારને દૂર કરીને તેઓ આગળ ચાલવા લાગ્યાં. પ્રથમ તો ગોપાળિયાને થયેલા પદવીદાન પ્રસંગે શાક્તસદનના જે ભાગોનું આપણે અવલોકન કરી ચૂક્યા છીએ, તે સર્વ ભાગો સીતાએ ચંદ્રશંકરને વર્ણન સહિત બતાવ્યા. ઉપરના બધા ભાગોનું નિરીક્ષણ કર્યા પછી સીતાએ જમીન ઉપરનો એક બેમાલૂમ દરવાજો ઉઘાડ્યો. ભૂમિગર્ભમાં ઉતરવાનાં પગથિયાં દેખાયાં ને તે બન્ને નીચે ઉતરી ગયાં.

લગભગ એકસો પગથિયાં ઉતરીને એ બન્ને ભૂમિગર્ભમાં ચાલવા લાગ્યાં. એક સીધી ચાલ અને તેમાં એક તરફ ઓરડીઓની હાર જોવામાં આવી. એ સર્વ ઓરડીઓને મજબૂત તાળાં વાસેલાં હતાં. સીતાએ નિઃસરણીના નીચેના ભાગમાંથી ચાવીઓનો એક ઝૂડો કાઢી લીધો અને પ્રથમની ઓરડીમાં તેમણે પ્રવેશ કર્યો. એ ઓરડીમાં પગમાં પહેરાવવાની બેડીઓ, હાથકડીઓ, મજબૂત દોરડાં, કાઠ અને ચાંપ આદિ વસ્તુઓ જોવામાં આવી. ચંદ્રશંકરે પૂછ્યું; "એક ભયંકર કારાગારમાં હોવી જોઇએ તેવી વસ્તુઓ આ મંદિરમાં શા કારણથી રાખવામાં આવી છે?"

"આ શાક્તસદન પણ એક ભયંકર કારાગૃહ જ છે. જો કોઈ પણ સ્ત્રી કે પુરુષ શાક્તધર્મની આજ્ઞા અથવા રૂઢિનો અનાદર કરે કે પલાયનનો પ્રયત્ન આદરે, તો તેને આ સ્થળે કેદ કરવામાં આવે છે અને તે વેળાએ આ સાધનોનો ઉપયોગ કરાય છે. સરકારના કેદખાનામાંથી તો શિક્ષાનો કાલાવધિ પૂરો થતાં અપરાધીને મુક્ત કરવામાં આવે છે, પણ આ કારાગૃહમાંનાં સ્ત્રી કે પુરુષ અપરાધી ઠર્યા કે મરણ પર્યન્ત મુકિત મેળવી શકતાં નથી, આટલી આ શાકતસદનના કારાગૃહના નિયમની વિશેષતા છે. જ્યારે એવાં બંદિવાનો રીબી રીબીને મરી જાય છે, ત્યારે તેમને અહીંથી એક મોટા ખાડામાં નાખી દેવામાં આવે છે. એ ખાડો પણ તમારા જોવામાં આવશે." સીતાએ ખુલાસો કર્યો.

ત્યાંથી નીકળીને તેઓ બીજા ઓરડામાં પેઠાં. ત્યાં જીવિત મનુષ્યને નાના પ્રકારની યંત્રણાઓ–મરણ તુલ્ય વેદનાઓ આપવાનાં કેટલાંક યન્ત્રો ગોઠવી રાખેલાં હતાં. તેમનો પરિચય કરાવતી સીતા કહેવા લાગી; "લોકો મરણને મહાભયંકર અને દુઃખદ માને છે, પણ આ યંત્રો જેવી ભયંકરતા મૃત્યુમાં પણ નથી, એવો મારો દૃઢ અભિપ્રાય છે. જુઓ આ યંત્ર–આના મધ્યમાં મનુષ્યને બેસાડી યંત્રને ચાલતું કરવાથી પ્રથમ તેના અડધા હાથ, પછી અડધા પગ અને અંતે નાક તથા માથું પોતાની મેળે જ કપાઈ જાય છે અને તે અસહ્ય યાતના ભોગવી મરણ શરણ થાય છે. આ બીજા યંત્રમાં મનુષ્યને મૂકી યંત્ર ચલાવતાં તેની આખી ચામડી ઉતરડાઈ જાય છે અને તે અપરાધી મનાયલાના શરીરમાંથી નીકળતા રુધિરનું શક્તિભકતો આનંદથી અમૃત પ્રમાણે પાન કરે છે–જુઓ તે રુધિર આ નીચેના પાત્રમાં એકત્ર થાય છે. આ તૃતીય ગોળ ગર્ભવાળા યંત્રમાં ચારે તરફ ખીલા જડેલા છે–એની વચ્ચે મનુષ્ય મૂકાય એટલે ચારે તરફની દીવાલો સંકુચિત થતાં ખીલા તેના શરીરમાં ભોકાય છે અને ઉપરથી ખોપરી ઉપર મુદ્ગરનો આઘાત થતો જાય છે! એ દીવાલ સંકોચ તથા વિકાસને પામતી હોવાથી ખીલા ભોકાય છે, નીકળે છે અને પાછા ભોકાય છે અને શાકતોના ભોગ થયેલા તે બચારા માનવ પ્રાણીની મહા દુર્દશા થાય છે. આવાં અને એથી વધારે ભયંકર બીજાં યંત્રો પણ છે; પરંતુ તે સર્વના વર્ણનમાં વિશેષ સમયનો ભોગ આપવો યોગ્ય નથી. આ સર્વ યંત્રો અપરાધીને યંત્રણા આપવામાટેનાં છે." સીતા એ પ્રમાણે એ યંત્રોનો પરિચય કરાવી ચંદ્રશંકરને ત્રીજા ઓરડામાં લઈ ગઈ.

"બસ–પશુતા, નિર્દયતા અને ક્રૂરતાનો અહીં અવધિ થાય છે. બસ કરો–સીતા, બસ કરો! હવે આ રાક્ષસીય આગારને વધારે વાર જોવાની મારી ઇચ્છા નથી!" ચંદ્રશંકરે નેત્રો બંધ કરીને કહ્યું.

"જ્યારે આટલો પરિશ્રમ ખાસ આ ભેદોનું અવલોકન કરવામાટે જ તમે લીધો છે. તો બરાબર જુઓ; આવો અવસર વારંવાર મળવાનો નથી." સીતાએ કહ્યું.

પછી તેઓ ચોથા ઓરડામાં આવ્યાં. આ ઓરડો નાના પ્રકારનાં અસંખ્ય શસ્ત્રાસ્ત્રોથી ભરેલો હતો. "આટલાં બધાં શસ્ત્રાસ્ત્ર રાખવાનું શું કારણ?" ચંદ્રશંકરે પૂછ્યું.

સીતા બોલી:–"શાક્તસદનના કેટલાક લોકો લૂટફાટ કરવાને જાય છે, તે વેળાએ અને જો કોઈ અજ્ઞાત લૂટારાનો આ સદનપર હલ્લો આવે, તે વેળાએ અહીંના

લોકોના પ્રાણ તથા સદનના ધનમાલના રક્ષણમાટે આ શસ્ત્રાસ્ત્રો ઘણાં જ ઉપયોગી થઈ પડે છે. પરવાના ન હોવાથી આ શસ્ત્રાસ્ત્રોને આવી રીતે ગુપ્ત સ્થાનમાં રાખવાની વ્યવસ્થા કરેલી છે. આ ઓરડાની નીચે બધો ચોરીનો માલ ભરેલો છે, પણ તે જોવાની ખાસ કરીને જરૂર નથી. આની પછીના બે ત્રણ ઓરડા ખાસ જોવા લાયક છે!" સીતા એ પ્રમાણે બોલીને આશ્ચર્યનિમગ્ન ચંદ્રશંકરને પાંચમા ઓરડામાં લઈ ગઈ.

એ પાંચમો ઓરડો બીજા ઓરડાઓ કરતાં પહોળાઇમાં મોટો એટલે કે લગભગ બે ઓરડા જેવડો એક ઓરડો હતો. એમાં વચ્ચે પડદા નાખીને લગભગ છ કે સાત ખાટલા રાખેલા હતા અને દરેક ખાટલા પાસે એક બાલદી, એક થાળી, બે વાટકા, ચમચો અને લોટો વગેરે વસ્તુઓ પડેલી હતી. એ વ્યવસ્થાને જોઇને હૉસ્પિટલના વૉર્ડોનું સ્મરણ થાય એ સ્વાભાવિક જ હતું. ઓરડાના મધ્યમાં એક પાષાણશિલા જોવામાં આવી.

"આ હૉસ્પિટલ રાખવાનું અને તે પણ ખાસ ભૂગર્ભમાં રાખવાનું શું કારણ?" ચંદ્રશંકરે પૂછ્યું.

"આ હૉસ્પિટલ નથી, પણ મહાભયંકર હત્યાગાર છે." સીતાએ કહ્યું.

"એટલે?" ચંદ્રશંકરે આશ્ચર્યથી પૂછ્યું.

"એટલે એ જ કે, હિંદુસ્તાનના બહુધા બધા પ્રાંતોમાં શાક્તધર્મનો ઉચ્ચમાં ઉચ્ચ જાતિમાં પણ ગુપ્ત પ્રચાર ઘણા જ મોટા પ્રમાણમાં છે; અને તેથી તેવી જ્ઞાતિઓમાં જે વિધવાઓ અનાચાર તથા વ્યભિચારના યોગે ગર્ભવતી થઈ જાય છે, તેઓ જનસમાજમાં પોતાની થનારી અપ્રતિષ્ઠા અને અપકીર્તિને અટકાવવામાટે ગર્ભપાત કરવા હિંગલાજ માતાની યાત્રાના નિમિત્તથી અથવા તો અન્ય કોઈ કારણ બતાવીને આ સદનમાં આવે છે અને તેવી ગર્ભવતી વિધવાઓને આ હત્યાગારમાં રાખવામાં આવે છે. જો બે ત્રણ માસનો ગર્ભ હોય તો તો તેનો પાત કર્યા પછી આ સ્થળનો બીજો ઉપયોગ થતો નથી; પણ કેટલીક સ્ત્રીઓને તો પૂરા દિવસ પણ થઈ જાય છે અને તેવી વિધિવાનાં સંતાનો–તરતનાં જન્મેલાં સંતાનો–ને તેમનાં માથાં આ શિલા ઉપર પછાડીને મારી નાખવામાં આવે છે. આ શાક્તસદનની સ્થાપના થવા પછી અહીં એવાં લક્ષાવધિ બાળકોનાં ખૂન થઈ ગયાં હશે! હમણાં જ અહીં બે ગર્ભવતી સ્ત્રીઓ હતી અને તેઓ આજથી છ દિવસની વાત ઉપર જ પોતાનાં પુત્ર અને પુત્રીને દેવીનાં બલિદાન બનાવી આ રાક્ષસોની રાજધાનીને છોડી ગઈ છે! અહીં કોઈ સ્ત્રી હોત, તો આપણાથી આવી શકાત નહિ. એવી સ્ત્રીઓ પાસેથી આ પાપકર્મને છુપાવવાનાં બદલામાં તેમની શક્તિ પ્રમાણે નાણાંની સારી રકમો લેવામાં આવે છે અને એથી આ સદનને હજારોની વાર્ષિક આવક થયા કરે છે. જો કોઈ અબળા સુવાવડમાં મરી જાય છે, તો તેને અહીંના ભૂગર્ભમાં જ સદાને માટે દાટી દેવામાં આવે છે અને તેના મરણની તેનાં સગાં વહાલાંને ખાનગી ખબર મોકલી આપવામાં આવે છે. એવી રીતે અહીં મરી જનાર સ્ત્રીની ઉત્તરક્રિયા પણ અહીં જ થવી જોઇએ, એવો નિયમ હોવાથી તેમાટેનો ખર્ચ તેનાં સગાંવહાલાં કે લાગતાંવળગતાંએ ભરવો પડે છે અને જો તેઓ તેમ ન કરે તો તે સ્ત્રીના કુકર્મનો આડકતરી રીતે પ્રકાશ કરીને તેમનો ફજેતો કરવામાં આવે છે; એટલે ભયથી

સર્વજનો માગ્યા પ્રમાણેની રકમ મોકલી આપે છે. આવી આવક પણ સારા પ્રમાણમાં થાય છે."

એ પછી સીતા, જે ખાડામાં મડદાંને નાખી દેવામાં આવતાં હતાં ત્યાં ચંદ્રશંકરને લઈ ગઈ. તે ગર્ત્તાનું મુખ એક માણસ સહેલાઇથી અંદર પડી શકે એટલું લાંબુ પહોળું હતું અને તેને અત્યારે પાટિયાંના ત્રાફાથી ઢાંકી રાખવામાં આવ્યું હતું. તે ઢાંકણું ઉઘાડીને સીતાએ તેને ખાડો બતાવી કહ્યું; "જે અપરાધી સ્ત્રી કે પુરુષને વેદના-યંત્રોમાં નાંખીને મારી નાખવામાં આવે છે, જે વિધવા સ્ત્રીઓ પ્રસુતિકાળમાં મરી જાય છે અને જે બાળકોને શિલાપર પછાડીને દેવીનાં બલિદાન બનાવવામાં આવે છે, તે સર્વનાં શબોનું ભક્ષણ કરીને પોતાના ઉદરમાં શમાવી દેનારી આ જ ગોઝારી ગર્ત્તા છે! આ જુઓ પેલી બાજૂએ ચૂના અને મીઠાના ઢગલેઢગલા કરી રાખેલા છે તે. મડદાને ખાડામાં નાખ્યા પછી ઉપરથી ભરપૂર ચૂનો અને મીઠું નાખવામાં આવે છે, કે જેથી દુર્ગંધ ઉપર ન આવે અને રોગ ન ફેલાય. વળી આ ખાડો ઊંડો પણ એટલો બધો છે કે નીચેનો દુર્ગંધ અહીં સુધી ભાગ્યે જ પહોંચી શકે; છતાં આ સંભાળ લેવામાં આવે છે એ સારું જ છે. આ ઉપરાંત બીજાં પણ કેટલાંક ગુપ્ત સ્થાનો છે, પણ તે સર્વ આવાં ત્રાસદાયક કાર્યમાટેનાં જ સ્થાનો હોવાથી તે સર્વને જોવાની ખાસ આવશ્યકતા નથી."

"મારો પણ એ જ અભિપ્રાય છે. ભલા વખત કેટલોક થયો હશે?" ચંદ્ર-શંકરે કહ્યું.

સીતા ઘડિયાલ સાથે લાવી હતી એટલે તેમાં જોઇને તેણે કહ્યું;—"બે ને દશ મિનિટ. હવે કહો તો આપણે પાછાં ઉપર જઇએ. કારણ કે, કોઈ સશક્ત મનુષ્યનો માદ ઉતરી જાય અને આપણને તે આમ અહીંથી નીકળતાં જુએ તો પરિણામ ભયં-કર આવવાનો સંભવ છે!"

બન્ને પાછાં ઉપર આવ્યાં અને સીતાએ ભૂગર્ભમાં જવાના બેમાલૂમ દરવાજાને બંધ કીધો. તેઓ દયામયીના ઓરડામાં આવીને બેઠાં. ચંદ્રશંકર દયામયીના ટેબલ પાસેની કુરસીપર બેઠો, સીતા વસ્ત્ર બદલીને પલંગપર આડી થઈ ગઈ. સીતાની આંખ વાત કરતાં કરતાં લાગી ગઈ. ચંદ્રશંકરે સહજ કૌતુકથી ટેબલનું ખાનું ખેંચ્યું અને ચાવી ન દીધેલી હોવાથી તે બહાર ખેંચાઈ આવ્યું. આગળના ભાગમાં જ એક કાગળ પડેલો હતો. વાંચતાં તે ગોપાળિયાએ દયામયીપર મોકલાવેલો કાગળ નીકળ્યો. તેમાં આલમચંદની મિલકત વિશેનો ઇશારો હોવાથી તેણે તે કાગળ વખતે ભવિષ્યમાં પૂરાવા તરીકે કામ લાગે, એવી ધારણાથી પોતાના ખીસામાં સેરવી દીધો!

* * * *

નિશા વીતી અને પ્રભાત થયો. હજી તો સીતા નિદ્રામાંથી જાગૃત થઈ નહોતી એટલામાં એક દાસીએ શયનગૃહમાં આવીને તેને જગાડી અને જણાવ્યું કે;—"આપણા મંડળમાંના કોઈ ચાર માણસો એક તરુણ સ્ત્રીને બેભાન હાલતમાં ઉપાડી લાવ્યા છે અને તે તરુણીને આપના કબ્જામાં આપી તરત પાછા ચાલ્યા જવા માગે છે."

"ચાલ, હું આવી;" એમ કહી સીતાએ ઉઠીને મુખપ્રક્ષાલન કર્યું: તે નીચે ગઈ. ચંદ્રશંકરને ત્યાં આવતો દ્વારપાળે અટકાવ્યો. તે મૂર્ચ્છિત તરુણીને એક ઓર-

ડામાં રાખવામાં આવી. **સીતા**ને ઉદ્દેશીને તે ચાર આસામીઓએ કહ્યું;–"મહાત્મા ગોપાળદાસની આજ્ઞાથી કરાચીમાંથી આ બાળાનું અમે હરણ કરી આવ્યા છીએ અને એને બંદોબસ્તથી રાખવાની અમને આજ્ઞા મળેલી છે."

"તે આજ્ઞા પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવશે!" **સીતા**એ કહ્યું.

તેઓ ચાલ્યા ગયા. મૂર્છિત સ્ત્રીના મુખપરના વસ્ત્રને ઉઠાવી જોતાં જે મુખમંડળ **સીતા**ના જોવામાં આવ્યું, તેથી તે આશ્ચર્યચકિત તથા દિગ્મૂઢ જ થઈ ગઈ. રાત્રિના સમયે એ સ્ત્રીના મુખને જોઈ **ચંદ્ર**શંકર તો પાષાણપ્રતિમા જેવો જ થઈ ગયો અને રડી પડ્યો! એ મૂર્છિત તરુણી કોણ? અને શાક્તસદનમાં કેવી રીતે આવી?

પ્રકરણ ૪૯ મું

ચંદ્ર છટકયો

તે મૂર્છાગત યુવતીના શયન અને ઔષધોપચાર આદિની વ્યવસ્થા કર્યા પછી **સીતા ચંદ્ર**શંકરને લઇને પાછી પોતાના ઓરડામાં આવી. તે નિઃશ્વાસ નાખીને બોલી;– "જોયાં કે આ મહાત્માશ્રીનાં પાપો! હવે આ બિચારી નિર્દોષ બાળાનો અવતાર પણ અહીં બગડી જવાનો–ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો! અરેરે–પરમેશ્વરના ન્યાયનો સ્વર્ગવાસ થઈ ગયો છે કે શું? તે આવા ભયંકર પાપીઓપર વીજળી પાડીને કે એમને સર્પપેરે દંશીને મારી કેમ નથી નાખતો અને આવા ભયાનક અત્યાચારોને મૂગે મોઢે કેમ સહન કરી રહ્યો છે! એનું કારણ હું સમજી શકતી નથી. હવે તો આ શાક્તસદનના–અરે આ લોકના પ્રત્યક્ષ નરકસ્થાનના–નિવાસનો મને ઘણો જ કંટાળો આવી ગયો છે; પણ મારો છૂટકો થવો અશક્ય છે!" આમ બોલીને કોમળ હૃદયની **સીતા** ડૂસકાં ભરી ભરીને રડવા લાગી.

ચંદ્રશંકરના હૃદયસ્થ કોપની જ્વાળા પણ મસ્તક પર્યન્ત પહોંચી ગયેલી હોવાથી **સીતા**ના આવા ઉદ્ગારોનું શ્રવણ કરતાં જ તે બોલી ઉઠ્યો;–"**સીતા**, જો તમારી આ નરકમાંથી નીકળવાની જ ઇચ્છા હોય, તો આ ક્ષણે જ આપણે અહીંથી પલાયન કરી શકીએ એમ છે. અત્યારે શાક્તસદનનો સર્વ અધિકાર તમારા હાથમાં હોવાથી તમને જતાં કોઈ પણ અટકાવે તેમ નથી. આ બાળાને પણ આપણે સાથે લઇ જઇશું."

"ભૂલ! ભયંકર ભૂલ! આવો વિચાર જ ન કરશો! શાક્તસદનનો સર્વ અધિકાર અત્યારે મારા હસ્તમાં હોવાથી મારી હીલચાલપર કોઈ પણ જાતની દેખરેખ નહિ જ હોય, એમ તો તમારે કદાપિ ધારવું જ નહિ. ગુપ્તરીતે દયામયીએ અહીંના કેટલાક પુરાણા પાપીઓને મારાપર બારીક નજર રાખવાની આજ્ઞા આપી જ હશે. આપને અહીંથી ન છટકવા દેવાની તો તેણે મને જ આજ્ઞા કરેલી છે. વળી કરાચી સુધીના નિર્જન માર્ગમાં પણ શાક્તસદનના ગુપ્ત ચરો આવી તપાસમાટે ફરતા જ રહે છે. જો આપણા પલાયનના વિચારની અહીંના કોઈમાણસને જાણ થાય અને તે ખબર માર્ગમાંના ગુપ્ત દૂતોને પહોંચાડવામાં આવે, તો પછી તેઓ આપણા પ્રાણ લીધા વિના કદાપિઆપણને છોડે તેમ નથી. અર્થાત્ આ સાહસ પૂર્ણ વિચાર કર્યા પછી જ કરવાનું છે. ભાગીએ અને અહીંનાં કે ત્યાંનાં કયાંનાંય ન રહીએ તેમાં શો લાભ? કોઈ એવો ઉપાય શોધી

કાઢવો જોઇએ કે આબાદ છટકી જવાય અને જીવનું જોખમ ન થાય, કે જેથી જીવતાં રહીને આપણે આ પાપીઓને એમનાં પાપોનાં ફળ ચખાડી શકીએ." સીતાએ વિચાર કરીને કહ્યું.

"મને અહીંથી છટકવા ન દેવાની આજ્ઞા કેવળ તમને જ આપવામાં આવી છે, એટલે હરકત નથી. કોઈ રીતે મને અહીંથી જવાની આજ્ઞા આપો, તો કુરાથી જઇને અહીંથી તમારો છૂટકારો કરવાનાં સાધનો હું મેળવી શકીશ. ઈશ્વર કરશે, તો આઠ પંદર દિવસમાં જ તમે આ નરકાગારમાંથી સદાને માટે મુક્તિ મેળવી શકશો." ચંદ્રશંકરે ઉપાય દર્શાવ્યો.

"આ બાબત બની શકે એવી છે; પરંતુ તમને અહીંથી જવાદેવાની મારી ઇચ્છા થતી નથી; કારણ કે, આ રાક્ષસોના આગારમાં કેવળ આપની સાથેના વાર્તાલાપથી જ મારા બળતા હૃદયમાં શાંતિ થાય છે અને આંતરિક દુઃખો ઘડીક વાર ભૂલી જવાય છે. આપના વિયોગ વિના બીજો કોઈ ઉપાય નથી?" સીતાએ સ્નેહદર્શક સ્વરથી એ વાક્યો ઉચ્ચાર્યાં.

"જો કોઈ એવો જ વિશ્વાસપાત્ર મનુષ્ય આપણા હાથમાં હોય, તો અહીંથી જ આપણે સરકારની મદદ મંગાવી શકીએ એમ છે; પણ અહીંના કોઈ પણ માણસમાં વિશ્વાસ રાખી શકાય તેમ નથી. શક્તિના ઉપાસકમાં વિશ્વાસ રાખવો અને પોતાના મુખથી જ યમરાજને આવાહન કરવું એ બન્ને બરાબર હોવાથી મારા પોતાના અહીંથી ગયા વિના કાંઈ પણ બની શકે તેમ નથી. 'આપ મુઆવિણ સ્વર્ગે ન જવાય' એ કહેવત તો તમારા સાંભળવામાં હશે! માટે હૃદયને કઠિન બનાવીને મને જવાની આજ્ઞા આપો."

સીતા પુનઃ ગંભીર વિચારમાં પડી ગઈ અને કેટલીક વાર વિચાર કર્યા પછી દીન મુદ્રાથી કહેવા લાગી;–"ભલે, આપની એવી જ ઇચ્છા છે, તો હું આપને જવાની આજ્ઞા આપું છું. અહીંના લોકોને તમારા ગમનનું કોઈ બનાવટી કારણ મારે દર્શાવવું પડશે. પણ એ બધી યોજના હું કરી લઈશ. માત્ર તમારે જવા પહેલાં પંદર દિવસની અંદર અહીં પાછા ફરવાનું વચન આપવું પડશે. તેટલા અવધિમાં જો નહિ આવો, તો બીજું કાંઈ તમને તો નુકસાન થવાનું નથી, પણ હું નિરાશામાં આત્મહત્યા કરીને મારા પ્રાણનો ત્યાગ કરીશ, એ નિશ્ચિત માની લેવું; કારણ કે, હવે આ નરકમાં રહીને વધારે દિવસ જીવવાની મારી ઇચ્છા નથી. જો આપના હૃદયમાં મારા વિશે જરા પણ દયાનો અંશ હોય અને પરોપકારબુદ્ધિનો નિવાસ હોય તો અવશ્ય મારો છૂટકો કરજો–મને ભૂલી ન જશો. નયનથી દૂર તે હૃદયથી પણ દૂર, એ કહેવતને ખરી કરી ન બતાવશો. આપ ધર્માત્મા હોવાથી હું વિશેષ સૂચના આપવાની આવશ્યકતા જોતી નથી."

"મારા વિશે તમારા મનમાં કોઈ પણ પ્રકારની કુશંકાને સ્થાન આપશો જ નહિ. તમે હજી મારા ખરા જીવનને જાણતાં નથી, તેથી જ આવી શંકા તમારા હૃદયમાં ઉત્પન્ન થાય છે. જ્યારે મારા જીવનવૃત્તાંતને જાણશો, ત્યારે તો આ કુતર્કમાટે અવશ્ય તમને પશ્ચાત્તાપ જ થશે. તે જીવનવૃત્તાંત સમય આવતાં તમારા જાણવામાં

આવશે જ; અત્યારે તો માત્ર એટલું જ હું ધર્મપૂર્વક જણાવું છું કે, પરોપકાર એ જ મારો પરમ ધર્મ છે અને પરોપકારને જ મેં મારું આ નશ્વર જીવિત સમર્પિત કરેલું છે. મારા હાથે જ્યાં સુધી તમારો છૂટકો અને આ નવીન આગંતુક નિર્દોષ બાળાનો ઉદ્ધાર નહિ થાય, ત્યાં સુધી હું ક્ષણવાર પણ જંપીને બેસવાનો નથી. પંદર દિવસનો અવધિ તો વધારે છે; ઈશ્વર કરશે, તો આઠ દિવસની અંદર જ પાપીઓનો બંધા ઘાટ ઘડાઈ જશે અને ધર્માત્માઓને બંધનમુક્તિ મળશે!" ચંદ્રશંકરે આશ્વાસન આપતાં કહ્યું.

"આપના વચનમાં મારો સંપૂર્ણ વિશ્વાસ છે અને હું એ જ આશીર્વાદ આપું કે, આ પરોપકારના કાર્યમાં પરમાત્મા તમારો વિજય કરે!" સીતાએ ગદ્ગદિત કંઠે આશીર્વચન ઉચ્ચાર્યું.

"ત્યારે હવે મારે અહીંથી નીકળવું ક્યારે?" ચંદ્રે પૂછ્યું.

"આવતી કાલે પ્રભાતમાં પ્રયાણ કરજો. આજે હું અશ્વ તથા માર્ગમાં ખાવા પીવામાટે જોઇતી વસ્તુઓની તૈયારી કરાવી રાખું છું. વળી તમારા જવાની વાત પણ મારે બધાંને જણાવવી પડશે અને તે કાર્ય પણ રાત્રે ગુપ્ત રીતે કરવું પડશે" સીતાએ કહ્યું.

"જેવી તમારી ઇચ્છા; તમારી આજ્ઞા પ્રમાણે વર્ત્તવાને હું તૈયાર છું." ચંદ્રશંકર બોલ્યો.

* * * * *

રાત્રે સર્વ શાક્ત સ્ત્રીપુરુષોને સભાગૃહમાં એકઠાં કરી સીતાએ જણાવ્યું;—"અહીં શાક્તધર્મની દીક્ષા લેવામાટે આવેલા મહાશય ચંદ્રશંકર દીક્ષાસમારંભમાં ખર્ચવામાટે જોઇતા રૂપીઆ પાંચ હજારની રકમ લાવવામાટે આવતી કાલે કરાચી જવાના છે અને તેમને જવામાટેની આજ્ઞા પણ મેં આપી છે. તેઓ આઠ દશ દિવસમાં પાછા આવશે અને એટલામાં દેવી દયામયી તથા દેવ ગોપાળદાસ પણ પધારશે એટલે સમારંભનો ઠાઠ સારો જામશે અને પૂર્ણાભિષેક આદિનો આનંદ પણ અપૂર્વ મળશે. તમો સર્વનો શો અભિપ્રાય છે?"

"આપનો અભિપ્રાય તે જ અમારો અભિપ્રાય! આવા આનંદની આશા હોય, ત્યાં એમને જવાની કોણ ના પાડે વારુ?" સર્વજનોએ એક સ્વરથી કહ્યું.

કાગડા અને ગીધ પ્રમાણે પંચ મકારના સ્વાદોપભોગમાટે નિરંતર ટાંપી બેઠેલાં પામર પ્રાણીઓના મુખમાંથી એ વિના બીજા કયા ઉન્નત ઉત્તરની આશા રાખી શકાય? સીતાને પોતાની ઇચ્છા પ્રમાણેનું જ અનુમતિદર્શક ઉત્તર મળવાથી આનંદ થયો. બહાર આવીને તેણે ચંદ્રશંકરના પ્રવાસમાટેની તૈયારી કરવાની પોતાના અનુચરોને આજ્ઞા આપી દીધી.

રાત્રે ભોજન કર્યા પછી સીતા અને ચંદ્રશંકર આમ તેમની વાતો કરતાં બેઠાં હતાં, એવામાં વાત કરતાં કરતાં ચંદ્રશંકરના મુખમાંથી એવા ઉદ્ગારો નીકળી ગયા: "સીતા, આજસુધીમાં—જ્યારથી એક પ્રકારે સંસારમાંથી મેં મારું મન કાઢી લીધું, ત્યારથી—મારા મનમાં કોઈ પણ પ્રકારના શુભ કે અશુભ વિકારનો ઉદ્ભવ થયો નહોતો

અને કોઈ સ્ત્રીમાં મારું મન આકર્ષાયું નહોતું; પણ આજે કોણ જાણે શા કારણથી મારા મનમાં કાંઇક આકર્ષણ થતું મારા જોવામાં આવે છે અને તમને છોડી જતાં મન કાંઇક અચકાય છે. હું નથી જાણી શકતો કે શામાટે તમારા સમાગમમાં મને આનંદનો અનુભવ થાય છે અને વિયોગ અતિશય વિપત્તિકારક જણાય છે. સીતા, મારા આ કથનથી તમે એમ ન ધારશો કે, તમારા વિશે કોઈ પણ અશુભ વિકારનો મારા હૃદયમાં ઉદ્‌ભવ થયો છે. એ વિકાર કેવા પ્રકારનો છે, એ હું પોતે પણ જાણી શકતો નથી—માત્ર મન આકર્ષાય છે, એટલું જ હું જાણી શકું છું."

"આપનું મન કોઈ પણ કારણવશાત્ મારા પ્રતિ આકર્ષાયું છે, એ પણ મારાં સદ્‌ભાગ્ય! એથી મને પ્રબળ આશા બંધાય છે કે, અવશ્ય આપના વરદ હસ્તે મારો ઉદ્ધાર થવા પામશે!" સીતાએ માર્મિકતાથી કહ્યું.

એ પછી બીજી કેટલીક વાતચીત કરીને બન્ને પોતપોતાના શયનગૃહમાં જઇને પડ્યાં. સીતા પડી પડી મનમાં વિચાર કરવા લાગી; "વયમાં આવેલા પુત્રે પોતાની જન્મદાત્રી માતા સાથે પણ એકાંતવાસ ન કરવો એવી જે ધર્માજ્ઞા છે તે યોગ્ય છે. મારી ધારણા પ્રમાણે તો ચંદ્રનું મન આકર્ષાયું છે, તે આટલા દિવસના અમારા એકાંતવાસનું જ પરિણામ હોવું જોઇએ. અગ્નિ અને ઘૃતનો સંયોગ થતાં ઘૃત પીગળ્યા વિના રહે, એ સર્વથા અશક્ય છે. કંચન અને કામિનીના સ્પર્શથી મોટા મોટા મુનિવરોનાં મન પણ ચળી ગયાં છે, તો આ બિચારા ચંદ્રની શી કથા! મને એ પોતાની બીજી કોઈ ઇચ્છાને તૃપ્ત કરવામાટે તો અહીંથી છોડવવા નહિ માગતો હોય! એમ પણ સંભવતું નથી; કારણ કે, પોતાની એવી ઇચ્છાને તૃપ્ત કરવામાટેના આ શાક્તસદનમાંના સર્વ માર્ગો ખુલ્લા છે, અને મને પણ દયામયીએ એને સર્વ પ્રકારે સંતોષવાની કઠિન આજ્ઞા કરેલી છે, એટલે જો એ પોતાની એવી ઇચ્છા વ્યક્ત કરે, તો તો મારે પણ એની તે ઇચ્છાને આધીન થવું જ પડે. પણ નહિ, અહીં વધારે દિવસ રહેવાથી પરિણામે વિનાશ અને ભ્રષ્ટતાનો ભય હોવાથી અહીંથી નીકળી જઈ મને પોતાની ધર્મપત્ની બનાવવાનો જ એનો વિચાર હશે અને તેથી જ મને છોડવવાના જોખમને માથાપર ઉપાડવાને એ તૈયાર થયો છે. જો એમ થાય તો શું ખોટું? એક સદ્‌ગૃહસ્થની ધર્મપત્નીના પદને પામી સંસારસુખ ભોગવવું અને પ્રતિષ્ઠાપૂર્વક જીવનનું સાર્થક્ય કરવું, એમાં હાનિ જેવું કાંઈ પણ નથી. પરંતુ મારા ભાગ્યમાં એવું સુખ લખાયલું છે ખરું? હાલ તો એવું કાંઈ પણ દેખાતું નથી, ભવિષ્યમાં જે બને તે ખરું."

આવા પ્રકારના વિચારોમાં ચિત્ત પરોવાયાથી તેને નિદ્રા ન આવી અને તેથી તે સિતાર લઇને ગાવા બેઠી. તેણે સંગીતનો આલાપ આરંભ્યો;—

"મનહર મન મમ હર્યું તમે તો આજ,
વ્હેલા આવજો મહારાજ. ટેક.
લટકે લોભાતાં લોપી લલનાએ લાજ. વ્હેલા.
ભર્ત્તા ભાન ભુલાવ્યું ભૂલી ભમું તમકાજ. વ્હેલા.
રસિયા રસિક તમે છો રસલીના રસરાજ. વ્હેલા.

ચંચળ ચિતડું ચોરી રમી રહ્યા ચિતમાંજ. વ્હેલા.
જીવન ખમા ખમા છે ઘણું જીવો સરતાજ." વ્હેલા.

રાત્રિ નિઃસ્તબ્ધ અને આસપાસનો પ્રદેશ જનશૂન્ય હોવાથી એ સંગીતધ્વનિનો સર્વત્ર પ્રસાર થતો અને તેનો પ્રતિધ્વનિ નીકળતો જણાયો. ચંદ્ર પોતાની શય્યામાં જાગીને બેઠો થયો અને સંગીતમાંના ભાવને જાણી આશ્ચર્યચકિત થઈ ગયો. તે મનમાં જ બોલ્યો;–"હું પ્રભાતમાં પ્રયાણ કરવાનો હોવાથી એ સંગીત એણે ખાસ મને ઉદ્દેશીને તો નહિ ગાયું હોય! એ સંગીતમાંનાં વિશેષણો તો એમ જ દર્શાવે છે કે, એનું મન પણ મારામાં પરોવાયલું છે; પણ એ વિશેષણો એની વિકારમયી ભાવનાને સ્પષ્ટતાથી વ્યક્ત કરે છે. મારી ભાવના એવા પ્રકારની નથી; એટલો જ ભેદ! હશે–એકવાર મારા વચન પ્રમાણે એનો છૂટકો તો કરવો જ જોઇએ; પછી જે થવાનું હશે તે થશે. અત્યારે આવા વિચારોને હૃદયમાં સ્થાન આપવાનો અવસર નથી."

ચંદ્ર રાતે મોડો સુતેલો હોવાથી ઉષઃકાળમાં તેને ઘણી જ મીઠી નિદ્રા આવી ગઈ; પરંતુ **સીતા**ને જરા પણ નિદ્રા ન આવેલી હોવાથી તેણે પાંચ સાડા પાંચ વાગ્યામાં શય્યાનો ત્યાગ કર્યો અને ચંદ્રના શયનગૃહમાં આવી તેને અતિશય નિદ્રાવશ જોઈ ચરણોને સ્પર્શ કરીને જગાડવાની ચેષ્ટા કરી. તે થોડી વારમાં જાગ્યો અને **સીતા**ને જોઈ આશ્ચર્યથી પૂછ્યું:–"કેમ તમારે અહીં આવવું પડ્યું? રાત હજી કેટલીક બાકી છે?"

"રાત હવે જરાય બાકી નથી, પરોઢિયું થઈ ચૂકયું છે અને થોડી વારમાં જ અરુણોદય થશે. આપ પ્રવાસ કરવાના છો, એટલામાટે જ મારે ખાસ આપને જગાડવા અહીં આવવું પડ્યું." **સીતા** બોલી.

"બહુ જ ઉપકાર થયો," એમ કહી ચંદ્ર શય્યામાંથી ઉઠી શૌચ, મુખપ્રક્ષાલન અને સ્નાન આદિ નિત્ય કર્મથી મુક્ત થયો અને ત્યાર પછી ચાહ આદિ તૈયાર હોવાથી ચાહ નાસ્તો લઈ પ્રવાસમાટે તૈયાર થઇ ગયો. બહારના દ્વાર પાસે પલાણેલો અશ્વ ગ્રીવા ડોલાવતો અને પૃથ્વીપર પદાઘાત કરતો પોતાના સ્વારની વાટ જોતો ઉભો હતો. પ્રવાસવસ્ત્ર પહેરી ચંદ્ર જે વેળાએ જવાને તત્પર થયો, તે વેળાએ **સીતા**એ કહ્યું:–"ઘોડાના ગાસામાં ખાવામાટે પૂરી વગેરે અને પાણીની બદક નાખેલી છે. તેમ જ થોડાક પૈસા પણ સાથે રાખી લ્યો." આમ કહીને તેણે પચાસ પચાસની બે નોટો તેને આપી. ચંદ્ર પણ વધારે વિવેક કે આનાકાની કર્યા વિના તે લઈ લીધી અને અશ્વારૂઢ થઈ અશ્વને મારી મૂકયો. જ્યાં સૂધી માર્ગમાં તે દેખાયો ત્યાંસૂધી તો **સીતા** શાક્તસદનના સિંહદ્વારમાં ઉભી રહીને તેને જોતી હતી અને જ્યારે તે સર્વથા અદૃશ્ય થયો, ત્યારે નિરુપાયવશ પોતાના ઓરડામાં આવી અને સ્નાન આદિ નિત્ય કર્મમાં પ્રવૃત્ત થઈ.

* * * *

સ્નાન આદિથી મુક્ત થઈ તે ચાહ પીતી હતી એટલામાં એક દાસીએ આવીને ખબર આપી કે:–"જે નવીન બાળાને અહીં લાવવામાં આવી છે, તેણે રાત ઘણી જ ખરાબ હાલતમાં વીતાડી છે અને અત્યારે તો તેના મુખમંડળમાં મરણનાં ચિહ્નો સ્પષ્ટ

દેખાય છે. એના બચવાની અમને તો આશા નથી, છતાં આપ આવીને જુઓ અને ખાત્રી કરો."

"એટલાં બધાં ભયંકર શાં ચિહ્નો દેખાય છે ?" સીતાએ ગભરાઇને સવાલ કર્યો.

"રાતે સન્નિપાતનો ચાળો વધારે હતો અને અત્યારે શરીર શીતલ થતું જાય છે. હવે એનો શો ઉપચાર કરવો એની અમને તો સુઝ પડતી નથી !" દાસીએ નિરાશાનું દર્શન કરાવ્યું.

સીતા બિચારી નવી ચિંતામાં આવી પડી. ચંદ્રનો જે નિર્દોષ બાળાને એ નરકસ્થાનમાંથી મુક્ત કરવાનો મહા અભિલાષ હતો, તેની આવી ભયંકર સ્થિતિના સમાચાર સાંભળી સીતાનો અડધો જીવ ઉડી ગયો. તે ચાહે પીવાનું છોડી ઝટ દાસી સાથે તે બાળાના ઓરડામાં દોડી અને ત્યાં જે આદર્શ તેના જોવામાં આવ્યો, તેથી તો વળી તે વધારે ભયભીત થઈ ગઈ. તે બાળાનું જીવન ઘડીપળપર આવીને અટક્યું હતું.

ભયથી સ્તબ્ધ અને ગતિહીન બની સીતા તે શય્યાગત બાળાને એક ધ્યાનથી જોતી ઉભી રહી. થોડીવાર પછી તેને બચાવવામાટેના તેણે પોતાની બુદ્ધિ પ્રમાણેના નવીન નવીન ઉપચારો કરવા માંડ્યા.

પ્રકરણ ૪૭ મું

હરિણીનો શિકાર અને ભાવિભય

"કેમ હીરાસિંગ, મારું બતાવેલું કામ બરાબર પાર ઉતારી આવ્યા? હરિણી હાથમાં આવી ? તેને કહેલા સ્થાને પહોંચાડી ?" મહાત્મા ગોપાળદાસે ટાલપર હાથ ફેરવીને આમ સવાલ ઉપર સવાલ પૂછ્યા.

"પારધીના હાથમાં હરણી ન આવે, એમ કદાપિ બને ખરું ? આપનો હુકમ મળતાં જ હું તો મારા સાથીઓને લઇને વાઘૂમલ્લના બંગલાની હદમાં પહોંચ્યો અને રાત્રે કામ કેવી રીતે પાર પાડવું એનો મનમાં બધોએ ઘાટ ઘડી રાખ્યો. વાઘૂમલ્લના બંગલામાં તે છોકરીને સૂવામાટે નીચેનો ઓરડો આપેલો હોવાથી અમારું કાર્ય બહુ જ સરળ થઈ ગયું. ઓરડાની બે બારીઓ ઉઘાડી હતી અને બગીચામાં કોઈ નહોતું એટલે અંદર પ્રવેશ કરી પ્રથમ તો કલોરોફાર્મની મદદથી અમે તે બિચારીને બેભાન કરી દીધી અને ત્યાર પછી ઉપાડીને માર્ગે ચાલતા થયા. એક કઝાવાવાળો ઉંટ કેટલાક અંતર ઉપર તૈયાર જ રાખ્યો હતો એટલે તેને તેમાં નાખી અમે બારોબાર શાક્ત-સદનના માર્ગમાં પ્રવાસ કરવા માંડ્યો; અને ત્યાં સહીસલામત પહોંચી આપની અમાનત સીતાબાઇના હાથમાં સોંપી દીધી છે. હવે અમારાપર કૃપા થવી જોઇએ." હીરાસિંગે પોતાના પરિશ્રમની કથા કહી સંભળાવી.

એ સમયે એક પ્રહર રાત્રિ વીતી ગઈ હતી. મહાત્મા ગોપાળદાસ સાડા છ ફીટની લંબાઈ અને પાંચ ફીટની પહોળાઇના પીતળના પલંગપર રેશમી શય્યામાં મખમલના મોટા ગોળ તકિયાને અઢેલી પગપર પગ ચઢાવી આડા પડેલા હતા. તેમના શરીરપર કેવળ ધોતિયું અને પેરણ એ બે વસ્ત્રો જ દેખાતાં હતાં. પલંગ પાસેની આરામકુરસીમાં

દયામયી અંગના સર્વ અવયવો દેખાય એવું પારદર્શક એક જ બારીક વસ્ત્ર પહેરી પડી હતી અને નીચે ગાલીચા ઉપર ક્રૂર સ્વભાવ અને ક્રૂર દેખાવનો પંજાબી હીરાસિંગ બેઠો હતો. ઉપર પ્રમાણેના સવાલ જવાબ થયા પછી મહાત્માએ તેને પૂછ્યું;–"આ કામમાં તમે કેટલા માણસ રોકયા હતા?"

"આઠ." હીરાસિંગે જવાબ આપ્યો.

"દયામયી! આ આપણા વફાદાર સેવકને રૂપીઆ પાંચસો આપો." મહાત્માએ આજ્ઞા કરી.

દયામયીએ તીજોરીમાંથી રૂપીઆ પાંચસોની નોટો કાઢી લાવીને હીરાસિંગના હાથમાં આપી દીધી.

"કેમ તમારું મન સંતુષ્ટ થયું?" મહાત્માએ પૂછ્યું.

"અમને પૂરતો સંતોષ થયો છે. અમે ઈશ્વર પાસે એ જ માગીએ છીએ કે, તે આપને ઉદંડ આયુષ્ય આપે. આપ અમને આવાં જ કામો સોંપતા રહો અને અમારો નિર્વાહ આનંદથી ચાલ્યા કરે." હીરાસિંગે શુભ ભાવના દર્શાવી.

"તમારી ભાવના ફલીભૂત થાઓ!" મહાત્માએ આશીર્વાદ આપ્યો.

"ત્યારે હવે મને જવાની આજ્ઞા છે?" હીરાસિંગે પૂછ્યું.

"અહીંથી કયાં જશો?" મહાત્માએ સામો સવાલ પૂછ્યો.

"અહીંથી કરાંચી જઈશ, મારા મદદગારોને ભાગ વહેંચી આપીશ અને ત્યાર પછી પંદરવીસ દિવસ માટે પંજાબ જવાનો મારો વિચાર છે," હીરાસિંગે ઉત્તર આપ્યું.

"બહુ સારું–ત્યારે ભલે જાઓ; પણ પંજાબથી પાછા ફરો, ત્યારે અહીં મને મળતા જજો. તમારા માટે બનશે તો એકાદ કામ તૈયાર કરી રાખીશ!" મહાત્માએ આશાના કુલ્લામાં હાથ મૂકાવીને કહ્યું.

હીરાસિંગ મહાત્મા તથા દયામયીને નમસ્કાર કરીને ચાલ્યો ગયો. હવે એકાંત વાસમાં કેવળ મહાત્મા અને દયામયી જ રહ્યાં. અંદરથી ઓરડાનાં બારણાં બંધ કરી દયામયીએ પૂછ્યું:–"વહાલા, શાક્તસદનમાં કઈ હરિણીને મોકલી છે? મને તો એની કાંઈ ખબર પણ નથી એ શું? હવે તમે મારી સાથે પણ ભેદભાવ રાખવા માંડ્યો છે કેમ?"

"મારી ઇચ્છા પ્રમાણે કાર્યની નિર્વિઘ્ન સમાપ્તિ થવા પછી હું એ વાર્તા તને જણાવવાનો જ હતો. એટલામાં આ હીરાસિંગ અત્યારે આવ્યો. જો પ્રથમથી જ તારી સાથે ભેદભાવ રાખવાનો જ મારો વિચાર હોત, તો તારા દેખતાં જ હીરાસિંગ સાથે હું એ વિશેની વાતચીત કરત ખરો કે? કાંતો તને બહાર મોકલી દીધી હોત અને કાં તો એને હું બારોબાર મળ્યો હોત. સાંભળ, એ હરિણી બીજી કોઈ નહિ, પણ વૃન્દાની પુત્રી રોહિણી જ છે." મહાત્માએ નિષ્કપટતાથી કહ્યું.

"રોહિણીનું આવી રીતે હરણ કરાવવાનું કારણ?" દયામયીએ આશ્ચર્યથી પ્રશ્ન પૂછ્યો.

"આવી સર્વગુણસંપન્ન અને સંપૂર્ણ અનુભવ ધરાવનારી સ્ત્રી હોવા છતાં આવા એક સાધારણ કાર્યના કારણને તું સમજી નથી શકતી, એથી મને બહુ જ આશ્ચર્ય થાય છે!" **મહાત્મા** બોલ્યા.

"અત્યારે મારી બુદ્ધિ તો બહેર મારી ગઈ છે. કહેતા હો તો કહોને જલદી. બળ્યું, આમ તરસાવો છો શાને?" **દયામયીએ** સ્ત્રીચરિત્રનો પ્રયોગ કરીને એ શબ્દો ઉચ્ચાર્યા.

"લે ત્યારે મારી બુદ્ધિના પ્રભાવનું અવલોકન કર અને કાંઈક શીખ," એમ કહીને **મહાત્માએ રોહિણીના** હરણની કારણકથા વર્ણવવા માંડી, "જ્યારથી **વૃન્દાએ** પોતાની સંપત્તિ મને સોંપી દેવાની વાત કાઢી, ત્યારથી જ મારા મનમાં એ ભયનો સંચાર થયો હતો કે, જો બધી સંપત્તિની વ્યવસ્થાનું કાર્ય મારા મનમાં આવશે અને **રોહિણી** પોતાના ગૃહમાં જ હશે, તો બધી સંપત્તિ ઓહિયાં કરી શકાશે નહિ. જંગમ સંપત્તિ આપણા હાથમાં હોય, તેને તો આપણે ગમે તે રીતે ગમે તે કારણ બતાવીને પચાવી પાડીએ; પણ યોગ્ય કારણ વિના સ્થાવર સંપત્તિના સ્વામી આપણે કેવી રીતે બની શકીએ? વળી **રોહિણીનાં** લગ્ન થાય, તો તેમાં ખર્ચાયલી અને તેના વરને અપાયલી રકમ તો આ સંપત્તિમાંથી ઓછી જ થાય! અર્થાત્ જો આ સર્વ વિઘ્નોના મૂળરૂપ **રોહિણીને** જ માર્ગમાંથી ખસેડી દેવામાં આવે, તો પછી ભયનું કાંઈ પ્રયોજન જ ન રહે, એવા ઉદ્દેશથી એ કાંટાને દૂર કરવામાટે હું ઘણા વખતથી ટાંપી રહ્યો હતો. ઘણાક દિવસ તો નિરાશામાં જ ગયા, પણ હાલમાં થોડા દિવસપર **રોહિણી** અહીંથી કોઈ કારણે **કરાંચી** જવાને તૈયાર થઈ, તે વેળાએ મારી આશા સફળ થવાનાં ચિહ્નો મને દેખાયાં. મનમાં એક યુક્તિ સૂઝી આવવાથી તે ક્યાં ઉતરવાની હતી, એ વગેરે મેં યુક્તિથી જાણી લીધું અને તેના હરણની **હીરાસિંગ** સાથે પ્રથમથી જ ગોઠવણ કરી દીધી. એ પછી કામ કેવી રીતે પાર પડ્યું, એ તારા જાણવામાં આવી ચૂકેલું હોવાથી વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. કહે, આ કાર્યમાં તને મારી દીર્ઘદૃષ્ટિનું દર્શન થાય છે કે નહિ?"

"ખરેખર, **ચાણકયને** લોકો તેની અદ્વિતીય બુદ્ધિમાટે વખાણે છે, પણ આવી બુદ્ધિ તો **ચાણકયની** પણ નહિ હોય, એ હું ખાત્રીપૂર્વક કહી શકું છું. વળી આપનામાં એ એક વિશેષતા છે કે, **ચાણકય** કેવળ બુદ્ધિવિહારી હતો અને આપ તો બુદ્ધિવિહારી હોવા ઉપરાંત વનિતાવિહારી પણ પૂરા છો!" **દયામયીએ** મુક્ત કંઠે **મહાત્માની** પ્રશંસા કરી.

"બરાબર એમ જ છે. આમાં પણ મેં એક કાંકરે બે પક્ષી માર્યા જેવું જ કર્યું છે. એક તો **રોહિણી** અહીંથી સદાને માટે દૂર થવાથી આપણે સંપત્તિ મેળવવાનો માર્ગ નિષ્કંટક અને નિર્વિઘ્ન થશે અને તે શાક્તસદનમાં આપણા તાબામાં હોવાથી મને તેમજ બીજા યોગ્યતાવાળા શાક્ત ભક્તોને એક અનાઘ્રાત નવપ્રફુલ્લ પુષ્પના સુગંધનો યથેચ્છ ઉપભોગ મળી શકશે. જો તે આપણા નિયમો અને આપણી ઇચ્છાને આધીન થશે, તો જીવશે અને શક્તિનો પ્રસાદ ખાયા કરશે, નહિ તો એના અસ્તિત્વને મટાડી નાંખવામાં શો વિલંબ લાગવાનો હતો? એ તો આપણા ડાબા હાથનું જ કામ છે." **મહાત્માએ** પોતાના ગુપ્ત મનોભાવને વ્યક્ત કરીને કહ્યું.

"અનાઘ્રાત નવપ્રફુલ્લ પુષ્પના સુગંધનો યથેચ્છ ઉપભોગ મળી શકશે." એ શબ્દો શ્રવણોમાં પડતાં વેંત જ દયામયીના મુખમંડળમાં એક પ્રકારના તિરસ્કાર અને ધિક્કારની છટા પ્રસરી ગઈ; પણ તે તિરસ્કારને વ્યકત કરવાનો આ પ્રસંગ ન હોવાથી એ ચતુર ચપળા તે વેળાએ ઝેરનો ઘુંટડો મનમાં જ ગળી ગઈ અને બહારથી આનંદ અને અનુમોદનનો ભાવ દર્શાવીને કહેવા લાગી કે:–"એક પંથને દો કાજ તે આનું જ નામ. ધન્ય છે આપને અને આપની વિશાળ દીર્ઘદૃષ્ટિમયી બુદ્ધિને!" થોડીક વાર વિચાર કર્યા પછી તે બોલી;–"પણ આનાથી કદાચિત્ એક બીજું અનિવાર્ય વિઘ્ન આવે, એવી મારા હૃદયમાં ભીતિ થયા કરે છે."

"એટલે?" મહાત્માએ આતુરતાથી પૂછ્યું.

"એટલે એ જ કે, જ્યારથી રોહિણીના અદૃશ્ય થવાના સમાચાર વૃન્દાના જાણવામાં આવ્યા છે, ત્યારથી તેની કેવી દયાજનક દશા થઈ ગઈ છે, એ તો આપ જાણો જ છો. બે ત્રણ દિવસથી તો તેણે અન્નનો પણ ત્યાગ કરી દીધો છે અને તેનો માનસિક આધિ તથા શારીરિક વ્યાધિ દિવસે દિવસે વધતો જાયછે. આ આધિ અને વ્યાધિમાં જ જો એના રામ આપના નામનું વિલ અથવા અધિકારપત્ર કર્યા વિના જ રમી જશે, તો એની સંપત્તિમાંની એક ફૂટી બદામ પણ આપણા હાથમાં આવશે નહિ અને આપણે હાથ ચોળતાં જ રહી જઇશું. ભાઈ ક્યાં ગયા'તા, તો કે ક્યાંય નહિ, એવી જ આપણી વિષમ અવસ્થા થઈ પડશે, એનો કાંઈ વિચાર કર્યો છે ખરો?" દયામયીએ ભાવિભયનું યોગ્ય કારણ દર્શાવ્યું.

"તારી આ કલ્પના સત્ય છે; પણ મારો વૃન્દાને આ સંસારની અસારતા તથા માયા મમતા આદિની અસત્યતા વિશેના ઉપદેશો આપવાનો વ્યવસાય તો ચાલૂ જ છે. એ ઉપદેશોથી તેનું મન શાંત થશે એવી આશા રહે છે અને આમ પ્રથમથી જ વિરાગી થયેલા તેના મનમાં આ પુત્રીના વિયોગથી વૈરાગ્યની અતિશય વૃદ્ધિ થતાં મને પોતાની સંપત્તિનો સર્વ અધિકાર આપી દઈ થોડા સમયમાં જ એ વૃન્દા વનવાસિની વૃન્દા થશે. આથી તો કાલનું કાર્ય આજે જ સિદ્ધ થઈ જશે," મહાત્માએ બીજી જ દિશા બતાવી.

"દેવી તમારી એ આશા પૂર્ણ કરે!" દયામયીએ કહ્યું.

"હું પ્રભાતમાં જ વૃન્દાને ત્યાં જઇશ, હરિનામની ધુન લગાવીશ અને તરત વેદાંતનો ઉપદેશ કરીશ. પછી જોઉં છું કે, તેની અશાંતિ કેટલીકવાર ટકી શકે છે!" મહાત્માએ ઉદ્ગાર કાઢ્યો.

"આપના વેદાંતના ઉપદેશથી અવશ્ય તેની અશાંતિનો લોપ થવો જ જોઇએ." દયામયીએ હામાં હા મેળવી.

એ પછી કેટલોક અન્ય વાર્તાલાપ ચાલ્યા પછી ઉભય નિદ્રાદેવીની ઉપાસનામાં નિમગ્ન થઈ ગયાં.

* * * * * *

રાત્રિના જે સમયમાં મહાત્મા વૃન્દાની સંપત્તિ સ્વાહા કરવાના ઉપર્યુક્ત વિચારોમાં રોકાયલો હતો, તે જ સમયે વૃન્દાના શોકનો અવધિ થયો હતો. તે રોહિણીના

નામનો જપ કરતી અને તેને બોલાવતી મહાલયના સર્વ ભાગોમાં ભ્રમિષ્ટવત્ ભમ્યા કરતી હતી. આલમચંદ અને યશોદા પણ તેની આવી અવસ્થાને જોઇને ગભરાઈ ગયાં હતાં. પોતાના દુઃખ કરતાં પણ વૃન્દાનું દુઃખ તેમને વિશેષ પીડાકારક થઈ પડ્યું. તેઓ તેના મનને શાંત કરવાના અનેક પ્રયત્નો કરતાં હતાં, પણ વ્યર્થ. હવે તો ખરેખર જ સંસાર ઉપરથી તેનો સ્નેહ ઉઠી ગયો હતો અને ઉન્માદિની પ્રમાણે તે ગમે તે બકયા કરતી હતી. બે દિવસથી તેણે અન્નનો પણ ત્યાગ કરી દીધેલો હોવાથી ચાલતાં ચાલતાં વારંવાર તે પડી જતી હતી અને તેથી તેની બે દાસીઓ તથા યશોદા તેને ઘડી પળ પણ વીલી મૂકતી નહોતી. અંતે થાકીને વૃન્દા મૂર્ચ્છિત થઈ શય્યામાં પડી ગઈ. રાત્રે લગભગ દોઢ વાગે નીચેના દરબાને આવીને ખબર આપી, કે "કરાચીથી મોહનલાલ આવ્યા છે અને તેઓ શ્રીમતીને મળવા માગે છે"

"જાઓ તેમને જલદી ઉપર લાવો." યશોદાએ કહ્યું.

મોહનલાલ આવ્યો અને વૃન્દાની આવી દુર્દશાને જોઈ મહા ગંભીર વિચાર અને ગભરાટમાં પડી ગયો. વૃન્દાને મૂર્ચ્છામાંથી શુદ્ધિમાં લાવવાના ઉપચારો કરવામાં આવ્યા. શુદ્ધિમાં આવતાં જ મોહનલાલને પોતાની પાસે બેઠેલો જોઈ આશાતુર નેત્રોથી વૃન્દાએ પૂછ્યું: "કેમ મોહનલાલ! મારી રોહિણીના કાંઈ સમાચાર મળ્યા કે?"

"રોહિણીનો બરાબર પત્તો મળ્યો છે અને આઠ દિવસમાં હું તથા વાઘૂમલ્લ તેને લઇને અહીં આવીશું. પણ આ વાર્ત્તા અત્યારે કોઇને પણ બિલકુલ જણાવશો નહિ અને મહાત્મા ગોપાળદાસને તમારા જાળમાં વધારે અને વધારે સપડાવવાનો યત્ન કરતાં રહેજો. આટલી વાત કહેવામાટે જ હું ખાસ કરાચીથી અહીં આવ્યો છું. સવારની ટ્રેનમાં તો હું પાછો જઇશ અને આવતી કાલે સાંઝે રોહિણીને પાછી લાવવા-સારૂ લુટારાઓએ તેને જ્યાં રાખી છે ત્યાં જવાને અમે કરાચીથી ઉપડીશું. કાગળ ન લખ્યો કે તાર ન કર્યો એનું કારણ એ જ કે, તે કદાચિત્ કોઇના વાંચવામાં આવે, તો અમારો ભેદ ફૂટી જાય!" મોહનલાલે વૃન્દાને એકાંતમાં આ શાંતિદાયક સમાચાર સંભળાવ્યા.

"મોહનલાલ, આ તમે સત્ય કહો છો? મારા હૃદયને શાંત કરવામાટે ઝાંઝ-વાનું પાણી તો નથી બતાવતાને?" વૃન્દાએ શંકા દર્શાવી.

"ધર્મપૂર્વક હું જે કહું છું તે અક્ષરે અક્ષર સત્ય છે, મારા કથનમાં લેશ માત્ર પણ શંકા લાવશો નહિ." મોહનલાલે કહ્યું.

"મોહનલાલ! જો રોહિણીને લાવશો, તો રોહિણી અને તે સાથે મારી આ સંપત્તિ પણ તમારી જ છે. હું રોહિણી તમને આપી ચૂકી!" વૃન્દાએ કહ્યું.

મોહનલાલ કાંઈ પણ ઉત્તર આપ્યા વિના બીજા ઓરડામાં ચાલ્યો ગયો અને નિદ્રાવશ થયો.

* * * * *

પ્રભાતમાં પાંચ વાગતાં જ મહાત્માશ્રી પોતાના શિષ્યો સહિત વૃન્દાના મહા-લય પાસે આવી લાગ્યા અને વૈરાગ્યદર્શક પદો એકપછીએક લલકારવા લાગ્યા. છ વાગે જ્યારે તેઓ અંદર ગયા ત્યારે વૃન્દાની મુખમુદ્રામાં શોકને બદલે આનંદની છટા

જોવામાં આવી. તેમણે તો એમ જ ધારી લીધું કે, "આ કેવળ મારાં વૈરાગ્યદર્શક પદ્યોનો જ પ્રભાવ છે." વૃન્દાએ નિત્ય કરતાં પણ આજે તેમનો વિશેષ આદરથી સત્કાર કર્યો, એટલે મહાત્મા વૃન્દાની સમસ્ત સંપત્તિને પોતાની તીજોરીમાં જ આવી પડેલી નિહાળવા લાગ્યા!

સાત વાગ્યા પહેલાં જ ફકત ચાહ પીને મોહનલાલ કરાચી જવાને કોટડીના સ્ટેશન ઉપર ચાલ્યો ગયો.

સંધ્યાકાળે દયામયી વૃન્દાને મળવા આવી અને મહાત્માનાં વૈરાગ્યદર્શક પદ્યોનો ચમત્કાર જોઇને દંગ જ થઈ ગઈ.

પ્રકરણ ૪૮ મું

ભદ્રા ત્રિમૂર્તિ

અહીં વાંચકો પ્રશ્ન કરશે કે, મોહનલાલને રોહિણીનો પત્તો કયાંથી અને કેવી રીતે મળી શકયો, તેમ જ વાધૂમલ્લ વગેરે તેને લાવવામાટે જવાના હતા, એ બધો પ્રકાર કેમ બન્યો? એના ઉત્તરમાં અમારે અહીં જણાવવું જોઈએ કે ચંદ્રશંકર શાક્તસદનમાંથી નીકળ્યો, તેવો કોઈ પણ પ્રકારના વિઘ્ન વિના કરાચી આવી પહોંચ્યો. કરાચીમાં ખાનપાન કિંવા અન્ય કાર્યમાટે કયાંય ન થોભાતાં તે સીધોસટ પોલીસ કમીશનરની ઑફિસમાં જ ગયો. અને ત્યાં ભીંતપર જ રોહિણીના ફોટોગ્રાફ સાથેનું જાહેરનામું ચોંટાડેલું તેના જોવામાં આવ્યું. તેમાં જે ગુમ થયેલી રોહિણીનો પત્તો મેળવી આપે તેને આગળ દર્શાવ્યા પ્રમાણે ઇનામ આપવાની વાત દર્શાવેલી હતી. એ જાહેરનામું વાંચતાં જ ચંદ્રશંકરના મનમાં એક નવીન આશાનો અંકુર ઉદ્ભવ્યો. પોલીસકમીશનરની મુલાકાત લઈ તેણે રોહિણીનો પત્તો આપ્યો અને એ વેળાએ તે કેવા ભયમાં હતી તે પણ જણાવ્યું. પોલીસકમીશનરે મી૦ વાધૂમલ્લને તરત બોલાવી મંગાવ્યો અને તેણે આ વૃત્તાંત મોહનલાલને બોલાવીને જણાવ્યો. મોહનલાલ રોહિણીને શાકતસદનમાંથી મુક્ત કરવાને અત્યંત તત્પર થઇ ગયો અને પોલીસકમીશનર પાસેથી તરત ત્યાં પોતાની સાથે પોલીસના માણસો મોકલવાની માગણી કરવા લાગ્યો. એટલે વાધૂમલ્લે કહ્યું;—"પત્તો મળ્યો છે, તો હવે રોહિણી પણ મળશે; આમ એકદમ ઉતાવળે આંબા પાકવાના નથી; જરા શાંત થાઓ."

"મહાશય વાધૂમલ્લ! આપનું કથન સત્ય છે. ઉતાવળે આંબા નથી પાકતા, એ તો જો કે એક સાધારણ નિયમ છે; પણ એ નિયમ આ શાક્તસદનના સંબંધમાં વિશેષ દૃઢતાથી લાગૂ થાય છે. જો રોહિણીને પાછી મેળવવાના કાર્યની અફવા બહાર ફેલાઈ જાય, એવા પ્રકારની ઉતાવળ કરવામાં આવશે તો તમો કદાપિ જીવતી રોહિણીને તો પાછી મેળવી શકવાના નથી તે નથી જ. જો મારા ઉપદેશ પ્રમાણે વર્ત્તશો, તો જ આપને આ કાર્યમાં વિજય કિંવા સફળતા મળી શકશે." ચંદ્રશંકર વચ્ચે બોલી ઉઠયો.

"ત્યારે તમારો શો ઉપદેશ છે?" મોહનલાલે પૂછ્યું.

"હું દીર્ઘ પ્રવાસના પરિશ્રમથી થાકી ગયો છું અને આજે તો નિત્યકર્મ આદિ પણ કરી શકયો નથી. માટે કૃપા કરીને મને પ્રથમ તમારે ત્યાં લઈ જાઓ અને ત્યાં નીરાંતે પાપીઓનું ઓસડ કેવી રીતે વાટવું, એનો માર્ગ હું તમોને બતાવીશ. આ ઘાટ તો એવી જ રીતે ઘડાવો જોઇએ કે, તે કદી વ્યર્થ ન જ જાય!" ચંદ્રશંકરે કહ્યું.

તેને લઇને વાઘૂમલ્લ પોતાના બંગલામાં આવ્યો, અને સર્વ પ્રકારની વ્યવસ્થા કરી આપી. મોહનલાલ પણ તેમની સાથે જ હતો.

ભોજન આદિ આવશ્યક કાર્યથી મુક્ત થયા પછી એ ત્રણે જણ મસ્લત ચલાવવાને બેઠા. કોઇને પણ અંદર ન આવવા દેવાનો અને જો કોઈ પૂછવા આવે તો વાઘૂમલ્લ નથી, એમ કહેવાનો દરબાન પઠાણને હુકમ આપી દીધેલો હોવાથી તેમના એકાંતમાં ભંગ થવાનો સંભવ નહોતો. વાઘૂમલ્લે મંગળાચરણ કરતાં કહ્યું: "ચંદ્રશંકરભાઈ, તમે શો ઉપદેશ આપો છો અને રોહિણીના છૂટકારાનો શો માર્ગ બતાવો છો?"

"બનતાં લગી આ કાર્યમાં હવે વધારે વિલંબ ન થાય તો સારું." મોહનલાલ વચ્ચે બોલ્યો.

"પ્રથમ તો અત્યારે જે સ્થાનમાં રોહિણીને લઈ જઇને રાખેલી છે, તે સ્થાનની ભયંકરતાની આપને કલ્પના જ નથી; એટલે તેનો કિંચિત્ ઇતિહાસ જાણવો જોઇએ. રેનાલ્ડની 'બ્રોન્ઝ સ્ટેચ્યુ' નામક નવલકથામાંની ભયંકર ઘટનાઓનું વર્ણન અને રોમન કેથોલિક ધર્મમાંના 'ઇન્કિવઝિશન' નો ઇતિહાસ આદિ આપે તો વાંચ્યાં હશે જ અર્થાત્ એ વર્ણનોનો જો સાક્ષાત્કાર કરવો હોય, તો તે તમને શાકતસદનમાં થઈ શકશે. એથી વધારે કહેવાની કશી પણ અગત્ય નથી. શાકતસદનમાં જે સ્ત્રી કે પુરુષ પોતાની ઇચ્છા કિંવા બળાત્કારથી આવી જાય, તો કાંતો ત્યાંના દુષ્ટ ધર્મોને આધીન થાય અને કાંતો પ્રાણથી વંચિત થાય, એવો કઠિન નિયમ છે. એટલે જો રોહિણીને લઈ આવવાના આપણા પ્રયત્નવિશેની તે સદનના કોઈ ભટકતા જાસૂસને જાણ થશે, તો આપણી બધી બાજી ધૂળમાં મળી જશે અને તેઓ જો રોહિણીને જીવતી જ ત્યાં રાખવામાં જોખમ જોશે તો તે બિચારીનો નિકાલ કરી નાખશે—પીવાશે નહિ તો ઢોળી નાખશે. એટલામાટે આપણે ત્યાં જવાની બધી તૈયારીઓ મજબૂત પણ છુપી રીતે જ કરવી જોઈએ. અહીં બળ કરતાં કળની વિશેષ અગત્ય છે, એ તમારે સારી રીતે ધ્યાનમાં રાખવું" ચંદ્રશંકરે કહ્યું.

"પણ તમે આ બધું કેવી રીતે જાણી શકયા અને રોહિણીના ત્યાં હોવાની વાત પણ તમારા જાણવામાં કેવી રીતે આવી તે જણાવશો?" વાઘૂમલ્લે જરાક ગંભીરતાથી પૂછ્યું.

એના ઉત્તરમાં ચંદ્રશંકરે પોતાનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તેમાં તે પોતે શાકતસદનમાં શા ઉદ્દેશથી અને કેવા પ્રકારે જઈ રહ્યો હતો, રોહિણીના હરણમાં મહાત્મા ગોપાળદાસનો કેટલો હાથ હતો અને તે મહાત્મા સાધુ નહિ પણ શયતાન છે, ઇત્યાદિ વિષયો પણ આવી ગયેલા હોવાથી તે સાંભળીને વાઘૂમલ્લ તથા મોહનલાલના કોપ અને આશ્ચર્યનો અવધિ થયો.

"ત્યારે હવે રોહિણીને કોઈ આપત્તિમાં ન પડવું પડે અને તે જીવતી સહીસલામત આપણા હાથમાં આવે, એમાટે આપણે કયા માર્ગનું અવલંબન કરવું?" મોહનલાલે આતુરતાથી પૂછ્યું.

"એ જ માર્ગ સારો છે કે, અહીંથી હથિયારબંધ પોલીસનાં ઓછામાં ઓછાં દશ બાર માણસો લેવાં; પણ તેમણે અહીંથી સાદા પોશાકમાં હિંગલાજ માતાના યાત્રાળુ તરીકે જ નીકળવું જોઇએ. અર્થાત્ તેઓ પોલીસનાં માણસો છે, એમ કોઇના પણ જાણવામાં ન આવવું જોઇએ. આપણે એક દિવસ વહેલા અહીંથી નીકળીશું અને શાક્તસદનમાં પહોંચી ત્યાંથી ઉપડવાની બધી તૈયારી કરી રાખીશું. એટલામાં તેઓ આપણી મદદે આવી પહોંચશે અને તેથી ત્યાંથી આ તરફ આવવાનું આપણું કાર્ય નિર્ભય થઈ પડશે. વળી રોહિણીનો પત્તો મળ્યો છે, એ વાતની અત્યારે હયદરાબાદ કે ગિધબંદરમાં પણ જાણ ન થાય તો સારું; નહિ તો મહાત્મા ગોપાળદાસ કયાંક છટકી જશે, તો પાપીને પાપની શિક્ષા નહિ મળી શકે." ચંદ્રશંકરે ઉપાય બતાવ્યો.

"આ માર્ગ અમને પણ યોગ્ય જણાય છે. હું એ પ્રમાણેની જ વ્યવસ્થા કરીશ." વાધૂમલ્લ બોલ્યો.

આ વાર્તાલાપ ચાલતો હતો, એટલામાં ગિધબંદરથી તાર આવ્યો અને તેમાં જણાવેલું હતું કે, "રોહિણીના વિયોગ અને સ્મરણથી શ્રીમતી વૃન્દાની હાલત દિવસે દિવસે વધારે ખરાબ થતી જાય છે અને તબીયત લથડતી જાય છે. શો ઇલાજ કરવો?" આ તાર વાંચતાં જ વાધૂમલ્લે મોહનલાલને કહ્યું:—"મિસ્ટર મોહનલાલ! તમે આજે સાંજની ટ્રેનમાં જ જાઓ અને શ્રીમતી વૃન્દાને રૂબરૂમાં મળી આ બધી બીના જણાવી આવો. તેમને આ બાબતની હોહા કરવાની ના પાડી દેજો અને સવારની ટ્રેનમાં જ ત્યાંથી પાછા અહીં આવવા ઉપડજો. તમે આવતી કાલે બપોરે પાછા અહીં આવશો, એટલામાં હું બધી તૈયારી કરી રાખીશ અને આપણે શાક્તસદન તરફ તત્કાળ રવાના થઈ જઇશું."

"જેવી આપની ઇચ્છા." એમ કહીને મોહનલાલ ત્યાંથી જવામાટે ઉઠ્યો. વાધૂમલ્લ પણ તેની સાથે બહાર ચાલ્યો ગયો.

મોહનલાલે વૃન્દાપાસે આવીને પોતાનું કર્ત્તવ્ય કેવી દક્ષતા અને આતુરતાથી બજાવ્યું હતું, એ આપણે ગત પ્રકરણમાં જાણેલું હોવાથી તેના પુનઃ વર્ણનની આવશ્યકતા નથી. પોતાના કર્તવ્યને બરાબર બજાવીને મોહનલાલ બીજે દિવસે બપોરે પાછો કરાચીમાં આવી પહોંચ્યો.

* * * * *

વાધુમલ્લ ધનવાન્, યોગ્ય પ્રપંચકળાનિપુણ, એક પ્રતિષ્ઠિત વકીલ અને સરકાર દરબારમાં સારી લાગવગ ધરાવનારો પુરુષ હોવાથી એક દિવસમાં જ તેણે બધી તૈયારીઓ કરી રાખી. જે વેળાએ મોહનલાલ સ્ટેશન ઉપરથી સીધો તેના બંગલામાં આવી લાગ્યો, તે વેળાએ તે અને ચંદ્રશંકર ભોજન લેતા બેઠા હતા. મોહનલાલ પણ તેમની સાથે જમવા બેસી ગયો. જમ્યા પછી હાથ ધોતાં ધોતાં વાધૂમલ્લે પૂછ્યું; "કેમ શ્રીમતી વૃન્દાને બધા સમાચાર સંભળાવ્યા?"

"જી હા–એ સમાચાર સાંભળતાં જ શ્રીમતી વૃન્દાને તો અંધને અક્ષુ, ક્ષુધાતુરને ભોજન અને તૃષાતુરને અમૃત મળ્યા સમાન જ ભાસ્યું. તત્કાળ તેમની પ્રકૃતિમાં સુધારણા થયેલી દેખાઇ. આ વાર્તાને ગુપ્ત રાખવા વિશે પણ જે આપવાનો હતો, તે ઉપદેશ મેં તેમને આપી દીધો છે. ગોપાળદાસ મહાત્માની નવીન નવીન અને વિલક્ષણ ચેષ્ટાઓ ચાલૂ જ છે." મોહનલાલે ઉત્તર આપ્યું, અને તેની સાથે તરત પૂછ્યું: "તમારી તૈયારીનું કેમ છે?"

"અહીં બધી તૈયારી થઈ ચૂકી છે. સાંજે બે ઉંટ અહીં આવશે અને આપણે ત્રણ જણ આજે જ રવાના થઇશું. આવતી કાલે સવારમાં અહીંથી પોલીસના ગુપ્ત વેશવાળા પંદર હથિયારબંધ માણસો ત્યાં આવવા નીકળશે અને આપણે જે કાર્ય-માટે જઇએ છીએ તે કાર્યને પાર પાડીને જ પાછા ફરીશું." વાધૂમલ્લે સંતોષકારક સમાચાર જણાવ્યા.

"ત્યારે હું જરા પ્રેસમાં જઈ આવું અને આવતી કાલે જ 'સિંધ જર્નલને'નો અંક નીકળવાનો હોવાથી લીડર લખી બીજા મૅટરમાટે અને બીજી વ્યવસ્થામાટે મારા મદદગાર એડીટરને આપવા યોગ્ય સૂચનાઓ આપી આવું." મોહનલાલે કહ્યું.

"ભલે જાઓ, પણ પાંચ સાડા પાંચ વાગતામાં અહીં પાછા આવી જજો. તમારો ઓવરકોટ વગેરે અહીં છે, માટે તે લાવવાની કાંઈ જરૂર નથી," વાધૂમલ્લે કહ્યું.

"પણ મહાશય મોહનલાલ! વર્તમાન પત્રવાળાઓ આખી દુનિયાને હજમ કરી શકે છે, પણ કોઈ નવી ખબર એક પળ માત્ર પણ પચાવી શકતા નથી. માટે કૃપા કરીને તમો ક્યાંક નવી ખબર આપવાના પ્રવાહમાં તણાઇને ભૂલથી આ શાક્ત-સદનની વાર્તાને અત્યારે જ છાપી ન મારશો. નહિ તો બનેલી બાજી બગડી જશે. વખત આવે ત્યારે ભલે કોલમોના કોલમો ચીતરી નાખજો." ચંદ્રશંકરે વિનોદ અને ગંભીરતાના મિશ્રિત ભાવથી સૂચના કરી.

મોહનલાલ એના ઉત્તરમાં કાંઈ પણ ન બોલતાં કેવળ કિંચિત્ સ્મિત કરીને ત્યાંથી ચાલ્યો ગયો.

પાંચ વાગતામાં તો વાધૂમલ્લને ત્યાં પ્રવાસનાં બધાં સાધનો તૈયાર હતાં. જેવો મોહનલાલ આવ્યો કે તેને અંદરના ઓરડામાં બોલાવીને વાધુમલ્લે કહ્યું: "આ રિવૉલ્વર અને છર્રા વગેરે સાથે રાખી લ્યો અને ઉપર ઓવરકોટ પહેરી લ્યો. માર્ગ વિકટ હોવાથી પ્રાણરક્ષણના આ સાધનને પાસે રાખવાની ઘણી જ આવશ્યકતા છે. વળી ચંદ્રશંકરને આપણે ઓળખતા નથી, તેથી એનામાં પણ સોળે સોળ આના તો વિશ્વાસ ન જ રાખતો. મેં પણ રિવૉલ્વર લીધી છે. મારી પાસે ચાર રિવૉલ્વરોના પરવાના હોવાથી આજે તેનો ઉપયોગ કરી શકાયો છે. એક ઉંટપર હું અને ચંદ્રશંકર બેસીએ છીએ અને બીજા ઉંટપર જત સાથે તમે બેસી જાઓ. પ્રભુના નામના ઉચ્ચાર સહિત સાહસના માર્ગમાં પ્રયાણ કરો."

"તમારી આ દીર્ઘદૃષ્ટિમાટે હું તમોને ધન્યવાદ આપું છું." મોહનલાલે રિવૉલ્વરને પટામાં રાખી ઓવરકોટ પહેરતાં કહ્યું.

"એટલું જ નહિ, પણ અહીંથી બે માઇલના અંતરે પાંચ પોલીસમેન આગળથી જઇને આપણી વાટ જોતા ઉભા હશે અને તેઓ આપણી બૂમ સંભળાય એટલા અંતરપર જ આપણી પાછળ ચાલ્યા કરશે. પંદર માણસ તો આવતી કાલે તે ઉપરાંત આવશે. પણ આ બાબત મેં ચંદ્રશંકરને જણાવી નથી." વાઘૂમલ્લે એક નવો ભેદ બતાવ્યો.

" આ સાવધતામાટે પણ ખરેખર તમારી બુદ્ધિની બને તેટલી પ્રશંસા કરવી જ જોઇએ." મોહનલાલ બોલ્યો.

"જમવાનું તૈયાર હશે, એટલે ચાલો આપણે જરા જરા ખાઈ લઇએ અને કાંઇક અંધારું થાય એટલે રવાના થઇએ." વાઘૂમલ્લે કહ્યું.

તેઓ જમી રહ્યા એટલામાં સૂર્યનો અસ્ત થયો અને તેથી તેઓ બંગલામાંથી બહાર નીકળ્યા. વાઘૂમલ્લે પઠાણને બોલાવીને કહ્યું: "જો કોઈ એમ પૂછવા આવે કે, વકીલ સાહેબ ક્યાં ગયા છે, તો તારે એમજ જણાવવું કે, શિકારપુર કાંઈ કામમાટે ગયેલા છે. મારા જવાનું ખરું ઠેકાણું કોઇને પણ બતાવીશ નહિ."

"જયસા હુજૂરકા ફર્માન." પઠાણે માથું નમાવીને હુકમ માથે ચઢાવ્યો.

તેઓ ઉંટપર ચઢ્યા અને ત્યાંથી પોતાના ઇચ્છિત સ્થાન પ્રતિ જવાને રવાના થયા.

વાઘૂમલના કહેવા પ્રમાણે બે માઇલના અંતરે આવી લાગતાંજ પાંચ માણસો તેમને મળ્યા. તેઓ પણ ઉંટપર જ હતા અને યાત્રાળુ જેવા દેખાતા હતા. વાઘૂમલ્લે તેઓની ભાષાથી તેમની સાથે વાર્તાલાપ કરી લીધો અને સર્વ મળીને આગળ ચાલવા લાગ્યા. એ પછી ઘણીક વાર સુધી કાંઈ જાણવા જેવો બનાવ ન બન્યો. જેમ જેમ તેઓ પોતાના પંથમાં આગળ વધતા હતા, તેમ તેમ રાત્રિનો અંધકાર પણ વધતો જતો હતો. છતાં તેમનો આગળ વધવાનો વ્યવસાય તો ચાલૂજ હતો. અર્ધ રાત્રિનો સમય પણ વીત્યો અને રાત્રિના તૃતીય પ્રહરનો આરંભ થયો. એ વખતે ઠંડો પવન છૂટવાથી વાઘૂમલના શરીરમાં કાંઇક શરદી જેવું થઈ આવ્યું. સાથે બ્રૅન્ડીની એક બાટલી તો લીધી જ હતી એટલે ઉંટોને બેસાડી વાઘૂમલ્લે પાણીની બતક અને ગ્લાસ કાઢી જરાક બ્રૅન્ડી પીધો અને થોડી વાર ત્યાં વિશ્રાંતિ લેવાને ત્રણે જણ બેઠા. ઉંટવાળો જે જત હતો, તેણે આસપાસથી થોડાંક લાકડાં એકઠાં કરી ધૂણી પણ કરી. એવી રીતે લગભગ અડધો પોણો કલાક વીત્યો હશે, એવામાં સામે અંધકારમાં કોઈ માણસના પસાર થઈ જવાનો મોહનલાલને ભાસ થયો, પણ તે દેખાયલો આકાર એટલી થોડી વારમાં અદૃશ્ય થઈ ગયો કે તેણે એ વિશે કાંઈ બોલવાનું વ્યાજબી ન ધાર્યું. તેઓ પાછા ઉંટપર બેસવાની તૈયારી કરવા લાગ્યા, એટલામાં અંધકારમાંથી સનનનન કરતી બે ગોળીઓ આવી અને આ પ્રવાસીઓના માથા ઉપરથી અંધકારમાં જ પસાર થઈ ગઈ. વાઘૂમલ્લે સાવધાન થઈને કહ્યું:–" મોહનલાલ! તૈયાર રહો, જરૂર કાંઈ પણ દગો છે અથવા તો લુટારા આવી પહોંચ્યા છે."

"ચિન્તા નહિ. ઈશ્વર આપણો સહાયક છે." મોહનલાલ બોલ્યો.

બન્નેએ પોતાની રિવોલ્વરોને હાથમાં તૈયાર કરી રાખી, અને બીજા ગોળીબહારની તેઓ વાટ જોવા લાગ્યા. પણ ગોળીબહારને બદલે અચાનક ત્રણ કૃષ્ણ વસ્ત્રધારી

મનુષ્યાકારો તેમની સમક્ષ આવીને ઉભા રહ્યા. તેમાંના એક મનુષ્યે તેમને કહ્યું; "તમે જે કાર્યમાટે શાક્તસદનમાં જાઓ છો, તે તમારા કાર્યની કદાપિ સિદ્ધિ થવાની નથી. શાક્તસદનમાં પહોંચવાને બદલે તમે સીધા સ્વર્ગમાં જ પહોંચી જશો. ચાલો, મરવાને તૈયાર થઈ જાઓ. દેવી કાલિકા આજે તમારા રક્તપાનથી તૃપ્ત થવાની છે."

"પણ તમે કોણ છો અને અમે શાક્તસદનમાં અમુક કાર્યમાટે જવાના છીએ, એ તમારા જાણવામાં કેવી રીતે આવી શક્યું? અમે કદાચિત્ ત્યાં ન જતા હોઇએ તો?" વાધૂમલ્લે હિમતથી સવાલ કર્યો.

"શરીફ્ બદમાશો! અમે તમને બરાબર ઓળખીએ છીએ. આમ તો કદાચિત ન પણ ઓળખત; પણ અમે જ્યારે રોહિણીને ઉપાડીને શાક્તસદનમાં લઈ ગયા, ત્યારે આ બદમાશને અમે ત્યાં જોયો હતો. આ ચાંડાલ, શાક્તસદનમાં રહી ત્યાંનું અન્ન ખાઇને શાક્તોનું નિર્મૂલન કરવાને તૈયાર થયો છે, એ પણ અમારા જાણવામાં આવી ચૂક્યું છે!" તે અજ્ઞાત વ્યક્તિએ ચંદ્રશંકર તરફ ઇશારો કરીને કહ્યું.

"અંધકારમાં આપણે એક બીજાનાં મુખ જોઈ શકતા નથી, તો પછી અમુક માણસને તમે શાક્તસદનમાં જોયો હતો, એમ તમે શા આધારે કહી શકો છો?" વાધૂમલ્લે પૂછ્યું.

"તમે જ્યારે કરાચીથી નીકળ્યા, તે વેળાએ જ અમે તમને જોયા હતા અને ઓળખી રાખ્યા હતા. તમારા રક્ષણમાટે પાંચ પોલીસવાળા છુપા વેશમાં તમારી સાથે છે અને પંદર માણસ આવતી કાલે આવવાના છે, એ પણ અમે જાણીએ છીએ!" તે અજ્ઞાત પુરુષે ભીષણતાથી કહ્યું.

વાધૂમલ્લ, મોહનલાલ અને ચંદ્રશંકર તો તેની આ વાર્ત્તા સાંભળીને આભા જ બની ગયા. પોતાનો ભેદ આટલી સીમા પર્યન્ત એમના જાણવામાં કેવી રીતે આવ્યો હશે, એની વાધૂમલ્લ કલ્પના પણ કરી ન શક્યો. તે સર્વ નિઃસ્તબ્ધ થઈ ગયા. તેમને નિર્વાક્ થયેલા જોઇને તે અજ્ઞાત પુરુષ પુનઃ કહેવા લાગ્યો કેઃ—

"તમારામાંનો એક માણસ કરાચીમાં બહુ લાગવગ ધરાવનારો વકીલ છે, એટલે તે તો એમ જ જાણતો હશે કે, બીજાઓની લાગવગ નહિ હોય; પણ શાક્તસદનની લાગવગ કેટલી છે, તે અત્યારે હવે તેના જાણવામાં આવશે. તમો હવે અમારા હાથમાંથી જીવતા તો છટકવાના નથી જ, એટલે તમોને અમારે જણાવવું જોઇએ કે, જે પંદર પોલીસવાળા આવતી કાલે તમારી મદદમાટે આવવાના છે, તેમનામાંના એકે જ અમને આ બધી ખબર આપી છે; કારણ કે, તે શાક્તસદનનો છુપો પગાર ખાય છે. એવા તો બીજા પણ અમારા ઘણા જાસૂસ છે. બસ હવે મરવાને તૈયાર થાઓ અને શાક્તસદનના નાશમાટે કરેલી ધારણાનું ફળ ચાખી લ્યો."

જો કે અંધકારમાં એક બીજાનાં મુખમંડળ સ્પષ્ટ દેખાતાં નહોતાં, પરંતુ આકારો તો દૃષ્ટિગોચર થતા હતા. તે અજ્ઞાત પુરુષો આ પ્રવાસીઓને શસ્ત્રહીન અને ભીરુ ધારતા હોવાથી કાંઈક બેપરવાઇમાં રહ્યા અને તેટલામાં તેમની એ બેદરકારીનો લાભ લઈ વાધૂમલ્લ તથા મોહનલાલે તત્કાળ પોતાની રિવૉલ્વરોમાંથી ગોળીઓ છોડીને

તેમનામાંના બેને તો ત્યાં જ ધૂળ ચાટતા કરી નાખ્યા. ત્રીજો નાસવા જતો હતો તેને ચંદ્રશંકરે પકડી લીધો.

અહીં આવી રીતે વાધૂમલ્લ અને તેના સાથીઓને વિલંબ થઈ ગયો એટલે જે પાંચ સિપાહીઓ કાંઇક આગળ વધી ગયા હતા, તેઓ તેમની તપાસમાટે પાછા ફર્યા અને જ્યાં આ બનાવ બન્યો હતો, ત્યાં આવી લાગ્યા. ત્યાં આવીને ત્યાંની ઘટનાનો વૃત્તાંત સાંભળતાં તેઓ આશ્ચર્યચકિત થયા. તેમણે મીણબત્તી સળગાવી તેના પ્રકાશથી જણાવ્યું કે, જે બે માણસોને ગોળીઓ લાગી હતી તેઓ મરી ગયા હતા, એટલે ત્રીજા પુરુષને સિપાહીઓના હાથમાં આપીને વાધૂમલ્લે કહ્યું કે;–"આને લઈને તમારામાંના બે જણ કરાચી તરફ પાછા ફરો અને જે સિપાહીએ બેઇમાની કરી આમને આપણો બધો ભેદ જણાવ્યો છે, તેનું નામ વગેરે જાણી લઇને તેને પણ પકડી કમીશનર સાહેબના હાથમાં સોંપી દેજો; અમે આગળ વધીએ છીએ."

એ પ્રમાણે સર્વ વ્યવસ્થા કરીને વાધૂમલ્લ, મોહનલાલ અને ચંદ્રશંકર શાક્ત-સદનના માર્ગમાં પુનઃ પ્રયાણ કરવા લાગ્યા.

પ્રકરણ ૪૯ મું

રોહિણીનો છૂટકો!

વાધૂમલ્લ, મોહનલાલ અને ચંદ્રશંકરને એ પછી માર્ગમાં કોઈ પણ પ્રકારનું વિઘ્ન ન નડ્યું અને તેઓ સીધા સહીસલામત શાક્તસદનના દ્વારપર યથાસમય આવી પહોંચ્યા. વાધૂમલ્લ તથા મોહનલાલને બહાર જ ઉભા રાખીને પ્રથમ ચંદ્ર-શંકર એકલો જ અંદર ગયો. તે વખતે લગભગ એક પ્રહર જેટલો દિવસ ચઢી ગયેલો હોવાથી સીતા પ્રાતઃકાલીન નિત્ય કર્મથી પરવારી નાશ્તો વગેરે કરીને વખત વીતા-ડવામાટે પોતાના ઓરડામાં એક પુસ્તક વાંચતી બેઠી હતી. એક સ્ત્રીએ આવીને ચંદ્રશંકરના આગમનના સમાચાર આપતાં જ પુસ્તકને ટેબલપર મૂકી ચંદ્રશંકરને લેવા-માટે તે દરવાજા સુધી સામે આવી અને ત્યાંથી તેને આદરપૂર્વક પોતાના ઓરડામાં લઈ ગઈ. ઓરડામાં પ્રવેશ કરતાં જ તેણે પૂછ્યું:–

"કેમ, ધારેલા કાર્યને બરાબર સિદ્ધ કરી આવ્યાને? શો બંદોબસ્ત કર્યો?"

"એ બધો વૃત્તાંત હું તમને નીરાંતે કહી સંભળાવીશ. પ્રથમ તો મારી સાથે જે બે ગૃહસ્થો આવેલા છે તેમના નિવાસ અને ખાનપાનની વ્યવસ્થા કરી આપો અને રોહિણીની પ્રકૃતિ કેમ છે, તે જણાવો." ચંદ્રશંકરે કહ્યું.

"રોહિણીની પ્રકૃતિ કેમ છે અને કેમ નથી તે તો મારા કહેવા કરતાં પ્રત્યક્ષ જોવાથી જ વધારે સારી રીતે તમે જાણી શકશો. હું; પણ પ્રથમ અતિથિઓના શ્રમપરિહારની વ્યવસ્થા કરી આપવી જોઇએ." એમ કહી ચંદ્રશંકરને સાથે લઈ સીતા બહાર આવી અને અનુચરોને બોલાવી વાધૂમલ્લ તથા મોહનલાલના નિવાસ આદિની વ્યવસ્થા કરવાની આજ્ઞા આપી અને ઉંટોને બાંધવા કરવાની ગોઠવણ પણ કરી આપવામાં આવી. સ્નાન અને ચાહ નાશ્તો કરી લીધા પછી ચંદ્રશંકર સીતાને

સાથે લઇને રોહિણીને જોવામાટે તેને જે ઓરડામાં રાખવામાં આવી હતી, ત્યાં ગયો અને ત્યાંના બાહ્ય દૃશ્યને જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. રોહિણી પલંગપરની શય્યામાં લગભગ અચેતનાવસ્થામાં પડી હતી, માત્ર નેત્રો ખુલ્લાં અને અનિમેષ હોવાથી જ તે જીવતી છે, એવું અનુમાન કરી શકાતું હતું. તેનું શરીર નિર્બળ, શુષ્ક, નિસ્તેજ અને બહુધા ગતિહીન થઈ ગયું હતું અને ગત બે દિવસથી તો તેનાથી સાબૂચોખાની કાંજી સુદ્ધાં પણ લઈ શકાતી નહોતી. તેની આવી ચિંતાતુર અવસ્થા જોઈને દયાળુ ચંદ્રશંકરનાં નેત્રોમાંથી અશ્રુનું વહન થવા લાગ્યું.

"કેમ, હવે તમને શો રંગ દેખાય છે?" સીતાએ પૂછ્યું.

"બાજી બગડી ગયેલી જ જણાય છે. આ બાળા વધારે દિવસ કાઢશે, એવી મારા મનને તો આશા પડતી નથી. પછી તો શ્રીહરિ સમર્થ છે, જે ધારે તે કરે!" ચંદ્રશંકરે નિરાશા દર્શાવી.

"હજી પણ મારા હાથમાં કેટલાક ઉપાયો છે તે હું અજમાવીશ." સીતાએ આશ્વાસન આપ્યું.

"જો રોહિણી કોઈપણ રીતે જીવે, તો તો ઘણું જ સારું. નહિ તો એ દુષ્ટોમાટે આપણે જે જાળનો વિસ્તાર કર્યો છે, તે જાળની કેટલેક અંશે નિષ્ફળતા થશે અને આપણા મનની આશા મનમાં જ રહી જશે." ચંદ્રશંકર બોલ્યો.

"પણ એક વાત તમને કહેતાં તો હું ભૂલી જ ગઈ. રોહિણી સન્નિપાતમાં કોઈ મોહનલાલના નામનો ઉચ્ચાર અને રટણ કર્યા કરે છે અને તેના વિષે આ બાળાના બીજા જે અવર નવર ઉદ્‌ગારો નીકળે છે, તેથી એમ જણાય છે કે, તે મોહનલાલ આ બાળાનો પ્રાણાધિક પ્રિયતમ હોવો જોઇએ. અત્યારે જો એ મોહનલાલ એની પાસે હોય તો આના આ રોગની તરત શાંતિ થઈ જવાનો બહુ જ સંભવ છે, પરંતુ તે યોગ કેમ બની શકે?" સીતાએ કહ્યું.

"ચિંતા નહિ—પરમેશ્વર પાધરો છે. એ મોહનલાલ પણ મારી સાથે આવેલા છે; પરંતુ તેમને આ બાળાને મળવાસારુ આ ઓરડામાં આવવાની તમારે વ્યવસ્થા કરી આપવી પડશે." ચંદ્રશંકરે કહ્યું.

"એમાં કાંઈ પણ વાંધો નહિ આવે. મોહનલાલ કરાચીના શાક્તમતાવલંબી એક ડૉકટર છે અને તેઓ રોહિણીનો ઉપચાર કરવાને અહીં આવેલા છે, એમ કહીને તેમને અહીં લાવીશું. ડૉકટર તરીકેનો દેખાવ કરવાનો અથવા ડૉકટરનો પાર્ટ ભજવવાનો પાઠ તમે તેમને બરાબર ભણાવી રાખજો. બપોર પછી એ વ્યવસ્થા થઈ જશે." સીતાએ ધીરજ આપનારાં વચનો ઉચ્ચાર્યાં.

ચંદ્રશંકરે મોહનલાલને રોહિણીની પ્રકૃતિની બધી ખબર સંભળાવી અને ડૉકટરના વેષે ત્યાં જવાનું પણ જણાવ્યું. મોહનલાલ પોતે પણ ચતુર હતો જ, છતાં વાધૂમલ્લ અને ચંદ્રશંકરે એ પાર્ટ કેવી રીતે ચાલાકીથી ભજવવો, એનું તેને બરાબર શિક્ષણ આપી દીધું.

બપોર પછી ડૉકટર તરીકે મોહનલાલને રોહિણીના ઓરડામાં લઈ જવામાં આવ્યો. તેની પ્રકૃતિને જોઇને બનેલા ડૉકટરે કહ્યું કે;—"આ બાળાનો રોગ એવા પ્રકા-

રનો છે કે, ઓરડામાં જો કાંઈ ગડબડ હોય તો તરત તે વધવાનો સંભવ છે. માટે તમો બધાં બહાર ચાલ્યાં જાઓ અને મને તેના ઉપચારમાટે અહીં એકલો રહેવા દો".

જે સ્ત્રીઓ અને પુરુષો રોહિણીની શુશ્રૂષાના કાર્યમાં રોકાયલાં હતાં, તે બધાં ડૉકટર તથા સીતાની સૂચનાથી બહાર ચાલ્યાં ગયાં. માત્ર મોહનલાલ અને સીતા જ તે ઓરડામાં રહ્યાં. મોહનલાલે પોતાના ખીસામાંથી એક નાની બાટલી–શીશી કાઢી અને સીતાને કહ્યું કે, "હું જે વર્ત્તમાનપત્રનો તંત્રી છું, તે પત્રમાં અભિપ્રાય પ્રકટ કરવામાટે આ દવાની શીશી મુંબઈના કોઈ ડૉકટરે મોકલી હતી અને તેનું પાર્સલ હું અહીં આવવા નીકળ્યો તે વેળાએ માર્ગમાં જ પોસ્ટમૅને આપવાથી મેં ખીસામાં જ રાખી લીધું હતું. અમારા પત્રમાં એની જાહેર ખબર આવે છે, તેમાં એના જે ગુણો વર્ણવવામાં આવ્યા છે, તે જો યથાર્થ હોય, તો તો અવશ્ય આ દવાથી રોહિણીની સુધારણા થવી જ જોઇએ."

"એ દવાનું નામ શું છે?" સીતાએ પૂછ્યું.

"બાદશાહી ચાકૂતી!" મોહનલાલે કહ્યું.

"આજકાલ મોટાં મોટાં નામો આપીને અને તેના ગુણનાં ખાલી ખોટાં ખોટાં બણગાં ફૂંકીને દવાની જાહેર ખબર આપવામાં આવે છે; પરંતુ તે દવાઓમાં એવું કાંઈ પણ હોતું નથી. કેવળ ભોળા અને ભલા લોકોને ઠગીને પૈસા કમાવવાનો જ એ રસ્તો છે. મારો તો આવી દવાઓમાં જરા પણ વિશ્વાસ નથી, તો પણ તમારી ઇચ્છા હોય તો એ દવા આને આપી જુઓ; મારી ના નથી. જ્યારે હવે આના ઉપર અજમાવવાનાં બીજાં સાધનો નથી, ત્યારે આનો જ ઉપયોગ કરો. પછી જે થાય તે ખરું." સીતાએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

પ્રભુનું નામ લઈને મોહનલાલે તેમાંની થોડીક દવા રોહિણીને આપી અને તેનું શું પરિણામ થાય છે, તે જોવાને પલંગ પાસે જ કુરસી રાખીને તેમાં તે લમણે હાથ દઈને બેસી રહ્યો. લગભગ અડધો કલાક વીત્યા પછી રોહિણીની નાડી કાંઇક ગરમ અને જોરદાર થઈ. એટલે મોહનલાલના મનમાં આશાનો ઉદય થયો અને તેણે સીતાને સાબૂચોખાની કાંજી કરી મંગાવવાનું કહ્યું. તરત સીતાએ જાતે જઇને પોતાના હાથે જ કાંજી બનાવી અને રોહિણી તે જરા પણ આનાકાની વગર પી ગઈ. સાંઝ સુધીમાં તો રોહિણીની તબીયતમાં ઘણો સારો સુધારો થયેલો દેખાયો. અશક્તિ બહુ જ વધી ગયેલી હોવાથી જો કે તે ઉઠી શકતી નહોતી, તોપણ સાધારણ બોલવા અને પાસે બેઠેલા માણસને ઓળખવા જેટલી શક્તિ તેનામાં આવી ગઈ. મોહનલાલને તેણે ઓળખ્યો અને હર્ષનાં અશ્રુ વર્ષાવ્યાં.

"રોહિણી, અત્યારે વધારે ન બોલીશ. આવતી કાલ સુધીમાં ઈશ્વર કરશે, તો બધું સારું થઈ જશે. હવે ચિંતા રાખવાની કાંઈ પણ અગત્ય નથી." મોહનલાલે આશ્વાસન આપ્યું.

"પણ પ્રિયતમ! આ કારાગૃહમાંથી મારો ઉદ્ધાર થશે કે?" રોહિણીએ અતિશય મંદ સ્વરથી એ શબ્દો ઉચ્ચાર્યા.

"પ્રિયે, ચિંતા ન કર. ઈશ્વરે અમને એટલામાટે જ અહીં મોકલ્યા છે. જો કોઈ નવીન વિઘ્ન નહિ આવે, તો તો આવતી કાલે પ્રભાતમાં જ તારા ઉદ્ધારની વ્યવસ્થા થઈ જશે. માત્ર એક રાત્રિ જ વીતાડવાની છે." મોહનલાલે પણ બીજા કોઇના સાંભળવામાં ન આવી શકે એટલામાટે એ શબ્દો તેવા જ મંદ સ્વરથી ઉચ્ચાર્યા.

"મુઈ એક રાત પણ વેરણ થશે અને યુગ સમાન વીતશે." રોહિણીએ ઉદ્દગાર કાઢ્યો.

"પ્રિયે ! શાંત થા. હું તારી પાસે જ છું એટલે ભય રાખવાનું કાંઈ પણ કારણ નથી. વધારે બોલવાથી વળી સન્નિપાતનો ચાળો વધશે અને રોગ બળ કરશે. માટે મૌન્ય ધારવામાં જ વધારે લાભ છે." મોનલાલે તેને શાંત કરતાં કહ્યું.

"તમારી આજ્ઞાને હું મસ્તકે ચઢાવું છું." એમ કહીને રોહિણીએ સૂઈ જવાનો યત્ન કર્યો, પણ તેને નિદ્રા ન આવી. એટલે મોહનલાલે બ્રૅન્ડી મંગાવીને તેનો એક સાધારણ ડોઝ તેને આપ્યો અને તેના યોગે તે નિદ્રામાં પડી ગઈ.

સીતાએ મોહનલાલને કહ્યું:–"હવે એને નિદ્રા આવેલી છે, માટે તમે જાઓ અને ભોજન કરી લ્યો. હું અહીં બેઠી છું–ચંદ્રશંકર પણ આવશે."

"જેવી આજ્ઞા." કહી મોહનલાલ પોતાના ઉતારાવાળા ઓરડામાં આવ્યો અને ત્યાં વાઘૂમલ્લ સાથે ભોજનના કાર્યથી મુક્ત થયો.

ભોજન કર્યા પછી તે બન્ને ભરેલી પિસ્તોલોને વસ્ત્રોના અંદરના ભાગમાં રાખી ઓરડાનાં દ્વારને અંદરથી બરાબર બંધ કરી સાવધતાથી જરાક આડા થયા અને પવનની શીતલ મંદ લહરીના સ્પર્શથી તેઓ તરત નિદ્રાવશ થઈ ગયા.

* * * * *

મધ્ય રાત્રિએ–બરાબર બાર વાગે–ચંદ્રશંકર શાક્તસદનના સિંહદ્વારના બાહ્ય ભાગમાં જઇને જોઈ આવ્યો, તો હજી સુધી કશાયીથી નીકળેલા સિપાહીઓ ત્યાં આવેલા નહોતા. તેમના આવવાનાં ચિહ્નો પણ દૂર ક્ષિતિજમાં ન જણાવાથી તેના મનમાં અનેક કુશંકાઓ થવા લાગી. "જેવી રીતે એક સિપાહી ખૂટ્યો હતો, તેવી રીતે બધા સિપાહીઓ ખૂટી તો નહિ ગયા હોય ? જો તેઓ સવાર સુધીમાં પણ અહીં નહિ આવી લાગે અને આ કારસ્થાની શાક્તસદનવાળાઓને અમારી જાણ થશે, તો અમો બધા સામા એમના જાળમાં ફસાઈ જઇશું–ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો, એવો જ ઘાટ થવાનો" આવા આવા અનેક વિચારો અને કુશંકા કરતો તે રોહિણીના ઓરડામાં આવ્યો. સીતા ત્યાં તેની વાટ જોતી જ બેઠી હતી.

"કેમ, તેઓ આવ્યા?" સીતાએ તેને આતુરતાથી પૂછ્યું.

"હજી તો તેમનો કાંઈ પણ પત્તો નથી." ચંદ્રશંકરે ઉત્તર આપ્યું.

"તેઓ મારા ધારવા પ્રમાણે આવવા તો જોઇએ જ. પરંતુ તમારા કહેવા પ્રમાણે તેમની સંખ્યા પંદરેક માણસની જ છે; તો તેઓ આવશે, તો પણ અહીં ફાવી શકશે કે કેમ એ વિષે મને તો શંકા જ છે. જો તેમના આવવાથી અહીંના લોકોના મનમાં જરા પણ શંકા આવશે, તો પ્રથમ તો તેઓ રોહિણીને જ મારી નાખશે અને પછી જ તેમની સાથે લડવાની કડાકુટમાં પડશે. અર્થાત્ રોહિણી કાંઈ

પણ રીતે મરવી ન જોઇએ, એ જે આપણો મુખ્ય ઉદ્દેશ છે તે કોઈ પણ રીતે સફળ નહિ થાય. એટલામાટે અત્યારે અને આ ક્ષણે જ એક બીજો ઉપાય યોજવાની આવશ્યકતા મને જણાય છે.” **સી**તાએ વિચાર કરીને કહ્યું.

“તે શો ઉપાય?” **ચંદ્ર**શંકરે પૂછ્યું.

“એ જ કે, અત્યારે જે જે ઓરડામાં અહીંના લોકો–સ્ત્રીઓ અને પુરુષો સૂઈ ગયેલાં હોય, તે સર્વ ઓરડાનાં દ્વારને બહારથી તાળાં વાસી દેવાં. બધી બારીઓ લોઢાના મજબૂત સળિયાવાળી હોવાથી દ્વાર બંધ થયાં એટલે તેમને બહાર આવવાનો માર્ગ મળી શકશે નહિ અને જે થોડાં ઘણાં માણસો બહાર છે, તેમને સહજમાં મહાત કરી શકાશે.” **સી**તાએ ઉપાય દર્શાવ્યો.

“આ ઉપાય ઘણો જ સારો અને આપણને આપત્તિમાંથી ઉગારનારો છે.” **ચંદ્ર**શંકરે અનુમોદન આપ્યું.

“ચાલો ત્યારે મારી સાથે–**રો**હિણી અત્યારે જાગવાની નથી અને કલાક પોણા કલાકમાં તો આ કામ કરીને આપણે અહીં પાછાં આવીશું.” **સી**તાએ કહ્યું.

એ બન્ને પ્રથમ જે ઓરડામાં તાળાં વગેરે રાખવામાં આવતાં હતાં તે ઓરડામાં આવ્યાં અને ત્યાંથી મજબૂત તાળાં લાવીને ઝટપટ બધા ઓરડાને બહારથી વાસી દીધાં. શાક્તસદનનિવાસિ સ્ત્રીપુરુષો નિદ્રામાં તો પડ્યાં જ હતાં, પણ હવે કારાગૃહમાં પણ પડ્યાં. **સી**તા અને **ચંદ્ર**શંકર પાછાં **રો**હિણીના ઓરડામાં આવ્યાં. કેટલીક વાતચીત પછી **સી**તાની આંખો ઘેરાવા માંડી અને તે પાસેની આરામ કુરસીમાં આંખો મીચીને પડી રહી. **ચંદ્ર**શંકર જાગતો બેઠો હતો. તેનાં જાગૃત અને સાવધ નેત્રોમાં નિદ્રાદેવી પોતાના અધિકારની સ્થાપના ન કરી શકી. ધીમે ધીમે સમય વીતવા લાગ્યો.

* * * *

ઉષ:કાળનો મંદ પ્રકાશ રાત્રિના અંતની સૂચના આપવા લાગ્યો અને તેની સાથે જ શાક્તસદનના સિંહદ્વારપરથી થતો ઘંટાનાદ એક પ્રકારના ભયની સૂચના આપવા લાગ્યો. શાક્તસદનમાંનાં સ્ત્રીપુરુષો એ ઘંટાનાદ સાંભળીને તત્કાળ જાગૃત થયાં અને આમ તેમ દોડ્યાં, પણ બારણાં બહારથી બંધ હોવાથી તેમનો પ્રયત્ન સફળ થઈ શકયો નહિ. ઘણા ખરા ઓરડાઓમાંથી ‘દગો, વિશ્વાસઘાત, સર્વ નાશ’ એવા એવા વિલક્ષણ પોકારો સંભળાવા લાગ્યા. **ચંદ્ર**શંકર તો જાગતો જ હતો અને **સી**તા પણ જાગી ઉઠી. **વાઘૂ**મલ્લ અને **મોહન**લાલ પણ તેમના ઓરડામાં જાગીને બેઠા થઈ ગયા હતા. તે સર્વ બહારના આંગણાંમાં આવી લાગ્યાં. પોલીસના માણસો આવી પહોંચ્યા હતા અને તેઓ અંદર આવવાનો પ્રયત્ન કરતા હતા. દરવાજાપરના ત્રણ પહેરેગીરોએ તેમને બહારના બહાર રોકી રાખીને ભયદર્શક ઘંટાનાદ કર્યો હતો. પરંતુ ઘણીકવાર સુધી અંદરથી કાંઈ પણ મદદ ન મળવાથી તે પહેરેગીરોએ છેવા જીવપર ઉદાર થઈને પોલીસ સામે ગોળીબાર કર્યો–પોલીસવાળાઓએ પણ ગોળીનો જવાબ ગોળીથી જ વાળ્યો. પરંતુ પોલીસનો એક માણસ મરાયો અને તે ત્રણે પહેરેગીર કામ આવી ગયા; એટલે તત્કાળ જ પોલીસવાળાઓએ અંદર પ્રવેશ કર્યો અને ઓટલાપર

ઉભેલા વાઘૂમલ્લને ઓળખી સર્વેએ તેને સલામ કર્યા. તેને સર્વ પોલીસવાળાઓના ઉપરી અમલદારે કહ્યું. "તમે જેટલા ભયની વાત કરી હતી, તેટલો ભય અહીં નથી."

"અત્યાર આગમચ કયારનાંયે અમે બધાં માણસોને કેદ કરી રાખ્યાં છે, તેથી જ આમ થોડી મેહનતે નિકાલ આવી ગયો. નહિ તો અહીંનો પ્રવેશ ઘણો જ મોંઘો થઈ પડત." ચંદ્રશંકરે એમ કહી તાળાં વાસવાની બધી હકીકત તેમને કહી સંભળાવી.

સીતા તથા ચંદ્રશંકરને તેમની આ દીર્ઘ દૃષ્ટિ અને કુટિલતામાટે બધાએ ધન્યવાદ આપ્યો. પછી પોલીસવાળાઓને સીતાએ શાક્તસદનના અન્નભંડારમાંથી ખાનપાનનાં સર્વ સાધનો પૂરાં પાડ્યાં અને જ્યારે તેઓ ભોજનથી તૃપ્ત થઈ વિશ્રાંતિના યોગે માર્ગના શ્રમથી મુક્ત થયા, ત્યારે તેમને તૈયારી કરવાનું જણાવવામાં આવ્યું. રોહિણી અશક્ત હોવાથી ઉંટપર તેને માટે કજાવો બાંધવામાં આવ્યો અને સીતા પણ તેની સાથે જ બેઠી. વાઘૂમલ્લ, મોહનલાલ અને ચંદ્રશંકર પૂર્વ પ્રમાણે જ બે ઉંટપર સ્વાર થઈ ગયા અને પોલીસઘોડેસ્વારોથી ઘેરાઇને તેઓ કરાચી જવાને રવાના થયા. સીતાએ અગમચેતી વાપરીને બે કોથળી ભરીને સોનામોહોરો અને હીરામોતીનાં ઘણાંક ઘરેણાં પોતાની સાથે લઈ લીધાં હતાં, એ અહીં ખાસ જણાવવાની અગત્ય છે. હાલ તરત તો શાક્તસદનમાંથી નીકળતાં તેમને કોઈ પણ પ્રકારનું વિઘ્ન નડ્યું નહિ.

હવે અહીં એ સ્વાભાવિક પ્રશ્ન થશે, કે જે શાક્તસદનના ઓરડામાં પૂરાયલાં સ્ત્રીપુરુષો હતાં, તેમની શી અવસ્થા થઈ? શું તેઓ અંદર ને અંદર જ રહ્યાં? ભૂખ્યાં ને તરસ્યાં? તેમને કોઈએ બહાર કાઢ્યાં કે નહિ? શાક્તસદનનાં બે ત્રણ માણસો યાત્રાળુઓના સંઘ સાથે હિંગુલા દેવી તરફ ગયા હતા, તેઓ એ ઘટના બની તે જ દિવસે બપોર પછી બે ત્રણ વાગ્યાના સુમારે શાક્તસદનમાં આવી પહોંચ્યા અને ત્યાં સર્વત્ર શૂન્યતા તથા શાંતિને વિસ્તરેલી જોઇને પ્રથમ તો આશ્ચર્યચકિત થઈ ગયા, પછી અંદર ફરીને તપાસ કરતાં બધા લોકો કેદ થયેલાં તેમના જોવામાં આવ્યાં અને બારીમાંથી તે કેદીઓએ પ્રભાતમાં થયેલી ધરપકડના સમાચાર તેમને કહી સંભળાવ્યા. એટલે તેમણે તાળાં તોડીને સર્વને બંધનમુક્ત કર્યાં અને ઠેઠ સંધ્યાકાળે તેઓ અન્નપાણી ભેગાં થઈ શક્યાં. એ પછી તેઓ સાથે મળીને વિચાર કરવા લાગ્યાં કે, આ બધો ગોટાળો થયો કેવી રીતે? જો કે, આ ગોટાળાનું સત્ય કારણ તો કલ્પનાથી પણ તેમના જાણવામાં ન આવ્યું; છતાં કાંઈ પણ કારસ્થાન થયેલું હોવું જ જોઈએ, અને ચંદ્રશંકર તથા સીતા તે કારસ્થાનમાં શામિલ હોવાં જ જોઇએ એટલું અનુમાન તો તેઓ અવશ્ય કરી શક્યા. તેથી ચંદ્રશંકર તથા સીતાને તેઓ જ્યાં મળે ત્યાં પકડીને મારી નાખવામાટે છુપા વેશથી બે માણસો તરત ત્યાંથી રવાના થયા, અને શાક્તસદનના સંરક્ષણની નવેસરથી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી.

પ્રકરણ ૫૦ મું
હથેળીમાં ચાંદ!

ગત પ્રકરણમાં વર્ણવેલી ઘટનાને બરાબર એક સપ્તાહ જેટલો સમય વીતી ગયો હતો. વૃન્દાના સિંધુતટની સમીપ આવેલા મહાલયના વિશાળ છજામાં સંધ્યા સમયે વૃન્દા અને ગોપાળ એક બીજાનાં કરકમલોને પકડીને ઉભાં હતાં એટલામાં એક દાસી એક પત્ર લઇને તેમની પાસે આવી. તરત જ બન્નેના હાથ છૂટા થઈ ગયા. દાસીએ તે પત્ર વૃન્દાના હાથમાં આપ્યું. વૃન્દાએ તે ઉઘાડીને વાંચ્યું અને ગોપાળને કહ્યું; "આ રજીસ્ટ્રારનો કાગળ છે. તેમણે લખ્યું છે કે, 'આવતી કાલે સાંઝની ટ્રેનમાં તમારા દાનપત્રને રજીસ્ટર્ડ કરવામાટે અમે આપને ત્યાં આવી પહોંચીશું. અમારા ઉતારાની તૈયારી કરી રાખજો. વાધૂમલ્લ વકીલ અને એક બે બીજા ગૃહસ્થો પણ સાક્ષી તરીકે અમારી સાથે ત્યાં આવવાના છે.' ચાલો સારું થયું–મારી સંસારમુક્તિનો સમય હવે ઘણો જ પાસે આવી લાગ્યો." આટલું કહીને તે કાગળ વૃન્દાએ મહાત્માના હાથમાં આપી દીધો. ગોપાળે આદિથી તે અંત પર્યન્ત તે પત્રનું વાંચન કરીને કહ્યું: "રજીસ્ટ્રાર આવતી કાલે સંધ્યાકાળે આવશે, તેથી કાંઈ વિશેષ હાનિ થવાનો સંભવ નથી."

"દીયરજી, આપ હજી મારા મનોભાવને સારી રીતે સમજી શક્યા નથી. આ સંસારમાં રહેવાની હવે મારી લેશ માત્ર પણ ઇચ્છા નથી. મારું મન હવે કેવળ વૃન્દાવનમાં જ તલ્લીન થયેલું છે. આટલા દિવસ તો મેં જેમ તેમ કરીને કાઢ્યા છે–આવતી કાલ ક્યારે થાય અને આ કામ ક્યારે પતી જાય! અરે રે! વૃન્દાવન! તું મને તારી પોતાની પાસે ક્યારે બોલાવીશ!" વૃન્દાએ મહાત્માના અનુકરણરૂપ ભાષણનો ઉચ્ચાર કર્યો.

"મોટી વહૂ! આપના જેવી મહાભાગ્યવતી રમણી આ જગત્‌માં બીજી કોણ છે? આપ વૃન્દાવન જાઓ છો! જો કે મારો દેહ ત્યાં જઈ શકે તેમ નથી, પણ મારું મન તો અવશ્ય આપની સાથે જ ત્યાં આવવાનું!" મહાત્માએ કહ્યું.

"દીયરજી! આપ ભૂલી કેમ જાઓ છો? આપે તો પ્રથમ મને એમ પણ કહ્યું હતું કે, આપના મનની સાથે આપનો સુંદર અને પરમ પવિત્ર દેહ પણ વૃન્દાવનમાં વર્ષમાં પાંચ વાર મારી પાસે આવ્યા કરશે? અને આજે તો આપ આમ કહો છો કે, કેવળ આપનું મન જ મારી સાથે આવવાનું! આપનાં આવાં દ્વિધા વચનનો આશય હું સમજી નથી શકતી, મારા વ્હાલા દીયરજી!" વૃન્દાએ કટાક્ષ અને હાવભાવ સહિત એ માર્મિક વચનો ઉચ્ચાર્યાં.

ગોપાળ ટાલિયો મસ્તકને ખંજવાળતો ખંજવાળતો કહેવા લાગ્યો; "હા હા, મોટી વહૂ! એ વાતની તો મને તદ્દન સરતચૂક જ થઈ ગઈ–હું અવશ્ય પ્રથમ કહ્યા પ્રમાણે વૃન્દાવનમાં આવીશ જ! હં–પણ રજીસ્ટ્રાર વગેરે આવતી કાલે સંધ્યાસમયે આવવાના છે, ખરું ને?"

"હા–લગભગ સાંઝે સાત વાગે તેઓ આવી લાગશે."

"અને રાતે જ બધું કાર્ય સમાપ્ત કરવામાં આવશે કે?"

"જી હા, એમ જ થશે."

"ત્યારે તો આજની રાત અને કાલનો દિવસ હું અહીં જ વીતાડીશ. મોટી વહૂ મારા જપમાં અત્યારે બાધા થાય છે. મારી ઇચ્છા છે કે, અત્યારે નીચે જઈને શ્રીકૃષ્ણની-રાધા-કૃષ્ણની-યુગલમૂર્ત્તિ સમક્ષ બેસીને કેટલીકવાર લગી જપ કરું. આવતી કાલે પણ આ સમયે જો હું જપમાં નિમગ્ન હોઉં અને તેવામાં તેઓ આવી પહોંચે, તો મને ખબર આપજો એટલે હું તરત ઉપર આવીશ. જો જપ કરતો કરતો હું કદાચ અજ્ઞાન કે અચેતન થઈ ગયો હોઉં, તો મારાં શ્રવણોમાં ત્રણ વાર 'રાધા, રાધા, રાધા,' કહેશો એટલે હું ત્વરિત શુદ્ધિમાં આવી જઈશ." મહાત્માએ અગત્યની સૂચના આપી.

"દીયરજી! હવે નીચે જઈને જપ કરવાની શી અગત્ય છે? ઉપર જે ઓરડામાં બેસીને હું જપ કરું છું, તે ઓરડામાં બેસીને જ હવે આપ જપ કરો. હવે તો એ ઓરડો આપનો જ છે?" વૃન્દાએ કહ્યું.

"હવે તો એ ઓરડો આપનો છે." એ વાકયથી મનમાં હર્ષિત થવા છતાં પણ મહાત્મા બાહ્ય દંભથી મહા દુઃખ પ્રદર્શિત કરતા કહેવા લાગ્યા; "મોટી વહૂ! આ તમારા છેલ્લા વાકયથી મારું હૃદય શોકાતુર થઈ ગયું." આ મારું છે' અને 'આ ઘરનો માલિક હું છું.' એવા અહંજ્ઞાનનો મારામાં આરોપ કરો છો, મોટી વહૂ? હવે પછી આવો આરોપ કદાપિ ન કરશો. આવી આવી વાતોથી મારું હૃદય કલુષિત થઈ જાય છે. આ સમસ્ત જગદ્ બ્રહ્માંડનો સ્વામી શ્રીકૃષ્ણ છે, જે વસ્તુ અથવા વિષયનો ઉલ્લેખ કરો તે સર્વનો શ્રીકૃષ્ણના નામ સાથે જ ઉલ્લેખ કરતાં રહો, એ જ ઉચિત છે! આ મંદિર શ્રીકૃષ્ણનું છે, આ અટારી શ્રીકૃષ્ણની છે, મેં અત્યારે જે વસ્ત્રો પરિધાન કર્યાં છે તે પણ શ્રીકૃષ્ણનાં છે, હું નિત્ય જે અન્ન ખાઉં છું તે પણ શ્રીકૃષ્ણનું છે, અને આ જે સર્વ સ્થાવર તથા જંગમ સંપત્તિ છે તે પણ શ્રીકૃષ્ણની જ છે! આપણે તો બધાં કેવળ નિમિત્ત માત્ર જ છીએ!"

"દીયરજી! હું એક મહામૂર્ખ અને જ્ઞાનહીન સ્ત્રી હોવાથી આવા અલૌકિક ગૂઢ તત્ત્વને જાણવા સમજવાની મારી બુદ્ધિમાં શક્તિ કયાંથી હોઈ શકે?" વૃન્દા બોલી.

"અરે સ્ત્રીઓની વાત તો દૂર રહી, પણ અનેક કહેવાતા બુદ્ધિમાન્ પુરુષો પણ આ ગૂઢ તત્ત્વને સમજવાની શક્તિ નથી ધરાવતા. આના કરતાં તો શાસ્ત્રોમાં બીજાં વધારે ગહન ગૂઢ તત્ત્વો પણ છે. હું ધીમે ધીમે એ બધા તત્ત્વોને આપની પવિત્ર બુદ્ધિમાં ઉતારી દઇશ." મહાત્માએ આડંબરથી કહ્યું.

"તેવું એકાદ તત્ત્વ તો અત્યારે સમજાવો, દીયરજી!" વૃન્દાએ વ્યગ્રતાથી યાચના કરી.

"આ રાધાકૃષ્ણનો પ્રેમ એક અતિ અદ્ભુત વ્યાપાર છે. એના સત્ય રહસ્યને કેવળ અધિકારી વિના અન્ય કોઈ પણ સમજી શકતું નથી. અને ગોપીઓની સાથે શ્રીકૃષ્ણની લીલા–પ્રેમ લીલા–તો વળી તેથી પણ વિશેષ અદ્ભુત છે. કેવી રીતે રસ-સાગરમાં લીન થઇને ગોપીઓએ મુક્તિ મેળવી હતી, એ ગુપ્ત રહસ્ય અદ્યાપિ કોઇના પણ જાણવામાં આવી શકયું નથી!" મહાત્માએ વિશેષ ગૂઢ તત્ત્વનો પ્રસ્તાવ કર્યો

"દીયરજી ! કેવળ આટલામાટે જ હું આપને વર્ષમાં પાંચ છ વાર વૃન્દાવન આવવામાટેનો આગ્રહ કરી રહી છું." વૃન્દાએ તેના મતને પુષ્ટિ આપી.

"મોટી વહૂ ! જ્યારે આપની એવી જ ઈચ્છા છે, તો હું વારંવાર વૃન્દાવનમાં આવીને આપને તે ગોપિકાઓના ગુપ્ત પ્રેમની કથા,–તે અપૂર્વ રાસલીલાની રહસ્યમયી વાર્તાઓ યથાર્થરૂપે સંભળાવીશ અને તેમનાં રહસ્યોનું શિક્ષણ પણ આપીશ." મહાત્માએ આશ્વાસન આપ્યું.

એ ક્ષણે વૃન્દાની બે સખી સમાન દાસીઓ ત્યાં આવી અને રોતી રોતી કહેવા લાગી કેઃ–"કૃપામયી ! અહીં અમે એકલી કોઈ પણ પ્રકારે રહી શકીએ તેમ નથી. અમે તો આપની સાથે વૃન્દાવન આવીશું. અમે આપને પગે લાગીએ છીએ–અમને અહીં છોડીને ચાલ્યાં ન જશો!"

"તમોને અહીં રહેવામાં શી ભીતિ છે ? આ મારા દીયરજી મહાત્મા ગોપાળદાસ તમારા સ્વામી થયા છે, એટલે હવેથી એ જ મારી પેઠે તમારું પ્રતિપાલન કરશે!" વૃન્દાએ તેમના મનનું સમાધાન કરવાના ઉદ્દેશથી કહ્યું.

"એમનું કેવળ પ્રતિપાલન કરીશ, એટલું જ નહિ, પણ એમને હરિપ્રેમની દીક્ષા આપવાનો પણ મારો વિચાર છે!" મહાત્માજી વચ્ચે બોલ્યા.

"આગળ વધી આવો અને મહાત્માનાં ચરણોમાં પડી એકવાર પ્રણામ કરો. મહાત્માની ચરણધૂલિકાને મુખમાં નાખો અને મસ્તકે ધારણ કરો. એમની પાદસેવા કરો. તમો જેટલો આનંદ મારા સહવાસમાં ભોગવતી હતી; તેના કરતાં વધારે આનંદ એમના સહવાસમાં ભોગવશો." વૃન્દાએ પુલકિત મુખથી કહ્યું.

આજ્ઞાનુસાર બંને દાસીઓએ મહાત્માનાં ચરણોમાં પડી પ્રણામ કર્યા, તેમની ચરણધૂલિકાને મુખમાં તથા શિરપર ધારણ કરી અને તેમની પાદસેવામાં નિમગ્ન થઈ ગઈ.

"ભલી અને ભાવિક દાસીઓ ! અત્યારે આ પાદસેવાના કાર્યને બંધ રાખો; કારણ કે, અદ્યાપિ મારા જપની સમાપ્તિ થઈ નથી. મોટી વહૂ ! ઉપર મારે જપ કરવાને કયા ઓરડામાં બેસવાનું છે ?" મહાત્માજીને જપનું સ્મરણ થઈ આવ્યું.

મોટી વહૂએ એટલે કે વૃન્દાએ આંગળીથી ઓરડો બતાવી દીધો.

તે ઓરડામાં પગ મૂકતાંની સાથે જ ટાલિયા ગોપાળની આંખો ફાટી ગઈ અને વાચા બંધ થઈ ગઈ, તેણે પોતાના આ ભવમાં તો આવો શૃંગારેલો અને સુશોભિત ઓરડો કદાપિ જોયો જ નહોતો. વૈષ્ણવજીવનની પ્રથમ અવસ્થામાં તે અનેક નગરોના રાજાઓ તથા જમીનદારોનાં મકાનોમાં હરિકીર્તન કરવા તથા ભજન ગાવામાટે ગયો હતો, પણ ત્યાં આવી કારીગરીનું આસન, આવા ગાલીચા, આવી સુવર્ણની ઘંટા, અને ચાંદીનાં ઝાંઝ આદિ વસ્તુઓ કયાંય તેણે જોઈ નહોતી. શ્રીરાધાકૃષ્ણનાં વસ્ત્રો રાખવાના કબાટપર મોતીની ઝાલર ઝગમગાટ કરી રહી હતી. એટલે એ મોતી સાચાં છે કે ખોટાં એની ખાત્રી કરવામાટે મહાત્મા તે મોતીઓને હાથથી દાબી દાબી અને શોધી શોધીને જોવા લાગ્યા. અંતે તેમણે વિસ્મિત થઈને મનમાં જ કહ્યું: "આ તો સાચાં મોતી છે ને શું ! વારુ, પણ મણિ, મુક્તા, સોનું અને ચાંદી આદિ જે સાડા

ત્રણ લાખ રૂપિયાના માલની વાત વૃન્દાએ કહી હતી તેમાં આ મોતીઓ પણ આવી જતાં હશે કે આ મોતી તે ઉપરાંત હશે? પચાસ હજાર રૂપિયાની કીમતનાં તો કેવળ આ ઝાલરમાંનાં મોતી જ છે. વળી આ કબાટના અંદરના ભાગમાં મખમલ ચોડવામાં આવી છે, તેમાં કેવળ મોતી નહિ, પણ વચવચમાં હીરા પણ ચમકી રહ્યા છે. ઓહ–વૃન્દા કેટલી બધી ધનિક લક્ષ્મીપુત્રી છે! ગમે તેમ હોય, પણ તેણે બહુ સુખભોગ ભોગવવાથી હવે તેને એ સુખોનો કંટાળો આવી ગયો છે. જેના ભાગ્યમા જેટલું સુખ હોય છે, તેટલું સુખ તે યથાસમય ભોગવી લે છે! હવે પછીને માટે આ બધાં ભોગવિલાસ અને વૈષ્ણવ સુખ મારા અને શ્યામથીના ભાગ્યમાં જ લખાયલાં છે!"

એવી રીતે વિચાર કરતાં કરતાં ગોપાળદાસે અંદરથી સાંકળ વાસીને જપનો આરંભ કરી દીધો. હવે એ જપ કૃષ્ણનો હતો કે કાન્તાનો? વિરાગનો હતો કે આસક્તિનો? નિસ્પૃહતાનો હતો કે લોભનો? આપી દેવાનો હતો કે ઓહિયાં કરી જવાનો? ચૈતન્યનો હતો કે જડનો? વિજ્ઞાનનો હતો કે વિલાસનો? વિદ્યાનો હતો કે અવિદ્યાનો? એ વિશે અમારાથી નિર્ણયપૂર્વક અત્યારે કાંઈ પણ કહી શકાય તેમ નથી. એની કલ્પના વાચકોએ જ કરી લેવી.

* * * *

તે મકાનના એક વિશાળ દાલાનમાં મુનીમજીની બેઠક હતી. બેઠકનો ઠાઠમાઠ અત્યારે પણ જેવો ને તેવો જ હતો, માત્ર મુનીમજી નહોતા. નીલનભોમંડળ તેવી ને તેવી જ અવસ્થામાં હતું, કિંતુ શરદ્ ચંદ્રનો અભાવ હતો. તે રાત અને બીજે દિવસ વીત્યાં, પુનઃ સંધ્યાકાળ થયો અને કરાચીથી આવનારા લોકો આવી પહોંચ્યા. અત્યારે વૃન્દાના ભવનમાં રજીસ્ટ્રાર, બાબૂમલ્લ અને મોહનલાલ અંદર આવ્યા અને બીજા ચાર છ માણસ બહારના ભાગમાં જ રહ્યા. રજીસ્ટ્રાર વગેરે આવીને મુનીમવાળા દાલાનમાં જ બેઠા. નોકરો ગુડાકૂ ચઢાવીને લાંબી નાળનો હુક્કો મૂકી ગયા. રજીસ્ટ્રાર સાહેબ ધૂમાડાના ગોટગોટ કાઢવા લાગ્યા.

રજીસ્ટ્રારનું નામ મેઠારામ હતું અને તે ઘણો જ વૃદ્ધ થઈ ગયો હતો. તેના માથાના બધા વાળ પાકી ગયા હતા અને ઘણાખરા દાંત પણ પડી ગયા હતા. તેની ચામડીનો રંગ ગોરો હતો. તેના લાંબા કદ અને લાંબી સફેદ દાઢીને જોતાં સર્વના મનમાં તેના વિશે પૂજ્યભાવ ઉદ્ભવતો હતો. એમ સંભળાતું હતું કે, સત્તર વર્ષના વયમાં જ સ્કૂલ ફાઈનલની પરીક્ષા પસાર કરીને તે સરકારી નોકરીમાં દાખલ થઈ ગયો હતો–અત્યારે તેની અવસ્થા પાંસઠ વર્ષની હતી. આટલા દિવસના અનુભવથી તે ઘણો જ હુશિયાર થઈ ગયો હતો અને કરાચી તથા હયદરાબાદમાં લોકો તેના વિશે બહુ જ પૂજ્યભાવ ધરાવતા હતા. તે પોતે સારો ધનવાન્ હતો અને ઘણા લોકો તેનાથી ડરતા હતા. ગામમાં એવો ગપાટો પણ ચાલતો હતો કે, મેઠારામ નવના છ અને છના નવ કરી નાખવાની અદ્ભુત શક્તિ ધરાવે છે. એ કારણથી જ મેઠારામનો યશોગંધ ચતુર્દિશામાં સારી રીતે વિસ્તરી રહ્યો હતો અને એથી જ તે ઘણા લોકોને પ્રિય થઈ પડ્યો હતો. કોર્ટમાં કામ કરતા ઘણાખરા તરુણ વકીલો તેનું સારું માન જાળવતા હતા. મોટા મોટા જમીનદાર અને જાગીરદારોના ઘરને હાથમાં કરી

લેવામાટે કેટલાક વકીલો દિવસ અને રાત તેમની ખુશામદ કર્યા કરતા હતા. બાઘૂમલ્લ વકીલ કે જે આજે મેઠારામની સાથે આવ્યો હતો, તે એમ. એ. એલ. એલ. બી. હોવા છતાં કાર્ય અને સન્માનમાં તેના કરતાં ઘણો જ ઉતરતો હતો. તે વયમાં ન્હાનો હોવાથી મેઠારામના દેખતાં હુક્કો, સિગાર કે સિગરેટ ફુંકતાં અચકાતો હતો.

રજીસ્ટ્રાર મેઠારામ અને બાઘૂમલ્લના આવતાં જ વૃન્દાએ ધ્યાનમગ્ન ગોપાળને ઉદ્દેશી કહ્યું;–"દીયરજી ! અહીં સત્વર પધારો. રજીસ્ટ્રાર સાહેબ અને વકીલ સાહેબ ક્યારના આવી પહોંચ્યા છે."

આ શબ્દો સાંભળતાં જ ગોપાળ ઝટપટ ઉઠ્યો અને સાંકળ ઉઘાડીને જેમ દરમાંથી સર્પ નીકળે તેમ ઓરડામાંથી ઝડપથી બહાર નીકળી આવ્યો.

"દીયરજી, સમય ઘણો થઈ ગયો છે, માટે હવે ઝટપટ કામ કરી નાંખો !" વૃન્દાએ ઉતાવળ કરી.

"મોટી વહૂ, જ્યારે હું આપને જબાન આપી ચૂકયો છું, તો હવે મારા વચનનો ભંગ મારાથી કરી શકાય તેમ નથી જ! જો સૂર્ય પૂર્વમાં ઉદિત થવાને બદલે પશ્ચિમમાં ઉદિત થાય તો પણ આ સંપત્તિના સંરક્ષણનો ભાર તો હું મારા શિરપર ઉપાડવાનો જ!" ગોપાળદાસે આશ્વાસન આપ્યું.

"દીયરજી! આપના આ મહાન્ ગુણને જોઇને જ મેં આપના શરણુંનો સ્વીકાર કર્યો છે. પ્રથમ રજીસ્ટ્રાર સાહેબ સાથે મુલાકાત કરીને ભોજન કરી લ્યો અને દસ્તાવેજ વગેરે કરી નાંખો. તમારી હાજરી અને અનુમતિ વિના દસ્તાવેજ થઈ શકે તેમ નથી." વૃન્દાએ કહ્યું.

આજે વળી ભોજન લેવાનું શું કામ છે? મોટી વહૂ, હું તો આજે ભોજન કર્યા વિના જ આપના કાર્યની સમાપ્તિ કરી નાખવા ઇચ્છું છું: મારા મસ્તકપર કોઈ પણ કાર્યનો ભાર આવી પડે છે, તે વેળાએ મારી ક્ષુધાપિપાસાનો લોપ થઈ જાય છે. વળી સમય ઘણો વીતી ગયો છે, એટલે કેવળ ભોજનના કારણથી અગત્યના કાર્યમાં ઢીલ કરવાની જરૂર નથી. શુભં તત્ શીઘ્રમ્" મહાત્માએ ઉદારતા અને પરોપકારની સીમાનું ઉલ્લંઘન કરી બતાવ્યું.

"દીયરજી ! એમ તે બની શકે ખરું? તમે ભૂખ્યા બેસી રહો, એ મારાથી કેમ કરીને દેખી શકાય? તમને મઠો બહુ ગમતો હોવાથી મેં કાળી ગાયના દૂધના જમાવેલા દહીંનો મઠો મારા પોતાના હાથે જ તૈયાર કર્યો છે. શ્રીમતી દયામયી પણ ક્યારનાં પધાર્યાં છે અને આપના જમવાની વાટ જોઈ બેઠાં છે. દીયરજી! જો તમે એ મઠો નહિ ખાઓ, તો મારા મનમાં બહુ જ ખેદ થવાનો. તમને મારા સોગંદ–દીયરજી–જો તમે એ મઠો નહિ ખાઓ, તો—"

"મોટી વહૂ, આમ ખેદ ન કરો. તમારા માટે હું જે કહો તે કરવાને તૈયાર છું. જ્યારે તમારો આટલો બધો આગ્રહ છે, તો શ્રી કૃષ્ણને ધરાવીને એ મઠો હું અવશ્ય ખાઇશ." મહાત્માએ કહ્યું.

"ત્યારે આવો અને પ્રથમ રજીસ્ટ્રાર સાહેબ સાથે મુલાકાત કરી લ્યો."

"જેવી તમારી ઇચ્છા." મહાત્માએ અનુમતિ દર્શાવી.

ગોપાળદાસે તે વિશાળ દાલાનમાં જઇને પ્રણામ કરી રજીસ્ટ્રાર સાહેબને કહ્યું: "રજીસ્ટ્રાર સાહેબ! પ્રણામ–પ્રકૃતિ તો ઠીક છેને?"

"કોણ મહાત્મા ગોપાળદાસજી? આજે ઘણા દિવસ પછી દર્શનનો લાભ મળ્યો; પધારો, પધારો.'' રજીસ્ટ્રારે સત્કાર કર્યો. તે ઉઠીને ઉભો થઈ ગયો. ગોપાળ જરાક નજદીકમાં ગયો. બન્ને એક બીજાને મળ્યા અને ભેટયા. બે ચાર મીઠી મીઠી વાતો થયા પછી ગોપાળ રજીસ્ટ્રારની રજા લઇને ભોજન કરવા ચાલ્યો ગયો.

પ્રકરણ ૫૧ મું

સ્વર્ગનો સાક્ષાત્કાર

વૃન્દા અને મેઠારામનો ઘણાં વર્ષોનો પરિચય હતો. સિંધુ દેશમાં જો કે પડદા-પ્રણાલી છે, છતાં વૃન્દા તેનો પડદો રાખતી ન હોતી. તે તેની સાથે છૂટથી વાતચીત કરતી હતી. મહાત્મા ગોપાળદાસને ભોજનાલયમાં ભોજન કરવામાટે બેસાડી તે પોતાના ખાનગી ઓરડામાં આવી. વૃન્દાએ મેઠારામને ત્યાં બોલાવી મંગાવ્યો. ધીમા સ્વરથી તેની સાથે કેટલીક વાર સુધી વાતચીત કરી. અંતે મેઠારામે હસીને કહ્યું:– "કાંઈ ચિન્તા નહિ. મેં જેવી રીતે કહ્યુ છે તેવી રીતની જ બધી વ્યવસ્થા કરી રાખજો એટલે થયું."

વૃન્દાના મહાલયના ઉપરના ભાગમાં એક એવો ઓરડો હતો કે, જેનો અંદરના અને બહારના ભાગ સાથે એક સરખો સંબંધ હતો. એ ઓરડાને બે ભાગોના મધ્ય પ્રદેશના નામથી ઓળખીએ તો તેમાં અતિશયોક્તિ જેવું કાંઈ પણ નથી. આજે એ જ ઓરડામાં પડદાની પાછળ વૃન્દાના બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. એ ઓરડામાંથી બીજા ઓરડાના અંદરનો તથા બહારનો કાર્યક્રમ એકસરખી રીતે દૃષ્ટિ-ગોચર થતો હતો. અહીં બધી તૈયારી થવા લાગી.

વૃન્દા ભોજન કરતા મહાત્મા પાસે જઈ પહોંચી. તે વેળાએ ભાતના ત્રણ ભાગ એમના એમ મૂકી મહાત્મા ગોપાળ હાથ ધોવાની તૈયારી કરી રહ્યો હતો. વૃન્દાએ કહ્યું; "આ શું, દીયરજી! આપ તો કાંઈ જમ્યા જ નથી અને હાથ ધોવાની તૈયારી કેમ કરો છો? આપને મારા સોગંદ, ચાર કોળિયા વધારે જમો!"

પૂર્ણ–હવે ક્ષુધા નથી." મહાત્મા બોલ્યા.

"ના ના, આપ શરમાઓ છો." વૃન્દાએ આગ્રહ કર્યો.

"આહારવ્યવહારમાં તે વળી લજ્જા હોય? અકરાંતિયાપણાથી જમવાની મને ટેવ નથી, તે તમે કયાં નથી જાણતાં, મોટી વહૂ?"

"જેવી આપની ઇચ્છા..'

ઝટપટ હાથ ધોઇને મહાત્મા વૃન્દાની સાથે ઉતાવળથી દાલાન તરફ ચાલ્યા. ચાલતાં ચાલતાં વૃન્દાએ કહ્યું: "દીયરજી, આપ આ દરવાજેથી દાલાનમાં આવો, અને હું ઓરડામાં થઈને આવું છું. દાલાનમાં ઘણાં માણસો આવી ચૂકયાં છે. હું પડદાની પાછળ રહીશ અને તમે દાલાનમાં જઇને પોતાના આસને વિરાજો જાઓ."

"ત્યાં તમારાં દર્શનનો લાભ નહી જ મળે કે?

"જો એવી જ કાંઈ આવશ્યકતા હોય, તો મારી પાસે આવજો. ઘણાં માણસો આવેલાં હોવાથી મારે તો પડદામાં જ રહેવું પડશે, લાચાર!"

"હાહા–ઠીક છે–સ્ત્રીઓએ તો પડદામાં રહેવું જ જોઇએ. પણ દયામયી તમારી પાસે બેસે તો કાંઈ વાંધો છે?"

"નહિ, આપને દયામયીની વારંવાર અગત્ય પડશે, માટે તેને તો ત્યાં જ તમારી પાસે બેસાડજો."

વૃન્દા ઓરડામાં થઇને પડદાની પાછળ જઈ બેઠી. ગોપાલે દાલાનમાં જઈને જોયું તો તે સમયની શોભા અપૂર્વ હતી. ઘણાં માણસો ત્યાં બેઠાં હતાં. પડદાની અત્યંત નિકટમાં ઓસીકાને અઢેલીને મેઠારામ રજીસ્ટ્રાર બેઠો હતો, તેની જોડમાં જ વાધૂમલ્લ વકીલ હતો. તેનાથી થોડા અંતરે તેમના કારકૂનો કાગળ લઇને બેઠેલા હતા અને હયદરાબાદના બીજા કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થો પણ આવેલા હતા. વૃન્દાના સર્વ અનુચરો અને કર્મચારીઓ એક તરફ હારબંધ બેસી ગયા હતા. દરબાન, ચપરાસી, ચોપદાર અને ખાસાબરદાર આદિ પોતપોતાના સ્થાને ઉભા હતા. દાલાનનો ભાગ જાણે હસી રહ્યો હતો. મહાત્મા ગોપાલનો પ્રધાનપાર્ષદ પણ આવ્યો હતો. તેની સાથે બીજા બે અ–પ્રધાન પાર્ષદો પણ હતા. ગોપાલદાસનું આગમન થતાં જ વૃદ્ધ મેઠારામ રજીસ્ટ્રાર પોતાના આસનપરથી ઉઠીને ઉભો થયો અને બોલ્યો: "પધારો, પધારો, આ મધ્યમાંના ઉચ્ચ આસને વિરાજો." દાલાનના મધ્ય ભાગમાં પ્રથમથી જ રેશમના ગાદલાવાળો શીશમનો ઉંચો ચોરંગ ખાલી રાખવામાં આવ્યો હતો. રજી-સ્ટ્રાર પોતે ઉઠીને ઉભા થઈ ગયા, એટલે સર્વજનોએ મહાત્માને પ્રાર્થના કરી: "પધારો, બ્રહ્મર્ષિરાજ! પધારો!"

આવી પરિસ્થિતિને જોઇને ગોપાલદાસ આશ્ચર્યમુગ્ધ બની ગયો. ધીમે ધીમે તેના સમજવામાં આવ્યું કે, "રાજ્યાભિષેકનો પ્રસંગ આવો જ હોય છે!" જ્યારે પુનઃ પુનઃ ગોપાળને તેના નિર્દિષ્ટ આસને વિરાજવાની વિનતિ કરવામાં આવી, ત્યારે તેના ઉત્તરમાં તેણે જણાવ્યું: "એમ કદાપિ બની શકે તેમ નથી! હું અતિ ક્ષુદ્ર છું–હું તો આપ લોકોનાં ચરણોમાં બેસવાને જ યોગ્ય છું!!"

મેઠારામ રંગ જોઇને આગળ વધ્યો અને ગોપાળનો હાથ ઝાલી લીધો. તેનો 'વિરાજો–વિરાજો'નો અને મહાત્માનો 'હું કૃમિ છું–હું કીટ છું–હું બધાનાં ચરણોની રજ છું' આદિ શબ્દોનો જપ ચાલૂ જ હતો. વિવેકનો અવધિ થયો અને મહાત્માજી ઉચ્ચ આસને વિરાજેલા દેખાયા !!

મહાત્માના ઉચ્ચ આસને વિરાજવા સાથે જ તેમના પાર્ષદો પણ તરત તેમના આસનની આસપાસ ગોઠવાઈ ગયા. પ્રધાનપાર્ષદ અને ગોપાળનો નેત્રપલ્લવી ભાષામાં કાંઇક સંવાદ ચાલ્યો. ટાલિયાની સાંકેતિક દૃષ્ટિના ભાવાર્થને સમજી પ્રધાનપાર્ષદ ચુપ રહી ગયો. વૃદ્ધ મેઠારામ આલાપ કરતા કળાવંતના સ્વરમાં ધીર અને ગંભીર ભાવથી બોલ્યો:–"આજે એક મહા કાર્ય થવાનું છે. મારી આટલી વૃદ્ધાવસ્થા થવા છતાં આવા સત્કાર્યની વાર્તા મારા સાંભળવામાં કદાપિ આવી નથી. આજનું આ કાર્ય આ વિશ્વમાં

તો અલૌકિક જ છે. આટલી સંપત્તિ અને આવા વૈભવોને ત્યાગીને કળિકાળમાં કોઈ પણ સ્ત્રી વનવાસિની થયેલી છે ખરી ? સંસારભોગવિલાસની લાલસા કોના મનમાં નથી હોતી ? પરંતુ આજે જુઓ, શ્રીમતી વૃન્દાની કેવી આત્મત્યાગશક્તિ પ્રત્યક્ષ આપણા જોવામાં આવે છે તે ! વૃન્દાએ અત્યંત શુભ સમયમાં જ માનવજન્મ લીધેલો હોવો જોઇએ, નહિ તો આવી સદ્‌ભાવના કદાપિ ન જ સંભવે !"

"વૃન્દા માનવ સ્ત્રી નથી, કિન્તુ દેવી છે. મેં એમના શ્રીઅંગમાં દેવચિન્હ જોયેલું છે. તે ચિન્હ–અહા ! તે અતિ સુંદર છે ! અતિ મધુર છે ! સર્વ શ્રીહરિની લીલા છે–હે હરિ પાર ઉતારો !!" મહાત્માએ ઉદ્‌ગાર કાઢ્યા.

"મહાત્માજી જે વચન ઉચ્ચારે છે, તે અક્ષરે અક્ષર સત્ય છે. ગોપાળદાસ મહા સાધુ પુરુષ છે. એમનાં વચન કદાપિ મિથ્યા હોઈ શકે જ નહિ ! મહાત્માએ ભૂમિના ભારને ઉતારવામાટે જ મનુષ્યનો અવતાર લઇને આ પૃથ્વીપર આગમન કર્યું છે !" મેહારામે પ્રશંસાની સીમાને ઓળંગીને કહ્યું.

મહાત્મા બન્ને કાનોમાં આંગળીઓ ખોસીને બોલવા લાગ્યા: "હું કૃમિકીટ છું–અતિ ક્ષુદ્ર, અતિ ક્ષુદ્ર–કાકવિષ્ઠા છું, કાકવિષ્ઠા–"

"મહાત્માજી ભલેને ગમે તેમ બોલે ! એ તો ઈશ્વરપરિચિત વ્યક્તિ છે, એ કોઇથી પણ અજાણ્યું નથી જ. હરિમાંજ એમની મતિ–હરિમાંજ એમની રતિ અને હરિમાં જ એમની ગતિ છે ! એઓ સદૈવ હરિપ્રેમમાં ઉન્મત્ત–મદોન્મત્ત છે ! એઓ વિષયકર્મમાં નિઃસ્પૃહ અને નિષ્કામ છે–સોના ચાંદીને તો સ્વપ્નમાં પણ સ્પર્શ નથી કરતા. કદાચિત્ દૃષ્ટિવિકારથી લાલસાનો ઉદય થાય તો ? એવા ભયથી એઓ સોના ચાંદીને આંખે જોતા પણ નથી. એઓ કલિકાલના સાક્ષાત્ જનક ઋષિ છે !" મેડારામે કહ્યું.

વળી પણ મહાત્મા પોતાના બન્ને કાનોને આંગળીઓથી બંધ કરીને કહેવા લાગ્યા કે;–"નહિ, હું એવી યોગ્યતા ધરાવતો નથી–હું કૃમિકીટ છું–હું કાકવિષ્ઠા છું !"

"મહાત્માજી છોને પોતાની નમ્રતા દર્શાવતા ! મારા અભિપ્રાય પ્રમાણે તો એમના જેવો સાધુ પુરુષ આ સંસારમાં બીજો કોઈ પણ નથી ! જુઓ તો ખરા, એમણે એક પ્રકારે આહારનો પણ ત્યાગ કરી દીધો છે. એઓ માત્ર એક તોલા ભાર ચોખાનું જ હવિષ્ય બનાવે છે અને તેમાંથી પણ ચોથો ભાગ જ આરોગે છે." મેડારામે કહ્યું.

"હે હરિ, હે દયામય ! આ નરકરૂપ સંસારમાં હવે વધારે દિવસ રહેવાની મારી ઇચ્છા નથી ! મને વૈકુંઠમાં લઈ ચાલો ! હે શ્રીરાધિકે ! તમે કયાં છો ?" મહાત્માએ નિઃસ્પૃહતાના શિખરે આરોહણ કર્યું.

"હે સભાસદો, મહાત્માજીનાં વચનો તો આપ લોકોએ સાંભળ્યાં જ છે. એમની એક પળ માત્ર પણ આ સંસારનરકમાં રહેવાની ઇચ્છા નથી. એમણે શ્રીમતી વૃન્દાના ગુરુ–વિષયના ભારને કૃપાપૂર્વક પોતાના શિરપર ઉપાડવાનો સ્વીકાર કરેલો છે. કોઈ પૂછશે કે, વિષયભારનો શામાટે સ્વીકાર કર્યો ? તો તેના ઉત્તરમાં હું એ જ કહીશ કે, કેવળ પરોપકારમાટે જ. એ તો સર્વ જાણે જ છે કે, સાધુનો જન્મ પરોપકારમાટે જ હોય છે–'परोपकाराय सतां विभूतयः' ભલેને સંકટોનાં વાદળ તૂટી પડે પણ

સાધુ પુરુષો પરોપકારથી કદાપિ પરાઙ્મુખ થતા નથી. પોતાના પ્રાણ અર્પીને પણ સાધુજનો બીજાનું હિત કરે છે." મેઠારામે સર્વ સભાસદોને ઉદ્દેશીને કહ્યું.

"બંધન!–બંધન! પૂર્વ જન્મનાં દુષ્કર્મોનું જ ફળ!!" મહાત્માએ કરુણાજનક વાણીથી પોકાર કર્યો.

"સર્વ બાંધવો! એક ધ્યાનથી સાંભળો. આજથી શ્રીમતી વૃન્દાની સમસ્ત સ્થાવર અને જંગમ સંપત્તિના સંરક્ષણનો ભાર મહાત્માજીના શિરપર ચઢાવવામાં આવે છે. શ્રીમતી વૃન્દાએ પોતાની ઇચ્છા, સરલ અંતઃકરણ અને પ્રેમપૂર્ણ હૃદયથી દેવસેવા-માટે મહાત્મા ગોપાળદાસજીને પોતાની સર્વ સંપત્તિ આપી દીધી છે..........."

મેઠારામ આગળ બોલતો હતો, એટલામાં વળી પણ મહાત્મા કંટાળો દર્શાવતા વચ્ચે બોલી ઊઠ્યા:–"હે હરિ! વિષય–બંધન! હવે આ બંધનવેદના સહન કરી શકાતી નથી. રક્ષા કરો, નાથ રક્ષા કરો!!"

"મહાત્મન્, કૃપા કરીને એકવાર આ દસ્તાવેજનો ખરડો જોઇ લેશો, તો મોટો આભાર થશે;" મેઠારામે પ્રાર્થના કરી.

"મારાથી તે જોઈ શકાશે નહિ–વિષયકર્મ મારામાટે વિષ સમાન છે, એ શું તમો નથી જાણતા?" મહાત્માએ જણાવ્યું.

"ત્યારે હું વાંચું છું અને આપ સાંભળો."

"મારાં શ્રવણોમાં એ પ્રવાહી વિષ ન રેડશો. દયામય. રાધારમણ! તમે અત્યારે ક્યાં છો? મને આ દારુણ દુઃખથી બચાવો!!"

"શ્રીમતી વૃન્દા કહે છે કે, જે જે તીજોરીમાં જેટલા જેટલા રૂપિયા અને સોના-મોહોરો આદિ છે, તે સર્વ એકવાર આપ જોઈ તપાસી લ્યો;" મેઠારામે બીજી પ્રાર્થના કરી.

મહાત્માએ જીભ કરડીને કહ્યું;–"ધિક્કાર! મને આવી વાતો ન કહેશો. જે તીજો-રીમાં રૂપિયા અને સોનામોહરો હોય, તેમને હું જોઈ શકું ખરો? છતાં જો એવી જ આવશ્યક્તા હોય, તો આ દયામયી અને મારા પ્રધાનપાર્ષદને સાથે લઈ જાઓ–એઓ તીજોરીઓને તપાસીને હિસાબ લખી લેશે;" મહાત્માએ પેચદાર બાજીનો દાવ ચલાવ્યો.

"વારુ–એમ તો એમ."

દયામયી અને પ્રધાનપાર્ષદ તીજોરીઓ તપાસવાને ચાલ્યાં. ત્યાંથી પાછા ફર્યા પછી પ્રધાનપાર્ષદે મહાત્માના કાનમાં કહ્યું:–"પિતાજી, આવો ધનભંડાર તો મારી સાત પેઢીએ પણ નહિ જોયો હોય! લોઢાની તીજોરીઓમાં ચાંદીના રૂપિયા અને સોનાની મોહોરોના નાના મોટા ઢગલા જ ખડકેલા છે! કોઈ તીજોરીમાં એકલી નોટો, કોઇમાં કેવળ સુવર્ણમુદ્રા, કોઈમાં કેવળ મણિમુકતા અને કોઈમાં કેવળ રૂપિયા–કેટલુંક વર્ણન કરી શકાય? પિતાજી–પિતાજી–અમે તપાસ્યા પછી દરેક તીજોરીને સીલથી બંધ કરી દેવામાં આવી છે!!"

ગોપાલે તેને ધીમા સ્વરથી કહ્યું:–"ચુપ, નાદાન, ફજેતો શાનો કરી મરે છે?" મુખથી આમ બોલવા છતાં પ્રધાન પાર્ષદનું આ વર્ણન સાંભળીને મહાત્માના અંતઃકર-ણમાં સ્વર્ગનો સાક્ષાત્કાર થવા લાગ્યો!!

પ્રકરણ ૫૨ મું

મહાત્મા સપડાયા!

મેઠારામ અને વાધૂમલ્લ સ્ટૅમ્પનો કાગળ વગેરે પણ સાથે લેતા આવ્યા હતા. એટલે મેઠારામે વાધૂમલ્લના કારકૂનને પોતાની પાસે બોલાવીને કહ્યું:–"ભાઈ! આ મારો લખેલો કાચો ખરડો તૈયાર છે, એટલે સ્ટૅમ્પના કાગળપર એનું પાકું લખાણ કરી નાખો. જો જો ભૂલ ન થાય, જરાક પણ ન્હેરા ન્હેર થશે, તો સ્ટૅમ્પના રૂપિયા વ્યર્થ જશે અને વળી કામ અટકી પડશે તે તો જૂદું જ."

મહાસાધુ ગોપાલ તે કારકૂનના લેખનવ્યવસાયને પોતાના આસનપરથી નિમેષશૂન્ય નેત્રોવડે જોવા લાગ્યો. આનંદથી તેનો દેહ કંટકિત થઈ ગયો. કારકૂન આનંદથી લખવા લાગ્યો. જ્યાં તેને કાચા ખરડામાં કાંઇક અસ્પષ્ટ અક્ષરો જણાતા હતા, ત્યાં અટકીને તે મેઠારામને પૂછી લેતો હતો. વચ્ચે વચ્ચે ગોપાળદાસ દૂરથી જ બોલી ઉઠતો: "બહુ જ સ્પષ્ટતાથી લખજો, ઉતાવળ ન કરશો, આ સ્ટૅમ્પનો કાગળ છે, એટલે છેકાછેક ન કરવી પડે, તેની સંભાળ રાખજો."

પડદા પાસે વૃન્દા અને મેઠારામ વચ્ચે ધીમા સ્વરથી કાંઇક વાતચીત થઈ. મેઠારામે ટાલિયા મહાત્માને કહ્યું: "મહાત્માજી! શ્રીમતી વૃન્દા જણાવે છે કે, દસ્તાવેજમાં એક શર્ત એ પણ હોવી જોઈએ, કે તમારે પોતાના મંદિરને ત્યાગીને સપરિવાર આ પર્ણકુટીમાં આવીને નિવાસ કરવો. આ મોટા મકાનમાં જો નિત્ય નિયમિત સ્વચ્છતા અને દીપક આદિની વ્યવસ્થા ન રહે, તો તેથી અનેક પ્રકારના દોષો ઉદ્ભવવાનો સંભવ છે. આ આવાસમાં આપ અતિશય આનંદ સહિત નિવાસ કરી શકશો."

"મારે માટે તો મહાલય અને અરણ્ય બન્ને બરાબર છે. મને મહાલયમાં જેવું સુખ દેખાય છે, તેવું જ સુખ એક વૃક્ષની છાયામાં પણ અનુભવાય છે: કિંબહુના, વટવૃક્ષ અને અશોકવૃક્ષની છાયામાં મને અલૌકિક આનંદ મળી શકે છે. વટ અને અશોકને જોતાં જ મને બંસીવાળા રાધારમણ શ્રીકૃષ્ણનું સ્મરણ થઈ આવે છે! સુવર્ણની શય્યામાં દુગ્ધફેન સમાન સ્વચ્છ ચાદરથી આચ્છાદેલા રેશમના ગાદલા કરતાં કેલિકદંબ નીચેની ધૂલિશય્યા મારામાટે વિશેષ આનંદદાયક છે. એ જ કદંબવૃક્ષ ઉપર ચઢીને એકવાર શ્રીકૃષ્ણે ગોપીઓનાં ચીર ચોરીને ચીરલીલા કરી હતી! અહા–અહા!!" મહાત્માએ કદંબનો ઇતિહાસ કહી સંભળાવ્યો.

"આપનું કથન યથાર્થ છે. અમો પામરો અદ્યાપિ શ્રીકૃષ્ણતત્ત્વને સમજી શક્યા નથી; આ સંસારમાં આવીને કેવળ વિષયોમાં જ લિપ્ત રહ્યા અને તેથી જ અદ્યાપિ અમે ઉત્તમ અને વિશાળ અટ્ટાલિકાને જ સર્વ સુખનો ભંડાર સમજીએ છીએ. અસ્તુ, ગમે તેમ હોય; પણ અત્યારે શ્રીમતી વૃન્દા જે શર્ત વિશે કહે છે, તે શર્ત સ્ટૅમ્પના કાગળપર લખવી કે નહિ?" આપની શી આજ્ઞા છે? મેઠારામે પૂછ્યું.

"હા, લખી શકાય તેમ પણ છે, અને ન લખી શકાય તેમ પણ છે! તમે તમારી ઇચ્છા પ્રમાણે સર્વ કાંઈ કરી શકો છો, એટલે મને પૂછવાની અગત્ય નથી." મહાત્માએ સંદિગ્ધ અનુમોદન આપ્યું.

"જ્યારે હવે આ વૃન્દાની અટ્ટાલિકા આપની થઈ છે, તો પછી આપ એની સુવ્યવસ્થા રાખવાના જ. હવે આ હવેલી આપની જ છે!" મેઠારામે કહ્યું.

જીભ કરડીને મહાત્મા બોલ્યા:–"મારી અટ્ટાલિકા, મારું ઉદ્યાન અને મારું તળાવ? આ સંસારમાં કોઈ પણ વસ્તુ મારી નથી! હું–કોણ છું? આ સંસારના સર્વ પદાર્થ મિથ્યા છે, કેવળ એક શ્રીકૃષ્ણ જ સત્ય છે!"

"આપના જેવા સાધુ અને જ્ઞાની આ સંસારમાં વિશેષ નથી. આપ સાક્ષાત્ શુકદેવ જ છો!" વાધૂમલ્લ વચ્ચે બોલી ઉઠયો.

ગોપાલ હાથ જોડીને કહેવા લાગ્યો:–"આવી આવી મારી પ્રશંસા–અરે મિથ્યા પ્રશંસા કરીને મને વિનાકારણ અપરાધી–મહાપાપી ન બનાવો! હું ક્ષુદ્ર, અતિ ક્ષુદ્ર,–કૃમિકીટ છું! કાકવિષ્ઠા–તેની પણ વિષ્ઠા છું!"

એટલામાં બહારના દરવાજા પાસેથી કોલાહલનો ધ્વનિ આવવા લાગ્યો; બહાર જાણે મારામારી ચાલતી હોયની, એવો જ ભાસ થતો હતો. દાલાનમાંના સર્વ મનુષ્યોનું ધ્યાન તે તરફ આકર્ષાયું. દરબાને આવીને સમાચાર આપ્યા:–"પોલીસના કેટલાક માણસો મહાત્મા ગોપાલદાસને શોધી રહ્યા છે. તેઓ અહીં આવવા માગે છે, પણ આપણા માણસોએ તેમને દરવાજાપર અટકાવી રાખ્યા છે. સાથે એક મોટો ઑફિસર સાહેબ પણ છે."

"પોલીસના માણસો અને તેઓ મને શોધી રહ્યાં છે? કેમ? શામાટે? મારો અને પોલીસનો શો સંબંધ?" મહાત્માએ ગભરાટ બતાવીને પૂછ્યું.

"એ હું કાંઈ જાણતો નથી;" દરબાને ઉત્તર આપ્યું.

"ત્યારે તેમને અહીં લઈ આવો." વાધુમલ્લે કહ્યું.

"નહીં, અહીં અપરિચિત મનુષ્યને આવવા દેવો ઉચિત નથી અને આ તો વળી પોલીસનાં માણસ છે, એટલે કોઈ રીતે તેમનાથી અહીં આવી શકાય જ નહીં. અહિં એક ગુરુતર પવિત્ર કાર્યની તૈયારીઓ ચાલી રહી છે; એટલે કોઈ ગાઢ સંબંધવાળા અથવા બહુ પરિચિત મનુષ્ય વિના બીજા કોઇનું અહીં અત્યારે આવવું સારું નથી. મહાત્માજી તો કદાચિત્ હા પણ પાડશે; એમના હૃદયમાં દ્વૈતભાવ છે જ નહીં, એટલે એઓ તો સર્વને પરમપ્રિય જ સમજે છે અને એ ઉચિત પણ છે." મેઠારામે વાંધો ઉઠાવ્યો.

"ઠીક છે, મહાશય, તમારું કથન પણ યથાર્થ છે. તમો સત્ય કહો છો. હું તો શત્રુ અને મિત્ર ઉભયને સમાન જ સમજું છું. કોઈ પણ મનુષ્યને જોતાની સાથે જ આગ્રહ કરીને હરિપ્રેમ શીખવવાની અને ગોદમાં લેવાની ઈચ્છા થઈ આવે છે. ત્યારે હું પોતે જ બહાર જઇને તેમને મળું?" મહાત્માએ પૂછ્યું.

"હા, તેમ કરો તો વાંધો નથી;" મેઠારામે કહ્યું.

"પણ મને શોધવા પોલીસ શામાટે આવી હશે?" મહાત્માએ પૂછ્યું.

"આપ મહા પ્રતિષ્ઠિત હોવાથી કદાચિત્ કોઈના વિશે આપનો કાંઈ અભિપ્રાય લેવો હશે. એ વિના આપને શોધવાનું બીજું તે શું કારણ હોય?" મેઠારામે કહ્યું.

"હા–એમ જ હોવું જોઇએ. શ્રીકૃષ્ણ! સાહાય્ય કરો! ત્યારે હું નીચે જાઉં છું." એમ કહીને મહાત્માજી ઉઠીને નીચે જવાને ચાલતા થયા.

મહાત્માજી ઉઠ્યા એટલે વૃન્દાએ દયામયીને પોતાની પાસે બોલાવીને કહ્યું; "શ્રીમતી! ચાલો, આપણે પણ નીચે જઇને નીચેના ઓરડાની બારીમાંથી જોઇએ કે, પોલીસ વળી શામાટે આવી છે તે!"

"ભલે જેવી તમારી ઇચ્છા." દયામયીએ અનુમતિ આપી.

બન્ને અંદરના દાદરપરથી ઉતરીને નીચેના ઓરડામાં આવી. ત્યાં બીજું કાંઈ પણ હતું નહિ. મહાત્મા પોલીસના યૂરોપીયન ઑફિસર પાસે આવી પહોંચ્યા અને બારીમાં ઉભેલી વૃન્દા તથા દયામયી તેમની વચ્ચે ચાલતી વાતચીત સાંભળવા લાગી. મેંઢારામ, વાઘૂમલ્લ, તેના કારકૂનો અને બીજા ગૃહસ્થો ઉપર છજામાં આ નવીન નાટક જોવાને આતુરતાથી ઉભા હતા.

ગત પ્રકરણમાં ધનભંડારના માનસિક દર્શનથી મહાત્માને જે સ્વર્ગનો સાક્ષાત્કાર થયો હતો, તેને બદલે હવે પોલીસનાં પ્રત્યક્ષ દર્શનથી નરકનો સાક્ષાત્કાર થવા લાગ્યો. કહ્યું જ છે કે;—

"દોરંગી જમાનેકી મશહૂર હય;
કહીં સાયા હય ઔર કહીં નૂર હય!"

"કેમ મહાશય! આ પામર જીવનું સ્મરણ શામાટે કરવું પડચું? આ અધમ મનુષ્ય સાથે અત્યારે રાત્રિના સમયે આપને એવું તે શું કામ આવી પડચું છે—મારા વિના શું અડચું રહ્યું છે? રાધાકૃષ્ણ, કૃષ્ણરાધે!" મહાત્માએ પોલીસ અમલદારને પોતાના નિત્યના મિથ્યા વિવેકદર્શક શબ્દો કહ્યા.

"સાધુરાજ! આપ આ હયદરાબાદ નગરના એક પરોપકારી અને અલૌકિક સાધુ પુરુષ છો, એ હું સારી રીતે જાણું છું; છતાં સરકારી નોકર હોવાથી મારે મારી ફરજ બજાવવી પડે છે, એ માટે હું દિલગીર છું અને આપની ક્ષમા માગું છું." પોલીસ અમલદારે પણ વિવેક દર્શાવ્યો.

"પોતાની ફરજ બજાવવી, એ દરેક માણસનું કામ છે-કર્તવ્યનું પાલન કરો, કર્તવ્યનું પાલન કરો! હં, પણ તમારે દિલગીર થવું પડે છે અને મારી ક્ષમા માગવી પડે છે, એવી તે શી ફરજ તમારા શિરપર આવી પડી છે? સરકારની આજ્ઞાથી જલ્લાદ પ્રમાણે તમારે કોઇનો વધ તો નથી કરવો? શ્રીહરિ, ઉદ્ધાર કરો—પાપનૌકાને તારો!" મહાત્મા બીજો જ અર્થ સમજીને બોલ્યા.

"કોઈ પાપીના વધનું કાર્ય કરવાનું હોત, તો તો સામો મને આનંદ જ થયો હોત. પરંતુ આજે મને એક મહાધર્માત્મા—પ્રભુભક્તના ઘરની તપાસ કરવાનો હુકમ મળેલો છે અને તેથી જ શોક થયા કરે છે." પોલીસ અમલદારે કહ્યું.

"હરિશ્ચંદ્ર જેવા મહા સત્યવાદી અને દાનશૂર રાજાપર પણ આપત્તિ આવી હતી, તો અન્યની શી કથા? તેના ભાગ્યમાં આ આપત્તિ ભોગવવાનું સરજાયલું હશે, એટલે તમારો શો દોષ? પણ તે મહા ધર્માત્મા અને પ્રભુભક્ત કોણ છે? રાધારમણ! પાપીને બચાવો!" મહાત્માએ પૂછ્યું.

"તે એક એવા અલૌકિક મહાત્મા પુરુષ છે કે, આવા પ્રસંગે તેમના પવિત્ર નામનો ઉચ્ચાર કરતાં પણ જીભ અચકાય છે અને આંખોમાં લજ્જા અથવા શર્મ આવી જાય

છે. આજે આ પોલીસની નોકરી ન હોત, તો આવો પ્રસંગ મારા શિરપર શામાટે આવત? જે મહાત્માએ કદાપિ સ્વપ્નમાંએ પાપની ઈચ્છા માત્ર પણ નથી કરી, કદાપિ કોઇને ત્રાસ નથી આપ્યો અને સર્વના કલ્યાણમાં જ પોતાનું જીવન વીતાડયું છે, તે મહાત્મા ઉપર વિશ્વાસઘાત, પ્રપંચ અને સદોષ મનુષ્યાપહાર આદિ અપરાધોના સામટા આરોપ મૂકાય, એ આ કલિકાલનું એક મહત્ આશ્ચર્ય જ કહેવાય! પ્રભુની લીલા અગમ્ય છે!!" પોલીસ અધિકારીએ માર્મિકતાથી કહ્યું.

"કૃષ્ણ! કૃષ્ણ! કૃષ્ણ! કૃષ્ણ! પીતાંબરધર કૃષ્ણ! વ્રજવિહારી કૃષ્ણ! ગોવર્ધનધર કૃષ્ણ! રાધારમણ કૃષ્ણ!!" મહાત્માએ હૃદયના ગભરાટને વ્યક્ત ન થવા દેવામાટે મુખથી એ શબ્દોનો ઉચ્ચાર કરી મનમાં તર્ક વિતર્ક ચલાવવાનો આરંભ કરી દીધો.

"હે પરમાત્મન્! ત્યારે અંતે મારે એક ધર્માવતારને પાપાવતાર તરીકે પકડવા જ પડશે?" પોલીસ અધિકારીએ મનોગત ઉદ્ગાર કાઢ્યો.

"તેના નામનો ઉચ્ચાર કરો, એટલે તમારે તેની સાથે કેવી રીતે વર્તવું, તે વિશેનો હું ઉપદેશ આપીશ! વૈકુંઠનાથ ! સદ્બુદ્ધિ અને સન્મતિ આપો!" મહાત્મા બોલ્યા.

"તો નિરુપાયે હું જણાવું છું કે, મહાત્મા ગોપાળદાસના શિર ઉપર જ એ અપરાધો મૂકવામાં આવ્યા છે! મારી પાસે આપના નામનું સરકારી વૉરંટ છે—અત્યારે જ આપના ઘરની જડતી લેવાનો અને કાયદા પ્રમાણેની બીજી વ્યવસ્થા કરવાનો હુકમ મને મળેલો છે, એટલું જ નહિ, પણ આપની સાળી દયામયીને પણ કેદ કરવાનું વૉરંટ મને આપવામાં આવ્યું છે. કહો, ત્યારે હવે મારે કેવી રીતે વર્તવું?" પોલીસ અમલદારે બધો ભેદ એકદમ ખોલી નાખ્યો.

જેમ કોઇની ઉપર વીજળી પડવાથી તે મનુષ્ય દગ્ધ થાય ને તેના શરીરનો રંગ બદલાઈ જાય છે, તેવી રીતે પોલીસ અધિકારીનાં એ વાક્યો સાંભળતાં જ મહાત્માનું પ્રફુલ્લ વદનકમળ તત્કાળ કરમાઈ ગયું: તેમાં મલિનતા તથા નિસ્તેજસ્વિતાની છાયા છવાઈ ગઈ. થોડીવાર સૂધી તે કાંઈ પણ બોલી શક્યો નહિ; થોડી વારે સાવધ થઈ ગભરાટને દબાવીને મહાત્માએ પૂછ્યું: "મારાપર એ આરોપો મૂકનાર દુષ્ટાત્મા કોણ છે? શું સરકારને પણ મારી પ્રતિષ્ઠાનો વિચાર ન આવ્યો ? એક મહાન્ ધર્મગુરુને તમારાથી પકડી શકાય નહિ. જો મારું અપમાન કરવામાં આવશે, તો હયદરાબાદના હિંદુઓમાં મહા વિક્ષોભ ઉત્પન્ન થશે અને વખતે ધર્મનો બળવો પણ જાગી ઉઠશે એટલામાટે મને નહિ છેડવામાં જ તમારી ભલાઈ છે. સરકારને પ્રથમ આ સર્વ વૃત્તાંત જણાવો અને પછી મને તથા મારી સાળીને પકડવામાટે આવો, એ જ મારો શુભ ઉપદેશ છે."

"આપનો ઉપદેશ યોગ્ય છે; પણ પરાધીન હોવાથી એ ઉપદેશ પ્રમાણે હું અત્યારે વર્ત્તી શકતો નથી, એની મને ક્ષમા કરશો. ગાડી તૈયાર છે, માટે આપનાં સાળીને બોલાવો અને મારી સાથે આપના મંદિરમાં આવો." પોલીસ અમલદારે નમ્રતાથી પણ પોલીસની રીતિ પ્રમાણે કઠિનતા દર્શાવવાનો આરંભ કર્યો.

"પણ મારાપર આ ભયંકર અપરાધો મૂકનાર છે કોણ? શ્રીકૃષ્ણ! દુષ્ટ કંસ પ્રમાણે તેનો પણ તમે અત્યારે નાશ કેમ નથી કરી નાખતા?" મહાત્માએ કહ્યું.

"જેણે આપના શિરપર આ ભયંકર અપરાધો મૂકયા છે, તે મહાશય તમારા મંદિરમાં પ્રત્યક્ષ તમારા જોવામાં આવશે. એટલે અત્યારે જ તેનું નામ જણાવવાની આવશ્યકતા નથી. તમે નિરપરાધી છો, તો પછી તમને ભય શાનો છે? આપના કહેવા પ્રમાણે જ હરિશ્ચંદ્ર જેવા સત્યવાદી અને ધર્મપરાયણ રાજાપર પણ સંકટ આવ્યાં હતાં, પણ તે નિષ્પાપ હોવાથી અંતે તે સંકટમાંથી પ્રતિષ્ઠાપૂર્વક મુક્ત થયા હતા; તો પછી આ પણ તેવો જ પ્રકાર કાં ન હોય? પરમેશ્વર આપના સત્યની કસોટી કેમ ન કરતો હોય? હિંમત રાખો!"

"જમાના બડા બદૂગુમાં હો રહા હય;
કિસી શખ્સકા ઇમ્તેહાં હો રહા હય!"

"ત્યારે શું, આપનો મારા પ્રતિ પૂજ્યભાવ નથી!" મહાત્માએ પૂછયું.

"મારો આપનામાં પૂજ્યભાવ હોવાથી જ આટલી વાર ખોટી થઈને આપને માનપૂર્વક લઈ જવાની ચેષ્ટા કરી રહ્યો છું; જો તેમ ન હોત, તો અમારા પોલીસના કાયદા પ્રમાણે ગળચી પકડીને આપને કયારનાયે ગાડીમાં બેસાડી દીધા હોત અને અત્યારે તો આપના ઘરની જડતી પણ લેવાઈ ગઈ હોત. હવે કૃપા કરીને પધારો." પોલીસ અમલદારે પોલીસપણાનો થોડોક રંગ બતાવ્યો.

મહાત્માજી પોલીસના રંગને મનમાં તો સારી રીતે જાણતા હતા; એટલે હવે વધારે તીનપાંચ કરવામાં લાભ નથી, એ તેમના ધ્યાનમાં આવી ગયું. પોલીસ સાથે જવા વિના તેમનો છૂટકો જ ન હોતો. કયાં વૃંદાની અગાધ સંપત્તિના સર્વાધિકારી સ્વતંત્ર સ્વામી થવાનો પ્રસંગ અને કયાં પોલીસના હાથમાં કેદ પકડવાનો રંગ! મહાત્મા પોતાના મનમાં સ્વર્ગ અને નરકની તુલના કરવા મંડી ગયા. ઘણીવાર સુધી મહાત્માનું કાંઈ ઉત્તર નહિ મળવાથી પોલીસ અમલદારે જરાક કરડાકીથી કહ્યું;

"મહાત્માજી! સત્વર પધારો. આપના આગમનમાટે પોલીસનાં પંદર માણસ ખોટી થઈ રહ્યાં છે. આ કામ જલદી પતી જાય, તો અમે ઘેર જઇને આરામ લઇએ; ચાલો, આપનાં શ્રીમતી સાળીજીને પણ બોલાવો! સ્વેચ્છાથી કે બળાત્કારે આવવા વિના તો આપનો છૂટકો નથી જ, તો પછી માનમાં જ આવવું, એ જ સારું! આપ વિદ્વાન્ છો એટલે આશા છે કે આટલામાં જ સમજી જશો."

"ચાલો ત્યારે હું આવું છું—શ્યામચીને આવવાનું શું કામ છે? હું હાજર છું એટલે બસ! હે કુંજવિહારી! પ્રતિષ્ઠા રાખો!" મહાત્માએ કહ્યું.

"શ્યામચીએ પણ આવવું જ પડશે; કારણ કે, તેમનાપર પણ વૉરંટ છે. અમે સરકારના નોકર હોવાથી સરકારના હુકમનો અમલ અમારે કરવો જ જોઇએ. માટે તેમને પણ બોલાવો." પોલીસ અમલદારે રુઆબથી કહ્યું.

હવે મહાત્માનો કોઈ ઉપાય ન રહ્યો. તેણે શ્યામચીને બોલાવવાના નિમિત્તે અંદર જવાનો યત્ન કર્યો, પણ તેને તેમ કરતો અટકાવીને અમલદારે કહ્યું:—"નહિ, હવે આપ અમારાથી દૂર જઈ શકો તેમ નથી; જુઓ શ્યામચી આ બારીમાં જ ઊભેલી છે, એટલે તેમને અહીંથી જ બોલાવો!"

મહાત્માના બોલાવ્યાથી લાચારીએ શ્યામચી પણ ત્યાં આવી લાગી. ત્રણ ગાડીઓ તૈયાર હતી. એક ગાડીમાં મહાત્મા, શ્યામચી, પોલીસ અમલદાર અને

એક સિપાહી એમ ચાર જણ બેઠાં. બીજી ગાડીમાં ચાર પાંચ સિપાહીઓ ભરાયા; ત્રીજી ગાડીમાં આગળથી જ ચાર માણસ બેઠેલાં હતાં. સર્વ તૈયારી થઈ રહેતાં જ પોલીસ અમલદારે ગાડીઓને ચલાવવાની ગાડીવાનોને આજ્ઞા આપી. ગાડીઓ હયદરાબાદ તરફ ચાલવા લાગી. લગભગ અર્ધ માર્ગ કાપ્યા પછી જેમાં મહાત્મા આદિ બેઠાં હતાં તે ગાડીની ગતિ મંદ થઈ ગઈ અને છેલ્લી ત્રીજી ગાડી ધમધમાટ કરતી બધાથી આગળ નીકળી ગઈ. તેના આગળ નીકળી ગયા પછી થોડી વારે એ ગાડીઓનો વેગ પણ વધ્યો અને પંદર વીસ મીનીટમાં તે ગાડીઓ મહાત્મા ગોપાલદાસના કૃષ્ણમંદિરના દરવાજા પાસે આવીને ઉભી રહી.

મહાત્મા, દયામયી, પોલીસ અમલદાર અને બીજા સિપાહીઓ ગાડીમાંથી ઉતર્યાં અને સર્વ મંદિરના દ્વારમાં દાખલ થયાં. મંદિરના મોટા ચોકમાં ચાર દીવા ઝળઝળાટ બળતા હતા; ત્યાં ચાર પાંચ પ્રતિષ્ઠિત ગૃહસ્થો બેઠા હતા. બહાર પોલીસનો સખ્ત પહેરો રાખવામાં આવ્યો હતો. આંગણાના એક ખૂણામાં કોઈ બે સ્ત્રીઓ બેઠી હતી, એવો મહાત્મા અને દયામયીને ભાસ થયો. ચોકમાં બેઠેલા ગૃહસ્થોમાંના એક ગૃહસ્થને જોતાં જ મહાત્માના મુખનો રંગ બદલાઈ ગયો—તે ભ્રમિષ્ઠ જેવો બની ગયો. દયામયી ગભરાઈ તો ખરી, પણ તેનો ગભરાટ મહાત્મા કરતાં ઘણો જ ઓછો હતો. એ ગૃહસ્થ કોણ હતો? મહાત્માજી જેની સંપત્તિને સ્વાહા કરી ગયા હતા, તે કાશીનિવાસી દીવાન આલમચંદ!

* * * *

મહાત્માને સપડાવવામાટે આ જાળનો વિસ્તાર વૃન્દાની આજ્ઞાથી વાઘમલ્લે કરી રાખ્યો હતો. જે ગાડી અર્ધ માર્ગમાં આગળ નીકળી ગઈ હતી, તેમાં આલમચંદ, યશોદા અને રોહિણી આદિ હતાં. જે બે સ્ત્રીઓ ખૂણામાં બેઠી હતી તે યશોદા અને રોહિણી જ હતી. તેમને મહાત્માએ કે દયામયીએ ઓળખી નહોતી. માત્ર આલમચંદને જોવાથી જ તેમના છક્કા છૂટી ગયા હતા. બીજા જે ત્રણ ચાર ગૃહસ્થો હતા, તેમને પંચ તરીકે પોલીસે જ બોલાવીને હાજર રાખ્યા હતા. આલમચંદની સાથે સાધુ આનંદાનંદ પણ હતો. તે સર્વને અંદર આવ્યા પછી પોલીસ અમલદારે કહ્યું; "ગૃહસ્થો! આ દીવાન આલમચંદે મહાત્મા ગોપાલદાસપર વિશ્વાસઘાતનો ચાર્જ મૂકીને સરકારનું વૉરંટ મેળવ્યું છે. એમણે કેટલાક દાગીના અને નોટો મળીને લગભગ બે લાખ રૂપિયાની રકમ મહાત્માને ત્યાં અનામત તરીકે રાખી હતી, પણ પછીથી મહાત્મા નામુકર ગયા હતા અને તેથી જ આ પગલાં ભરવાં પડ્યાં છે. એમના આપેલા લિસ્ટ પ્રમાણેનો માલ મહાત્મા પાસેથી નીકળે છે કે કેમ, એમાટે અમારે આ મંદિરની જડતી લેવાની છે અને તેથી પંચ તરીકે તમો સર્વને બોલાવવામાં આવ્યા છે. જો આજ્ઞા હોય તો આપણે આપણા કાર્યનો આરંભ કરીએ."

"ભલે—અમારો વાંધો નથી!" સર્વેએ જણાવ્યું.

"સાધુ ગોપાલદાસ! તમારા પેટીપટારાં ઉઘાડો અને જે હોય તે બતાવો." પોલીસ અમલદારે મહાત્માને આજ્ઞા કરી.

"હું તો પૈસા ટકાને સ્પર્શ પણ નથી કરતો; એટલે આ દયામયી બધું બતાવશે. હે રાધિકે! નૌકા ડૂબી જાય છે!" મહાત્માએ કહ્યું.

એટલામાં આલમચંદે જરાક આગળ નીકળી આવી દયામયીના શરીરપરના અલંકારોનું અવલોકન કરીને કહ્યું:—"પ્રથમ તો આ બાઇએ જે અલંકારોથી અત્યારે પોતાના દેહને દીપાવ્યો છે, તે સર્વ અલંકારો મારા જ છે. એની સાબેતી હું બરાબર આપી શકીશ; માટે પ્રથમ તો એ જ ઉતારાવો અને કબ્જામાં લઈ લ્યો."

"બાઈ! આ તમારા અલંકારો ઉતારી આપો;" પોલીસે ફર્માન ચલાવ્યું.

લાચારીએ દયામયીએ બધા અલંકારો ઉતારી આપ્યા—અને આજે તે ખરેખરી વિધવા દેખાવા લાગી!

પોલીસ અમલદારની આજ્ઞા પ્રમાણે દયામયીએ સર્વ પેટી, પેટારા અને તીજોરી ઇત્યાદિ ઉઘાડીને બતાવવા માંડયાં. આલમચંદ પોતા પાસે જે દાગીના અને નોટો ઇત્યાદિની નોંધ રાખી હતી તેની નકલ વૉરંટ લેતી વેળાએ કોર્ટમાં રજૂ કરી હતી અને તે અત્યારે પોલીસ અમલદારના હાથમાં હતી. જે દાગીના દયામયીના શરીરપર મળી આવ્યા હતા, તે ઉપરાંત બીજા દાગીના પણ નીકળ્યા અને નોટોનું બંડલ પણ મળી આવ્યું. તેમાંથી જો કે કેટલીક નોટો ઓછી થયેલી હતી, છતાં જે નોટો મળી આવી, તેમના નંબર આલમચંદની નોંધ પ્રમાણેના જ હતા. શોધ કરતાં કરતાં જે એક વધારે ધ્યાન ખેંચનારી વસ્તુ મળી આવી, તે આલમચંદે બાલ્યાવસ્થામાં ચોરાયલી પુત્રીના ગળામાં પહેરાવેલો હીરામોતીનો હાર હતો. આલમચંદે તે ઓળખ્યો અને પોલીસ અમલદારને સર્વ વિગત જણાવી.

"મારા માલની નોંધમાં જો કે આ વસ્તુનો મેં ઉલ્લેખ કરેલો નથી; પણ એ હાર પણ મારો જ છે. એક વાર એ હાર મારી છોકરીના ગળામાં પહેરાવી હું અહીં કથા શ્રવણમાટે આવ્યો હતો, પછી મારી છોકરી હરાઈ ગઈ હતી. તે દિવસથી અત્યાર સુધી મારી દીકરીનો પત્તો મળી શકયો નથી. માટે એ હારને પણ જૂદી નોંધ કરીને સાથે રાખો! એથી વળી બીજી જ કાંઈ વાત નીકળી આવશે."

"ભલે—કેમ કે હું હવે આ મહાશય ગોપાળદાસ તરફ પૂજ્ય બુદ્ધિ રાખી શકતો ન હોવાથી મને તેમ કરવામાં કશો પણ વાંધો નથી." પોલીસ અમલદારે એ પ્રમાણે કહી, હીરાના હારની નોંધ પણ કરી લીધી.

ઘણોખરો માલ મળી આવ્યો, એટલે પંચ સમક્ષ બધી ચીજોની નોંધ કરી લઈ તેપર પંચની સહી લઇને બધો માલ પોલીસ કોર્ટમાં રજૂ કરવામાટે પોલીસે પોતાના કબ્જામાં લીધો. પછી તેણે મહાત્માને કહ્યું: "મહાત્માજી! હવે તમે શું કહેવા માગો છો? અમારી ટીપ પ્રમાણેનો ઘણો ખરો માલ તમારા મંદિરમાંથી નીકળેલો હોવાથી અત્યારે અમારે તમો બન્નેને કાચી જેલમાં લઈ જવા પડશે."

"અત્યારે તમારે જે અત્યાચાર કરવા હોય તે કરી લ્યો— મારો કૃષ્ણ તમને બરાબર પહોંચશે! આ માલ કોના બાપનો છે, તે કોર્ટમાં બધું જણાઈ આવશે, ભલે જેલમાં લઈ જાઓ, પણ ત્યાં મારી દેવસેવા સાથે લેવા દો. કૃષ્ણની પૂજાવિના મારાથી અન્ન ખવાશે નહિ. દયામયી! દેવસેવા લઈ લ્યો." મહાત્મા લાલચોળ આંખો કરીને બોલ્યો.

"મહાત્માજી! ક્ષમા કરજો. જેલમાં આપના નિવાસમાટે કાંઈ બંગલો સજાવીને તૈયાર કરવામાં નથી આવ્યો કે જ્યાં આપની દેવસેવા પણ રાખી શકાય. વળી કેદીને એવી સગવડો કરી આપવાનો મને કશોય અધિકાર નથી. આ કેસનો નિકાલ એકદમ તો થવાનો જ નથી; માટે આવતી કાલે મૅજિસ્ટ્રેટ સાહેબ પાસેથી એ માટેની પરવાનગી મેળવી લેજો અને પછી દેવસેવા મંગાવજો!" પોલીસ બહાદરે ચોખી વાત સંભળાવી.

"હે કૃષ્ણ! હે મુરારિ! હે ચાણુરમર્દન! હે કંસસંહારક! આ રાક્ષસોનો સંહાર કેમ નથી કરી નાખતો? તમારા ભક્ત ઉપર થતા આવા અસહ્ય અત્યાચારોને જોઈ કેમ રહ્યા છો? આ અનાચારને તમે કેમ સહન કરી શકો છો? કલિકાલ, કલિકાલ!! ઘોર પાપ–મહા પાતક! ચાલો–નરકમાં લઈ જાઓ, પણ જો જો કે, આ અનાચાર અને અત્યાચારનું પ્રભુ તમને કેવું કટુ ફળ ચખાડે છે તે! તમારો નાશ થશે, તમારો નિર્વંશ થશે અને તમારા શિરપર અનેક સંકટો આવી પડશે! કેમ દયામયી! તમે કાંઈ શાપ કેમ નથી દેતાં?" મહાત્મા એકદમ સર્પ સમાન છેડાઇને ફુંફાટા મારવા લાગ્યો.

દયામયી અત્યાર સુધી જેમ કાંઈ પણ બોલી ન હોતી, તેમ જ મહાત્માના એ પ્રશ્નનું પણ તેણે કાંઈ ઉત્તર ન આપ્યું. તેના મૌન્યાવલંબનમાં પણ કાંઈ ભેદ સમાયલો હતો. આવા પ્રસંગે વધારે બોલ બોલ કરવામાં લાભ નથી હોતો અને મૌનં સર્વાર્થ સાધનમ્ એ સૂત્ર જ વિશેષ લાભકારક થઈ પડે છે, એ તે ચતુર ચપળા સારી રીતે જાણતી હતી. ખરેખર પુરુષ તો ભણીને પંડિત થાય છે, પણ સ્ત્રીઓ તો સ્વાભાવિક જ પંડિતા હોય છે. ઘણીકવાર સમયસૂચકતા અને સહનશીલતાનો ગુણ પુરુષો કરતાં સ્ત્રીઓમાં જ વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. અત્યારે પણ તેવો જ પ્રકાર થયો. જ્યારે બંનેને લઈ જવાની બધી તૈયારી થઈ ચૂકી, ત્યારે દયામયીએ પોલીસ અમલદારને કહ્યું:–"ભાઈ! બીજું તો કાંઈ નહિ, પણ બે કપડાં, એક ચાદર અને પાણી પીવાના લોટા તો લેવા દેશો? જો એટલી આજ્ઞા આપશો તો આપનો મોટો આભાર થશે."

પોલીસ અમલદારે એ માટે વાંધો ન લીધો અને દયામયીને તે ચીજો લેવાની આજ્ઞા આપી. દયામયી તે વસ્તુઓ લેવાને ઓરડામાં જતી હતી, એટલામાં અચાનક રોહિણીપર તેની દૃષ્ટિ પડી. તેને જોતાં જ શાક્તસદન ઉપર અવશ્ય કાંઈ આપત્તિ આવેલી હોવી જોઇએ, એવી તેણે કલ્પના કરી લીધી અને વસ્તુઓ લાવ્યા પછી આનંદાનંદને જોતાં તેની એ કલ્પના દૃઢ થઈ. કારણ કે, એ આનંદાનંદ તે શાક્તસદનમાંનો ચંદ્રશંકર જ હતો. આ સમસ્ત પ્રકાર–એક ભયંકર જાળ–ને જોઇને દયામયીએ પોતાના મનમાં કહ્યું:—

"ચિન્તા નહિ! ચાંડાલો! તમે તો અમારામાટે આ ભયાનક જાળનો વિસ્તાર કર્યોછે અને અમને એકવાર સપડાવ્યાં પણ છે; પરંતુ એ જાળને છેદીને એકવાર આબાદ છટકી ન જાઉં અને તમને હાથ ઘસતા ન રાખું તો મારું નામ દયામયી નહિ! એક સ્ત્રી શું કરી શકે છે, તે હવે ધ્યાન રાખીને જોજો અને જ્યારે તે તમારી આંખોમાં ધૂળ નાખે ત્યારે આંખો ચોળીને રોજો."

તત્કાળ મહાત્માને ગાડીમાં બેસવાની આજ્ઞા કરવામાં આવી. સારાંશ કે, મહાત્મા અને દયામયીને પોલીસ જેલમાં લઈ ગઈ અને તેમના ગયા પછી બાલમચંદ, યશોદા, રોહિણી વાધૂમલ્લ તથા આનંદાનંદ પોતેપોતાની ગાડીમાં બેસીને પાછાં વૃન્દાના ઘર તરફ ગિદુબંદર જવાને રવાના થઈ ગયાં. વૃન્દાને તેમણે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. આજે વૃન્દાને ગાઢ નિદ્રા આવી ગઈ. તેના મનનો ભાર ઓછો થયો.

પ્રકરણ ૫૩ મું
પ્રેમલાપ્રેમલીઓનો કોલાહલ

પ્રભાત થતાં જ જેમ જેમ ભાવિક સ્ત્રીપુરુષો મંદિરમાં શ્રી રાધાકૃષ્ણની મૂર્તિનાં દર્શનમાટે આવવા લાગ્યાં, તેમ તેમ ગત રાત્રિએ મહાત્મા તથા દયામયીના શિર ઉપર આવેલાં સંકટની વાર્તા ધીમે ધીમે તેમના જાણવામાં આવતી ગઈ. નવ સાડા નવમાં તો તેનો એટલો બધો પ્રસાર થઈ ગયો કે, ઘરઘરમાં એ વિશેની જ સારી કે નઠારી ચર્ચા ચાલવા લાગી. જે સ્ત્રીપુરુષો સુશિક્ષિત અને કાંઇક વિવેકશીલ હતાં, તેઓ તો તટસ્થતાથી હાલ તરત મૌનનું અવલંબન કરી બેસી રહ્યાં; જેઓ ઉદ્ધત તથા ઉચ્છૃંખલ હતાં, તેઓ બાપોકાર મહાત્માની નિન્દાનો વ્યાપાર ચલાવવા લાગ્યાં. સાધારણ નીતિ એવી છે કે, જૂનું એટલું બધું જ સારું હોવું નથી અને નવું એટલું બધું જ નઠારું હોવું નથી; અર્થાત્ ઉભયનું તારતમ્ય કરી યોગ્ય પુરુષો જેમાં જે કાંઈ સારું હોય છે, તેનો સ્વીકાર કરીને નઠારાનો ત્યાગ કરે છે. અસંખ્ય એવાં સ્ત્રીપુરુષો જોવામાં આવે છે કે, જેઓ જૂનું એટલું જ સારું અને નવું તે બધું જ નઠારું, એમ દૃઢતાથી માને છે અને તેથી વર્તન પણ તેવું જ કરે છે. તેજ પ્રમાણે જેઓ અંધતાથી પાશ્ચાત્ય સુધારણાના પ્રવાહમાં તણાયલાં છે, તેમને જૂના વિચારોમાં કાંઈ સારાપણું દેખાતું જ નથી અને તેથી નવીનતાના નામનો જ ડંકો વગાડી રહ્યાં છે. પરંતુ એ ઉભય પક્ષનો આ પ્રમાદ અથવા અવિચાર જ કહી શકાય.

જેવી રીતે અન્ય સ્થાનોમાં જોવામાં આવે છે, તેવી રીતે હયદરાબાદ સિંધમાં પણ પ્રેમલાપ્રેમલીઓ અથવા અન્ય શબ્દોમાં કહીએ તો અંધશ્રદ્ધા ધરાવનારાં સ્ત્રીપુરુષોની સંખ્યા કાંઈ ઓછી નથી. સંસ્કૃત ભાષામાં 'અતરમ્ ગતરમ્ કર્તવ્યમ્,' જેણે ભગવાં પહેર્યાં તે ઈશ્વરનો અવતાર! એવી જ જેમની દૃઢ શ્રદ્ધા કે માન્યતા હોય, તેમને એક મહાત્મા સાધુના ચતુર્ભુજ થવાની વાત સાંભળવાથી આકાશ-પાતાળ એક દેખાય, એ સ્વાભાવિક જ છે! અર્થાત્ મહાત્મા ગોપાળદાસના કેદ પકડાયાના સમાચાર સાંભળતાં જ પ્રેમલા ને પ્રેમલીઓના સમાજમાં જે કોલાહલનો ઉદ્ભવ થયો, તે સર્વથા અપાર અને અવર્ણનીય જ હતો. મંદિરમાં જે સો સવાસો સ્ત્રીઓ પ્રભાતમાં જ દર્શન કરવા આવી હતી, તેઓ આ વાર્તા સાંભળીને પોતપોતામાં નીચે પ્રમાણેની ચર્ચા ચલાવવા લાગી.

"બહેનો, જોયો કે આ કલિકાળનો પ્રભાવ! પાપીને પરમાનંદ અને સાધુને સંકટ! મુવા પોલિસવાળા તે ઈશ્વરના અવતાર મહાત્માજીને તે વળી શામાટે પકડી ગયા હશે?" બાઈ બોડકીએ શરૂઆત કરી.

"મંદિરના સેવકો કહે છે, કે કુલેલીવાળા દીવાન આલમચંદે મહાત્માને ત્યાં બે ચાર લાખ રૂપીઆની અમાનત રાખી હતી ને જ્યારે તેમણે તે અમાનત પાછી માગી ત્યારે મહાત્માએ કાન ઉપર હાથ મૂક્યા એટલે દીવાને વિશ્વાસઘાતની ફરિયાદ કરીને તેમને પકડાવ્યા છે!" ઠાકુરીએ જે વાત પોતાના જાણવામાં આવી હતી તે જણાવી.

"એ દીવાન તો બાયડીને લઇને કાશીએ નાશી ગયો હતો ને?" જાનકીએ વચ્ચે સવાલ કર્યો.

"હા; પણ કહે છે કે, તે પોતાની મિલકત વસૂલ કરવાને ત્યાંથી પાછો બાયડીને સાથે લઇને અહીં આવ્યો છે." ઠાકુરી બોલી.

"બાઈ, ગોપાળદાસ જેવા મહાત્મા કે જેઓ કોઈ દિવસે સોના ચાંદીને હાથ પણ અડકાડતા નથી અને કોઈ પણ પ્રકારનો લોભ રાખતા નથી, તેઓ દીવાન આલમચંદના દરદાગીના ને પૈસા ટકા પોતાના ઘરમાં રાખે, એટલું જ નહિ, પણ તેના માલિકને તે પાછા આપવાની સાફ ના પાડે, એ મારા માનવામાં તો આવતું નથી. આમાં મને તો પેલા પીટ્યા સુધારાવાળાઓનો કાંઈ પ્રપંચ લાગે છે. એક મહાત્માના માથા ઉપર આવા આળ મૂકનાર દીવાન આલમચંદનો દા'ડો પણ મને તો ઉઠી ગયેલો જ દેખાય છે." રામકી બોલી.

"અરે મહાત્માને પકડાવ્યા એ તો ઠીક; પણ પેલાં દેવી જેવાં દયામયીને પણ જેલમાં મોકલી દીધાં છે! જુઓ તો ખરાં આજકાલનો આ જુલમ! બાયલાઓ ઐરાંને બેડી પહેરાવતાં પણ વાર નથી કરતા અને ભગવાનથી પણ નથી ડરતા!" કપિલાબાઈની જીભડી ચાલી.

"ઓ ભગવાન્! દયામયીને પણ જેલમાં લઈ ગયા છે!! હાય! હાય!! આવો જુલમ તો કોઈ દિવસે પણ સાંભળ્યો ન હોતો! આ તો દુનિયાનું ચક્કર ઉંધું જ ફરવા માંડચું છે! કોણ જાણે આનું પરિણામ શું આવશે! આ મોટા મોટા દુકાળ પડે છે, પ્લેગ થાય છે અને કાગળિયું ફેલાય છે, તે આવાં લોકોનાં પાપોનું જ પરિણામ છે! દેવી દયામયી શાપ આપશે, તો એ પાપીઓ ફનાફાતિયા થઈ જશે!" જાનકીબાઇએ ઝપાટો માર્યો.

"એ તો સતી શાપ આપે નહિ અને શંખણીનો શાપ લાગે નહિ, એટલે ઠીક છે. દેવીના મુખમાંથી અશુભ શબ્દ નીકળ્યો તો એમનું આવી બન્યું જ ધારી લેવું. અરેરેરે–કેવો અધર્મ–કેવો અનાચાર!!" જમનાબાઇએ મોઢું બગાડચું.

"મહાત્મા જેવો પરોપકારી પુરુષ તો કોઈ થવાનો જ નથી. જેને જે વસ્તુની અગત્ય હોય, તેને તે વસ્તુ મહાત્મા પાસેથી તત્કાળ મળતી હતી. તેમણે પોતાનાં તનમનધન કેવળ પરોપકારમાટે જ રાખ્યાં હતાં. આવા પરોપકારી મહાત્માને પકડાવીને પાપીઓએ જે સેંકડો જીવોના નીસાસા લીધા છે, તેથી તેમનું સત્યાનાશ નીકળી જશે. ઓ ભલા ભગવાન્! તું આ સૌ કેમ સાંખી રહે છે?" એક ત્રણ ચાર વર્ષથી રંડાયલી અને મહાત્માને ત્યાં દિવસ રાત પડી રહેનારી સ્વરૂપસુંદરી અને હૃષ્ટપુષ્ટ શરીરવાળી મતવાલી વિધવાએ ઉચ્ચાર કર્યો.

"પણ હું તો એટલે સુધી આગળ વધીને કહું છું કે, એ તો મહાત્મા કોઈની મિલ્કત નહિ ખાઈ ગયા હોય, અને ખાઈ ગયા હોય તોપણ શું? આવા મહાત્મા આપણી મિલ્કત પચાવી જાય, એવાં આપણાં ભાગ્ય કયાંથી? જેના સ્પર્શ માત્રથી આપણે ઉદ્ધાર મેળવી શકીએ છીએ, તેની કૃપા સાથે સરખાવતાં બે ચાર લાખ રૂપિયા શી બિસાતમાં? જોયું ને પેલી ચંપા, પોતાના પતિથી છાની બાવીશ હજારના દાગીના મંદિરમાં આપી આવી તો તે આજે કેવી મોજમજા કરે છે! ચાર લાખે તો એ મહાત્માનાં ખાસડાંનો સ્પર્શ પણ ન મળી શકે. એ તો આપણાં મહાભાગ્ય કે, આપણને મફતમાં તેમનાં ચરણસ્પર્શ અને કૃપાપ્રસાદનો નિરંતર લાભ મળી શકે છે!" બીજી એક અધેડ વિધવાએ છાતી ઠોકીને પોતાનો આંતરિક અભિપ્રાય વ્યક્ત કર્યો.

"પણ બહેનો, આ બધી કૂથળી કરવાથી કશો પણ લાભ થવાનો નથી. જો તમારો મહાત્મામાં ખરેખરો ભાવ અને પ્રેમ હોય અને તેના વિયોગથી તમારા મનમાં કાંઈ લાગી આવતું હોય, તો આ વખતે આ સંકટમાંથી તેમને ઉગારવાની ખટપટ કરો. તમે કહેશો કે, બૈરાં તે એવી શી ખટપટ કરી શકે? તો હું જણાવીશ કે બૈરાં તો મોટાં મોટાં રાજ્યોને ઊંધાં વાળી નાખે છે, તો આ ખટપટની શી બિસાત? તમારામાંથી ઘણીખરીઓના ધણી પૈસાદાર અને સરકારમાં લાગવગ ધરાવનારા છે, તો તેમને ગમે તેમ સમજાવો, રડો, લાંઘણ કરો અને જીભલી ચલાવો એટલે તેઓ જરૂર મહાત્માને છોડવવાની પેરવી કરશે જ અને તેથી પાછો આપણને મહાત્માનાં દર્શન તથા સમાગમનો લાભ મળશે જ. બોલબોલ કરવાથી અને નકામો વખત વીતાડવાથી કાંઈ પણ વળવાનું નથી. આવા પરોપકારી મહાત્માને આવા આફતની વેળામાં આપણે મદદ ન આપી શકીએ, તો પછી આપણા બૈરાપણાનું ફળ શું?" મહાત્માની એક પરમ ભક્ત ભામિનીએ ભાષણ કર્યું.

આ મીઠી વાત તત્કાળ બધી પ્રેમલીઓના ગળામાં ઉતરી ગઈ અને બધી એક અવાજે બોલી;—"બસ એમ જ કરવું; ધણીઓને ગમે તેમ પજવીને મહાત્મા તથા દયામયીને તો છોડવવાં જ!"

બીજી તરફ ઘણાક પ્રેમલાઓના પણ એવા જ વિચારો ચાલતા હતા, પણ તે સર્વના ઉલ્લેખની આવશ્યકતા નથી. સ્ત્રીઓ ઉપર પ્રમાણેનો ઠરાવ કરીને એક એક કરી ત્યાંથી જવા લાગી અને થોડી વારમાં જ મંદિરનો ચોક ખાલી થઈ ગયો; પુરુષો પણ ચાલ્યા ગયા અને મંદિર પુનઃ એકવાર શૂન્યવત્ થઈ ગયું.

પ્રકરણ ૫૪ મું

પ્રેમલાની સભા

સ્ત્રીઓ જે ધારે તે ન કરી શકે એમ બને જ નહિ. તેમાં પણ પ્રેમલીઓના ધણી પણ ઘણાખરા પ્રેમલા જ હોય છે, એટલે તેમને ચક્કરમાં લેતાં સ્ત્રીઓને શી વાર? જો તેઓ પ્રેમલા ન હોય, તો તેમની બૈરીઓ દેવદર્શનનાં નિમિત્તથી સ્વચ્છંદતાથી ગમે ત્યારે અને ગમે ત્યાં ભટકી શકે જ નહિ. સ્ત્રીઓના નિશ્ચયનું તત્કાળ પરિણામ થયું. બપોર પછી ત્રણ વાગે તો કુલેલીના કિનારાપરના રોટલાવાળા ઠિકાણા—મંદિર—માં પ્રેમ-

લાની એક સભા ભરાઈ. સભામાં વસણમલ્લ, ઝામનમલ્લ, વેરૂમલ્લ, આવતમલ્લ, હીરાનંદ, લેખૂમલ્લ, શૌકીરામ, નવલરાય, તારાચંદ, પોહૂમાલ્લ, કુન્દનદાસ, ચારૂમલ્લ, ટોપણમલ્લ અને અન્ય પ્રતિષ્ઠિત તથા ધનાઢ્ય ગૃહસ્થો હાજર થયા. એમાંના કેટલાક વ્યાપારી, કેટલાક વકીલ અને કેટલાક સરકારી નોકર પણ હતા. કેટલાકો પૂરેપૂરા અંધશ્રદ્ધાળુ હતા; કેટલાક ગુરુના અવગુણ ન જેવા જોઇએ, કિંતુ માત્ર ધર્મનો જ વિચાર કરવો એવી ભાવનાવાળા હતા અને કેટલાકો મનમાં વિપરીત ભાવ હોવા છતાં સમાજના ભયથી બાવાના ચાંદેચાંદ કરનાર હતા. બધા જાણીતા ગૃહસ્થો આવી જતાં જ સભાના કાર્યક્રમનો આરંભ થયો.

સર્વથી પ્રથમ દીવાન વસણમલ્લે જણાવ્યું કે;–"આપણા પૂજ્ય મહાત્મા ગોપાળદાસના કેદમાં જવાની વાત તો બધાના જાણવામાં આવી ગઈ છે, એટલે એ વિશે વધારે વિવેચન કરવાની અગત્ય નથી. આ કામ રાતોરાત થઈ જવાથી કાંઈ પણ આપણા જાણવામાં ન આવ્યું અને પાપીઓ ફાવી ગયા. આપણા ગુરુ આવી રીતે કેદમાં જવાથી આપણાં નાક ખરી રીતે જેતાં કપાઈ ગયાં છે. પણ જે થયું તે ન થયું થવાનું નથી. હવે પછી પણ નાક રાખવાની ઇચ્છા હોય, તો આપણે મહાત્મા અને તેમની સાળીને માનપૂર્વક જેલમાંથી પાછાં છોડવી લાવવાં જોઇએ. કેમ તમો સર્વ ભાઇઓનો શો અભિપ્રાય છે?"

"જોઇએ તો ભલે લાખ રૂપિયાની હોળી થઈ જાય, પણ આપણે આપણી નાક તો રાખવી જ જોઇએ. આજે મારા ઘરમાં તો ચૂલો પણ સળગ્યો નથી. આપણા પૂજ્ય ધર્મગુરુપર આવો અત્યાચાર કરવામાં આવે, તે કેમ સહન કરી શકાય? બાયડીઓની આંખમાંનાં તો આંસુ પણ સૂકાતાં નથી" વેરૂમલ્લ બોલ્યા.

"હું પણ આજે બજારમાંથી જ નાસ્તો કરીને આવ્યો છું; કારણકે ઘરમાં રસોઇની મારામાર છે અને રડવાકૂટવાનું ચાલૂ છે. આ કામમાં મારાથી બનશે તેટલી મદદ હું પણ આપીશ." ઝામનમલ્લે જણાવ્યું.

"આવા મોટા ધર્મગુરુઓને પોલીસના અમલદારો આમ એક સાધારણ લુચ્ચા બામટા પ્રમાણે પકડીને જેલમાં લઈ જાય અને ધર્મની કાંઈ પણ મર્યાદા જાળવે નહિ, એ પોલીસની જોહાકીમાટે પણ સરકારમાં પોકાર કરવો જોઇએ!" એક જૂના જમાનાના બુઢ્ઢાજી બોલી ઊઠ્યા.

"ભાઈઓ, મહાત્માપર સાંભળવા પ્રમાણે જે આરોપ મૂકવામાં આવ્યા છે, તે ભયંકર છે; તેથી તેઓ જામીનપર છૂટી શકશે કે કેમ, એની જ મને શંકા છે; અને કદાચિત્ સરકાર મેહરબાનીથી તેમ કરે, તોપણ બહુ જ મોટી રકમના જામીન આપવા પડશે–વખતે બધી રોકડ રકમ પણ રાખવી પડે!' વકીલ શૌકીરામે સભ્યતાથી કહ્યું.

"ચિંતા નહિ; જો પાંચ લાખ રૂપિયા રોકડા રખાવશે, તો તે પણ રાખીશું. આપણા ધર્મ કરતાં નાણાં વધારે નથી;" હીરાનંદે હામ બતાવીને કહ્યું.

"ત્યારે ચાલો અત્યારે ને અત્યારે જ મેજીસ્ટ્રેટ પાસે." કેટલાકોએ પોકાર કર્યો.

"ઉતાવળે આંબા પાકતા નથી. આજે રવિવાર છે એટલે કાંઈ પણ કરી શકાશે નહિ. જે કાંઈ થવાનું હશે તે આવતી કાલે જ થશે." શાકીરામે કહ્યું.

"ત્યારે શું ગઈ રાતની પેઠે આજની રાત પણ મહાત્મા અને દયામયી જેલમાં જ વીતાડશે? આવા ખાસ બનાવો વખતે ખાનગી રીતે મેજીસ્ટ્રેટ પાસે જઈ શકયા છે અને તે જામીનપર અપરાધીને છોડી શકે છે. તો તેમ આપણે શામાટે ન કરવું?" ટોપણમલ્લ મોટી બૂમ મારતો બોલ્યો.

"ભલે–જો બધાનો એવો જ વિચાર હોય, તો એમાટે મારી ના નથી. હું પણ સાથે આવવા અને મહાત્માને છોડવવાની મારાથી બનશે તેટલી કોશિશ કરવા તૈયાર છું. ચાલો ઉઠો ત્યારે." શૌકીરામે અનુમતિ દર્શાવી.

સર્વ ઉઠવાની તૈયારીમાં હતા, એટલામાં શેઠ પોહુમલ્લે ઉઠીને બોલવા માંડયું: "સાહેબો, મારી એક બીજી પ્રાર્થના છે અને તે એ કે, જે દીવાન આલમચંદ મોટા ધર્મના પૂછડા થઇને કાશીનિવાસ કરવા ગયા તા, તેમણે આવી રીતે પોતાના ધર્મગુરુપર જ આઘાત કેમ કર્યો, એનો તેમની પાસેથી જવાબ લેવો જોઇએ. કદાચિત્ તેમણે મહાત્માપર મૂકેલો આરોપ સત્ય હોય, તોપણ આવી રીતે એકદમ કોર્ટમાં જવું અને મહાત્માપર સંકટ લાવવું યોગ્ય નહોતું. પોતાની મિલકતને વસૂલ કરવાનો કોઈ બીજો માર્ગ લેવો'તો."

"તેમનો બધો માલ તો મહાત્માના મંદિરમાંથી મળી આવ્યો છે;" એક માણસે વચમાં ચિંગારી મૂકી.

"પણ મહાત્માએ તે માલ પાછો આપવાની ના પાડી'તી, એની શી સાબેતી? મારા વિચાર પ્રમાણે તો એવા અધર્મીને આપણા જ્ઞાતિમંડળમાંથી સદાને માટે બહિષ્કૃત કરવો જોઇએ." પોહુમલ્લે જાડો જવાબ આપ્યો.

'જો કોર્ટમાંથી મહાત્મા નિર્દોષ ઠરીને છૂટી જાય, તો પછી આલમચંદને જ્ઞાતિબહિષ્કૃત કરવામાં કશો પણ બાધ આવે તેમ નથી. પણ આજે જો એવું કાંઈ પગલું ભરવામાં આવશે, તો તે જ્ઞાતિનો એક અન્યાય જ કહેવાશે ને સરકાર તેમની ખબર પણ લેશે!" વિચારશીલ શૌકીરામે વિચાર કરીને કહ્યું.

સર્વ શૌકીરામના અભિપ્રાયને સંમત થવાથી એ વાતને હાલ તરત પડતી મૂકવામાં આવી. એના વિચારનું કાર્ય આગળ ઉપર મુલતવી રાખીને ચાર સારા ગૃહસ્થો ગાડીમાં બેસી મેજીસ્ટ્રેટ સાહેબના સદરમાં આવેલા બંગલે ગયા. પણ મેજીસ્ટ્રેટ સાહેબ હયદરાબાદથી સાત આઠ માઇલપર આવેલા બેલા (જંગલ)માં શિકાર કરવાને ચાલ્યા ગયેલા હોવાથી તેમનો મેળાપ થયો નહિ. મહાત્માના ભાગ્યમાં બીજી રાત્રિનો પણ કારાગૃહવાસ લખાયલો હોવાથી તે વિધિલેખને કોણ મિથ્યા કરી શકે? પૂછપરછ કરતાં નોકરોના મુખથી એમ જાણવામાં આવ્યું કે, "આજે શિકાર કરીને રાતે મેજીસ્ટ્રેટ સાહેબ બેલામાં ફોરેસ્ટ ઑફીસરના બંગલામાં જ રાતવાસો કરશે, અને સવારમાં ત્યાંથી વહેલા નીકળી નાસ્તાના વખતે આવશે, અને પછી તરત કોર્ટમાં જશે." જો તેઓ બેલામાં જાય તો પણ પાછા ફરતાં પોણી રાત વીતી જાય અને તેમ છતાં પણ કામ થાય કે ન થાય, એની શંકા હોવાથી લાચારીએ તેમને પોતાના બધા વિચારો માંડી વાળવા પડયા. તેઓ પાછા ફરતા હતા, એટલામાં માર્ગમાં એક ગૃહસ્થે સૂચના કરી કે;–

"આ તો ન બન્યું; પણ મહાત્મામાટે આપણે બીજી એક સગવડ કરી આપવી જોઈએ અને તે બની શકે તેમ છે."

"તે શું?" બીજાએ પૂછ્યું.

"એજ કે, જેલના કાયદા પ્રમાણે મહાત્મા તથા દયામયીને જૂદાં રાખવામાં આવ્યાં હશે અને સૂવા કરવાની પણ યોગ્ય વ્યવસ્થા નહિ હોય, એટલે જેલરને મળી તેઓ સાથે રહે, તથા તેમને ખાનપાનનાં અને બીજાં સાધનો સારી રીતે મળી શકે, એવી સગવડ આપણે કરવી જોઇએ."

"ઠીક છે-જેલર આપણો જ્ઞાતિબંધુ જ છે, એટલે એમાટે વાંધો તો જો કે નહિ જ આવે; છતાં જો તે આનાકાની કરશે, તો પૈસાથી તેનું મોઢું બંધ કરી શકાશે. જેલર જરાક લોભી છે, એમ મારા સાંભળવામાં આવ્યું છે;" શૌકીરામે કહ્યું.

તેઓ જેલ તરફ રવાના થયા. ત્યાં જેલરને મળી તેની સાથે કેટલીક વાતચીત કરવા પછી તેઓ પોતાના દાવમાં ગમે તો શારમાશારમીથી કે પછી જેલરની પેટીમાં કલદારની કોથળી પહોંચી જવાથી—ફાવ્યા. મહાત્મા સાથે તેમનો મેળાપ થયો અને દયામયીને પણ બોલાવવામાં આવી. તેમણે તે બન્નેને તેમના છૂટકારા માટે પોતે કરેલા પ્રયત્નનો વૃત્તાંત કહી સંભળાવ્યો અને તે પ્રયત્ન સફળ ન થવા માટે ખેદ દર્શાવ્યો. મહાત્માએ નિઃસ્પૃહતાથી કહ્યું: "જેવી રાધારમણની ઇચ્છા! પાપીઓનો ક્ષય થવાનો છે!"

જેલરે જેલમાંના પોતાના બંગલાના નીચેના ભાગમાંનો એક ઓરડો મહાત્મા તથા દયામયીના નિવાસ માટે કાઢી આપ્યો, કે જેમાં શયન આદિનાં સર્વ યોગ્ય સાધનો હતાં. ભક્તોએ બજારમાંથી ઉત્તમ પેંડા બરફી આદિ ખાદ્ય વસ્તુઓ મંગાવી લીધી અને મહાત્મા તથા દયામયી તેના આહારથી તૃપ્ત થયાં. જેલમાં પણ પોતાની મેળે પેંડા બરફી આવી મળે, એના કરતાં વિશેષ સારાં ભાગ્ય બીજાં શાં હોઈ શકે?

દયામયીના છૂટકારા કરતાં પણ મહાત્મા સાથે એકાંતવાસ મેળવવાની અધિક આકાંક્ષા હતી; અને તે આકાંક્ષા આમ અચિંત્ય પૂર્ણ થવાથી તેના હર્ષનો અવધિ થયો. પરંતુ તે હર્ષના ભાવને તેણે બહાર વ્યક્ત થવા ન દેતાં પૂર્વ પ્રમાણે ગંભીરતાને જાળવી રાખી. તેણે કોઇની સાથે કાંઈ પણ વધારે વાતચીત કરી નહી. સૂર્યાસ્ત થઈ ગયા પછી જે ભક્તજનો આવ્યા હતા, તેઓ મહાત્માને આશ્વાસન આપીને ચાલ્યા ગયા. દયામયી એક ધ્યાનથી મહાત્માના મુખનું અવલોકન કરવા લાગી.

તેના એ અવલોકનમાં કાંઈ પણ ગુહ્ય ભાવ સમાયલો હોવો જોઇએ, એટલી કલ્પના મહાત્મા કરી શકયો; પણ તે ભાવ શો હશે, એ તે જાણી શકયો નહિ. ચપલાની ચેષ્ટાને દેવ પણ નથી જાણતો, તો પછી બિચારા મહાત્માની શી ગતિ? પણ જુઓ દયામયી કાંઇક બોલવાની તૈયારી કરે છે, ચાલો આપણે તે ધ્યાનથી સાંભળીએ.

પ્રકરણ ૫૫ મું
હાથનાં કીધાં હૈયે વાગ્યાં!

"મહાત્માજી, આ બધો ગોટાળો કેમ થઈ ગયો. આટલા બધા ચતુર અને ચાલાક હોવા છતાં અને દુનિયાને ગજવામાં રાખવાનો ફાંકો ધરાવનાર હોવા છતાં આપ સાહેબ આમ ફિતુરીઓના ફંદામાં કેમ આવી ગયા? ડાહ્યો કાગડો બે પગે કેમ કરીને બંધાયો?" દયામયીએ ઘણા વખતના ઉભરાને બહાર કાઢવાનું મંગળાચરણ કર્યું.

"ડાહ્યો કાગડો બે પગે કેવી રીતે બંધાયો, એ હું પોતે પણ સમજી શકતો નથી. આ જાળને વિસ્તારવાનો અને તેમાં મને ફસાવવાનો શત્રુઓનો પ્રયત્ન ઘણા કાળથી ચાલતો હોવો જોઇએ, એમ હવે મને જણાય છે. પણ હું મહા મૂર્ખ કે લોભમાં લલચાઇને દુશ્મનના દાવપેચને જરા પણ જાણી ન શકયો." મહાત્માએ નિરાશાસૂચક વચનો ઉચ્ચાર્યાં.

"તમે તો મુઆ તે મુઆ, પણ સાથે વિનાકારણ મને પણ લેતા મુઆ. હું શાક્તસદનમાં આનંદ કરતી'તી, ત્યાંથી વળી મને પણ બોલાવી અને આપત્તિના જાળમાં ફસાવી! પોતે ડૂબ્યા અને મને પણ ડૂબાવી!" સાળીએ બનેવી ઉપર ઉભરો કાઢયો!

"એ તો ગોળ ખાય તે ચોકડાંય ખમે અને ચડે તે પડે, એ કહેવત તો મુલ્કમશહૂર છે; અને તેથી જો તે આપણા સંબંધમાં પણ ખરી પડે, તો તેમાં નવાઈ જેવું કાંઈ પણ નથી. પણ આવા વખતમાં તારાં આ મેણાં ટોણાં સાંભળીને મને અજાયબી થાય છે; કારણ કે, આટલા બધાં સુખ અને વૈભવ ભોગવવાને તું સદા તૈયાર હતી, અને આજે જરાક આફત આવી, તેટલામાં આમ કેમ ગભરાઈ જાય છે? સારા વખતની સાથી હતી, અને ભુંડા વખતમાં દૂર થવા ચહાય છે? દુનિયા મતલબની છે, એમ જે કહેવામાં આવે છે તે કાંઈ ખોટું નથી!" મહાત્માએ પણ ગુસ્સાને ઓકવાની શરૂઆત કરી.

"વાહ વાહ! મતલબની તો ખાસી વાત કહી! પણ મહાત્માજી, તમારો મતલબ સાધવામાં તમે શી કચાશ રાખી છે વારુ? પૈસા મેળવવામાટે તમે પાપપુણ્ય, સારાસાર અને ધર્માધર્મનો જરાય વિચાર નથી કર્યો અને કેટલાકોનાં ગળાં રેંસી નાખ્યાં છે; તેમ જ તમારી નીચ કામવાસનાને તૃપ્ત કરવામાટે સ્વર્ગનરકના ભાવી વિચારને ત્યાગી અનેક અબળાઓના સતીત્વની હાનિ કરી તેમને સદાને માટે પતિત બનાવી દીધી છે! તમે પંડે તો નરકના સર્વોત્કૃષ્ટ અધિકારી થઈ ચૂકયા છો, પણ વિકારતૃપ્તિના વિષયમાં તમે પુત્રી, ભગિની કે અન્ય સંબંધની પણ પરવા કરી નથી. અર્થાત્ જે સ્ત્રીઓને પુત્રી અને ભગિનીના નામથી બોલાવવામાં આવે, તેની સાથે જ પાછો ભ્રષ્ટાચાર કરાય, એના કરતાં અન્ય વિશેષ સ્વાર્થપરાયણતા અને નીચતા બીજી શી હોઈ શકે! પણ વિશ્વના લોકોની એ જ ખૂબી છે કે, પોતાના દુર્ગુણ અને પારકાની અછતને કોઈ પણ ધ્યાન આપીને જોતું જ નથી. અરે બીજાની વાત શામાટે કરવી, મારો પોતાનો જ દાખલો કયાં ઓછો છે! હું તમારા સગા કાકાની દીકરી હોવા છતાં મારા ધણીને મારે હાથે જ ઝેર અપાવીને તમે મારી નખાવ્યો તથા મને અહીં ઉપાડી

લાવ્યા, બહેનને લોકોની આંખમાં સાળી બનાવી અને અંદરખાનેથી મને પોતાની બાયડી-અરે એક અધમ વેશ્યા બનાવી! આવું કાળું કૃત્ય કરવા છતાં પણ કેવળ મારામાં તમે સંતોષ માની ન શકયા અને ગમે તેમ સ્વચ્છંદતાથી વિહરવા લાગ્યા. આ બધું શું દર્શાવે છે? પ્રથમ પોતાના પોતને તપાસી જુઓ અને પછી બીજા પર આક્ષેપ કરો." દયામયીએ ચંડિકાનું સ્વરૂપ ધારણ કરીને એ વેદવાકયોનો ઉચ્ચાર કર્યો.

"દયામયી, શાક્તસદનની એક સુજ્ઞ અધિષ્ઠાત્રી અને શાક્ત ધર્મનાં ઉચ્ચતમ તત્ત્વોને જાણનારી તારા જેવી વિદુષીના મુખમાંથી આવા શબ્દો સાંભળવાની મેં સ્વપ્નમાં પણ આશા રાખી નહોતી. આવી રીતે વર્ત્તવામાં મેં કાંઈ પણ અયોગ્ય કૃત્ય કર્યું નથી; અને એમાં કાંઈ પાપ જેવું છે જ નહિ. શું તું આપણા શાકતધર્મના એ આજ્ઞાત્મક વચનને નથી જાણતી કે, "શાકતોને કેવળ જન્મદાત્રી માતા વિના સર્વ સ્ત્રીઓ ગ્રાહ્ય છે!" મહાત્માએ પોતાના બચાવની ચેષ્ટા કરી.

"બળ્યો તમારો એ ધર્મ અને બળ્યાં તમારાં એ ભ્રષ્ટ ધર્મનાં તત્ત્વો! જો તમારી મીઠી મીઠી વાતોથી વંઠીને હું આ કુકર્મમાં ન પડી હોત, તો આજે મારે આ જેલખાના-અરે જીવતા નરક-માં આવવું પડત નહિ. આ સર્વ તમારી કૃપાનું જ પરિણામ! પણ ચિંતા નહિ, મારો છૂટકો કરવા હું સમર્થ છું. તમારા છૂટકારાની ગોઠવણ તમારે કરી લેવી!- હું મારું સંભાળું છું અને તમે તમારું સંભાળી લેજો. હવે તમારે મને કાંઈ પણ દોષ ન દેવો. જે કર્મ તમે કર્યાં છે, તેનાં ફળ પણ તમારે જ ભોગવવાં જોઇએ!" દયામયી ધિક્કાર વર્ષાવીને બોલી.

"દયામયી, આ બોલવું તને શોભતું નથી. કારણ કે, આપણે બન્નેએ બધાં કર્મ ભાગમાં કરેલાં છે, તો હવે તે કર્મોનાં ફળો પણ આપણે ભાગમાં જ ભોગવીશું! આપણો ભાગીદારીનો સંબંધ કદાપિ ટૂટવાનો નથી. તારી કદચિત્ તેને તોડી નાખવાની ઇચ્છા હશે, પણ હું તને છોડવાનો નથી!" મહાત્માએ નફટાઈ બતાવીને કહ્યું;

"મારું હવે તમે સારું કે નઠારું કરી શકો, એવી કશી પણ શક્તિ તમારામાં નથી. એટલે હવે આ બકવાદ કરવામાં કશોય સાર નથી;" દયામયીએ ખૂબ હસીને કહ્યું.

"ત્યારે મારા બચાવનો કોઈ પણ ઉપાય નથી જ? હાય કેવી દુર્દશા! દયામયી, આ છેલ્લો વૃન્દાને ફસાવવાનો તાકડો મેં કેવળ તારામાટે જ માંડ્યો હતો. જો એમ ન હોત, તો, ખાસ કાગળ લખીને હું તને અહીં બોલાવત જ શામાટે? સ્ત્રીની બુદ્ધિ બહુ ચપળ હોય છે, મારી બુદ્ધિ અત્યારે મંદ થઈ ગઈ છે, માટે જો મારા બચાવનો કોઈ ઉપાય હોય તો કૃપા કરીને બતાવ!" મહાત્માએ દયામયીની નિર્દયતાને જોઇને પોતાનાં શસ્ત્ર છોડી દીધાં અને ગદ્ગદિત સ્વરથી તેને કહ્યું.

"ગોપાળા તું લોકોના માલને લેતાં તો શીખ્યો પણ તેને પચાવવાની કળા હજી તને આવડી નથી અને કદાચિત્ આવડવાની પણ નથી. આલમચંદનો બધો માલ મંદિરમાં જ રહેવા દીધો, એ તેં મોટામાં મોટી ભૂલ કરી. બધો માલ આપણા મંદિરમાંથી મળી આવેલો હોવાથી હવે કાયદાની ચુંગાલમાંથી છૂટવાનો તારામાટે તો કોઈ પણ રસ્તો રહેલો મારા જોવામાં આવી શકતો નથી. હવે તો માથે હાથ મૂકીને રડ, એ

જ માત્ર તારા દુઃખને શમાવવાનો એક માત્ર ઉપાય છે!" કાંઇક વિલક્ષણ ચેષ્ટાથી ને પૂરતા તિરસ્કારથી સાળીસાહેબ બોલી ઊઠયાં.

"જો એમ જ હોય, તો પછી તારી ચપળતા અને બુદ્ધિ શા ઉપયોગની? છૂટીને મારા વિના જગતમાં જીવવું તને સારું લાગશે ખરું? શું આપણાં વિલાસવૈભવોનું તને સ્મરણ નહિ થાય? સ્ત્રીને પોતાના પ્રિયતમ વિનાનું રસહીન જીવન કેવું અસહ્ય અને ભારરૂપ થઈ પડે છે, એનો તને વિયોગના સમયમાં જ સાક્ષાત્કાર થશે. મારા સમાગમનું સ્મરણ તારા કોમળ હૃદયને વારંવાર બાળશે અને તારા જીવનને વિષતુલ્ય બનાવી દેશે!" મહાત્માએ દયામયીના હૃદયને પીગળાવવાની વળી પણ એકવાર નવીન યુક્તિ કરી.

"એક વેશ્યા પાતિવ્રત્યનો ઉપદેશ કરે અને તેનું જેટલું પરિણામ થાય, તેટલું જ વ્યભિચારીના શુદ્ધ ચરિત્રવિષયક ઉપદેશનું પરિણામ થઈ શકે છે. આ ઉપદેશ અને આ લોભનું દર્શન મને કરાવ નહિ! શાક્તસદનના પુરુષોને કોઈ પણ સ્ત્રી સાથે વ્યભિચાર કરવામાં પાતક લાગતું નથી; તો શાક્તધર્મધારિણી સ્ત્રીને ગમે તે પુરુષ સાથે વિહાર કરવામાં શો વાંધો છે? હું કાંઈ પતિવ્રતા સ્ત્રી નથી કે, તારા વિયોગથી ઝૂરી ઝૂરીને મરી જઇશ! તેં જે ધર્મતત્ત્વોનો મને અત્યાર સુધી ઉપદેશ આપ્યો છે, એટલું જ નહિ, પણ જેનો વ્યવહારમાં પણ ઉપયોગ કરી બતાવ્યો છે, તે ધર્મને અનુસરીને ચાલતાં મને તારું સ્મરણ માત્ર પણ થવાનું નથી! તારી હાજરીમાં તારા પોતાના કહેવાથી જ જ્યારે હું અનેક કામાતુરોને મારા પાતિવ્રત્યનું દાન આપીને સંતુષ્ટ કરી ચૂકી છું; તો તારી ગેરહાજરીમાં સુંદર સુંદર પુરુષોના સમાગમનો લાભ લેવામાં મને શી હરકત નડવાની હતી? એ વિશેની એક આખ્યાયિકા તું સાંભળ. એક સ્ત્રીનો પતિ સ્વર્ગવાસી થવાથી અન્ય સ્ત્રીઓ તેને આશ્વાસન આપવા આવી અને કહેવા લાગી કે, 'બહેન, તને રંડાયાં એ બહુ જ ખોટું થયું—આવી જવાનીમાં રંડાપો ભોગવવો, એ કાંઈ ન્હાની સૂની વાત નથી!' એના જવાબમાં તે વંઠેલી વિધવા બોલી કે, બહેનો! તમે તો ગાંડી દેખાઓ છો. એક ભાયડો મરી ગયો તેથી મને રંડાયલી ધારો છો? અમે તો ખાઇશું ખાજાં ને ચાવશું ચણાં; 'હું જીવતી છું તો ભાયડા ઘણા!' આવો જ તમારે આ દયામયીનો હિસાબ પણ સમજી લેવો. મારા વિશેની તારે કાંઈ પણ ચિંતા કે ફિકર રાખવી નહિ, મારું નસીબ મારી સાથે. તું તારા ભવિષ્યનો વિચાર કર." દયામયીએ અતિશય હસિત મુદ્રાથી આ ઉદ્દગારો કાઢી સંભળાવ્યા.

"હાય! ભારતવર્ષની સ્ત્રીઓ આવી નીચ અને અધોગામિની બની ગઈ—તેમનું સર્વ પૂર્વ સત્ત્વ ચાલ્યું ગયું?" મહાત્મા બોલ્યા.

"ભારતવર્ષની સ્ત્રીઓ પોતે નીચ અને અધોગામિની બની નથી, કિન્તુ તારા જેવા ધર્મના નામને લજાવનારા સાધુ અને ધર્મગુરુરૂપ શયતાનો ને રાક્ષસોએ જ તેમને નીચ, અધોગામિની, પતિભક્તિહીન, વ્યભિચારિણી અને નરકાધિકારિણી બનાવી દીધી છે! આ સર્વ તમારા ખોટા ઉપદેશોનું જ પરિણામ છે!" દયામયી આર્યસ્ત્રીના આવેશથી બોલી.

"આ તો હાથનાં કીધાં હૈયે વાગ્યાં!" મહાત્માએ નિઃશ્વાસ નાખીને કહ્યું.

"વાવો તેવું લણો! એ ન્યાય જગત્પ્રસિદ્ધ છે." દયામયી બોલી.

પ્રકરણ ૫૬ મું
વિષ કે અમૃત?

મહાત્મા એક બાળક પ્રમાણે રડવા લાગ્યો, અને દયામયી તેને રડતો જોઇને હસવા લાગી. તેને હસતી જોઈને મહાત્માએ રુંધાયલા કંઠથી કહ્યું;–"દયામયી, તું મારી દુર્દશાને જોઇને હસે છે–અનુકંપાને બદલે શત્રુતા દર્શાવે છે?"

"હું તારી દુર્દશાને જોઇને નહિ, પણ મૂર્ખતાને જોઈને જ હસું છું. તું પોતે જ બોલ્યો કે, 'ગોળ ખાય તે ચોકડાંય ખમે!' તો પછી આમ રડવા કૂટવાનું શું કારણ? પણ એ વાતને હવે રહેવા દે. હજી પણ મારા મનમાં તારા માટે દયાનો કાંઇક ભાવ હોવાથી હું જણાવું છું કે, મારી ધારણા પ્રમાણે તો કોર્ટમાંથી તું છૂટી જશે; કારણ કે, તારાપર આવા ગંભીર આરોપો મૂકાયલા છતાં પણ તું ધર્મગુરુ હોવાથી તારામાં સદ્ભાવ રાખનારા બેવકૂફોની સંખ્યા કાંઈ ઓછી નથી. વળી તેઓ આંખના આંધા અને ગાંઠના પૂરા હોવાથી ગમે તે જોખમે અને પૈસાના ગમે તેટલા ભોગે પણ તને કાયદાની ચુંગાલમાંથી છોડવવાની તજવીજ કરવાના જ. આવા અંધશ્રદ્ધા રાખનારા ધર્મઘેલા બેવકૂફો જ્યાં સુધી જગતમાં જીવે છે, ત્યાં સુધી તારા જેવા બક સાધુઓને કોઈ પણ પ્રકારની ભીતિ રાખવાનું કાંઈ પણ કારણ નથી. તેમની અંધશ્રદ્ધાનો અત્યારે જ આપણને પરિચય થઈ ચૂકયો છે–જો તેમણે યત્ન ન કર્યો હોત, તો આ જેલમાં આપણને આવી રહેવાની અને વાતચીત કરવાની સગવડ મળી શકત નહિ! જેમણે તારા ભલામાટે અત્યારથી જ આવો ઉત્સાહ દર્શાવવા માંડ્યો છે, તેઓ આવતી કાલે કોર્ટમાં પણ તારા તરફથી લડવામાટે વકીલ બૅરિસ્ટરોને અવશ્ય તૈયાર રાખશે જ. તેમ જ વળી કાલે ને કાલે જ આ કેસનો નિકાલ આવી જવાનો નથી, એટલે જેમ વખત લાંબો જશે, તેમ આ આફતમાંથી છૂટવાની બીજી કોઈ કલ્પના પણ તારા જ્ઞાનશીલ મસ્તિષ્કમાં ઉત્પન્ન થશે અને સર્વ સારું થઈ જશે!" દયામયીએ આશ્વાસન આપ્યું.

"જો આપણને જામીનપર છોડે, તો તો આસામમાં પલાયન કરી જઇએ અને ત્યાંના મહાન્ શાક્તસદનના એવા ગુપ્ત ભાગમાં છૂપાઇએ કે સરકારના બાપને મરતાં સુધી પણ આપણો પત્તો ન મળી શકે!" મહાત્માએ કહ્યું.

"પણ બિચારા જામીન થનારા મરી જાય, તેનો કાંઈ વિચાર કર્યો?" દયામયીએ કટાક્ષથી પૂછ્યું.

"તેનો વિચાર આપણે શામાટે કરવો જોઇએ? રડશે રૂવાળો ને કૂટશે પીંજારો. આપણો છૂટકો થાય એટલે થયું. એ તો જગતનો એવો નિયમ જ છે કે, એકની હાનિ વિના બીજાનો લાભ સિદ્ધ થઈ શકતો નથી." મહાત્માએ વિચાર દર્શાવ્યો.

"પણ હું નથી ધારતી કે, જામીનપર આપણને છોડવામાં આવે; માટે એવી આશા રાખવી વ્યર્થ છે." દયામયીએ નિરાશા દર્શાવી.

"તો પછી કેસ ચાલ્યા પછી આવા ભયંકર આરોપોમાંથી આપણે શિક્ષા વિના છટકી જઇએ, એ આશા રાખવી પણ વ્યર્થ છે. આપણાપર જે આરોપ મૂકવામાં આવ્યા છે, તેના નિવારણ માટેનો આપણી પાસે હવે એક પણ પૂરાવો નથી. શ્રદ્ધાળુ

ભક્તો ગમે તેટલા નાચે, પણ અંગ્રેજ સરકારના અદલ ઇન્સાફ આગળ તેમનું અંતે કાંઈ પણ ચાલવાનું નથી." મહાત્માએ પૂરેપૂરી નિરાશા દર્શાવી.

"જો તારી છૂટવાની જ ઇચ્છા હોય, તો મારો એક ઉપદેશ માન! જો મારામાં તારો દૃઢ અને અવિચલ વિશ્વાસ હોય, તો જ હું તે ઉપદેશ આપું. નહિ તો પછી મારી ઇચ્છા પ્રમાણેનો માર્ગ તો હું લેવાની જ છું."

"મારો વિશ્વાસ છે."

"તો સાંભળ—કોર્ટમાં કેસ ચાલતી વેળાએ હું મારાપરના આરોપને તારાપર ઢોળી પાડીશ અને તું પણ હું કે ચું ન કરતાં રંગ જોઇને તેનો સ્વીકાર કરી લેજે. જો તને શિક્ષા થશે અને હું છૂટી જઇશ, તો તને ગમે તેવા ભયંકર કારાગૃહમાંથી પણ અવશ્ય મુક્ત કરીશ, એ નિશ્ચિત માનવું." હયામયીએ ઉપદેશ આપ્યો.

મહાત્મા કાંઇક વિચારમાં પડી ગયો અને થોડીવાર પછી બોલ્યો કે;—"હયામયી, હમણાં જ તારા મુખમાંથી જે ઉદ્ગારો મારા વિરુદ્ધ સાંભળવામાં આવ્યા છે તેનો અને આ આશ્વાસનનો પરસ્પર વિરોધ દેખાતો હોવાથી તારા વચનમાં મારો વિશ્વાસ ન બેસે, એ સ્વાભાવિક જ છે. છતાં ડૂબતો મનુષ્ય જેમ તૃણને પણ તારનાર ધારીને હસ્તસ્પર્શ કરે છે, તેવી રીતે હું તારા વચનમાં વિશ્વાસ રાખવાનું વચન આપું છું. હું તને નહિ ફસાવું. પણ મારો બંધનમુક્તિનો ઉપાય તું અવશ્ય કરજે. તારા વિના મારામાટે હવે બીજો કોઈ પણ આધાર નથી." મહાત્માએ અત્યંત નમ્રતા અને વિનયથી કહ્યું.

"એ વિશે નિશ્ચિન્ત અને નિર્ભય રહેવું." હયામયીએ ગંભીરતાથી કહ્યું.

"પણ મને છોડવવાનો એવો તે તારી પાસે શો અદ્ભુત ઉપાય છે?"

"તે અત્યારે જણાવી શકાય તેમ નથી. કારણ કે, તે બહુ જ ભયંકર ઉપાય હોવાથી તેના વર્ણનથી કદાચિત્ તું પણ ગભરાઈ જાય, અને તેમ થતાં યોગ્ય સમયે તેની યોજનામાં હરકત આવી પડશે."

"મનુષ્યના રક્તનું પાન કરતાં જે મહાત્મા ગોપાળદાસ ભયભીત થયો નહોતો, તે આ ભયંકર ઉપાયના વર્ણનને સાંભળી ભયભીત થશે, એમ તારે કદાપિ ધારવું જ નહિ. તેની ભયંકરતાનું સંપૂર્ણ વર્ણન કરી સંભળાવ."

"અન્ય મનુષ્યના રક્તનું પાન કરવામાં વિશેષતા કાંઈ પણ નથી. આ પ્રકાર તેથી સર્વથા વિરુદ્ધ છે—કદાચિત્ આ ઉપાયને યોજતાં મરણના મુખમાં પણ જવું પડે. બસ એથી વિશેષ હું અત્યારે કાંઈ પણ કહી શકતી નથી."

"મને આમ સંશયમાં શામાટે રાખે છે?"

"કારણ કે, મારાં નેત્રોમાં નિદ્રા આવે છે."

"મને તો અત્યારસુધી નિદ્રાનું સ્મરણ માત્ર પણ થયું નથી."

"કારણ કે, તારા મનમાં ચિન્તાનો નિવાસ છે. ચિંતાતુરને નિદ્રા આવતી જ નથી."

"અને તારા મનમાં ચિંતા નથી?" મહાત્માએ આશ્ચર્યથી પૂછ્યું.

"મારા મનમાં વળી ચિંતા કેવી? મારી ઇચ્છા હોય, તો આ ક્ષણે જ આ સર્વ દુઃખોથી મુક્ત થઈ શકું, એટલી મારામાં સત્તા છે. હું સર્વ પ્રકારે નિર્ભય હોવાથી

મને નિદ્રાનો આસ્વાદ મળે એ સ્વાભાવિક છે. તું વિચાર કરતો બેસી રહે અને મને જરા સૂવા દે." એમ કહીને દયામયી પોતાની શય્યા તરફ જવાને ઉઠી.

મહાત્મા તેની આવી ચેષ્ટાથી તેને ગાંડી થઈ ગયેલી ધારવા લાગ્યો. દયામયી તૃષાતુર થયેલી હોવાથી ખાટલા નીચે રાખેલો લોટો લેવાને નીચી વળી અને તેવામાં તેના પોલકાના ખીસામાંથી એક ન્હાની શીશી નીચે પડી ગઈ. તેનો અવાજ થતાં મહાત્માએ પૂછ્યું કે;-"શું પડ્યું?"

દયામયીએ જલપાનથી તૃષાને શાંત કરી ઉત્તર આપ્યું કે;-"એ તો આ શીશી પડી ગઈતી."

"એ શીશીમાં શું છે અને તે તું શામાટે લાવી?"

"એ શીશીમાં એક ચમત્કારિક વસ્તુ છે અને તે હું કેવળ તારા કલ્યાણમાટે જ લાવી છું."

તે અડધા આઉંસની શીશીમાં પાણી જેવો શ્વેત રંગનો પ્રવાહી પદાર્થ જોવામાં આવતો હતો. મહાત્માએ પૂછ્યું, "મારા કલ્યાણમાટે આ સવા તોલો પાણી?"

"સારું થયું કે, નીચે ચટાઇ હોવાથી આ શીશી ફૂટી ન ગઈ, નહિ તો આ સવા તોલા પાણીનો ચમત્કાર અત્યારે જ દેખાઈ રહેત. તમારી મુક્તિનો ભેદ ભરેલો માર્ગ અથવા ઉપાય આ અડધા આઉંસ સફેદ પાણીમાં જ સમાયલો છે. એની કરામત તો વખત આવશે ત્યારે જ જણાશે." દયામયીએ ગંભીર ભાવથી જણાવ્યું.

મહાત્મા એકાગ્ર દૃષ્ટિથી તે શીશીને જોઈ રહ્યો-જાણે કોઇએ તેને મંત્રમુગ્ધ કરી નાખ્યો હોયની, તેવો જ તે દેખાવા લાગ્યો. દયામયી મિષ્ટ નિદ્રાનો આસ્વાદ લઈને પરોઢિયે જાગૃત થઈ તે વેળાએ તે તેવી ને તેવી જ અવસ્થામાં ઉભો હતો. તેની આવી એકાગ્રતાને જોઇને પ્રથમ તો દયામયી ગભરાઈ ગઇ, પણ પછી ધૈર્ય ધારીને બોલી કે; "ગોપાળ! ડાગળી ચસ્કી તો નથી ગઈ?"

"આ ચમત્કારિક પદાર્થનું નામ જાણવાની જિજ્ઞાસાએ મારી ડાગળી ચસ્કાવી નાખી છે. મને એનું નામ તું નહિ જણાવે?" મહાત્માએ કહ્યું.

"એનું નામ હું પોતે પણ જાણતી નથી. માત્ર એના ગુણને જ જાણું છું; તો પછી નામ શું જણાવું?"

"એમાં શો ગુણ છે?"

"એ મરણ પણ છે અને જીવન પણ છે. વિષ છે અને અમૃત પણ છે. જો એનો દુરુપયોગ કરવામાં આવે તો એ હલાહલ અને સદુપયોગ કરવામાં આવે તો અમૃત છે!"

મહાત્મા શય્યામાં પડ્યો અને તેની આંખો મીંચાઇ ગઈ. તે નિદ્રામાં પડ્યો કે મૂર્ચ્છામાં એ દયામયી જાણી શકી નહિ.

પ્રકરણ ૫૭ મું
કોર્ટમાં જવાની તૈયારી

નિશાનો અંત થયો અને અરુણના લાલાશયુક્ત પ્રકાશે દિવસના આગમનની જગત્‌ને સૂચના આપી દીધી. દયામયી તો જાગૃત જ હતી એટલે તેણે મહાત્માને તેની ભયનિદ્રામાંથી જાગૃત કર્યો અને જણાવ્યું:–"સમયને વીતતાં વિલંબ લાગતો નથી; માટે નિત્યકર્મથી મુક્ત થાઓ અને કોર્ટમાં જવાને તૈયાર રહો. વળી ત્યાં જે પ્રશ્ન પૂછાય તેનાં શાં ઉત્તરો આપવાં, એ વિશેનો પણ સાધારણ વિચાર કરી રાખો. પછી તો જેવો રંગ હોય તે પ્રમાણે જ, જે બોલવાનું હશે તે બોલાશે."

મહાત્મા મંત્રમુગ્ધ જેવો બની ગયેલો હોવાથી તરત દયામયીની આજ્ઞાને શિરસાવંદ્ય કરીને નિત્યકર્મમાં લાગી ગયો. દંતધાવન આદિ કરી તે સ્નાન કરવા જતો હતો એટલામાં જેલના એક સિપાહીએ આવીને જણાવ્યું કેઃ–"તમારી તરફથી આજે કોર્ટમાં ઉભા રહેનાર બે બૅરિસ્ટર સાહેબો અને તમારા કેટલાક સેવકો આવ્યા છે, તે તમોને મળવા માગે છે. જેલર સાહેબ ઑફિસરૂમમાં તેમની સાથે વાતચીત કરતા બેઠા છે અને તમને પણ ત્યાં બોલાવ્યાં છે."

"અમે સ્નાન આદિ કરીને આવીએ છીએ!" દયામયીએ કહ્યું. સિપાહી ચાલ્યો ગયો. તેના જવા પછી તે મહાત્માને કહેવા લાગી:–"કેમ જોયું? મેં કહ્યું હતું તેમ જ થયું કે નહિ?"

"થયું તો તેમ જ; પણ કોર્ટમાં શું પરિણામ થાય છે, તે જોવાનું છે" એમ કહીને મહાત્મા સ્નાન કરવાને બહાર આંગણામાં ચાલ્યો ગયો.

દયામયીએ ઓરડામાં સ્નાન કરી લીધું. મહાત્માએ સ્નાન પછી પોતાની ધાર્મિકતાનો પૂરેપૂરો આડંબર બતાવવામાટે લગભગ અડધો કલાક ઈશ્વરના નામસ્મરણમાં વીતાવ્યો. એટલી વારમાં સિપાહી બે ત્રણ વાર આવી ગયો, પણ તેના ભજનમાં ભંગ કરવાની કોઇની પણ શક્તિ નહોતી. આવા સંકટના સમયમાં મહાત્માની ચિત્તવૃત્તિને આવી શાંત અને સ્થિર જોઇને, પ્રેમલાઓની તેના પ્રતિની શ્રદ્ધામાં ઘણો જ વધારો થઈ ગયો. તેઓ મહાત્માને પૂર્ણનિર્દોષ–ઈશ્વરાંશ માનવા લાગ્યા.

અંતે દયામયી અને મહાત્મા બન્ને જેલરના ઑફિસરૂમમાં આવ્યાં. સર્વેએ તેમને ઉઠીને માન આપ્યું અને તેમના બેઠા પછી એક ધનાઢ્ય પ્રેમલાએ કહ્યું:–"પૂજ્ય મહાત્માજી, અમારાથી બની શકે તેટલી આપના બચાવમાટેની તૈયારીઓ અમે કરી લીધી છે. આ કેસમાટે બે બૅરિસ્ટરોને રોકયા છે. આપણા હૈયદરાબાદમાં એમના કરતાં વધારે હોશિયાર અને કાયદાની બારીકીઓને જાણનાર બીજા કોઈ નથી. જૂનીયર બૅરિસ્ટર સાહેબનું નામ મેઘનાદ મણીધર છે અને સીનીયર બૅરિસ્ટર સાહેબનું નામ જગન્નાથ ભિષગ્જ્ઞ છે. આપે પણ એમનાં નામ સાંભળ્યાં તો હશે જ!"

"હા, કદાચિત્ નામ સાંભળ્યાં હશે, પણ અત્યારે સ્મરણમાં નથી. મને શ્રીરાધાકૃષ્ણનાં મધુર નામ વિના બીજા કોઇના પણ નામનું વધારે વાર સ્મરણ રહી શકતું નથી. મહાશય, આપે મારા માટે આટલો બધો પરિશ્રમ લીધો એ વિશે હું આપનો ઉપકાર માનું છું; પણ ખરી રીતે તો મારો ખરો બૅરિસ્ટર શ્રીકૃષ્ણ જ કોર્ટમાં

આવીને મારો બચાવ કરશે. જેણે કૌરવસભામાં દ્રૌપદીની લજ્જા રાખી હતી તે મારી લજ્જા અત્યારે નહિ રાખે? હે શ્યામસુંદર, પ્રતિષ્ઠાને બચાવો!" મહાત્માએ ઉદ્‌ગારો કાઢ્યા.

"આહાહા!–મહાત્માનો ઈશ્વરમાં કેવો અપૂર્વ વિશ્વાસ! મહાત્મા તો ખરેખર મહાત્મા જ છે! આવા ભયંકર સંકટનું એમનામાં જરા પણ વિરુદ્ધ પરિણામ થયેલું દેખાતું નથી." બીજા પ્રેમલાએ કહ્યું.

"એ તો ભાઈ, સૂર્ય જેમ ઉદયસમયમાં અને અસ્તસમયમાં એક સરખી રીતે રક્તવર્ણ હોય છે; તેવી જ રીતે સંપત્તિ અને વિપત્તિમાં સાધુ પુરુષોની એકરૂપતા જ જોવામાં આવે છે. હર્ષ અને વિષાદ તો આપણા જેવા પામર જીવોના જ ધર્મ છે. જો આમનામાં આવી સમાન ભાવના ન હોય, તો પછી આપણામાં અને એમનામાં ભેદ શો?" બીજા બુદ્ધિમાન્ ગૃહસ્થ બોલ્યા.

"મહાત્માજી, આપનો કેસ મારે ચલાવવાનો હોવાથી હું આપની સાથે કાંઇક ખાનગી વાતચીત કરવા આવ્યો છું, માટે મારી સાથે જરા તમારા ઓરડામાં આવશો?" બૅરિસ્ટર જગન્નાથે કહ્યું.

"આવવામાટે મારી ના નથી, પણ તમને બધી બીના આ સાધ્વી દયામયી જણાવશે. મને પૂછવાથી કશો પણ ખુલાસો મળી શકવાનો નથી. સંસારના વિષયોમાં મારું જરા પણ ધ્યાન નથી." મહાત્માએ કહ્યું.

"ત્યારે તો એમની સાથે જ વાતચીત કરવી જોઇએ," બીજો બૅરિસ્ટર બોલ્યો.

"પધારો–" એમ કહીને દયામયી બૅરિસ્ટરને જ્યાં તે અને મહાત્મા રાતે સૂતાં હતાં તે ઓરડામાં લઈ ગઈ. લગભગ અડધો પોણો કલાક વાતચીતમાં વીતાડીને તેઓ પાછાં ઑફિસરૂમમાં આવ્યાં. બૅરિસ્ટરની મુખમુદ્રા આ વેળાએ પ્રસન્ન દેખાતી હતી.

બૅરિસ્ટર અને દયામયીના આવતાં જ જેલરે મહાત્માને કહ્યું: "આપના ભોજનની વસ્તુઓ આવી ગઈ છે, માટે ભોજન કરીને તૈયાર થઈ જાઓ; એક કલાક પછી કોર્ટમાં જવાનો ટાઇમ થશે."

"ચિન્તા નહિ!" મહાત્માએ ટુંકો જવાબ આપ્યો.

"ત્યારે જેલર સાહેબ, અમારે તમને એક છેલ્લી એ જ પ્રાર્થના કરવાની છે કે, મહાત્મા અને દયામયીને જેલની સરકારી ગાડીમાં ન મોકલશો; અમે એક ગાડી અહીં મૂકી જઇએ છીએ તેમાં જ પોલીસ સાથે એમને કોર્ટમાં મોકલશો તો મોટો આભાર થશે. તમારા આ ઉપકારને અમે ભૂલી તો નહિ જ જઇએ." એક અતિશય પ્રેમલાએ નમ્રતાથી કહ્યું.

"ઠીક છે–એમ કરવામાં મને હરકત નથી. તમારી ઇચ્છાને માન આપવું જ જોઇએ!" જેલરે આશ્વાસન આપ્યું.

બધા પ્રેમલાઓ અને બૅરિસ્ટરો જવામાટે ઉઠ્યા અને મહાત્માને હાથ જોડીને તેમણે કહ્યું:–"કોઈ પ્રકારની ચિન્તા ન રાખશો. અમો જમી ખાઇને કોર્ટમાં વખતસર હાજર થઇશું."

"કૃષ્ણ તમારું કલ્યાણ કરશે!" મહાત્માએ આશીર્વાદ આપ્યો.

મહાત્મા અને દયામયીના ભોજન તરીકે જે બાસુદી પૂરી, દહીથરાં, મુરબ્બા અને એવી જ બીજી ઉત્તમોત્તમ વસ્તુઓ આવી હતી, તેમનો યથેચ્છ આહાર કરીને બન્ને અપરાધીઓ કોર્ટમાં જવાના સમયની વાટ જોવા લાગ્યાં. સમયને જતાં શી વાર? દશના ટકોરા ઘડીઆળમાં સંભળાયા અને તેમને જવા માટે તૈયાર રહેવાની જેલરની ઑફિસના કલાર્કે સૂચના આપી દીધી. પાંચ મિનિટમાં જેલર પોતે આવી લાગ્યો અને તેણે કહ્યું:–"ચાલો-ગાડી તૈયાર છે. હું પણ સાથે જ આવું છું."

ત્રણે જણ આવીને ગાડીમાં બેઠાં અને પાછળ એક બીજી ગાડીમાં ચાર હથિયારબંધ સિપાહીઓ બેઠા. બન્ને ગાડીઓ કોર્ટની દિશામાં ચાલવા લાગી. મહાત્માને દશ વાગતાં કોર્ટમાં લઈ જવામાં આવશે, એવી ગામના ઘણાખરા લોકોને ખબર હોવાથી હજારો લોકો માર્ગમાં આવીને ઉભા હતા, પણ ગાડી બંધ બારણાવાળી હોવાથી તે બિચારાઓને મહાત્મા તથા દયામયીના અપૂર્વ દર્શનનો લાભ મળી શકયો નહિ! કોર્ટ પાસે વળી બીજા જ પ્રકારનો રંગ જામેલો હતો–ત્યાંના આદર્શનો પ્રકાર વિલક્ષણ જ જોવામાં આવતો હતો.

પ્રકરણ ૫૮ મું
બ્રિટિશ ન્યાયમંદિર

હયદરાબાદની કોર્ટ પાસેનો દેખાવ ઈ૦ સ૦ ૧૮૯૨ ના જાનેવારી માસની ૨૫ મી તારીખ અને શનિવારને દિવસે આરંભાયલા મુંબઇમાંના મહારાજ લાયબલ કેસનું સ્મરણ કરાવતો હતો. ભેદ માત્ર એટલો જ હતો કે, તે કેસમાં મહારાજ જદુનાથજી બ્રિજરતનજી પોતે વાદી તથા કરસનદાસ મૂળજી અને નાનાભાઈ રૂસ્તમજી રાણીના પ્રતિવાદી હતા; અને આ કેસમાં દીવાન આલમચંદ વગેરે વાદી અને મહાત્મા ગોપાળદાસ તથા દયામયી પ્રતિવાદી હતાં. છતાં જ્યારે, મહારાજ ઉપર મૂકાયલા આરોપ જો સાબિત થશે, તો મહારાજ કેસ હારી જશે, એવા વિચારથી કેટલાક ભાટિયા ત્રણ ચાર વાર એકઠા થયા હતા, અને એવો ઠરાવ કર્યો હતો કે, "ભાટીયાનું આખું મહાજન–ન્યાત–મેળવીને એક લખત ઉપર સઘળા ભાટીયાઓની સહી લેવી." આ ઠરાવ પ્રમાણે તા૦ ૬ ઠ્ઠી સપ્ટેમ્બર ૧૮૬૧ ને દિવસે ભાટિઆ લોકોનું મહાજન એલફીન્સ્ટન ઇન્સ્ટીટ્યુશનની સ્કૂલ પાસે મહાજનવાડીમાં એકઠું થયું અને તેમાં તેમણે એવી વ્યવસ્થા કરી કે, 'મહારાજની વિરુદ્ધ જે કોઈ ભાટીઓ સાક્ષી આપે, તેને ન્યાતના કાયદા પ્રમાણે પૂછવું.' આવો જ પ્રકાર અત્યારે હયદરાબાદમાં પણ થયો હતો. જો કે એવો જાહેર ઠરાવ કરવામાં આવ્યો ન હોતો, તો પણ અંદરખાનેથી ન્યાતના કહેવાતા અગ્રેસરોએ સર્વને ચેતવણી આપી દીધી હતી કે, "મહાત્માના વિરોધીઓ તરફથી મહાત્મા વિરુદ્ધ જો કોઈ કાંઈ પણ હીલચાલ કરશે અથવા સાક્ષી આપશે, તો તેને હંમેશને માટે ન્યાતબહાર મૂકી તેની સાથેનો સઘળો વ્યવહાર બંધ કરવામાં આવશે!" આ ગુપ્ત ચેતવણી આપવાનો હેતુ એટલો જ હતો કે, આવો જાહેર ઠરાવ કરવાથી મહારાજ લાયબલ કેસમાંથી જેવી રીતે "ભાટીઆ કૉન્સ્પીરેસી" કેસનો ફણગો

ફૂટયો હતો, તેવો કોઈ પ્રકાર બનવા ન પામે. પણ આ બીના કાંઈ વૃન્દા, આલમચંદ અને વાધૂમલ્લ આદિની જાણ બહાર તો ન હોતી જ.

કોર્ટની આસપાસ આજે હજારો લોકોની ભીડ જામી હતી. અનેક લોકો અનેક પ્રકારની ચર્ચા ચલાવતા હતા. ગાડીઓની તો હારો બંધાઈ ગઈ હતી. સિંધમાં સાધારણ રીતે પડદાનો રિવાજ હોવાથી મહાત્માના પક્ષના કેટલાક પ્રેમલા ગૃહસ્થોની પ્રેમલી પ્રમદાઓ બંધ ગાડીમાં ત્યાં આવી હતી અને મહાત્માના કેસનું પરિણામ તરત જાણવામાં આવી શકે, એટલામાટે ગાડીમાં જ બેસી રહી હતી. કેસ સાથે જેમનો સંબંધ ન હોય તેવા લોકોને આજે કોર્ટમાં આવવાની સખ્ત મનાઈ હતી. પોલીસનો સખ્ત બંદોબસ્ત હોવાથી લોકો કોર્ટના કમ્પાઉન્ડમાં તથા બહારની ખુલ્લી જગ્યામાં ટોળે મળીને બેઠા હતા. એમાંના કેટલાક બીડીઓ તથા સિગારેટ ફૂંકવાનો ધંધો આદરીને વાતોમાં વખત વીતાડતા હતા. અર્થાત્ જાણે ત્યાં મેળો ભરાયો હોય, તેવો જ ભાસ થતો હતો માલપુઆ અને મગની લચકો દાળ, બાફેલા ભેહ-(કમલનાળ) અને એવા બીજા ખાદ્ય પદાર્થો લઇને ફેરીઆઓ પણ ત્યાં કમાણી કરવાને આવી પહોંચ્યા હતા. અને કેટલાકો ખાધા વગરના જ આવેલા હોવાથી તેમને સારી કમાણી થતી હતી. પાણી ન મળતું હોવાથી સોડા લેમનવાળાને પણ સારો તડાકો પડતો હતો. પોલીસવાળાઓની પીડા પણ વધી હતી. લોકોને 'ગડબડ મત કરો' 'પુકાર મત કરો' નો ઉપદેશ આપતાં આપતાં તેમનાં ગળાં બેસી જતાં હતાં. કોર્ટનાં બારણાં પાસે ધસી આવનારા અવિચારી લોકોને હટાવવામાટે ડંડાનો પણ તેમને ઉપયોગ કરવો પડતો હતો. કેટલાક સિપાહીઓ વિનાકારણ પણ લોકોને સતાવતા હતા અને તેમની પાસેથી ચાહે સોડા, બુદ્દાબખ્શખાતે કઢાવતા હતા. ઘણાક લોકો પોતાના ધંધાધાપાને રજા આપીને આવેલા હોવાથી શહેરમાંની ઘણીક દુકાનો બંધ હતી અને તેથી કેટલેક અંશે હડતાળ જેવો દેખાવ થયલો હતો. સારાંશ કે, હયદરાબાદે આજે એક પ્રકારનું નવીન સ્વરૂપ જ ધારણ કર્યું હતું.

કોર્ટના આગલા ભાગમાં લોકોનો આવો સમુદાય અને કોલાહલ હોવાથી જેલર મહાત્માને કોર્ટના કમ્પાઉન્ડના પાછળના રસ્તેથી કોર્ટમાં લઈ ગયો અને તેથી મહાત્મા જેલમાંથી કોર્ટમાં આવ્યા કે નહિ, એની લોકોને ખબર ન પડવાથી તેઓ તો તેમના આવવાની વાટ જ જોતા રહ્યા! લગભગ દશ પંદર મિનિટ પછી તેમના જાણવામાં આવ્યું કે, પાછલે રસ્તેથી મહાત્મા કોર્ટમાં આવ્યા છે. એ જાણીને તેઓ નિરાશ થઈ ગયા. કારણ કે, આજે મહાત્માને બંદિવાનના અવતારમાં પોલીસના ચોકી પહેરા સાથે નવેસરથી જોવાની લોકોની આકાંક્ષા અનિવાર્ય થયેલી હતી. પણ તે આકાંક્ષાને તૃપ્ત કરવાનો કોઈ ઉપાય ન હોવાથી કોર્ટમાંથી નીકળતી વખતે તેને જોઇશું, એવી આશાથી તેમણે પોતાના આતુર મનનું સાંત્વન કરી લીધું. પોણા અગીઆર થતાં જ વકીલ અને બૅરિસ્ટરોની ગાડીઓ ધમધમાટ કરતી કોર્ટના કમ્પાઉન્ડમાં આવવા લાગી, અને લોકોનું ધ્યાન તેમના અવલોકનમાં પરોવાયું.

આજનો કેસ કાંઇક વિલક્ષણ હોવાથી હયદરાબાદના બહુધા સર્વ વકીલ બૅરિસ્ટરો કોર્ટમાં આવ્યા હતા. જેમ વખણાયલા અને હજારોની કમાણીવાળા વકીલ બૅરિ-

સ્ટરો ત્યાં દેખાતા હતા, તેમ માખો મારતા વકીલ અને બ્રીફ્‌લેસ બૅરિસ્ટરોની પણ કાંઈ ઓછી સંખ્યા નહોતી. કેટલાકો સિંધના આગળના રાજ્યકર્ત્તા મીરોના જેવી કીનખાબની મઢેલી છાપરાવાળી ટોપીઓ પહેરીને, કેટલાકો પંજાબી પદ્ધતિના પટકા બાંધીને, તો કેટલાકો ઇંગ્લિશકૅપ મસ્તકે ધરીને પધાર્યા હતા. કેટલાકો મૂછ ખરી પણ દાઢી વિનાના તેમ જ કેટલાકો દાઢી અને મૂછ બન્ને બોડાવી આવેલા ધારાશાસ્ત્રી હતા. અર્થાત્ વકીલ બૅરિસ્ટરોનું એ પ્રદર્શન પણ જોવાજોગ હતું. **આલમચંદ**, **વાધૂમલ્લ** અને **આનંદાનંદ** આદિ વાદી પક્ષના મનુષ્યો વખતસર આવીને હાજર થઈ ગયા. વાદી પક્ષના કરાંચીથી આવેલા બે બૅરિસ્ટરો પણ આવી પહોંચ્યા. એક બૅરિસ્ટર યૂરોપિયન્ હતો: તેનું નામ મી. **ચાર્લી** હતું. બીજો બૅરિસ્ટર આગ્રા નિવાસી મુસલમાન હતો: તેનું નામ મી. **અમીરઅલી** હતું. એ ઉપરાંત **વાધૂમલ્લ** પણ પ્લીડર હોવાથી તેના મદદગાર તરીકે કામ કરવાનો હતો. મી. **ચાર્લી** અને મી. **અમીરઅલી** બન્ને કરાંચીના બહુ જ નામાંકિત બૅરિસ્ટર હોવાથી અને તેઓ "Thunder of the court"ના ઉપનામથી ઓળખાતા હોવાથી ઘણાખરાઓના મનમાં પ્રથમથી જ એવા સંશયનો નિવાસ થઈ ગયો કે, "મહાત્માનું હવે જરૂર આવી બન્યું છે!"

વૃન્દા, **સીતા**ને સાથે લઇને આવી હતી, પણ તે કોર્ટના કમ્પાઉન્ડમાં ગાડીમાં જ બેસી રહી હતી. જો કે **વૃન્દા**નું તો કોર્ટમાં કામ પડે તેમ નહોતું; પણ કદાચિત્ **સીતા**ની અગત્ય પડે, તો તરત બોલાવી શકાય, એટલામાટે **સીતા**ને ત્યાં લાવવાની આવશ્યકતા હતી; અને **સીતા** ગભરાઈ ન જાય એટલામાટે **વૃન્દા** પણ સાથે આવી હતી. **રોહિણી** પણ આવવાની હતી, પરંતુ તેની પ્રકૃતિ અસ્વસ્થ હોવાથી તેનાથી અવાયું નહોતું અને **મોહનલાલ** તેની સારવારમાં રોકાયલો હોવાથી આવી શક્યો નહોતો.

જેવી રીતે કોઈ સારી નાટક મંડળીના નવીન નાટકનો પ્રથમ પ્રયોગ થવાનો હોય, તે દિવસે પ્રેક્ષકો નાટકના આરંભમાટે અતિશય આતુર થઈ ગયેલા હોય છે, અને વારંવાર તાળીઓ વગાડીને કે ઘોંઘાટ કરીને પોતાની તે આતુરતાને પ્રકટ કર્યા કરે છે; તેવી રીતે કોર્ટમાં હાજર થયેલા સર્વ જનો આજના કેસના આરંભમાટે આતુર થયા હતા અને વારંવાર મેજીસ્ટ્રેટના ઓરડાના દ્વારપ્રતિ દૃષ્ટિપાત કરીને પોતાની આતુરતાને વ્યક્ત કર્યા કરતા હતા.

બરાબર સાડા અગીયાર થતાં જ ન્યાયાસન પાસેના ઓરડાનો દરવાજો ઊઘડ્યો અને રંગભૂમિ જેવા કઠેરાવાળા લાકડાના ચોકઠાપરના ન્યાયાસનપર વિરાજવામાટે મૅજીસ્ટ્રેટ બહાર નીકળ્યા. 'સાયલેન્સ' નો ધ્વનિ થતાં જ સર્વ જનો ઊઠીને ઉભા થઈ ગયા અને મૅજીસ્ટ્રેટના બેસવા પછી પાછા પોતપોતાના આસનપર ગોઠવાઈ ગયા. જેવી રીતે બ્રીટિશ ન્યાયની-અપક્ષપાત બ્રીટિશ ન્યાયની ઉજ્જ્વલતા વિશ્વવિખ્યાત છે, તે જ પ્રમાણે આ બ્રીટિશ ન્યાયના પ્રતિનિધિરૂપ મૅજીસ્ટ્રેટની મુદ્રા પણ ભવ્ય અને ઉજ્જ્વલ હતી. તે ત્રીસથી પાંત્રીસ વર્ષના વયનો એક કુલીન અંગ્રેજ હતો. જેવી તેની વિદ્યા વિપુલ હતી, તેવું જ તેનું બાહ્ય સૌન્દર્ય પણ આકર્ષક હોવાથી અને ન્યાય આપવામાં નિરંતર અપક્ષપાત હોવાથી સિંધના લોકો તેને દેવતુલ્ય માન આપતા હતા. તેનું નામ મી. **જૅન્સન્** હતું. સખ્ખર, શિકારપુર અને કરાંચી આદિ જે જે સ્થળોમાં

તે મૅજીસ્ટ્રેટ તરીકે કામ કરી આવ્યો હતો, ત્યાંના લોકો તેના ત્યાંથી બીજે સ્થળે જવા છતાં પણ તેની પ્રશંસાપૂર્વક સ્મૃતિ કર્યા કરતા હતા. ધારાશાસ્ત્રી મંડળને પણ તેના તરફથી પૂરતો સંતોષ હતો.

મૅજીસ્ટ્રેટે આસને વિરાજ્યા પછી કેટલાક વકીલ બૅરીસ્ટરો પ્રતિ સ્મિતવિલસિત મુખથી દૃષ્ટિપાત કર્યો અને ત્યાર પછી નવીન અરજદારોની અરજીઓનો સ્વીકાર કર્યો. એ કાર્ય લગભગ અડધો કલાક ચાલ્યા પછી મહાત્માના કેસના કામકાજનો આરંભ કરવામાં આવ્યો. મૅજીસ્ટ્રેટની આજ્ઞાથી વાદીપક્ષના સીનીયર બૅરીસ્ટર મી૦ ચાર્લીએ બોલવાની શરૂઆત કરી.

ફરિયાદ પક્ષનો બૅરિસ્ટર કોર્ટ સામે ઉભો થતાં બોલ્યો: "યૉર વર્શિપ્, "વોરંટ મેળવતી વેળાએ મારા અસીલ મી૦ આલમચંદે જે એફીડેવીટ કરેલી છે, તેમાં મહાત્માના નામથી ઓળખાતા સાધુ ગોપાળદાસે તેની સાથે નાણાં તથા દાગીનાના સંબંધમાં કેટલો અને કેવા પ્રકારનો વિશ્વાસઘાત કરેલો છે, એ સ્પષ્ટ જણાવેલું હોવાથી એ વિશે હું વધારે વિવેચન કરીને કોર્ટના અમૂલ્ય સમયને વ્યર્થ ગાળવા માગતો નથી. ટુંકામાં એટલું કહેવું જ બસ થશે, કે એફીડેવીટમાં જણાવેલા દિવસે મારો કલાયન્ટ જ્યારે અહીંથી કાશીનિવાસ કરવામાટે ગયો, ત્યારે સાધુ ગોપાળદાસને એક બહુ જ પ્રતિષ્ઠિત અને ત્યાગી મહાત્મા ધારીને પોતાનાં નાણાં અને દાગીના આદિ મળીને લગભગ બે લાખની મિલકત તેના હાથમાં જાળવવામાટે સોંપી ગયો હતો. તેની રિસીટ મહાત્મા પાસેથી તેણે લીધી ન હોતી. હિંદુઓનો પોતાના ધર્મગુરુઓમાં એવો દૃઢ વિશ્વાસ હોય છે કે, ધર્મગુરુઓ ધન, માલ અને એવી બીજી સાંસારિક વસ્તુઓને તુચ્છ માને છે, એટલે તેઓ કદાપિ વિશ્વાસઘાત કરે જ નહીં. આવી શ્રદ્ધા હોવાથી મહાત્માને ત્યાં પોતાની મીલકત રાખવા વિશેની વાત બીજા કોઇને જણાવવાની પણ અગત્ય ધારી ન હોતી. પણ કેટલાક વખત પછી જ્યારે કાશીમાં મારા કલાયંટને પૈસાની કાંઈ અગત્ય પડી અને આનંદાનંદ નામના એક સાધુને મહાત્માના નામપર રૂ. ૫૦૦ આપવામાટેની ચિઠ્ઠી લખી આપી અને તે ચિઠ્ઠીનો અસ્વીકાર કરી મહાત્માએ નાણાં ન આપવાનો જવાબ આપ્યો, તેથી મારા કલાયંટના મનમાં શક આવ્યો. તેણે ત્યાર પછી ઘણા કાગળ લખ્યા, પણ જવાબ ન મળ્યો અને રજીસ્ટર્ડ કાગળો મોકલ્યા તે બધા રિફ્યુજડ થઇને પાછા આવ્યા. એ કાગળો પૂરાવા તરીકે હું કોર્ટમાં હાજર કરું છું. આથી અંતે લાચાર થઈ મારો કલાયંટ હયદરાબાદ આવ્યો અને તેણે આવી રીતે કાયદાસર પગલાં ભરવાનું વ્યાજબી ધાર્યું છે. એફીડેવીટમાં લખ્યા પ્રમાણેની ઘણી ખરી ચીજો જડતી લેતાં એના ઘરમાંથી મળી આવેલી હોવાથી વધારે પૂરાવાની અગત્ય રહી નથી અને તેથી આ તપાસ કાયદાસર આગળ ચલાવવી જોઇએ, એવી મારી પ્રાર્થના છે. એ ઉપરાંત મહાત્મા પોતે વૈષ્ણવ ધર્મનો એક ધર્મગુરુ છે અને વૈષ્ણવ ધર્મમાં માંસ તથા મદિરા આદિ પદાર્થોના ઉપયોગનો કઠિન નિષેધ હોવા છતાં પ્રતિવાદી નં. ૧ એ વસ્તુઓનો છૂટથી છૂપી રીતે ઉપયોગ કરતો હતો, એટલું જ નહિ પણ વ્યભિચાર કરીને નીતિની ભ્રષ્ટતા પણ કરતો હતો અને શાક્તધર્મ જેવા અનીતિપ્રસારક અને ભયંકર પંથનો એ એક અગ્રેસર હતો. એની સાબીતીઓ પણ

પાછળથી અમને મળી આવી છે. એ ગુનાહની એટલે કે લોકોને સાધારણ રીતે ઠગવાના અને નીતિભ્રષ્ટ કરવાના અપરાધની પણ એને અને એની સોબતી બીજી ગુનાહગાર હયામચીને સખ્ત સજા મળવી જોઇએ. આ બીજા ગુનાહોને સાબીત કરી આપનાર એમનાં પાપોનો ભાગીદાર એક સાક્ષી અમારી પાસે છે, પણ જો તેને તેના અપરાધની સરકાર માફી આપે, તો જ તે સાક્ષી આપવાને તૈયાર છે. તેને જો કિંગ્સ્ એવીડન્સ બનાવવામાં આવે, તો કશો વાંધો નથી. વળી કેટલીક સ્ત્રીઓને ભ્રષ્ટ કરવાના, કેટલીક જવાન છોકરીઓને ખરાબ વિચારથી ચોરાવવાના અને મનુષ્યહત્યા કરાવવાના પણ અનેક અપરાધો પ્રથમ પ્રતિવાદીના હાથે થયેલા છે અને તે માટે કરાંચીની પોલીસ પાસે પૂરતી સાબીતીઓ હોવાથી અત્યારે જ વધારે બોલવાની આવશ્યકતા નથી. અર્થાત્ પ્રથમ પ્રતિવાદી જ્યારે પોતે નવા નવા અપરાધ કરનાર છે, ત્યારે બીજી પ્રતિવાદિની હયામચી તેના એ અપરાધોની મદદગાર સાથી છે. એટલામાટે એ બન્નેને યોગ્ય શિક્ષા મળવી જોઇએ, એવી કોર્ટને મારી પ્રાર્થના છે."

વાદી દીવાન આલમચંદે કોર્ટની આજ્ઞાથી જણાવ્યું કે;—"હું આ હયદરાબાદનો નિવાસી છું અને હમણાં બહુધા કાશીમાં જ રહું છું. એફીડેવીટમાં મેં જે કાંઈ જણાવ્યું છે અને મારા બૅરિસ્ટરે જે વિષયનું સમર્થન કર્યું છે, તે બાબતો માલસુદ્ધા મળવાથી લગભગ પૂરવાર થઈ ગયેલી છે. છતાં વધારે પૂરાવાની જરૂર હશે તો તે આપવાને પણ હું તૈયાર છું. એફીડેવીટમાં જણાવેલું છે તેથી વિશેષ મારે કાંઈ પણ બોલવાનું નથી. ઇન્સાફ આપવાનું કામ કોર્ટનું છે."

હવે મહાત્માને પાંજરામાં બોલાવવામાં આવ્યા; પણ એટલામાં તેના બૅરિસ્ટર જગન્નાથ ભિષગ્રત્ને ઉઠીને કોર્ટને પ્રાર્થના કરી કે;—"મારો કલાયંટ એક ધર્મગુરુ હોવાથી વૈષ્ણવ જાતિમાં પૂજ્ય છે અને એની ઘણી જ સારી પ્રતિષ્ઠા છે. જ્યાં સુધી આરોપ સિદ્ધ ન થાય, ત્યાં સુધી તેને નિર્દોષ માનવો, એવો કાયદાનો ધર્મ હોવાથી બધા પ્રસંગોને ધ્યાનમાં લઈ જો મારા આબરૂદાર કલાયંટને પાંજરામાં ઉભો રાખવાને બદલે કુરસીપર બેસાડીને એની જબાની લેવામાં આવશે, તો કોર્ટનો ઘણો જ આભાર થશે."

કોર્ટમાં બેઠેલા કાયદાના હિમાયતીઓનાં મુખમંડળોમાં ભિષગ્રત્નના એ ભાષણથી સ્મિતની છટા પ્રસરી ગઈ. તેઓ મનમાં મહાત્માની પ્રતિષ્ઠાનું હાસ્ય કરવા લાગ્યા.

"લાચાર છું કે, હું તેવી વ્યવસ્થા કરી શકતો નથી. માત્ર એટલું ફર્માવું છું કે, જ્યારે એની જબાની નહિ હોય, તે વેળાએ તમારા માનને ખાતર એને બેસવાને માટે કુરસી આપવામાં આવશે." મૅજિસ્ટ્રેટે કહ્યું.

"હું આપનો ઉપકાર માનું છું!" ભિષગ્રત્ને એટલું બોલી કુરસીમાં ઝોકાવ્યું.

"સાધુ ગોપાળદાસ, તમારાપર મૂકાયલા આ આરોપોમાટે તમારે કાંઈ બચાવ કરવાનો છે કે કેમ? જે કાંઈ કહેવું હોય, તે કહેવાની તમને રજા આપવામાં આવે છે." મૅજિસ્ટ્રેટે અંગ્રેજીમાં કહ્યું અને ઈન્ટરપ્રિટરે તેનો તરજુમો કરી સંભળાવ્યો.

"હું આ કોર્ટમાં મારો કેસ ચલાવવા માગતો નથી. મારે જે કાંઈ કહેવાનું હશે અથવા તો બચાવ કરવાનો હશે, તે સેશન્સ કોર્ટમાં જ કરીશ. મારો કેસ

સેશન્સકમિટ કરી નાંખશો તો મોટો ઉપકાર થશે. હે રાધાકાન્ત! અત્યારે તમે ક્યાં છુપાઈ ગયા?" મહાત્માએ જવાબ આપ્યો.

"ત્યારે તમે અહીં કાંઈ જ કહેવા નથી માગતા?" મૅજિસ્ટ્રેટે પાછો સવાલ કર્યો.

"જી, નહિ." મહાત્માએ ટૂંકો જવાબ આપ્યો.

મહાત્માનો આવો સાફ જવાબ મળવાથી દયામયીને બોલાવવામાં આવી અને મૅજિસ્ટ્રેટે પૂછ્યું કે;–"બાઈ, તમારાપર જે આરોપ મૂકાયા છે, તેવિશે તમારું શું કહેવું છે?'

"હું બિલકુલ નિરપરાધી છું–આ બધો શો ગોટાળો છે, તે હું તો કાંઈ જાણતી જ નથી. મારાપર શા આરોપ મૂકાયલા છે, તેની પણ મને ખબર નથી!" દયામયીએ બધી બાબતનો નન્નો વાસી દીધો.

"મહાત્માપર વિશ્વાસઘાત, વ્યભિચાર, ઠગાઈ અને સદોષ મનુષ્યવધ આદિ અપરાધ કરવાના આરોપો છે અને તે કામોમાં તમે તેનાં મદદગાર હતાં, એવો તમારાપર આરોપ છે." મૅજિસ્ટ્રેટે કહ્યું.

"હે કૃષ્ણ! આ કેવો અન્યાય! મહાત્માનાં દુષ્ટ કર્મોની મદદગાર હું? બિલકુલ ખોટું. હાં–મહાત્મા સાથે હું રહું છું અને એમની સેવા કરું છું. પણ એમના આવા અપરાધોની મને કશી પણ ખબર નથી. મારી તો એ જ ફરજ હતી કે, એઓ બતાવે તેટલું કામ કરવું અને ઘરમાં બેસી રહેવું." દયામયીએ નિર્દોષતા દર્શાવી.

"હું આ બાઇને થોડાક સવાલ પૂછવા માગું છું, તેની રજા છે?" ચાર્લીએ મૅજિસ્ટ્રેટને કહ્યું.

"જો એથી તમારા કેસને બળ મળતું હોય, તો મારી રજા છે." મૅજીસ્ટ્રેટે અનુમોદન આપ્યું.

"બાઈ, તમે કહો છો કે તમારી એટલી જ ફરજ હતી કે, મહાત્મા જે કામ બતાવે તે કરવું અને ઘરમાં બેસી રહેવું; તો હું એમ પૂછવા માગું છું કે, ઘરમાં પૈસા ટકા અને બીજી કીમતી ચીજો સંભાળવાનું કામ તમારું હતું કે કેમ? કારણ કે, મહાત્મા તો પૈસા કે એવી બીજી કોઈ ચીજને હાથ નથી લગાડતા, એ જગતપ્રસિદ્ધ છે." ચાર્લીએ દયામયીને પૂછ્યું.

"જી હા, એ કામ મારું જ હતું."

"ત્યારે તો દીવાન આલમચંદના દાગીના અને નાણાં પણ તમે જ સંભાળ્યાં હશે, ખરું કે નહિ?"

"જે દાગીના અને નોટો ઇત્યાદિ અત્યારે કોર્ટના તાબામાં છે, તે દીવાન આલમચંદનાં હતાં કે બીજાં કોઇનાં, કિંવા એ મંદિરની મિલકત હતી, એ વિશે વધારે હું કાંઈ પણ જાણતી નથી. પણ એ તો ખરું જ કે, આ બધું મારી સંભાળમાં હતું. હું એ વિષે ના પાડતી નથી." દયામયીએ અસત્ય અને સત્ય મિશ્રિત ચાતુર્યપૂર્ણ ઉત્તર આપ્યું.

"એ મત્તા દીવાન આલમચંદની છે, એ વાત કોઈ પણ રીતે અત્યાર સુધી તમારા જાણવામાં નથી આવી, એમ તમે ખાત્રીપૂર્વક કહી શકો છો?" ચાર્લીએ ફેરવીને આડો સવાલ પૂછ્યો."

"જી હા, સાહેબ!" દયામયીએ ટૂંકામાં પતાવ્યું.

"મહાત્માએ તમે જે વેળાએ શાક્તસદનમાં હતાં, તે વેળાએ એ વિશેનું તમારાપર કોઈ પત્ર નહોતું લખ્યું?"

"હું નથી ધારતી કે તેવું કોઈ પત્ર તેમણે મારાપર લખ્યું હોય!"

અહીં ચાર્લીએ આનંદાનંદ ઉર્ફે ચંદ્રશંકરને શાક્તસદનમાંના દયામયીના ટેબલના ખાનામાંથી મહાત્માએ દયામયીના નામપર મોકલેલું જે પત્ર મળી આવ્યું હતું તે રજૂ કર્યું અને કહ્યું કે;–"જુઓ આ પત્ર–આ પત્ર તમને મળેલું હોવું જ જોઇએ."

એ તે જ પત્ર હતું કે જેનું વર્ણન પૂર્વે આવી ગયું છે, એટલે તેની અહીં પુનરાવૃત્તિ કરવાની આવશ્યકતા નથી. દયામયીએ તે પત્ર વાંચી મુખમુદ્રામાં જરા પણ પરિવર્તન ન થવા દેતાં ગંભીરતાથી ઉત્તર આપ્યું કે, "આ પત્રમાં અક્ષર તો મહાત્માના છે; પણ એ પત્ર મને મળ્યું નથી અને તેથી એમાંની બીના હું જાણતી નથી."

"આ પત્ર તમને બરાબર મળ્યું હતું અને તેથી જ વૃન્દાની મિલકત ઉપર લોભાઇને તમે પાછાં હયદરાબાદ આવ્યાં હતાં, એનો પૂરાવો અત્યારે જ હું આપી શકીશ." બૅરિસ્ટર ચાર્લીએ એમ કહીને આનંદાનંદ ઉર્ફે ચંદ્રશંકરને સાક્ષી તરીકે બોલાવ્યો. તેણે એ પત્ર કેવા સંજોગો વચ્ચે દયામયીને શાક્તસદનમાં પહોંચાડયું હતું અને તેના દેખતાં જ દયામયીએ તે પત્ર વાંચ્યું હતું, એનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. તેનો વૃત્તાંત સમાપ્ત થયા પછી ચાર્લીએ મૅજિસ્ટ્રેટને કહ્યું;–

"આ બાઈ જૂઠી જબાની આપે છે, એ આ સાક્ષીની જબાનીથી સાબિત કરી બતાવવામાટે જ મેં કોર્ટનો આટલો ટાઇમ લીધો છે; તો આ બધા મુદ્દાને ધ્યાનમાં રાખવાની હું ખાસ વિનતિ કરું છું"

"પણ આ માણસને મેં કોઇવાર દીઠો જ નથી તેનું કેમ? આ બનાવટી પૂરાવો છે. એ માણસે આ પત્ર અમુક દિવસે લાવીને મને આપ્યું હતું એની એ પોતે શી સાબીતી બતાવી શકે છે વારુ?" દયામયીએ સામો સવાલ કર્યો.

વાઘ્રમલ્લે આ તકરાર ચાલતી હતી તે વચ્ચે સીતાને અંદર બોલાવીને પાસેના ઓરડામાં–વકીલ બૅરિસ્ટરોના ઓરડામાં બેસાડી હતી. તેને બોલાવવામાં આવી. સીતાએ પોતાનો બધો વૃત્તાંત કહી સંભળાવીને અંતે કહ્યું કે;–"આ ચંદ્રશંકર એક પત્ર લાવ્યા હતા ખરા–તે પત્ર આ હતું કે બીજું એ જો કે હું કહી શકતી નથી; છતાં એ વાત તો ખરી છે કે પત્ર આવ્યા પછી દયામયી તરત હયદરાબાદ આવવાને ત્યાંથી ઉપડી ગયાં હતાં."

"હું હયદરાબાદ આવવામાટે ઉપડી હતી ખરી પણ તે આ પત્ર વાંચીને નહિ. શાક્તસદનમાં થતાં કુકર્મોથી હું કંટાળી ગઈ હતી અને તે કુકર્મોમાં ભાગ લેવાનો મારો વિચાર ન હોવાથી મેં તે સ્થાનનો ત્યાગ કર્યો હતો" દયામયીએ કહ્યું.

"ત્યારે શાક્તસદનમાં કુકર્મો થાય છે અને મહાત્માનો શાક્તસદન સાથે ગાઢ સંબંધ હતો, એ તો અત્યારે તમે માન્ય કરો છો?" ચાર્લીએ મતલબમાંથી મતલબ કાઢીને સવાલ પૂછયો.

આટલું કામકાજ થતાં સુધીમાં કોર્ટનો ટિફિનનો વખત થવાથી કામ બંધ રાખવામાં આવ્યું. અંદર આવેલા વકીલોના કલાર્કોએ અને પટાવાળાઓએ બહારના લોકોને ચાલેલા કામકાજની હકીકત સંભળાવી અને તે મેહનતના બદલામાં ચાહપાણીનો લાભ મેળવ્યો.

* * * * *

ટિફિન પછી કોર્ટ પાછી બેસતાં ચાર્લીએ પોતાના સવાલની પુનરાવૃત્તિ કરી અને તેના જવાબમાં દયામયીએ જણાવ્યું કે;–"શાક્તસદનમાં કુકર્મો થાય છે અને મહાત્માનો શાક્તસદન સાથે સંબંધ છે ખરો, પણ તે સાધારણ સંબંધ છે કે ગાઢ સબંધ છે, એ હું કહી શકતી નથી."

ચાર્લીએ વાધૂમલ્લ સાથે ટિફિન વખતે એવી સલાહ કરી હતી કે જો શાક્તસદનમાંની બધી ખરી હકીકતો દયામયી જણાવી દેવાને કબૂલ હોય અને આપણી મદદગાર થઈ પડે, તો તેને આરોપમાંથી ઉડાવીને સાક્ષી તરીકે રજૂ કરી દેવી. દયામયીને એ વિશે પૂછતાં તેણે પણ એ બાબતની હા પાડી એટલે ચાર્લીએ હવે વધારે તકરાર લેવાને બદલે બીજા જ મુદ્દાપર આવીને મૅજીસ્ટ્રેટને જણાવ્યું કે:–

"મારો એવો અભિપ્રાય છે કે, દયામયીના બોલવામાં સત્ય અને નિર્દોષતાની છટા સ્પષ્ટ જોવામાં આવે છે અને તેથી એનાપરનો આરોપ પાછો ખેંચી લઇને મહાત્માપરના અપરાધની તપાસમાં હું એ બાઇને એક સાક્ષી તરીકે રજૂ કરવા માગું છું; અને મૅજીસ્ટ્રેટ સમક્ષ એમણે એની કબૂલાત આપવી જોઈએ."

" પણ એ વિશે પહેલા આરોપીને મારે કેટલાક સવાલો પૂછવા જોઈએ." મૅજીસ્ટ્રેટે એ પ્રમાણે કહીને મહાત્માને પાછો ઉભો કરીને પૂછ્યું;–"કેમ સાધુ ગોપાળદાસ, આ બાઈ તમારાં કામોમાં મદદગાર હતાં ખરાં કે?"

"મેં એવાં કાંઈ નઠારાં કર્મ જ કર્યાં નથી, તો પછી કોઈ મદદગાર હોય જ કયાંથી–તેની જરૂર જ શી હતી? છતાં તમે મને અપરાધી જ ધારતા હો, તોપણ શ્રીમતી દયામયી મહા ધર્માવતાર દયામયી કોઇના પણ કુકૃત્યમાં સહાયક થાય, એ ન ભૂતો ન ભવિષ્યતિ છે. આ ધર્મમૂર્તિને અને મને જે પાપીઓ આ યમસભામાં બળાત્કારે અને પ્રપંચથી ખેંચી લાવ્યા છે, તેમનો ખરેખર રૌરવ નરકમાં જ નિવાસ થવાનો છે. મારો મુરલીધર તેમના મદને મારશે! હે રાસવિહારી યશોદાનંદન, પાપીઓનો પ્રલય કરો!" મહાત્માએ પોતાની પ્રદ્ધતિ પ્રમાણેનાં વાકયો ઉચ્ચાર્યાં.

મહાત્માના આ ભાષણથી સર્વ જનો આશ્ચર્યચકિત થઈ ગયા. પ્રેમલાએ મહાત્માને મહાપરોપકારી જીવ માનવા લાગ્યા.

"ત્યારે, તમે એમ જ કહેવા માગો છો ને કે, બાઈ દયામયી તમારા કોઈ પણ કામમાં ભાગીદાર નહોતી? આ દાગીના અને નાણાં આલમચંદનાં છે, એ વાત તમે એમને જણાવી હતી કે?" મૅજીસ્ટ્રેટે પાછો સવાલ કર્યો.

"જી, નહિ;" મહાત્માએ કહ્યું.

આ બધા સવાલ જવાબ ચાલતા હતા તે વેળાએ આલમચંદનું મન તલપાપડ થઈ રહ્યું હતું, તેણે પોતાની બધી મિલકત દયામયીના હાથમાં જ સોંપી હતી અને

દયામયીએ તેની સાથે પત્રવ્યવહાર કરવાનું અને જોઈએ ત્યારે પૈસા વગેરે મોકલવાનું વચન પણ આપ્યું હતું. આ બધી વાત તેણે વાઘૂમલ્લને જણાવી, પણ વાઘૂમલ્લે કહ્યું:–"આપણો ઘણોખરો માલ તો હાથમાં આવી ગયો છે, એટલે આ બાબતની વધારે ખણખોદ કરવાની અગત્ય નથી. આ સ્ત્રી ઘણી જ ચાલાક અને પહોંચેલી દેખાય છે. જો એને દબાણમાં રાખીશું, તો મરી જતાં પણ એ પોતા ઉપરના આરોપને કબૂલ કરવાની નથી. માટે જો સામોપચારથી એને છોડી બીજી લાલચમાં નાખી દઇશું તો મહાત્માપરના રોહિણીને હરી જવાના આરોપની તપાસમાં એની આપણને ઘણી જ સારી મદદ મળી શકશે. મને તો મારો અનુભવ એમ જ જણાવે છે કે, આપણે એને પણ આરોપી તરીકે કાયમ રાખીશું, તોપણ સંજોગો એવા છે કે બધું મહાત્માપર ઢોળી પાડીને અંતે પણ એ છૂટી જ જશે; કારણ કે, મહાત્મા બધું પોતાના શિરપર ખેંચી લેવાને તૈયાર છે. જ્યારે વસ્તુ સ્થિતિ આવી છે, તો પછી જો થોડો ઘણો લાભ મળી શકે એમ હોય તો તે આપણે શામાટે ન લઈ લેવો?" આ જવાબથી વૃદ્ધ આલમચંદ્ર શાંત થઈ ગયો અને તેણે વધારે તકરાર ન લીધી.

આસપાસના સંયોગોનો વિચાર કરી મૅજીસ્ટ્રેટે પોતાનું ભાષણ આપતાં કહ્યું:–"આ કેસ અંતે પણ સેશન્સ કમિટ તો થવાનો જ છે. આરોપીપર જે આરોપો મૂકવામાં આવ્યા છે, તે જો સિદ્ધ થાય–અને તે સિદ્ધ થવાના જ–તો તે માટેની જે શિક્ષા કાયદાએ નક્કી કરેલી છે, તેટલી શિક્ષા ફરમાવવાનો આ કોર્ટને અધિકાર નથી. છતાં જો આ કોર્ટમાં કેસ વધારે ચાલ્યો હોત, તો ઉપલી કોર્ટને ઓછી મેહનત પડત. પણ આરોપીનો જ્યારે સેશન્સ કોર્ટમાં જ પોતાનો બચાવ કરવાનો વિચાર છે, તો મારો તે માટે કશો પણ વાંધો નથી. આરોપીની ઇચ્છા પ્રમાણે હું કેસને સેશન્સ કમિટ કરું છું. તેમ જ બાઈ દયામયીનો આરોપીનાં કામોમાં ખાસ હાથ–ઈચ્છાપૂર્વક હાથ–હોય એમ સિદ્ધ થયું નથી, એવી મારી ધારણા છે. વળી આરોપી પોતે પણ એને નિર્દોષ દર્શાવે છે અને પ્રતિવાદી પક્ષનો પણ એ બાઇને આરોપી તરીકે કાયમ રાખવાનો આગ્રહ નથી. વળી શાક્તસદનના સંબંધમાં એ બાઈ વધારે પૂરાવા આપવાની કબૂલાત આપે છે, એટલે એ બાઇને એવી શર્તથી હું મુક્ત કરું છું કે, એમણે કોર્ટમાં સાક્ષી તરીકે પોતે રજૂ થશે જ, એ માટેનો જામીન આપવો. જો કોઈ પણ બે સદ્‌ગૃહસ્થો રૂ. ૨૫,૦૦૦ના હાથ મુચરકા લખી આપશે, તો તેમને જામીન તરીકે કોર્ટ કબૂલ રાખશે. જો તેવા જામીન ન મળી શકે, તો કેસનો નિકાલ થતાં સુધી એ બાઈને કાચી જેલમાં રહેવું પડશે કે જ્યાં એને માટે દરેક જાતની સગવડ કરી આપવામાં આવશે."

તત્કાળ ચાર છ પ્રેમલાઓ જામીન તરીકે આગળ વધી આવ્યા. દયામયીના છૂટકાનું તો નક્કી થઈ ચૂક્યું. મહાત્માના બૅરિસ્ટર બિપત્રને ઉઠીને પ્રાર્થના કરી:–"મારા ક્લાયંટને જો જામીનપર છોડવામાં આવે, તો કોર્ટ માગે તેટલી મોટામાં મોટી રકમના જામીન આપવાને અમે તૈયાર છીએ. મારી ખાત્રી છે કે, મારા ક્લાયંટપરના આરોપો સેશન્સ કોર્ટમાં જરૂર ઉડી જશે; તેમ જ મારો ક્લાયંટ એક પ્રતિષ્ઠિત ધર્મગુરુ હોવાથી અને તેના જામીન થવાને ઘણા સારા સારા ગૃહસ્થો તૈયાર છે તેથી સાફ જણાય

છે કે, એ કોર્ટમાં હાજર થશે જ. એ વિશે શંકા કરવાનું કારણ જ નથી. આ બધા સંયોગોને ધ્યાનમાં લેતાં મને આશા છે કે, કોર્ટ મારા કલાયંટને અવશ્ય જામીનપર છોડશે જ."

"મિસ્ટર ભિષગ્રત્ન! હવે આ કેસ મારી કોર્ટમાં ચાલવાનો નથી, એટલે મારો અભિપ્રાય કેટલેક અંશે વ્યક્ત કરવામાં મને વાંધો નથી. તમારા કલાયંટપર જે આરોપો મૂકાયા છે, તે જરૂર પૂરવાર થવાના જ, એવો અત્યાર સુધી ચાલેલા કામકાજથી મારો નિશ્ચય થઈ ચૂકયો છે; એટલું જ નહિ, પણ આરોપીએ પોતે પણ સંદિગ્ધતાથી કેટલીક વાતોનો સ્વીકાર કર્યો છે, એ તમો કાયદાના હિમાયતી હોવાથી સમજી તો શકયા હશો જ. એક પવિત્ર ધર્મગુરુ આવાં નિંદ્ય કર્મો કરે, એ જોઈને મને તો કમકમાટી જ ઉપજે છે. એની ટીકા કરીને એના નામનો ઉચ્ચાર કરવો, એને પણ હું એક મહાપાપ સમજું છું. મહારાજ લાયબલ કેસ વેળાએ પ્રતિવાદીના બૅરિસ્ટર–મહાવિખ્યાત બૅરિસ્ટર મિસ્ટર ઍન્સ્ટીએ મહારાજ વિશે જે ઉદ્ગાર કાઢયો હતો, તે જ ઉદ્ગાર અત્યારે હું કાઢું છું કે, 'I would not touch this Mahatma with a pair of tongs!' એટલા માટે હું તમારા કલાયંટને જામીનપર છોડી શકતો નથી. જો તમારી ઇચ્છા હોય તો સેશન્સ કોર્ટને એમાટેની અરજ કરવાને તમે સ્વતંત્ર છો." મૅજિસ્ટ્રેટે જામીન લેવાની ચોખી ના પાડી.

કોર્ટનો આવો હુકમ થવાથી મહાત્માને જેલના સિપાહીઓ જેલમાં લઈ જવામાટે તૈયાર થઈ ઉભા. થોડી વારમાં જ તેઓ તેને બંધ ગાડીમાં બેસાડીને જેલ તરફ ચાલતા થયા. દયામયીને પ્રેમલાઓ જયજયકારના નાદ સાથે બહાર લઈ આવ્યા અને બે ઘોડાની ગાડીમાં બેસાડી એક લક્ષાધિપતિ પ્રેમલો તેને હાલ તરત પોતાને ઘેર લઈ ગયો; મંદિરમાં કાંઈ પણ વ્યવસ્થા ન હોવાથી તરત ત્યાં જઈ શકાય તેમ ન હોતું. દયામયીના છૂટકારાની ખુશાલીમાં તેજ રાત્રે તે ગૃહસ્થને ત્યાં સત્યનારાયણની કથા વંચાવવામાં આવી અને તે પ્રસંગે લગભગ પાંચસો કે છસો પ્રેમલીઓ આવીને દયામયીને મુબારકબાદી આપવામાટે એકઠી થઈ ગઈ.

પ્રકરણ ૫૯ મું

પ્રણયચિંતા

પ્રકૃતિની અસ્વસ્થતાને લીધે રોહિણી વૃન્દા સાથે કોર્ટમાં આવી ન હોતી. તેની સારવારમાટે મોહનલાલ પણ ત્યાં રોકાયલો હતો. રોહિણીની પ્રકૃતિ કાંઈક અસ્વસ્થ તો હતી જ, પરંતુ એ શારીરિક અસ્વસ્થતા કરતાં પણ મોહનલાલ સાથે એકાંતમાં ચાર વાતો કરવાની માનસિક અસ્વસ્થતાથી તે વધારે પીડાતી હતી અને તેથી જ તે અસ્વસ્થતાનું નિમિત્ત બતાવીને ઘરમાં જ રહી હતી. વાધૂમલ્લ આદિ સર્વની કોર્ટમાં વિશેષ આવશ્યકતા હોવાથી મોહનલાલને જ વૃન્દાએ તેની સારવારમાટે ઘરમાં રહેવાનું કહ્યું હતું. મોહનલાલ તથા રોહિણીના પરસ્પર પ્રેમની વાર્તાને વૃન્દા સારી રીતે જાણતી હોવાથી મોહનલાલના સહવાસથી રોહિણીને વિશેષ આનંદ અને સંતોષ મળી શકશે, એ પણ તે જાણતી હતી. અને એ વળી મોહનલા-

લને જ ત્યાં મૂકી જવાનું બીજું એક સબળ કારણ હતું. રોહિણી મોહનલાલસાથે બોલવા ચાલવાને એટલા માટે એટલી બધી આતુર થયેલી હતી કે, જ્યારથી શાક્ત સદનમાંથી તેને લાવવામાં આવી ત્યારથી આજ સૂધીમાં મોહનલાલ સાથે એકાંતમાં વાર્તાલાપ કરવાનો એકવાર પણ તે બિચારીને પ્રસંગ મળી શક્યો ન હોતો.

આજે ઘરમાં રહેવાની રજા મળવાથી અને મોહનલાલ પણ ત્યાં જ તેની સાર-વારમાટે રહેવાથી તેના મનમાં જે આનંદ અને ઉલ્લાસ થયો, તે સર્વથા અવર્ણનીય હતો. તેના એ આનંદ તથા ઉલ્લાસની માત્ર તેના જેવી જ પ્રણયપિપાસુ નવયૌવના નારી વિના અન્ય કોઈ પણ કલ્પના કરવાને સમર્થ નથી. એટલે એક પુરુષ લેખક તેના મનોગત ઉલ્લાસનું યથાસ્થિત શાબ્દિક ચિત્ર કેવી રીતે આલેખી શકે?

રોહિણી સાદાં વસ્ત્રો ધારીને સિંધુ નદીની સ્હામે પડતી બારી પાસેના એક કોચપર ઓસ્મીકાપર મસ્તકને ટેકવીને આડી પડેલી હતી. મોહનલાલ તેની પાસે કુરસીપર કોચના એક તરફના ઉંચા ભાગપર કોણીને ટેકવીને બેઠો હતો. અત્યારે તેણે પણ માત્ર ઇજાર અને ખમીસ જ પહેરેલાં હતાં. રોહિણીના મસ્તકપર હસ્તસ્પર્શ કરીને તેણે કહ્યું;-"કેમ અત્યારે પ્રકૃતિ કેમ છે? જરાક માથું ગરમ જણાય છે ખરું."

"હા, માથામાં જ જરા દુ:ખાવો હતો, પણ અત્યારે તે ઓછો થતો જાય છે. હવે શરીરમાં બીજી વિશેષ અસ્વસ્થતા જેવું કાંઈ પણ નથી. મારા ધારવા પ્રમાણે બે ચાર દિવસમાં હું બિલ્કુલ સારી થઈ જઇશ." રોહિણીએ જરાક શર્માઇને કહ્યું.

"તારી શારીરિક સ્વસ્થતા વિશે તો હવે ભય રહ્યો નથી; છતાં પણ તારી મુખમુ-દ્રામાં જ્યારે ને ત્યારે શોકની ગંભીર છાયા છવાયલી જોવામાં આવેછે, એના કારણને હું સમજી શકતો નથી. મને પણ પોતાના મનની વાત તું કેમ નથી જણાવતી?" મોહનલાલે પ્રેમપૂર્વક પૃચ્છા કરી.

"હું સર્વ વાતે સુખી છું, માતા વૃન્દાનો મારાપર અગાધ પ્રેમ છે, પાણી માગતાં દૂધ મળે છે અને અન્ય પ્રકારના આનંદમાં પણ ન્યૂનતા નથી. વળી તમારા જેવા પુરુષ મારી સારવાર કરે, એ મારા સદ્ભાગ્યની સીમા જ થયેલી કહેવાય. છતાં મારા મનમાં જે એક વિચાર નિરંતર વેદના ઉપજાવ્યા કરે છે તે એ છે કે, મારાં ખરાં માતાપિતા કોણ છે એ હું હજી સૂધી જાણી શકી નથી. જ્યારે વૃન્દા માતા મને અનાથાશ્રમાંથી પોતાને ઘેર લાવ્યાં ત્યારે તો હું મને પોતાને એમની પુત્રી જ માનતી હતી, પણ જ્યારે તેમણે જણાવ્યું કે, હું તો તેમની પાલિત પુત્રી છું, ત્યારથી આ ચિન્તાએ મારા મનમાં અખંડ નિવાસ કરેલો છે અને એ ચિતારૂપ ચિન્તા નિરંતર મારા હૃદયને બાળ્યા કરે છે." રોહિણીએ શોકનું કારણ દર્શાવ્યું.

"રોહિણી, જે સંશયનાં નિવારણનો કોઈ ઉપાય નથી, તે સંશયમાટે ઉચ્ચાટ કરવો ઉચિત જ નથી. તારા મનમાં, જો તારાં ખરાં માતાપિતાનો પત્તો ન મળે તો હું તારો અસ્વીકાર કરીને બીજી સ્ત્રીનો પતિ થઇશ, એવો સંશય તો નથી ને? જો આવો સંશય હોય, તો કાઢી નાખજે: કારણ કે, પરણવું તો તારી સાથે જ, નહિ તો આજન્મ કુંવારા જ રહેવું, એવો મેં મારો દૃઢ નિશ્ચય કરી રાખ્યો છે. જે ખટકો છે, તે કેવળ આ અસ્વસ્થતાનો જ છે: નહિ તો મારી સાથે તારાં લગ્ન કરી આપવાનું શ્રીમતી વૃન્દા તો મને કયારનુંય વચન આપી ચૂકયાં છે." મોહનલાલે કહ્યું.

"ચાલો, એક વાતની ચિંતા તો ટળી ગઈ. હવે પ્રભુ કરે ને આ બીજી બાબત પણ પ્રકાશમાં આવી જાય, તો કેવું સારું?" રોહિણીએ ઉદ્ગાર કાઢયો.

"જે પરમ કૃપાળુ પરમાત્માએ આટઆટલી આપત્તિઓમાંથી તને બચાવી છે, તે જ પરમાત્મા તારા સુખમાર્ગને આ ચિંતારૂપ કંટકને દૂર કરી નિષ્કંટક બનાવશે, એવો મારો તેનામાં દૃઢ વિશ્વાસ છે. આપણી ચિંતા પરમેશ્વરને હોવાથી આપણે પોતે ચિંતા કરવાનું કાંઈ પણ પ્રયોજન નથી." મોહનલાલે આશ્વાસન આપ્યું.

"શ્રદ્ધાથી કે પછી નિરુપાયવશાત્ પરમેશ્વરમાં વિશ્વાસ રાખી બેસવા વિના છૂટકો જ નથી, અને તેથી તમારા ઉપદેશને હું મસ્તકે ચઢાવું છું." રોહિણીએ નિઃશ્વાસ નાખીને કહ્યું.

"મોહનલાલ," રોહિણી પુનઃ મોહનલાલ કાંઈ બોલે, તે પહેલાંજ કહેવા લાગી, "મારા હૃદયમાં બીજી ચિંતા એ છે કે, જો મારા કુળનો પત્તો ન મળે અને આપણે ધર્મશાસ્ત્રાનુસાર લગ્નગ્રંથિથી એક બીજા સાથે ન બંધાઇએ, તો આજ સુધીમાં તમારા મારાપર જે અનેક ઉપકારો થયેલા છે, તે ઉપકારોનો બદલો વાળી આપવાનો પ્રસંગ મને મળી શકશે નહિ. જો તમારી પત્ની થવાને હું ભાગ્યશાળી થાઉં, તો તો અનેક પ્રકારે તમારાં ચરણોની સેવા કરી ઋણમુક્ત થઈ શકું, અને એથી મારા સ્ત્રીજન્મની સાર્થકતા પણ થાય! પણ મારી એ આશા વંધ્યાપુત્ર સમાન છે, એમ જ મારી મનોદેવતા મને વારંવાર કહ્યાં કરે છે."

"રોહિણી, આવા બનાવો દુનિયામાં ઘણા બન્યા કરે છે; તારા સંબંધમાંજ આ બનાવ બન્યો છે, એમ તારે ધારી લેવાનું નથી. ગુમ થયેલાં માણસોનો અથવા તો કોઈ કારણથી વિખૂટાં પડેલાં અને લાંબા કાળના યોગે એક બીજાને ભૂલી ગયેલાં—એક બીજાને ઓળખી ન શકતાં માણસોનો વર્ષો પછી ભેટો થવાનાં અનેક ઉદાહરણો જૂના ઇતિહાસ અને નૂની દંતકથાઓમાંથી આપણને મળી શકે છે. તારા સંબંધમાં પણ એમ કાં ન બને? આશાને ત્યાગી સર્વ પ્રકારે નિરાશાને જ સ્વીકારી લેવી યોગ્ય નથી. આશા જ મનુષ્ય પ્રાણીનું સત્ય જીવન હોવાથી આશાનો કદાપિ ત્યાગ ન કરવો. કંગાલમાં કંગાલ મનુષ્યની પણ જો કોઈ સંપત્તિ હોય તો તે આશા જ છે. આશા દીનજનોની મોટામાં મોટી સખી છે, અને આશાને દીનજનના ભોજનના નામથી એટલામાટે જ ઓળખવામાં આવે છે. આશાની પ્રેરણાથી મોટાં મોટાં અને અશક્ય કાર્યો પણ શક્ય અને સંપૂર્ણ કરી શકાય છે. એલેક્ઝાંડર ધિ ગ્રેટ વિશે એક એવી આખ્યાયિકા છે કે, જ્યારે મેસિડોનના સિંહાસને આરૂઢ થયા પછી તેણે પોતાની સર્વ વસ્તુઓ પોતાના મિત્રોને આપી દીધી—રાજ્યનો મોટો ભાગ પણ તેમને આપી દીધો કે જે તેનો પિતા તેના માટે મૂકી ગયો હતો, ત્યારે પરડિકાએ તેને પૂછ્યું કે, 'તમે હવે તમારા માટે શું બાકી રાખ્યું છે?' એના જવાબમાં એલેક્ઝાંડરે જણાવ્યું કે, "જે સર્વની સર્વથી મહત્તમ સંપત્તિ આશા છે, તે આશાને મેં મારા માટે બાકી રાખી છે!" એ અમર આશાને અવિચલતાથી અંતઃકરણમાં ધારી રાખવી, એ પ્રત્યેક મનુષ્ય પ્રાણીનો પરમ ધર્મ છે. રોહિણી, તું વિદુષી હોવાથી તને મારે વધારે શો ઉપદેશ આપવો? નિરાશાથી મનોવેદના અને શરીરક્ષીણતાનો ઉદ્ભવ થતાં અંતે પ્રાણના પ્રયાણનો પ્રસંગ

આવી લાગે છે, માટે એ નિરાશાને કદાપિ હૃદયમાં સ્થાન ન આપવું, એ જ મારો આગ્રહ છે.'' મોહનલાલે વિશેષ પ્રેમથી રોહિણીને શાંત કરવાનો પ્રયત્ન કર્યો.

''પ્રભુ તમારાં વચનો અને તમારી આ આશાને ફળીભૂત કરે!'' રોહિણી એટલું બોલીને એકીટસે મોહનલાલના મુખને જોઈ રહી. પોતાના પ્રિયકરને પરિરંભણ આપી બાહુપાશમાં બદ્ધ કરી લેવાની એ નવયૌવનાને અનેકવાર ઇચ્છા થઈ આવતી હતી, પરંતુ વિનય તેને તેમ કરતાં અટકાવતો હતો. તે મનમાં કહેવા લાગી કે;–''કદાચિત્ તસ થઇને મદનવશ થઈ જવાય તો? ના ના, મારા વિનયને અને મારા ધર્મને હું કદાપિ ત્યાગવાની નથી તે નથી જ. હશે, ભાગ્યમાં જે લખાયલું હશે તે થશે; વિશેષ ચિન્તા કરવાથી ખરેખર કશો પણ લાભ થવાનો નથી.''

મોહનલાલના મનમાં પણ કાંઇક એવા જ પ્રકારના વિચારો ચાલતા હતા. બન્ને વિનયસંપન્ન અને મનોનિગ્રહી હોવાથી અત્યાર સુધી પ્રેમના અતિરેકપણાથી મર્યાદાનો ભંગ કરી શકયાં નહોતાં. ખરેખર પ્રેમ હોય, તો તે આવો જ મર્યાદાયુક્ત અને ધર્મભાવમિશ્રિત જ હોવો જોઇએ. યુરોપીયનો કાર્ટશિપ'ના નિમિત્તથી જેમ સર્વ પ્રકારની છૂટ લે છે અને જે પાશ્ચાત્ય કોર્ટશિપનો હિન્દુસ્તાનની પારસી ઇત્યાદિ કેટલીક સુધરેલી જાતિઓમાં પણ પ્રવેશ થઈ ચૂકયો છે, તે અતિશય નિંદ્ય અને પરિત્યાજ્ય છે. આર્ય પ્રેમનો એ આદર્શ હતો નહિ, છે નહિ અને થવાનો પણ નથી.

બન્ને પ્રેમી જનો એવી રીતે વિચારમુગ્ધ થયેલાં હતાં, એટલામાં અચાનક નીચે માર્ગમાં કાંઇક કોલાહલ થવા માંડ્યો અને તે કોલાહલનો ધ્વનિ તેમના કાનોમાં આવી અથડાયો. અચાનક વિચારનિદ્રામાંથી જાગૃત થઈને રોહિણીએ પૂછયું કે;–''માર્ગમાં આ શો કોલાહલ છે?''

''તોફાની છોકરાઓ ધમાચકડી કરીને બૂમો મારતા જણાય છે. આપણે શું–હમણાં જ તેઓ ચાલ્યા જશે.'' મોહનલાલે કહ્યું.

''નહિ, નહિ; ચાલો આપણે બારીમાંથી જરાક જોઇએ કે આ કોલાહલનું કારણ શું છે!'' રોહિણીએ આગ્રહ કર્યો.

એક તો સ્ત્રીના સ્વભાવમાં કોઈ પણ નવીન વસ્તુને જોવામાટેની અધિક આતુરતા રહેલી હોય છે અને અત્યારે તો વળી જો બીજા વિષયમાં ધ્યાન પરોવાય તો મનમાં થતા વિચારની ગતિ કાંઇક ઓછી થાય, એ બે કારણોથી રોહિણીએ આગ્રહ કર્યો.

બારીમાં ઉભાં રહી નીચે ચાલતા કોલાહલને જોવામાં કાંઈ પણ હાનિનો સંભવ ન હોવાથી મોહનલાલ પોતાની પ્રિયતમાની ઇચ્છાને વશ થયો અને તત્કાળ તે બન્ને બારીમાં ઉભાં રહી નીચે માર્ગમાં ચાલતા પ્રકારને જોવા લાગ્યાં.

ત્યાં તેમણે શું જોયું?

પ્રકરણ ૬૦ મું
ઉન્મત્ત કે વિપત્તિગ્રસ્ત?

માર્ગમાં છોકરાઓનું એક મોટું ટોળું એકઠું થયેલું હતું. તેમની વચ્ચે એક ગાંડા જેવો દેખાતો માણસ, જેમ શૂરવીર પુરુષ શત્રુઓના સમૂહ વચ્ચે ઘેરાઈ જાય છે, તેવી રીતે ઘેરાઇને ઉભેલો હતો. તે આમતેમ દૃષ્ટિપાત કરતો જોતો હતો. એ માણસની ઉમ્મર પચાસ વર્ષથી ઉપરની દેખાતી હતી. તેના દુ:ખી જીવનને સૂચવનારી મુખમંડળમાંની કરચોળિયો પણ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થતી હતી. છતાં એક વિલક્ષણતા એ હતી કે, આવા સંકટમાં હોવા છતાં અને લોકો તેને એક ગાંડા તરીકે ઓળખતા હોવા છતાં, તેનાં નેત્રોમાં એક પ્રકારનું વિશિષ્ટ તેજ ચમકતું હતું અને કોઈ કોઇવાર તેના મુખમાંથી વિદ્વાનોના શબ્દો જેવા શબ્દો નીકળતા સંભળાતા હતા. તેનાં વસ્ત્રો ફાટેલાં તૂટેલાં હતાં, મસ્તક તથા દાઢી મૂછોના વાળ એટલા બધા વધી ગયા હતા કે, જટાધારી અઘોરી બાવાનું ચિત્ર જ જોનારનાં નેત્રો સમક્ષ આવીને ઉભું રહેતું હતું. છેલ્લા ચાર પાંચ મહિનામાં એ ગાંડો ગિદ્દુ બંદરમાં ત્રણ ચાર વાર આવી ગયો હતો. જ્યારે તે આવતો ત્યારે ગામનાં છોકરાં તેની આસપાસ એકઠાં થઇને તેને ચીડવવાનો ધંધો લઈ બેસતાં હતાં. નવરા બેઠા નખ્ખોદ વાળનારા છોકરાઓને આ એક નવો વ્યવસાય મળવાથી એક મોટા ઉત્સવનો ભાસ થતો હતો; પણ તેમની પજવણીથી તે બિચારા ગરીબનો જીવ જતો હતો. કેટલાક સમજુ માણસો છોકરાઓને સમજાવવાનો અને તોફાન ન કરવાનો વારંવાર ઉપદેશ આપતા હતા, પણ તે ભૂતોના મનમાં તેનું કાંઈ પણ પરિણામ થઈ શકતું નહોતું. એ ઉપદેશથી તેઓ બમણા છેડાતા હતા. પ્રથમ મોટેથી બૂમો પાડતા હોય, તો ઉપદેશ સાંભળ્યા પછી પથરા અને ઢેખાળા ઉછાળતા હતા. 'છોકરાંથી ડરીને ભૂત પણ ભાગી જાય છે' એમ જે કહેવામાં આવે છે તે કાંઈ ખોટું તો નથી જ. એ ગાંડો પણ છોકરાઓ સાથે સારી રીતે ઝુંબેશ કરતો હતો, પણ આજે તે ભૂખ્યો હોવાથી, થાકી ગયેલો હોવાથી કે પછી બીજા કોઈ કારણથી છોકરાઓએ જેવો તેને પજવવા માંડ્યો, એટલે તેના જવાબમાં કાંઈ પણ ન બોલતાં, રસ્તાની વચ્ચે નિરાશ થઇને બેસી ગયો અને પથરાના મારને મુંગે મોંઢે સહન કરવા લાગ્યો. તેની આવી વિડંબનાને જોઇને સરળ હૃદયની રોહિણી અને પરપીડાસહિષ્ણુ મોહનલાલના મનમાં અતિશય ત્રાસ થવા લાગ્યો અને તેમનાં અંત:કરણો દયા તથા કરુણાથી પીગળી ગયાં.

જેમ જેમ તે ગાંડો વધારે શાંત થતો જતો હતો, તેમ તેમ છોકરાઓ તેને વધારે વધારે સતાવતા હતા. ગાંડાના હાથમાં પથરા કે લાકડી વગેરે કાંઈ પણ ન હોવાથી તેઓ હવે તેને લાતો અને તમાચા મારવાની હદ સુધી પણ આવી પહોંચ્યા. અંતે એ દુ:ખ અસહ્ય થઈ પડવાથી તે લાચાર થઇને બોલ્યો કે:—"ભાઇઓ, મરી ગયેલાને મારવાથી તમને શો લાભ થવાનો છે? મારા જેવા એક દુ:ખથી પીડાતા માણસને દયા દર્શાવી આશ્રય આપવાને બદલે આવો ત્રાસ આપો છો, એ સારું નથી. હું તમને શાપ નથી આપતો, હું તો સાંખું છું, પણ મારો પરમેશ્વર નહિ સાંખે! શું એવો કોઈ દયાળુ આત્મા નથી કે, જે મારા જેવા રંકની સંભાળ લે અને મને આ ત્રાસમાંથી છોડવે?"

આ શબ્દો ઉચ્ચારતાં તે રડી પડ્યો. જો કે ઉપર બારીમાં ઉભેલાં રોહિણી અને મોહનલાલ તેના મુખમાંથી નીકળેલા શબ્દોને તો સ્પષ્ટતાથી ન સાંભળી શક્યાં, પણ તેની અંગચેષ્ટા અને અશ્રુધારાને જોઇને તેના મનોભાવને તેઓ ઘણેક અંશે જાણી ગયાં. રોહિણીએ મોહનલાલને કહ્યું કેઃ–"પ્રિયકર, આ ગરીબને અત્યારે આપણે મદદ આપવી જ જોઇએ; કારણ કે નહિ તો આ તોફાને ચઢેલા છોકરાઓ એ બિચારાને મારી નાખશે કે પછી આવા ત્રાસથી કંટાળીને એ પોતે જ આત્મહત્યા કરી નાખશે!"

'અહા–દુનિયામાં માણસો કેવાં જૂદાં જૂદાં દુઃખોથી પીડાય છે! આપણે એક દુઃખથી પીડિત છીએ, તો આ બિચારાની પીડા બીજા પ્રકારની છે. સર્વ પ્રકારે સુખી તો કોઈ ચક્રવર્તી રાજા પણ નહિ હોય–તેને પણ કોઈ એવું આંતરિક દુઃખ હશે કે જેની બીજાને કલ્પના થવી પણ અશક્ય છે. "ચન્દ્રકાન્ત"નો કર્તા લખે છે કે, દુનિયામાં કોઈ સુખી જ નથી." મોહનલાલે કહ્યું.

"ચાલો, એ બાપડાને નીચેના એક ઓરડામાં લાવીને બેસાડીએ અને એને જે જોઇતું હોય તે આપીએ." રોહિણીએ કહ્યું.

મોહનલાલ નીચે આવી બે ત્રણ નોકરોને લઇને તે ગાંડા પાસે આવ્યો અને લાકડીવતી છોકરાઓના ટોળાને વીખેરી નાખીને તે ગાંડાને કહ્યું;–"ભાઈ! મારી સાથે આ પાસેના ઘરમાં ચાલો. અમે તમારી સારી બરદાશ્ત કરીશું. આમ માર્ગમાં જ પડી રહેશો, તો આ છોકરાઓ તમને જંપીને બેસવા દેશે નહિ."

"ભગવાન્ તમારું ભલું કરે! ગરીબોપર દયા રાખો છો, તેનો બદલો પરમેશ્વર તમને જલ્દી જ આપશે!" એવો અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપીને તે ગાંડો મોહનલાલ સાથે વૃન્દાના મહાલયમાં આવ્યો.

તે ગાંડાના ભાષણને સાંભળતાં તે ગાંડો નહિ, પણ કોઈ ભયંકર ગ્રહદશાના ચક્રમાં પડીને પીડા પામતો વિપત્તિગ્રસ્ત મનુષ્ય જ છે, એવો મોહનલાલ તથા રોહિણીનો નિશ્ચય થઈ ગયો. પ્રથમ તો તેમણે બે નોકરોને તે ગરીબને સ્નાન કરાવી સારાં વસ્ત્રો આપવાની તથા ત્યારપછી સાદું અને હલકું ભોજન આપવાની આજ્ઞા કરી. સ્નાન કરી ધોયેલાં કપડાં પહેરીને બેઠા પછી રોહિણી અને મોહનલાલ તેની પાસે આવીને બેઠાં અને ભોજનમાં થોડોક વિલંબ હોવાથી રોહિણીએ સભ્યતાથી તેને પૂછ્યું–"તમે કોણ છો અને આવી દુર્દશામાં કેમ આવી પડ્યા છો? લોકો તમને ગાંડાના નામથી ઓળખે છે, પણ અમને તો તમારામાં ગાંડાપણાનાં કશાંય ચિહ્નો દેખાતાં નથી. તમારો વૃત્તાંત કહી સંભળાવશો, તો અમે તમારા દુઃખનિવારણનો બનતો ઉપાય કરીશું."

"બહેન, મારી કર્મકથા બહુ જ લાંબી છે. હુ ગાંડો નથી; પણ મારી ભયંકર ભાગ્યરેષાએ મને ગાંડો બનાવી નાખ્યો છે. તમારાં જેવા દયાળુ અને ભલાં માણસોને મારી કર્મકથા સંભળાવવામાં મને કશોય વાંધો નથી, પણ અત્યારે મારામાં વધારે બોલવાની શક્તિ ન હોવાથી હું તમારી આકાંક્ષાને તૃપ્ત કરી શકું તેમ નથી અને તે-માટે મને ખેદ થાય છે. જો એક બે દિવસ દયા કરીને મને અહીં રાખશો અને મને આહાર મળશે, એટલે હું મારો વૃત્તાંત અવશ્ય કહી સંભળાવીશ. આજે ત્રણ દિવસથી

મેં કાંઈ પણ ખાધું નથી; માત્ર પાણી પીને જ મારા જીવને ટકાવી રાખ્યો છે. મને અત્યારે ચક્કર આવે છે!" એમ કહીને તે ખાટલામાં પડી ગયો.

થોડીવારમાં જ રસોઇઓ ખાવાનું લઈ આવ્યો અને રોહિણી તથા મોહનલાલે પાસે બેસીને જ તેને જમાડ્યો. અન્ન અને પ્રાણનો કેવો આશ્ચર્યકારક સંબંધ કે ઉદરમાં અન્ન જતાંની સાથે જ તે દુઃખી મનુષ્યના મુખમંડળમાં કાંઇક તેજની છટા દેખાવા લાગી. આ બધી કાર્યાવલી થતાં સુધીમાં સંધ્યાકાળ થવા આવ્યો અને તે ગરીબ હજી તો જમતો હતો, એટલામાં કોર્ટમાંથી પાછાં ફરેલાં વૃન્દા, આલમચંદ, યશોદા, આનંદાનંદ અને સીતા તેમજ વાધૂમલ્લ આદિને લઇને આવેલી ગાડીઓ દરવાજા બહાર ઉભી રહી. એક નોકરને એ દીન અતિથિની સર્વ પ્રકારે સંભાળ રાખવાની આજ્ઞા આપીને રોહિણી તથા મોહનલાલ દરવાજાપર ગયાં. વૃન્દાએ ગાડીમાંથી ઉતરતાં જ રોહિણીને માથાપર હાથ ફેરવી પ્રશ્ન કર્યો કે;–"કેમ બેટા, અત્યારે પ્રકૃતિ કેમ છે?"

"ઠીક છે, માતા!" રોહિણીએ તેની છાતીએ માથું અડકાડીને કહ્યું.

સર્વ ઘરમાં આવીને બેઠા પછી પ્રથમ મોહનલાલે વાધૂમલ્લના મુખથી કોર્ટમાં ચાલેલા કામકાજની બધી હકીકત જાણી લીધી. પછી રોહિણીએ વૃન્દાને તે કંગાલ માણસની વિડંબનાની વાર્ત્તા કહી સંભળાવી અને પોતે તેને આશ્રય આપીને ઘરમાં રાખ્યો હતો તે માટે પૂછ્યું કે;–"એમાટે આપની અનુમતિ છે કે નહિ?"

"આવા પરોપકારના કાર્યમાં કોણ અનુમતિ ન આપે? એવું અભાગિયું તે કોણ હોય?" વૃન્દાએ કહ્યું.

"પરંતુ અત્યારે આપણા શત્રુઓની સખ્યા વધેલી હોવાથી આવા અજ્ઞાત મનુષ્યોને એકાએક પોતાના ગૃહમાં આશ્રય આપવા પહેલાં ઘણો જ વિચાર કરવાનો છે. ગાફિલ અને અસાવધ રહેવાથી કદાચિત્ આપણામાંથી કોઇના પ્રાણપર પણ આવી બને! કારણ કે, ધર્માન્ધતા એક મહા વિલક્ષણ વસ્તુ છે. પ્રેમલા ધર્માન્ધો શું કરશે અને શું નહિ, એનો નિયમ નથી, એટલા માટે સાવધ રહેવું, એ વધારે સલામતી ભરેલું છે." વાધૂમલ્લે યોગ્ય સૂચના આપી.

મોહનલાલના મનમાં પણ એથી સંશયનો સંચાર થયો. જો કે તે દયાને એકદમ દેશવટો તો ન જ આપી શકયો, પણ એટલી સંભાળ તો લીધી કે, બે માણસોને તે ગરીબ માણસની કોટડી પાસે દેખરેખ રાખવાની અને આખી રાત વારા ફરતી ત્યાં જાગતા બેસવાની સખ્ત સૂચના આપી દીધી. ત્યારે શું એ કંગાલ માણસ કોઈ કપટવેશધારી દુરાત્મા હતો? અમારાથી અત્યારે કાંઈ પણ કહી શકાય તેમ નથી.

——:o:——

પ્રકરણ ૬૧ મું

સહુ સહુને ઘેર

બીજે દિવસે સવારમાં ચાહ નાસ્તો લેવાને સર્વ જનો ઉપરના મોટા હૉલમાં એકઠાં થયાં. વૃન્દા, યશોદા, રોહિણી અને સીતા એ ચાર સ્ત્રીઓ તથા દીવાન

આલમચંદ, વકીલ વાધૂમલ્લ, મોહનલાલ અને આનંદાનંદ ઉર્ફે ચંદ્રશંકર એ ચાર પુરુષો મળીને આઠ માણસની મહેફિલ જામેલી હતી. નોકરો સર્વની આગળ ટેબલો-પર પૂરી તથા મુરબ્બાની રકાબીઓ અને ચાહના ભરેલા કપ મૂકી ગયા. નાસ્તાને ઇન્સાફ આપવાની શરૂઆત કરવા સાથે વાધૂમલ્લ વકીલે બોલવાની શરૂઆત કરતાં કહ્યું કે;–"વૃન્દાબાઈ, મારો હવે આજ રાત્રે જ કરાંચી જવાનો વિચાર છે; કારણ કે, મહાત્માપરનો કેસ સેશન્સ કમિટ થયેલો છે અને સેશન્સ બેસવાને હજી ઘણો વખત છે. મી. ચાર્લી અને મી. અમીરઅલી તો રાતે જ ચાલ્યા ગયા છે. કેસ વખતે હું આવીને હાજર રહીશ. એ વિશે તમારે જરા પણ ચિંતા રાખવી નહિ. કેમ મોહનલાલ, તમે કરાંચી ક્યારે આવો છો?"

"તમને હું રોકી શકતી નથી; કારણ કે, તમારો વકીલાતનો ધંધો હોવાથી તમારા અસીલોના લાભમાટે તમારી ત્યાં ખાસ અગત્ય છે. પણ મોહનલાલે એક મહિનાની રજા લીધેલી હોવાથી અને અહીંથી એઓ પોતાનાં લખાણ લખી મોકલતા હોવાથી એમને અત્યારે ને અત્યારે કરાંચી જવાની અગત્ય નથી. એ છો ચાર દિવસ અહીં જ રહ્યા!" વૃન્દાએ ઉત્તર આપ્યું.

"આપની એવી જ ઈચ્છા છે, તો હાલ તરત અહીં રહેવામાં મને કશો પણ વાંધો નથી. હું ચાર દિવસ પછી કરાંચી જઈશ." મોહનલાલે, વૃન્દાને 'ભાવતું'તું ને વૈદ્યે બતાવ્યું,' જેવી ઇચ્છાને તરત પોતાની અનુમતિ આપી દીધી.

"જેવી તમારી મરજી; આપણો કાંઈ તમને અત્યારે જ કરાંચી આવવાનો આગ્રહ નથી. તમે અહીં હશો, તો વૃન્દાબાઈ અને રોહિણીનાં મન પણ પ્રફુલ્લ રહેશે અને એમને કેટલીક મદદ પણ આપી શકશો. પણ મોહનલાલ, જો કોઈ એવો જ બનાવ બને અને મારી અગત્ય હોય, તો તરત મને તારથી ખબર આપજો. હું વધારે ભલામણ નથી આપતો." વાધૂમલ્લે માર્મિક વિનોદ કર્યો.

"એ વિશે સર્વથા નિશ્ચિન્ત રહેવું." મોહનલાલે કહ્યું.

તેમની આ વાતની સમાપ્તિ થતાં દીવાન આલમચંદે કહ્યું કે;–"વૃન્દાબાઈ, અમારી સંપત્તિ–ગયેલી સંપત્તિને પાછી મેળવી આપનાર તમે જ છો. આ બધું કેવળ તમારા ચાતુર્યનું જ પરિણામ છે, એટલા માટે આપનો કયા શબ્દોમાં આભાર માનવો, એની મને સૂઝ પડતી નથી. તમને અમે બહુ જ પરિશ્રમ આપ્યો છે, તેની અમે ક્ષમા માગીએ છીએ અને હવે ગુપ્ત રહેવાનું કાંઈ પણ કારણ ન હોવાથી જો આજ્ઞા આપો તો અમે અમારે ઘેર જઇએ. આ કેસનો નિકાલ આવી જવા પછી પાછી નવેસરથી પૈસા ટકાની વ્યવસ્થા કરીને કાશી જઈશું."

"મારો પણ એવો જ વિચાર છે કે: હવે તો પોતાના ઘરમાં જઇને રહીએ તો વધારે સારું." યશોદાએ પતિની ઇચ્છાને પુષ્ટિ આપી.

"બધાંએ સાથે જ પ્રયાણ કરીને મારા દીન ગૃહને શૂન્ય જનહીન બનાવી દેવાનો સંપ કર્યો છે કે શું? આ બધા ગૌડ બંગાળાના ભેદને હું સમજી શકતી નથી. બહેન, મારી યશોદા બહેન, તું પણ મારા ઘરને પારકાનું ઘર ધારે છે ને? ના ના, સંબંધ જાળવવામાં તો ઘણી જ હુશિયાર અને વ્યવહારમાં તો પૂરેપૂરી! વાધૂમલ્લ તો ધંધાને લીધે

લાચારીએ જાય છે, પણ કુંથેલીના કિનારાપર જઈને તમારે શો ધંધો કરવો છે? શું આ ઘર તમારું નથી? ત્યારે આ મારા ઘરને તમે પોતાનું ઘર નથી જ માનતાં ને? તમારા આ ભિન્ન ભાવની તો મને આજે જ ખબર પડી!" વૃન્દાએ ખેદથી પોતાના મનના ઉભરાઓ કાઢવા માંડ્યા.

યશોદાએ પોતાના પતિની ઈચ્છાને અનુમોદન આપ્યું તો ખરું, પણ વૃન્દાના આ વાગ્બાણથી હવે તેની વાચા બંધ થઈ ગઈ. આના જવાબમાં તેનાથી કાંઈ પણ બોલી ન શકાયું. આલમચંદ પણ વધારે બોલી ન શકયો. વાઘૂમલ્લનો સ્વભાવ કાંઇક વિનોદી હોવાથી તે પતિપત્નીને નિરુત્તર થયેલાં જોઇને તેણે વૃન્દાને સવાલ કર્યો કે:-"ત્યારે દીકરી જે સાસરે જાય છે તે માતા પિતાના ઘરને પારકાનું ઘર જાણીને જ કે? કદાચિત્ આ રોહિણી બહેનને કાલે ઉઠીને સાસરે જવું પડશે, તો એમનાપર પણ એવો જ આરોપ મૂકશો કે?"

"લ્યો બહેન, તમને વગર પૈસાના વકીલ પણ મળી ગયા અને તેમણે તમારી બ્રીફને હાથમાં લઇને લડવાની શરૂઆત પણ કરી દીધી. હવે તો એમના કરતાં કોઈ સારો વકીલ મારા તરફથી લડવાને ન નીકળી આવે, ત્યાં સુધી મારાથી કાંઈ પણ તકરાર લઈ શકાય તેમ નથી. વાઘૂમલ્લભાઈ, તમે તો મને બોલતી બંધ જ કરી નાખીને શું!" વૃન્દાએ પણ વિનોદ કર્યો.

"પણ તમારી તકરારમાં વચ્ચે મારું નામ શામાટે લાવો છો ને મને શાને શરમાવો છો?" રોહિણીએ લજ્જાદર્શક ભાવથી કહ્યું.

આહે નાસ્તાના કાર્યની સમાપ્તિ થઈ અને નોકર ચિલમચી તથા પાણી લાવીને બધાંના હાથ ધોવડાવી ગયો. ટુવાલવતી હાથ લૂછતાં લૂછતાં આલમચંદે યશોદાને કહ્યું કે;-"ત્યારે આપણે હવે શું કરવાનું છે?"

"હવે હું તો કાંઈ પણ બોલવાની નથી. જેમ વૃન્દા બહેન કહે તેમ કરીશ" યશોદાએ બધો ભાર વૃન્દાના શિરપર નાખી દીધો.

"ઠીક છે; જો તમારે જ ઘેર જવાની તમારી ઘણી જ ઇચ્છા હોય, તો આવતી કાલે જજો અને બેચાર દિવસ ત્યાં રહીને પાછાં અહીં આવજો. તેમ નહિ કરો, તો આપણો સંબંધ છે તેવો રહેવાનો નથી." વૃન્દાએ અનુમતિ આપી.

"તમારી એવી જ ઈચ્છા છે, તો એમ કરીશું." આલમચંદે કહ્યું.

"બધાનો નિકાલ તો થઈ ગયો, પણ આપણો નિકાલ થાય એમ જણાતું નથી; કારણ કે, આપણા ઘરબારના તો વાંધા જ છે અને તે ઉપરાંત વળી 'જોરુ ન જાતા અલ્લામિયાંસે નાતા' જેવો હિસાબ છે, એટલે આપણે કયાં જવાની દરખાસ્ત મૂકીએ?" આનંદાનંદ ઉર્ફે ચંદ્રશંકરે કહ્યું.

"તમે તમારા પિતાશ્રીની જાગીર અને માલમિલકત સંભાળવાને ભાવનગર જાઓ!" સીતાએ કહ્યું.

"કેમ સીતા, અત્યારે તમને પણ હાસ્યવિનોદ કરવાની ઇચ્છા થઈ આવી કે?" આનંદાનંદે વક્ર દૃષ્ટિથી કહ્યું.

"દયામયીને તમે સંભળાવેલા પોતાના વૃત્તાંતની મને સ્મૃતિ થઈ આવી." સીતાએ ઉત્તર આપ્યું.

"પણ તમે ક્યાં જવાનો વિચાર કર્યો છે?" **આનંદાનંદે** પૂછ્યું.

"મારી સ્થિતિ પણ તમારા જેવી જ હોવાથી હું પણ ક્યાં જવું અને ક્યાં નહિ, એના જ વિચારમાં પડી ગઈ છું!" **સીતા** બોલી.

"એનો નિર્ણય મારે કરવો પડશે. **આનંદાનંદ**, કાશીમાં આપણા થયેલા પ્રથમ પરિચયના પરિણામે જ તમારે ફરી સિંધમાં આવવું પડયું છે, એટલે તમે મારે ઘેર ચાલો અને **સીતા**એ **રોહિણી**ને આપત્તિમુક્ત કરેલી હોવાથી **સીતા**ને અહીં જ રહેવા દો!" **આલમચંદે** વચલો માર્ગ કાઢ્યો.

"અતિથિઓમાં પણ ભાગ પાડવા માંડ્યા કે?" **વૃન્દા**એ કહ્યું.

"એ ભાગ ખોટી રીતે પડ્યા હોય, તો કહી નાખો!" **આલમચંદે** કહ્યું.

"તેવો આક્ષેપ તો મારાથી ન જ કરી શકાય. ઠીક, એમ કરવામાં પણ વાંધો નથી. **સીતા** જેવી સુશીલ અને પરોપકારિણી અબળા અમારા ભાગમાં આવી, એ પણ અમે અમારાં મહાભાગ્ય જ સમજીએ છીએ!" **વૃન્દા**એ કહ્યું.

સીતા **આનંદાનંદ**થી જૂદી પડવા ઇચ્છતી નહોતી; **વૃન્દા**ના ગૃહમાં કે **આલમચંદ**ના ગૃહમાં તેની સાથે રહેવાની જ તેની પ્રબળ ઇચ્છા હતી, પણ વિનયશીલતાએ તેના મુખને બંધ કરી નાખવાથી પોતાની એ ઇચ્છાને શબ્દોદ્વારા તે પ્રદર્શિત ન કરી શકી.

રાત્રે **વાધૂમલ** કરાંચી જવાને ઉપડી ગયો; અને બીજે દિવસે **આલમચંદ**, **યશોદા** અને **આનંદાનંદ** કુલેલીના કિનારાપરના પોતાના ઘરમાં રહેવાને ચાલ્યાં ગયાં. **મોહનલાલ** અને **સીતા** એ બે અતિથિઓ **વૃન્દા**ના ગૃહમાં જ રહ્યાં. હયદરાબાદમાં જો કે **મોહનલાલ**ના પિતાનું ઘર તો હતું, પણ **રોહિણી**ના સહવાસસુખની લોલુપતાથી તેણે **વૃન્દા**ને ત્યાં રહેવાનું જ વધારે પસંદ કર્યું હતું. તે વારંવાર જઇને પોતાનાં કુટુંબી જનોને મળી આવતો હતો, એ ખાસ નત્રેસરથી કહેવાની અગત્ય નથી.

—:૦:—

પ્રકરણ ૬૨ મું

પ્રેમલાઓનું ડેપ્યુટેશન

એ જ દિવસે સાંઝે ચાર વાગે એકાએક ત્રણ ચાર બબ્બે ઘોડા જોડેલી ભાડાની ગાડીઓ **વૃન્દા**ના ઘરની નીચે આવીને ઉભી રહી. નોકરે આવીને જણાવ્યું કે, "ન્યાતના કેટલાક અગ્રેસરો આપને મળવામાટે આવ્યા છે અને તેઓ આવવાની રજા માગે છે." **વૃન્દા** એ વખતે **સીતા**ના મુખથી શાક્તસદનનો વૃત્તાંત સાંભળતી બેઠી હતી. તેણે **સીતા** તથા **રોહિણી**ને બીજા ઓરડામાં જવાની આજ્ઞા કરીને નોકરને તે અગ્રેસરોને માનપૂર્વક ઉપર લાવવાનો હુકમ આપ્યો. અગ્રેસરો ઉપર આવ્યા. **વૃન્દા**એ તેમને આવકાર આપ્યો, બેસાડ્યા. આજે પડદામાં ન રહેતાં **વૃન્દા**ને આવી રીતે સ્વતંત્રતાથી વર્તતી જોઇને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા. **વૃન્દા**એ વિનયથી પૂછ્યું;—"આજે ગરીબ દાસીની પર્ણકુટીને ચરણસ્પર્શથી પવિત્ર કરવાનું કારણ શું છે વારુ?"

"કારણ એ જ કે, શ્રીમતી, તમે જ મહાત્મા **ગોપાળદાસ**ને કેદ પકડાવવાના કામમાં આગળ પડતો ભાગ લીધો છે, અને તમારા કાવાદાવાના પ્રતાપે જ આજે

પરમેશ્વરતુલ્ય મહાત્માને કારાગૃહવાસ ભોગવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. આ તમે બહુ જ અયોગ્ય કાર્ય કર્યું છે. એથી આપણી આખી ન્યાત અને આપણા વૈષ્ણવ ધર્મનું નાક સદાને માટે કપાઈ ગયું છે. મહાત્મા ગોપાળદાસ આપણા મહાન્ ધર્મગુરુ છે, અને ગુરુના દુર્ગુણોને પ્રકટ કરવા અથવા તો ગુરુની નિન્દા કરવી, એ એક મોટામાં મોટું પાતક મનાય છે! એ પાતક તમારા હાથે થયેલું હોવાથી ન્યાતને એ વિશેનો જવાબ તમારી પાસેથી માગવાનો પૂર્ણ અધિકાર છે. વળી તમે આપણા જૂના રિવાજોને છોડતાં જાઓ છો, એ પણ તમારો ધર્મભ્રષ્ટતાનું એક પ્રત્યક્ષ પ્રમાણ છે." એક પટેલીયાએ વૃન્દાપર અસત્ય આરોપો મૂકવાનો આરંભ કરીને કહ્યું.

"ત્યારે આપ મહાત્માઓની પધરામણી આજે આટલામાટે જ થયેલી છે કે? મેં ન્યાતના કયા રિવાજોને છોડ્યા અને શી ધર્મભ્રષ્ટતા કરી? એક પાપાત્મા ચાંડાલને તમારા મંડળમાંથી દૂર કરીને તમને અતોભ્રષ્ટ અને તતોભ્રષ્ટ થવાથી બચાવ્યા, એ જ મારો અપરાધ કે?" વૃન્દાએ જરાક કરડાકીથી જવાબ આપ્યો.

"તમે આપણા પડદાના રિવાજને પાળવાને બદલે અત્યારે અમારી સામે બેઠાં છો, અર્થાત્ પુરુષમંડળમાં બેસો છો, ધર્મગુરુને કારાગૃહમાં નખાવો છો, તેને પાપાત્મા ચાંડાલ કહો છો અને એક અજ્ઞાતકુલશીલા બાળાને પોતાના ગૃહમાં પાળી પોષી મોટી કરી તેને જ તમારી વારસ બનાવવા ધારો છો, એ જ્ઞાતિનિયમનો અને ધર્મનિયમનો ભંગ નહિ તો બીજું શું છે, તે કહો?" એક બીજા મોભાગ્ર બુદ્ધિના અગ્રેસરે અપરાધોની સંખ્યા ગણાવી.

"હું તમો સર્વને મારા બંધુ–અરે સહોદર ભ્રાતા માનું છું, એટલે પોતાના ભ્રાતાઓ સમક્ષ ભગિનીને પડદો રાખવાની કાંઈ પણ આવશ્યકતા નથી. તેમજ જેનામાં ધર્મગુરુનું એક પણ લક્ષણ ન હોય, એવા મહા દુરાચારી અને અધમ પુરુષને પાપાત્મા ચાંડાલ કહેવામાં અને કારાગૃહમાં નંખાવવામાં હું પાપ માનતી નથી. જે અજ્ઞાતકુલશીલા બાળાને મેં મારા ગૃહમાં પાળી પોષીને મોટી કરી છે અને જેને હું મારી મિલકતની વારસ બનાવવા ધારું છું, તે બાળા અવશ્ય ઉચ્ચ કુળની જ છે એમ તેનાં લક્ષણો અને સામુદ્રિક ચિહ્નોથી સિદ્ધ થઈ ચૂકયું છે, એટલે એમાં મેં જ્ઞાતિનિયમ કિંવા ધર્મનિયમનો લેશ માત્ર પણ ભંગ કર્યો નથી." વૃન્દાએ પોતાપર કરાયલા આક્ષેપોનો અસ્વીકાર કર્યો.

"તમે એ કૃતિઓને અપરાધ તરીકે નહિ માનતાં હો, પણ ન્યાત તેમ માને છે અને તેથી અમારું એ જ કહેવું છે કે, જો મહાત્માપરના કેસમાટેના તમારી પાસેના પૂરાવાઓને દાબી રાખો, તમારા કેસને લૂલો કરી નાખો અને મહાત્માના છૂટકારાના માર્ગને સરળ કરી આપો; તો એ તમારા અપરાધોની અમે તમને ક્ષમા આપીશું અને એની વધારે ચર્ચા નહિ ચલાવીએ. પણ જો અમારી આ પ્રાર્થનાનો અસ્વીકાર કરશો; તો અમે તમને આ કેસની સમાપ્તિ પછી જરૂર ન્યાત ભેગી કરીને ન્યાત બહાર મૂકીશું એટલું જ નહિ, પણ તમારી પાયમાલીના બીજા જે ઉપાયો યોજવાના હશે, તે યોજવામાં આગળ પાછળનો વિચાર નહિ રાખીએ." એક ત્રીજા ચકરમ્ મગજના શેઠિયાએ ભાંગરો વાટી નાખ્યો.

"હવે મહાત્માના બચાવનો ઉપાય મારા હાથમાં કે બીજા કોઇના હાથમાં નથી; કારણકે, બધા પૂરાવા કોર્ટમાં રજૂ થઈ ચૂક્યા છે. પણ ધારો કે, આલમચંદવાળા કેસમાંથી મહાત્મા છટકી જાય, તોપણ શાક્તસદનમાંનાં તેનાં કાળાધોળાંનો કેસ તો તેની ઉપર કાયમ રહેશે જ! તે કેસમાં ફરિયાદી પોલીસ હોવાથી કોઇનું કાંઈ પણ ચાલી શકે તેમ નથી. આ બાબત તમારા જાણવામાં છે ખરી કે નહિ?" વૃન્દાએ બીજી આપત્તિનું દર્શન કરાવ્યું.

"તમે તમારા કેસનું કરો—પોલીસ સાથે અમારે જે ગોઠવણ કરવાની હશે, તે કરી લઈશું! પૈસાથી બધું બની શકશે. ધર્મગુરુને શિક્ષા તો નહિ જ ભોગવવા દઇએ!" ચોથાએ પોતાના ચાતુર્યનું પ્રદર્શન કરી બતાવ્યું.

હવે વૃન્દાનો અત્યાર સૂધી દબાઈ રહેલો ક્રોધ ઉછળ્યો અને કોપના આવેશમાં તે કહેવા લાગી;—"અત્યારસૂધી મારા ગૃહમાં આવેલા અતિથિઓનું કોઇપણ રીતે અપમાન ન કરવું, એ જ મારો વિચાર હતો. પણ ખરેખર, તમે જ્યારે પોતાની મેળે જ અપમાનને માગી લ્યો છો, તો હવે તમારી નિર્ભર્ત્સના કર્યા વિના મારો છૂટકો જ નથી. જે પાખંડીઓ તમારા અન્ન અને તમારા ધનથી પુષ્ટ થઇને તમારી જ વહૂ દીકરીઓને ભ્રષ્ટ કરે છે, તેમને વ્યભિચારનું શિક્ષણ આપે છે અને તમારી આંખોમાં ધોળે દિવસે ધૂળ નાખે છે, તેમને તમે પોતાના ધર્મગુરુના નામથી ઓળખાવતાં શર્માતા કેમ નથી, એનું જ મને આશ્ચર્ય થયા કરે છે. મદિરાપાન, માંસાહાર, પરધનાપહાર, વ્યભિચાર અને વિલાસવિહાર, એ જ તમારા ધર્મનાં તત્ત્વો છે કે શું? જો એમ જ હોય, તો એ ધર્મની મને આવશ્યકતા નથી; એવાં ધર્મતત્ત્વોનું પાલન કરી પાખંડીઓને પૂજીને તમે એકલા જ સ્વર્ગમાં જઈ વિરાજજો! અમને સ્વર્ગ ન મળે, તો તેની ચિન્તા નથી. અહા જે ક્ષત્રિયો પોતાની માતા, ભગિની, પત્ની, પુત્રી કે પુત્રવધૂને આડી આંખથી જોનારને ત્યાંનો ત્યાં જ રામશરણ કરી નાખતા હતા અને સ્ત્રીઓના સતીત્વને પોતાના પ્રાણ કરતાં પણ અધિક મૂલ્યવાન્ અને પવિત્ર માનતા હતા; તે જ ક્ષત્રિયો, આજે ધર્મના નામની દુકાનો માંડીને બેઠેલા અને ધર્મગુરુના નામને કલંક લગાડનારા પાખંડીઓના હાથે ધોળે દિવસે અને ભરબજારે પોતાની વહૂ દીકરીઓની લજ્જાને લૂટાતી જોવા છતાં શાંતિથી ટગરટગર જોયા કરે છે, એટલું જ નહિ, પણ તેમને અન્ન અને ધનથી પોષી તેનાં પાપોને ઢાંકવાના યત્નો કરે છે; એના કરતાં વધારે બાયલાપણું બીજું શું હોઈ શકે? તમારા મનથી તો સ્ત્રીઓ દર્શન કરવા જાય છે, પણ ત્યાં દર્શન દર્શનને ઠેકાણે રહી જાય છે અને બીજી શી શી બાજીઓ રમાય છે, એની તમો આંધળાઓને કાંઈ ખબર છે ખરી કે? ક્યાંથી હોય? અંધશ્રદ્ધાળુઓને વાસ્તવિક જ્ઞાન હોઈ શકે જ નહિ અને કદાચિત્ કાંઈ જાણવામાં આવે, તો પણ તેને અંધશ્રદ્ધાળુઓ તો ધર્મકૃત્ય જ માનવાના. તમારી જે એ આંખમીચામણી, તે જ વર્ણસંકર પ્રજાની ઉત્પત્તિનું મૂળ કારણ છે. તમને વધારે શું કહું?"

તલમાં તેલ ન જોઇને પ્રેમલાઓનું ડેપ્યુટેશન જેવું આવ્યું હતું તેવું જ વા ખાતું પાછું ચાલ્યું ગયું. વૃન્દાએ ચાહ વગેરે લેવાનો આગ્રહ કર્યો, પણ તેનો તેમણે સ્વીકાર ન કર્યો. તેમના જવા પછી વૃન્દા મનમાં વિચાર કરવા લાગી.

"મારા પર એમનાથી બીજો તો કાંઈ પણ આરોપ મૂકી શકાય તેમ નથી. માત્ર રોહિણીને મારી સંપત્તિની ઉત્તરાધિકારિણી બનાવવાના અને એની જ્ઞાતિને જાણ્યા વિના પાળવાના અપરાધમાટે કદાચિત્ મારે ન્યાતબહાર થવું પડે એમ છે. પણ ચિંતા નહિ–ઈશ્વર સહાયક છે!"

રોહિણી અને **સીતા**એ બાજૂના ઓરડામાંથી આ બધી વાતચીત સાંભળેલી હોવાથી તેઓ આવીને **વૃન્દા**ને આશ્વાસન આપવા લાગી; પણ અનુભવી અને ઘડાયલી **વૃન્દા**ને એવા આશ્વસન કે સાંત્વનની કશી પણ અગત્ય નહોતી. રોહિણીએ કહ્યું; "જો મારા કારણથી જ આપને દુઃખ વેઠવું પડતું હોય, તો મને દૂર કરો. મારું ભાગ્ય મારી સાથે છે!"

"દીકરી, તું ગાંડી થઈ છે કે શું? તારે એ વિશેની કાંઈ વાત જ ન કરવી. એમને પહોંચવાને હું સમર્થ છું!" **વૃન્દા**એ કહ્યું.

એટલામાં **આલમચંદ**ને ત્યાંથી ચીઠ્ઠિ લઇને એક માણુસ આવી લાગ્યો. ચીઠ્ઠિમાં નીચે પ્રમાણેની વિગત હતી;–

"શ્રીમતી **વૃન્દા**ની સેવામાં,

"આવતી કાલે પ્રભાતમાં જો બહેન **રોહિણી**, બહેન **સીતા** અને **મોહનલાલ** આદિને લઇને અમારા દીનગૃહમાં પધારશો, તો મોટી કૃપા થશે. કાલે ભોજન પણ અહીં જ લેવું–ચાર ઘડી આનંદ રહેશે. આભારી **આલમચંદ**"

વૃન્દાએ એ આમંત્રણનો સ્વીકાર કરીને નોકરને જણાવ્યું; "દીવાનજીને કહેજે કે, અમે પ્રભાતમાં જેમ બનશે તેમ વહેલાં જ આવી પહોંચીશું."

આનંદાનંદ અથવા **ચંદ્રશંકર**ને મળવાનો પ્રસંગ આવવાથી **સીતા**ના મનમાં એક પ્રકાના અજ્ઞેય આનંદનો ઉદ્ભવ થયો. **સીતા**ના અંતઃકરણમાં **ચંદ્રશંકર**નાં દર્શનમાટે આટલી બધી આતુરતા શામાટે હોવી જોઇએ?

પ્રકરણ ૬૩ મું

દયામયીનો કાર્યક્રમ

દયામયીએ આરોપમાંથી છૂટી જવા પછી મહાત્માને ભૂલી ન જવામાટેનું જે વચન આપ્યું હતું, તે વચનનું તેણે યથાર્થ પાલન કર્યું. જે દિવસે તે છૂટી, તેને વળતે દિવસે સાંજે જ તે કારાગૃહમાં ગઈ. મહાત્મા વિચાર અને ચિંતામાં નિમગ્ન થઇને બેઠો હતો. તે મનમાં ને મનમાં બોલ્યો:

"**દયામયી** મારા છૂટકાનો કોઈ ઉપાય કરશે ખરી? મને તો આશા નથી. સાધારણતઃ સર્વ સ્ત્રીઓનાં હૃદય નિર્દય હોય છે, અને તેમાં પણ આ શાક્તસદનની અધિષ્ઠાત્રીનું હૃદય તો વળી વિશેષ વિષમય છે. એ મારા પર દયા કરે, એ આશા આકાશકુસુમ સમાન છે. **વૃન્દા** જેવી મહાધર્મધારિણી અને ધર્મભીરુ અબળાએ મારા પ્રતિ આટલી બધી ક્રૂરતા દર્શાવી, તો પછી **દયામયી** જેવી એક નીચ નારી મારા નાશમાં આનંદ માને, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઈ પણ નથી. ના, તે કંઈક કરશે તો ખરી. **દયામયી**

મારા છુટકારામાટેનો પ્રયત્ન કરે, તોપણ તેનો એ પ્રયત્ન સફળ કેમ થશે? મને તો કંઈ સુઝતું નથી. બ્રિટિશ ઈન્સાફની અદાલતમાંથી મારા જેવો ગુનાહગાર, ગુનાહના આટલા બધા ખુલ્લા પૂરાવા હોવા છતાં આબાદ છટકી જાય, એ કદાપિ ન બની શકે તેવું છે. હવે તો જો પરમેશ્વર સહાયક થાય, તો જ આ આપત્તિમાંથી છુટવાની કાંઇક આશા રાખી શકાય!"

જે ટાલિયો ગોપાળ કેવળ લોકોને ઠગવામાટે જ પ્રભુનું નામ ઉચ્ચારતો હતો અને આજસૂધીમાં જેણે અંતઃકરણપૂર્વક કદાપિ પ્રભુનું સ્મરણ કર્યું નહોતું, તેણે આજે માત્ર ખરા ભાવથી ઈશ્વરના પવિત્ર નામનો ઉચ્ચાર કર્યો અને તેના જ સાહાય્યની આશા રાખી. એક કવિ કહે છે કે;—

"તુફાંમેં હય જબ જહાજ ચક્કર ખાતા—
જબ કાફિલા વાદીમેં હય સર ટકરાતા—
અસબાબકા આસરા હય જબ ઉઠ જાતા—
વ્હાં તેરે સિવા કોઈ નહીં યાદ આતા."

અર્થાત્ "જ્યારે નૌકા તુફાનમાં સપડાઇને ચક્કર ખાવા માંડે છે, કાફલો રેતીના રણમાં આપત્તિથી ઘેરાઈ જાય છે, અને બચાવનો કોઇ પણ ઉપાય દેખાતો નથી; તે વેળાએ માત્ર તારા—ઈશ્વરના—વિના બીજા કોઇનું પણ સ્મરણ થતું નથી."

મહાત્મા ગોપાળદાસની પણ અત્યારે એવી જ દુર્દશા થયેલી હોવાથી જો તેણે ખરા ભાવથી ઈશ્વરનું સ્મરણ કર્યું હોય, તો તે સર્વથા સ્વાભાવિક જ હતું.

આવા વિચારોમાં તે નિમગ્ન હતો, એટલામાં અચાનક દયામયી ત્યાં એકલી જ આવી ઉભી રહી. જો કે દિવસમાં બે ચારવાર કેટલાક પ્રેમલાઓ આવ્યા કરતા હતા, પણ અત્યારે દયામયી સાથે તેમાંનો કોઈ પણ પ્રેમલો નહોતો. તે કોઈ ખાસ ઉદ્દેશથી જ એકલી આવેલી હોવી જોઇએ, એવું અનુમાન કરી શકાતું હતું. દયામયીને આવેલી જોતાં જ મહાત્માના સર્વથા હતાશ અને નિરાશ હૃદયમાં કાંઈક આશાનો સંચાર થયો અને તેના મુખમંડળમાં કાંઇક હર્ષની છાયા દેખાવા લાગી. દયામયી આવતાંની સાથે જ તે ઓરડામાં બીજું કોઈ ન હોવાથી મહાત્માની પાસે અંગને અંગ અડકાડીને બેઠી અને પૂછ્યું:—"કેમ શી સ્થિતિ છે?"

"તારા નામની માળા જપ્યા કરું છું અને છુટકારાની કાગને ડોળે વાટ જોયા કરું છું! તું તો છુટી, તેમ જ મારા માટે પણ શોધી કાઢી છે કોઈ રામબાણ જીવનબૂટી?" મહાત્માએ આતુરતાથી એ શબ્દો ઉચ્ચાર્યા.

"જીવનબૂટી તૈયાર છે, માત્ર તમે તેનું સેવન કરો એટલી જ વાર છે!" દયામયીએ હસીને ઉત્તર આપ્યું.

"આપ, આપ, ત્યારે મારી ફરીશ્તન, તે જીવનબૂટી મને જલદી આપ;" મહાત્માએ તેનો પાલવ પકડી આર્જવતાથી પ્રાર્થના કરી.

"આમ ઉતાવળા ન થાઓ—ઉતાવળે આંબા નથી પાકતા. આ કામ બહુ જ સંભાળથી કરવાનું છે; આપણા પ્રેમલા ભક્તોને પણ આ વાતની જાણ થવી ન જોઇએ. છેવટ સૂધી આપણા આ કાર્યને ગુપ્ત અને અજ્ઞાત રાખવામાં જ તમારી ને મારી

ખાસ કરીને સલામતી છે. મારી આજ્ઞાથી જરા પણ વિરુદ્ધ વર્ત્યા, તો મુઆ એમ જ સમજજો! હું જેટલું પાણી પીવડાવું, તેટલું જ પાણી અત્યારે તમારે પીવાનું છે!" દયામયીએ ગંભીરતાથી કહ્યું.

"હું સર્વ પ્રકારે તારી આજ્ઞાને આધીન છું!" મહાત્માએ બધાં હથિયાર છોડી દીધાં.

"ત્યારે જણાવો કે, મંદિરમાંનાં કયાં કયાં છૂપાં સ્થળોમાં તમે ધન આદિ છૂપાવેલું છે? તમને છોડવ્યા પછી મારે પણ આ હયદરાબાદમાં નથી જ રહેવું. તમને નસાડ્યા પછી હું તમારી પાછળ જ આવીશ અને ભવિષ્યમાં આપણે જે દેશમાં જઈને રહીશું, ત્યાં જો આપણી પાસે પૈસા હશે, તો આપણું જીવન આનંદમાં વીતશે. પૈસા વિના 'ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો' એવી જ આપણી સ્થિતિ થઈ પડશે. જો મારામાં વિશ્વાસ હોય, તો એ ભેદ સત્વર બતાવી દ્યો." દયામયીએ, ગોપાળદાસને અત્યાર લગી જેની સ્વપ્નમાં પણ કલ્પના નહોતી, તેવી વિલક્ષણ માગણી કરી.

મહાત્મા પુનઃ વિચારમાં પડી ગયો. વળી દયામયી વિશે તેના મનમાં નાના પ્રકારની શંકાઓ ઉદ્ભવવા લાગી. "એક તો પ્રપંચજાળને વિસ્તારીને એ કોર્ટમાંથી છટકી ગઈ અને હવે મારી બધી મીલકત પણ પોતાના કબજામાં કરી લેવાની ઇચ્છા ધરાવે છે. જો મારું બધું ધન એના હાથમાં આવી જાય, તો પછી મને છોડવવાનો એ શામાટે યત્ન કરે? પછી એને મારું કામ જ શું છે? પણ નહિ; ધારો કે, હું છૂટી ન શકયો, તો એ ધન મને પણ શા કામનું છે? જે હોય તે એને બતાવી દેવું અને ભાગ્યપર આધાર રાખવો. જો છટકી શકયા તો ધનના યોગે એની સાથે મોજમજા ઉડાવીશું અને નહિ તો કારાગૃહમાં સડીને મરવાનું તો છે જ. પણ હા, થોડુંક ધન બતાવ્યા વિનાનું પણ રાખવું તો ખરું જ." મનમાં આવા પ્રકારના નિશ્ચયપર આવીને પછી તે દયામયીને ઉદ્દેશીને કહેવા લાગ્યો;—"દેવી દયામયી, તારાથી કોઈ પણ બાબત મેં છૂપી રાખી નથી અને રાખવાનો વિચાર પણ નથી. આપણા મંદિરમાં શ્રીરાધાકૃષ્ણની જે વિશાળ પાષાણ મૂર્ત્તિઓ છે, તે અંદરથી આખી પોલી છે અને તે બંને મૂર્તિઓમાં કેટલાંક કીમતી મોતી, પોખરાજ, પન્ના તથા સોના મોહોરો ભરેલી છે. એમાંથી નહિ નહિ, તો પણ રૂપીઆ બેથી ત્રણ લાખની મિલકત નીકળશે. એથી વધારે બીજું કાંઈ મેં કયાંય પણ છૂપાવ્યું નથી; અને છૂપાવ્યું હોય તો તેનું મને અત્યારે સ્મરણ નથી."

"ત્યારે આલમચંદનો માલ પણ એ મૂર્તિઓના પોલાભાગમાં જ કેમ ન છૂપાવ્યો કે આજે કારાગૃહવાસી થવાનો પ્રસંગ તો ન આવત?" દયામયીએ પૂછ્યું.

"તે વખતે એમ કરવાનું ભાન જ ન રહ્યું. ભાગ્યે ભૂલ ખવડાવી, એટલે હવે એ વિશે વિચાર અને પશ્ચાત્તાપ કરવો સર્વથા વ્યર્થ છે." આમ કહીને મહાત્માએ ઉપદેશ આપ્યો કે,—"હવે તો એ જ તત્ત્વનો સ્વીકાર કરવાનો છે કે;—

"ગયા જો ઉસકો જાને દો, રખો ઉતના જો હય બાકી;
કહીં અયસા ન હો કે યે, ન બાકી ભી રહે બાકી!"

"તમે મારા વચનમાં અને મારા વર્તનમાં વિશ્વાસ રાખી મને આ ભેદ બતાવી દીધો, એ ઠીક કર્યું. વળી પણ હું તમને જણાવું છું કે, આ વિશ્વાસનો ભંગ હું કરવાની

નથી; એકવાર મારા જીવના જોખમે પણ તમને આ કારાગૃહના બંધનમાંથી મુક્ત તો કરીશ જ. મારા વચનની સત્યતા વિશે મનમાં તિલ માત્ર પણ શંકાને સ્થાન ન આપશો. હવે આપણા પ્રપંચ નાટકમાં તમારે કયો અને કેવા પ્રકારનો વેષ ભજવવાનો છે, તે વિશે હું કાંઈક સૂચના કરીશ."

"હું તે સાંભળવાને તૈયાર છું." મહાત્મા બોલ્યો.

દયામયીએ ઉપર પ્રમાણે મહાત્માની નિષ્કપટતાની પ્રશંસા તો કરી, પણ મનમા તે સારી રીતે જાણતી હતી કે, ચારે તરફની આફતમાં ઘેરાઈ જવાથી જ મહાત્માએ પોલી મૂર્તિમાં છૂપાવેલા ધનનો ભેદ ખુલ્લો કર્યો છે. તે મનમાં કહેવા લાગી, "જો મારામાં એનો આટલા દિવસ ખરો પ્રેમ અને ખરો વિશ્વાસ હોત, તો તો એણે આ ભેદ મને કયારનોય બતાવી દીધો હોત. પણ ચિન્તા નહિ—એના અવિશ્વાસનું ફળ તો એને મળવાનું જ છે અને કોઇપણ ઉપાયે મારો સ્વાર્થ સિદ્ધ થઈ ચૂકયો છે. હવે દુનિયા છે, એ છે અને હું છું—જોઇએ, કોણ ફાવે છે!"

પરંતુ પોતાના એ આંતરિક ભાવોને તેણે બહાર જરા પણ વ્યક્ત થવા ન દીધા. તેનાં ઉપર્યુક્ત ઔપચારિક, પણ આશ્વાસનદાયક વચનોથી મહાત્માના મનમાં છૂટયા પછી નવીન વિલાસોપભોગની આશાનો ઉદય થયો. દયામયીએ તેને હવે પછી ભજવવાના નાટકના વેશ વિશેની કેટલીક સૂચનાઓ આપી અને તે સૂચનાઓ જેમ જેમ મહાત્માના શ્રવણદ્વારમાં પ્રવેશ કરતી ગઈ, તેમ તેમ તેના મુખમંડળમાં કાંઇક તેજસ્વિતાની છાયા દૃષ્ટિગોચર થવા લાગી. એ સૂચનાઓ દયામયીએ બહુ જ ધીમા સ્વરમાં આપેલી હોવાથી અને અતિશય ગુપ્ત હોવાથી અમે સાંભળી શકયા નથી. સૂચનાના કાર્યની સમાપ્તિ થતાં જ મહાત્માએ કહ્યું;—

"મારી પ્રાણેશ્વરી, હું બરાબર તારા ઉપદેશ પ્રમાણે જ વર્તીશ. જરા પણ ભૂલ થવા નહિ દઉં, એ વિશે તારે પૂરેપૂરી ખાત્રી રાખવી. અત્યાર સુધીમાં અનેક પ્રકારના ભિન્ન ભિન્ન વેશો ભજવીને ભોળી દુનિયાને ઠગવાના કામમાં આપણે ફાવી ગયાં છીએ, તો આ વેશની શી બિસાત છે? પણ—" તે પછીના શબ્દો અમે સાંભળ્યા નથી.

"મારા કામની ફિકર તમારે રાખવાની નથી."

એમ કહીને દયામયી ત્યાંથી જવા માટે ઉઠી. મહાત્માએ કેવળ તેના આલિંગનથી જ પોતાના મનોવિકારની તૃપ્તિ કરી લીધી. તે કપટકળાનિપુણ નારી જ્યારે કારાગૃહમાંથી બહાર નીકળી, તે વેળાએ સાંઝના ૯ વાગ્યા હતા. મંદિરમાં આરતીનો સમય થવા આવેલો હોવાથી તરત ગાડીમાં બેસીને તે પોતાના મંદિરમાં આવી. આજથી મંદિરનો અધિકાર દયામયીને આપવામાં આવ્યો હતો અને તેથી તે મંદિરમાં આવી વસી હતી. મહાત્માને બદલે ઠાકોરજીની સેવાપૂજા તથા આરતી ઉતારવાનું કાર્ય તે પોતે જ કરતી હતી. સર્વકળાપ્રવીણ પ્રમદા શું ન કરી શકે?

* * * *

રાત્રે બાર વાગ્યા હતા. મંદિરમાંનાં સર્વ મનુષ્યો નિદ્રાવશ થઈ ગયાં હતાં. દયામયીએ પાછલા દ્વારમાંથી ઠાકોરજીની બેઠકમાં પ્રવેશ કર્યો. ચતુર ચતુરા ચોમેર ચંચળ ચક્ષુ ચમકાવતી ધીમે ધીમે દેવાલયના સિંહાસન પાસે આવી અને રાધા અને કૃષ્ણની વિશાળ

મૂર્ત્તિઓને વસ્ત્રાભૂષણ ઉતારી નગ્ન કરી નાખી. કૃષ્ણની મૂર્ત્તિનો ગુહ્ય ભાગ સ્ક્રૂવાળો હોવાથી તેને ફેરવતાં ત્યાં બાકોરું પડી ગયું અને ઉદરના ભાગમાંથી સોના મોહરો તથા બીજી કીમતી વસ્તુઓ તરત બહાર નીકળી પડી. રાધાની મૂર્ત્તિના સ્તનમાં એવો જ ભેદ હતો. ત્યાંનું દ્વાર વિશાળ હોવાથી તે ભાગમાં અંદરની વસ્તુ હાથ નાખીને બહાર કાઢી શકાતી હતી. મહાત્માએ એમને ખોલવાનો ભેદ પણ જો દયામયીને ન જણાવ્યો હોત, તો જ્યાંસુધી મૂર્ત્તિઓને તોડી નાખવામાં ન આવે, ત્યાંસુધી તેમાંના ધનભંડારનો પત્તો મળવો અશક્ય હતો. મહાત્માના કહેવા પ્રમાણેની કીમત કરતાં પણ વધારે માલ તે મૂર્ત્તિઓના ઉદરમાં ભરેલો દેખાયો. દયામયીના મનમાં પરમ સંતોષ થયો. પરંતુ સંપત્તિને છૂપાવવાની આ યુક્તિ મહાત્માને કયાંથી અને કેવી રીતે સૂઝી હશે, એની તત્કાળ કાંઈ પણ કલ્પના તેના મસ્તિષ્કમાં આવી શકી નહિ. તે મનોગત કહેવા લાગી:–

"અસ્તુ–પણ હવે આ બધું ધન કયાં રાખવું? અત્યારે તો એને મૂર્ત્તિઓના ઉદરમાં જ રહેવા દેવામાં વધારે સલામતી છે. જ્યારે પ્રસંગ આવશે ત્યારે લઈ લેવાશે. ખરેખર જે લોભી પ્રપંચી સાધુ અને બ્રાહ્મણો દેવમૂર્ત્તિના નિમિત્તથી આવી ધનમૂર્ત્તિઓનું જ પૂજન ભજન કરે છે, તેમના ધનસંચયની 'કીડી સંચરે તીતર ખાય, પાપીનો માલ એળે જાય' જેવી જ દશા થાય છે; તેનું આ એક પ્રત્યક્ષ ઉદાહરણ છે. મહાત્માનું અનેક પાપો કરીને સંગ્રહેલું ધન મને કામ આવશે અને આ દયામયી જ એના યોગે નાના પ્રકારના આનંદવિલાસ લૂટશે અને લૂટાવશે!"

આવા વિચારોથી થોડીકવાર સુધી તો પોતાના દેહજ્ઞાનને ભૂલી દયામયી ઉન્માદિની બની ગઈ; પરંતુ ત્યાર પછી ભાનમાં આવી સમસ્ત સંપત્તિને પાછી મૂર્ત્તિઓના ઉદરમાં પધરાવી મંદિરનાં દ્વારને તાળું વાસી પોતાના શયનગૃહમાં આવી શય્યામાં પડી નિદ્રા આવી, પણ નિદ્રામાં પણ તે રાધાકૃષ્ણની ભેદભરેલી ધનમંજૂષરૂપ મૂર્ત્તિઓ અને તેમાંના ધનભંડારનાં જ દર્શન કરવા લાગી. જ્યારે મન અમુક પ્રકારના એક વિશિષ્ટ ધ્યાનમાં નિમગ્ન થાય છે, ત્યારે તેની આવી જ અવસ્થા થઈ જાય છે. તો પછી દયામયીની આવી અવસ્થા થાય, એમાં આશ્ચર્ય જેવું કાંઈ પણ નથી. પ્રભાતમાં તે આરતી ઉતારવા ઉઠી, ત્યારે પણ તે જાણે ધનની જ આરતી ઉતારતી હોયની, એવો જ તેને સાક્ષાત્ ભાસ થવા લાગ્યો.

બપોર પછી દયામયી મહાત્માના સ્થાને કથા કરવાને વિરાજી. દયામયી આજે પ્રથમ જ કથા વાંચવા અને તેનું વ્યાખ્યાન કરવા બેસવાની હોવાથી સ્ત્રી પુરુષોનો શ્રોતૃસમુદાય ઘણો જ સારો આવી ભરાયો હતો. દયામયીએ નળદમયંતી આખ્યાનની પસંદગી કરેલી હતી. તેણે કથાના પ્રસંગમાં નળની પાછળ પડેલા કલિયુગ સાથે મહાત્માના શત્રુઓને સરખાવ્યા અને નળરાજા સાથે મહાત્માની તુલના કરી બતાવી. તેની કથાશ્રવણ કરાવવાની છટાથી સર્વ શ્રોતાઓ પ્રસન્ન થયા અને સ્ત્રીઓની પ્રસન્નતાનો તો અવધિ જ થઈ ગયો. કથાની સમાપ્તિ થતાં જ દયામયીએ દુઃખદર્શક ગંભીરતાથી સર્વને જણાવ્યું: "ભક્તજનો, ગઈ કાલે સાંઝે આ દાસી મહાત્માને મળવા ગઈ હતી અને તે વખતે મહાત્માની પ્રકૃતિ બહુ જ અસ્વસ્થ હતી. આ અત્યાચારથી

તેમના ગંગાજળ સમાન નિર્મળ મનમાં મહાભયંકર આઘાત થયો છે અને મને ભય રહ્યા કરે છે કે, એ અસ્વસ્થતા વધી ન જાય અને અલૌકિક મહાત્માના શરીરનો કારાગૃહમાં જ પાત ન થાય!......"

શ્યામચી હજી તો આગળ કાંઇક બોલવા જતી હતી, એટલામાં મહાત્માના પ્રધાન પાર્ષદે આવીને જણાવ્યું:—"દેવી, મહાત્માની પ્રકૃતિ ઘણી જ લથડી ગઈ છે અને તેમને અત્યારે કારાગૃહની હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. તેની હાલતને જોઇને ડૉક્ટરો પણ ગભરાઈ ગયા છે. શરીરનું બહુ જ અલ્પ ભાન હોવા છતાં પણ તેમની જિહ્વા રાધાકૃષ્ણનો જપ કરતી એક પળ માત્ર પણ અટકતી નથી!"

આ સમાચાર સાંભળતાં શ્રોતૃસમાજમાં હાહાકાર વ્યાપી ગયો. કેટલાક અતિ પ્રેમલાઓ તો ત્યાંથી ઘેર ગયા વિના જ ગાડીઓમાં બેસી બેસીને કારાગૃહ તરફ ગયા. પરંતુ મહાત્માને વિશેષ કોલાહલથી વિશેષ અપાય થવાનો સંભવ હોવાથી જેલની હૉસ્પિટલના ડૉકટરે આજે કોઇને પણ હૉસ્પિટલમાં મહાત્મા પાસે આવવાની અને મળવાની પરવાનગી ન આપી. માત્ર એક બે પ્રતિષ્ઠિત ગૃહસ્થોને દૂરથી તેણે મહાત્માની સ્થિતિ બતાવી દીધી.

ખરેખર શ્યામચીને આલિંગન આપી વિદાય કર્યા પછીના ચોવીસ કલાકમાં મહાત્મા ગોપાળની સ્થિતિ બહુ જ ભયંકર અને નિરાશાજનક થઈ ગઈ હતી. ડૉકટરનો એવો અભિપ્રાય હતો કે, એ માનસિક રોગનું પરિણામ હોવું જોઈએ; મહાત્માના હૃદયની ગતિ મંદ પડી ગઈ અને છાતીમાં ભયંકર દુઃખાવો થતો હતો. જો હૃદય ચાલતું અટકી જાય, તો એ રોગથી તત્કાળ અચિન્ત્ય મરણ પણ થઈ જાય, એવો સંભવ હોવાથી ભક્તજનો સર્વથા નિરાશ થઈ ગયા અને મહાત્માની મુક્તકંઠે પ્રશંસા કરવા લાગ્યા. સર્વ એમ જ બોલવા લાગ્યા: "મહાત્માની આ નરકતુલ્ય પાપી સંસારમાં રહેવાની હવે ઇચ્છા નથી!"

પ્રકરણ ૬૪ મું

પુનરુજ્જીવન

કુલેલીના કિનારાપર એક નવો જ પ્રકાર જોવામાં આવતો હતો. આલમચંદ અને તેની પત્ની યશોદાબાઇની ગેરહાજરીથી જે ભવન ઉજ્જડ અને જનશૂન્ય પડેલું હોવાથી મહાભયંકર ભાસતું હતું, તે જ ભવન આજે તેમાં માનવનિવાસ થવાથી ઇન્દ્રનિલયની શોભાને પ્રદર્શિત કરતું હતું. બંધ દરવાજા આજે ખુલી ગયા હતા; જ્યાં કરોળીઆનાં જાળાં બંધાયલાં હતાં ત્યાં અત્યારે પરમ સ્વચ્છતા જોવામાં આવતી હતી. કુંડામાંના સૂકાયલા રોપાઓમાં જલસિંચનથી પુનઃ નવીનતાથી જીવનનો સંચાર થયેલો દેખાતો હતો; જે મકાનના ઓટલાપર કોઈ રખડતા મુસાફર અથવા ભટકતા ભીખારીઓ પડી રહેતા હતા, ત્યાં અત્યારે દ્વારપાળ અને નોકર ચાકરોની ધામધૂમ દૃષ્ટિગોચર થતી હતી; અને જડતાના સ્થાનમાં ચૈતન્યનો સંચાર પ્રત્યક્ષ અનુભવાતો હતો. નિશાનાથ ચંદ્રના સંયોગથી જેમ નિશાદેવી પ્રફુલ્લ દેખાય છે; વિરહિણી પત્નીના મનમાં પોતાના

પતિના મિલનથી જેવો હર્ષ થાય છે; ક્ષુધાતુરને અન્ન, તથા તૃષાતુરને જળ મળવાથી તેમનો આનંદ જેમ ઉભરાઈ જાય છે; પુત્રના જન્મથી જેમ માતાપિતા હર્ષઘેલાં થાય છે; મિત્રના ભાગ્યોદયથી જેમ સન્મિત્રને સંતોષ થાય છે અને પારસમણિના સ્પર્શથી જેમ લોહ સુવર્ણ બની જાય છે: તેવી રીતે આજે દીવાન આલમચંદ અને યશોદાબાઇના આગમનથી તેમનું ઉજ્જડ ગૃહ જાણે મહા આનંદ તથા હર્ષને પ્રાપ્ત થઇને પ્રફુલ્લ હાસ્ય કરતું હોયની! એવાં જ સર્વ ચિન્હો એ ભવનમાં દેખાતાં હતાં. જીવહીન ભવનનું આજે પુનરુજ્જીવન કિંવા સર્વથા પરિવર્તન થઈ ગયું હતું, એમ કહેવામાં કશી પણ અતિશયોક્તિ થવાનો સંભવ નથી. આજે વૃન્દા, રોહિણી અને મોહનલાલ તથા સીતા આદિ અતિથિઓ પધારવાનાં હોવાથી આલમચંદે પોતાના ભવનને પુષ્પ, પર્ણ અને મોતીનાં તોરણો આદિથી સારી રીતે શૃંગાર્યું હતું, અને તેથી વળી ભવનની ભવ્યતા તથા શોભામાં વિશેષ વૃદ્ધિ થઈ હતી. નોકરો સવારથી પોતપોતાના કામમાં લાગી ગયા હતા અને ભોજનની તૈયારીનું કામ પણ સવારથી જ આરંભાયલું હતું.

લગભગ નવ સાડા નવને શુમારે બે ગાડીઓ આવીને આલમચંદના મકાન પાસે ઉભી રહી. પહેલી ગાડીમાંથી વૃન્દા, રોહિણી અને સીતા ઉતર્યાં અને બીજી ગાડીમાંથી મોહનલાલ, પેલો ગાંડો અતિથિ અને વૃન્દાનો મુનિમ વગેરે ઉતર્યા. આમંત્રિત અતિથિઓને આદરપૂર્વક ગૃહમાં લઈ જવામાટે દીવાન આલમચંદ ઘણી વારથી ઓટલાપર જ આવીને ઉભેલો હોવાથી તેણે એ સર્વ જનોને માનપૂર્વક આવકાર આપ્યો.

જે કંગાલ ભિક્ષુકને રોહિણીએ પોતાના ગૃહમાં દયાથી આશ્રય આપ્યો હતો. તે પણ અત્યારે મોહનલાલ તથા રોહિણીની કરેલી સારવારથી બહુ જ સારી હાલતમાં આવી ગયો હતો. આજે તેના મુખમંડળમાં એક પ્રકારની વિલક્ષણ તેજસ્વિતા જોવામાં આવતી હતી. સારાં વસ્ત્રોએ પણ તેની શરીરકાંતિને ઘણે ભાગે ફેરવી નાખી હતી. અમૃતવલ્લરીના પાનથી જેમ મૃત મનુષ્યનું પુનરુજ્જીવન થાય છે, તે પ્રમાણે જ અત્યારે તેનું સર્વ પ્રકારે પુનરુજ્જીવન થયેલું દેખાતું હતું.

આનંદાનંદ ઉર્ફે ચંદ્રશંકરને સીતાનાં દર્શનથી અને સીતાને ચંદ્રશંકરના સંયોગથી એક પ્રકારના પુનરુજ્જીવનની પ્રાપ્તિ થઈ હતી. આલમચંદ તથા યશોદાને, તેઓ સ્નેહીજનોનાં ભૂખ્યાં હોવાથી, આ અતિથિમંડળના આગમનથી લગભગ પુનરુજ્જીવનની પ્રાપ્તિ જેવો જ આનંદ થતો હતો. સર્વત્ર પુનરુજ્જીવન અને પુનરુજ્જીવનનો જ વ્યાપાર ચાલી રહ્યો હતો.

ઉપરના સુસજ્જિત ઓરડામાં અતિથિઓને બેસાડ્યા પછી આલમચંદે સર્વ કુશળ પ્રશ્ન પૂછ્યા. પેલા અજ્ઞાત ભિક્ષુકને "હવે તમારી પ્રકૃતિ કેમ છે?" એમ તેણે પૂછ્યું; એટલે એ પ્રશ્નના ઉત્તરમાં તેણે જણાવ્યું કે;—

"મહાશય, આ રોહિણી દેવી અને મોહનલાલ દેવની કૃપા તથા સેવાએ મને સર્વથા નવીન અવતાર આપ્યો છે. અત્યારે મારી પ્રકૃતિ બહુ જ સારી છે, એટલું જ નહિ, પણ મને જે કાંઇક ઉન્માદ થઈ ગયો હતો, તે પણ હવે મારી ધારણા પ્રમાણે નીકળી ગયો છે અને હું પૂર્ણ શુદ્ધિમાં આવી ગયો છું. કયાં આપનું આ મકાન અને કયાં મારી યોગ્યતા! ખરેખર આ બધો સુસંગતિનો જ પ્રતાપ છે."

"ભાઈ, આવા વિચારોને મનમાં સ્થાન ન આપો. આપણે બધાં બંધુ છીએ અને ઉચ્ચનીચનો ભેદ એ કેવળ માયા અથવા ભ્રમણનું જ પરિણામ છે. અમે તો તમને અમારી બરાબરીના જ માનીએ છીએ. આ મારું પોતાનું અને આ પારકું, એ ગણના સંકુચિત હૃદયના મનુષ્યોની છે; ઉદારચરિતોને તો સમસ્ત વસુધા કુટુંબ સમાન જ હોય છે." આલમચંદે આશ્વાસન આપ્યું.

"એ આપની ઉદારતા છે; પણ હું તો રોહિણી અને મોહનલાલને જ મારાં જીવનદાતા દેવી અને દેવ માનું છું. એમના ઉપકારનો બદલો મારાથી કદાપિ વાળી શકાય તેમ નથી. હું એટલો જ આશીર્વાદ આપું છું કે, પરમાત્મા એમનાં સંકટોને સંહારીને સદા એમનું કલ્યાણ કરો." ભિક્ષુકે કૃતજ્ઞતા દર્શાવી.

"બંધો, સર્વનો જીવનદાતા ઘટઘટવ્યાપક જગદીશ્વર જ છે–મનુષ્ય કાંઈ પણ કરવાને શક્તિમાન્ નથી. તમારું જે શુભ કે અશુભ થયું હોય, તે તમારા પોતાના ભાગ્યનો જ પ્રતાપ છે." રોહિણીએ વિનયપૂર્ણ મૃદુ વાણીથી કહ્યું.

એ પછી બીજી કેટલીક વાતો ચાલી અને ભોજનનો સમય થવા આવ્યો. નોકરે આવીને 'ભોજન તૈયાર છે' એવી ખબર આપતાં આલમચંદે સર્વને ઉઠવાની પ્રાર્થના કરી. સિંધીઓના રિવાજ પ્રમાણે ખાટલાપર જ પીરસેલી થાળીઓ મંગાવવાને બદલે એક જુદા ઓરડામાં જ ભોજન કરવા બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઓરડામાં એક સુંદર ગાલીચો પાથરેલો હતો. તેપર એક તરફ સ્ત્રીઓ અને બીજી બાજૂએ પુરુષોના બેસવાની ગોઠવણ કરી હતી. ભોજ્ય પદાર્થો બધા વૈષ્ણવી જ હતા. માંસ ઇત્યાદિ અભક્ષ્ય વસ્તુઓને આજના ભોજનસમારંભમાં સ્થાન અપાયું નહોતું; કારણ કે, આલમચંદ તથા વૃન્દા ઉભયનાં ગૃહમાં એ અભક્ષ્ય વસ્તુઓ પ્રથમથી વપરાતી નહોતી. મોહનલાલ અદ્યાપિ જો કે માંસભક્ષક હતો ખરો, પણ માંસ વિના ન જ ચાલે, એવો કાંઈ તે માંસભક્ષણનો ગુલામ નહોતો; એટલું જ નહિ, પણ જો બની શકે તો માંસાહારને ત્યાગી દેવો, એવો જ તેનો મનોભાવ હતો.

નાના પ્રકારની થાળીમાં આવી પડેલી સ્વાદિષ્ટ વસ્તુઓની પ્રશંસા કરતાં અને વિનોદ વાર્તા ચલાવતાં સર્વ આનંદથી જમ્યાં, તૃપ્ત થયાં, અને જમીને પાછાં તેઓ બેઠકવાળા ઓરડામાં આવી બેઠાં. ધૂમ્રપાન કરતાં આલમચંદે કહ્યું; "ગયેલું ધન પાછું મળ્યું અને બીજો પણ સર્વ પ્રકારનો આનંદ થયો, પણ મારી અદૃશ્ય થયેલી પુત્રીનો કાંઈ પણ પત્તો ન મળવાથી એ ડાઘ તો અમારા મનમાં જેવો ને તેવો કાયમ જ રહી ગયો છે! શું કરીએ, જેવી ઈશ્વરેચ્છા."

યશોદાની આંખોમાંથી આંસુ ખરી પડ્યાં–તે મુખથી કાંઈ પણ બોલી શકી નહિ.

આનંદાનંદે આશ્વાસન આપ્યું:–"દીવાનજી, મારા મનમાં જે એક સંશયનો આજે કેટલાક દિવસથી ઉદ્ભવ થયો છે, તે જો સત્ય હોય, તો આપની પ્રાણપ્રિય પુત્રી આપને અત્યાર પહેલાં જ મળી ચૂકી છે, એમ આપે નિશ્ચયપૂર્વક માની લેવું."

"એટલે? હું તમારાં આ ભેદભરેલાં વચનોનો ભાવાર્થ કાંઇ પણ સમજી શકતો નથી." આલમચંદે કહ્યું.

"તમારી સુકુમાર બાળક પુત્રીને ચોરી જનાર અને તેનાં ઘરેણાં ઉતારી આ કુલેલીના જળપ્રવાહમાં નાખી દેનાર હું પોતે જ છું, એ તો મેં આપને કાશીમાંની આપણી પહેલી મુલાકાત વખતે જણાવ્યું જ હતું. તે સાથે એમ પણ કહ્યું હતું કે, તમારી દીકરીને મેં તો પાણીના પ્રવાહમાં નાખી દીધી હતી, પણ જો ઈશ્વરની તેને રક્ષવાની ઇચ્છા હોય અને કોઈ રીતે કોઈને હાથ લાગવાથી તે જીવતી રહી હોય તો તેમાં આશ્ચર્ય જેવું શું છે? એનું પણ તમને સ્મરણ તો હોવું જ જોઇએ."

"સ્મરણ તો બરાબર છે, પણ તેથી લાભ શો?" આલમચંદે નિઃશ્વાસ નાખ્યો.

"કુલેલીના જળપ્રવાહમાં તમે કોઈ છોકરીને નાખી દીધી હતી, એ કેટલાક દિવસની વાત છે વારુ?" અજ્ઞાત ભિક્ષુકે વચ્ચે જ સવાલ કર્યો.

"એ બનાવને લગભગ તેરથી ચૌદ વર્ષનો કાળ વીતેલો હોવો જોઇએ." આનંદાનંદે જવાબ આપ્યો.

"બરાબર—તે સમય સંધ્યાકાળનો હતો કે? મારા ધારવા પ્રમાણે અંધકાર પણ વ્યાપી ગયો હતો, ખરુંને?" ભિક્ષુકે કહ્યું.

"હા—બરાબર છે." આનંદાનંદે આશ્ચર્યચકિત થઇને ઉત્તર આપ્યું.

"બસ—મહાશયો, જરા શાંત રહો—મારા અનુમાન પ્રમાણે આજથી તેર ચૌદ વર્ષ પહેલાં રાત્રિના સમયે કુલેલીના જળપ્રવાહમાંથી મેં જે એક સુકુમાર વયની બાળાને બચાવી હતી, તે બાળા એ જ હોવી જોઇએ. મારી પ્રકૃતિની અસ્વસ્થતા અને ચિત્તના ઉન્માદને લીધે મેં મારો વૃત્તાંત મારાં આશ્રયદાતાઓને અત્યારસુધી કહી સંભળાવ્યો નથી. પરમેશ્વરની કાંઇક બીજી જ યોજના હશે, એટલે આ પ્રસંગને યોગ્ય ધારીને હું મારો વૃત્તાંત સંભળાવું છું, તે જો એક ધ્યાનથી સાંભળવાની કૃપા કરશો, તો આપ સર્વનો આ દીન ભિક્ષુકપર મોટો ઉપકાર થશે." ભિક્ષુકે કહ્યું.

"મહાશયોની આજ્ઞા માગી, તો આ મહાશયાઓ તો કાંઈ હિસાબમાં જ નહિ કે?" મોહનલાલે વિનોદ કર્યો.

"મારી ભૂલ થઈ—હું પ્રથમ એ ભૂલમાટે ક્ષમા માગીને આ મહાશયાઓની પણ આજ્ઞા ઇચ્છું છું." ભિક્ષુકે વિનય દર્શાવ્યો.

"આ મોહનલાલ તો ટીખળી છે તે ટીખળ કર્યા જ કરશે. ભાઈ, તમે તમારો વૃત્તાંત શાંતિથી સંભળાવો. અમે તેનું એક ધ્યાનથી શ્રવણ કરીશું." વૃન્દાએ કહ્યું.

"આ ઉદારતામાટે હું આપ સર્વનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું." ભિક્ષુક બોલ્યો.

"આભાર માન્યા વિના વૃત્તાંત સંભળાવવામાં કાંઈ હરકત આવવાનો સંભવ છે કે શું?" મોહનલાલે પાછી ટકોર કરી.

"તેવું તો કાંઈ નથી; પણ આ એક સભ્યતા અથવા વિવેકનો પ્રકાર છે;" એવું હસિત મુદ્રાથી ઉત્તર આપીને ભિક્ષુકે નીચે પ્રમાણેનો વૃત્તાંત સંભળાવવાનો આરંભ કર્યો.

"હું આ હયદરાબાદ જિલ્લાના હાલા ગામનો નિવાસી છું. મારો જન્મ ત્યાં જ થયો હતો. મારા પિતા અમારા ગામના એક પ્રતિષ્ઠિત વ્યાપારી હતા અને મારી

માતા પણ એક સુશીલ અને સદ્‌ગુણવતી ગૃહિણી હતી. મારાથી મોટા બે બીજા ભાઈ અને એક બહેન હતી. અમે વ્યાપારી હોવાથી મને વ્યાપારના કાર્યમાં ઉપયોગી થઈ પડે, તેના કરતાં વધારે શિક્ષણ મળ્યું નહોતું; પણ અમારા કુટુંબમાં સંપ હોવાથી અને પૈસા ટકા પણ ઠીક હોવાથી અમારો કાળ આનંદમાં વીતતો હતો. એવી રીતે ઘણો સમય સુખમાં વીત્યા પછી અચાનક અમારા શહેરમાં કોલેરા આવ્યો અને તેના પંજામાં સપડાઈને મારાં માતાપિતા, બે ભાઈ, બહેન તથા બહેનનાં બે બાળકો, એ સર્વ છ સાત દિવસમાં સ્વર્ગવાસી થઈ ગયાં. કેવળ હું અને મારી સ્ત્રી જ જીવતાં રહ્યાં. મારા બે ભાઇઓની સ્ત્રીઓ તો પ્રથમથી જ મરી ગઈ હતી. અત્યાર સુધી દુઃખનો લવલેશ પણ કોઇવાર જોયો નહોતો, ત્યાં અચાનક દુઃખનો પહાડ માથાપર તૂટી પડવાથી હું ગાંડા જેવો બની ગયો. અંતે મારા એ આત્મીય જનોની ઉત્તરક્રિયા કરીને મેં મારા ગામનો ત્યાગ કરી હયદરાબાદમાં આવી નિવાસ કર્યો. જો કે હું બેસીને ખાઈ શકું, એટલું ધન મારી પાસે હતું, પણ વ્યવસાય વિના જીવન કંટાળાભરેલું લાગવાથી મેં બજારમાં એક દુકાન કરી અને તે દુકાનમાં સારી કમાણી પણ થવા લાગી. એ પછી મને એક પુત્રીની પ્રાપ્તિ થઈ અને તેથી અમો પતિપત્ની કુટુંબનાશના શોકને ધીમે ધીમે ભૂલતાં ગયાં. પણ દુષ્ટ દૈવથી અમારું એ સુખ પણ જોઈ ન શકાયું. સુવાવડમાં જ કાંઈ ઓછી સંભાળ લેવાયાથી મારી સ્ત્રીના શરીરમાં અમુક વ્યાધિ રહી ગયો હતો, તે ધીમે ધીમે વધવા લાગ્યો અને ત્રણ ચાર માસમાં ભયંકર સ્વરૂપ ધારણ કરીને તેને તે સ્વર્ગમાં તાણી ગયો. એ વખતે મારી પુત્રીનું વય કેવળ આઠ માસનું હતું અને તેનું બરાબર પોષણ ન થવાથી બે મહિના પછી તે પણ માતાને મળવા ચાલી ગઈ. થયું, મારું સર્વસ્વ જતું રહ્યું. મેં ધંધોધાપો બંધ કર્યો અને પૈસાની તાણ ન હોવાથી કુલેલીના કિનારાપર આવી સાધુડાઓની સોબતમાં અને ગાંજો ફૂંકવા, તેમ જ ભાંગ ગટગટાવવા આદિના વ્યસનમાં મારા દિવસો વીતાડીને આનંદમાં રહેવાનો પ્રયત્ન આદર્યો. ઘણીક વાર હું સાધુઓને કાળી રોટી—માલપુઆ—નું જમણ પણ આપતો હતો અને તેમાં મારા ઘણા પૈસા બરબાદ થઈ જતા હતા. ખરચ તો વધતો ગયો અને આવક બંધ થઈ, એટલે થોડા દિવસમાં જ તીજોરીનું તળિયું દેખાઈ આવ્યું—પૈસા ખલાસ થયા.

“એ પછી હું ઘરબાર છોડીને કુલેલીના કિનારાપર સાધુડાઓ સાથે જ પડી રહેવા લાગ્યો અને એક ગૃહસ્થ તરીકેના આચારવિચારને પણ મેં છોડી દીધો. એક દિવસ સાયંકાળે હું કુલેલીના કિનારાપરના એક જરાક દૂરના ભાગમાં દીર્ઘશંકામાટે ગયો હતો, ત્યાંથી પાછા ફરતાં જળપ્રવાહમાં કોઈ બાળક તણાતું જતું મારા જોવામાં આવ્યું; તે બાળક કિનારાથી વધારે દૂર ન હોવાથી અને મને તરવાની કળા આવડતી હોવાથી તરત હું પાણીમાં પડ્યો અને તે બાળકને બહાર કાઢ્યું. બહાર આવીને જોયું તો તે એક પાંચેક વર્ષના વયની સુંદર બાલિકા હતી. પેટમાં પાણી ગયેલું હોવાથી પ્રથમ તો સાધુના આશ્રમમાં લાવી તેના પેટમાંથી મેં પાણી કાઢી નાખ્યું અને તેને શુદ્ધિમાં લાવવાના ઉપચારો કર્યા. મારો પરિશ્રમ સફળ થયો અને બાલિકા સાવધ થઈ. તે રાતે તો તે બાલિકાને ત્યાં જ રાખી, પણ પછી વિચાર થઈ પડ્યો કે, આવી કોમળ

બાલિકાને કઠિન સાધુઓના પ્રસંગમાં રાખવા કરતાં જો કોઈ ગૃહસ્થના ઘરમાં રાખવાની વ્યવસ્થા કરી શકાય તો વધારે સારું. બીજે દિવસે સાંજે એવા કોઈ ગૃહસ્થને શોધવામાટે છોકરીને સાથે લઇને હું બહાર નીકળ્યો. ફરતો ફરતો હું સરકારી બગીચામાં ગયો. ત્યાં જવામાં મારો એવો ઉદ્દેશ હતો કે, ત્યાં કેટલાક ગૃહસ્થો ફરવા અને હવા ખાવા આવ્યા હશે, તેમાંથી કોઈ પણ ઉદાર ગૃહસ્થ એ અનાથ બાળાને આશ્રય આપવા તૈયાર થશે જ. બગીચામાં એક સ્થળે એક ગાડી ઉભી હતી અને તેમાં એક પ્રૌઢ સ્ત્રી બેઠેલી હતી. સ્ત્રીઓના મનમાં બાળકો વિશે વધારે લાગણી હોય છે, એટલે તે બાઇને જ પ્રથમ મેં એ છોકરીની હકીકત કહી સંભળાવી અને આશ્રય આપવાની પ્રાર્થના કરી. તે બાઇએ તરત તે છોકરીને પોતાના તાબામાં લઈ મને દશ રૂપિયા ઇનામ તરીકે આપી, મારું નામ અને ઠેકાણું લખી લીધાં. ત્યાર પછી એ છોકરીની શી વ્યવસ્થા થઈ, તે મારા જાણવામાં નથી. સાધુડાઓના સંગમાં અંતે હું ભિક્ષુક બની ગયો અને ભાંગગાંજાએ મને એવા અવતારમાં લાવી મૂક્યો કે, ગામમાં હું જ્યારે પણ ભિક્ષા માગવા નીકળું ત્યારે છોકરાઓ મને ગાંડો ગાંડો કરી પજવવા માંડે છે. હયદરાબાદથી કંટાળીને હું ગિદૃ બંદરમાં આવ્યો, તો ત્યાં પણ જાણે છોકરાઓને તાર મળ્યા હોય તેમ તેઓ મારી પાછળ પડ્યા. જો આ રોહિણી બહેન અને મોહનલાલ ભાઇએ મને પોતાની છાયામાં ન લીધો હોત, તો તે દિવસે મારું મરણ જ થઈ જવાનું હતું. પ્રભુ તમો સર્વનું કલ્યાણ કરો."

"તમારું નામ દેવનમલ્લ તો નહિ?" વૃન્દાએ અચાનક સવાલ કર્યો.

"હા–તમે મારું નામ કેવી રીતે જાણ્યું?" ભિક્ષુકે કહ્યું.

"સરકારી બગીચામાં ગાડીમાં બેઠેલી જે સ્ત્રીને દશ રૂપિયા ઇનામના લઇને તમે છોકરી સોંપી હતી, તે સ્ત્રી બીજી કોઈ નહિ, પણ હું પોતે જ છું અને તમારું જે નામ મેં લખી લીધું હતું, તે અદ્યાપિ મારા સ્મૃતિપટમાંથી ભુંસાઈ ગયું નથી." વૃન્દાએ ખુલાસો કર્યો.

"પણ મારા ધારવા પ્રમાણે મેં તે છોકરીને ટંડા મહમદખાનમાંના અનાથાશ્રમમાં જોઈ હતી!" આનંદાનંદે વચ્ચે જણાવ્યું.

"એ અનાથાશ્રમમાં તેને મૂકનાર હું પોતે જ હતી." એમ કહીને વૃન્દાએ જે વૃત્તાંત રોહિણીને અનાથાશ્રમમાંથી લાવ્યા પછી કહી સંભળાવ્યો હતો, તે અત્યારે બીજી વાર સર્વને કહી સંભળાવ્યો.

"ત્યારે તે છોકરી અત્યારે ક્યાં છે?" આલમચંદ અને યશોદાએ એકે સાથે સવાલ કર્યો.

"આ તમારી સામે બેઠેલી રોહિણી–એ જ તે બાલિકા." વૃન્દા બોલી.

"દીવાનજી, તમારી છોકરીના જમણા ગોઠણ ઉપર લસણનો એક ડાઘ હતો, એ તો તમે ભૂલી નહિ જ ગયા હો!" આનંદાનંદે સ્મરણ કરાવ્યું.

"રોહિણીના જમણા ગોઠણપર લસણનો ડાઘ છે." વૃન્દાએ ખાત્રી આપી.

"ત્યારે તો અમારી ગુમ થયેલી પુત્રી તે આ રોહિણી જ!" આલમચંદ તથા યશોદાએ પૂર્વ પ્રમાણે જ એક સ્વરથી આશ્ચર્ય દર્શાવી કહ્યું.

આંધળાને આંખો મળી. યશોદાના હર્ષનો અતિરેક થવાથી તે ત્યાં જ મૂર્છિત થઈ ગઈ અને આલમચંદ હર્ષથી મંત્રમુગ્ધ જેવો બની ગયો. મૂર્છામાંથી શુદ્ધિમાં આવતાં જ યશોદા "ઓ મારી ઠાકુરી!" એમ કહીને રોહિણીને ગળે વળગાડી હર્ષના અશ્રુ વર્ષાવવા લાગી. તે બાળાનું મૂળ નામ ઠાકુરી હતું અને રોહિણી એ નવીન નામ તેને શ્રીમતી વૃન્દાએ અનાથાશ્રમમાં મોકલતી વખતે આપ્યું હતું.

હવે આલમચંદના આવાસમાં આનંદની લહરીઓ ઉડવામાં ન્યૂનતા ન રહી. સર્વનાં હૃદયો આનંદથી છલકાઈ જવા લાગ્યાં. સર્વથી વિશેષ આનંદ તો મોહનલાલને થયો; કારણ કે, રોહિણી આલમચંદ અને યશોદા જેવાં કુલીન અને શ્રીમંત માતાપિતાની પુત્રી નીકળવાથી હવે તેની સાથેના લગ્નસંબંધથી કોઈ પણ પ્રકારની નિંદા થવાનો સંભવ નહોતો. આવી કુલીન અને સદ્‌ગુણવતી કન્યા તો કોઈ ભાગ્યશાળીને જ પ્રાપ્ત થઈ શકે, એમ હોવાથી તે પોતાને એક મહાભાગ્યશાળી પુરુષ માનવા લાગ્યો અને તેની તે માન્યતા યોગ્ય જ હતી.

"પણ બહેન, મારી દીકરી તમારા હાથમાં આવી અને તેને તમે ઓળખી ન શક્યાં એ શું?" યશોદાએ વૃન્દાને પૂછ્યું.

"તમારી દીકરી જ્યારે બે વર્ષની હતી ત્યારે મેં જોઈ હતી અને ત્યાર પછી મારા બનેવી સાથે તમે કરાંચીમાં રહેલાં હોવાથી બીજી વાર એને જોવાનો પ્રસંગ મને મળ્યો જ નહોતો, એટલે હું તરત ઠાકુરીને ઓળખી ન શકી. વળી એને અનાથાશ્રમમાં મોકલ્યા પછી બીજે જ દિવસે હું યાત્રા કરવા ચાલી ગઈ, એટલે પછીથી પણ એ વિશેની ચર્ચા મારા જાણવામાં ન આવી અને હું જ્યારે પાછી આવી ત્યારે તો બધી વાત ઠંડી પડી ગઈ હતી. છતાં પણ જાણે કે અજાણે મારી બહેનની દીકરીનું મારા હાથે જ લાલનપાલન થયું છે, એ પણ ઈશ્વરની એક કૃપા જ કહેવાય. જે થયું તે સારું જ થયું છે–ગઈ ગુજરીને ભૂલી જાઓ અને પરમેશ્વરનો આભાર માની પુત્રી મળવાના આનંદમાં નિમગ્ન થાઓ." વૃન્દાએ કહ્યું.

વાતોમાં સાંઝ પડી ગઈ. તે જ વેળાએ એક માણસે આવીને ખબર આપ્યાઃ–"પાપી મહાત્મા જેલમાં બીમાર છે અને તેના જીવવાની આશા ડૉક્ટરોએ છોડી દીધી છે!"

"હેં?" સર્વેએ આશ્ચર્યદર્શક સામટો ઉદ્‌ગાર કાઢ્યો.

"હશે; મહાત્માની બીમારી સાથે આપણે શા લેવાદેવા?" વૃન્દાએ કહ્યું. "પણ બહેન યશોદા, રોહિણીને આજે મારે ત્યાં આવવા દેશો કે અહીં જ રાખશો?"

"અહીં જ રાખીશું!" યશોદાએ કહ્યું.

"નહિ, આજે તો હું મારે ત્યાં લઈ જઇશ. બે દિવસ પછી મોકલીશ; અથવા તો તમે પણ ત્યાં જ આવીને રહો તો વધારે સારું; રોહિણીનો વિયોગ હવે મારાથી સહી શકાય તેમ નથી" વૃન્દાએ જણાવ્યું.

આલમચંદ અને યશોદાએ એ વિશે વધારે વાંધો ન લેતાં રોહિણીને વૃન્દાને ત્યાં જવાની આજ્ઞા આપી. આથી મોહનલાલ ઘણો જ ખુશ થયો.

હવે બીમાર મહાત્માની સ્થિતિનું આપણે અવલોકન કરીએ? હા, ચાલો જેલની હૉસ્પિટલમાં!

પ્રકરણ ૬૫ મું
મહાત્માનો વૈકુંઠવાસ!

સવારમાં સાત વાગ્યા હતા. જેલમાંના કેદીઓનો સવારમાં જ જમવાનો પરિપાઠ હોવાથી તેમની જમવામાટેની ધામધૂમ ચાલી રહી હતી; તેમના હાલવાચાલવાથી તેમના પગમાંની બેડીઓ ખણુખણાટ ધ્વનિ કાઢતી જણાતી હતી. કેટલાક નિર્લજ્જ અપરાધી અને મહાપાપીઓ હતા, તેઓ કારાગૃહમાં પણ હાસ્યવિનોદમાં સમય વીતાડીને પરમાનંદ માનતા દેખાતા હતા! 'જેણે મૂકી લાજ, તેને નાનું સરખું રાજ!' તેવો જ પ્રકાર કેટલાક બદમાશ કેદીઓનો જોવામાં આવતો હતો. રાતપાળીના નોકરો, અમલદારો અને પહેરેગીરો વિના બીજા સર્વે પોતપોતાની નોકરીપર વળગી ગયા હતા. પરંતુ હૉસ્પિટલમાં અત્યારે બીજો જ પ્રકાર જોવામાં આવતો હતો. રાતના બાર વાગ્યા પછી મહાત્મા ગોપાળદાસની સ્થિતિ અતિશય ભયંકર–નિરાશાજનક થવાથી અને તેના જીવનની લેશ માત્ર પણ આશા ન રહેવાથી, જેલના સુપરીન્ટેન્ડેન્ટે એ આશયના સમાચાર દયામયીને કહાવ્યા. દયામયીએ તે સમાચારનો મહાત્માના ભક્તજનમંડળમાં વિસ્તાર કરવાથી અત્યારે જેલની આસપાસ ભક્તજનોની ભયાનક ભીડ જામેલી હતી. હજારો માણસો એકઠાં થઈ ગયાં હતાં. દયામયી અને કેટલાક પ્રતિષ્ઠિત ગૃહસ્થોને સુપરીન્ટેન્ડેન્ટે મહાત્મા પાસે આવી બેસવાની આજ્ઞા આપેલી હોવાથી તેઓ મહાત્માની મરણશય્યા પાસે બેસી તેની મરણોન્મુખતાને જોઇને આંસૂ વર્ષાવતાં હતાં. દયામયીનો વિલાપ સુપરીન્ટેન્ડેન્ટ, ડૉકટર, હૉસ્પિટલમાંના બીજા રોગીઓ અને ભક્તજનોનાં હૃદયનું વિદારણ કરતો હતો. તેનાં નેત્રોમાંથી અશ્રુનો એવો પ્રબળ પ્રવાહ વહન કરતો હતો કે, તેથી ભીંજાયલા પાલવને ઘડી ઘડી નિચોવવાની અગત્ય પડતી હતી અને પાલવ નિચોવવાથી નીકળેલા નેત્રનીરવડે નીચેની જમીન પણ ભીંજાઈ ગઈ હતી! દયામયીને ભક્તજનો અનેક પ્રકારનાં આશ્વાસનો આપીને શાંત કરવાના યત્ન કરતા હતા; પણ નાયગારાના ધોધ જેવો તેના શોકનો વેગ જરા પણ રોકાતો નહોતો! થોડી થોડી વારે તે કપાળ કૂટવાની ક્રિયા પણ કરતી હતી અને વાળોને પણ વીખતી હતી. તેના એ રુદન અને આક્રન્દથી મહાત્માનું જીવન એક ક્ષણમાત્ર પણ લંબાય તેવો રંગ દેખાતો નહોતો. કારણ કે, તેની નાડીની ગતિ અતિશય મંદ થઈ ગઈ હતી, આંખોનો રંગ બદલાયો હતો અને શરીરમાં શીતલતાનો અતિરેક થઈ ગયો હતો. અર્થાત્ મહાત્મા ઘડીપળના હિસાબપર આવી પહોંચ્યા હતા! ડૉકટરે પણ પોતાનો તેવો અભિપ્રાય ક્યારનોય જણાવી દીધો હતો. આવી રીતે કોઈ બંદિવાનનું જેલમાં મરણ થતાં પંચનામું વગેરે કરવાનો અને જો કાંઈ શંકા જેવું હોય તો 'પોસ્ટ મોર્ટમ્' (મૃત શરીરને ચીરવા)નો પરિપાઠ હોવાથી બે ત્રણ ધનવાન્ ભક્તોએ ડૉકટરને એક બાજૂએ બોલાવ્યો અને એકે તેને સંબોધીને કહ્યું કે:–

"ડૉકટર સાહેબ, હવે મહાત્માના જીવનની આશા તો નથી જ, એટલે કોઈ રીતે મડદું રઝળે નહિ અને તેને ઠેકાણે પાડવાની આજ્ઞા અમને સત્વર મળી જાય, એવી મેહરબાની કરજો. આમાં આપનું પણ પુણ્ય છે."

"જો એટલી મેહરબાની કરશો, તો અમો બધાપર અને આપણા વૈષ્ણવ ધર્મપર આપનો મહદુપકાર થશે." બીજાએ જણાવ્યું.

"અને અમો તમારા એ ઉપકારને ભૂલી જવાના નથી—અમારાથી બનતી સર્વ સેવા કરી છૂટીશું." ત્રીજાએ માર્મિકતાથી લોભનું દર્શન કરાવ્યું.

"અત્યારે મૅજિસ્ટ્રેટ સાહેબને કહેવડાવ્યું છે, એટલે તેઓ હમણાં જ આવી પહોંચશે. તેમને સમજાવીને મારાથી બની શકશે ત્યાં સુધી તમારો જલદી છૂટકો કરાવીશ; પછી મારા માટે તમારે જે વિચાર કરવો હોય તે કરજો." ડૉકટરે તેમના હૃદયનું સાંત્વન કર્યું.

આ પ્રમાણેની વાતચીત ચાલતી હતી, એટલામાં દયામયીનો નિમ્ન આક્રન્દ સ્વર તેમનાં શ્રવણોમાં આવીને અથડાયો;—"ઓ મારો આધાર ચાલ્યો ગયો, ધર્મનો સ્તંભ તૂટી પડ્યો, એક મહાપુણ્યશાળી જીવ આ પાપી સંસારને છોડી સદાને માટે ચાલ્યો ગયો, ધર્મના સૂર્યનો અસ્ત થયો. પ્રપંચી સંસારને ત્યાગી મહા ભાગ્યશાળી આત્મા નિરુપદ્રવી વૈકુંઠમાં વાસ કરી રહ્યો! મારા આત્મસમર્પક મહાત્મન્, આપ તો સ્વર્ગધામમાં સિધારી પાપીજનોનાં કારસ્થાનોથી મુક્ત થયા, પણ મને એકલીને આ પાપપંકમાં સબડતી શામાટે છોડી ગયા? હવે મને ધર્મનું શિક્ષણ કોણ આપશે, ઉપદેશામૃતનું પાન કોણ કરાવશે અને આત્મમુક્તિનો સન્માર્ગ કોણ બતાવશે? હે વેદાંતવેત્તા, રે મહાધર્મજ્ઞાતા, હે પરોપકારક પ્રતિવશિષ્ઠ, હે મહાદાનેશ્વર પ્રતિબલિરાજ, હે સત્યવાદી પ્રતિહરિશ્ચન્દ્ર અને હે બ્રહ્મચારી પ્રતિનારદ અથવા પ્રતિભીષ્મ, હવે આ કલિકાલમાં તમારા જેવો એક પણ મહા પુરુષ જન્મવાનો નથી—આ અભાગિની શિષ્યાને હવે આપના જેવા પરમ સદ્ગુરુનાં દર્શન અને સમાગમનો લાભ મળી શકવાનો નથી!!"

જેલની હૉસ્પિટલમાં મહાત્માશ્રી ગોપાળદાસજીનો દેહોત્સર્ગ થઈ ગયો! જગતથી મહાત્મા છૂટ્યા અને મહાત્માથી જગત્ છૂટ્યું. થોડીવારમાં મૅજિસ્ટ્રેટ સાહેબ પણ આવી પહોંચ્યા. મૅજિસ્ટ્રેટના મનમાં શંકા હતી કે, મહાત્માએ આત્મહત્યા કરેલી હોવી જોઇએ અને તેથી તેણે પોસ્ટમોર્ટમની આજ્ઞા આપી. પણ ડૉકટર અને અન્ય પ્રતિષ્ઠિત ગૃહસ્થોના સમજાવ્યાથી તથા ડૉકટરે 'એ મરણ હૃદયમાં અસહ્ય આઘાત થવાથી નીપજેલું છે' એવો પોતાનો દૃઢ અભિપ્રાય આપવાથી, નિરુપાય થઇને મૅજિસ્ટ્રેટે વધારે વાંધો ન લેતાં, કાયદા પ્રમાણે ઉપરટપકેની તપાસ ચલાવી, મહાત્માના મૃત શરીરને ઠેકાણે પાડવાની પરવાનગી આપી.

મહાત્માના વૈકુંઠવાસના સમાચાર વાયુ કે વીજળીના વેગે સમસ્ત હયદરાબાદ નગરમાં ફેલાઈ ગયા, દશ અગિયાર વાગતાં સુધીમાં તો જેલની આસપાસ હજારો લોકો આવીને એકઠા થઈ ગયા. જાણે કોઈ લશ્કર આવીને કિલ્લાપર હલ્લો કરવાની તૈયારીમાં હોય, એવો જ જોનારને ભાસ થવા લાગ્યો. બજારમાંની ઘણી ખરી દુકાનો બંધ થઈ ગઈ, અને બજારમાં નીકળનારને હડતાળનો સાક્ષાત્કાર થવા લાગ્યો. સર્વ વૈષ્ણવ નાગરિકોનાં ગૃહોમાં મહાત્માની ભક્તાણીઓ રડારોળથી આકાશ પાતાળને એક કરવા લાગી. જે કેટલાક ગૃહસ્થો બજારના કાયદા પ્રમાણે દુકાનો બંધ કરી ગૃહમ

આવી બેઠા હતા અને મહાત્માની સ્મશાનયાત્રામાં જવાની ઇચ્છા નહોતા ધરાવતા, તેમને પણ તેમની સ્ત્રીઓ મેણાં ટોણાં મારી મારીને સ્મશાનયાત્રાના કાર્યમાં પ્રવૃત્ત કરવા લાગી. "બળ્યો તમારો અવતાર! મહાત્મા લીલા વિસ્તારી ગયા અને તમને સ્મશાનમાં જતાં પણ આળસ થાય છે? મરણ તો બધાંને માથે છે જ—આજે ઘરમાં બેસી રહેશો, તો જગત્‌માં નિન્દાશો અને કોઇપણ તમારો ધડો નહિ કરે! આવા વખતમાં તે આળસ હોય? હવે ભાયડાઓમાંથી તો ધર્મની શ્રદ્ધા દિવસે દિવસે ઓછી જ થતી જાય છે અને એથી જ આવા ન થવા જેવા અનર્થો થાય છે!" આવાં આવાં વચનો સંભળાવી બાયડીઓ પોતાના ભાયડાઓને બળાત્કારે સ્મશાનયાત્રાર્થે મોકલવા લાગી. ખરેખર વૈષ્ણવ મહાત્માઓની ધર્મમંદિરના નામથી ઓળખાતી પાપકર્મના વ્યાપારની દુકાનો બહુધા આવી અંધશ્રદ્ધ, અને અશુદ્ધ અબળાઓના પ્રતાપે જ ધમધોકાર ચાલતી જોવામાં આવે છે. જો એ ભોળી ભામાઓ ન હોય અથવા તો શિક્ષણના યોગે તેમનામાં સારાસારનો વિવેક આવી જાય, તો એ ઢોંગી ધૂતારાઓનાં ઘડીના છઠ્ઠા ભાગમાં દીવાળાં ફુંકાઈ જાય, એમાં લેશ માત્ર પણ સંશયનો સંભવ નથી.

હયદરાબાદમાં ચૈતન્ય મતનો બીજો કોઈ પણ વૈષ્ણવ સાધુ નહિ હોવાથી અને મહાત્માના મંદિરમાં આ પૂર્વે આવો કોઈ મરણપ્રસંગ ન આવેલો હોવાથી બિચારા ભોળા સિંધીઓ ચૈતન્ય મતના કર્મવિધિથી અજ્ઞાત હતા અને તેથી મહાત્માના શબને અગ્નિદાહ કરવો કે ભૂમિદાહ કરવો, એ વિશેના વિચારમાં તેઓ પડી જાય તો તે સર્વથા સ્વાભાવિક જ હતું. એટલે કેટલાક અગ્રેસરોએ દયામયી પાસે જઇને નમ્રતાથી પૂછ્યું કે;—"હે દેવિ, મહાત્માના શબને અગ્નિદાહ કરવાનો છે કે ભૂમિદાહ? આપના પંથમાં જે પરિપાઠ હોય, તે પ્રમાણેની વ્યવસ્થા અમે કરીએ."

દયામયીનો અશ્રુપ્રવાહ અટક્યો નહોતો, એટલે તેણે ડૂસકાં ભરીભરીને જવાબ આપ્યો "મૃત શરીરને અગ્નિદાહ કરો, ભૂમિદાહ કરો, જળદાહ કરો કે આકાશદાહ કરો; તો તે સર્વ સમાન જ છે. પરંતુ ભિન્ન ભિન્ન પંથોએ પોતપોતાના જે નિયમો કરી રાખ્યા છે, તે પ્રમાણે આપણે વર્તવું જોઇએ, એ જ એક બંધન છે. અમારા પંથના સાધુ મહાત્માઓનાં મૃત શરીરોને ભૂમિદાહ કરવાનો નિયમ હોવાથી તે પ્રમાણેની વ્યવસ્થા કરો તો વધારે સારું. પણ જો તેમ ન બની શકે તો બધા હિંદુઓમાટે અગ્નિદાહ તો ઉચિત છે જ."

"ન શામાટે બની શકે? બધું બની શકશે. આવા પ્રસંગો કાંઈ વારંવાર આવતા નથી. મહાત્માજીના પવિત્ર શરીરને યોગ્ય સન્માનથી ભૂગર્ભમાં પધરાવીશું અને ત્યારપછી તેમના અવિચલ સ્મરણ માટે સમાધિ પણ ચણાવીશું!" સર્વોત્કૃષ્ટ અગ્રેસર ભક્તે ઉદ્‌ગાર કાઢ્યા.

તરત જેલની બહાર એક કામચલાઉ છાપરું ઉભું કરવામાં આવ્યું અને ત્યાંની જમીન ગાયના છાણથી લીપી ગૌમૂત્રથી શુદ્ધ કરી ત્યાં મહાત્માના શબને લાવી રાખ્યું. એ પછી શબને ગંગાજળ અને સૌગંધિક દ્રવ્યમિશ્રિત જળથી સ્નાન કરાવવાની ક્રિયા આરંભાઈ. મૃતશરીરને નાના પ્રકારનાં બહુમૂલ્ય વસ્ત્રાલંકારોથી અને તિલક આદિ ધાર્મિક ચિન્હોથી શૃંગારવામાં આવ્યું. માત્ર હવે શબને પધરાવીને લઈ જવા-

માટેની આન્દોલિકા એટલે કે પાલખી આવવાની જ ખોટી હતી અને તે લાવવામાટે માણુસો ક્યારનાંય દોડી ચૂક્યાં હતાં. જરીના ગુચ્છ, મખમલની ગાદી અને પુષ્પમાળા આદિથી શૃંગારેલી સુશોભિત પાલખી આવી અને મહાત્માના શબને તેમાં પદ્માસનથી બેસાડવામાં આવ્યું.

આ બધી તૈયારીઓમાં સાંઝના ચાર વાગ્યા અને ત્યારપછી શબને ઉપાડવામાં આવ્યું. જે સારામાં સારા પ્રતિષ્ઠિત અને ધનવાન્ ગૃહસ્થો હતા, તેમણે પ્રથમ શબની પાલખી ઉપાડી. હયદરાબાદના બીજા નાનકપંથી સાધુઓ પણ મહાત્માની સ્મશાનયાત્રામાં આવી ભેળાયા. દક્ષિણના દક્ષિણીઓ પ્રમાણે સિંધમાં શબ સાથે ભજન કીર્તન ગાવાનો અને મૃદંગ સારંગી આદિ વગાડવાનો સંપ્રદાય હોવાથી નગરમાંની સારામાં સારી ચાર ભજનમંડળીઓને બોલાવવામાં આવી હતી, એટલે શબ ઉપડવા સાથે જ ભજનનો આલાપ આરંભાયો. અને વાદ્યવાદનનું મંગળાચરણ થઈ ગયું. આવા પ્રસંગનાં ભજન બહુધા વૈરાગ્યને દર્શાવનારાં જ હોય છે, એટલે ભજન તો તેવું જ આરંભાયું, પણ ધંધાદારી ભજનગાયકોના પોતાના હૃદયમાં કિંવા મુખમંડળમાં તે વૈરાગ્યનું લેશ માત્ર પણ ચિહ્ન દેખાતું નહોતું.

ખરું જ છે—તેમનો એ ઉદરભરણમાટેનો રોજનો ધંધો હોવાથી જો તેઓ એવા વૈરાગ્ય કે શોકને ધારણ કરતા રહે, તો પોતે પણ થોડા દિવસમાં જ સ્વર્ગવાસી થઈ જાય! જો વૈદ્ય, હકીમ અને ડૉક્ટરો જનસમાજના આરોગ્યને ઇચ્છે; વકીલો, બૅરિસ્ટરો અને સૉલિસિટરો જનમંડળમાં સંપ અને સમાધાનના વિસ્તારની ભાવના રાખે, વેશ્યાઓ તરુણ પુરુષોમાં દૃઢ બ્રહ્મચર્યના પ્રસારની આકાંક્ષા ધરાવે, કસાઇઓ જીવદયાને પોતાના હૃદયમાં સ્થાન આપે, કલાલો મદ્યપાનના પ્રચારને મરી ગયેલો જોવા ઇચ્છે, વ્યભિચારી પુરુષો સ્ત્રીઓમાં પાતિવ્રત્ય અને સતીત્વની વૃદ્ધિને જોઇને આનંદ માને, પોલીસવાળાઓ સંસારમાંથી સર્વ પ્રકારોના અપરાધોના લયની શુભ આશા બાંધે, કૃપણ મનુષ્ય અન્યને ધનાઢ્ય થયેલો જોઇને પ્રસન્ન થાય, ચોરોને પોલીસનો બંદોબસ્ત મનોગમતો થઈ પડે, અભિસારિકાને ચંદ્રપ્રકાશ અનુકૂલ દેખાય અને જુગારી બીજાની જિત ઇચ્છે—એમ થવું સર્વથા અશક્ય અને અસંભવનીય છે. એ સર્વ ભાવનાઓ અને વસ્તુઓ ઉત્તમ હોવા છતાં એ સર્વના વ્યવસાયો એવા પ્રકારના છે કે, જો તેઓ એ શુભ ભાવનાને ધારી તે પ્રમાણેનું વર્તન કરવા ચહાય, તો તેનું તેમને પોતાને તે સર્વથા અશુભ પરિણામ જ ભોગવવું પડે—કદાચિત્ નાશનો પ્રસંગ પણ આવી લાગે! સ્વાર્થમાટે ફરજિયાત તેમને બીજાનું અશુભ ઇચ્છવું પડે છે. એટલામાટે એ ભાડૂતી ભજન ગાનારાઓના મનમાં વૈરાગ્યનો અભાવ હોય, તો તે નૈસર્ગિક જ છે.

પ્રથમથી જ માણસોની સંખ્યા હજારેકની હતી, તેમાં વળી માર્ગમાંથી બીજા માણસો આવી મળતાં સ્મશાનિયાઓની સંખ્યામાં ક્ષણે ક્ષણે વધારો થતો ગયો. જેલમાંથી નીકળી માર્કેટને રસ્તે થઈ એ શબસમારંભે બજારમાં પ્રવેશ કર્યો. બજારમાંની દુકાનોમાં ચકો અથવા મચ્છરદાનીઓ લગાડીને સ્ત્રીઓને બેસવાની એટલામાટે ગોઠવણ કરવામાં આવી હતી કે, તે બિચારીઓ છેલ્લી વાર મહાત્માનાં શબનાં દર્શનનો લાભ લઈ શકે અને પોતાનાં પાપી નેત્રોને પવિત્ર કરી શકે! અબીર ગુલાલ આદિ

પદાર્થો મહાત્માના શબપર મણોના હિસાબે ઉડતા હતા; પૈસા, પાઈ, બે આની, ચારઆનીઓ પણ અમુક અમુક અંતરે ઉડાવવામાં આવતી હતી. ગામના ભીખારડાઓને આજે સારો તડાકો પડતો હતો. તેઓ એવા જ ઉદ્ગારો કાઢતા હતા કે,—"આવા મહાત્માઓ રોજ મરતા હોય તો કેવું સારું!" શબ, બજારને ઉલ્લંઘીને છેવટે બજારને બીજે છેડે કિલ્લા પાસે આવી પહોંચ્યું અને ત્યાંથી ડાબી બાજૂએ વાળવામાં આવ્યું. કારણ કે, તેને કુલેલીને પેલે પારના એક ભક્તજનના બગીચામાં ભૂમિદાહ કરવાનો હતો. હવે ભીડ કાંઇક ઓછી થવા લાગી, તોપણ જ્યારે શબ બગીચામાં પહોંચ્યું ત્યારે પણ પંદરસોથી વધારે માણસો હાજર હતાં. દયામયી જેલમાંથી ગાડીમાં બેસી આગળથી જ ત્યાં જઈ પહોંચી હતી. આગળથી આવેલાં માણસોએ ખાડો પણ ખોદાવીને તૈયાર રાખ્યો હતો. ખાડાની પાસે ઉપર એક મોટી અને મજબૂત પેટી પડી હતી. પાલખીને તે ખાડા પાસે લાવીને ઉતારવામાં આવી અને મહાત્માના પવિત્ર શબની પૂજા તથા આરતી વગેરેનો વિધિ થઈ રહ્યા પછી તેને ખાડામાં પધરાવવાની તૈયારી થઈ. એ વેળાએ દયામયીએ કહ્યું;—

"પ્રથમ આ પેટીને ખાડામાં ઉતારો, એમાં મખમલની ગાદી વગેરે નાખો. પછી શબને પધરાવો, સૌગંધિક વસ્તુઓને શબની આસપાસ મૂકો, પેટીને બરાબર બંધ કરો અને ત્યારપછી ખાડાને પૂરી નાખો. આ વિધિમાં જરા પણ પ્રમાદ થવો ન જોઇએ અને મહાત્માના કોમળ શરીરને જરા પણ આંચકો ન આવે, એની સંભાળ રાખજો."

આટલું કહીને દયામયી જરાક દૂર ખસી ગઈ અને તેની આજ્ઞા પ્રમાણે ભક્તજનોએ સર્વ વ્યવસ્થા કરીને યુક્તિ પુરઃસર શબને ભૂગર્ભમાં પધરાવી દીધું, અને ઉપરથી માટી વાળી દીધી! પુનઃ વાદ્યવાદન અને ભજન ગાનનો ભયંકર ધ્વનિ થવા લાગ્યો અને તે સાથે મહાત્માની કીર્તિના ભયંકર જયનાદથી આસપાસનો પ્રદેશ ગાજી ઉઠ્યો.

સાથે લગભગ પચીસ મણ મિઠાઈ લાવવામાં આવી હતી, તે બગીચા બહાર આવી બેઠેલી ભીખારડાઓની જમાતને વ્હેંચી આપવામાં આવી. ભીખારડાઓ બબ્બે ને ત્રણ ત્રણવાર મિઠાઈ લેવાને આવતા હોવાથી તથા બહુ જ તોફાન અને ધાંધલ મચાવતા હોવાથી તેમને કાબૂમાં રાખવામાટે પોલીસવાળાઓને પણ ત્યાં ફરજિયાત પોતાની હાજરી આપવી પડી હતી.

એવી રીતે મહાત્માના શબનો ભૂમિદાહનો વિધિ સમાપ્ત થતાં સર્વ જનો પોતપોતાના ઘર તરફ જવાને પાછા વળ્યા. દયામયી પણ ગાડીમાં બેસીને મંદિરમાં આવી. મંદિરમાં આવીને તેનો વિશ્રાંતિ લેવાનો વિચાર હતો, પણ ત્યાં આગળથી જ આવી ઉભેલા ભયંકર સ્ત્રીસમૂહને જોઇને તેનો એ વિચાર હવામાં ઉડી ગયો. પ્રેમલીઓ દયામયીને આશ્વાસન આપવા અને પોતાનો શોક પ્રદર્શિત કરવા આવી હતી. રાત્રિનો આરંભ ક્યારનોય થઈ ગયો હતો, તોપણ દયામયીને શીતલ જળથી સ્નાન કરવું પડ્યું અને ત્યાર પછી તેણે ચોકમાંના બાજઠપર બેસી સ્ત્રીઓનાં આશ્વાસન સાંભળ્યાં. પંદર બૈરીઓ જતી હતી અને પચાસ આવતી હતી. એ વ્યવસાય રાતના લગભગ

દશ વાગ્યા સુધી ચાલ્યો. ત્યારપછી મંદિરનાં બારણાં બંધ કરાવી દયામયી પોત ખાનગી ઓરડામાં ગઈ અને અંદરથી દરવાજાને મજબૂત સાંકળ ચઢાવી પોતાના શ રિક પરિશ્રમના સંહારના ઉપાયો યોજવા લાગી. એના ખાનગી ઓરડાની બાજ ખાનગી રસોડું હતું; અને તેમાં અંદરના બારણામાંથી જવાતું હતું. તે બાર ઉઘાડી દયામયીએ કોઇને સંબોધીને કહ્યું;–

"રામદયાળ, બધું તૈયાર છે કે?"

"દેવી, બધું તૈયાર છે!" રામદયાળ રસોડામાં ચટાઇપર જરાક આડો હતો તે તરત ઉઠી દયામયી આગળ આવીને કહેવા લાગ્યો કે;–"બ્રાન્ડીની બે બાટલ તો હું બપોરે જ લાવ્યો હતો અને કોફતા, કુરમો, સંબોસા અને પરેઠા ગરમાગરમ તીખાં ને તમતમતાં બનાવી રાખ્યાં છે. આપના હુકમની જ વાર છે

"ચાલ ત્યારે કર તૈયારી." દયામયીએ આજ્ઞા આપી.

રામદયાળે રસોડામાં એક ગાલીચો પાથર્યો; અને બ્રાન્ડીની બાટલી, પ્ય બરફ, પાણીના લોટા તથા સંબોસા કોફતા વગેરે ખાવાની ચીજો દસ્તરખાનપર રક ઓમાં લાવીને મૂકી. દયામયી પલાંઠી વાળીને દસ્તરખાનપર બેઠી અને કહ્યું;–"અ જરાક બ્રાન્ડી આપ; કારણ કે, અત્યારે ટાઢા પાણીએ ન્હાવાથી શરીર ઠંડુંગાર થઈ છે, કયાંક શરદી ન થઈ જાય."

રામદયાળે ગ્લાસમાં લગભગ બે પેગ જેટલો બ્રાન્ડી નાખ્યો અને દયામયી તે થોડું પાણી મેળવી ગટગટાવી ગઈ; અને કાંઇક ખુમાર આવતાં તેણે રામદયાળને કહ "તું પણ જરાક લે અને મારી સાથે જ ખાવા બેસી જા; કારણ કે, મદિરાપાનમાં સાથી વિના આનંદ નથી આવતો."

પાછાં ગ્લાસ ભરાયાં અને બન્નેએ એક બીજાની સલામતી સાથે તેમાંની ગ રાને પોતાના ઉદરમાં સ્થાન આપ્યું! થોડી વારમાં જ બન્ને જણ મળીને એક બા હજમ કરી ગયાં, અને ખાનાને ઇન્સાફ આપતી વેળાએ તો તેઓ મસ્ત થઇને ઝૂ લાગ્યાં. ભોજનની સમાપ્તિ થતાં જ દયામયી ડોલતી ડોલતી શય્યામાં જઈ પડી રામદયાળને ત્યાં શ્રમપરિહારાર્થે પાદસેવન કરવાને બોલાવ્યો. એક તો પ્રથમથી જ વિ રમય હૃદય, તેમાં મદિરાનો મદ અને અંતે આવા હૃષ્ટપુષ્ટ પુરુષનો હસ્તસ્પર્શ–એ ત્રણ વસ્તુઓ એકત્ર આવી મળે ત્યાં પછી કામાતુર સ્ત્રી પોતાના મનને કેવી રીતે રાખી શકે?

પણ એ રામદયાળ કોણ? અને તે મહાત્માના મંદિરમાં કયારથી આવ્યો

પ્રકરણ ૬૬ મું

રામદયાળનું પૂર્વચરિત્ર

દયામયીનો રામદયાળ સાથે હૈદરાબાદની જેલમાં પ્રથમ મેળાપ થયો હ મહાત્મા તથા દયામયીને વૉરંટથી પકડી જ્યારે કાચી કેદમાં રાખવામાં આવ્યાં, વેળાએ તે પ્રથમ પંક્તિનો વૉર્ડર હતો. સજા ભોગવવાના વખતમાં તેણે જેલમાં ધ

જ સારી વર્તણૂક બતાવેલી હોવાથી તે લગભગ સ્વતંત્ર જેવો જ રહેતો હતો. કોઈપણ જાતના ચોકી પહેરા વિના જ ગામમાં જવા આવવાની તેને છૂટ હતી. એટલામાટે જેલરે એને મહાત્મા તથા દયામયીની સેવામાં રાખ્યો હતો અને તેથી દયામયી સાથે એનો વધારે ગાઢ પરિચય થયો. એ કેદીની મુદ્દત પૂરી થવા આવેલી હોવાથી એ ચિંતામાં પડ્યો કે, જેલમાંથી છૂટયા પછી તરત જીવનનિર્વાહના કયા માર્ગનો સ્વીકાર કરવો. એકવાર દયામયી પાસે આ વાત કાઢતાં દયામયીએ એને આશ્વાસન આપ્યું કે, "જો એટલા અવધિમાં મને મુક્તિ મળશે, તો હાલ તરત તને હું મારા મંદિરમાં રાખીશ; અને પછી મારાથી બની શકશે તે સાહાય્ય કરીશ." દયામયી છૂટી તેને ત્રીજે કે ચોથે દિવસે રામદયાળ પણ મુક્ત થયો. દયામયીએ પણ પોતાનાં વચન પ્રમાણે તેને તરત પોતાના મંદિરમાં આશ્રય આપ્યો.

રામદયાળ લગભગ પાંત્રીસથી સાડત્રીસ વર્ષની વયનો, રૂપાળો, દેખાવડો અને મજબૂત બાંધાનો મર્દ હતો. જેવો તે શરીરથી બળવાન્ હતો તેવો જ કિંબહુના તે કરતાં પણ વધારે હિંમતબહાદુર હતો. 'ભય' શબ્દ તો તેના શબ્દકોષમાં હતો જ નહિ, એ તેની વારંવારની વાતચીત તથા વર્તણૂકથી સ્પષ્ટ જણાઈ આવતું હતું. દયામયીને મહાત્માની ગેરહાજરીમાં એવા એક પુરુષની અગત્ય હતી, અને ભાગ્યયોગે તેવો પુરુષ તેને મળી ગયો. ભાગ્યશાલિની દયામયીને તો જેલમાં જવાથી પણ આ એક પ્રકારનો અલભ્ય લાભ થયો ! રામદયાળ મંદિરમાં આવી વસ્યાને એક બે દિવસ જ થયા હતા. હૈદરાબાદની જેલમાં તેણે ત્રણ ચાર વર્ષ વીતાડેલાં હોવાથી અને વોર્ડરને મળતા સ્વાતંત્ર્યના યોગે તે નગરના ખૂણેખૂણાથી જાણીતો થયેલો હોવાથી એક નવીન અનુચરમાં જે અજ્ઞાનનું પ્રથમ દર્શન થાય છે, તે એમાં જોવામાં આવતું નહોતું. જાણે તે એક જાણીતો નોકર જ હોયની, તેવી રીતે આવતાં જ બધું કામકાજ કરવા મંડી ગયો હતો.

રામદયાળ નિપુણ પાકશાસ્ત્રી હોવાથી અને સર્વ પ્રકારના ખાદ્ય પદાર્થો અત્યંત સ્વાદિષ્ટ બનાવતો હોવાથી દયામયીને તે થવો જોઇએ તેના કરતાં પણ અધિક પ્રિય થઈ પડ્યો હતો. તે રાતના મદિરાના મદથી બન્ને એવાં તો ઉન્મત બન્યાં હતાં કે, બન્નેને પોતાના દેહનું બહુ અલ્પ ભાન હતું. દયામયી પ્રભાતમાં જાગૃત થઈ અને રામદયાળને પોતાની શય્યામાં જ નિદ્રિત થયેલો જોયો, એટલે રાત્રે થયેલી જે ચેષ્ટાનું તેને અલ્પ સ્મરણ હતું તેનો હવે દૃઢ નિશ્ચય થઈ ગયો, છતાં તેના મુખમંડળમાં ગ્લાનિ કિંવા પશ્ચાત્તાપની છાયા લેશ માત્ર પણ ન આવી! તેણે રામદયાળને જગાડ્યો અને પછી પોતે સ્નાન આદિ કરીને દેવપૂજા આદિના કાર્યમાં પ્રવૃત્ત થઈ ગઈ. મહાત્માના મરણને આજે બીજો દિવસ હોવાથી દયામયી બપોર પછી કથા વાંચવા બેસવાની ન હોતી. સ્ત્રીઓનાં ટોળેટોળાં આવતાં હતાં, પણ અસ્વસ્થ પ્રકૃતિ અને શોકાતિશયતાનું નિમિત્ત બતાવીને તેણે આજે કોઇની પણ મુલાકાત ન લીધી. બપોરે ખાનપાનથી નિવૃત્ત થઈ દયામયીએ કોચપર પડીને રામદયાળને તુર્કસ્તાની હુક્કો ભરી લાવવાનું ફરમાન કર્યું. રામદયાળે હુક્કો લાવીને ત્યાં રાખ્યો, એટલે તેની નળીને મોઢામાં લઈ ધૂમાડાના બે ત્રણ ગોટ કાઢી તેણે રામદયાળને કહ્યું:—

"રામદયાળ, આ સામેના કોચપર બેસી જા અને તને શા અપરાધમાટે શિક્ષા થઈ હતી, તેનો વૃત્તાંત મને કહી સંભળાવ. જેલમાં મને તેં એટલું તો જણાવ્યું હતું કે, તું મધ્ય હિંદુસ્તાનનો નિવાસી ને જાતિનો રાજપૂત છે અને મુંબઇમાં તને આઠ વર્ષની શિક્ષા થઈ હતી. પણ અપરાધ શો હતો, એ તેં જણાવ્યું નથી."

"શ્રીમતી, ખરું પૂછો તો મારો અપરાધ કાંઈ હતો જ નહિ; પણ બનાવ-ટથી મારાપર ચોરી અને વિશ્વાસઘાતનો ભયંકર અપરાધ મૂકવામાં આવ્યો હતો અને વકીલ તથા પોલીસના કાવાદાવાનો જ હું ભોગ થઈ પડ્યો હતો. બનાવ એવો બન્યો કે, આજથી લગભગ દશ વર્ષ પહેલાં હું મારા દેશમાંથી મુંબઇમાં આવ્યો અને ઘોડાના એક અરબ વ્યાપારીને ત્યાં નોકર તરીકે રહ્યો. એ અરબ વ્યાપારી ઘણો પૈસાદાર હતો. તેની પાસે રોકડ સારી રકમ ઉપરાંત તેનાં ઘરો વગેરે પણ ઘણાં હતાં. દિવસે ઘરોનાં ભાડાં ઉઘરાવવાં અને રાતે શેઠના બંગલાના દરવાજામાં સૂઇને સાધારણ દેખરેખ રાખવી, એટલું કામ મને સોંપવામાં આવ્યું હતું. અને તે કામ હું બરાબર બજાવતો હતો. મારો અરબ શેઠ મુંબઈ, પૂના અને કલકત્તાની ઘોડાની શરતમાં પણ પોતાના ઘોડા મોકલતો હોવાથી 'રેસ સીઝન'માં ઘણીક વાર તેને પૂના તથા કલકત્તાની મુસાફરી કરવી પડતી હતી. મારો શેઠ વૃદ્ધ હોવા છતાં તેની બીબી હસીન અને નૌજોબન છે, એમ બીજા ચાકરોના મોઢેથી મારા જાણવામાં આવ્યું, પણ અરબોમાં પર્દાનશીની હોવાથી મારી શેઠાણીને મેં કોઇવાર જોઈ ન હોતી. મારા વિના બીજા બધા નોકરો અરબ અને મુસલમાન જ હતા; પણ તેમનામાં શેઠનો, મારામાં હતો તેવો અને તેટલો વિશ્વાસ ન હોતો.

"એકવાર શેઠ કલકત્તે ગયા હતા. તેવામાં એક દિવસે રાતે બે વાગ્યાને શુમારે જનાનખાનાની એક હબશન બાંદી મારી પાસે આવી, મને જગાડ્યો અને કહેવા લાગી, 'રામદયાળ, ચુપચુપ મારી સાથે અંદર જનાનામાં ચાલ. બીબી સાહબાએ તને કોઈ ખાસ કામ માટે બોલાવ્યો છે.' શેઠાણી રાતે મને શામાટે બોલાવતી હશે, એવો સવાલ મારા મનમાં થયો; પણ શેઠાણીના તેડાને માન આપવું જ જોઇએ, એ વિચારથી વધારે આનાકાની ન કરતાં હું જનાન-ખાનામાં ગયો. ત્યાં મારી શેઠાણી યૌવનમદમાતી શરીફા ખાતુન, એક રેશમી કોચપર અત્યારે તમે હુક્કો પીતાં જેમ બેઠાં છો તે જ પ્રકારે કાવો પીતી બેઠી હતી અને પાસે હુક્કો પણ તૈયાર પડેલો હતો. મને જોતાં જ તે બુલબુલ જેવા મધુર કંઠથી બોલી: 'આઇયે, આઇયે—ન ઘબરાઇયે. તુમ મુઝે નહીં જાનતે, મગર મયઁ તુમ્હેં ખૂબ પહચાનતી હૂં. આજ મયઁને જિસ ખુફિયા કામકે લિયે આપકો યહાં બુલાયા હય, વો કામ અગર હોશિયારીસે પૂરા કર દિખાઓગે, તો હમારે હાથોંસે બહોતસા ઇનામ પાઓગે—ઇન્શાઅલ્લા થોડેહી દિનોંમેં માલામાલ હો જાઓગે!'

હું તો તેનાં આ વચનો સાંભળીને દિગ્મૂઢ જેવો બની ગયો, છતાં વિનય દર્શા-વીને બોલ્યો: 'અજીજ ખાતુન, બન્દા આપહીકા નમકખાર હય, ઇસલિયે જો ચાહેં વો કામ બતાનેકા આપકો કુલ ઇખ્તિયાર હય. બન્દા ફર્માબરદાર હય—હુકમકી તામીલકે લિયે બસરો ચશ્મ તૈયાર હય!'

"મારો જવાબ સાંભળીને તે બોલી ઉઠી, 'અહિ–મરહબા–આફ્રીન–તો આઓ યહાં મેરે પાસ બૈઠ જાઓ; અરી હબશન, શરાબ લાઓ ઔર ઇન્હે થોડીસી પિલાઓ!'"

હવે શેઠાણીની ખાટીમીઠી નજરના ભેદને હું કાંઇક સમજી શકયો. મનમાં જો કે ત્યાંથી પલાયન કરવાનો વિચાર આવ્યો, પણ જો હું એમ કરીશ અને જનાનખાનામાંથી નીકળ્યા પહેલાં પોતાની આબરૂ બચાવવાને એ બૂમરાણ કરશે, તો આપણું કાટલું કાઢી નાંખશે! એવી બીકથી હું અટકયો અને તેની પ્રત્યેક ઇચ્છાને કાંઈ પણ આનાકાની કર્યા વિના આધીન થઈ ગયો. આવો પ્રકાર બે વર્ષ ચાલ્યો અને કોઇને કશી પણ ખબર પડી શકી નહિ. શેઠ તો મને પંદર રૂપિયાનો પગાર આપતો હતો, પણ શેઠાણી તરફથી મને દર માસે રૂપિયા એકસો રોકડા મળતા હતા અને તે ઉપરાંત જે ભેટસોગાદો આવતી હતી તે તો વધારામાં જ. બે વર્ષમાં રોકડ અને એવી ચીજો મળીને લગભગ પાંચ હજારનો માલ મેં મારા દેશમાં મોકલી આપ્યો. મુંબઇનું ખર્ચ તો મુંબઇમાં જ મળી રહેતું હતું. શેઠના કામમાં મેં કદી ગોટાળો કર્યો નહોતો અને કદી એક પાઈ પણ ખાધી નહોતી. જે પગાર મળતો હતો, તેને જ હું ગનીમત માનતો હતો.

એકવાર શેઠ પૂને ગયા હતા અને તેમની ગેરહાજરીમાં અમે નિશામાં ચૂર હતાં, એટલામાં એકદમ શેઠ આવી લાગ્યા. એટલે કે દશની ગાડીમાં જવાના હતા, અને બાર સુધી તે ન આવ્યા એટલે અમે તેમને પૂને ગયેલા ધાર્યા હતા. પણ ગાડી ચૂકી જવાથી તે એક દોસ્તને ત્યાં ચાલ્યા ગયા હતા, અને ત્યાંથી બે વાગે પાછા ફર્યા હતા. મને તેમણે જનાનખાનામાં જોયો અને હબશી બાંદીને ધમકાવતાં તેણે બધો ભેદ ફોડી નાંખ્યો. શેઠે મને કાંઈ પણ ન કહ્યું, અને નોકરીપરથી રજા પણ ન આપી. પંદર દિવસ પછી અચાનક ચોરી અને વિશ્વાસઘાતના આરોપના વારંટથી મને પકડવામાં આવ્યો. આરોપ ગંભીર હોવાથી કેસ પોલીસ કોર્ટમાંથી સેશન્સકમિટ થયો અને ત્યાં પોલીસની મદદથી શેઠે મારા વિરુદ્ધ એવા તો સજ્જડ પૂરાવા રજૂ કર્યા કે, મારા બચાવની એક પણ બારી ન રહેવાથી જજે મને આઠ વર્ષના સખ્ત કેદખાનાની સજા ફર્માવી. પ્રથમનાં બે વર્ષ યરોડાની જેલમાં વીતાડયાં, પછી ત્રણ વર્ષ અમદાવાદમાં કાઢયાં અને છેલ્લાં ત્રણ વર્ષ આ હયદરાબાદની જેલમાં વીતાડી હું મુક્ત થયો છું. જે અપરાધ મારે હાથે ખરેખર થયો હતો, તે તો છૂપાઈ ગયો અને જે અપરાધ મેં સ્વપ્રમાં પણ કર્યો નહોતો તે અપરાધ માટે આઠ વર્ષની ભયંકર શિક્ષા ભોગવવી પડી છે. વિશ્વની આવી વિચિત્રતા અને વિલક્ષણતા છે." રામદયાળે પોતાના વૃત્તાંતની સમાપ્તિ કરી.

પ્રકરણ ૬૭ મું

નવો ફન્દો

રામદયાળના વૃત્તાંતનું શ્રવણ કરીને દયામયીએ તેની પ્રશંસા કરી કહ્યું:–"રામદયાળ, તારો દેખાવ અને તારા શરીરનો ઘાટ એટલા બધા આકર્ષક અને મનોમોહક છે, કે કોઈ પણ સ્ત્રી જો તને પોતાનો પ્રેમ અર્પવાને તૈયાર થઈ જાય, તો તેમાં આશ્ચર્ય જેવું કાંઈ પણ નથી. એ કાંઈ નાની સૂની વાત છે? બિચારી સાધારણ બુદ્ધિની ભોળી ભામાઓ ભ્રમિષ્ટ થાય, એમાં સવાલ જ શો હોઈ શકે?"

આના જવાબમાં કાંઈ પણ ન બોલતાં રામદયાળ શર્મને લીધે નીચું જોઈ ગયો. તેને આમ શર્માતો જોઈને દયામયી પુનઃ પ્રેમભાવ બતાવીને કહેવા લાગી;–"રામદયળ, જે થવાનું હતું તે થઈ ગયું છે અને સંસારનો એ સર્વ સાધારણ વ્યવહાર હોવાથી હવે શર્માવા અને લજાવાનું કાંઈ પણ પ્રયોજન નથી. પણ અત્યારે મારે એક ખુલાસો કરી લેવાનો છે અને તે એ કે, આપણો સંબંધ પ્રેમથી નહિં, કિંતુ મદિરાના મદથી જ થયેલો હોવાથી દૃઢ સંબંધ કહી શકાય નહિ. તો હવે આપણા એ સ્નેહસંબંધને સદાને માટે જાળવી રાખવાની તારી ઇચ્છા છે કે નહિ, તે ખરેખરું જણાવી દે. અહીં તને કોઈ પણ વસ્તુની ખોટ પડશે નહિ. અહીં તને કશા પ્રકારની ન્યૂનતા રહેનારી નથી, ખાનપાન એશઆરામની કશી કચાશ નથી. તું તારા મનનો રાજા સમાન છે, એમ જ તું સમજી લે; એટલું જ નહિ પણ આ મકાન અને તેના સમગ્રપણાનો પણ તું જ હકદાર અને ભોગી છે એમ માની લે. પણ શર્ત એટલી જ કે, મારે બે ઘણાં જ અગત્યનાં કામો આપણા આનંદમાર્ગને નિષ્કંટક બનાવવામાટે કરવાનાં છે અને તેથી તે કામોને પાર પાડવામાં તારે મને, હું જે માગું તે મદદ આપવી પડશે. જો મારી આ માગણી કબૂલ હોય તો આ દયામયી અને તેની સર્વ સંપત્તિ તારી છે; અને જો તારું હૃદય એ માટે ના પાડતું હોય, તો તને જે સોબસો રૂપિયાની અગત્ય હોય તે લે અને અહીંથી આજે જ ચાલ્યો જા. તારા સમક્ષ બે વસ્તુઓ છે–જેની તરફ મન વધારે આકર્ષાતું હોય તે લે; હું તને કોઈ પણ પ્રકારનો આગ્રહ કરતી નથી અને કોઇને વિના કારણ ખાડામાં ઉતારવાની મારી ઇચ્છા નથી."

રામદયાળ પ્રથમથી જ પાપમાર્ગમાં પ્રવૃત્ત થઈચૂકેલો હોવાથી કનક અને કાંતાના લોભને ત્યાગી શકયો નહિ. તેણે તરત નિશ્ચયપર આવીને જણાવ્યું; "શ્રીમતી, આપની આ કૃપા અને પ્રેમદૃષ્ટિમાટે હું આપનો જેટલો આભાર માનું, તેટલો ઓછો જ છે. એક વર્ષની વાતપર મારાપર મારા દેશમાંથી કાગળ આવ્યો હતો અને તે મારી સ્ત્રીના સ્વર્ગવાસના સમાચારનો હતો. બાયડી મરી ગઈ છે અને બાળબચ્ચાં છે નહિ, એટલે 'આગે હાથ પીછે હાથ; રક્ષા કરે ગોરખનાથ!' એના જેવી જ મારી હાલત છે. જેલમાંથી છૂટતાં જ આમ અચાનક ભાગ્ય ચમકશે અને લક્ષ્મીદેવી મારાપર પ્રસન્ન થશે, એનું તો મને સ્વપ્ન પણ નહોતું! આપનો આશ્રય મળવાથી હું મને પોતાને મહાભાગ્યશાળી માનું છું. હવે જો આપની ઇચ્છાનો તિરસ્કાર કરીને ચાલ્યો જાઉં, તો પછી મારા જેવો મહા મૂર્ખ બીજો કોણ? આપ જે કામ ફર્માવો, તે કરવાને આ

દાસ તૈયાર છે—જો મારું માથું માગો તો તે આપવામાં પણ હું આનાકાની કરવાનો નથી. હવે આના કરતાં બીજી વિશેષ ખાતરીની જરૂર છે ખરી ?"

"તારા વચનમાં મારો પૂરો વિશ્વાસ છે. પણ આપણે જે બે કામો કરવાનાં છે તે બહુ જ ભયંકર છે, એ તારે બરાબર ધ્યાનમાં રાખવું; અણીને વખતે ભયથી તારું મન ચળી જાય અને કામની ધૂળધાણી થાય, તો મારી કરી કમાણી રદ થશે; માટે પ્રથમ પૂરતો વિચાર કરીને પછી જ તારે હા પાડવી. હજી પણ હું તને વિચાર કરવા માટે તું માગે તેટલો વખત આપી શકીશ." દયામયીએ કહ્યું.

"વધારે વિચાર કરવાથી મનુષ્યનું મન ભ્રમિષ્ટ થઈ જાય છે, એટલે વિચાર કરવાની અગત્ય નથી. જે કામ તાતે ઘાયે થાય છે, તે બહુ વિચાર કરવાથી થઈ શકતું નથી. જે હુકમ ફર્માવવો હોય, તે ફર્માવો અને જુઓ કે, રામદયાળ પોતાના વચનને કેટલી હદ સુધી પાળી શકે છે. વધારે બોલવા કરતાં કરી બતાવવામાં જ માલ છે; લવારી કરનારા કોઇએ પણ દૃઢતાનું દર્શન કરાવ્યું નથી."

દયામયી જાણી ગઈ કે, શિકાર ફંદામાં બરાબર ફસાયો છે, એટલે પુલકિત વદનથી તે બોલી:—"ત્યારે રામદયાળ, આપણે જે બે કાર્યો કરવાનાં છે, તેમાંનું એક કાર્ય યમદૂતનું છે અને બીજું કાર્ય પરમેશ્વરનું છે."

"યમદૂતનું અને પરમેશ્વરનું કાર્ય એટલે શું? આપના માર્મિક કથનના ભાવાર્થને હું સમજી શકતો નથી; જરા સ્પષ્ટતાથી કહો." રામદયાળે કહ્યું.

"કોઈ પણ પ્રાણીનું મરણ નિપજાવવું અને તેના પ્રાણને હરી લેવા, એ કાર્ય યમદૂતનું છે અને કોઈ પણ મૃત મનુષ્ય કે અન્ય પ્રાણીને પુનઃ સજીવન કરવું, એ શક્તિ પરમેશ્વર વિના બીજા કોઇમાં પણ નથી. એ તો તારા જાણવામાં હોવું જ જોઇએ." દયામયીએ કિંચિત્ સ્ફોટ કર્યો.

"આ તત્ત્વને તો જગત્ જાણે છે, એમાં નવીનતા શી ?"

"નવીનતા એ જ કે, એ બન્ને કાર્યો આપણે કરવાનાં છે. નિર્ભયતામાટે એક પ્રાણીનું આપણે મરણ નિપજાવવાનું છે અને પરોપકારમાટે એક મૃત મનુષ્યને આપણે સજીવન કરવું છે—એ જ કાર્યમાં મને તારા સાહાય્યની આવશ્યકતા છે. બોલ, આ કાર્ય તારાથી બની શકશે?" દયામયી સ્ફોટ કરતાં કાંઇક વધારે આગળ વધી.

"કોઇનું મરણ તો સહજમાં જ નિપજાવી શકાશે, પણ મૃતને સજીવન કરવાની શક્તિ મારામાં નથી!" રામદયાળે કાંઇક નિરાશા દર્શાવી.

"તે શક્તિ મારામાં છે. હું જેમ બતાવું તેમ તારે કરવું—પછી મારે જે કરવાનું છે તે હું કરી લઇશ," દયામયીએ ટુંકામાં પતાવ્યું.

"જેનું મરણ નિપજાવવાનું છે તે કોણ છે અને જેને જીવનદાન આપવાનું છે તે કોણ છે, એ જો હરકત ન હોય તો, જણાવશો?" રામદયાળે આતુરતા દર્શાવી.

"અત્યારે એ બધો ભેદ મારાથી ખુલ્લો કરી શકાય તેમ નથી. માત્ર એટલું જ હું કહી રાખું છું કે, એમાંનું એક કાર્ય તો આજે રાત્રિના અંધકારમાં જ સમાપ્ત કરી નાંખવાનું છે; કારણ કે જો આજની રાત વીતી જાય, તો આવતી કાલે આપણો પ્રયોગ સફળ

થવાની આશા નથી. એટલામાટે આજ રાત્રે અગિયાર વાગે કાળાં વસ્ત્ર પહેરીને તારે મારી સાથે હું જ્યાં લઈ જાઉં ત્યાં આવવામાટે તૈયાર થઈ રહેવું. સર્વેના સૂઈ ગયા પછી પાછલે દરવાજેથી આપણે નીકળી જઇશું. બીજું કાર્ય બે દિવસ પછી થશે, તો પણ હરકત નથી." દયામયીએ ભેદને ગુપ્ત રાખીને આજ્ઞા કરી દીધી.

"આ દાસ આપની આજ્ઞાને આધીન છે!" રામદયાળે આગળ પાછળનો કાંઈ પણ વિચાર ન કરતાં તત્કાળ અનુમોદન આપી દીધું.

દયામયીએ શિકાર છટકી ન જાય, એટલામાટે તેને વિષયબંધનથી પુનઃ એકવાર મજબૂત બાંધવાને કહ્યું: "રામદયાળ, તારાં આ અનુમોદનથી મારું હૈયું છલકાઈ જાય છે, અને તેથી જ જે કામને હું અત્યાર સુધી બહુ ભારે સમજતી હતી, તે મારે મનથી તદ્દન સહેલું થઈ ગયું છે અને તે કામ કોઈ પણ પ્રકારે પાર ઉતારવાની મારી ઇચ્છા પણ પ્રબળ થઈ ગઈ છે. તારા સરખાની જ મારે જરૂર હતી અને તે ઈશ્વરે પાર ઉતારી છે."

દયામયીનાં પ્રેમવચનોએ જાદુની ગરજ સારી દીધી. રામદયાળ ગાંડો ઘેલો બની ગયો અને ક્યારે રાત પડે એની તે આતુરતાથી વાટ જોવા લાગ્યો. સ્ત્રીના સૌન્દર્ય અને મધુર વચનનો કેવો અને કેટલો અલૌકિક પ્રભાવ! વનિતાંના વાગ્જાળમાં ન ફસાય, એવો વિરક્ત અને ભાગ્યશાળી નર તો કોઈ વિરલ જ હોય છે!!

—

પ્રકરણ ૬૮ મું

અદ્‌ભુત શંકા

આલમચંદ અને યશોદા, પોતાની પુત્રીનો વિયોગ સહી ન શકવાથી પાછાં વૃન્દાના ગૃહમાં જ આવીને વસવા લાગ્યાં. વૃન્દા તથા રોહિણી અને મોહનલાલના સહવાસથી તેમનો સમય બહુ જ આનંદમાં વીતવા લાગ્યો. તેમને પણ મહાત્માના વૈકુંઠવાસના સમાચાર મળ્યા, એટલે એ વિષયની ચર્ચા ચાલવા લાગી. આલમચંદે કહ્યું;—"મહાત્માના આ અચાનક નીપજેલા મરણના સમાચાર સાંભળી મને તો બહુ જ આશ્ચર્ય થાય છે. જ્યારે તેને કોર્ટમાં લાવવામાં આવ્યો, ત્યારે તો તે હૃષ્ટપુષ્ટ અને નીરોગી હતો અને આમ એકાએક તેના રામ કેમ રમી ગયા?"

"માનવજીવન ક્ષણભંગુર છે, એમ જે કહેવામાં આવે છે, તેનો આ સાક્ષાત્કાર છે. કેટલાક મનુષ્યો આ સંસારના અશાશ્વત સુખમાટે નાનાવિધ પાપો કરે છે, પણ અંતે તો આ પરિણામ જ ભોગવવું પડે છે. આમ છતાં પણ પામર અને મૂર્ખ જીવો સારાસારનો વિવેક રાખી પુણ્યના માર્ગમાં નથી વિચરતા, એ ખરેખર એક મોટામાં મોટું આશ્ચર્ય જ કહી શકાય!" યશોદાએ પોતાનો મનોભાવ દર્શાવ્યો.

"મહાત્માએ આટઆટલાં પાપનાં પોટલાં બાંધ્યાં, પણ અંતે સઘળું અહીં જ રહી ગયું. સાથે કોણ, દયામયી ગઈ કે પાપથી મેળવેલી સંપત્તિ ગઈ? કોઈ પણ નહિ. ખાલી હાથે આવવું અને ખાલી હાથે જવું, એ વિધાતાના અબાધ્ય નિયમને ટાળવાની શક્તિ કોનામાં છે?" મોહનલાલે ગંભીરતાથી કહ્યું.

"અંતે જુઓ તો સંસાર કાંઈ જ નથી—ચાર દિવસનો ચટકો છે!" રોહિણીએ પણ ધીમા સ્વરથી ચાર શબ્દો ઉચ્ચાર્યા.

"પણ મને તો એવો જ સંશય છે કે, મહાત્માએ પોતાના સ્વાભાવિક મરણથી આ સંસારનો ત્યાગ કર્યો નથી; કિંતુ તેણે ભાવી સંકટમાંથી મુક્ત થવાને આત્મહત્યા જ કરેલી હોવી જોઈએ!" વૃન્દા બોલી.

"મારા મનમાં પણ ઘણીવારથી એ જ શંકા થયા કરે છે-આપણાં અનુમાન પરસ્પર મળતાં આવે છે!" આનંદાનંદ ઉર્ફે ચંદ્રશંકરે કહ્યું.

"અને મારા મનમાં પણ લગભગ એ જ વિચાર રમી રહ્યો છે. છતાં વળી મારા મનમાં એક બીજી પણ શંકા આવે છે અને તે એ કે, મહાત્માના આ મરણમાં વળી કોઈ તૃતીય ભેદ તો નહિ સમાયલો હોય! કદાચિત્ આ સમસ્ત કપટનાટકનો પ્રયોગ હોય, તો તેમાં પણ આશ્ચર્ય જેવું કાંઈ નથી;" અત્યાર સુધી શાંત રહેલી સીતા એ નવીન અભિપ્રાયને આગળ લાવીને બોલી.

"મહાત્માનું મરણ જેલની હૉસ્પિટલમાં થયું છે અને ડૉક્ટરે તેને મરેલો જાહેર કર્યા પછી તેને ભૂમિમાં ઉતારવામાં આવ્યો છે; એટલે એને કોઈ પણ રીતે કપટનાટકનો પ્રયોગ માની શકાય નહિ. કપટનો પ્રયોગ આટલી સીમા પર્યન્ત ચાલી જ ન શકે. એને તમે કપટ શા આધારે કહો છો? શું મહાત્મા મરીને હવે પાછો જીવતો થવાનો છે?" ભોળા આલમચંદે પોતાની નિઃશંકતા દર્શાવી.

"કદાચિત્ મરીને મહાત્મા પાછો જીવતો પણ થાય!" સીતા બોલી.

"એટલે?" વૃન્દાએ પૂછ્યું.

"એટલે એ જ કે, શાક્તસદનમાં દયામયી પાસે મેં એવાં કેટલાંક ઔષધો જોયાં છે કે, તે ઔષધના યોગે મનુષ્ય એવી સ્થિતિમાં પડેલો દેખાય કે, ગમે તેવા ચતુર ડૉક્ટરને પણ છક્કડ ખવરાવે. તે ઔષધના મદનો અવધિ હોય છે અને તે અવધિની સમાપ્તિ થવા પૂર્વે એક બીજી ઔષધિના પ્રયોગથી તે મનુષ્યને પુનઃ ચૈતન્યાવસ્થામાં લાવી શકાય છે. જો તે અવધિ વીતી જાય, તો કદાચિત્ તેનો અંત પણ આવી જાય. દયામયીએ મહાત્માને ભાવી સંકટમાંથી છોડવવામાટે આ ઉપાયની કપટથી યોજના કરી હોય તો શું આશ્ચર્ય? હું નિશ્ચયપૂર્વક કાંઈ પણ કહી શકતી નથી; પણ મારી એ એક શંકા છે." સીતાએ શંકાના કારણનો સ્ફોટ કરી બતાવ્યો.

સીતાના મુખમાંથી આ અદ્ભુત વાર્તા સાંભળીને સર્વ જન આશ્ચર્યમાં પડી જવાથી નિઃસ્તબ્ધ થઈ ગયાં. કેટલીકવાર સુધી તો કોઇના મુખમાંથી કાંઈ પણ શબ્દ નીકળી શકયો નહિ. લગભગ પંદર મિનિટ પછી વૃન્દા બોલી;—"આ શંકા પણ અવશ્ય વિચાર કરવા જેવી તો છે જ. આ જગતમાં ન બની શકે અને સર્વથા જેને અશકય કિંવા અસંભવનીય કહી શકાય એવું તો કાંઈ છે જ નહિ. આવાં ઔષધોના અસ્તિત્વ વિષે તો મેં પણ ઘણીવાર સાંભળેલું છે, એટલે મારું હૃદય આ શંકાને માન્ય કરવા તરફ દોરાય છે."

"ધારો કે મૃત મહાત્મા પાછો સજીવન થાય અને અહીંથી પલાયન કરી જાય, તોપણ તેથી આપણી કશી પણ હાનિ નથી. કારણ કે, એ હવે જો જીવતો રહે, તોપણ

અંગ્રેજ સરકારના રાજ્યમાં તો ઉઘાડેછોક ફરી શકવાનો જ નથી. જીવશે ત્યાં સુધી છૂપાતો સંતાતો ભમ્યા કરશે, એટલે તેનું એ જીવન પણ મરણસમાન જ માની શકાય. હવે આપણે એ વિશેની પંચાત કરવાની નથી. મહાત્માનો વૈકુંઠવાસ થયો છે અને મૅજિસ્ટ્રેટની કોર્ટમાં પ્રબળ પૂરાવા રજૂ થઈ ચૂક્યા છે, એટલે આપણો માલ તો કોર્ટ આપણને આપશે જ. તો પછી બીજી ચિંતા આપણે શામાટે કરવી જોઇએ?" આલમચંદે શંકા ન કરવાનો ઉપદેશ આપ્યો.

"પણ મારા મનમાં એક બીજો સંશય એ આવે છે કે, દયામયી તો છૂટી ગઈ હતી અને ત્યાર પછી જેલમાં મહાત્મા એકલો જ હતો. એટલે દયામયીને એ કપટ-પ્રયોગ યોજવાનો પ્રસંગ મળવો અશક્ય છે," મોહનલાલે કહ્યું.

"દયામયી છૂટી ગયેલી હોવા છતાં મહાત્માને મળવામાટે નિત્ય જેલમાં જતી હતી અને તેને સ્વતંત્રતાથી વાતચીત કરવાની જેલમાં સગવડ કરી અપાઈ હતી, એ મેં ઘણાકોના મોઢે સાંભળેલું છે. પૈસાના બળથી આ જગતમાં ન થઈ શકે એવું કોઈ પણ કાર્ય નથી. દયામયીને પ્રસંગ તો જોઇએ તેવો મળ્યો હતો, છતાં તેણે એ કળા ન અજમાવી હોય, અને આ ઘટના સ્વાભાવિક જ બની હોય તો તે એક જૂદી વાત છે!" સીતાએ મોહનલાલના મતનું ખંડન કરી નાખ્યું.

"જો સીતાની શંકા સત્ય હોય અને ઘોર અપરાધી મહાત્માને દયામયી કાયદાની ચુંગાલમાંથી આબાદ છટકાવી દે–બધાંની આંખોમાં ધૂળ નાખીને પોતાની કપટ-કળામાં ફાવી જાય, એ તો યોગ્ય ન જ કહેવાય. આમ થાય, તો તો આપણાં બધાંનાં નાક કપાઈ જાય અને આપણો આટલા દિવસનો પરિશ્રમ વ્યર્થ થાય. આનો કાંઈ પણ ઉપાય કરવો જ જોઇએ." વૃન્દાએ ગંભીર મુદ્રાથી કહ્યું.

"પણ ઉપાય શો કરવો?" આલમચંદે પૂછ્યું.

"છૂપી પોલિસના અમલદારને એ ખબર આપી દેવી કે, અમારા મનમાં આવા પ્રકારનો સંશય છે, એટલે તમારે આ બાબતની તપાસ રાખવી. કારણ કે, જીવાડવામાટે મહાત્માને ખાડામાંથી તો કાઢવો પડશે; એટલે જો ખાડાની આસપાસ સખ્ત અને છૂપી દેખરેખ રાખવામાં આવતાં જો આવો પ્રકાર હશે, તો તે તરત પકડાઈ જશે. આની તપાસમાટે વધારે દોડધામ કરવાની કશી પણ અગત્ય નથી." વૃન્દાએ ઉપાય દર્શાવ્યો.

"આમાં વાંધા જેવું કાંઈ પણ નથી. જો તમારી શંકા ખરી ઠરશે, તો સરકાર તરફથી આપણને ધન્યવાદ મળશે અને ખોટી ઠરશે, તો તેમાટે આપણે અપરાધી ઠરવાનાં નથી. ચેતતાં રહેવું, એ આપણો મુખ્ય ધર્મ છે. પછી તો જે થવાનું હોય તે થાય." આનંદાનંદે કહ્યું.

"ત્યારે છૂપી પોલીસને એ ખબર આપવા કોણ જશે?" વૃન્દાએ પૂછ્યું.

"કહો તો એ કામ હું કરી આવું." મોહનલાલે તત્પરતા બતાવી.

"તમારા વિના બીજાથી એ કાર્ય બરાબર થઈ શકે તેમ નથી. હં–પણ તમે ક્યારે જશો?" વૃન્દાએ કહ્યું.

"કહો તો અત્યારે જ જાઉં અને કહો તો આવતી કાલે સવારમાં?" મોહનલાલે કહ્યું.

"આવા કાર્યમાં વિલંબ કરવો ન જોઇએ; કારણ કે, આવી વિલક્ષણ ઔષધિઓ બહુ બહુ તો ચોવીસ કે અડતાળીસ કલાકમાં તે માણસને સજીવન કરવામાં ન આવે, તો સત્ય મરણ નિપજાવનારી થઈ પડે છે. એટલે કદાચિત્ આજ રાતે જ બધો ઘડો લાડવો થઈ જવાનો હોય અને આપણે કાલપર આધાર રાખીને બેસીએ, તો બાજી હાથમાંથી જતી રહે, એમાં શી નવાઈ?" સીતાએ કહ્યું.

"ત્યારે મોહનલાલ, તમે ગાડી જોડાવીને અત્યારે જ રવાના થાઓ;" વૃન્દાએ કહ્યું.

"આ ચાલ્યો." એમ કહીને મોહનલાલ તરત કપડાં પહેરીને નીચે ઉતર્યો અને ગાડી જોડાવી ડિટેક્ટિવ ખાતાના અમલદાર પાસે જવાને રવાના થઈ ગયો.

જે વેળાએ દયામયી પોતાના ખાનગી ઓરડામાં રામદયાળ સાથે પોતાનાં બે વિલક્ષણ કાર્યોને પાર પાડવાની મસ્લત કરવામાં રોકાયલી હતી, તે જ સમયે વૃન્દાના આગારમાં આ શંકાનો ઉદ્ભવ થયો હતો. એ ઘટનાવૈચિત્ર્યનો કેવો પ્રભાવ—નિઃસર્ગની કેવી રહસ્યમયતા! પરંતુ દયામયી કોને મારવા અને કોને સજીવન કરવા ઇચ્છતી હતી, એ જ્યાંસુધી આપણા જાણવામાં ન આવે, ત્યાંસુધી સીતાની શંકા સત્ય હતી કે અસત્ય, એ વિષે આપણે કશો પણ અભિપ્રાય દર્શાવી શકીએ તેમ નથી. કદાચિત્ દયામયીની કોઈ બીજી જ યોજના હોય અને સીતાના મનમાં અકારણ શંકા આવી હોય, તો તે પણ બનવા જોગ છે.

ચાહનો વખત થયેલો હોવાથી વૃન્દાએ રોહિણીને કહ્યું; "બહેન, જા અને આજે તું જ ચાહ કરીને લાવ; આજે તો તારા હાથથી ચાહ પીવી, એવી જ ઇચ્છા થઈ છે."

"તો મારી ક્યાં ના છે? આ ચાલી." એમ કહીને રોહિણી રસોડામાં ચાલી ગઈ.

આજે ખાસ રોહિણીને જ વૃન્દાએ ચાહ કરવાનું કહ્યું, તેનું શું કારણ?

પ્રકરણ ૬૯ મું
લગ્નવિચાર

રોહિણીના ગયા પછી વૃન્દાએ આલમચંદ તથા યશોદાને કહ્યું; "મેં આજે રોહિણીને ખાસ કરીને ચાહ કરવા શામાટે મોકલી, એ તમો સમજ્યાં? એટલામાટે જ કે મારે એના લગ્ન વિશેની વાતચીત કરવાની હોવાથી કદાચિત્ એ શર્માય. મોહનલાલ પણ બહાર ગયો છે, અને રોહિણી રસોડામાં છે, એટલે હવે એ વિશેની વાતચીત કરવામાં અડચણ નથી. રોહિણી અનાથાશ્રમમાં હતી, ત્યારથી તેનો અને મોહનલાલનો પરસ્પર પ્રેમ બંધાયલો છે, એ વૃત્તાંત તો મેં એકવાર તમોને સંભળાવ્યો છે, એટલે તેની પુનરુક્તિની આવશ્યકતા નથી. માત્ર રોહિણીની જાત અને માતાપિતાની ખબર ન પડે, તો લગ્નમાટે કાંઇક શંકા હતી. પરંતુ હવે એ પ્રત્યવાય રહ્યો નથી અને મોહનલાલના પિતા તથા અન્ય સંબંધીઓની પણ અનુમતિ મળી ચૂકી છે. એટલે હવે મારો એવો વિચાર છે કે, બનતી ઉતાવળે રોહિણીનાં લગ્ન કરી નાખીએ અને લ્હાવો લઈ લઈએ! રોહિણી હવે વિવાહયોગ્ય થઈ છે—ખાસી બાયડી જેવી

દેખાય છે અને તારુણ્યનાં સર્વ ચિન્હો એના શરીરપર સ્પષ્ટ જોવામાં આવે છે. હવે એને વધારે દિવસ સંસારસુખથી વંચિત રાખવી અને બળાત્કારે મનઃસંયમ કરાવવો, એ મારા અભિપ્રાય પ્રમાણે યોગ્ય નથી. જ્યારે ઈશ્વરે સર્વ સાધનોની અનુકૂલતા કરી આપી છે, અને વર પણ સદ્ગુણી, સુંદર, વિદ્વાન્ અને તરુણ છે, તો પછી વિના કારણ આવા શુભ કાર્યમાં વિલંબ શાને કરવો? મને તો પરમેશ્વરે સંતાનસુખ નથી આપ્યું, તો હવે રોહિણીનાં સંતાનોને રમાડવાના પ્રસંગને જેમ બને તેમ સત્વર પ્રાપ્ત કરી લેવો, એ મારું પ્રથમ કર્ત્તવ્ય છે. હું અને તમે તો હવે પાકાં પાન છીએ, એટલે જીવનવૃક્ષપરથી ક્યારે ખરી પડીશું એનો નિયમ નથી અને તેથી મને આશા છે કે, મારા અભિપ્રાયને તમે સંમતિ આપશો જ.”

“બહેન! રોહિણીને અમે તો માત્ર જન્મ જ આપ્યો છે અને ત્યાર પછી તેને પાળીપોષી ઉછેરીને મોટી તમે કરી છે, એટલે તેની ખરી માતા તો તમે જ છો. અમે એનાં નામ માત્રનાં માતાપિતા હોવાથી અમારો આવા વિષયમાં હા કે ના પાડવાનો કશો પણ અધિકાર નથી. તમે જે કાંઈ પણ કરો, તે અમને કબૂલ મંજૂર છે. અમારો આમાં કાંઈ પણ વાંધો નથી.” યશોદાએ પૂર્ણ વિવેક દર્શાવીને કહ્યું.

“કેમ દીવાનસાહેબ, આપનો શો અભિપ્રાય છે? આપ કેમ કાંઈ નથી બોલતા? પિતાની અનુમતિ તો સર્વથી પ્રથમ જોઇએ. જો આપના મનમાં કાંઈ શંકા હોય તો તે જણાવવામાં સંકોચ કરશો નહિ.” વૃન્દાએ આલમચંદના મુખને ઉઘાડવાનો પ્રયત્ન કર્યો.

“સ્ત્રીઓનાં કામ સ્ત્રીઓ જાણે–એમાં મારે શું બોલવાનું હતું? તમો બન્ને બહેનોની ઇચ્છા હોય, તો મારી જરા પણ ના નથી. રોહિણી મારી પુત્રી છે ને તમારી નથી? તમો કાંઈ એનું અકલ્યાણ કરવાનાં છો? મોહનલાલની યોગ્યતામાટે પ્રશ્ન છે જ નહિ, એટલે પછી વાંધો હોય જ શાનો? જમાઈ લાયકીવાળો હોવો જોઇએ અને તે છે.” આલમચંદે પણ અનુમતિ આપી.

“ત્યારે આપણે આવતી કાલથી જ લગ્નની તૈયારીનો આરંભ કરી દઇએ. આપણી એકની એક દીકરી હોવાથી અને આપણાં નામ મોટાં હોવાથી નામ પ્રમાણે ઠાઠમાઠ પણ કરવો જ પડશે. કાલથી તૈયારી કરવા માંડીશું, ત્યારે પંદર દિવસે માંડ માંડ પહોંચી વળાશે.” વૃન્દાએ કહ્યું.

“એમાં કાંઈ પણ અડચણ આવવાની નથી; બધી તૈયારીઓ પોતાની મેળે જ થઈ જશે.” આલમચંદે આશ્વાસન આપ્યું.

“દીવાન સાહેબ, બીજી વાત મારે તમને એ કહેવાની છે કે, લગ્નમાં જેટલો પણ ખર્ચ થાય, તે મારી તીજોરીમાંથી જ કરવાનો છે–તમારે એક પાઈ પણ ખર્ચવાની નથી! પછી દીકરી અને જમાઇને તમારે જે આપવાનું હોય તે ભલે આપજો; કારણ કે, એ તો તમો પોતે પણ કબૂલ કરી ચૂક્યા છો કે, રોહિણીની ખરી માતા હું છું અને તેથી રોહિણીને પરણાવવાનો બધો ખર્ચ પણ હું જ કરીશ!” વૃન્દાએ બીજો વિષય ચર્ચ્યો.

"માત્ર આ વાત વાંધાભરેલી છે. તમો બળાત્કારે હા પડાવો તો અમે લાચાર છીએ; પણ આ તમારી માગણી યોગ્ય તો નથી જ. તમે તમારા અને મારા પૈસાને જૂદા માનો છો? જો અત્યારે મારી ઇચ્છા પ્રમાણે ખર્ચ કરવાના પ્રસંગને હાથમાંથી જવા દઉં, તો પછી આવો પ્રસંગ પાછો મને ક્યારે મળવાનો હતો? બીજી દીકરી કે બીજો દીકરો તો છે નહિ. તમે રોહિણીને અત્યાર સુધી પાળી પોષી મોટી કરી, અને એના કલ્યાણમાટે હજારો રૂપીઆ ખર્ચીને પોતાના હૃદયને સંતોષ આપ્યો છે; તો હવે અમારી ઇચ્છાને પૂર્ણ કરવાની પરવાનગી અમને મળવી જોઇએ. પછી તો જેવો તમારો વિચાર." આલમચંદે ખરી લાગણીથી કહ્યું અને તેના હૃદયનો ભાવ તેના મુખમંડળમાં પણ સ્પષ્ટ દેખાતો હતો.

"જો આપનું મન દુ:ખાતું હોય તો તેમ કરો, પણ લગ્નસમારંભ મારા ઘરમાં થાય, એટલી તો કૃપા કરશો." વૃન્દાએ ઢીલી દોરી મૂકી.

"ભલે એથી તમારા મનમાં સંતોષ થતો હોય, તો એમ કરીશું. જો કે એ પણ વ્યાજબી તો નથી જ." આલમચંદે કહ્યું.

એટલામાં રોહિણીએ આવીને પૂછ્યું;-"અમ્મા! ચાહ તૈયાર છે, લાવું?"

"હા-લાવ." વૃન્દાએ આજ્ઞા આપી.

ચાહ તો ક્યારની તૈયાર થઈ ગઈ હતી અને રોહિણી વચ્ચે બે વાર ઓરડાના દરવાજા પાસે આવી ગઈ હતી, પણ પોતાના લગ્ન વિશેની ચર્ચા ચાલતી સાંભળીને 'આ કારણમાટે જ મને ચાહનું નિમિત્ત બતાવીને દૂર કરવામાં આવી છે, તો હવે એમના ભાષણમાં ભંગ ન કરવો' એમ ધારીને જાણી જોઇને તેણે ચાહ લાવવામાં મોડું કર્યું હતું. આવી બાબતોને ન સમજી શકે એટલી બધી હવે રોહિણી અજ્ઞાત કિંવા મુગ્ધા નહોતી. મોહનલાલ સાથે પોતાના લગ્નના નિશ્ચયને જાણીને તેના મુખમંડળમાં એક પ્રકારનું વિલક્ષણ તેજ વિલસવા લાગ્યું અને તેની છટા તાદૃશ્ય જણાતી હતી. ચાહના પ્યાલા લાવીને મૂકતાં પણ તેના ઓષ્ઠોમાં મંદ હાસ્ય કિંવા સ્મિત નૃત્ય કરતું દેખાતું હતું. પોતાના મનના માન્યા પુરુષની પ્રાપ્તિનો નિશ્ચય થતાં કઈ યુવતીની છાતી આનંદ અને હર્ષથી ન ઉભરાય? એ ઘટના નૈસર્ગિક હોવાથી તેનું આવું પરિણામ થવું જ જોઇએ.

ચાહ પીતાં પીતાં વૃન્દાએ રોહિણીની પ્રશંસા કરીને કહ્યું; "આપણી રોહિણી જેમ વિદ્યા આદિમાં નિપુણ છે, તેમ જ પાકનિષ્પત્તિમાં પણ પ્રવીણ છે. આજની ચાહનો સ્વાદ અલૌકિક છે. જ્યારે કોઈ પણ રાજકર્મચારી સરકારની ઉત્તમ સેવા બજાવે છે અને પોતાના કર્ત્તવ્યપાલનમાં દૃઢ રહે છે, ત્યારે સરકાર તેને માનદર્શક પદવી આપીને એટલે કે સર નાઇટ, બેરોનેટ, સ્ટાર, કે ખાનબહાદુર કે રાવબહાદુર આદિ બનાવીને તેના માનમાં વૃદ્ધિ કરે છે. અર્થાત્ આ રોહિણી આપણી ઉત્તમ સેવા બજાવતી હોવાથી અને પુત્રી તરીકેના પોતાના કર્ત્તવ્યપાલનમાં દૃઢ હોવાથી આપણે પણ એને કોઈ ઉત્તમ પદવીથી વિભૂષિત કરવી જ જોઇએ! જો એમ ન કરીએ તો તે આપણો અન્યાય જ કહી શકાય! બોલો, ત્યારે યશોદા બહેન, આપણે રોહિણીને કઈ પદવી આપીશું-એને અને એના ગુણોને શોભાવે તેવી યોગ્ય પદવી કઈ છે?"

"તમને કઈ પદવી યોગ્ય જણાય છે?" યશોદાએ કહ્યું.

"જેના વિના ગમે તેવો યોગ્ય પુરુષ પણ પ્રતિષ્ઠાહીન ગણાય અને જેના અભાવે અનેક સાધન અને સંપત્તિયુક્ત ગૃહ પણ કાન્તાર–અરણ્ય–સમાન મનાય છે તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આપનારી ગૃહિણીની પદવી જ આ રોહિણીમાટે યોગ્ય છે અને તેથી એને એ જ પદવીથી મંડિત કરવી જોઈએ!" વૃન્દાએ માર્મિકતાની લગ્નની વાર્તા જણાવી.

"પણ ગૃહિણી કોની?" સીતાએ વિનોદની વૃદ્ધિમાટે પૂછ્યું.

એ જ ક્ષણે મોહનલાલ દાખલ થયો. રોહિણી તેના માટે ચાહ લાવવા રસોડામાં ગઈ અને એ વિનોદ એટલેથી જ અટકી પડ્યો. વૃન્દાએ તેને પૂછ્યું; "કેમ બધી વ્યવસ્થા કરી આવ્યા?"

"છૂપી પોલિસનો અમલદાર સાહેબ પોતે તો કોઈ મિત્રને ત્યાં પાર્ટીમાં ગયો છે, એટલે તેની સાથે મેળાપ ન થવાથી જે કાંઈ જણાવવાનું હતું તે સર્વ એક કાગળપર લખીને તે કાગળ તેના ટેબલપર મૂકી આવ્યો છું અને તેની મડમને કેટલીક સૂચનાઓ આપી દીધી છે, એટલે મડમ બધી વાત તેને જણાવશે." મોહનલાલે જણાવ્યું.

"ત્યારે આ ચાહ લ્યો." વૃન્દાએ રોહિણીના હાથમાંથી પ્યાલો લઇને મોહનલાલને આપતાં કહ્યું.

મોહનલાલે પ્યાલો હાથમાં લીધો. રોહિણી નિત્ય તો આવા પ્રસંગે મોહનલાલ સમક્ષ બેસવામાં આનંદ માનતી હતી; પણ આજે તે તરત ત્યાંથી વીજળીના ઝબકારા પેઠે અદૃશ્ય થઈ ગઈ.

ચાહ પી લીધા પછી મોહનલાલે આનંદાનંદ ઉર્ફે ચંદ્રશંકરને ઇસારાથી બહાર બોલાવીને ધીમા સ્વરથી કાંઇક કહ્યું. ત્યાર પછી તેઓ પાછા અંદર આવ્યા અને વૃન્દા તથા સીતાની આજ્ઞા લઇને ચંદ્રશંકર "આજે રાત્રે હું જમવામાટે આવવાનો નથી;" એમ કહીને ત્યાંથી ચાલતો થયો અને નીચે આવ્યા પછી તેણે હયદરાબાદનો માર્ગ સ્વીકાર્યો.

પ્રકરણ ૭૦ મું

ઈશ્વરધર્મ અને યમધર્મ!

મધ્ય નિશાનો સમય વીતી ગયો હતો. નગરમાં સર્વત્ર શાંતિ અને નિઃસ્તબ્ધતા વ્યાપી ગઈ હતી; તો પછી નગર બહારના અને તે પણ વળી કુલેસી નદીના તીરપ્રદેશના સર્વથા જનશૂન્ય અને ઉજ્જડ ભાગમાં ભયંકર નિઃસ્તબ્ધતા અને શાંતિનો પૂર્ણ પ્રચાર હોય, તો તે સ્વાભાવિક જ છે. મહાત્માના શબને જે ઉદ્યાનમાં ભૂમિદાહ આપવામાં આવ્યો હતો, તે ભૂમિભાગ ઉદ્યાનના નામથી ઓળખાતો છતાં એક રીતે તો અરણ્યના એક શાંત સ્વરૂપ સમાન હતો. માત્ર તે નગરની પાસેનો ભાગ હતો અને ચારે તરફથી તેના માલિકે આટલી જમીન પોતાની માલેકીની છે, એમ બતાવવામાટે કાંટાની વાડ બાંધી લીધી હતી, એટલું માત્ર. એ ઉદ્યાનમાં ફળ પુષ્પનાં વૃક્ષોને બદલે

બાવળ, પીપળો, વડ અને લીંબુડાનાં ઝાડો જ વધારે સંખ્યામાં જોવામાં આવતાં હતાં. ત્યાં નામનો એક સંરક્ષક–રખેવાળ–રહેતો હતો. પણ મહાત્માને જ્યાં સમાધિ અપાઈ હતી તે સ્થળથી તે રખેવાળની ઝૂપડી બહુ જ દૂર હતી. વચ્ચે મોટાં મોટાં ઝાડો ઉભેલાં હોવાથી રાત્રિના સમયમાં આ બાજૂએ ચાલતા કાર્યક્રમની–કાન માંડીને સાંભળે, તોપણ તેને ખબર પડે, એ સર્વથા અશક્ય હતું. વળી એ ઉદ્યાનમાં પૂર્વે મીરોના રાજ્યકાળમાં કેટલાંક ખૂનો થયેલાં હોવાથી રાત્રે બાર વાગ્યા પછી ભૂતાવળ જાગે છે, એવો લોકોના મનમાં વહેમ હોવાથી રાત્રિના સમયમાં બહુધા કોઈ એ સ્થળ કે એની આસપાસની જગ્યામાં આવવાની હિંમત જ કરતું ન હોતું. નિશા અંધારી હતી અને આકાશમાં તારકો ચમકતા હતા. વનકીટકોના ભયાનક ધ્વનિ વિના અન્ય કોઈ પણ પ્રકારનો ધ્વનિ કે શબ્દ સંભળાતો ન હોતો. કોઈ કોઈ વાર કૂતરાં ભસીને રાત્રિની ભયંકર શાંતિનો ભંગ કરતાં હતાં, પણ તે કવચિત્ જ ને બહુ દૂર!

એવા ભયંકર સમયમાં એ ભયાનક સ્થાનમાં બે કૃષ્ણવસ્ત્રધારી વ્યક્તિઓએ પ્રવેશ કર્યો. તેમનાં વસ્ત્રો કાળાં હોવાને લીધે અંધકાર સાથે તેમની એકતા થઈ જવાથી ગાઢ અંધકારના ગર્ભમાં પ્રવેશ કર્યા પછી તેમને કોઈ પણ જોઈ શકે તેમ ન હોતું. તેઓ પૂર્ણ નિર્ભયતાથી ઉતાવળે પગલે આગળ અને આગળ વધતાં હતાં. તેઓ મહાત્માના સમાધિસ્થાન પાસે આવીને અટકયા અને તેમાંના એકે બીજાને ઉદ્દેશીને કહ્યું કે;–"આ જ તે સ્થાન!"

"ત્યારે કરું મારા કાર્યનું મંગળાચરણ?" બીજાએ પૂછ્યું.

"સબુર–આસપાસ તપાસ કર કે કોઈ આપણા કાર્યને જોતું તો નથી?" પ્રથમ વ્યક્તિએ ભીતિ દર્શાવી.

"તમે અકારણ ગભરાઓ છો. આટલી મોડી રાતે આવા ભયાનક સ્થળમાં હિંસ્ર પશુ પણ ન આવે, તો માણસનો જણ્યો તો ક્યાંથી જ આવે? હવે વિલંબ કરવો અયોગ્ય છે." બીજાએ કહ્યું.

"આપણને માર્ગમાં આવતાં કોઇએ જોયાં હોય અને કોઈ આપણી પૂઠ પકડીને પાછળ આવ્યું હોય તો? આપણા દુશ્મનો ઘણા છે, એની હજી તને બરાબર ખબર નથી. તપાસ કરવામાં આપણું શું જાય છે?" પ્રથમ વ્યક્તિએ પુનઃ શંકા તથા ભયનો પરિચય કરાવ્યો.

"જતું કાંઈ નથી, પણ વિનાકારણ વિલંબ થાય છે અને સમય વીતતો જાય છે." એમ કહીને બીજાએ આસપાસ ફરીને તપાસ કરી તો કોઈ પણ તેના જોવામાં ન આવ્યું. દીવો સળગાવી શકાય તેમ તો હતું જ નહિ, એટલે અંતે તેણે પોતાના કાર્યનો આરંભ કરી દીધો. એક પત્થરની આડમાં છૂપાવેલી કોદાળીને ઉપાડીને મહાત્માના સમાધિને ખોદવાના ઉદ્યોગમાં તે લાગી ગયો. લગભગ ત્રણેક હાથ જેટલી જમીન ખોદતાં જ કોદાળી પેટીપર જઇને અથડાઈ અને અવાજ થયો. પ્રથમ બોલનારે કહ્યું:–"બસ, હવે ધીમેથી પેટીપરની માટીને ખસેડીને પેટીને ઉઘાડી નાખ."

થોડી વારમાં જ પેટીના ઢાંકણાને ઉઘાડીને તેમાંથી મહાત્માના શબને બહાર કાઢવામાં આવ્યું. શબને બહાર કાઢયા પછી પ્રથમ બોલનારે તેને તપાસી પોતાના

વસ્ત્રમાંથી એક ઔષધિ કાઢી તેનું તેના કપાળ અને મસ્તકપર મર્દન કર્યું અને એક બીજી ઔષધિનાં થોડાંક ટીપાં તેના મુખમાં નાંખ્યાં. લગભગ વીસ મિનિટ પછી નિર્જીવ શરીરમાં ચૈતન્યસંચારનાં ચિન્હો દેખાવા માંડ્યાં; અને અડધા કલાકમાં તો મૃત મહાત્માએ આંખો ઉઘાડીને સવાલ કર્યો કે;-"હું ક્યાં છું? આ બધું અંધારું કેમ દેખાય છે? મને જીવતો કાણે કર્યો?"

"ધીમા સ્વરથી બોલો;-પોકાર ન કરો. મેં મારું વચન પાળ્યું છે અને તમારું જીવન તમને પાછું મેળવી આપ્યું છે. આ વસ્ત્રોને ઉતારીને હું મારી સાથે બીજાં વસ્ત્રો લાવી છું, તે પહેરી લ્યો અને આ બનાવટી વાળની ટોપી તથા દાઢી વગેરે ધારણ કરી લ્યો કે, જેથી તમને કોઈ પણ ઓળખી ન શકે!" પ્રથમ વ્યક્તિએ જણાવ્યું.

થોડી વાર સુધી તો મહાત્મા પડી રહ્યો, ઔષધિ પાછી રગડવામાં આવી; એક ત્રીજી શીશીમાંથી પ્રથમ વ્યક્તિએ નવી ઔષધિ તેના ગળામાં રેડી, અને દશ પંદર મિનિટે મહાત્મા ટટાર થયો.

"દયામયી, દયામયી, અંતે તેં મારી સંભાળ લીધી ખરી. પણ આવી રીતે વેશ બદલીને મારે ક્યાં જવું? અંગ્રેજ સરકારની સત્તા સર્વત્ર હોવાથી હું પકડાઈ જઇશ તો?" મહાત્માએ પૂછ્યું.

"તમે તો આવા બાયલા જ રહી ગયા. મારી હિમ્મત સાથે તમારી હિમ્મતને સરખાવો અને જરા શર્માઓ! સાંભળો, તમે દુનિયાની નજરથી મરી ગયેલા હોવાથી તમારા પર વૉરંટ તો નીકળવાનું નથી અને આ વેશમાં તમને કોઈ ઓળખી શકવાનું નથી, એટલે પછી પકડાઈ જવાનો સંભવ જ ક્યાં છે? અહીંથી તમે એક વાર આપણા શાક્તધર્મના પ્રમુખસ્થાનમાં પહોંચી ગયા, એટલે પછી આ બાબત ખુલ્લી થઈ જાય, તો પણ ત્યાંથી તમને કોઈ પકડી શકનાર નથી. તમે રસ્તામાં ક્યાંય ન રોકાતાં સીધા ત્યાં જ ચાલ્યા જજો અને ત્યાંથી આ પત્ર મેં લખી રાખ્યું છે, તે મારાપર મોકલી આપજો. એટલે હું જાણીશ કે તમે ક્ષેમકુશળતાથી ત્યાં પહોંચી ગયા છો. અહીંથી ત્યાં સુધી પહોંચવાના ખર્ચમાટે લ્યો રૂપિયા બસેં હું લેતી આવી છું. થોડા દિવસમાં હું પણ આવીને તમારી સેવામાં હાજર થઇશ." પુરુષવેષધારિણી દયામયીએ એમ કહીને બસેં રૂપિયાની દશ દશની વીશ નોટો અને પત્ર પોતાનાં વસ્ત્રોમાંથી બહાર કાઢચાં.

મહાત્માએ હવે વધારે સવાલ જવાબ ન કરતાં દયામયીએ આપેલાં વસ્ત્રો પહેરી લીધાં અને વાળની ટોપી તથા દાઢી પણ મસ્તક અને મોઢા પર ચઢાવી લીધી. મહાત્માને ઔષધિની ઉષ્ણતાથી તૃષા લાગી. તેણે પાણી માગ્યું. દક્ષ દયામયી એક બાટલીમાં પાણી પણ લેતી આવી હતી, એટલે તરત પાણી આપીને તેણે મહાત્માની તૃષાનું નિવારણ કર્યું.

મહાત્મા તથા દયામયીનો આ સંવાદ અને કાર્યક્રમ ચાલતો હતો, તે વેળાએ સમાધિને ખોદનાર બીજો પુરુષ ખોદવાના શ્રમથી થાકી ગયેલો હોવાથી સમાધિમાંથી નીકળેલી માટીપર વિશ્રાંતિ લેતો બેઠો હતો. તે અન્ય કોઈ નહિ, પણ પાપિષ્ઠ

દયામયીનો નવીન સાથી રામદયાળ હતો. તેણે દયામયીને પૂછ્યું કેઃ—"હવે ચાલવામાં કેટલો વિલંબ છે? કાર્ય સમાપ્ત થયું કે નહિ?"

"હવે માત્ર એક જ કાર્ય કરવાનું બાકી છે અને તે થઈ જાય એટલે પછી જવામાં કશો પણ વિલંબ નથી." દયામયીએ મંદ સ્વરથી ઉત્તર આપ્યું.

"તે શું કામ છે? તેમાં મારી જરૂરત છે?" રામદયાળે પૂછ્યું.

"તારી જરૂરત ન હોય એમ બને ખરું? એ કામનો બધો આધાર તારા જીવન-પર જ અવલંબી રહ્યો છે!" દયામયીએ ભ્રૂને વક્ર કરીને કહ્યું, પણ તેના એ મુદ્રા-પરિવર્તનને, અંધકાર હોવાથી રામદયાળ જોઈ શકયો નહિ.

દયામયીએ મહાત્માના કાનમાં કહ્યું;—"જે આ માણસને અત્યારે હું મારા સહાયક તરીકે સાથે લાવી છું, તે જ કદાચિત્ આપણા ભયનો હેતુ થાય તો થાય—બીજો તો ભય નથી જ. આ બધા ભેદને જાણી ગયેલો હોવાથી કાલે ઉઠીને કોઈ રીતે મારાથી અસંતુષ્ટ થાય, અને બધો ભેદ ખોલીદે, તો આપના ચતુર્ભુજ થવા પહેલાં મારા ગળામાં ફાંસો આવી પડે, એ તો નક્કી જ. એટલામાટે પ્રથમ આ ભયનું નિવારણ કરી નાખવું જોઈએ."

"પણ તે નિવારણ કેવી રીતે કરવું? અત્યારે આપણી પાસે એ ભયના નિવારણનો શો ઉપાય છે?" મહાત્માએ શંકા દર્શાવી.

"એ ઉપાયને પણ હું મારી સાથે જ લેતી આવી છું. જે ઔષધિથી આપને શબના સ્વરૂપમાં મેં ફેરવી નાખ્યા હતા, તે જ ઔષધિનો અત્યારે હું એનાપર પ્રયોગ કરીશ અને તે વધારે પ્રમાણમાં આપવાથી શીઘ્ર પ્રાણહારક થઈ પડશે. એ નિશ્ચેષ્ટ થતાં મારા સમાધિમાં એને સૂવડાવી માટી વાળીને આપણે ગચ્છંતી કરી જઇશું, એટલે આ જગતમાં પછી આપણને કોઇનો પણ ભય રહેવાનો નથી!" દયામયીએ જણાવ્યું.

"ત્યારે એનું ખૂન જ કરવું છે?" મહાત્માએ પૂછ્યું.

"તારા બચાવમાટે એના પ્રાણ લેવા જ જોઇએ; ખૂન કરવાની કૃતિ આપણામાટે કાંઈ નવી નથી. આટલાં ખૂન કરી નાખ્યાં, તેમાં એકનો વધારો થશે—સડસઠ તેવા અડસઠ!" દયામયીએ કહ્યું.

"જેવી તારી ઇચ્છા!" મહાત્માએ સૌમ્ય અનુમતિ આપી.

દયામયીએ મહાત્માના કાન સાથે લાગીને બીજી કેટલીક સૂચનાઓ આપી દીધી અને ત્યાર પછી રામદયાળ પાસે આવીને કહ્યું;—"કેમ, તું આમ બાઘો બનીને બેસી કેમ રહ્યો છે?"

"ત્યારે શું નાચું? હું ઘણો જ થાકી ગયો છું." રામદયાળે બેસી બેસીને કંટાળો ખાઇને કહ્યું.

"ત્યારે એમ બોલને! તારા થાકને ઉતારવાનો ઉપાય મારી પાસે તૈયાર છે. ગભરાય છે શા માટે?" એમ કહી દયામયીએ પેનકીલરની બાટલી જેવડી એક બાટલી પોતાના વસ્ત્રના અંદરના ભાગમાંથી બહાર કાઢી.

"ઘરથી નીકળતી વખતે જ મને લાગ્યું કે, કદાચિત્ આવો પ્રસંગ આવશે અને તેટલા માટે હું થોડીક મદિરા એક નાની બાટલીમાં ભરીને સાથે લાવી છું. લે, આ બાટલી-

માંથી અર્ધભાગ તું પી જા અને અડધી મારે માટે રહેવા દે." એમ કહીને દયામયીએ અંધારામાં રામદયાળના હાથમાં આપી દીધી.

દયામયીના ભેદોને જાણવા પછી આ એક ભયંકર અબળા છે અને તેથી વિશેષ વિશ્વાસ રાખવા જેવી નથી, એવા વિચારો રામદયાળના મનમાં આવ્યા ખરા, પણ પ્રસંગને જોતાં અત્યારે તે કાંઈ દગો કરે એવો સંભવ ન જણાયાથી અને તેના ભોગવિલાસથી મળતા આનંદનું સ્મરણ થતાં એ શંકાનું વિસ્મરણ થઈ જવાથી 'અડધી મારે માટે રહેવા દે' એ તેના શબ્દોએ વિશ્વાસને દૃઢ કર્યો, શંકાને દૂર કરી, અને રામદયાળે જરા પણ આનાકાની કર્યા વિના હાથમાંથી તે બાટલી લીધી અને અંધારામાં દૃષ્ટિ ન પડવાથી તેમાંની અડધી મદિરા પીવાને બદલે બધી જ ગટગટાવી ગયો.

કાળ જ્યારે આવવાનો હોય છે, ત્યારે કાંઈ ડંકો વગાડીને આવતો નથી; કિંતુ દબાતે પગે'છૂપા છૂપ આવે છે. જેનો અંત થવાનો હોય, તેને પોતાના આગમનની જરા પણ ખબર ન પડવા દેવી એ જ તેનો ધર્મ છે. બિચારા ભાનભૂલ્યા રામદયાળને પણ પોતાની પાસે આવી ઉભેલા કાળની ઓળખ ન પડી, નહિ તો તે પોતાના હાથે જ આનંદથી પ્રાણહારક પદાર્થનું પાન કરત ખરો? જાણીજોઈને કોઈ અગ્નિની જ્વાળામાં પડે ખરું? કદાપિ નહિ. પરંતુ એનો અંત એવી રીતે જ સર્જાયલો હતો, ત્યાં બીજાનો શો ઉપાય? દયામયીએ તો માર્મિકતામાં તેને મંગળાચરણમાં જ જણાવી દીધું હતું કે, 'એકનું મરણ નિપજાવવાનું છે અને બીજાને સજીવન કરવાનો છે!' પરંતુ વિકારના ઉન્માદમાં તે એના ગૂઢ રહસ્યને ન સમજ્યો અને અંધ થઇને મરણજાળમાં સપડાયો, એમાં અન્યનો શો દોષ? માર્ક એન્ટની જેવો મહાન્ વિજેતા યોધો પાપિની કલીઓપેટ્રાના કૃત્રિમ પ્રેમજાળમાં સપડાઇને ભ્રષ્ટ અને નષ્ટ થઈ ગયો હતો, ત્યાં બિચારો રામદયાળ શી ગણનામાં? એ બાટલીમાંનું પ્રવાહી ઉદરમાં જતાં જ તેની છાતીમાં જાણે કોઇએ વજ્રનો આઘાત કર્યો હોયની એવો એક આઘાત થયો અને એક નિમેષ માત્રમાં પ્રાણહીન થઈને તે પૃથ્વીપર પછડાઈ પડ્યો! બુમ પાડવા કે એકાદ બે શબ્દ બોલવા જેટલો વખત પણ તેને મળી શકયો નહિ!!

દયામયીએ તેનો હાથ ઝાલી નાડ તપાસી તો ગતિનો લોપ થયેલો દેખાયો અને શીતલતા આદિ મરણનાં અન્ય ચિન્હો પણ જોવામાં આવ્યાં. દયામયીએ મહાત્માને કહ્યું;–"આવો, હાથ આપો, આ દુર્ભાગીના શબને તમારા સ્થાનમાં પધરાવી દઇએ!" મહાત્મા જે જરા વિશેષ ટટાર થયો હતો, તેણે એ મદદ કરી અને રામદયાળના ખોદેલા ખાડામાં રામદયાળના શબને પધરાવી દેવામાં આવ્યું. મહાત્માનાં જે વસ્ત્રો હતાં તે પણ તેની સાથે નાખીને બન્નેએ સાથે મળી ઉપરથી માટી વાળી દીધી. આ કાર્યની સમાપ્તિ પછી દયામયી અને મહાત્મા ત્યાંથી ચાલતાં થયાં. દયામયીએ કોદાળી તથા પાવડો સાથે જ લઈ લીધાં. માત્ર પેલી ખાલી બાટલી ઉપાડી લેવાની વાતને તે સદંતર ભૂલી ગઈ.

ત્યાંથી ચાલ્યા પછી મહાત્માએ કહ્યું;–"દયામયી, દૈત્યગુરુ શુક્રાચાર્યની સંજીવની વિદ્યાના ચમત્કારોનું વર્ણન પુરાણોમાં વાંચેલું અને સાંભળેલું હતું, પણ તારી મૃતસંજીવનીનો તો મને પ્રત્યક્ષ પરિચય અથવા સાક્ષાત્કાર થયો છે. એટલે તને જો શુક્રાચા-

ચૈના અવતારસ્વરૂપ માનવામાં આવે, તો તે કાંઈ ખોટું નથી. પણ તું અહીંથી જલદી ત્યાં આવતી રહેજે; કોઇના મોહમાં ફસાતી નહિ; તારા વિના મને ત્યાં ચૈન નહિ પડે અને જીવન ભારસ્વરૂપ જણાશે."

"હું થોડા જ વખતમાં આવીશ, ચિંતા ન કરો! બગીચાના દરવાજામાંથી બહાર નીકળ્યા પછી મોટે સાદે અને વધારે વાત ન કરશો. અહીંથી સીધા સ્ટેશન-પર ચાલ્યા જજો. ત્યાં રાણીના બગીચામાંના સાધુઓ પાસે બેસી રહેજો અને સવારમાં છ વાગે જે ગાડી કોટડી તરફ જાય છે તેમાં બેસી કોટડીથી ગાડી બદલી બીજી ટ્રેનમાં તરત રવાના થઈ જજો. ટિકિટ સેકન્ડ કલાસ કે ફર્સ્ટ કલાસની લેજો અને બનતાં સુધી જો કમ્પાર્ટમેન્ટ બદલવા પડે, તો તેમ કરવામાં પણ આળસ ન કરશો. જુઓ—દરવાજો આવ્યો. સાવધાન!" દયામયીએ આવશ્યક સૂચનાઓ આપી દીધી.

તેઓ દરવાજામાંથી બહાર નીકળ્યાં અને કાંઈ પણ બોલ્યા ચાલ્યા વિના કુસેલી-પરના બ્રિજ—પુલ—પાસે આવી લાગ્યાં. દયામયીએ નીચે પાણીના પ્રવાહ પાસે જઈ કોદાળી તથા પાવડાને પાણીમાં નાખી દીધાં અને પાછી ઉપર આવી. પાછાં બન્ને જણ ચાલ્યાં—બન્નેએ માર્કિટનો માર્ગ લીધો. માર્કિટ પાસેથી દયામયી બજારને રસ્તે વળી ગઈ અને મહાત્મા આગળ ચાલ્યો. ઢોળાણપરથી ઉતરી ડાબા હાથપર વળીને તેણે સ્ટેશનના સીધા રસ્તાને સ્વીકારી લીધો.

દયામયી માર્ગમાં કોઈ પણ પ્રકારના વિઘ્નને અનુભવ્યાવિના પાછલે બારણેથી મંદિરમાંના પોતાના ઓરડામાં પહોંચી અને તરત પોતાનાં સાધારણ સ્ત્રી વસ્ત્રો પહેરી લઈ, શય્યામાં પડી. મહાત્માને કોટડીથી ટ્રેન બદલીને રવાના થતાં સુધીમાં કાંઈ પણ વિઘ્ન ન આવ્યું. હાલ તો પાપીઓ આબાદ છટકી ગયાં અને જગત્ એથી અજ્ઞાત હતું.

મોહનલાલે કાગળ લખીને છૂપી પોલીસના અમલદારને આવી શંકા હોવાનું જણાવ્યું હતું અને આવી જરા પણ ખબર મળતાં છૂપી પોલીસ પોતાથી બનતો બંદોબસ્ત કરવામાં જરા પણ ગફલત નથી કરતી, આવો નિયમ હોવા છતાં એક નવું ખૂન થયું, મહાત્મા આબાદ છટકી ગયો અને દયામયી આરામથી ઘરમાં આવી સવામણની સેજમાં સૂઈ ગઈ. છૂપી પોલીસનો અમલદાર એક એવી પાર્ટીમાં જઈ ભરાયો હતો કે, જ્યાંથી રાતે ત્રણ વાગે તે ઘેર આવ્યો અને તે વેળાએ મદિરાના આનંદમાં હોવાથી કાગળ વાંચવાની તકલીફ જ ન લીધી! તેણે બિછાનામાં લંબાવી દીધું. પોલીસના આ પ્રમાદથી દયામયી અને મહાત્માનો પાપમાર્ગ નિષ્કંટક થઈ ગયો. વળી મોહનલાલે ચંદ્રશંકરને પણ એ બાબતની તપાસમાટે જ મોકલ્યો હતો, પણ તેણે મંદિર પાસે આવીને જોયું તો તે રાત્રે બાર વાગ્યા સુધી તો દયામયી કથા વાંચતી બેઠી હતી, બાર વાગ્યા પછી શ્રોતાજનો મંદિરમાંથી બહાર નીકળ્યા અને મંદિરનાં બધાં દ્વાર બંધ કરવામાં આવ્યાં. બે અઢી વાગ્યા સુધી આસપાસ ફરવા છતાં જ્યારે દયામયીની કાંઈ હીલચાલ જોવામાં ન આવી, ત્યારે તે શંકાને અકારણ અને નિર્મૂલ ધારીને પાછો ગિદુસુંદર તરફ ચાલ્યો ગયો. જે ગુપ્ત દ્વારમાંથી દયામયી પોતાના સાથીને લઇને

નીકળી ગઈ હતી, તે ગુપ્તદ્વારથી ચંદ્રશંકર અજ્ઞાત હતો અને તેથી જ તે એ બાબતં પત્તો મેળવી ન શક્યો.

દયામયીએ આગલે દિવસે પોતાની નિર્ભયતાની એક બીજી પણ વ્યવસ્થા કર રાખી હતી અને તે એ કે, બીજે દિવસે પ્રભાતમાં ઉત્તમ મુહૂર્ત હોવાથી સમા ચણાવવાના કાર્યનો આરંભ કરવો, એમ તેણે ભક્તજનોને કહી રાખેલું હોવાથી સૂર્યોદ થતાં જ બધી સામગ્રી અને કડિયા વગેરે ત્યાં આવવાના હતા. દયામયી અરુણ દય થતાં જ ગાડીમાં બેસીને બગીચામાં આવી. બાટલી જેમની તેમ પડી હતી. તે તેને તોડીને સમાધિની માટીમાં દાટી દીધી અને થોડીવાર પછી ભક્તજનો કડિયા વ રેને લઇને આવ્યા. વિધિપૂર્વક સમાધિનો પાયો નંખાયો અને ચણતરનું કામ ચા થઈ ગયું.,

સવારમાં નવ વાગે છૂપી પોલીસના અમલદારે ચાહ પીતાં પીતાં મોહનલાલ કાગળ વાંચ્યો અને દશ વાગે બગીચામાં આવીને છૂપી તપાસ કરી તે વેળાએ સમ ધિના ઓટલાનો ચોથો ભાગ તો ચણાઈ ગયો હતો અને સાંઝ સુધીમાં આખો ઓટ ચણાઈ જવાનો સંભવ હોવાથી હવે તપાસ ચલાવવી વ્યર્થ હતી. છતાં રાતે બધી જાત તપાસ રાખવામાં આવી, પણ તેનું પરિણામ નિરાશામાં જ આવ્યું. થવાનું હતું થઈ ગયું, એટલે પછીની તપાસથી શો લાભ? પાર્ટીએ બધો ઘાટ બગાડી નાખ્યો, એ જ કહી શકાય.

પ્રકરણ ૭૨ મું

સીતાની આકાંક્ષા

આનંદાનંદ ઉર્ફે ચંદ્રશંકર શાક્તસદનમાં હતો, તે વેળાએ જ સીતાના હૃદય દિરમાં તેના પ્રેમનો નિવાસ થયો હતો. ત્યાર પછી વૃન્દાના ગૃહમાં આવી વસવા અને ત્યાં પણ તેમનો સતત સમાગમ રહેવાથી એ સ્નેહના અંકુરોએ વૃક્ષનું સ્વરૂ ધારણ કરવા માંડયું. સીતાનો ચંદ્રશંકરવિષયક સ્નેહ દિવસે દિવસે વધવા લાગ્યો સ્ત્રીમાં લજ્જાનો ભાવ સ્વાભાવિક જ પુરુષ કરતાં વિશેષ હોવાથી પોતાના એ સ્નેહ પોતાના મુખથી તે વ્યક્ત કરીને લગ્નની યાચના કરી શકતી ન હોતી અને તેથી તે મનોવેદનામાં વધારો થતો હતો.

સિંધમાં ઘરોપર બહુધા નળિયાંવાળાં છાપરાં હોતાં નથી, કિંતુ ઉપરનો ભ અગાસી પ્રમાણે બાંધેલો હોય છે, તેમાં કોઇને પાળ હોય છે અને કોઇને નથી હોત ઉન્હાળામાં બહુધા એ અગાસીમાં જ ખાટલા ઢાળીને લોકો સુએ છે. વૃન્દાના ઘરમ કોઈ અગાસીમાં સૂવા જતું નહોતું, તોપણ ઉપર કોઇવાર જઇને બેસવામાટે ખાટલ તથા ખુરસીઓ આદિ સાધનો રાખવામાં આવ્યાં હતાં. અગાસીમાં જઈ બેસતાં સિં નદીનો વિશાળ જળપ્રવાહ, તેપરનો પુલ અને સામા કિનારાપરના કોટડી નગર દેખાવ વગેરે દેખાતાં હોવાથી નેત્રોને ઠીક આનંદ મળતો હતો; શીતલ વાયુના સ્પર્શ શરીરશ્રમનો પણ પરિહાર થતો હતો.

સંધ્યાકાળ થવા આવ્યો હતો, ઘરમાં લગ્નની તૈયારીની ધામધૂમ ચાલતી હતી અને ન્યાતની સ્ત્રીઓનાં ટોળેટોળાં આવતાં હતાં. એથી વૃન્દા અને રોહિણીને નીરાંતે બેસી **સી**તા સાથે ચાર વાતો કરવાનો અવકાશ ભાગ્યે જ મળી શકતો હતો. અત્યારે પણ બહારથી આવેલી સ્ત્રીઓ સાથે વૃન્દા અને યશોદા વગેરે વાતચીતમાં રોકાયલાં હતાં. પોતાના મનને ચેન પડતું ન હોવાથી સૃષ્ટિસૌન્દર્યના અવલોકનથી મનોરંજન કરવામાટે **સી**તા ઉપર અગાસીમાં આવીને બેઠી; અને ત્યાર પછી બેસવાનું ન ગમવાથી વિશાળ અગાસીમાં આંટા ફેરા કરી આસપાસના સૃષ્ટિસૌન્દર્યને ધ્યાનપૂર્વક જોવા લાગી. ફરતી ફરતી તે મનમાં ને મનમાં બોલવા લાગી કે;–

"મારે હવે મારી મનોવેદના કોને જણાવવી? એક અતિથિ તરીકે મારે શ્રીમતી વૃન્દાના આગારમાં કેટલાક દિવસ કાઢવા? રોહિણીનો લગ્નવિધિ થઈ ગયા પછી વધારે દિવસ અહીં રહેવું સારું નથી. કોઇને કંટાળારૂપ અને ભારરૂપ થઈ પડ્યા પછી જવું તેના કરતાં પ્રતિષ્ઠામાં જ ચાલ્યા જવું એ વિશેષ શોભાસ્પદ છે. **ચં**દ્રશંકરની અવસ્થા પણ મારા જેવી જ છે. એ પણ રહી રહીને કેટલાક દિવસ રહી શકશે? લાંબો વખત તો નહિ જ. પણ એ તો પુરુષ છે, એટલે ગમે ત્યાં ભમીને અને ગમે તે ઉદ્યોગ કરીને પોતાનો સમય વીતાડશે અને નિર્વાહ પણ ચલાવ્યા કરશે; પરંતુ હું શું કરીશ? મારાથી શો વ્યવસાય કરી શકાશે? મારી પાસે પૈસા હોવા છતાં, નધણિયાતી બાયડીનાં સો જણ ધણી થશે અને લોકો નહિ હશે તેવી સો વાત કરશે. પતિ વિનાની સ્ત્રીનું જીવન વ્યર્થ છે, તે કાંઈ ખોટું નથી. જો **ચં**દ્રશંકર મારો પત્ની તરીકે સ્વીકાર કરે અને ગૃહસ્થાશ્રમની વ્યવસ્થા થાય, તો જ ભાવિસુખની કાંઇક આશા રાખી શકાય. પણ એ વિશેની વાતચીત મારાથી કેમ કરી શકાય? લજ્જાને ત્યાગી આવા પ્રકારની યાચનામાટે મોઢું કેમ ખોલાય? આ તો પીટયું સહેવાતું પણ નથી અને કહેવાતું પણ નથી. **સી**તા, તારા ભાગ્યમાં સુખ લખાયલું જ નથી !"

શોકના વેગમાં આ છેલ્લા શબ્દો તેના મુખમાંથી બહાર નીકળી ગયા અને એ જ ક્ષણે **ચં**દ્રશંકર અચાનક અગાસીમાં આવી ચઢવાથી તે શબ્દો બરાબર તેના સાંભળવામાં આવ્યા એટલે આવતાંની સાથે જ તેણે સવાલ કર્યો; "**સી**તા, અહીં એકલાં તમે શા વિચારમાં નિમગ્ન થયાં છો અને આવા દુ:ખોદ્ગાર કાઢવાનું શું કારણ? તમારા મારાપર અનેક ઉપકાર છે, એટલે જો મને તમે પોતાના હૃદયની વેદના દર્શાવશો, તો તેને ટાળવાનો હું મારાથી બનતો પ્રયત્ન કરીશ."

તેના આ શબ્દો **સી**તાના દગ્ધ હૃદયને અમૃતસિંચન સમાન જણાયા. થોડી વાર તો તે કાંઈ પણ બોલ્યા ચાલ્યા વિના એકાગ્ર દૃષ્ટિથી **ચં**દ્રશંકરના મુખને જોઈ રહી અને ત્યાર પછી બોલી;–"**ચં**દ્રશંકર, તમે ખરેખર જ મને પોતાની ઉપકારક માનો છો કે આ ઔપચારિક પ્રકાર છે? જો તમારી ભાવના ખરી જ હોય, તો મારા ઉપકારના બદલામાં હું જે માગું તે તમારે આપવું જ જોઇએ, એમ જ કેની? તમો સુજ્ઞ હોવાથી મારે એ વિશે વિશેષ વ્યાખ્યા કરવાની આવશ્યકતા નથી."

"મારાથી આપી શકાય તેવી કોઈ પણ વસ્તુ આપવાને હું તૈયાર છું. મારી કૃતજ્ઞતા વિશે તમારે લેશ માત્ર પણ શંકાને હૃદયમાં સ્થાન ન આપવું.' **ચં**દ્રશંકરે પોતાની એકનિષ્ઠતા દર્શાવી.

"તમારી આ કૃતજ્ઞતામાટે હું તમારો આભાર માનું છું. ચંદ્રશંકર, તમો જાણો છો કે શાક્તસદનના બધા ભેદો મેં તમને જણાવી દીધા અને અન્તે મેં પણ તેનો ત્યાગ કર્યો, તે કઈ ભાવી આશાથી? કેવળ એ જ આશાથી કે મારા ભ્રષ્ટ જીવનનો લોપ થાય અને મને એવો અવસર મળે કે હું મને પોતાને એક આદર્શ આર્ય અબળા તરીકે સિદ્ધ કરી બતાવું અને મારા ભ્રષ્ટ જીવનને એક પુણ્યમય આદર્શ જીવન બનાવું." સીતાએ કહ્યું.

"એ તમારા આશયને તમારા વારંવારના ઉદ્ગારોથી હું કેટલેક અંશે જાણી શક્યો છું. એ તમારો આશય બહુ જ ઉત્તમ અને સ્તુત્ય છે." ચંદ્રશંકરે ખરી લાગણીથી કહ્યું.

"પણ મારા એ આશયને પૂર્ણ કરવામાટે મને કેટલાંક અનુકૂળ સાધનોની આવશ્યકતા છે–તે સાધનો જો ન મળી શકે, તો મારો એ આશય કદાપિ સિદ્ધ થઈ શકે તેમ નથી. એ સાધનો શા પ્રયત્ને મેળવવાં અને પ્રયત્ન કરવા છતાં પણ એ સાધનો મળી શકશે કે કેમ, એના વિચારમાં જ અત્યારે હું નિમગ્ન થયેલી છું!" સીતા આશયના સ્ફોટમાં કિંચિદ્ આગળ વધી.

"એ શાં સાધનો છે?" ચંદ્રશંકરે આતુરતાથી પૂછ્યું.

સીતાના મનમાં બોલવું કે ન બોલવું, એ વિશેના વિચારયુદ્ધનો આરંભ થયો. અંતે 'આ સમય લજ્જાનો નથી; બોલે તેનાં બોર વેચાય છે' એવા નિશ્ચયપર આવીને તે બોલી; "હું બળાત્કારે ભ્રષ્ટતાનું બલિદાન થયેલી એક પતિત અબળા છું, એ તો તમો જાણો છો જ; તેમ જ મારા હૃદયની પવિત્રતા તથા નિષ્કપટતાનો પણ તમને પૂરો અનુભવ મળી ચૂક્યો છે, એટલે તે વિશે પણ વિશેષ વિવેચન નિરર્થક છે. મારામાં જેમ દૂષણ છે તેમ જ ભૂષણ પણ છે; તો હંસ જેમ નીરને ત્યાગી કેવળ ક્ષીરનો જ સ્વીકાર કરે છે, તેમ મારા દૂષણને ભૂલી જઈ કેવળ મારા ભૂષણને જ પ્રાધાન્ય આપી તમો મારી સેવાનો સ્વીકાર કરશો અને મને પોતાની ગૃહિણીના પદથી વિભૂષિત થવા દેશો? મારી ઉચ્ચ ભાવનાને સિદ્ધ કરવામાટે જે સર્વથી પ્રથમ વસ્તુની આવશ્યકતા છે, તે કેવળ ગૃહિણીપદ છે. એ મુખ્ય સાધન વિના અન્ય સર્વ સાધન વ્યર્થ છે: તે સહાયક અને ગૌણ સાધનો છે;" એમ કહીને ચંદ્રશંકરના આવ્યા પૂર્વે જે વિચારો પોતાના મનમાં આવ્યા હતા, તે પણ સીતાએ તેને કોઈ પણ પ્રકારના કપટ વિના સાદ્યન્ત જણાવી દીધા.

ચંદ્રશંકરના મનમાં પણ સીતા વિષયક પ્રેમનો અંકુર ઉદ્ભવ્યો હતો, પણ તે પ્રબળ ન હોવાથી તેની અધિક વૃદ્ધિ થઈ શકી નહોતી. આજે સીતાના આ વચનરૂપ જળસિંચનથી તે તાજો થયો અને તેથી તેના હૃદયમાં પણ પ્રેમના પ્રવાહનું વહન થવા લાગ્યું. એ પ્રેમના આવેશમાં તે બોલી ઉઠ્યો; "સીતા, તમે સંસારની લીલી સૂકી જોયેલી હોવાથી અને મૂળ તમારું હૃદય શુદ્ધ હોવાથી તમને ગૃહિણીપદ આપવાથી અવશ્ય મારો સંસારપ્રવાસ સુખદાયક નીવડશે અને અંતે આપણે ધર્મ, અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિરૂપ અંતિમ સ્થાનમાં જઈ પહોંચીશું! આથી તમારા અને મારા ઉભયના જીવનનું કલ્યાણ હોવાથી તમને પત્ની તરીકે સ્વીકારવામાં મારી જરા

પણ ના નથી. હું આ બધી વાત શ્રીમતી વૃંદાને જણાવીને તેમની અનુમતિ પણ મેળવી લઇશ. હું યોગ્યતાથી મારો ગૃહસંસાર ચલાવી શકું, એટલી પરમેશ્વરે મારામાં શક્તિ આપી છે એટલે અન્ય કોઈ પ્રકારની ચિંતા રાખવાનું કાંઈ પણ પ્રયોજન નથી."

પોતાની ઇચ્છા પ્રમાણેનું ઉત્તર મળવાથી સીતાએ બીજા વિષયમાં ઉતરીને કહ્યું; "પણ હું અહીં અગાસીમાં છું, એ તમે કેમ જાણ્યું ?"

"તમે અહીં છો, એમ જાણીને હું અહીં આવ્યો નહોતો. હું બહાર ગયો હતો અને સાડા ત્રણ માઇલ ચાલીને આવવાથી જરાક થાક લાગતાં હવામાં બેસવાના ઇરાદાથી જ ઉપર આવ્યો, ત્યાં તો તમે બેઠાં હતાં અને અચાનક તમારો એક ઉદ્ગાર મારા સાંભળવામાં આવ્યો કે જેણે આ ચર્ચાને જન્મ આપ્યો અને તેનું પરિણામ સારું આવ્યું !" ચંદ્રશંકરે ખુલાસો કર્યો.

"આપણો સંસાર સંતોષકારક નીવડશે, ત્યારે અવશ્ય આ અગાસીમાંની ઘટનાનું વારંવાર આપણને સ્મરણ થયા કરશે.'' સીતાએ શરમાતાં શરમાતાં ઉદ્ગાર કાઢયો.

"આ અગાસી આપણા સાંસારિક જીવન અને ગૃહસ્થાશ્રમની જન્મભૂમિ છે, એમ જ આપણે માનીશું.'' ચંદ્રશંકરે કહ્યું.

સૂર્યનારાયણ અસ્તાચલમાં જવાની તૈયારીમાં હોવાથી અને નિશાના આગમનને સૂચવનારી સંધ્યાની છાયાનો વિસ્તાર થયેલો હોવાથી બન્ને પ્રેમીજનો શોકના સ્થળે હૃદયમાં આનંદ અને સ્નેહને પધરાવીને પૂર્ણ મર્યાદાથી નીચે ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૭૨ મું

બે લગ્ન

રાતે ભોજન લીધા પછી ચંદ્રશંકરે શ્રીમતી વૃન્દાની તેના ખાનગી ઓરડામાં મુલાકાત લઇને અગાસીમાં સાંજે સીતા સાથે થયેલો પોતાના કોલકરારનો સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. તે સાંભળીને વૃન્દાએ સંતોષ દર્શાવીને કહ્યું;–"ચંદ્રશંકરભાઈ, એક અનાથ અને પતિત અબળાના હસ્તને સ્વીકારીને તમે આજે ખરેખર પોતાની અલૌકિક ઉદારતા તથા પરોપકારબુદ્ધિનો પરિચય કરાવ્યો છે; અને એ માટે હું તમને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું. એ હું સારી રીતે જાણું છું કે, રોહિણી શાક્તસદન જેવા રૌરવનરકમાં જવા છતાં પવિત્ર રહી શકી અને જીવતી પાછી આવી, એ કેવળ સીતાનો જ પ્રતાપ છે અને એ ઉપકારનો બદલો મારાથી આ જન્મમાં બરાબર આપી શકાય તેમ છે જ નહિ; છતાં તમો બન્નેને મારાથી બની શકતી જે સહાયતા આપી શકાશે, તે આપવાને હું તૈયાર છું."

"આપ કૃપા કરીને સીતાને પણ અહીં બોલાવો અને તેના વિચારને પણ જાણી લ્યો, એટલે પછી કોઈ પ્રકારના વિચારનો અવકાશ જ ન રહે." ચંદ્રશંકરે પ્રાર્થના કરી.

વૃન્દાએ દાસીને મોકલીને સીતાને બોલાવી, અને તે આવી, પણ ચંદ્રશંકરને જોઈ શરમાઈને એક ખૂણામાં ઉભી રહી. વૃન્દાએ કહ્યું; "બહેન, વિના કારણ શરમાવાનું હવે કાંઈ પણ કારણ નથી. બધી વાત ચંદ્રશંકરે મને કહી છે અને તેથી હું કહી શકું છું કે તેં જે કર્યું છે તે યોગ્ય જ કર્યું છે–આર્ય અબળાની એ જ આકાંક્ષા હોવી જોઇએ,

એટલે તને તારી આ બુદ્ધિમાટે હું ધન્યવાદ આપું છું. જ્યારે તમો બન્ને આ કાર્યમાં અનુમત છો, તો હવે વિલંબ શામાટે થવો જોઇએ? રોહિણીનું લગ્ન પણ થવાનું જ છે, એટલે મારો એવો વિચાર છે કે, તમારો લગ્નસંબંધ પણ સાથે સાથે જ કરી નાખવો!"

"આવી ધામધૂમથી મારું લગ્ન થયેલું જોવાને હું રાજી નથી. બીજી રીતિએ લગ્ન થાય તો શી હરકત છે?"

"ત્યારે એમ કહે કે તારો સિવિલ મૅરેજ કરવાનો વિચાર છે." વૃન્દાએ કહ્યું.

"એ જ-હું એ અંગ્રેજી શબ્દ ભૂલી ગઇ'તી. એમ થવાથી પછી કોઈ જાતની હરકત આવવાની નથી, એવો મારો અભિપ્રાય છે." સીતા બોલી.

"કેમ, ચંદ્રશંકર, તમારો એ વિશે શો વિચાર છે?" વૃન્દાએ પૂછ્યું.

"જે સીતાનો વિચાર તે જ મારો વિચાર." ચંદ્રશંકરે અનુમતિ આપી.

"ત્યારે તો લગ્નસંબંધ કાલના એક દિવસમાં જ થઈ શકશે. મોહનલાલને કાલે આ વાત કહી એક વકીલને રોકીને હું બધી ગોઠવણ કરીશ. સીતા, તારો પતિ એક સાધુ છે, એટલે તે બરાબર ગૃહસંસાર ચલાવશે કે નહિ અને ખર્ચ નભાવી શકશે કે નહિ, એનો તારે જરા પણ વિચાર ન કરવો. હું તારા નામના રૂપીઆ દશ હજાર બૅંકમાં જમે રાખીશ અને ચંદ્રશંકરને મારી જમીનદારીના એક સહાયક વ્યવસ્થાપક નીમીને રૂપીઆ સોનો માસિક પગાર આપીશ. આથી તમારો સંસાર સુખપૂર્વક ચાલ્યા કરશે. સંપ અને સંતોષથી વર્ત્તવું એ તમારું કામ છે; ભૂલે ચૂકે પણ લડીવઢીને પોતાની હાંસી ન કરાવશો."

"આ માતા સમાન યોગ્ય ઉપદેશ આપવામાટે આપનો જેટલો ઉપકાર અમે માનીએ તેટલો ઓછો છે. પણ શ્રીમતી આપે જે ઉદારતા બતાવી છે, તે આપના પરોપકારી સ્વભાવને શોભાવનારી હોવા છતાં મારો આપને એવા પ્રકારનો પરિશ્રમ આપવાનો મનોભાવ નથી. શાક્તસદનમાંથી એટલું ધન તો હું લાવી છું કે જો તેનો યોગ્યરીતે વ્યય કરવામાં આવે, તો તે બેચાર પેઢી સુધી પણ ખૂટે તેમ નથી. માત્ર બૅંકમાં નાણાં રખાવી આપજો અથવા બીજી રીતે નાણાંની સુરક્ષિતતાની વ્યવસ્થા કરી આપજો એટલે થયું. આપની અમારાપર જે પૂર્ણ કૃપા અને છાયા છે તે જ પૂર્ણ છે." સીતાએ ધન સ્વીકારવાની સ્પષ્ટ અનિચ્છા દર્શાવીને કહ્યું.

સીતા તારી પાસે ભલે કરોડોની મિલકત હોય, તો તેની પણ વ્યવસ્થા કરી આપવામાં આવશે; પણ હું તારી માતા સમાન હોવાથી મારી આટલી ભેટનો તારે સ્વીકાર કરવો જ પડશે. મારી ઇચ્છાનો અનાદર કરીશ, તો મારું મન દુઃખાશે અને ભવિષ્યમાં હું તમારી સાથે કોઈ પણ જાતનો વ્યવહાર નહિ રાખું." વૃન્દાએ આગ્રહ કર્યો.

"આપના વચનનું અપમાન કરવાની મારી ભાવના છે જ નહિ. તમારો આગ્રહ છે, તો મારી ના નથી. હું વળી એ રકમનો કોઈ શુભ કાર્યમાં વ્યય કરીશ." સીતાએ હા પાડી.

"અખંડ સૌભાગ્યવતી ભવ!" એ પ્રમાણેનો આશીર્વાદ આપીને વૃન્દાએ બન્ને પ્રેમીઓને વિદાય કર્યાં. જેમ ચિંતાતુરને સુખ અને નિદ્રાનો લાભ મળતો નથી, તે જ પ્રમાણે જ્યારે પ્રેમ તથા હર્ષનો અતિરેક થાય છે, ત્યારે પણ પ્રેમાતુર અને હર્ષાતુરને ભાગ્યે જ નિદ્રાસુખ મળી શકે છે. અર્થાત્ સીતા અને ચંદ્રશંકરની પણ આજની રાત ભાવી સુખના વિચારથી જાગરણમાં જ વીતી ગઈ. આકાશમાં અરુણની કાંતિનું જ્યારે તેમણે દર્શન કર્યું, ત્યારે પ્રભાતકાળ આટલો વ્હેલો કેમ આવી લાગ્યો હશે, એનું તેમને મહાઆશ્ચર્ય થવા લાગ્યું.

વૃન્દાએ પોતાના વચન પ્રમાણે સવારમાં જ મોહનલાલને કહી અગિયાર વાગ્યા સુધીમાં તેમના લગ્નની તૈયારી કરી દીધી. એક બ્રાહ્મણને બોલાવી સાધારણ ધર્મ-વિધિથી લગ્ન થયાં; અને વેદમંત્રોવડે પ્રતિજ્ઞા લેવાઈ. પછી એક સારા વકીલ સાથે તેણે તેમને રજીસ્ટ્રારને ત્યાં મોકલ્યાં. રજીસ્ટ્રારની સન્મુખ પ્રતિજ્ઞા કરી કાયદા પ્રમાણે લગ્નને રજીસ્ટર્ડ કરાવ્યું અને ત્યાંથી લગભગ ચાર વાગે સીતા તથા ચંદ્રશંકર ધર્મપત્ની તથા ધર્મપતિ તરીકે ઘેર પાછાં આવ્યાં અને તેમણે વૃન્દાને નમન કરી રોહિણી વગેરેને મળીને પોતાનો આનંદ દર્શાવ્યો. સર્વ જનોએ તેમના વિશે પોતાની શુભભાવના દર્શાવીને આશીર્વાદ આપ્યા. નિઃસર્ગની કેવી અદ્‌ભુત લીલા કે જેની સ્વપ્નમાં પણ કલ્પના નહોતી, તે લગ્નસમારંભ રોહિણીના લગ્નથી પૂર્વે અને માત્ર એક દિવસમાં જ આટોપાઈ ગયો.

આટલા દિવસ સીતા બહુધા સ્ત્રીમંડળમાં વસતી હતી અને રાતે રોહિણીના ઓરડામાં જ સૂતી હતી; પણ આજે નૂતન વિવાહિત પતિપત્નીના શયનમાટે સંસારવ્યવહાર દક્ષ વૃન્દાએ એક જૂદો ઓરડો કઢાવ્યો. એ ઓરડામાં કોચ, પલંગ, કુરસી, ટેબલ આદિ ફર્નીચર અને અન્ય આવશ્યક વસ્તુઓ બરાબર ગોઠવવામાં આવી હતી, અને સીતાએ આજથી હવે તે ઓરડામાં જ શયન કરવાનું હતું. એકદમ ત્યાં શયન કરવા જતાં સીતા શરમાવા લાગી અને તેથી ઘણીવાર સુધી વૃન્દા, યશોદા અને રોહિણી સાથે વાતો કરતી બેસી રહી. તેની લજ્જાને જાણીને વૃન્દાએ કહ્યું: " બહેન, જા હવે સૂઈ જા; કારણ કે, અમને પણ નિદ્રા આવે છે." વૃન્દાની આજ્ઞાના રહસ્યને જાણીને રોહિણી તથા યશોદાએ પણ નિદ્રાનો ભાવ દર્શાવ્યો અને તેમના શય્યામાં પડ્યા પછી અભિસારિકા પ્રમાણે લપાતી છૂપાતી સીતાએ પોતાના નિયત શયનમંદિરમાં જવાને ત્યાંથી ગમન કર્યું. ચંદ્રશંકર તેની વાટ જોતો જ પુસ્તક વાંચતો બેઠેલો હોવાથી પત્નીનો તેણે યોગ્ય સત્કાર કર્યો.

આજે જ ખરી રીતે સીતાના—નારી અવતારની સાર્થકતા થઈ—તેનો સ્ત્રીજન્મ સફળ થયો. પ્રભાતમાં વૃન્દા અને રોહિણી વગેરે જાગ્યાં. અને તે વેળાએ સીતા તો સ્નાન આદિ નિત્યકર્મથી મુક્ત થઇને કઠેરામાં એક પુસ્તક વાંચતી બેઠી હતી. લજ્જિત થવાનો પ્રસંગ ન આવે અને કોઈ તેને વરઘેલી કહીને ન બોલાવે, એટલામાટે તે પાંચ વાગતાંમાં જ ઉઠીને શયનમંદિરમાંથી બહાર નીકળી આવી હતી.

* * * *

આનંદના દિવસો વીતતાં વિલંબ નથી લાગતો, એટલે જોતજોતામાં રોહિણીનાં લગ્ન અથવા અન્ય શબ્દોમાં કહીએ તો પાણિગ્રહણનો દિવસ નજીકમાં આવીને ઉભો રહ્યો; ગિદુબંદરમાં આજે કેટલાક દિવસથી ચાલી રહેલી ધામધૂમનો અવધિ થયો. પ્રભાતમાં જ દીનજનોને મિષ્ટાન્ન ભોજન આપવામાં આવ્યું અને તે ઉપરાંત તેમને વસ્ત્ર આદિના દાનથી પણ સંતોષવામાં આવ્યાં. દીન જનોના આશીર્વાદની સર્વત્ર ગર્જના થવા લાગી. અતિથિ સ્ત્રી પુરુષોનો પણ આજે સુમાર નહોતો, અને તે એટલે સુધી કે, ગિદુબંદરમાં તલ નાખવા જેટલી પણ જગ્યા રહી નહોતી. જાણે કોઈ મોટો મેળો ભરાયો હોયને, તેવો જ ભાસ થતો હતો. ક્યાંક કલાવતીનાં નૃત્યગાન આદિ ચાલતાં હતાં, ક્યાંક ભાટોની વાર્ત્તાનો વિલાસ જોવામાં આવતો હતો, ક્યાંક કાફીઓ ગવાતી હતી, ક્યાંક દુહા બોલાતા હતા, ક્યાંક ભીખારીઓ ગાતા હતા અને ક્યાંક બ્રાહ્મણો વેદના મંત્રો લલકારતા હતા. એવી રીતે સર્વત્ર આનંદનો પ્રકાર ચાલી રહ્યો હતો. લગ્નનું મુહૂર્ત સાંજે પાંચ વાગ્યાનું હતું. બરાબર ચાર વાગતાં હયદરાબાદથી વરરાજા મોહનલાલની સવારી આવવાની હતી. સાડા ત્રણ વાગતાંમાં તો ઘણાખરા લોકો વરરાજાની સવારીના ઠાઠને જોવામાટે રસ્તામાં ગોઠવાઇને ઉભા રહી ગયા. સ્ત્રીઓ પોતાનાં ઘરોની બારીઓમાં તથા ઓટલાપર ગોઠવાઇને ઉભી રહી. ચારને બદલે સવા ચાર વાગે દૂરથી મંગલસૂચક વાદ્યધ્વનિ સંભળાયો અને તેણે વરરાજાના આગમનની સૂચના આપી દીધી. કન્યાપક્ષના ઘણા લોકો સામૈયે ગયા અને વરરાજાને વાજતે ગાજતે લગ્નમંડપમાં લઈ આવ્યા. મોહનલાલ લગ્નનાં વસ્ત્રોને પરિધાન કરી એક ઉત્તમ અશ્વપર આરૂઢ થયેલો હતો અને તેની સાથેના અન્ય જનો ગાડીમાં આવ્યા હતા. વરરાજાએ મંડપમાં પ્રવેશ કરતાં જ બ્રાહ્મણોએ આશીર્વાદ અને સ્ત્રીઓએ મંગલ ગીતથી તેને વધાવી લીધો.

વરનું આગમન થતાં જ ઉત્તમ વસ્ત્રાલંકાર પહેરાવી સજ્જ કરેલી કન્યા રોહિણીને પણ મંડપમાં લાવવામાં આવી. વરકન્યા ઉભય પાસે પાસે જૂદા જૂદા પાટલાપર બેસી ગયાં. બ્રાહ્મણોએ યજ્ઞના અગ્નિને પ્રજ્વલિત કર્યો અને મંત્રોના ઘોષનો પણ આરંભ કરી દીધો. આજની લગ્નક્રિયા કરવાને ઉત્તમ પુરોહિતોને બોલાવવામાં આવ્યા હતા, એટલે તેમણે વરવધૂની પ્રતિજ્ઞાઓનો પ્રથમ હિંદી ભાષામાં ભાવાર્થ કહી સંભળાવ્યો અને ત્યાર પછી તેમના મુખે તે પ્રતિજ્ઞાઓનો ઉચ્ચાર કરાવ્યો. અંતિમ વિધિની સમાપ્તિ થતાં મોહનલાલ અને રોહિણીને આર્યધર્મશાસ્ત્રના નિયમ પ્રમાણે પતિ પત્ની તરીકે જાહેર કરવામાં આવ્યાં. વિધિ સમાપ્ત થયા પછી રોહિણીના પિતા આલમચંદે મોહનલાલને કહ્યું;–

"પ્રિય જામાતા! અત્યાર સુધી રોહિણી અમારી હતી, પણ આજથી એનાપર સર્વ પ્રકારે તમારો અધિકાર થયો છે અને અમારો સંબંધ નામ માત્રનો જ રહ્યો છે. અમારી આ પુત્રી અમને પુત્ર કરતાં પણ અધિક પ્રિય છે અને તેથી અમારી એ જ પ્રાર્થના છે કે, એની સાથે પ્રેમ, અને કૃપાળુતાથી જ વર્તજો અને કોઇવાર જો એની કાંઇ ભૂલ થાય, તો તેની ક્ષમા કરજો; કોઈ નવીન કાર્ય શીખવવું હોય તો પ્રેમ અને

માધુર્યથી જ શીખવજો; કર્કશતાનો ઉપયોગ ન કરશો. તમો સુજ્ઞ અને પ્રેમી પતિ હોવાથી જો કે આ ઉપદેશની અગત્ય નથી જ; પરંતુ પિતા તરીકે મારાથી બોલ્યા વિના નથી રહેવાતું. જો અવિનય થતો હોય, તો તે માટે હું ક્ષમા માગું છું."

બીજી તરફ વૃન્દાએ રોહિણીને એવો જ ઉપદેશ આપતાં કહ્યું;—"પ્રિય પુત્રી! આજે સ્ત્રીજાતિને ભૂષણાવહ પત્નીના પદની તને પ્રાપ્તિ થઈ છે અને ઈશ્વરકૃપાથી તને પતિ પણ એવો સદ્‌ગુણી અને સ્નેહી મળ્યો છે કે, એવો પતિ કોઇક ભાગ્યશાળી સ્ત્રીને જ મળી શકે છે. હવે અમારા પ્રતિના સ્નેહમાં ન્યૂનતા કરી સર્વ સ્નેહ સ્વામીને સમર્પવો, તેની એકનિષ્ઠા તથા ભક્તિથી સેવા કરવી, તેના વચનને આધીન રહેવું, દઢતાથી પાતિવ્રત્યનું પાલન કરવું અને ગૃહમાં સાસૂ સસરા, આપ્તગોત્ર અને સેવકજનોનો પ્રેમ મેળવવો, એ જ તારા જીવનનું સર્વોત્તમ કર્તવ્ય છે. તું સુશીલ અને સુજ્ઞ હોવા છતાં એક માતા તરીકે મારે આ ઉપદેશ આપવો જ જોઇએ; કારણ કે, મારું આ કર્તવ્ય છે."

યશોદાનું કાર્ય વૃન્દાએ કરવાથી યશોદાએ માત્ર એટલો જ આશીર્વાદ આપ્યો કે;—"પુત્રી, તારી સંસારયાત્રા સુખદાયક થાઓ, તારો ચૂડો ચાંલ્લો અખંડ તપો અને તારા ગૃહમાં સુખ સંપત્તિ તથા સંતતિ આદિની નિરંતર વૃદ્ધિ થતી રહો, એ જ આ દીન માતાનો અંતઃકરણપૂર્વક આશીર્વાદ છે;" આટલું બોલતાં તો તેનાં નેત્રમાંથી હર્ષનાં અશ્રુ નીકળવા લાગ્યાં.

સિંધમાં બહુધા પુત્રી અને પુત્રના લગ્ન વયસ્ક થવા પછી થતાં હોવાથી પરણીને તે જ દિવસે વધૂને વર પોતાને ઘેર લઈ જાય છે, એટલે તે નિયમ પ્રમાણે રોહિણી પણ આજે વિદાય થવાની હોવાથી વિયોગ સમયે આલમચંદ, વૃન્દા અને યશોદાનાં નેત્રોમાંથી નીરની ધારા વર્ષવા લાગી. જો કે રોહિણી પછી તો પતિ સહિત સદાને માટે ત્યાં આવીને જ વસવાની હતી; તોપણ જનક, જનની અને પાલક માતાને તેનો એ અલ્પ વિયોગ પણ અસહ્ય થઈ પડ્યો. સત્ય વાત્સલ્ય અને સંસારની માયા કિંવા મમતા તે એ જ.

વર પોતાની નવોઢા વધૂને લઇને હયદરાબાદ ગયો અને બીજે દિવસે ઘણાક અતિથિઓ પણ ચાલ્યા જવાથી પુનઃ ત્યાં પૂર્વ રંગની છાયા પ્રસરવા લાગી. સંસારનાં સર્વ દૃશ્યો ક્ષણિક–ક્ષણભંગુર છે. તો પછી એ લગ્નસમારંભ જ શાશ્વત કેમ હોઈ શકે? બે દિવસ પછી તો જાણે તે સમારંભ એક સ્વપ્ન હોયની, તેવો જ ભાસ થવા લાગ્યો. મૃત્યુ પછી આ જીવનકાળ પણ એ જ પ્રમાણે આત્માને સ્વપ્નવત્ ભાસતો હોવો જોઇએ. બોલતી પૂતળી રોહિણી વિનાનું ઘર વૃન્દાને શૂન્ય દેખાવા લાગ્યું અને તેથી તેણે બેચાર દિવસમાં જ મોહનલાલ તથા રોહિણીને પાછાં પોતાને ત્યાં બોલાવી લીધાં અને ત્યાં જ રહેવાનો મોહનલાલને આગ્રહ કર્યો.

રોહિણી અને મોહનલાલનો વિધિપૂર્વક શરીરસંબંધ થઈ ગયેલો હોવાથી અહીં જ આપણી નવલકથાની સમાપ્તિ થવી જોઇએ; પણ નિરુપાયવશાત્ અમારાથી તેમ કરી શકાતું નથી. અદ્યાપિ આપણે દયામયીની એક વિશેષ કૃતિનું નિરીક્ષણ કરવું છે અને જે ટાલિયો મહાત્મા ગોપાલિયો બધાંની આંખમાં ધૂળ નાખીને દયામ-

યીના સાહાય્યથી આબાદ છટકી ગયો છે, તેને પણ આપણે પકડી પાડવો છે. જે કાર્ય કરતાં ચંદ્રશંકર અને ડિટેકિટવ સાહેબ થાપ ખાઈ ગયા હતા, તે કાર્ય આપણે કરવાનું છે અને તેથી હજી આપણને આપણી વાર્તાના પ્રદેશમાં થોડોક પ્રવાસ કરવો પડશે.

—⁂—

પ્રકરણ ૭૩ મું

દયામયીની તીર્થયાત્રા

ગત પ્રકરણમાં વર્ણવેલી ઘટનાને ત્રણ ચાર માસનો કાળ વીતી ગયો હતો, મહાત્માના મરણનો શોક પ્રેમલા પ્રેમલીઓના મનમાંથી ધીમે ધીમે ભુંસાતો જતો હતો અને નવવિવાહિત બે દંપતીઓ–ચંદ્રશંકર તથા સીતા અને મોહનલાલ તથા રોહિણી–પોતાનો કાળ આનંદમાં વીતાડતાં હતાં. એવામાં દયામયીએ એક દિવસ પોતાનો મનોભાવ પ્રેમલાપ્રેમલીના મંડળમાં દર્શાવ્યો કે–

"ભક્તજનો! મારે હવે એક બે દિવસમાં મથુરા વૃન્દાવનની યાત્રા કરવા જવાનું છે. કારણ કે, વૈકુંઠવાસી મહાત્મા શ્રી ગોપાલદાસ મહાશયના પુણ્ય નિમિત્ત ત્યાંની પુણ્યભૂમિમાં દાન ધર્મ કરવાની, તેમ જ તેમને પિંડ આદિ આપવાની અતિશય આવશ્યકતા છે. આપણા ધર્મશાસ્ત્રની આજ્ઞા અને વૈષ્ણવધર્મની રૂઢિ અનુસાર એ ક્રિયા અવશ્ય કરવી જ જોઇએ. એટલા માટે મારી એ પ્રાર્થના છે કે, આપથી બની શકે તેટલું દ્રવ્યસાહાય્ય આપ આપો અને મરહૂમ મહાત્મા પ્રતિના પૂજ્યભાવને પ્રત્યક્ષ કૃતિથી વ્યક્ત કરી બતાવો. આપ ભક્તજનો જાણો જ છો કે, મહાત્મા પોતે અત્યંત ઉદાર હોવાથી મંદિરમાં જે કાંઈ આવતું હતું, તેનો શ્રીરાધાકૃષ્ણના અનેક ઉત્સવોમાં અને દાનધર્મમાં વ્યય કરી નાખતા હતા, એટલે મંદિરના ધનભંડારમાં નાણાંની વધારે રકમ બાકી રહી નથી–ભાગ્યે જ બે હજાર રૂપિયા નીકળી શકશે અને આવા મહાત્માની તીર્થસ્થાનમાં ઉત્તરક્રિયા કરવામાટે ઓછામાં ઓછા દશ હજાર રૂપિયા તો જોઇએ જ. જો મહાત્માની યોગ્યતાના પ્રમાણમાં ત્યાં ઉત્તરક્રિયા નહિ થાય, તો તેમાટે અપકીર્તિ તેમના ભાવિક શિષ્યોની જ થશે. પોતાના ગુરુના નામને દીપાવવું, એ કર્તવ્ય શિષ્યજનોનું છે. અમે સાધુજન હોવાથી અમારે એની સાથે વધારે કાંઈ પણ સંબંધ નથી. જો આ વ્યવસ્થા કરી આપશો તો શારીરિક પરિશ્રમ કરવો, એ મારું કાર્ય છે."

થોડી વાર સુધી તો ભક્તમંડળમાં નિઃસ્તબ્ધતાનું સામ્રાજ્ય વ્યાપી ગયું. ત્યાર પછી ભક્તજનો ધીમા સ્વરથી પોતપોતામાં કાંઈક ગુસપુસ કરવા લાગ્યાં અને અંતે પ્રેમલાઓના અગ્રેસરે ઉઠીને બોલવાની શરુઆત કરી; "બાંધવો! શ્રીમતીનું કથન અક્ષરે અક્ષર સત્ય છે. મથુરા વૃન્દાવનમાં મોટી ધામધૂમથી મહાત્માની ઉત્તરક્રિયા થવી જ જોઇએ. રૂપીઆ દશ હજારની રકમ એકઠી કરી આપવી અને તે પણ વળી આવા શુભ અને ધાર્મિક કાર્યમાટે, એ કાંઈ મોટી કે ન બની શકે તેવી વાત નથી. જો એકસો ભક્ત માત્ર સો સોની નજીવી રકમ આપશે, તોપણ આ પળે જ દશહજારની રકમ એકઠી થઈ જશે. ચાલો મંગળાચરણમાં હું જ એક હજારની રકમ આપું છું."

ભક્તોને હવે પાનું ચઢવાથી તરત કોઇએ હજાર, કોઇએ પાંચસો, કોઇએ બસેં તો કોઈએ સો એમ તડાતડ રકમો પોતાના નામે ભરવા માંડી–છ સાત વિધવાઓએ તો બબ્બે હજારની રકમો ભરી દીધી એટલે જોત જોતામાં દશને બદલે વીસ હજારની રકમ ભરાઈ ગઈ અને તે રૂપીઆ બીજે દિવસે આપી દેવાનો પણ ઠરાવ થઈ ગયો.

દયામયીએ ભક્તજનોને તેમની એકનિષ્ઠભક્તિમાટે કોટિશઃ ધન્યવાદ આપીને તે દિવસે જ પોતાના પ્રવાસની તૈયારીઓ કરવા માંડી. રાત્રિના સમયમાં તેણે મૂર્ત્તિઓમાંની સંપત્તિને પણ કાઢી લીધી અને બીજું પણ જે કાંઈ હતું, તે વાળીઝાડીને એટલી હદ સુધી સાફ કરી લીધું કે, માત્ર બે ત્રણ દિવસના મંદિરના ખર્ચ જેટલા પૈસા જ બાકી રાખ્યા. ત્યાર પછી પોતાના એક શિષ્યને બોલાવીને કહ્યું: "હું કદાચિત્ ચાર છ મહિના તીર્થસ્થાનમાં રહીશ, એટલે મંદિરની વ્યવસ્થા બરાબર રાખજે. જે કાંઈ આવક થાય તે એકઠી કર્યા કરજે અને અગત્ય કરતાં વધારે ખર્ચ કરીશ નહિ. ગુપ્ત રીતે શાક્તધર્મનો પ્રચાર કરતો રહેજે અને આપણાં ગુપ્ત આચરણોને ચાલૂ રાખજે. આપણા શાક્તધર્મના પૂર્વ પુરસ્કર્ત્તાઓએ વૈષ્ણવ ધર્મના ગ્રંથોમાં પણ શાક્તતત્ત્વોને એવી દક્ષતાથી મિશ્રિત કરી દીધાં છે કે, કોઇના જાણવામાં પણ ન આવે એવી પદ્ધતિથી કોઈ પણ ચાલાક નર શાક્તધર્મનો સર્વત્ર વિસ્તાર કરી શકે છે. તારી ભાવી ઉન્નતિનો આધાર હવે તારા પોતાના પ્રયત્ન અને ઉદ્યોગપર જ રહેલો છે. તેં મહાત્મા અને મારી કૃતિઓને જોયેલી હોવાથી તને વધારે ઉપદેશની આવશ્યકતા નથી; છતાં એટલું ધ્યાનમાં રાખજે કે, પુરુષો કરતાં પણ માલદાર સ્ત્રીઓ અને તેમાં પણ વિધવાઓનો સારો સત્કાર કરતો રહેજે અને તેમની કોઈ પણ ઇચ્છાને તૃપ્ત કરવામાં જરાપણ વિલંબ કરીશ નહિ; વિશેષ ધનપ્રાપ્તિનો માર્ગ એ સ્ત્રીઓ જ છે–એ સ્ત્રીઓ ન હોય, તો આ મંદિરનાં બારણાં તરત દેવાઈ જાય, માટે તેમનો અનાદર ન કરીશ."

"દેવી! આપનો આ શિષ્ય આપની આ આજ્ઞાનું યથોચિત પાલન કરીને વૈકુંઠવાસી મહાત્મા તથા આપશ્રીના નામને અવશ્ય દીપાવશે, એ વિશે આપે જરા પણ ચિંતા ન રાખવી. હવે એ પ્રેમલાઓ છે ને હું છું–આપણો અડ્ડો હવે આપણે બરાબર જમાવીશું. લોભીઆ વસતા હોય ત્યાં ધૂતારા ભૂખે મરે જ નહિ અને જ્યાં પ્રેમલાં હોય ત્યાં આપણા જેવાનો ડંડો બરાબર ચાલવાનો જ." નિપુણ શિષ્ય બોલ્યો.

બીજે દિવસે સવારમાં આઠ વાગતાંમાં તો રૂપીઆ વીસ હજારની કરન્સી નોટો દયામયીના હાથમાં આવી પડી અને તે જ દિવસે રાતે બાર વાગે ઉપડતા પંજાબ મેલમાં રવાના થવાનો વિચાર દયામયીએ સર્વને જણાવી દીધો. દયામયીએ સાથે લઈ જવામાટે બહુ જ થોડો સામાન બાંધીને તૈયાર કર્યો હતો; અને જે પેટીઓ ભરવામાં આવી હતી, તેમાં ઘણે ભાગે તો ઝવેરાત અને બીજી મૂલ્યવતી વસ્તુઓ જ વધારે હતી. રાતે નવ વાગતાંમાં જ ભક્તજનો ગાડીઓ સાથે આવીને મંદિરના દરવાજા ઉપર હાજર થઈ ગયા. દયામયીએ લગભગ એક કલાક સુધી તેમને કથામૃતનું અંતિમ પાન કરાવ્યું અને સાડા દશ વાગતાં નીકળવાની તૈયારી કરવામાં આવી. એ વેળાએ આવેલી સ્ત્રીઓ તરફથી છેલ્લી રૂપીઆ અને બબ્બે રૂપીઆની ભેટ તરીકે પણ તેને ત્રણ ચારસો રૂપીઆની પ્રાપ્તિ થઈ ગઈ. દયામયી ભક્તજનોના સમુદાયસાથે

સ્ટેશનપર આવી લાગી અને તેથી ત્યાં જાણે કોઈ રાજાની રાણી ક્યાંક વિદાય થતી હોયની, એવો જ દેખાવ થઈ રહ્યો. ભકતો અથવા પ્રેમલાઓની દોડધામ અને હાંફલ-હુંફલ વિચિત્ર પ્રકારની જોવામાં આવતી હતી. ભક્તજનો સાથે વાતો કરવામાં અને તેમને મંદિરની સંભાળની ભલામણ આપવામાં દયામયીનો કલાક સવાકલાકનો સમય વીતી ગયો અને ટ્રેન આવી લાગી. આગલે દિવસે જ કરાંચી તાર કરીને હયદરાબાદથી મથુરા સુધીના પ્રવાસમાટે ફર્સ્ટકલાસનો એક કમ્પાર્ટમેન્ટ રોકવામાં આવ્યો હતો, એટલે શ્રીમતી દયામયી પોતાના બે નોકરો સાથે તે કમ્પાર્ટમેન્ટમાં વિરાજ્યાં, બધો સામાન પણ ત્યાં જ મૂકાઈ ગયો અને અંતે ભકતજનોના હર્ષનાદ વચ્ચે સીટી કરીને ટ્રેન ત્યાંથી ઉપડી ગઈ. નોકરોને સાવધાન રહેવાની સૂચના આપીને શ્રીમતી દયામયી ફર્સ્ટ કલાસની ગાદીવાળી નરમ સીટપર રેશમનું ગાદલું પથરાવી તેને વધારે નરમ કરીને તેપર નિદ્રાવશ થઈ. જો કે તે દેખીતી તો નિદ્રાવશ થઈ હતી, પણ તેની આંખોમાં, ધનની ચિંતા હોવાથી, ખરી અને ગાઢ નિદ્રા આવી ન હોતી.

બીજે દિવસે સાંઝે ચાર સાડાચાર વાગે ટ્રેન ભાવલપુર સ્ટેટના સમાસટા નામક સ્ટેશનપર આવી. આ જંકશન છે અને અહીંથી એક ફાંટો ભટીંડા તરફ તથા બીજો પંજાબ તરફ જાય છે. દયામયીએ હયદરાબાદમાં અમુક કાર્યનું નિમિત્ત કાઢીને નોકરોને ત્યાંથી પાછા રવાના કરી દીધા અને પોતે ચોવીસ કલાક ત્યાં મુકામ કરી વળતે દિવસે તે જ વખતે મેલ ટ્રેનમાં આગળ ચાલવાનો આરંભ કર્યો. તે મથુરા ન જતાં સહારનપુરથી બીજી ટિકિટ કઢાવીને કલકત્તા તરફ પ્રયાણ કરી ગઈ.

જેમ જેમ કલકત્તા નગર વધારે પાસે આવતું જતું હતું, તેમ તેમ પ્રવાસિની દયામયીના મનમાં એક વિશિષ્ટ ચિન્તાનો વધારો થતો જતો હતો. હયદરાબાદના મંદિરમાંથી દયામયી જે અગાધ સંપત્તિ પોતા સાથે લઈ આવી હતી, તે સંપત્તિને કેવી રીતે સંભાળવી, હાલ તરત કયાં રાખવી અને ભવિષ્યમાં તેનો શો ઉપયોગ કરવો, એ ચિન્તાએ તે મહત્ત્વાકાંક્ષિણી અને સાહસી સ્ત્રીના હૃદયને ચારે તરફથી ઘેરી લીધું હતું. તે પોતાના મનમાં જ કહેવા લાગી કે;—

"હયદરાબાદના મંદિરમાંનો ધનભંડાર સાથે તો લેતી આવી, પણ હવે એને જાળવીને રાખવો કયાં? કલકત્તામાં સગાં વ્હાલાં તો ઘણાં છે, પણ ઘણાં વર્ષો થયાં વિદેશમાં વસી તેમની સાથે કશો પણ સંબંધ રાખ્યો નથી, એટલે આમ અચાનક તેમની પાસે જઇને તેમનો આશ્રય માગવો કે કેમ, એનો વિચાર થયા કરે છે. વળી હું કોઇના આશ્રયમાં રહું અને તે ધનના લોભથી મારા સાથે કોઈ પ્રકારનો દગો કરે અને મને મારી નાખીને આ આઇતા માલનો માલિક બની બેસે, તો? મને જીવતી રાખીને જ માલ હજમ કરી જાય, તોપણ મારાથી શું કરી શકાય? આ ધનને મારા તરીકે સાબિત કરવા જતાં હયદરાબાદમાંના બધા ભેદો ખુલ્લા થઈ જાય અને તેમ થતાં મારા ટાંટિયા મારા જ ગળામાં આવી જાય! એટલે ચોરની મા કોઠીમાં મોઢું સંતાડીને રડે, એવો જ ઘાટ થઈ પડે! કહેવાય પણ નહિ અને સહેવાય પણ નહિ! પૈસા જેવી ચીજ! સગા બાપનો પણ વિશ્વાસ રાખી શકાય નહિ! પણ વિશ્વાસ રાખીને જો કોઇને મદદગાર તરીકે નહિ સ્વીકારું, તો અત્યારે હું એકલી કાંઈ પણ કરી શકવાની નથી! મહા

ચિન્તાનો વિષય છે—શો ઉપાય કરવો? હે દેવી ચંડિકે, હવે તું સાહાય્ય કર—હું તને માનવરુધિરનું પાન કરાવી સંતુષ્ટ કરીશ—મને આ ચિન્તામાંથી મુક્ત થવાનો કોઈ સરળ માર્ગ બતાવ."

કેટલીક વાર સુધી આમ ચિન્તામગ્ન રહેવા પછી અચાનક એક ઉપાય તેને સૂઝી આવ્યો અને તે પ્રમાણેની વ્યવસ્થાનો નિશ્ચય કરીને તે સ્વસ્થ થઈ બેસી રહી. ટ્રેન પટનાના સ્ટેશનપર આવી. ત્યાંથી કલકત્તાની એક જાણીતી યૂરોપીયન હૉટલના મેનેજરને તેણે એવા આશયનો તાર કરી દીધો કે;—"હૉટલમાં ફર્સ્ટ કલાસના ઉતારુ તરીકે હું રહેવા માગું છું—એક ખાસ રૂમ મારા માટે રાખજો, સ્ટેશનપર તમારું માણસ તથા ગાડી મને લઈ જવામાટે મોકલજો." ટ્રેન હુબલીના સ્ટેશનપર આવી પહોંચી ત્યારે ત્યાં હૉટલની ગાડી તૈયાર હતી, તેમાં બેસીને હયામયી હૉટેલમાં ગઈ. તેની માગણી પ્રમાણેનો એક ખાસ ઓરડો ફર્નિશ કરીને તૈયાર રાખવામાં આવ્યો હતો, એટલે તેમાં તેણે પોતાની છાવણી નાખી.

હૉટલમાં તેણે ત્રણ દિવસનો સમય વીતાડ્યો. તે અવધિમાં રાત્રે બેસીને તેણે જે કાર્ય કરી લીધું તે એ કે, જે કીમતી જવાહિરો હતાં તે પેટી પટારામાંથી કાઢી ગોદડી, ઓસીકાં અને ગાદલાંને ખોલી તેમાં રૂમાં વીંટી ભરીને પાછાં તે ગાદલાં અને ઓસીકાં વગેરે જેમનાં તેમ બેમાલૂમ સીવી લીધાં. એ પછી બધો સામાન હૉટલના નોકરોના હાથે મજબૂત બંધાવીને પૅક કરાવી દીધો. ચોથે દિવસે હૉટલના મેનેજરને પોતાના રૂમમાં બોલાવીને તેણે કહ્યું કે;—

"મહાશય! હું ચાર આઠ દિવસમાટે આસામના પ્રવાસે જવા માગું છું, તેટલો વખત આ મારો બધો સામાન આપના કબજામાં રાખશો, તો મોટો આભાર થશે. આ ઓરડો મારા આવતાં સુધી ભલે મારા નામપર રહ્યો. હું આપનાં ચાર્જિસ અત્યારે જ ચૂકવી આપું છું; માત્ર મને મારા સામાનની રસીદ લખી આપો. ત્યાંથી આવ્યા પછી પંદર વીસ દિવસ સુધી કલકત્તામાં રહેવાનો મારો વિચાર છે અને આ હૉટલની વ્યવસ્થા સારી હોવાથી હું અન્યત્ર જઇને રહેવા ઇચ્છતી નથી."

"શ્રીમતી! આપની ઇચ્છા પ્રમાણે વર્ત્તવામાં અમને કશી પણ હરકત નથી. આપ ખુશીથી આસામ જઈ આવો—સામાનની જરાય ફિકર રાખશો નહિ. જ્યારે આવવાનાં હો, ત્યારે તાર કરી દેજો એટલે ગાડી આપને લેવામાટે આવશે." મેનેજરે માનપૂર્વક જવાબ આપ્યો.

હયામયીએ હૉટલનું પંદર દિવસના ભાડાનું અને ચાર દિવસનું ખાવા વગેરેનું બિલ ચૂકવી આપ્યું અને સામાનની રસીદ લઈ, પોતાના ઓરડાને તાળું વાસી માત્ર એક હૅંડબેગ્ અને થોડા બિછાના સાથે આસામના પ્રવાસમાટે બહાર નીકળી પડી. હૉટલની ગાડી તૈયાર જ હતી. એટલે તેમાં બેસીને તે નદીના કિનારાપર આવી લાગી. આસામનો પ્રવાસ રિવર સ્ટીમરમાં કરવો પડે છે. ત્યાં હૉટલનાં માણસોએ ટિકિટ વગેરે કઢાવીને તેને સ્ટીમરમાં બેસાડી વિદાય કીધી. હયામયી ચાર દિવસના જળ પ્રવાસ પછી આસામના કિનારાપર ઉતરવાને ભાગ્યશાળી થઈ! નદીના ઉભય તીરપ્રાંતોમાં વિસ્તરેલા અપ્રતિમ સૃષ્ટિસૌન્દર્યના અવલોકનમાં ચાર દિવસનો કાળ ક્યાં અને કેવી રીતે ચાલ્યો ગયો, એની હયામયીને ખબર પણ ન રહી.

અહીં અમારે જણાવવું જોઇએ કે, જે દેશને કામરૂદેશ અથવા કામરૂપ દેશના નામથી ઓળખવામાં આવે છે અને જે દેશની જાદુગર સ્ત્રીઓ વિશે, તેઓ પુરુષોને પોપટ અને કૂકડા બનાવીને પાંજરામાં પૂરી રાખે છે ઇત્યાદિ અનેક પ્રકારની અદ્ભુત કથાઓ પ્રચલિત છે, તે જ એ આસામ! ત્યાંની સ્ત્રીઓના જાદુ વિશે જે વાર્ત્તાઓ સંભળાય છે, તેમાં સત્યાંશ કેટલો છે એ તો પ્રભુ જાણે; પરંતુ એટલી વાર્ત્તા સત્ય છે કે, ત્યાંની સ્ત્રીઓ આર્યાવર્ત્તના અન્ય દેશોની સ્ત્રીઓ કરતાં વિશેષ વિષયલંપટ અને કામાતુર હોય છે અને એ વિષયનો અનેકોને સાક્ષાત્ પરિચય થઈ ચૂકયો છે. એ દેશના લોકોનો સ્વભાવ અને અભિરુચિ દેવીપંથના તત્ત્વોને સ્વાભાવિક જ અનુકૂળ હોવાથી, વામમાર્ગીઓએ પોતાનું મોટું મથક એ દેશમાં રાખ્યું છે. કામરૂપ દેશ અથવા આસામમાંનું કામાક્ષી દેવીનું મંદિર સર્વ વામમાર્ગીઓનું પ્રધાન તીર્થ મનાય છે અને સમસ્ત શાકતસદનોપર એનો જ મુખ્ય અધિકાર છે. આ વિષયનો ઊહાપોહ પૂર્વે થઈ ગયેલો હોવાથી અહીં તેના વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. દયામયી એ વરિષ્ઠ શાકતસદનમાં જવામાટે જ આસામમાં આવી હતી.

પણ અહીં આવવાનો તેનો ઉદ્દેશ શો? એ જ કે, ટાલિયો મહાત્મા ગોપાળદાસ દયામયીના પ્રતાપે પુનરુજ્જીવન મેળવીને અહીંના વરિષ્ઠ શાકતસદનમાં જ આવીને રહ્યો હતો અને પોતાની એક વિશિષ્ટ આકાંક્ષાને પૂર્ણ કરવાના ઉદ્દેશથી તેને મળવા માટે દયામયી પ્રવાસનો આટલો બધો પરિશ્રમ વેઠીને અહીં આવી હતી.

જેવી રીતે મુંબઇમાં પૈસાનો ગોટાળો કરનારા દીવાળિયા દમ્મણમાં જઇને પકડાવાના ભયથી મુકત થતા હતા અને અત્યારે રશિયાના ઝારના સાઇબીરીયામાંના દેશનિકાલ થયેલા કેદીઓ પૅરિસ કે અમેરિકામાં પહોંચીને નિર્ભય બની જાય છે; તે જ પ્રમાણે જગતના કોઈ પણ ભાગમાંથી ગમે તેવા ભયાનક અપરાધ કરી જો કોઈ પણ શાક્તજન સહી સલામત આસામમાંના વરિષ્ઠ શાક્તસદનમાં જઈ ભરાય છે, તો પછી તેને પકડાવા વગેરેનો કોઈ પણ જાતનો ડર રહેતો નથી. ભેદ માત્ર એટલો જ કે, રશિયાનો કેદી ફ્રાન્સ અને અમેરિકામાં માત્ર ભિન્ન રાજપ્રબંધના યોગે નિર્ભય થાય છે; અને આસામના શાક્તસદનમાં આવ્યા પછી અપરાધી શાક્ત ત્યાં ગુપ્ત રહેવાનાં અનેક સગવડ ભરેલાં સ્થાનો હોવાથી નિર્ભય રહી શકે છે. અર્થાત્ રશિયાનો કેદી અમેરિકા તથા ફ્રાન્સમાં ખુલ્લે બજારે અને ધોળે દિવસે ફરી શકે છે અને ઉદરનિર્વાહમાટે ગમે તે વ્યવસાય કરી શકે છે, તે પ્રમાણે આસામમાં અપરાધી શાકતથી કરી શકાતું નથી. તેને પ્રથમ તો કેટલોક કાળ ગુપ્ત આવાસમાં જ ગાળવો પડે છે અને જ્યારે વાત જૂની થઇને ભૂલાઈ જાય છે, ત્યારે તે વળી કોઈ નવા જ દેશમાં જઈ નવા વેશ અને નવા નામથી પોતાના પાપપ્રચારના કાર્યનો નવીનતાથી જ આરંભ કરે છે. મહાત્મા પણ એ અપરાધી શાકતોના આશ્રયસ્થાનરૂપ વરિષ્ઠ શાક્તસદનમાં સહી સલામત આવી પહોંચેલો હોવાથી સર્વથા નિર્ભય હતો અને પોતાના ગુપ્ત નિવાસસ્થાનમાં દયામયીના આગમનની કાકદૃષ્ટિથી માર્ગપ્રતીક્ષા કર્યા કરતો હતો. દયામયી પણ તેને મળવામાટે એટલી જ, કિંબહુના એથી પણ અધિક ચિંતામયી અને આતુર થયેલી હતી!

પ્રકરણ ૭૪ મું
પોતપોતાના ઘાટમાં!

સૂર્યના ઉદયને લગભગ એક પ્રહર જેટલો સમય વીત્યો હતો, એટલે કે લગભગ નવ વાગ્યા હતા. મહાત્મા પોતાના ઓરડામાં એક સ્ત્રી સાથે વાતચીત કરતો બેઠો હતો. એ શાક્તસદનમાંની જ એક અધેડ વયની પણ સુંદર સ્ત્રી હતી, અને અહીં આવ્યા પછી મહાત્મા બહુધા એની કૃપાથી જ પોતાનો સમય આનંદમાં વીતાડતો હતો. એ સ્ત્રીના વિલાસમાં તે એટલો બધો લીન બની ગયો હતો કે, દયામયીની તેને સ્વપ્નમાં પણ સ્મૃતિ થતી નહોતી. દયામયીના આગમનની તે જે માર્ગપ્રતીક્ષા કરતો હતો, તેમાં વળી તેનો એક બીજો જ ઉદ્દેશ સમાયલો હતો, કે જે તે સ્ત્રી સાથેની અત્યારની વાતચીતથી સ્પષ્ટ જણાઈ આવતું હતું. તે સ્ત્રીનું નામ ચપળા હતું. ચપળા (વીજળી) જેવી જ તે પોતાની પ્રત્યેક કૃતિમાં ચપળા હતી. તેણે મહાત્માને કહ્યું;–

"જ્યારથી હું અહિં આવી છું, ત્યારથી મને એવી જ ઇચ્છા થયા કરે છે કે, અહીંથી કોઈ બીજા સ્થાનમાં જઈ સ્વતંત્રથી અને સ્વૈરતાથી આપણે આપણો કાળ આનંદમાં વીતાડીએ. અહીંના બંધનમાં રહેવાનું અને સર્વ ધર્મગુરુઓની વિષયેચ્છાને આધીન થવાનું મને હવે જરા પણ ગમતું નથી."

"ચપળા! એ તો મેં તને પ્રથમ પણ જણાવેલું છે કે, મારી પાસે અપાર સંપત્તિ છે, પણ મારાપર આવી પડેલા પ્રસંગનાં યોગે તે સંપત્તિ અત્યારે મારી પૂર્વ-અર્ધાંગી દયામયીના હાથમાં જઈ પડી છે. તે સંપત્તિને લઇને તે અહીં આવવાની છે એટલે જ્યારે તે આવશે, ત્યારે તેને સદાની નિદ્રામાં સૂવાડી આપણે કોઈ બીજા દેશમાં ચાલ્યા જઇશું અને સંપત્તિના યોગે ત્યાં મનગમતી મોજ માણીશું. આટલા કારણથી જ હું દયામયીના આવવાની કાગને ડોળે વાટ જોયા કરું છું. તેનું માથું ફાટી ગયેલું હોવાથી હવે તે મારા કામની રહી નથી!" મહાત્માએ પોતાનો આંતરિક ભાવ દર્શાવ્યો.

"પણ તે શંડને સદાની નિદ્રામાં ક્યાં અને કેવી રીતે સૂવાડશો?" ચપળાએ ચપળતાથી પ્રશ્ન પૂછ્યો.

"જો અહીં બનશે, તો અહીં જ અને નહિ તો ક્યાંક માર્ગમાં!" ઉત્તર મળ્યું.

"એટલે તેને પણ સાથે જ લેશો કે શું?" ચપળાએ ભ્રૂને વક્ર કરીને પૂછ્યું.

"અહીંથી તો સાથે જ જઇશું, પણ આપણા ધારેલા સ્થાને તેને જીવતી પહોંચવા નહિ દઇએ." મહાત્માએ કહ્યું.

"ઈશ્વર કરે ને એ દિવસ સત્વર આવી લાગે!" ચપળા બોલી.

એ જ પળે એક અનુચરે આવીને જણાવ્યું કે;–"મહાત્મા શ્રી, હયદરાબાદથી શ્રીમતી દયામયી દેવી પધાર્યાં છે અને તેઓ અહીં આવવાની આજ્ઞા માગે છે!"

"જા, તેમને સત્વર લઈ આવ–અરે પણ નહિ–ચાલ હું જ તેમને લેવામાટે આવું છું; તેમના સત્કારમાટે મારે પોતે જ જવું જોઇએ." એમ કહી ચપળાને ત્યાંથી ઉઠી જવાનો નેત્રસંકેત કરી મહાત્મા દયામયીને લાવવા માટે પોતાના આસનપરથી ઉઠ્યો. ચપળા તો બીજે દરવાજેથી મંદિરના બીજા ભાગમાં નીકળી ગઈ અને મહાત્મા

જેવો દરવાજામાંથી બહાર નીકળ્યો કે દયામયી ત્યાં જ ઉભેલી તેના જોવામાં આવી. તેને દરવાજા પાસે જ ઉભેલી જોઇને મહાત્માના મનમાં સંશય આવ્યો કે, 'ચપળા સાથેની મારી વાતચીત એણે સાંભળી તો નહિ હોય?' પરંતુ દયામયી આનંદદર્શક અને હસિત મુદ્રાથી મહાત્માને જેવી ભેટી પડી કે, તરત તેના મનમાંથી એ સંશય ચાલ્યો ગયો. આદરપૂર્વક દયામયીને તે પોતાના ઓરડામાં લઈ ગયો અને પ્રથમ કેટલાક કુશળપ્રશ્ન પૂછ્યા પછી એ સવાલ રજૂ કર્યો કે;—

"કેમ દયામયી! આપણી બધી સંપત્તિ તો સંભાળીને લેતી આવી છે ને? આટલા પરિશ્રમ અને પ્રપંચોથી મેળવેલા ધનભંડારને ત્યાં ભૂલી આવે, એવી ગાફિલ અને ભોળી તો તું નથી જ, એની મને પૂરી ખાત્રી છે. તે ધનભંડાર ક્યાં છે?"

"એ બધો ધનભંડાર કલકત્તામાં એક સુરક્ષિત સ્થાનમાં કોઇના પણ જાણવામાં ન આવી શકે તેવી ગુપ્તતાથી હું રાખી આવી છું; કારણ કે, અહીં લાવવાથી કદાચિત્ પ્રધાન ધર્માધ્યક્ષ કેટલોક ભાગ ગટપ કરી જાય, એવો મને ભય હતો. જો તમારી ઇચ્છા હશે તો તે અહીં લાવીશ અને નહિ તો આપણે હવે પછી જ્યાં નવીન નિવાસ કરીશું, ત્યાં એ સંપત્તિ આપણા જ ઉપયોગમાં આવી શકશે." એમ કહીને દયામયીએ હૉટલમાં બધી સંપત્તિ કેવી રીતે પોતે રાખી આવી હતી, એનો વૃત્તાંત કહી સંભળાવ્યો અને તે હૉટલનું નામ આપી રસીદ પણ મહાત્માને જોવામાટે આપી અને મહાત્માએ તે પોતાની પાસે રાખી.

થોડી વેળા મૌનમાં વીત્યા પછી મહાત્માએ હસીને દયામયીને કહ્યું;—"ત્યારે બે ત્રણ દિવસ પછી આપણે કલકત્તા તરફ જવાને ઉપડી જઇશું. આ શાક્તસદન પણ જોવા લાયક છે, એટલે બે ત્રણ દિવસમાં જે જોવાનું હોય તે જોઈ લેજે."

"અહીં મનુષ્યબલિદાન ક્યાં અપાય છે?" દયામયીએ પૂછ્યું.

તે સ્થાન આજે રાત્રિએ જ હું તને બતાવીશ; પણ ત્યાંની ભયંકરતાથી ભયભીત ન થતી—મહા ભયંકર સ્થાન છે." મહાત્માએ કહ્યું.

"ચિન્તા નહિ—આપણે પોતે પણ ક્યાં ઓછાં ભયંકર છીએ!" દયામયીએ માર્મિકતાથી એ શબ્દો ઉચ્ચાર્યા.

એ પછી વરિષ્ઠ ધર્માધ્યક્ષ સાથેની મુલાકાત અને ભોજન આદિનો વિધિ આટોપાયો અને મધ્યાહ્નનો સમય દયામયીએ નિદ્રાનો આસ્વાદ લઈ પ્રવાસશ્રમના પરિહારમાં વીતાવ્યો.

દયામયી જે વેળાએ નિદ્રાધીન થયેલી હતી, તે વેળાએ મહાત્માએ ચપળાને તેની પાસે જઇને ચેતવણી આપી કે;—"સંપત્તિ આપણા હાથમાં આવી ચૂકી છે, કલકત્તામાંથી આ રસીદ બતાવતાં તે આપણને મળી શકશે. આજે મધ્યરાત્રિએ હું દયામયીને અહીં મનુષ્યબલિદાન અપાય છે, ત્યાં લઈ જવાનો છું એટલે તું પણ ત્યાં આવજે અને તે રંડાનું કામ તમામ કરી નાંખજે."

દયામયીએ સંધ્યાકાળે આસામના શાક્તસદનના વરિષ્ઠ ધર્માધ્યક્ષની ખાનગીમાં મુલાકાત લઇને તેને એવી સૂચના આપી કે;—"આજે મધ્યરાત્રિ થવા પૂર્વે આપ માનવબલિદાનવાળા સ્થાનમાં બે શસ્ત્રધારી અંગરક્ષકો સાથે છુપાઇને ઉભા રહેજો.

મહાત્મા ગોપાળદાસ સાથે હું ત્યાં આવવાની છું એટલે ત્યાં કાંઇક નવીન પ્રકાર આપના જાણવામાં આવશે. પછી જે ન્યાય આપવો હોય, તે આપવાનો આપને પૂર્ણ અધિકાર છે."

"પણ તે નવીન પ્રકાર શો છે?" ધર્માધ્યક્ષે પૂછ્યું.

"અત્યારે તે વિષે હું કાંઈ કહી શકતી નથી. સર્વ પ્રત્યક્ષ આપના જોવા અને જાણવામાં આવી જશે;" દયામયીએ ગંભીરતાથી કહ્યું.

આવી રીતે ભિન્ન ભિન્ન ગુપ્ત વ્યવસ્થા થતાં એ સર્વ પાત્રો પોતપોતાની આકાંક્ષા અને આતુરતાને તૃપ્ત કરવાના સમયની ઉત્કંઠાથી માર્ગપ્રતીક્ષા કરવા લાગ્યાં અને અલ્પ સમય પણ તેમને યુગ સમાન ભાસવા લાગ્યો.

પ્રકરણ ૭૫ મું
નરમુંડધારિણી

મધ્યનિશાનો સમય થયો; સમયને સૂચવનારા બાર ટકોરા ઘડિયાળમાં સંભળાયા. મહાત્મા દયામયીને લઈને માનવબલિદાનના સ્થાન તરફ જવાને નીકળ્યો, અને ચાલતાં ચાલતાં તેઓ એક નિઃસરણી પાસે આવી લાગ્યાં. એ પાષાણનાં સોપાનપરથી ઉતરીને ભૂગર્ભમાં જવાતું હતું. બંને અંધકારમાં જ નીચે ઉતર્યાં અને નીચેની જમીનપર પગ ઠેરવતાં જ મહાત્માએ પોતાના હાથમાંની મીણબત્તીને દીવાસળી સળગાવીને પ્રકાશિત કરી. મીણબત્તીના મંદપ્રકાશમાં દયામયીને દેખાયું કે તે સ્થળ ભૂગર્ભમાંનો એક વિશાળ ઓરડો હતો. એ ઓરડાના મધ્યભાગમાં એક નાનું કળશયુક્ત મંદિર બનાવેલું હતું. અને તેમાં દેવીની ભયંકરસ્વરૂપા નરમુંડધારિણી મૂર્ત્તિ બેસાડેલી હતી. એ મંદિરના સુવર્ણદ્વાર સમીપ એક કુંડ કરેલો હતો અને અમુક વિશિષ્ટ પ્રસંગે ત્યાં જ મનુષ્યનું દેવીને બલિદાન અપાતું હતું. એ બલિદાનમાટે કેટલીક વાર અજ્ઞાન બાળકોને, તો કેટલીક વાર દીન ભિક્ષુકોને ભોળવીને લાવવામાં આવતાં હતાં. એ સ્થળે કોણ જાણે કેટલાંય નિર્દોષ મનુષ્યોના ગળાપર શાક્તજનોની તીખી ધારવાળી તલવાર ફરી ગઈ હશે અને ત્યાં કેટલો રક્તપ્રવાહ વહ્યો હશે, એની કલ્પના માત્રપણ મસ્તિષ્કમાં આવવી અશક્ય હતી. ઉપર પણ એવું જ બીજું મંદિર હોવાથી નીચેના ભાગમાં તેને ટકાવી રાખવામાટે પાષાણના એવા તો વિશાળ સ્તંભો ઉભા કરાયલા હતા કે તેની આડમાં એક તરફ બબ્બે માણસ છુપાઇને ઉભા રહે, તોપણ બીજી તરફના માણસના જોવામાં આવી ન શકે. તેમ જ કુંડમાં જે નિર્ભાગી મનુષ્યનું બલિદાન અપાયું હોય, તેનાં અસ્થિ આદિને અંદર ને અંદર અદૃશ્ય કરવામાટે દેવીના મંદિરની પાછળ એક એવી ખાઈ કરેલી હતી કે જેનો તલપ્રદેશ દૃષ્ટિગોચર થતો નહોતો અને તેથી તે ખાઇને શાકતજનો પાતાળી ખાઇના નામથી ઓળખતા હતા. મહાત્માએ એ સર્વનું દયામયીને વર્ણન કરી સંભળાવ્યું.

તે વર્ણન સાંભળી લીધા પછી દયામયીએ પૂછ્યું કે:—"અહીં આ માનવબલિદાન ક્યારે—કયા પ્રસંગે અપાય છે?"

"ચૈત્ર માસ ને આશ્વિન માસની શુકલ અષ્ટમીને દિવસે એટલે કે વર્ષમાં બેવાર તો માનવબલિદાન ખાસ અપાય છે અને તે ઉપરાંત જો કોઈ શાકતધર્મીય સ્ત્રીપુરુષ શાકતધર્મનાં તત્ત્વોથી વિરુદ્ધ વર્તે કિંવા શાકતધર્મના રહસ્યનો સ્ફોટ કરે કે પોતાના ધર્મગુરુ અથવા ધર્મબંધુ સાથે કૃતઘ્નતા કરે, તો તેને બનતા ઉપાયે અહીં લાવીને તેના રુધિરનું દેવીને પાન કરાવવામાં આવે છે. વર્ષમાં પાંચ દશ આવાં માનવબલિદાન પણ અપાય છે અને તેથી આ દેવીને અન્ય પ્રતિમાઓ પ્રમાણે પાષાણની નરમુંડમાળા નહિ, પણ ખરેખરી નરમુંડમાળા જ પહેરાવવામાં આવે છે. બીજી દેવીઓ નામની જ નરમુંડમાલાધારિણી છે, પણ આ દેવી તો પ્રત્યક્ષ નરમુંડમાલાધારિણી છે અને તેથી એનો પ્રભાવ પણ એવો જ અલૌકિક છે." મહાત્માએ કહ્યું.

"ત્યારે કૃતજ્ઞ ધર્મબંધુ સાથે કૃતઘ્નતાથી વર્તનાર પાપીજનના રક્તનું આ સાક્ષાત્ નરમુંડમાલાધારિણી દેવીને બલિદાન આપવામાં કોઈ પ્રકારનો દોષ તો નથી જ ને?" દયામયીએ વક્રભ્રુકુટીથી પૂછ્યું.

"જરા પણ નહિ;" મહાત્માએ કહ્યું.

"એવાં પાપીઓને તેમનું આ દેવીને ખાસ બલિદાન આપવામાટે કોઈ પણ ઉપાયે અહીં લાવવામાં આવે છે એ પણ ખરું ને?" દયામયીએ પુનઃ ભેદભરેલો પ્રશ્ન રજૂ કર્યો.

"સૂર્યના પ્રકાશ સમાન સત્ય." મહાત્મા બોલ્યો.

"મહાત્મન્, તમારાં મહાભાગ્ય કે, અહીંના વરિષ્ઠ ધર્માધ્યક્ષ અને અન્ય શાક્તો તમારા ધર્મવિદ્રોહ અને ભયંકર અપરાધોથી સર્વથા અજ્ઞાત છે, નહિ તો જો તેઓ એ બધાં રહસ્યોને જાણતા હોત, તો તમારા જેવો આ બલિદાનને પાત્ર બીજો કોઇ પણ ભયંકર અપરાધી તેમને ભાગ્યે જ મળી શકત: તમારા માટે ક્ષમા કિંવા દયાની તો આશા જ નહોતી." દયામયીએ સાધારણ ભાવથી કહ્યું.

"દયામયી, એ સર્વ ઘટનાઓના સ્ફોટનું આ સ્થાન નથી; આવાં વાક્યો અહીં ઉચ્ચારવાં એ અતિ ભયંકર છે." મહાત્માએ ભય દર્શાવ્યો.

"આ સ્થાનમાં અત્યારે કોઈ નથી એટલે ભયભીત થવાનું કાંઈ પણ કારણ નથી. મારી તો એવી ઇચ્છા થાય છે કે, અત્યારે એકાંતમાં પોતાનાં સર્વ પાપોને સ્વીકારી દેવીની ક્ષમા માગી લ્યો એટલે નરકવાસના અધિકારી થતા અટકો. પછી તો જેવી તમારી ઇચ્છા." દયામયીએ ઉપદેશ દીધો.

"હું ફરીથી કહું છું કે એ વાતને આટલેથી જ રહેવા દે, નહિ તો એનું પરિણામ સારું નહિ આવે, જે ભયંકરતા કેટલાક વખત પછી થવાની છે તે અત્યારે જ થઈ જશે!" મહાત્માએ સૂચના આપી.

પણ એ સૂચનાને લેશ માત્ર પણ લક્ષમાં ન લેતાં દયામયી પુનઃ કિંચિત્ મોટે સાદે કહેવા લાગી; "મહાત્મન્, બીજાં પાપોની વાત તો જાણે રહી એક તરફ; પણ તમને સિંધુ દેશના શાક્તસદનનો અધિકાર આપવા આવેલા આસામના વરિષ્ઠ ધર્માધ્યક્ષના પ્રતિનિધિને તમે જે વિષપ્રયોગથી મારી નાખ્યો હતો, તે પાપની ક્ષમા તો તમારે આ આસામવાસિની નરમુંડમાલાધારિણી દેવી પાસેથી અવશ્ય માગવી જ જોઇએ.

એ પાપની ક્ષમા આપવાનો અન્ય સ્થાનની દેવીને કશો પણ અધિકાર નથી. આના કરતાં ભયંકર દ્રોહ બીજો શો હોઈ શકે?"

"પણ એ દ્રોહમાં તો તેં પણ ભાગ લીધો હતો!" મહાત્માએ હવે કાંઈક છેડાઇને કહ્યું.

"લીધો હતો, પણ તે માત્ર તારી આજ્ઞાથી અને જો હું તારી આજ્ઞા પ્રમાણે નહિ વર્તું તો તું કદાચિત્ મને પણ તે જ માર્ગે ચઢાવી દેશે એવા અનિવાર્ય ભયથી. એટલે એ દોષમાટે હું જરા પણ જવાબદાર નથી, અને તેથી મને ક્ષમા માગવાની અગત્ય નથી." દયામયીએ ચમકાવ્યું.

"ઠીક–ત્યારે હું મારા એ અપરાધની દેવી પાસેથી ક્ષમા માગું છું; હું હાર્યો અને તું જીતી–હવે કાંઈ ન બોલીશ." મહાત્માએ આર્જવતાથી પરાજયનો સ્વીકાર કરી લીધો.

"ત્યારે હવે?" દયામયીએ પૂછ્યું.

"હવે પ્રયાણનો સમય થઈ ચૂકયો;" મહાત્માએ કહ્યું.

"કોના પ્રયાણનો?" દયામયીએ પુન: પૂછ્યું.

"દુષ્ટ અને નિર્દય દયામયીના નરકપ્રયાણનો!" મંદિરના આંતરિક ભાગમાંથી એ પ્રમાણેનો ધ્વનિ સંભળાયો.

"એ કોણ બોલ્યું?" દયામયીએ આશ્ચર્યથી કહ્યું.

અચાનક એક ખડ્ગધારિણી અબળા મંદિરના દ્વારમાં ઉભેલી દેખાઈ અને તેણે મહાત્માને આજ્ઞા કરી: "જોઈ શું રહ્યો છે? વિના કારણ વિલંબ કરવામાં લાભ નથી. ખેંચી લાવ એ દુષ્ટાને કુંડ પાસે એટલે કરી નાખીએ હલાલ–આ ખડ્ગ એના રુધિર-પાનમાટે તૈયાર છે!"

"કોણ ચપળા કે? મહાત્મા સાથે અહીંથી પલાયન કરી જવાની ઇચ્છા ધરાવનારી પાપિની?" દયામયીએ નિર્ભયતાથી કહ્યું.

ખરેખર તે ચપળા જ હતી. દયામયીના મુખમાંથી આ શબ્દો સાંભળીને આ વાર્તા એના જાણવામાં કયાંથી આવી એના વિચારમાં પડીને તે જરાક અટકી ગઈ. એટલામાં તો દયામયીએ તેના શરીરપર ધસારો કરી તેને કુંડમાં નાખી દીધી અને તેના હાથમાંથી ખડ્ગ લઇને તેના જ ગળામાં ખોસી દીધું. તત્કાળ શુષ્ક કુંડ તેના રુધિરથી ભીનો થવા લાગ્યો. હવે દયામયીને જીવતી રહેવા દેવી ભયંકર ધારીને મહાત્મા તેના શરીરપર ધસી ગયો અને તેને કુંડમાં ધકેલવાની અણીપર હતો એટલામાં ગંભીર ધ્વનિ આવીને તેનાં શ્રવણોમાં અથડાયો કે "સબૂર!" હેબતાઇ જવાથી તે આમ તેમ જોવા લાગ્યો; એટલામાં બે શસ્ત્રધારી મનુષ્યોએ દોડી આવીને તેને ચતુર્ભુજ કરી લીધો અને તેની સાથે જ વરિષ્ટ ધર્માધ્યક્ષને લાલ પોશાકમાં ક્રૂર મુદ્રાથી તેણે પોતા સમક્ષ ઉભેલો જોયો. મહાત્મા આ બધા પ્રકારને જોઇને અર્ધમૃત સમાન થઇ ગયો; અને ભયંકર કંપના યોગે સ્થિરતાથી ઉભા રહેવાની શક્તિનો લોપ થતાં તે જમીનપર પછડાઇ પડ્યો.

પ્રકરણ ૭૬ મું
મહાત્માનું બલિદાન

"ચાંડાલ, ઉઠ અને તારા ધર્મદ્રોહ તથા અન્ય અપરાધોની ભયંકર શિક્ષા ભોગવવાને તૈયાર થા. એ પણ તારાં મહાભાગ્ય કે દેવીના ઉદરમાં જવાથી તારા પાપી શરીરની સાર્થક્તા થશે;" રક્ત વસ્ત્રધારી વરિષ્ટ ધર્માધ્યક્ષે મહાત્માના શરીરપર લત્તાપ્રહાર કરીને કોપદર્શક સ્વરથી એ શબ્દો ઉચ્ચાર્યા. મીણબત્તીના મંદ પ્રકાશમાં તેનો લાલ સાટીનનો પોશાક જેમ ચળકતો હતો તેમ તેનાં નેત્રોમાંથી પણ ક્રોધની રક્ત શિખાઓ નીકળતી દેખાતી હતી.

"અંતે મારા આવા અકાળ મરણનો સમય આવી જ લાગ્યો અને તે પણ મારા પ્રેમ તથા પાપની ભાગીયેણ દયામયીના જ પ્રતાપથી ને?" મહાત્માએ દીનતાદર્શક વાણીથી કહ્યું.

"દયામયી શાક્તધર્મની એકનિષ્ઠ અને અનન્ય ઉપાસક છે કે જેણે પોતાના તારી સાથેના સંબંધનો વિચાર ન કરતાં ધર્મથી ડરીને તારાં સર્વ પાપોનો પ્રકાશ કરી દીધો છે અને એમ કરીને એ પોતે પાપની શિક્ષાથી મુક્ત થઈ છે. હવે એ આ વરિષ્ટ ધર્માધ્યક્ષના અંકમાં વિરાજશે!" ધર્માધ્યક્ષે દાઝચાપર ડહામ દેતાં કહ્યું.

"જો આપના અંકમાં વિરાજવાનો પ્રસંગ મળે, તો મારા જેવી બીજી ભાગ્યવતી સ્ત્રી કોઈ પણ મળવાની નથી." દયામયીએ આનંદ દર્શાવ્યો.

"હં, પણ દેવી દયામયી! આ ચપળાએ મહાત્મા સાથે તેના પાપકાર્યમાં આટલો બધો ભાગ લીધો એનું શું કારણ? હું અદ્યાપિ એના યથાર્થ કારણને જાણી શક્યો નથી;" ધર્માધ્યક્ષે પૂછ્યું.

"પૂજ્ય મહાશય, હું પણ વધારે તો કાંઈ જાણતી નથી. માત્ર આજે સવારમાં હું જ્યારે અહીં આવી ત્યારે ચપળા મહાત્મા સાથે એના ઓરડામાં વાતચીત કરતી બેઠી હતી. હું તે સાંભળવાને બહાર ઉભી રહી. એ વાતચીતથી મહાત્મા સાથે ચપળાનો અધમ સંબંધ હતો એ જણાઈ આવ્યું અને તેથી તેણે મને યમધામમાં પહોંચાડી દેવાની યોજના કરી. મને સદાની નિદ્રામાં સૂવાડીને એઓ અહીંથી કોઈ બીજા દેશમાં પલાયન કરી જવાનાં હતાં. કદાચિત્ એઓ પોતાના વચન પ્રમાણેની કૃતિ કરી બતાવે તેટલા માટે જ આપને મેં અહીં આવવાની પ્રાર્થના કરી હતી અને તે મારી ધારણા ખરી પડી છે. કાકતાલીય ન્યાયથી એમનો દુષ્ટ હેતુ મારા જાણવામાં આવી ગયો, નહિ તો આજે અહીં દેવીનું કહો કે આ બે પાપભાજનોનું બલિદાન હું જ થવાની હતી!" દયામયીએ વિનયથી જણાવ્યું.

"અરે ચાંડાલ!" ચપળા મારી ખાસ પ્રેમભાજન હતી એ તું સારી રીતે જાણતો હોવા છતાં તેને જ ભ્રષ્ટ કરીને નસાડવાની તેં હિંમત કરી, એ તારું કેવું ભયંકર પાપકર્મ! પણ મારાપર દેવીની પૂર્ણ કૃપા હોવાથી તારી એ દુષ્ટ વાંચ્છના ફલિભૂત ન થઈ શકી. તું તો અહીં મરીશ અને આ તારી સ્નેહભાગિની સદાને માટે મારી શય્યાને સુશોભિત કરશે! પાર્ષદો! તલવારના એક જ ઘાથી આ દુરાત્માના શિરને ધડથી જુદું કરી નાખો અને ભરો દેવીનું ખપ્પર!" ધર્માધ્યક્ષે ભયંકર આજ્ઞા સંભળાવી.

અંગરક્ષકોએ તલવારોને મ્યાનમાંથી બહાર કાઢી, પણ એટલામાં દયામયીએ ધર્માધ્યક્ષનાં ચરણોમાં મસ્તક નમાવી પ્રાર્થના કરી; "મહાપૂજ્ય મહાશય, જરા ધૈર્યનું અવલંબન કરો અને મારી પ્રાર્થના સાંભળવાની મને કૃપા કરીને આજ્ઞા આપો."

"તારી જે આજ્ઞા હોય તે સાંભળવાને અને તે પ્રમાણે વર્તવાને હું તૈયાર છું." ધર્માધ્યક્ષે હાથ ઝાલી તેને ઉઠાડીને આદરદર્શક ભાવથી કહ્યું.

"મારી એટલી જ પ્રાર્થના છે કે, મને અહીં એકલી મહાત્મા પાસે મૂકીને આપ પોતાના અંગરક્ષકોને લઈ ચાલ્યા જાઓ. હજી આ દુરાત્માને મારે થોડાક ધિક્કારદર્શક શબ્દો સંભળાવવાના છે, પણ તે આપની રૂબરૂમાં મારાથી ઉચ્ચારી શકાય તેમ નથી. મારામાં વિશ્વાસ રાખો. મારા મનના ઉભરા કાઢયા પછી આપના સંરક્ષકોનું કર્તવ્ય હું પોતે જ પૂર્ણ કરીશ!" દયામયીએ કહ્યું.

"દેવી! તારા વચનમાં મારો પૂર્ણ વિશ્વાસ છે. પણ સંભાળજે; આ ચાંડાલની આર્જવતાથી ભોળવાઇને એને છૂટો ન કરીશ, નહિ તો એ જ તારા પુણ્યશાલી પ્રાણનો નાશ કરી નાંખશે. પાર્ષદો! એને બરાબર મજબૂત બાંધો અને મારી સાથે બહાર ચાલો." ધર્માધ્યક્ષે અધીનતા દર્શાવી.

અંગરક્ષકોએ મહાત્માને બાંધીને કુંડ પાસે મૂક્યો અને જવામાટે તૈયાર થયા. ધર્માધ્યક્ષે જતાં જતાં કહ્યું;–"દેવી! અમે ઉપરના દરવાજા પાસે ઉભેલા છીએ–જો જરૂર પડે તો તરત બોલાવજો."

"ત્યાં ઉભા રહેવાની કશી પણ આવશ્યકતા નથી. આપ પોતાના શયનમંદિરમાં જઈ મદ્ય આદિની તૈયારી કરાવો. એટલે હું કાર્યની સમાપ્તિ કરીને ત્યાં આવું છું. આપણા સંબંધનું આજે જ મંગળાચરણ થશે!" દયામયીએ મોહમાં નાંખનારાં વચનો ઉચ્ચાર્યાં.

"જેવી ઇચ્છા," એમ કહીને ધર્માધ્યક્ષ પોતાના અંગરક્ષકોને લઇને ચાલ્યો ગયો. ઉપરથી કોઈ નીચે ન આવી શકે, એટલામાટે દયામયીએ નિસરણીનાં બારણાં બંધ કરી અંદરથી સાંકળ વાસી દીધી. પછી સાડીના છેડાને માથાપરથી ખસેડી નીચેથી કચ્છો મારી ચપળાના ખડ્ગને હસ્તમાં ધારણ કરી મહાત્મા પાસે આવી અને તિરસ્કાર વર્ષાવતી બોલી;–

"ચાંડાલ! મારા જીવનની આટલી હદ સુધી ધૂળધાણી કરીને ન ધરાયો, એટલે અંતે આ ચપળાના હાથે મને મરાવી નાંખવાને તૈયાર થયો? જો કે મેં તો મારા હાથે જ તને મારી નાંખવામાટે હૈદરાબાદમાંની ગોરમાંથી બહાર કાઢીને જીવાડ્યો હતો, અને અહીં મોકલ્યો છે! પણ આજે તો વળી તને મારી નાંખવાનું એક બીજું કારણ પણ મળ્યું છે."

"મને તેં મારી નાખવામાટે જીવાડ્યો હતો, તેનું શું કારણ? તે વેળાએ મેં તારો શો અપરાધ કર્યો હતો?" મહાત્માએ આશ્ચર્ય દર્શાવીને ભગ્ન વાચાથી એ પ્રશ્ન પૂછ્યો; અને જાણે દયાની ભિક્ષા માગતો હોયને તેવી દૃષ્ટિથી તેને જોવા લાગ્યો.

"કારણ પૂછતાં શરમાતો નથી, કૂતરા? હૈદરાબાદની જેલમાં મેં મારા જે ઉભરા કાઢ્યા હતા, તેનું તને સ્મરણ છે ખરું કે? તે જ તારાં કુકૃત્યો હજી પણ મારા

મનમાં સાલ્યાં કરે છે, અને હું મરીશ ત્યાં સૂધી સાલ્યાં કરશે. એ શોકમાંથી મુક્ત થવાનો મારા માટે કોઈ માર્ગ જ રહ્યો નથી. તેમ જ તારા મરણવિના હવે મારું જીવન સુધરવાનું પણ નથી. તેં મને ભુંડા વ્યસનોના એટલા તો ઉંચા શિખરપર ચડાવી દીધી છે કે, હવે ત્યાંથી ઉતરવાનું અશક્ય થઈ પડ્યું છે; આત્મબળ કરતાં વિકારોની મારામાં વિશેષ પ્રબળતા થઈ ગયેલી હોવાથી સંયમ જેવો શબ્દ મારા શબ્દકોષમાં મળી શકતો નથી. મદિરા, માંસ અને વ્યભિચારનો મને એટલી હદ સૂધી તેં ચસકો લગાડ્યો છે કે, એ ત્રણ પદાર્થોમાંથી એક પણ જો એક દિવસ ન મળે, તો મારું ચેન જતું રહે છે અને મનમાં કંઈ કંઈ થઈ જાય છે. આમાંના એક પણ વિષયની તૃપ્તિ ન થાય, તો ચોવીશ કલાક કાળ જેવા થાય છે. આના કરતાં વિશેષ પાપ બીજું શું હોઈ શકે? તારા પાપથી એકત્ર કરેલા ધનનો હું મારી એ ભુંડી ઇચ્છાઓને પૂર્ણ કરવાના કાર્યમાં ઉપયોગ કરીશ અને મરણ પર્યન્ત તારા નામના રાજીયાં ગાતી રહીશ. આ વરિષ્ઠ ધર્માધ્યક્ષની ઇચ્છાને આધીન થવાની જરૂર પડશે તો તેને જોઈ લઇશ, પણ આ નરકસ્થાનરૂપ શાક્ત-સદનના બંધનમાં હું વધારે દિવસ રહેવાની નથી, એ નિશ્ચયપૂર્વક માની લેજે. મારા માટે નરક તો નિર્માણ થયેલું જ છે, એટલે તું મને નરકાધિકારિણી બનાવનાર મારો ગુરુ હોવાથી મારાથી પહેલાં ત્યાં જઇને તારે મારા માટે એક જગ્યા કરી રાખવી જ જોઇએ, એ તારું કર્ત્તવ્ય છે; પણ તે કર્ત્તવ્યને ભૂલી આત્મઘાત કરવાને બદલે મને જ મારી નાંખવાને તું તૈયાર થયો હતો, તો હવે બળાત્કારે હું જ તને તારા કર્ત્તવ્ય–પાલનનો માર્ગ બતાવું છું. ચાલ મરવાને તૈયાર થઈ જા, વરિષ્ઠ ધર્માધ્યક્ષ મારી વાટ જોઇને બેસી રહ્યા હશે, મને પાપમાર્ગમાં પ્રવર્ત્તાવનારને મેં મારા પોતાના હાથે નરકમાં મોકલ્યો છે, એટલો જ સંતોષ મરણ સમયે મારા હૃદયમાં રહેવાનો હોવાથી તારી હત્યાથી તે સંતોષ મારે મેળવવો જ જોઇએ!"

"ત્યારે હવે મારું જીવન તો અશક્ય જ થયું ને? દયામયી! મારા આ અંતિમ અપરાધ અથવા પાપની ક્ષમા આપીને એક વાર હજી પણ મારા પ્રાણ બચાવ અને પછી જો કે હું કેવી વફાદારી બતાવું છું તે! દેવી! મને બચાવ, આમ બકરાની પેઠે નિર્દયતાથી મને ન મારી નાંખ. અરે હજી મારા મનમાં ઘણી ઘણી આશાઓ બાકી છે. હું આમ આશાભર્યો જઇશ, તો મારી અવગતિ થશે, અને 'ધોબીનો કૂતરો નહિ ઘરનો કે નહિ ઘાટનો' એવી જ મારી અવસ્થા થઈ પડશે." મહાત્મા એમ પ્રાર્થના કરતો કરતો એક બાળક પ્રમાણે રડી પડ્યો.

દયામયી એના ઉત્તરમાં વિકટ હાસ્ય કરીને કહેવા લાગી; "ચાંડાલ મહાત્મા! ક્ષમા માગતાં તું લજાતો કે શર્માતો કેમ નથી, એનું જ મને તો આશ્ચર્ય થયા કરે છે; ક્ષમા માગવાનો તારો લેશ માત્ર પણ અધિકાર નથી. વફાદારીનાં તારાં વચનમાં કોઇનો પણ વિશ્વાસ બંધાય તેમ નથી; તો હું તો તારાં ચારિત્ર્યોને સારી રીતે જાણતી હોવાથી મારો વિશ્વાસ તો કેમ જ બંધાય, એનો તું જ વિચાર કરી જો;—

'વાદા નિભાવે આપ સા તકસીરવાર કયા?
તુમસે ફરેબીકા મયેં કરું એતેબાર કયા?'

"તું આજે સાઠ વર્ષની ઘરડી ગાડર જેવો થયેલો છતાં બકરા પેઠે રેંસાતાં ડરે છે; પણ જ્યારે અનેક તરુણ નરનારીઓને તેં રેંસી નાંખ્યાં કિંવા રેંસાવ્યાં હતાં, ત્યારે એ

વિચાર તારા નિર્દય મનમાં આવ્યો હતો ખરો? શું તે સર્વ જીવો આશાભર્યા નહોતા, અને તેમની અવગતિ નહિ થઈ હોય? જેવી તેં વિના કારણ અન્ય જનોની દુર્ગતિ કરી છે, તેવી જ તારી પણ યોગ્ય દુર્ગતિ થવી જોઇએ, તો જ ઈશ્વર નિષ્પક્ષપાત અને ન્યાયી છે એમ કહી શકાય. જો તને તારાં પાપકર્મોની ભયંકર શિક્ષા ન મળે, તો લોકોનો ઈશ્વરના અસ્તિત્વમાં પણ અવિશ્વાસ થઈ જાય, સમજ્યો? મરણ વિના હવે તારો ઉદ્ધાર નથી તે નથી જ!"

"હું ઘોર પાપી અને રૌરવનરકનો અધિકારી હોવા છતાં તારાં ચરણોમાં મસ્તક નમાવીને દીનતાથી યાચના કરું છું કે મને એક વાર જીવનદાન આપ!" મહાત્માએ કોઈ કોટિ ન મળવાથી છેવટે શસ્ત્ર છોડી દીધાં.

"મહા–તમા! આજસુધી હું તને કેવળ શયતાન–ચાંડાલ પ્રકૃતિનો પુરુષ ધારતી'તી; પણ આજે જ જાણ્યું કે, રાક્ષસીય સ્વભાવ સાથે તારામાં તેટલા જ પ્રમાણમાં મહામૂર્ખતાના અંશો પણ રહેલા છે! અરે હવસી હયવાન, હવે તારા જીવવાથી જગત્‌ને કે જગત્‌માંની કોઈ વિશિષ્ટ વ્યક્તિને લાભ જ શો છે? તું વધારે જીવીશ, તો વધારે પાપ કરીશ અને કેટલાંકોના જીવનને ભ્રષ્ટ કરીશ, અર્થાત્ કોઇનું ભલું તારા હાથે થવાનું નથી. એક કહેવત છે કે, 'સો મરજો પણ સોનો પાળનાર ન મરશો, પણ સોનો મારનાર મરી જજો!' અર્થાત્ જો સેંકડો નિર્દોષ નરનારીઓનો બચાવ થઈ શકતો હોય અને તેમના બચાવમાટે કેવળ એક જ પાપી દુષ્ટ જીવનું બલિદાન આપવાની અગત્ય હોય, તો તે માનવવધ એક પરમ દુર્લભ પુણ્યકર્મ સમાન ગણાય છે. આ કલિયુગ નહિ પણ કૃતિયુગ હોવાથી દિવસે જેવું કર્મ કરવામાં આવે તેવું રાતે તેવું જ ફળ આવી મળે છે. જેવું વાવો તેવું લણો, એ તત્ત્વને હૃદયમાં સ્મરીને સંતોષ અને આનંદથી મરણને શરણ થા. આ કાળનો તું એક મહિષાસુર હતો, અને હું તને સંહારનારી મહિષાસુરમર્દિની દેવીના અવતારમાં અત્યારે હોવાથી મને પોતાને મહા ભાગ્યવતી માનું છું. ચાલ, જો, પોતાના ઘોર અત્યાચારોનો પશ્ચાત્તાપ કરી, કરુણેશ્વરની અંતિમ કરુણા માગવી હોય, તો માગી લે; હવે વધારે સમય મારા હાથમાં નથી. સાધુના લિબાસમાં શયતાનના ધર્મને વિસ્તારનારા પાપી! નમાવ ગર્દન અને તીક્ષ્ણ ખડ્‌ગના પ્રાણહારક આઘાતને સહન કર!"

મહાત્માને એ પ્રમાણે કહીને પુનઃ તે એક ઉન્માદિની સમાન ચેષ્ટાથી કેટલાંક નિર્જીવ તત્ત્વો તથા નૈસર્ગિક પદાર્થોને સંબોધીને ઉદ્‌ગાર કાઢવા લાગી;—

"આ ભયંકર ભૂગર્ભમાંના મંદ દીપક! તારા પ્રકાશમાં આજે એક પાપાત્માનો સંહાર થાય છે, એ માટે તું પોતાને મહાભાગ્યશાળી માનજે, અને આ ગુહામાંના પાષાણો! એક નિર્દયના આ પરિણામને પ્રત્યક્ષ નિહાળી તમો પણ પોતાની કઠિનતાને ત્યાગી દેજો. મારી પ્યારી તલવાર! આ પાપીના રુધિરપાનથી ભ્રષ્ટ થવાનો ભય જો તારા મનમાં હોય, તો તેને કાઢી નાખજે; કંસ અને ચાણુર જેવા દુરાત્મા દૈત્યોને જગત્‌ના કલ્યાણમાટે શ્રીકૃષ્ણ જેવા મહાત્માને પણ સ્પર્શ કરવો પડ્યો હતો, તો પછી તારી શી કથા? પરોપકારમાટે કરેલા ભ્રષ્ટ શરીરના સ્પર્શથી આપણામાં ભ્રષ્ટતા નથી આવતી, માટે સંકોચ વિના જ તારા કર્ત્તવ્યની સમાપ્તિ કરજે. દેવી ચામુંડે! અત્યારે ક્ષણ બેક્ષણને માટે

આવીને મારા શરીરમાં નિવાસ કર, અથવા તો તારા બળનો પ્રવાહ મારા દેહ અને બાહુમાં વહેવડાવ કે જેથી મારું હૃદય આ પુણ્યકર્મ કરતાં ડગમગી ન જાય અને મારા દેહ કે બાહુમાં કંપનો આવિર્ભાવ ન થાય. પાપી! થા તૈયાર!"

આટલા ઉદ્‌ગારો કાઢી હાથમાં નગ્ન ખડ્ગ લઇને દયામયી મહાત્મા પાસે આવી, અને તેના મસ્તકને દેવીની પ્રતિમા સન્મુખ જાણે તે નમન કરતું હોય તેવા સ્વરૂપમાં રાખીને ખડ્‌ગનો એવા તો બળથી પ્રહાર કર્યો કે, એક જ પ્રહારથી માથું ધડથી જુદું થઇને દૂર ઉડી ગયું. મહાત્માનું શરીર માતેલા સાંઢ જેવું પુષ્ટ હોવાથી તેમાંથી રક્તનો એટલો બધો પ્રવાહ વહી નીકળ્યો કે જોતજોતાંમાં અર્ધકુંડ રક્તથી ભરાઈ ગયો. દયામયીએ તે રક્તમાં અંગુલી બોળીને તેનું તિલક દેવીના લલાટને કર્યું, અને મહાત્માના મસ્તકને ઉપાડીને દેવીનાં ચરણોમાં મૂકી દીધું. એ પછી ચપળાના મૃત શરીરને ઉપાડી મહાત્માના શબપર નાખીને તે તિરસ્કારપૂર્વક તેમને ઉદ્દેશીને બોલી;—

"રાક્ષસ અને રાક્ષસી, હવે આનંદથી કામવિહાર કરતાં રહો—હવે તમારા સુખ-વિલાસમાં આ દયામયી લેશ માત્ર પણ વિઘ્ન ઉપસ્થિત કરવાની નથી. તમારી જે સાથે વસવાની આકાંક્ષા હતી તે એક કે બીજા રૂપમાં પૂર્ણ થઈ છે, અને તે માટે તમો ઈશ્વરનો અને મારો જેટલો આભાર માનો તેટલો ઓછો જ છે. અરે મંદબુદ્ધિ મહાત્મા! તું એટલું પણ જાણી ન શક્યો કે:

"અનુરાગ અબળા-હૃદયનો ધિક્કારમાં બદલાય છે;
તો વ્યોમનો સંકોપ પણ નહિ તે સમાન મનાય છે;
નારી તિરસ્કૃત, નાગિની સમ વિષવતી બની જાય છે;
રૌરવ નરક વિક્ષોભ પણ, તેવો પ્રબળ નહિ થાય છે?"

જાણે સર્વ કાર્યની સમાપ્તિનું સૂચન કરતી હોયની તેવી રીતે મીણબત્તી પણ લગભગ બળીને પૂરી થવા આવી હતી, એટલે જે થોડોક ભાગ બચ્યો હતો તેને ઉપાડીને દયામયી ત્યાંથી ચાલતી થઈ, અને બારણાં ઉઘાડી પાછાં બહારથી વાસીને નિઃસરણીપર ચઢી વરિષ્ઠ ધર્માધ્યક્ષના શયનમંદિરમાં આવી લાગી. ધર્માધ્યક્ષ કે જે તેના આગમનની આતુરતાથી વાટ જોતો બેઠો હતો તેણે તેને જોતાં જ પૂછ્યું;—"કામ તમામ?"

"મહાત્માનું કામ તમામ અને આપણામાટે ભોગવિલાસ તથા અયશઆરામ!" દયામયીએ મોહક કટાક્ષપૂર્વક ઉત્તર આપ્યું.

મદિરાપાનનો આરંભ થયો અને તેની સીમા એટલે સુધી લંબાઈ કે લગભગ બન્ને બેહોશ થઈ જવાની અણીપર આવી લાગ્યાં. ધર્માધ્યક્ષે નશાની ઝૂમમાં જ કહ્યું:—

"દૌરમેં સાગર રહે ગર્દિશમેં પયમાના રહે:
મયકશોંકે સરપે કાયમ પીરે મયખાના રહે!"

એના ઉત્તરમાં કામોદ્દીપક ચેષ્ટાઓ કરતી દયામયી બોલી:—

"હોશ ભી આ જાય નશેમેં તો દીવાના રહે;
અય નિગાહે નાજ઼ તર્જે બેહિજાબાના રહે!"

એ પછીનો જે પ્રકાર ચાલ્યો તેની કલ્પના વાંચકોએ જ કરી લેવાની છે ક્ષણભંગુર જીવોની કેવી વિલક્ષણ પાપપ્રિયતા!

—✡✡✡✡✡✡✡—

પ્રકરણ ૭૭ મું

ઉપસંહાર

ગત પ્રકરણમાં વર્ણવેલી ઘટનાને લગભગ છ વર્ષનો અવધિ થઈ ગયો છે. **સી**તા અને **ચંદ્ર**શંકર તથા **રો**હિણી અને **મો**હનલાલનાં લગ્ન પછી બે વર્ષ પર્યંત શ્રીમતી **વૃ**ન્દા, **આ**લમચંદ અને **ય**શોદા ગિદુબંદરમાં રહ્યાં હતાં, અને તેટલા અવધિમાં **સી**તાએ એક પુત્રીને તથા **રો**હિણીએ એક પુત્રને જન્મ આપ્યો હતો. એ બાળકોને રમાડવાના ભાગ્યને ભોગવી એ ત્રણે ધાર્મિક વ્યક્તિઓ કાશીનિવાસ કરવાને ચાલી ગઈ હતી કે જે અત્યારે પણ ત્યાં જ ઈશ્વરસ્મરણમાં કાળ વીતાડીને પોતાના ક્ષણભંગુર જીવનની સાર્થકતા કરતી જોવામાં આવે છે. તેમના કાશીનિવાસ પછી **સી**તાએ એક પુત્રનો અને **રો**હિણીએ એક પુત્રી તથા એક પુત્રનો જન્મ આપ્યો છે અને તે બાળકોના આનંદકલ્લોલને જોઈ **રો**હિણી પોતાનાં માતપિતા તથા પાલક માતા **વૃ**ન્દાના વિયોગ-દુઃખને ભૂલી જાય છે. **મો**હનલાલ, **વૃ**ન્દા તથા **આ**લમચંદની સંપત્તિનો સ્વામી થવા છતાં, અને **ચંદ્ર**શંકર પણ પૈસે ટકે સુખી તથા **મો**હનલાલનો મુખ્ય મુનીમ હોવા છતાં બન્ને વિવેકશીલ પુરુષોના હૃદયમાં અભિમાનનો લેશ માત્ર પણ સંચાર થયો નથી. ત્યાં **સી**તા અને **ચંદ્ર**શંકર તથા **રો**હિણી અને **મો**હનલાલ એ બંને જોડાં આદર્શ દંપતીરૂપ ગણાય છે. પ્રતિ વર્ષ એક માસ તેઓ **કા**શીમાં જઈને વીતાડે છે કે જેથી સમસ્ત કુટુંબીજનોને એકત્ર નિવાસનો અલ્પ આનંદ મળી શકે. જ્યારે પણ **વૃ**ન્દા, **ય**શોદા તથા **આ**લમચંદને **રો**હિણીનાં સંતાનોને ખોળામાં બેસાડી રમાડવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે, ત્યારે તેમના આનંદની સીમા જ નથી રહેતી. **મો**હનલાલ શ્રીમાન્, વિદ્વાન્, વિવેકી, ઉદારાત્મા, અને પ્રેમી પુરુષ હોવાથી જેમ **હ**યદરાબાદમાં સર્વને પ્રિય છે તેમ જ વારંવારના આગમનથી **કા**શીના અનેક યોગ્ય પુરુષોના સમાગમમાં આવવાથી **કા**શીમાં પણ સર્વને પ્રિય થઈ પડ્યો છે. સર્વ દંપતી એવાં જ ભાગ્યશાળી અને સુખી નીવડો, એ જ એક માત્ર ઈશ્વરનાં ચરણોમાં અમારી પ્રાર્થના છે.

* * * * *

હયદરાબાદનાં પ્રેમલા અને પ્રેમલીઓએ દયામયીના આગમનની ઘણી ઘણી વાટ જોઈ, પણ તે ન આવી તે ન જ આવી. તેમણે મથુરામાં કેટલાક તાર પણ કર્યા, પરંતુ તેનો કાંઈ પણ પત્તો મળી શક્યો નહિ. ત્યારે શું દયામયી આસામના શાક્ત-સદનમાં જ રહી ગઈ? નહિ; કલકત્તામાં રાખેલી પોતાની અગાધ સંપત્તિને લાવવાનું નિમિત્ત બતાવી આસામમાંથી નીકળીને પાછી તે કલકત્તાના હૉટલમાં આવી. એ વેળાયે એક અન્ય અબળા પણ તેની સાથે હતી અને તે ગૃહસ્થા નહિ, કિન્તુ સંસારત્યાગિની સંન્યાસિની હતી. એ સંન્યાસિની પૂર્વાશ્રમમાં એક બ્રાહ્મણપત્ની હતી અને દુર્ભાગ્યવશાત્ લગ્ન પછી અલ્પ કાળમાં જ વૈધવ્ય પ્રાપ્ત થવાથી હૃદયમાં વૈરાગ્યની પ્રબળતા થતાં તેણે સંસારને ત્યાગી નિર્ભય વૈરાગ્યના પરિણામરૂપ સંન્યાસનો સ્વીકાર કરી લીધો હતો. આસામથી વળતાં સ્ટીમરમાં એ સંન્યાસિની સાથે દયામયીનો પરિચય થયો અને તેના હૃદયની પવિત્રતા, વાણીની નિર્મળતા અને ભવ્ય મુખમંડળની તેજસ્વિતાનો દયામયીના પાપમલિન અંતઃકરણમાં એવો તો ચમત્કારિક અને અદ્ભુત પ્રભાવ પડી

ગયો કે, તેના યોગે તત્સમાન થવાની આકાંક્ષાથી હયામયીએ પોતાના મનમાં પાપિષ્ટ જીવનને ત્યાગી મોક્ષદાયક પવિત્ર જીવનને સ્વીકારવાનો અને અવશિષ્ટ જીવન ભાગને વૈરાગ્યમાં વીતાડવાનો દૃઢ નિશ્ચય કરી લીધો. મનની એટલી બધી સત્તા હોય છે કે, ચિંતા–ભયંકર ચિંતા–ના એક જ નિશાના આઘાતથી તરુણ નર કે નારીના કૃષ્ણ નાગ સમાન કેશ પ્રભાતમાં દુગ્ધ સમાન શ્વેત થઈ ગયાનાં અનેક ઉદાહરણો દેખાયલાં છે. તે જ પ્રમાણે કેટલીકવાર અમુક પ્રકારના વિશિષ્ટ બળવાન્ મનોવિકારથી મહા ધર્મિષ્ટ મનુષ્ય એકાએક મહા પાપાત્મા બની જાય છે અને કેટલીકવાર મહાભયંકર પાપાત્મા એક જ મનોવિકારના–સદ્ભાવનાના પરિણામે ક્ષણ માત્રમાં મહાધર્માવતાર થઈ જાય છે; એવા બનાવો પણ આ સંસારમાં બનેલા છે, બને છે અને પ્રલયકાળ પર્યન્ત બનતા રહેવાના. હયામયીના સંબંધમાં પણ એવો જ પ્રકાર થયો અને પારસમણિના સ્પર્શ માત્રથી જેમ લોહ સુવર્ણ થાય છે. તે જ પ્રમાણે એ પવિત્ર સંન્યાસિનીના સમાગમ માત્રથી જ તેના મનનું તત્કાળ પરિવર્તન થઈ ગયું–તે રાક્ષસી મટીને દેવી થવ... ભાવને ધારણ કરવા લાગી.

હયામયીએ હૉટલમાંથી પોતાની સંપત્તિને પોતાના અધિકારમાં લઇને તે સંપત્તિને સંન્યાસિનીનાં ચરણોમાં રાખી પોતાના પાપમય જીવનની અથથી ઇતિપર્યન્તની કથા તેને સંભળાવી, પોતાને મોક્ષનો માર્ગ બતાવવાની તેને હસ્તદ્વય જોડીને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી. પાપીનો પણ ઉદ્ધાર કરવો એ ધર્માત્મા કિંવા સંન્યાસીનો ધર્મ હોવાથી તે પવિત્ર સંન્યાસિનીએ હયામયીનો તિરસ્કાર ન કરતાં તેને આશ્વાસન આપ્યું અને એ સંપત્તિનો દેશહિતના કાર્યમાં વ્યય કરી સંસારને ત્યાગી સંન્યસ્ત દીક્ષા લેવાનો તેને પરમ કલ્યાણકારક ઉપદેશ આપ્યો. હયામયીએ તત્કાળ તેના ઉપદેશને મસ્તકપર ધારણ કરી કેટલીક દેશહિતકારિણી સંસ્થાઓને પોતાની સંપત્તિ વ્હેંચી આપી અને ત્યારપછી તે સંન્યાસિની સાથે હરિદ્વારમાં જઇને તેણે સંન્યસ્ત ધર્મથી દીક્ષિતા થઇને કાષાય વસ્ત્રો ધારી લીધાં. હરિદ્વારથી કનખલ જતા માર્ગમાં ગંગાનો બંધ આવે છે તેને સ્હામે પાર પાષાણનો એક ઓટલો બંધાવી તેમાં એક ગુહા કરાવીને સંન્યાસિની હયામયી તેમાં નિવાસ કરી પરમાત્મચિંતનમાં પોતાનો કાળ વીતાડવા લાગી. તે કેવળ અલ્પ દુગ્ધપાનથી જ પોતાના શરીરને પોષતી હતી અને ત્યાં આવતાં ભાવિક જનો કિંવા યાત્રાળુઓ તેને અનેક વસ્તુઓ અને ધન આદિ આપવાની ચેષ્ટા કરતાં હતાં, પરંતુ તે કોઇની એક કપર્દિકાનો પણ સ્વીકાર કરતી નહોતી. અત્યારે તેનું વય પચાસથી પણ વધારે છે, છતાં પવિત્રતાના પ્રભાવથી તેની શારીરિક સુંદરતા તથા શક્તિઓમાં લેશ માત્ર પણ ન્યૂનતા થવા પામી નથી અને સર્વ લોકો તેને અત્યારે ગંગાવતાર કિંવા હરિદ્વારની દેવીના નામથી ઓળખે છે. તેના મુખમાંથી નિરંતર એ જ ઉદ્ગારો નીકળ્યા કરે છે કે;–

"હે મિત્ર! કોઈ સ્થાનને તું ગૃહ કદાપિ ન માનતો;
આશ્રય તને મળશે ન ક્યાંયે સુખદ કે મનમાનતો;
આકાશ તવ ગૃહ છત્ર છે, તૃણભાર છે શય્યા ખરી;
ને ભાગ્ય આપે વર અવર આ। ઉદર માટે ભાખરી;

જે સત્ય આત્મા જ્ઞાનથી નિજસ્વરૂપને જાગી ગયો;
તે ખાન પાન વિલાસથી છે સર્વથા મુક્ત જ રહ્યો;
પ્રવહંતી સરિતારૂપ થા, નિગ્રહી સંન્યાસિન! તથા;
તે 'ૐ તત્સત્ ૐ' નો ઉચ્ચાર કર, નાશે વ્યથા!"

એ મુક્તિસ્તોત્રની પ્રાસાદિક રચના, તેમાં ભરેલા વૈરાગ્ય અને બોધવિષયક વિચારો, તેની કોમલ શબ્દશૃંખલા, યમકચાતુર્ય, કંઠમાધુર્ય અને પ્રત્યેક પદ્યના અંતે આવતો 'ૐ તત્સત્ ૐ' એ મંત્ર; ઇત્યાદિ સાંભળીને અત્યારે પણ અનેક જનોનાં મન અલૌકિક આનંદથી પ્રસન્ન થઈ જાય છે. શું ભારત વર્ષની કેટલીક દુર્ભાગિની ભ્રષ્ટ ભામાઓ આવા પવિત્ર જીવનને પ્રાપ્ત કરી શકશે? અમે ઇચ્છીએ છીએ કે, કુમાર્ગગામિની થવાથી અવનતિપંકમાં સપડાયલી આર્ય અબળાઓ એવી પવિત્રતાને પ્રાપ્ત કરે અને આત્મોન્નતિના યોગે તેમનો ઉદ્ધાર થાય!

સિંધ પ્રદેશના જે શાક્તસદનની દયામયી અધિષ્ઠાત્રી હતી અને મહાત્મા જેનો અધિષ્ઠાતા હતો, તે શાક્તસદનના સર્વ ભેદોનો સ્ફોટ થઈ જવાથી અને એ ભેદો ન્યાયી બ્રિટિશ સરકારના પણ જાણવામાં આવવાથી સરકારે તે શાક્તસદનને તોડી ફોડીને નામશેષ કરી નાખ્યું એટલે હવે ત્યાં તે શાક્તસદનનાં કશાં પણ ચિન્હો જોવામાં આવી શકતાં નથી. માત્ર ત્યાંથી જતા આવતા યાત્રાળુઓને ત્યાંના માર્ગદર્શકો—ભોમિયાઓ—તે સ્થાનને બતાવીને એટલું જ કહે છે કે: "આ સ્થળે એક વિશાળ દુર્ગ સમાન શાક્તસદન હતું, પણ સરકારે તેનો નાશ કરી નાખ્યો છે."

આ સમસ્ત પરિણામને જોઈને જો કોઇના પણ મુખમાંથી એવો ઉદ્ગાર નીકળે, તો તે સ્વાભાવિક જ છે.—

"ચલો સબ મિલકે ગાયેં ગાના પ્યારો આમ નેકીકા;
ખુદાસે માંગે આલમકે લિયે ઇનઆમ નેકીકા;
બદીકા દામ ખોટા હય, ખરા હય દામ નેકીકા;
નહીં જાયા કભી હોતા હય કોઈ કામ નેકીકા;
મર્યે સદકે નેકીપર હું કયા હય સચ્ચા નામ નેકીકા!"

સમાપ્ત

"ગુજરાતી" છાપખાનામાંથી પ્રકટ થયેલા ગ્રંથો

ઐતિહાસિક નવલકથા

પુસ્તકનું નામ	કિમ્મત
૧ ટીપૂ સુલતાન (પ્રથમ ભાગ)	૧– ૦–૦
૨ દિલ્લીપર હલ્લો (૨ જી આવૃત્તિ)	૧– ૦–૦
૩ અઢારમી સદીનું હિંદુસ્તાન	૧– ૮–૦
૪ ઔરંગઝેબ અને રાજપૂતો	૨– ૦–૦
૫ શાહજાદો અને ભીખારી	૧– ૮–૦
૬ હેસ્ટીંગ્સની સોટી	૨– ૦–૦
૭ બાજીરાવ બલ્લાળ	૨– ૦–૦
૮ બેગમસાહેબ	૨– ૦–૦
૯ પાણીપતનું યુદ્ધ	૨– ૦–૦
૧૦ નૂરજહાંન	૨– ૦–૦
૧૧ રૂપનગરની રાજકુંવરી	૨– ૦–૦
૧૨ ઈન્દુકુમારી...	૧– ૮–૦
૧૩ પ્લાસીનું યુદ્ધ	૨– ૦–૦
૧૪ શિવાજીનો વાઘનખ	૦– ૮–૦
૧૫ હલદીઘાટનું યુદ્ધ	૦– ૮–૦
૧૬ નંદનવનનો નાશ	૨– ૦–૦
૧૭ પેશવાઇની પડતીનો પ્રસ્તાવ	૨– ૦–૦
૧૮ ઔરંગઝેબનો ઉદય	૨– ૦–૦
૧૯ પદ્મિની અથવા ભસ્મીભૂત ચિત્તોડ	૨– ૦–૦
૨૦ કત્લેઆમ (નાદિરની દિલ્લીપર ચઢાઈ)...	૨– ૦–૦
૨૧ ભદ્રકાળી અથવા પાવાગઢનો પ્રલય	૨– ૦–૦
૨૨ જગન્નાથની મૂર્તિ અથવા ભારતનું ભવિષ્ય	૨– ૦–૦
૨૩ હમ્મીરહઠ અથવા રણથંભોરનો ઘેરો	
૨૪ જનાનખાનાની બીબીઓ	૦–૧૨–૦
૨૫ લીલા-(યોગની એક વાર્તા)	૧– ૦–૦
૨૬ ચાંદબીબી	૦–૧૨–૦
૨૭ કિલયોપેત્રા–મિસરની મહારાણી	૦–૧૨–૦
૨૮ આર્ય આદિત્ય બાપ્પારાવળ	૦– ૪–૦
૨૯ ભારતલોક કથા (ભાગ ૧ લો)	૦–૧૨–૦
૩૦ ,, (ભાગ ૨ જો)	૦–૧૨–૦
૩૧ રજીયા બેગમ	૦– ૮–૦
૩૨ ૨૫૦૦ વર્ષ પૂર્વેનું હિન્દુસ્તાન	૦–૧૨–૦
૩૩ ધર્મવિચાર–અદ્વિતીય નિબંધોનો સંગ્રહ	૧– ૪–૦

